ારતના
ાધ્યાત્મિક રહસ્યની
ખોજમાં

લે. પૉલ બ્રન્ટન અનુ: યોગેશ્વર

A SEARCH IN SECRET INDIAનો અનુવાદ

આધ્યાત્મિક રહસ્યની ખોજમાં

મૂળ લેખક
પૉલ બ્રન્ટન

•

અનુવાદક
શ્રી યોગેશ્વર

વોરા એન્ડ કંપની, પબ્લિશર્સ, પ્રા. લિમિટેડ
૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.

Gujarati Translation of
A SEARCH IN SECRET INDIA
by Paul Brunton
Published with the Permission of
Rider & Co., Hutchinson House,
Stratford Place, London, W. T.

બીજી આવૃત્તિ
૧૯૭૨

કિંમત : રૂ. ૧૦=૫૦

પ્રકાશક :
કનુભાઈ વોરા
વોરા એન્ડ કંપની
પબ્લિશર્સ, પ્રા. લિમિટેડ,
૩, રાઉન્ડ બિલ્ડિંગ,
કાલબાદેવી રોડ,
મુંબઈ ૨

મુદ્રક :
પ્રભાતસિંહ ઇનામદાર
શૈલેકા પ્રિન્ટરી,
માણુ,
માણુંદ, જિ. ખેડા.

અનુક્રમ

૧	યોગઓનો રહસ્યમય માર્ગ	૫
૨	પ્રવાસ માટેની પૂર્વભૂમિકા	૧૭
૩	ઈજીપ્તના જાદુગર	૪૧
૪	મારી પયગંબર સાથેની મુલાકાત	૫૯
૫	અડિયાર નદીના યોગીનો મેળાપ	૯૦
૬	મૃત્યુને જીતનારો યોગ	૧૨૨
૭	મૌનવ્રતધારી સંતપુરુષ	૧૫૧
૮	દક્ષિણ ભારતના ધાર્મિક વડા સાથે	૧૭૧
૯	અરુણાચલની તળેટીમાં	૧૯૮
૧૦	જાદુગરો તથા સંતોના સમાગમમાં	૨૪૭
૧૧	બનારસના આશ્ચર્યકારક કામ કરનારા સંતપુરુષ	૨૮૮
૧૨	ગ્રહોના લેખ	૩૧૩
૧૩	દયાળબાગ	૩૪૯
૧૪	પારસી પયગંબરના આશ્રમમાં	૩૯૫
૧૩	એક અદ્‌ભુત મુલાકાત	૪૧૧
૧૬	અરણ્યના આશ્રમમાં	૪૩૫
૧૭	ભુલાયેલા સત્યની ઝાંખીઓ	૪૬૪–૪૯૨

એ લાંબી મુસાફરી માટેની તૈયારીઓ નિરંતર ચાલ્યા કરે છે. કરકસર કરીને પૈસા એકઠા કરવામાં આવે છે, અને પોતાની નિખાલસ કલ્પના પ્રમાણે જેને એ સંશોધકનું સાહસ સમજે છે તેની રૂપરેખાને ચુપકીદીથી આગળ વધારે છે. પ્રવાસની લાલસાને અધિક ને અધિક ઉત્તેજિત કરનારાં રંગીન પૃષ્ઠો, આકર્ષક ચિત્રો ભેગાં કરે છે, તથા નકશાઓ ને ગાઈડ બુકોનો અત્યંત કાળજીપૂર્વક અભ્યાસ કરે છે. આખરે ભાગ્યને ભરોસે દેશ છોડવાનો દિવસ પણ મુકરર કરે છે. જીવનની બીજી બાજુએ શું છે તેની ખબર કોને પડે છે?

યૌવનની તાજી શક્તિને તથા ઊછળતા આશાવાદને તે સાચવી શકયા હશે. કેમકે કોઈક કમનસીબ દિવસે બીજા છોકરાના વાલીને બધી તૈયારીની ખબર પડે છે, આખીય યોજનાની વધારે વિગતો એ પછી એકઠી કરવામાં આવે છે, અને એ કડકાઈથી કામ લે છે. પરિણામે એ બંનેને શું વેઠવું પડે છે તેનું વર્ણન કરવાની જરૂર નથી લાગતી. આખુંય સાહસ અત્યંત અપ્રસન્નતા સાથે છોડી દેવું પડે છે.

એ કમનસીબ મુસાફરીની યોજના કરનારના મનમાંથી હિંદુસ્તાનના દર્શનની ઇચ્છા દૂર નથી થતી. ઉંમર વધતાં નવીનવી ફરજો, જવાબદારીઓ, અને બીજી રસવૃત્તિઓનાં બંધનો એને બાંધી દે છે. એટલે એ ઇચ્છાને અત્યંત દુઃખ સાથે એક બાજુ અંધારામાં રાખી મૂકવી પડે છે.

વરસોના પંચાંગનું એક પછી એક પાનું કાળને હાથે ફરતું જાય છે. છેવટે એક માણસની અણધારી મુલાકાત થાય છે. એ માણસ જૂની મહત્ત્વાકાંક્ષામાં કામચલાઉ સમય માટે છતાં નવો જ પ્રાણ સંચાર કરે છે. ખાસ તો એટલા માટે કે એ અપરિચિત માણસનો ચહેરો ઝાંખો છે, એના શિર પર પાઘડી છે, અને સૂર્યનાં કિરણોથી છવાયેલા હિંદુસ્તાનમાંથી જ એ આવેલો છે.

*

ભારતવાસીની મુલાકાત

એ વ્યક્તિનો મારા જીવનમાં પ્રવેશ થતાં જ વીતેલાં વરસોની સ્મૃતિની હારમાળા ચાલુ થાય છે. શરદ ઋતુનો સમય ઝડપથી પૂરો થઈ રહ્યો છે, કારણકે હવા ધુમ્મસથી છવાયેલી છે અને મારાં વસ્ત્રોની અંદરથી તીક્ષ્ણ ઠંડી રસ્તો કરે છે. ગમગીની પોતાની મજબૂત આંગળીઓની મદદથી મારા હતાશાથી ભરેલા હૈયા પર કાબૂ મેળવવાનો સખત પ્રયાસ કરે છે.

પ્રખર પ્રકાશવાળા ઉપાહારગૃહમાં ફરતાં ફરતાં, એની ગરમીનું ઉછીનું સુખ મેળવવાનો પ્રયત્ન કરું છું. બીજા પ્રસંગે શક્તિશાળી સાબિત થનારો ગરમ ચાનો પ્યાલો મને શાંતિ નથી આપી શકતો. મને વીંટળાઈ વળેલા ભારેખમ વાતાવરણની ઉપરવટ હું નથી જઈ શકતો. કરુણતાએ મને ઘેરી લેવાનો જાણે કે નિશ્ચય કર્યો છે. કારમી પીડાના પડદા મારા હૃદયદ્વારને ઢાંકી દે છે.

એ અસ્વસ્થતા સહન કરવી કઠિન છે. ઉપાહારગૃહમાંથી એ મને ખુલ્લી શેરીમાં લાવીને છોડી દે છે. કોઈ પણ જાતના ઉદ્દેશ વગર હું જૂના ને જાણીતા રસ્તા પર ચાલવા માંડું છું અને મારી પરિચિત એવી પુસ્તકોની નાની દુકાન પર આવી પહોંચું છું. એ એક પ્રાચીન મકાન છે અને એમાં એવાં જ પ્રાચીન પુસ્તકો રાખવામાં આવ્યાં છે. એનો માલિક પ્રાચીન કાળનો કોઈક માનવ–અવશેષ હોય એવો વિચિત્ર માણસ છે. આ દોડધામવાળા જમાનાને એની આવશ્યકતા બહુ ઓછી લાગે છે. પરંતુ જમાનાનો ઉપયોગ એને મન બહુ ઓછો છે. એ ખાસ કરીને રહસ્યમય, ગૂઢ ને વિચિત્ર કહી શકાય એવા વિષયો પરનાં વિરલ અને પ્રાચીન પુસ્તકો વેચવાનું કામ કરે છે. પુસ્તકોમાંથી મળી શકે તેવી વિશેષ વિદ્વત્તા અને બીજી એને લગતી વસ્તુઓનું એ સારું જ્ઞાન ધરાવે છે. અવારનવાર એ પ્રાચીન પુસ્તકભંડારમાં હરીફરીને એમને વિશે એની સાથે ચર્ચા કરવામાં મને આનંદ આવે છે.

એ સ્થળમાં પ્રવેશીને હું એને સલામ કરું છું. થોડાક વખત સુધી કેટલાંક નાનાં પુસ્તકોનાં સોનેરી પૃષ્ઠો ફેરવ્યા કરું છું અથવા ઝાંખા પડી ગયેલા કાગળો પર બારીકાઈથી દૃષ્ટિ ફેંકું છું. મારું ધ્યાન એક પુરાતન પુસ્તક તરફ ખેંચાય છે. એ જરાક રસિક લાગવાથી એને વધારે ચોકસાઈપૂર્વક તપાસું છું. ચશ્માંવાળો પુસ્તકવિક્રેતા મારી રસવૃત્તિને જાણી જાય છે અને એની આદત મુજબ પુસ્તકના પુનર્જન્મવાદના વિષય સાથે જોને એ સંબંધ ધરાવતી માને છે તેવી દલીલ શરૂ કરે છે.

પોતાની ટેવ પ્રમાણે એ વૃદ્ધ પુરુષ એકતરફી ચર્ચા ચાલુ રાખે છે. એ વિસ્તારથી વાત કરે છે. એના પરથી એમ લાગે છે કે પુસ્તકના કર્તા કરતાં પણ એ ગૂઢ સિદ્ધાંતનું વધારે સારું સાંગોપાંગ જ્ઞાન ધરાવે છે. એના ઉત્તમ કક્ષાના લેખકોને પણ એ આંગળીને વેઢે ગણી બતાવે છે. એવી રીતે હું કેટલીય રસપ્રદ માહિતી મેળવી શકું છું.

એટલામાં તો અચાનક દુકાનના દૂરના ખૂણામાંથી એક માણસનો અવાજ સંભળાય છે. પાછો ફરીને જોઉં છું તો એક ઊંચા કદનો માણસ દેખાય છે. વધારે કીમતી પુસ્તકોથી ભરેલા અંદરના નાના ઓરડાને ઢાંકી દેતા પડછાયાની સાથે એ બહાર આવે છે.

એ અપરિચિત એક ભારતવાસી છે. ભારે દબદબા તથા ગૌરવભરી ચાલે ચાલતાં એ અમારા તરફ આવી પહોંચે છે ને પુસ્તકવિક્રેતાની આગળ ઊભો રહે છે.

'મારા મિત્રવર!' એ શાંતિપૂર્વક શરૂ કરે છે: 'તમારી વાતમાં વિક્ષેપ કરવા માટે માફ કરજો. તમે જેની ચર્ચા કરી રહ્યા છો તે વિષયમાં મને ઘણો રસ હોવાથી હું તમને વધારે ના સાંભળી

શકયો. આ પૃથ્વી પર થનારા માનવના સતત પુનર્જન્મના વિષય પર સૌથી પહેલાં પ્રકાશ પાડનારા ઉત્તમ લેખકોનાં નામ તમે હમણાં કહી બતાવ્યાં. ગ્રીક ફિલસૂફોમાંના વધારે વિચારશીલ તત્ત્વજ્ઞો, વિવેકી આફ્રિકાવાસીઓ અને આરંભના ખ્રિસ્તી ધર્મ-ગુરુઓ એ સિદ્ધાંતને સારી પેઠે સમજતા હતા, એની સાથે હું સંમત થાઉં છું. છતાં પણ એ સિદ્ધાંત સૌથી પહેલાં કયાં શરૂ થયો? એ વિશે તમને શું લાગે છે?'

એકાદ ક્ષણ એ અટકે છે પણ પોતાના પ્રશ્નના ઉત્તર માટેનો અવસર આપ્યા વિના સ્મિત સાથે શરૂ કરે છે: 'જૂના જમાનામાં પુનર્જન્મવાદના સિદ્ધાંતના કરાયેલા સર્વ પ્રથમ સ્વીકારનો યશ ભારતવર્ષને જ આપવો ઘટે છે. અત્યંત જૂના જમાનામાં પણ અમારા દેશના લોકોમાં એ મત ઘણી સારી રીતે ફેલાયેલો હતો.'

વક્તાની મુખાકૃતિ મને મુગ્ધ કરે છે. એ અસાધારણ છે. સો ભારતીઓના સમૂહમાં એ આગળ તરી આવે એવી છે. એ વ્યક્તિએ પોતાની શક્તિને જાણે કે સંગ્રહી રાખી છે. એના ચારિત્ર્ય વિશે મારા પર એવી છાપ પડે છે. તીક્ષ્ણ તેજસ્વી આંખ, મજબૂત મોઢું અને ઊપસી આવેલું વિશાળ લલાટ એના વ્યક્તિત્વની ખાસિયતો છે. સામાન્ય હિંદુ કરતાં એની ચામડી વધારે કાળી છે. એણે સુંદર પાઘડી પહેરી છે. એનો આગળનો ભાગ તેજસ્વી રત્નથી સુશોભિત છે. એનો પોશાક અંગ્રેજી ઢબનો અને સુંદર રીતે સીવેલો છે.

કાંઈક અંશે એના ઉપદેશાત્મક શબ્દોની અસર ગલ્લા પર બેઠેલા ઘરડા માણસ પર ના થઈ. ઊલટું, સાચું કહીએ તો એણે એનો કડક રીતે વિરોધ કર્યો.

'એવું કેવી રીતે કહી શકાય?' એણે સંશયાત્મક સ્વરમાં શરૂ કર્યું: 'ખ્રિસ્તી કાળની પહેલાંના વખતમાં મધ્યપૂર્વનાં શહેરો સભ્યતા ને સંસ્કૃતિનાં સર્વોચ્ચ વિકાસકેન્દ્રો તરીકે વિખ્યાત

હતાં. પુરાતન કાળના મોટામાં મોટા બુદ્ધિશાળી પુરુષો એથેન્સ અને એલેક્ઝાંડ્રિયાની આસપાસના પ્રદેશમાં નહોતા રહેતા ? એમના વિચારો દક્ષિણ તથા પૂર્વના પ્રદેશોમાં પ્રવાસ કરતા છેક ભારત સુધી પહોંચ્યા હતા.'

ભારતવાસી શાંતિપૂર્વક સ્મિત કરે છે, અને તરત ઉત્તર આપે છે : 'એ વાત બરાબર નથી. ખરેખર જોતાં તો તમે જે કહો છો એનાથી ઊલટું જ બનેલું.'

'તમે શું સાચે જ એવું સૂચવો છો કે પ્રગતિશીલ પશ્ચિમે પોતાનું તત્ત્વજ્ઞાન પછાત પૂર્વની પાસેથી પ્રાપ્ત કર્યું ? કદાપિ નહિ.' પુસ્તકવિક્રેતા દલીલ કરે છે.

'કેમ નહિ ? તમારા એપુલીમસ પર ફરી નજર નાખો ને માહિતી મેળવો કે, પાયથાગોરસ કેવી રીતે ભારતમાં આવેલો, બ્રાહ્મણોએ એને જ્ઞાન આપેલું, વળી એનો પણ વિચાર કરો કે યુરોપમાં પાછા આવ્યા પછી એણે પુનર્જન્મવાદનો સિદ્ધાંત શીખવવાની શરૂઆત કરી. આ તો માત્ર ઉદાહરણ જ આપું છું. બીજાં ઉદાહરણ પણ આપી શકાય. તમે કરેલા પછાત પૂર્વના શબ્દપ્રયોગથી મને હસવું આવે છે. હજારો વરસો પહેલાં જ્યારે તમારા દેશવાસીઓને એવી સમસ્યાઓના અસ્તિત્વનો ખ્યાલ પણ નહોતો ત્યારે અમારા સંતપુરુષો તો એવી ગૂઢ સમસ્યાઓ પર વિચાર કરતા.'

એ થોડી વાર ઊભો રહે છે, અમારા તરફ આતુરતાથી જુએ છે, અને અમારા મગજમાં એના શબ્દો સારી પેઠે સમાઈ જાય તેની રાહ જુએ છે. વૃદ્ધ પુસ્તકવિક્રેતા મને જરા વ્યગ્ર લાગે છે. પહેલાં મેં કદી પણ એને આટલો બધો મૌનમાં ડૂબી ગયેલો અથવા બીજાની બૌદ્ધિક પ્રતિભાથી આટલો અંજાયેલો નહોતો જોયો.

પેલા ગ્રાહકના શબ્દોને મેં શાંતિથી સાંભળ્યા છે. પરંતુ એના પર કોઈ જાતનો અભિપ્રાય આપવાનો પ્રયાસ હું નથી

કરતો. હવે અમારી વચ્ચે વાર્તાલાપ પછીની શાંતિ પેદા થાય છે, એ શાંતિ અમને ગમે છે. એ ભારતવાસી અકસ્માત પાછો વળે છે અને અંદરના ઓરડામાં જઈને થોડી મિનિટ બાદ પોતે પસંદ કરેલા કીમતી પુસ્તકને લઈને આવી પહોંચે છે. પુસ્તકના પૈસા આપીને દુકાનમાંથી બહાર નીકળવાની તૈયારી કરે છે. એની બારણા તરફ જતી આકૃતિ તરફ હું આશ્ચર્યભરી આંખે જોયા કરું છું.

એકાએક પાછો વળીને એ મારી પાસે આવી પહોંચે છે. ખિસ્સામાંથી કાઢેલી કોથળીમાંથી કાર્ડ કાઢીને મને આપતી વખતે જરાક સ્મિત સાથે એ પૂછે છે, 'આ વાતચીત મારી સાથે ચાલુ રાખવાનું તમને ગમશે ખરું?'

મને આશ્ચર્ય તો થાય છે, છતાં પણ એ આમંત્રણનો હું ખુશીથી સ્વીકાર કરું છું, એ મને કાર્ડ તો આપે જ છે, પરંતુ સાથે સાથે ભોજનનું આમંત્રણ પણ આપી જાય છે.

*

'એમને ઘેર જઉં છું.'

સાંજને સમયે એ અપરિચિત પુરુષના ઘરની શોધ કરતો હું નીકળી પડું છું. એ કામ એટલું બધું સુખદ ન હતું, કારણ કે રસ્તાઓને ઘેરી વળેલું ઘેરું ધુમ્મસ મારી સાથે જ ચાલતું હતું. શહેરો પર ફરી વળતા તથા બત્તીઓને ઝાંખી કરતા ધુમ્મસના આવા હુમલાઓમાં કોઈક કળાકારને કદાચ કોઈ અસાધારણ સૌન્દર્ય દેખાઈ હશે. મારું મન ભાવિ મુલાકાતને માટે એટલું બધું ઉત્સુક છે, કે આજુબાજુના વાતાવરણમાં મને કશું સૌન્દર્ય દેખાતું નથી તેમ છતાં એનો અણગમો પણ નથી થતો.

એકાએક દેખાતા એક વિશાળ દરવાજાને લીધે મારા પ્રવાસનો અંત આવે છે. મારું સ્વાગત કરતા હોય એવી રીતે લોઢાના ટેકા પર બે મોટા દીવા બળી રહ્યા છે. ઘરમાં પ્રવેશ કરતી વખતે મને

આનંદ સાથે આશ્ચર્ય થઈ રહ્યું છે. દેખીતી રીતે જ ઉત્તમ પ્રકારની રસવૃત્તિનું દર્શન કરાવતા અને છૂટે હાથે વેરેલા પૈસાથી સજાવેલા ઘરના અસાધારણ અંતર્ભાગનો ભારતવાસીએ મને કોઈ સંકેત નથી કર્યો.

હું એક વિશાળ ખંડમાં આવી પહોંચ્યું છું. એના રંગબેરંગી ભપકાદાર શણગાર તથા સરસ ચિત્તાકર્ષક ફરનિચર પરથી એશિયાના કોઈ વિશાળ રાજમહેલનો એ ખંડ હોય એવી છાપ પડ્યા વિના નથી રહેતી. બહારનો દરવાજો બંધ થતાંની સાથે જ ભૂરી, ઠંડી પશ્ચિમની દુનિયા જાણે કે દૂર થાય છે. ભારતીય અને ચીની પદ્ધતિનો અસાધારણ સમન્વય સાધીને સમસ્ત ખંડ શણગારવામાં આવ્યો છે. મુખ્યત્વે લાલ, કાળા તથા સોનેરી રંગ વાપરવામાં આવ્યા છે. દીવાલો પર લાંબા થઈને પડેલા, શ્વાસમાંથી અગ્નિ કાઢતા રાક્ષસી સર્પોના જુદાજુદા ભરતકામવાળા સુંદર પડદાઓ લટકી રહ્યા છે, બધા જ ખૂણામાં કોતરી કાઢેલા સર્પો મસ્તક ઊંચાં કરીને ભયંકર રીતે તાકી રહ્યા છે. એમની મદદથી કોતરકામના ઉત્તમોત્તમ કીમતી નમૂનાઓ તૈયાર કરેલા છે. એ રેશમી સોનેરી પડદાઓ બારણાની બંને બાજુ શોભી રહ્યા છે. આખાયે ઓરડામાં એવી તો ભરાવદાર ને મુલાયમ જાજમો પાથરી છે કે એમની અંદર બૂટ ઊંડે ઊતરી જાય છે. સગડીની બાજુમાં એક વિશાળ વ્યાઘ્રચર્મ બિછાવેલું છે.

ખૂણામાં પડેલા નાના ટેબલ પર મારી નજર પડે છે. એની ઉપર કાળા સખ્ત લાકડાનું, સોનાનો ઓપ ચઢાવેલાં બારણાંવાળું નાનું સરખું મંદિર છે. એની અંદર ખાલી જગ્યામાં કોઈક ભારતીય દેવતાની મૂર્તિ દેખાય છે. એ મૂર્તિ સંભવતઃ બુદ્ધની મૂર્તિ છે. કારણ કે એની મુખાકૃતિ શાંત તથા ગૂઢ છે અને એની અનિમેષ આંખ નાસિકા પ્રતિ સ્થિર થયેલી છે.

મારા યજમાન મારો પ્રેમપૂર્વક સત્કાર કરે છે. એમણે સંપૂર્ણપણે કાળો ભોજનવખતનો પોશાક પહેર્યો છે. મને થઈ આવે છે કે, આવી વ્યક્તિઓ દુનિયાના કોઈ પણ વાતાવરણમાં આગળ-

પડતી તરી આવે. થોડીક મિનિટો પછી અમે બંને ભોજન કરવા બેસીએ છીએ. ટેબલ પર કેટલીક રસપ્રદ રકાબીઓ રાખવામાં આવે છે. કઢીના સૌથી પ્રથમ સ્વાદની દીક્ષા મને અહીં જ મળે છે. એ સ્વાદને હું કદી પણ નથી ભૂલી શકયો. અમને પીરસનારો નોકર પણ એણે પહેરેલાં સફેદ જાકીટ તથા પાટલૂન, સોનેરી કમરપટા અને સ્વચ્છ ફેંટાને લીધે ઘણો જ સુંદર દેખાવ રજૂ કરે છે.

ભોજનના સમય દરમિયાનનો અમારો વાર્તાલાપ ઉપરઉપરનો અને સામાન્ય જેવો હોય છે. છતાં પણ મારા યજમાનના મુખમાંથી જે વાતો નીકળે છે, જે વિષયને એ સ્પર્શ કરે છે, તે વિશેના વિચારો જાણે કે છેવટના હોય એવું લાગ્યા વિના નથી રહેતું. એમનાં નિવેદનોની ભાષા જ એવી છે કે, એ સંબંધી દલીલ કરવાનો અવકાશ બહુ જ ઓછો રહે છે. એમનાં ઉચ્ચારણો એવાં ભારપૂર્વકનાં ને વિશ્વાસયુક્ત છે કે ચર્ચાતા વિષય પર એમનો અભિપ્રાય અંતિમ લાગે છે. એમનો શાંત પ્રતીતિજનક પ્રભાવ મારા પર છાપ પાડયા વિના નથી રહેતો.

કૉફી પીતી વખતે એ પોતાના જીવન વિશે થોડોક ઉલ્લેખ કરે છે. એમણે લાંબી મુસાફરી કરી છે અને એમનાં સાધનો પણ સારાં છે. પોતે જ્યાં એક વરસ ગાળ્યું છે તે ચીનની એમના પર પડેલી વિવિધ છાપનું વર્ણન કરીને એ મને આનંદ આપે છે: જાપાની છાપ કહી બતાવીને એના આશ્ચર્યજનક ભાવિનો સંક્ષેપમાં ઉલ્લેખ કરે છે: યુરોપ, અમેરિકા અને એથી પણ વધારે અવનવું લાગે એવું, સિરિયાના ખ્રિસ્તી મઠમાં એમણે નિવૃત્તિનો થોડોક સમય પસાર કરેલો તે વખતના જીવનનું વર્ણન એ મારી આગળ કરી બતાવે છે.

અમે સિગારેટ સળગાવીએ છીએ ત્યારે પુસ્તકોની દુકાનમાં જે વિષય ચર્ચાયેલો તેનો એ ઉલ્લેખ કરે છે; પરંતુ એ બીજી વાતોની વિચારણા કરવાની પણ દેખીતી રીતે જ ઇચ્છા રાખે છે.

થોડા વખતમાં જ એ બીજા મોટા વિષયો તરફ વળે છે, અને ભારતના પ્રાચીન જ્ઞાનવારસા પર પ્રકાશ ફેંકે છે.

'અમારા સંત પુરુષોના કેટલાક સિદ્ધાંતો પશ્ચિમમાં પહોંચી ચૂક્યા છે.' એ અસરકારક રીતે બતાવે છે: 'પરંતુ કેટલીય બાબતોમાં સાચા ઉપદેશોની બાબતમાં ગેરસમજ પેદા થઈ છે. કેટલીક વાર એમને ખોટી રીતે ગ્રહણ કરવામાં આવ્યા છે. તોપણ, હું એની ફરિયાદ નથી કરતો. આજના ભારતની દશા કેવી છે? એના ભૂતકાલીન ઉચ્ચતમ સાંસ્કૃતિક વારસાનું પ્રતિનિધિત્વ એ નથી કરી રહ્યું. એની મહાનતા મટી ગઈ છે. એ બરેબર દુઃખદ છે. વિવેક વગરની પ્રથાઓમાં અટવાઈને અને ધર્મની મિથ્યા માન્યતાઓના ગૂંચવાડામાં પડીને નિરર્થક ધાર્મિક બંધનોમાં બંધાયેલો જનસમાજ કેટલાક સિદ્ધાંતોને વળગી રહ્યો છે.'

'એવા અધઃપતનનું કારણ શું?' હું પ્રશ્ન કરું છું.

મારા યજમાન શાંત રહે છે. એકાદ મિનિટ ધીરેથી પસાર થાય છે. હું એમના તરફ જોયા કરું છું. એમની આંખ બારીક છતાં અર્ધબીડાયેલી બની જાય છે પછી એમના મૌનમાં ભંગ પડે છે.

'બરેબર મારા મિત્ર! એક વખત એવો પણ હતો કે અમારા દેશમાં જીવનનાં રહસ્યોની શોધ કરી ચૂકેલા મહાન ઋષિઓ વાસ કરતા. સામાન્ય માણસથી માંડીને રાજામહારાજાઓ પણ એમની પાસેથી ઉપદેશ ગ્રહણ કરતા. એમની પ્રેરણાથી ભારતીય સંસ્કૃતિ એના સર્વોચ્ચ વિકાસશિખર પર પહોંચી ચૂકેલી. આજે એવા મહાપુરુષોનાં દર્શન ક્યાં થાય છે? બેત્રણ મહાપુરુષો હશે પરંતુ એ પણ એકદમ અજ્ઞાત દશામાં, એમને વિશે કોઈ માહિતી ના મળે એવા, અને ચાલુ જીવનપ્રવાહથી એકદમ દૂર. જ્યારથી એ મહાન સંતપુરુષો કે ઋષિઓ સમાજથી દૂર રહેવા લાગ્યા ત્યારથી અમારું પોતાનું અધઃપતન પણ શરૂ થયું.'

એમનું મસ્તક નીચે નમે છે ને એમની હડપચી છાતીએ લાગે છે. છેલ્લા શબ્દોની સાથે એમનો સ્વર ગમગીન બની જાય છે, ઘડી બે ઘડીને માટે મારાથી એ દૂર ચાલ્યા જાય છે, અને એમનો અંતરાત્મા કરુણાજનક ગહન ધ્યાનમાં ડૂબી જાય છે.

એમનું અત્યંત રસમય અને નિશ્ચિત રીતે આકર્ષક વ્યક્તિત્વ મારા પર એક વાર ફરી પોતાનો પ્રભાવ પાડે છે. કાળી અને તેજસ્વી આંખ સૂક્ષ્મ મનોવૃત્તિનું દર્શન કરાવે છે. માયાળુ ને મૃદુ સ્વર પ્રેમાળ હૃદયનો પડઘો પાડે છે. હું એક વાર ફરીથી અનુભવું છું, કે મને એ ગમે છે.

નોકર શાંતિપૂર્વક ઓરડામાં પ્રવેશ કરે છે અને ટેબલ પાસે આવી પહોંચે છે. એ અગરબત્તી સળગાવે છે અને એનો વાદળી ધુમાડો ઉપર ચઢે છે. આખા ઓરડામાં પૂર્વના દેશની ધૂપસળીની સરસ સુવાસ ફરી વળે છે. એ સુવાસ ખૂબખૂબ ગમે તેવી છે.

મારા યજમાન એકાએક મસ્તક ઊંચું કરીને મારા તરફ જુએ છે.

'મેં તમને એવું કહ્યું કે બેત્રણ મહાપુરુષો હજી પણ છે?' એ વિલક્ષણ રીતે પ્રશ્ન કરે છે ને કહે છે: 'હા, બરાબર. મેં એવું કહેલું. મારે એક મહાન સંત સાથે સંબંધ હતો. એ એક સૌભાગ્ય હતું. જેને વિશે બીજાની આગળ હું ભાગ્યે જ વાતો કરું છું. એ મારા પિતા, પથપ્રદર્શક, ગુરુ ને મિત્ર હતા. એમની અંદર ઈશ્વર જેવું ડહાપણ હતું. હું એમનો પોતાનો જ પુત્ર હોઉં એવી રીતે એમના પર પ્રેમ રાખતો. જ્યારે જ્યારે એમની સાથે રહેવાનો સોનેરી સૌભાગ્યશાળી સમય મળતો ત્યારે ત્યારે જીવન ઘણું સુખદ લાગતું. એમની આસપાસના અલૌકિક વાતાવરણનો પ્રભાવ એવો અજબ હતો. કળાના શોખવાળા તથા સુંદરતાને આદર્શ માનનારા મને એમણે અનાથ, અપંગ અને કૃષ્ઠરોગીઓમાં પણ દૈવી સૌન્દર્યનું દર્શન કરવાની કળા શીખવાડી. એવા લોકોથી હું પહેલાં બેચેન

બનીને દૂર ભાગતો. શહેરોથી દૂર પોતાના જંગલના આશ્રમમાં એ વાસ કરતા. એમના નિવાસસ્થાનમાં મારે એક દિવસ આકસ્મિક રીતે જવાનું થયેલું. એ પછી મેં એમની કેટલીક મુલાકાતો લીધી ને બને તેટલો વધારે વખત એમની પાસે પસાર કર્યો. એમની પાસેથી મને ખૂબ ખૂબ શીખવા મળ્યું. હા, એવા પુરુષ કોઈ પણ દેશની મહત્તાને વધારી શકે છે.'

'તો પછી જાહેર જીવનમાં પ્રવેશ કરીને એમણે ભારતની સેવા શા માટે ના કરી?' હું નિખાલસતાથી પ્રશ્ન કરું છું.

ભારતવાસી પોતાનું માથું હલાવે છે.

'એમના જેવા અસામાન્ય માનવના ખ્યાલોને સમજવાનું કામ અમારે માટે ઘણું જ કઠિન છે. એમને ઓળખવાનું કામ તમારા જેવા પશ્ચિમવાસીને માટે તો એથી પણ વધારે કઠિન બનશે. એવા માનવનો ઉત્તર સંભવતઃ એવો હશે કે સેવા તો મનની સંક્રામક શક્તિની મદદથી ગુપ્ત રીતે પણ કરી શકાય છે: અદૃષ્ટ છતાં જીવંત રીતે દૂર રહીને પણ પોતાનો પ્રભાવ પાડી શકાય છે. એ કદાચ એવો ઉત્તર પણ આપી શકે કે રાહતનો નસીબવંતો સોનેરી સમય ન આવે ત્યાં સુધી અધઃપતન પામેલા સમાજે પોતાના પ્રારબ્ધને ભોગવવું જ રહ્યું.'

એ ઉત્તરથી મને આશ્ચર્ય થયાનું હું કબૂલ કરું છું.

'બરાબર છે, મારા મિત્ર, હું એવું જ ધારતો હતો.' એ એમનો અભિપ્રાય છે.

*

અમારો વિશેષ વાર્તાલાપ

એ ચિરસ્મરણીય સાંજ પછી એમના અસાધારણ જ્ઞાન તથા વિશેષ પ્રતિભાશાળી વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને ખેંચાઈને એમની હું અવારનવાર મુલાકાત લઉં છું. એ મારી મહત્ત્વાકાંક્ષાઓને ઢંઢોળે

છે ને જીવનના રહસ્યને જાણવાની ઇચ્છાને સતેજ કરે છે. બૌદ્ધિક જિજ્ઞાસાને તૃપ્ત કરવા કરતાં સુયોગ્ય સુખની પ્રાપ્તિ માટે મારામાં એક પ્રકારની ઉત્તેજના ભરે છે.

એક સાંજે અમારો વાર્તાલાપ એવો વળાંક લે છે જે મારે માટે મહત્ત્વનાં પરિણામો પેદા કરે છે. પ્રસંગોપાત્ત એ પોતાના દેશવાસીઓના વિચિત્ર રીત-રિવાજનું અને એમની વિશિષ્ટ પ્રથાઓનું વર્ણન કરે છે, તો કોઈ વાર એમના અજબ જેવા દેશમાં રહેનારા લોકોની કેટલીક જાતિઓનો શબ્દોમાં ચિતાર આપે છે. એમાંની એક વિશેષ જાત એટલે કે યોગી પર આજે સાંજે એ પ્રકાશ પાડે છે. મને યોગી શબ્દના સાચા અર્થનો કોઈ ચોક્કસ, મુદ્દાસરનો ખ્યાલ નથી મળ્યો, એને વિશે મેં થોડું ઘણું વાંચ્યું છે ખરું, પરંતુ દરેક વખતે એ વાચન એટલું બધું વિરોધી લાગે છે કે પરિણામે સ્વાભાવિક રીતે જ ભ્રાંતિ પેદા થાય છે. એટલે મારા મિત્રની મારફત એ શબ્દનો પ્રયોગ થતો સાંભળીને હું એમને રોકીને એ વિશે વધારે માહિતી પૂરી પાડવાની પ્રાર્થના કરું છું.

'માહિતી પૂરી પાડવામાં મને આનંદ આવશે.' એ ઉત્તર એવો છે : 'પરંતુ યોગીની કોઈ એક ચોક્કસ વ્યાખ્યા આપવાનું મારે માટે મુશ્કેલ બનશે. મારા બાર દેશવાસીઓ એ શબ્દની વ્યાખ્યા બાર પ્રકારે જુદી જુદી આપશે. દાખલા તરીકે એ નામથી ઓળખનારા હજારો ભટકતા ભિખારીઓ પણ છે. એ લોકો ગામડાંઓમાં વિહાર કરે છે અને સમય સમય પરના સામૂહિક ધાર્મિક મેળાઓમાં ભાગ લે છે. એમાંના મોટા ભાગના અાળસુના પીર અને બીજા અનર્થકારક હોય છે, તો કેટલાક પૂર્ણ અભણ, અને જેના ઓથા નીચે એ એકઠા થાય છે તે યોગમાર્ગના ઇતિહાસ તથા સિદ્ધાંતોથી એકદમ અજાણ હોય છે.'

સિગારેટની રાખને ઘટાડવાના આશયથી એ વચ્ચે રોકાય છે.

'છતાં પણ, વિશાળ હિમાલયની કાયમી છત્રછાયાવાળા ઋષિકેશ જેવા કોઈક સ્થળનો પ્રવાસ કરો. ત્યાં તમને જુદી જ જાતના લોકો જોવા મળશે. એ સાદી કુટિરો કે ગુફાઓમાં વાસ કરે છે, ઓછો ખોરાક લે છે, અને ઈશ્વરને સતત પ્રાર્થના કરે છે. ધર્મ એમનો શ્વાસોચ્છ્વાસ છે. એમનાં મન એમાં દિવસરાત લાગેલાં રહે છે. ઉત્તમ ધર્મગ્રંથોનું અધ્યયન તથા પ્રાર્થના કરનારા એ લોકો મોટે ભાગે સારા હોય છે. એ પણ યોગી કહેવાય છે. પરંતુ અજ્ઞાન લોકો માટે બોજારૂપ બનનારા ભિક્ષુકોની સાથે એમની સરખામણી કયાં થઈ શકે તેમ છે? યોગી શબ્દ કેટલો બધો રહસ્યમય છે તે તમે સમજી શકો છો ને? એ બંને જાતના યોગીઓના વર્ગ કરતાં જુદા એવા બીજા પણ છે જેમનામાં એ બંનેના સ્વભાવનું સંમિશ્રણ થયું છે.'

'અને યોગીઓની અસાધારણ શક્તિઓના સંબંધમાં પણ ઘણી વાતો વહેતી થઈ છે.' હું ટીકા કરું છું.

એ હસતાં હસતાં કહેવા માંડે છે: 'હજુ આગળની બીજી વ્યાખ્યા સાંભળવાની બાકી છે. મોટાં શહેરોથી દૂર એકાંત આશ્રમોમાં, વેરાન જંગલો ને પર્વતની ગુફાઓનાં શાન્ત સ્થાનોમાં બીજી અવનવી વ્યક્તિઓ પણ વસે છે જે એમની માન્યતા મુજબની અસાધારણ શક્તિઓને આપનારી સાધનાઓમાં એમના જીવનનો સમગ્ર સમય પસાર કરે છે. એમનામાંની કેટલીક વ્યક્તિઓ ધર્મના બધા જ ઉલ્લેખને ઘોળીને પી જાય છે અને એના પ્રત્યે ઉપેક્ષાભાવ બતાવે છે. કેટલાક તો ખૂબ ધાર્મિક પણ હોય છે. છતાં પણ પ્રકૃતિનાં અદૃષ્ટ અને સ્થિર બળો પર વિજય મેળવવા માટેના સંઘર્ષમાં તો એ બધા જ સંયુક્ત રીતે જોડાયેલા છે. ભારત કદી પણ આધ્યાત્મિક દુનિયાનાં રહસ્યો સિવાયનું કે ગુપ્ત શક્તિઓ વિનાનું નથી રહ્યું, અને અસાધારણ શક્તિઓનું પ્રદર્શન કરનારા સિદ્ધોની વાતો પણ કેટલીય છે. એવી બધી વ્યક્તિઓ પણ યોગી કહેવાય છે.'

'તમે એવા પુરુષોને જોયા છે? એમની વાતોમાં તમને વિશ્વાસ છે?' હું નિખાલસતાપૂર્વક પ્રશ્ન કરું છું.

એ શાંત રહે છે. પોતાના પ્રત્યુત્તર માટેની યોગ્ય ભાષાને એ શોધતા હોય એવી છાપ પડે છે.

ટેબલ પરના મંદિર પર મારી દૃષ્ટિ પડે છે. મને લાગે છે કે ઓરડામાં ફરી વળતા આછા પ્રકાશમાં ઓપ ચડાવેલા લાકડાના કમળના સિંહાસન પરથી, બુદ્ધ મારા તરફ કૃપાપૂર્વક સ્મિત કરી રહ્યા છે. અડધી મિનિટ સુધી મને એવું લાગે છે કે વાતાવરણમાં કાંઈક વિલક્ષણતા છે. પરંતુ એટલામાં તો ભારતવાસીનો સ્પષ્ટ સ્વર મારા વિચારોમાં ભંગ પાડે છે અને મારો કલ્પનાવિહાર અટકાવે છે.

પોતાના ખમીસના કૉલર પાછળથી કશુંક બહાર કાઢીને મને બતાવવાના ઉદ્દેશથી હાથમાં પકડી રાખતાં એ શાંતિપૂર્વક શરૂ કરે છે: 'જુઓ હું બ્રાહ્મણ છું, આ મારી જનોઈ છે. હજારો વરસની કડક અલગતાને લીધે મારી જ્ઞાતિમાં ચારિત્ર્યની કેટલીક સ્વાભાવિક જન્મજાત ખાસિયતોનો ઉદય થયો છે. પશ્ચિમની કેળવણી તથા પશ્ચિમની મુસાફરીથી એનો અંત નથી આવે એવો. બ્રાહ્મણ તરીકે આ વસ્તુઓ મને જન્મથી જ વારસામાં મળી છે: સર્વોત્તમ શક્તિમાં વિશ્વાસ, અસાધારણ શક્તિઓના અસ્તિત્વની માન્યતા, અને માનવની આત્મિક ઉત્ક્રાન્તિમાં શ્રદ્ધા. હું ધારું તોપણ એમનો નાશ ના કરી શકું. જ્યારે પણ એ મુદ્દા પેદા થાય છે ત્યારે તર્કશક્તિનું કશું જ નથી ચાલતું. એટલે તમારી આધુનિક વિદ્યાઓના સિદ્ધાંતો અને એમની પદ્ધતિઓની સાથે મારી સહાનુભૂતિ હોવા છતાં, મારી માન્યતાઓ વિશે હું એમને માનું છું એના વિના બીજો શો ઉત્તર આપું?'

થોડોક વખત મારા તરફ ધારીને જોયા પછી એ આગળ ચલાવે છે:

કરે છે ને રસવૃત્તિને વધારે છે. પત્રકારિત્વના મારા વ્યવસાયે અસામાન્ય વસ્તુને અસામાન્ય સૂક્ષ્મતાથી કસવાની વૃત્તિ મારામાં પેદા કરી છે. યોગ જેવા ઘણા ઓછા જાણીતા માર્ગની શોધ કરવાની સંભાવના મને મુગ્ધ કરે છે. મારી કલ્પનાને વધારે ને વધારે વિશાળ બનાવવાનો અને અવસર મળતાં ભારતની પહેલી સ્ટીમરમાં બેસી જવાનો હું નિર્ણય કરું છું.

ઊગતા સૂર્યના પ્રદેશમાં પ્રવાસ કરવા માટેના મારા નિર્ણયને છેવટનો બનાવવામાં જે પૂર્વીય મિત્રે ફાળો આપ્યો છે તે કેટલાક મહિના લગી એમને ઘેર મારો સત્કાર કરતા રહે છે. જીવનના ઘૂઘવતા સાગરમાંથી આગળ વધવામાં એ મને મદદ કરે છે. અને એ છતાં એના અજ્ઞાત પાણી પરથી પસાર કરનારા નાવિકનો પાઠ ભજવવાની ના પાડે છે. કોઈ પણ યુવકને માટે પોતે કર્યાં છે એ જાણવાનું, પોતાની સુષુપ્ત શક્તિઓનો પરિચય પામવાનું, અને પોતાના વિચારોને સ્પષ્ટ કરવાનું ઘણું મહત્ત્વનું છે. અને એમાં મદદરૂપ થવા મારા જીવનમાં આરંભના આશીર્વાદરૂપે આવેલા એ પુરુષ પ્રત્યે મારી કૃતજ્ઞતા બતાવું એ અનુચિત નહિ લેખાય. એક અમંગલ દિવસે ભાગ્યચક્ર ફરે છે અને અમે વિખૂટા પડીએ છીએ. થોડાં જ વરસમાં એમના દેખીતી રીતે જ અકસ્માતથી થયેલા મરણના સમાચાર મને સાંભળવા મળે છે.

મારી મુસાફરી માટે સમય અને સંજોગો પ્રતિકૂળ છે. આશા અને કામનાને લીધે જે જવાબદારીઓ આવી પડે છે એમાંથી છૂટવાનું સહેલાઈથી શક્ય નથી હોતું. મારી આજુબાજુના જીવનસંઘર્ષમાં ભળી જઈને પ્રતીક્ષા કર્યા સિવાય બીજો કોઈ રસ્તો મારી પાસે નથી રહેતો.

ભારતવાસીની ભવિષ્યવાણીમાંનો મારો વિશ્વાસ કદી પણ નથી તૂટતો. એક દિવસ એક અણધાર્યા સમર્થનથી એને વેગ મળે છે.

ધંધાકીય બાબતોને લીધે મારે કેટલાક કાળ સુધી એક એવા પુરુષના પરિચયમાં આવવાનું બને છે જેને માટે મને ઊંડું માન તથા મૈત્રીભાવ છે. એ અત્યંત ચતુર છે અને માનવસ્વભાવને બારીક રીતે અને સંપૂર્ણપણે સમજી શકે છે. વરસો પહેલાં અમારી એક યુનિવર્સિટીમાં એ ફીઝીઓલોજીના પ્રોફેસર હતા, પરંતુ એ જીવનમાં એમને રસ ન હતો. એનો ત્યાગ કરીને બુદ્ધિનો વધારે વ્યવહારુ ઉપયોગ કરવા માટે એમણે ઘાસચારાના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. થોડો વખત તો મોટા મોટા ઉદ્યોગપતિઓના સલાહકાર તરીકે કામ કર્યું. મોટી કંપનીઓના માલિકો પાસેથી મોટી ફી લેવાની વાતો એમણે કેટલીય વાર કહી બતાવેલી.

બીજાને પુરુષાર્થમાં પ્રેરવાની કુદરતી બક્ષીસ સાથે એમનો જન્મ થયો છે. ઑફિસના નોકરથી માંડીને લાખોપતિ જેના પણ પરિચયમાં એ આવે છે તે એમના સંસર્ગમાંથી નવો ઉત્સાહ ને મદદ પ્રાપ્ત કરે છે. ધંધામાં તથા વ્યક્તિગત વિષયોમાં એમની પ્રેરણા ને દૂરદર્શિતા આશ્ચર્યકારક રીતે સારી ઠરતી હોવાથી, એમની પ્રત્યેક સલાહ હું ધ્યાનમાં રાખું છું. મને એમના સમાગમમાં એટલા માટે પણ આનંદ આવે છે કે એમની પોતાની પ્રકૃતિના બાહ્યાભ્યંતર નિરીક્ષણનો સમન્વય એ સફળતાપૂર્વક કરી શક્યા છે. એને લીધે એક પળમાં તત્ત્વજ્ઞાનની ઊંડી ચર્ચા કરે છે તો બીજી જ પળે ધંધાકીય સમાચાર સાંભળે છે. વધુમાં એ કદી નીરસ નથી લાગતા, પરંતુ હંમેશાં વિનોદી અને હસમુખા દેખાય છે.

એમના અંગત મિત્રોમાંના એક તરીકે એ મારો સ્વીકાર કરે છે. કોઈ વાર અમે કલાકો લગી સાથે કામ કરીએ છીએ અને આનંદ માણીએ છીએ. એમની વાતો સાંભળતાં મને કંટાળો નથી આવતો, કારણ કે એમના વિષયોનું વૈવિધ્ય મને પરવશ કરે છે. એક સાધારણ મગજમાં આટલા બધા જ્ઞાનનો સમાવેશ થયેલો જોઈને મને વારંવાર વિસ્મય થાય છે.

એક રાતે અમે સાથે સાથે સુંદર બત્તીઓવાળી, સરસ રીતે બનાવેલી રસોઈવાળી, બોહેમિયન હોટલમાં જમવા જઈએ છીએ. ભોજન પૂરું કર્યા પછી, આકાશમાં દેખાતા પૂનમના ચંદ્રપ્રકાશથી મુગ્ધ બનીને, અમે ઘર તરફ પગપાળા જ ચાલવાનો નિર્ણય કરીએ છીએ.

સાંજના મોટા ભાગના વખત દરમિયાન અમારો વાર્તાલાપ સાદો અને હળવો હતો, પરંતુ શહેરની શાંત શેરીઓમાં આગળ ને આગળ વધતા ગયા તેમ તે તત્ત્વજ્ઞાનના ઊંડાણમાં ઊતરતો ગયો. રાત્રીની અમારી મુસાફરીને અંતે અમે એવા ગૂઢ વિષયોની ચર્ચા કરીએ છીએ કે મારા મિત્રના મુલાકાતીઓ એમનાં નામ સાંભળીને પણ ભય પામે. એમના ઘરના બારણાની બહાર ઊભા રહીને એ વિદાયનો હાથ લંબાવે છે. મારો હાથ પકડતી વખતે એ ગંભીર સ્વરમાં સંબોધીને કહેવા માંડે છે :

'આ વ્યવસાય તમારે નહોતો કરવો જોઈતો. શાહીને તાજી રાખનારા લેખનના કાર્યમાં પડેલા તમે ખરેખર કોઈક ફિલસૂફ છો. કોઈક યુનિવર્સિટીમાં દાખલ થઈને શાંત સંશોધનમાં તમારું જીવન તમે શા માટે ના ગાળ્યું ? મગજના સૂક્ષ્મતમ પ્રદેશમાં પરિભ્રમણ કરવાનું તમને પસંદ છે. મનના મૂળને પ્રાપ્ત કરવાનો તમારો પ્રયાસ છે. એક દિવસ તમે ભારતના યોગીઓ, તિબેટના લામાઓ અને જાપાનના ઝેન સાધુઓને શોધવા માટે નીકળી પડશો. તે પછી કેટલાંક રહસ્યમય વર્ણનો લખશો. ગુડ નાઈટ !'

'એ યોગીઓ વિશે તમે શું ધારો છો ?'

એમણે પોતાનું મસ્તક નીચે નમાવીને મારા કાનમાં ધીમેથી કહેવા માંડયું :

'મારા મિત્ર, એમની વાત એ જ જાણે છે, એ જ જાણે છે.'

હું અત્યંત અચરજ પામીને ચાલવા માંડું છું. પૂર્વનો મારો પ્રવાસ લાંબા વખત પહેલાં થવાની સંભાવના નથી લાગતી. પ્રવૃત્તિઓની પરંપરામાં હું એવો તો ઊંડો ડૂબતો જાઉં છું કે એમાંથી બહાર નીકળવાનું પ્રમાણમાં ઘણું મુશ્કેલ લાગે છે. થોડો વખત તો નિરાશાવાદથી પણ ઘેરાઈ જાઉં છું. અંગત આશાઓ અને વ્યક્તિગત બંધનોની ભુલભુલામણીમાં બંધાયેલા રહેવાની પ્રારબ્ધે મને સજા ફરમાવી છે કે શું?

પ્રારબ્ધના અદૃષ્ટ લખાણની મારી કલ્પના ખોટી ઠરે છે. ભાગ્યદેવતાના આદેશ પ્રત્યેક દિવસે છૂટતા જાય છે, અને એમને વાંચવાની શક્તિ ના હોવા છતાં, અજ્ઞાત રીતે પણ આપણે એમનું પાલન કરતા જઈએ છીએ. બાર મહિના પૂરા થતાં પહેલાં જ મારે મુંબાઈના એલેક્ઝાંડ્રા ડોકમાં ઊતરવાનું થાય છે. એ પૂર્વીય નગરના પચરંગી જીવનમાં ભળી જવાનો અને એના પચરંગીપણામાં ફાળો આપનારી એશિયાની વિભિન્ન ભાષાઓને સાંભળવાનો અવસર મને આવી મળે છે.

૩

ઇજિપ્તના જાદુગર

એ હકીકત સાચી છે, અને કદાચ રહસ્યમય પણ છે, કે મારી વિચિત્ર શોધમાં ભાગ્યને અજમાવવાની મેં શરૂઆત કરી તે પહેલાં નસીબ પોતે જ મારી શોધ કરતું આવી પહોંચ્યું. એક પ્રવાસી તરીકેના મુંબાઈનાં દર્શનીય સ્થળોને જોવાના હકનો મેં ઉપયોગ નથી કર્યો. શહેરના સંબંધમાં હું જે કાંઈ જાણું છું તેને એક પોસ્ટકાર્ડમાં સમાવી શકાય તેમ છે. એક સિવાયની મારી બધી જ પેટીઓ ખોલેલી શાંત દશામાં પડી રહેલી. સ્ટીમર પરના સંસર્ગ દરમિયાન મને જાણવા મળેલું કે મેજેસ્ટીક હોટલ શહેરની બધી હોટલોમાં સૌથી વધારે આરામદાયક છે. એટલે મારી બધી પ્રવૃત્તિ એ હોટલના મારી આજુબાજુના વાતાવરણથી પરિચિત થવાના પ્રયાસ માટે થઈ રહેલી. એ પ્રવૃત્તિને પરિણામે મને એક આશ્ચર્યકારક માહિતી મળી. એ હોટલમાં મહેમાનરૂપે જાદુગરના કુટુંબી જેવો, મંત્રોને ભણનારો, અથવા ટૂંકમાં કહું તો, ચમત્કાર કરનારો માનવ રહેતો હતો.

મંત્રમુગ્ધ બનેલા સામાન્ય પ્રેક્ષકોની મદદથી પોતાના અને થિયેટરવાળા કિસ્મતને ચમકાવનારા હાથચાલાકી કરનારા જાદુગરોમાંના એક જેવો એને ના સમજતા. રીજન્ટ સ્ટ્રીટ કરતાં વધારે રસાળ વાતાવરણની વચ્ચે મેસ્કેલીન અને ડેવન્ટ જેવાના પ્રયોગોનું અનુ-

કરણ કરવાની કોશિશ કરનારી કોઈ ચતુર વ્યક્તિરૂપે પણ એને ના માની લેતા. એ પુરુષ તો મધ્યકાળના જાદુગરોની શ્રેણીના હતા. સાધારણ રીતે લોકો જેમને નથી દેખી શકતા પરંતુ એ જેમને સ્પષ્ટ રીતે જોઈ શકતા, એવા રહસ્યમય આત્માઓની સાથે એમને હંમેશાં કામ પડતું. એમણે એવી પ્રતિષ્ઠા પેદા કરેલી. હોટલના કર્મચારીઓ એમના તરફ ભયભીત નજરે જોતા અને મંદ સ્વરે એમને વિષે વાત કરતા. જ્યારે જ્યારે એ પસાર થતા ત્યારે ત્યારે બીજા લોકો તરત જ પોતાની વાતો બંધ કરતા, અને ગભરાયેલી, જિજ્ઞાસાભરી નજરે જોઈ રહેતા. એ એમની સાથે કોઈ ખાસ વાતચીત ના કરતા, તેમ જ સામાન્ય રીતે એકલા જમવાનું જ પસંદ કરતા.

અમારી દૃષ્ટિએ એ વિશેષ રહસ્યમય તો એટલા માટે લાગતા કે એ અંગ્રેજ કે ભારતીય નાગરિક ન હતા. એ નાઈલ નદીના પ્રદેશના પ્રવાસી હતા, અથવા સાચું કહીએ તો ઇજિપ્તના જાદુગર!

મહમદ બેનો બહારનો દેખાવ એમની ઊંચી શક્તિઓ સાથે જરા પણ બંધબેસતો નહોતો લાગતો. મારી કલ્પના પ્રમાણેના ગંભીર વદન અને પાતળા શરીરને બદલે એમનું વદન દેખાવડું અને હસતું હતું. એમનું શરીર સુદૃઢ તથા એમના ખભા વિશાળ હતા. અને એમની ચાલ પણ કર્તવ્યપરાયણ મનુષ્યના જેવી ઝડપી હતી. સફેદ ઝભ્ભો કે વિશાળ કફની પહેરવાને બદલે એમણે સુંદર બંધબેસતો, આધુનિક પોશાક ધારણ કરેલો. પેરિસની ઉત્તમ પ્રકારની હોટલોમાં એકાદ સાંજને સમયે જોવા મળતા ફ્રાન્સ દેશના નિવાસીને એ બરાબર મળતા આવતા.

બાકીના આખાયે દિવસ દરમ્યાન એ વાતને મેં વાગોળ્યા કરી. સવારે એક સ્પષ્ટ નિર્ણય સાથે હું જાગી ગયો. મહમદ બેની મુલાકાત લઈને વર્તમાનપત્રના મારા સહધર્મીઓની ભાષામાં કહું તો એમની જીવનકથા સાંભળવાનો મેં સંકલ્પ કર્યો.

મુલાકાત માટેની કાપલીની પાછળ મારી ઇચ્છાને વ્યક્ત કરતી થોડીક લીટીઓ મેં લખી નાખી, અને એની જમણી બાજુએ એવી નાજુક આકૃતિઓ દોરી જેના પરથી એ સ્પષ્ટ સમજી શકાય કે એમની પરંપરાગત ગૂઢ વિદ્યાથી હું એકદમ અજાણ તો નથી જ. અને જે મને એમની મુલાકાત મેળવવામાં મદદ કરે. એક ધીમી ચાલે ચાલનારા નોકરને મેં એ કાપલી આપી, વધુમાં એક રૂપિયો પણ આપ્યો, અને એને ઉપર જાદુગરના ઓરડામાં મોકલ્યો.

પાંચ મિનિટ પછી એનો ઉત્તર આવી ગયો : 'મહમદ બે તમને અત્યારે જ મળી શકશે. એ નાસ્તો કરવાની તૈયારીમાં છે અને તમને નાસ્તામાં જોડાવાનું આમંત્રણ આપે છે.'

એ પહેલી સફળતાથી મારો ઉત્સાહ વધી ગયો. નોકર સાથે દાદર ચઢીને ઉપર જતાંવેંત જ મેં મહમદ બેને એક ટેબલ પાસે બેઠેલા જોયા. એના પર ચા, પાંઉ તથા મુરબ્બો હતો. એ મારા સત્કારમાં ઊભા ના થયા. એને બદલે સામે પડેલી ખુરશી તરફ આંગળી કરીને ચોખ્ખા, પડઘો પાડતા સ્વરમાં કહેવા માંડ્યા :

'બેસો. માફ કરજો; હું કોઈની સાથે હાથ નથી મેળવતો.'

એમણે રાખોડી રંગનો ખુલ્લો ઝભ્ભો પહેરેલો. એમના મસ્તક પર બદામી રંગના વાળનો જથ્થો હતો. એમના કપાળ પર વાંકડિયા વાળની લટો ફેલાઈ રહી હતી. એમણે પ્રશ્ન કર્યો ત્યારે સુંદર સ્મિતની પાછળથી એમના સફેદ દૂધ જેવા દાંત પ્રકાશી ઊઠ્યા :

'તમે મારી સાથે નાસ્તો કરશો કે ?'

મેં એમનો આભાર માન્યો. ચા પીતાં પીતાં એમની હોટલ-માંની પ્રતિષ્ઠા વિશે તથા લાંબા વખતના વિચાર પછી મેં એમની પાસે પહોંચવાના નિર્ણય વિશે વાત કરી. એ સાંભળીને એ હસી પડ્યા, પોતાની અસહાયતા બતાવતા હોય એવી રીતે હાથ ઊંચો કર્યો, અને કશું જ ના બોલ્યા.

થોડો વખત વીત્યા પછી એમણે પૂછ્યું : 'તમે કોઈ વર્તમાનપત્રનું પ્રતિનિધિત્વ કરો છો ?'

'ના. ભારતમાં હું અંગત કાર્ય માટે જ આવ્યો છું : કેટલીક અવનવી માહિતી મેળવવા, અને શકય હોય તો લેખનકાર્યમાં મદદ મળે તેવી કેટલીક નોંધો તૈયાર કરવા'

'અહીં તમે લાંબો વખત રહેવા માગો છો ?'

'એનો બધો આધાર સંજોગો પર છે. મેં કોઈ વખત નથી નક્કી કર્યો.' મેં ઉત્તર આપ્યો, અને એવી વિચિત્ર લાગણી અનુભવી કે આ તો જે મુલાકાતી છે તેની જ મુલાકાત લેવાઈ રહી છે. પરંતુ એમના આગળના શબ્દોએ મારો ભાવ બદલી નાખ્યો.

'હું પોતે પણ અહીંના લાંબા પ્રવાસે આવ્યો છું. એક વરસ પણ થાય અને બે વરસ પણ થઈ જાય, પછી દૂર પૂર્વમાં જવાનો વિચાર કરી રહ્યો છું. ઈશ્વરની ઇચ્છા હશે તો દુનિયાનું દર્શન કરીને કૃતજ્ઞતાના મારા ઘેર પાછો ફરીશ.'

નાસ્તો પૂરો થયો એટલે નોકરે અંદર આવીને ટેબલ સાફ કર્યું, મને થયું કે ઊંડા પાણીમાં ડૂબકી મારવાનો અવસર આવી પહોંચ્યો છે.

'તમે જાદુઈ શક્તિઓ ધરાવો છો એ વાત સાચી છે ?' મેં એમને ખાસ પ્રશ્ન પૂછી કાઢયો.

એમણે શાંતિ તથા શ્રદ્ધાપૂર્વક ઉત્તર આપ્યો : 'સર્વશક્તિમાન ઈશ્વરે મને એવી શક્તિઓ આપી છે ખરી.'

હું શાંત રહ્યો. એમની ઘેરી રતૂમડી આંખ મારા તરફ સ્થિર થઈ.

'મારી શક્તિઓનો પ્રયોગ કરી બતાવું તે તમને ગમશે ?' એમણે એકાએક પ્રશ્ન કર્યો.

એમણે મારી ઇચ્છાને બરાબર ઓળખી લીધી. મેં સંમતિ આપી.

'ઠીક, તમારી પાસે પેન્સિલ તથા કાગળ છે?'

ખિસ્સામાંથી નોટબુક કાઢીને એનું એક પાનું મેં ફાડી આપ્યું અને એમને પેન્સિલ આપી.

'બરાબર. હવે કાગળ પર થોડાક પ્રશ્નો લખી દો.' એમ કહીને એ બારીની પાસેના ટેબલ પાસે બેસી ગયા. મારી તરફ એમણે અડધી પીઠ કરી અને નીચેની શેરી તરફ જોવા માંડયું. અમારી વચ્ચે થોડાક ફીટની જગ્યા ખાલી હતી.

'કઈ જાતના પ્રશ્નો લખું?' મેં કુતૂહલ બતાવ્યું.

'તમને જે ગમે તે.' તેમણે તરત જ ઉત્તર આપ્યો.

મારા મગજમાં વિચારો રમવા માંડયા. આખરે મેં એક ટૂંકો પ્રશ્ન લખી કાઢયો : 'ચાર વરસ પહેલાં હું કયાં રહેતો હતો?'

'હવે નાનામાં નાનો સમચોરસ થાય ત્યાં સુધી એ કાગળને ઉપરાઉપરી વાળતા જાઓ.' એમણે સૂચના આપી : 'એને જેટલો બને તેટલો નાનો કરો.'

મેં એ પ્રમાણે કરી દીધું એટલે પોતાની ખુરશી મારા ટેબલ પાસે ખેંચીને એ ફરીથી મારી સામે બેસી ગયા.

'તમારા જમણા હાથની હથેળીમાં કાગળ તથા પેન્સિલ બંનેને મજબૂત રીતે પકડી રાખો.'

બંને વસ્તુઓને મેં જોરથી પકડી રાખી. ઇજિપ્તવાસીએ આંખ બંધ કરી. જાણે કે એ ઊંડા ધ્યાનમાં ડૂબી ગયા. પછી એમણે આંખ ખોલી, રતૂમડી આંખે મારી તરફ સ્થિરતાથી જોઈ રહ્યા અને શાંતિથી કહેવા લાગ્યા :

'તમે એવો પ્રશ્ન પૂછેલો કે ચાર વરસ પહેલાં હું કયાં રહેતો હતો?'

'બરાબર છે.' મેં આશ્ચર્યચકિત થઈને ઉત્તર આપ્યો. મનની વાતને જાણી લેવાનો આ અસાધારણ પ્રયોગ કહેવાય!

'હવે કાગળના ટુકડાની ગડી કાઢી નાખો.' એમણે સૂચના કરી.

કાગળના નાના ટુકડાને ટેબલ પર મૂકીને મેં પહોળો ને સરખો કર્યો. હવે તે પહેલાંના આકારનો બની ગયો.

'એનું અવલોકન કરો.' એમણે આજ્ઞા કરી.

મેં એ પ્રમાણે કર્યું તો એક અજબ જેવી વસ્તુ જોવા મળી. ચાર વરસ પહેલાં જે શહેરમાં હું રહેતો હતો તે શહેરનું નામ કોઈ અદૃશ્ય હાથે એ કાગળ પર પેન્સિલથી લખી નાખેલું. મારા પ્રશ્નની નીચે જ એ ઉત્તર લખવામાં આવેલો.

મહમદ બેએ સફળતાપૂર્વક રિમત કર્યું.

'એ જવાબ છે. એ શું સાચો છે?' એમણે ખુલાસો માગ્યો.

મેં એમને આશ્ચર્યભરી સંમતિ પૂરી પાડી. મારી મંત્રમુગ્ધતાનો પાર નહોતો. એમનો પ્રયોગ માનવા જેવો નહોતો લાગતો. વધારે ચોકસાઈ કરવા માટે મેં એમને એ પ્રયોગનું પુનરાવર્તન કરવા કહ્યું. એમણે મારી માગણી મંજૂર રાખી, અને મેં બીજો પ્રશ્ન તૈયાર કર્યો, તે પહેલાં તે મારા લખાણને વાંચવા જેટલા પાસે હતા એવા શકય આક્ષેપનો અંત લાવવા, બારી પાસે પહોંચી ગયા. મેં એમના તરફ ઝીણવટથી જોયા કર્યું તો જણાયું કે એમની નજર નીચેના રસ્તા પરના સુંદર દેખાવ પર મંડાયેલી હતી.

એક વાર ફરીથી મેં કાગળની ગડી વાળી અને મારા હાથની પેન્સિલ સાથે દબાવી રાખ્યો. ટેબલ પાસે પાછા ફરીને આંખ બંધ કરીને એ ઊંડા ધ્યાનમાં ડૂબી ગયા, અને પછી બોલ્યા:

'તમારો બીજો પ્રશ્ન એ છે કે બે વરસ પહેલાં હું કયા પત્રનું સંપાદન કરતો હતો.'

એમણે મારા પ્રશ્નનો ઉત્તર ફરી વાર પણ બરાબર આપ્યો. મને થયું કે એ વિચારોને જાણી લેવાની શક્તિનું જ પરિણામ હશે.

મારા જમણા હાથમાંનો કાગળ એક વાર ફરીથી સીધો કરવાની એમણે સૂચના કરી. મેં કાગળને ટેબલ પર પહોળો કર્યો તો મારી નવાઈ વચ્ચે કાગળ પર કઢંગી રીતે પેન્સિલની મદદથી જે પત્રનું મેં સંપાદન કરેલું તે પત્રનું જ નામ જોયું!

જાદુ! એ વાતને જાદુમાં ખપાવવી મને ઠીક નથી લાગતી. કાગળ તથા પેન્સિલ મારા જ ખિસ્સામાંથી બહાર કાઢેલાં. પ્રશ્નો પણ પહેલેથી ગોઠવી નહોતા રાખ્યા, અને મહમદ બેએ દરેક વખતે અમારા બંનેની વચ્ચે થોડાક ફીટનું અંતર કાળજીપૂર્વક બાકી રાખેલું. વળી આખોયે પ્રયોગ સવારના પ્રકાશમય વાતાવરણમાં કરવામાં આવેલો.

વશીકરણ વિદ્યા? એ વિષયનો મને અભ્યાસ હતો, અને એના અનુચિત પ્રયોગ દ્વારા અસર પેદા કરવાના પ્રયત્નનો પણ ખ્યાલ હતો. એની સામેના સંરક્ષણની પણ ખબર હતી. અને પ્રત્યુત્તરરૂપે લખાયેલા રહસ્યમય શબ્દો હજુ પણ કાગળ પર કાયમ છે.

(કાગળનો એ ટુકડો કેટલાક મહિના સુધી મારી પાસે રહ્યો અને એ વખત દરમિયાન એના પરનું લખાણ તાજું જ રહ્યું. ત્રણ-ચાર જણને મેં એ કાગળ બતાવેલો અને એમણે એ ઉભેરાયેલા ઉત્તરો ઓળખી કાઢેલા પણ ખરા. એટલે એ આખોયે અનુભવ ભ્રાંતિરૂપ છે એવું ના કહી શકાય.)

મારી મૂંઝવણનો પાર ન રહ્યો. એ ઇજિપ્તવાસીને મેં ત્રીજી વાર પ્રયોગ કરવાની પ્રાર્થના કરી અને છેલ્લી વાર પ્રયોગ કરી બતાવવા માટેની મારી પ્રાર્થના એમણે માન્ય રાખી. એમનો એ પ્રયોગ પણ સંપૂર્ણપણે સફળ થયો.

સત્ય હકીકતનો ઇનકાર ના કરી શકાય. મારી માન્યતા મુજબ એમણે મારા મનને વાંચી લીધું; કોઈ અવર્ણનીય જાદુઈ શક્તિથી મારા હાથમાં મજબૂત રીતે પકડેલા કાગળના ટુકડા પર, ગમે તે રીતે પણ કોઈક અદૃષ્ટ હાથની મદદથી કેટલાક શબ્દો લખી કાઢ્યા; અને આખરે એ શબ્દોએ મારા પ્રશ્નના સાચા ઉત્તરો પૂરા પાડ્યા.

એને માટે એમણે કઈ વિચિત્ર પ્રક્રિયાનો આધાર લીધો ?

એ વિષય પર વધારે ને વધારે વિચાર કરવાથી સૂક્ષ્મ શક્તિઓના અસ્તિત્વની વાત મને સાચી લાગી, સામાન્ય વ્યક્તિ એ વાતને નહિ માની શકે. સ્વાભાવિક અને સપાટી પરના અસ્તિત્વ કરતાં એ અસ્તિત્વ નિરાળું અથવા અલગ છે. મારું હૃદય મંત્રમુગ્ધ બનીને જાણે કે ઠંડું પડી ગયું.

અડધા આત્મપ્રશંસાના ભાવમાં એમણે પૂછ્યું : 'ઈંગ્લેન્ડમાં આવા પ્રયોગો કરી શકે એવા પુરુષો છે કે ?'

મારે કબૂલ કરવું પડ્યું કે આને મળતી પરિસ્થિતિમાં આવા પ્રયોગ કરી શકે એવા કોઈનો પરિચય મને નથી થયો. જોકે કેટલાક ધંધાદારી જાદુગરો એમનાં પોતાનાં સાધનો વાપરવાની છૂટ આપીએ તો, એવા પ્રયોગ કરી શકે ખરા.

મારા મનમાં ભય તો હતો જ કે એમના રહસ્યને પ્રકટ કરવાની માગણી કરીને હું ચંદ્રની માગણી જ કરી રહ્યો છું. છતાં પણ મેં ધીમેથી પૂછ્યું : 'તમારી પ્રયોગ કરવાની પદ્ધતિ તમે સમજાવી શકશો ખરા ?'

એમણે માથું હલાવ્યું.

'મારાં રહસ્યો પ્રકટ કરવાના બદલામાં ધનની મોટી રકમો આપવાનું મને કહેવામાં આવ્યું છે, પરંતુ એવી ઇચ્છા મને નથી થતી.'

'તમે જાણો છો કે વસ્તુઓની બીજી બાજુનું જ્ઞાન પણ મને થોડુંઘણું છે !' મેં સાહસ કર્યું.

'અવશ્ય જો મારે યુરોપમાં આવવાનું થાય અને એ ખરેખર બનવાજોગ છે–તો તમે મારી થોડીક સહાય લઈ શકશો. એ વખતે તમારી ઇચ્છા હશે તો તમે પણ મારા જેવા જ પ્રયોગો કરી શકો તેને માટે તમારી પદ્ધતિ પ્રમાણેની તાલીમ આપવાનું તમને વચન આપું છું.'

'એ તાલીમ કેટલો વખત ચાલે છે?'

'એનો આધાર તાલીમ લેનાર પર રહે છે. જો ખૂબ પરિશ્રમ કરો તથા તમારો સમગ્ર સમય એની પાછળ વ્યતીત કરો, તો એ પદ્ધતિ સમજવા માટે ત્રણ મહિના પૂરતા થઈ પડે, પરંતુ એ પછી વરસોના અનુભવની આવશ્યકતા તો રહે જ.'

'તમારા પ્રયોગની ભૂમિકાને અથવા તો એ પ્રયોગો પાછળના સિદ્ધાંતોને તમે ના સમજાવી શકો? તમારાં રહસ્યોને ભલે ગુપ્ત રાખો.' મેં આગ્રહ કર્યો.

મહમદ બે થોડોક વખત તો ઊંડા વિચારમાં ડૂબી ગયા, અને પછી શાંત સ્વરે બોલ્યા: 'હા, તમારે માટે હું એટલું રાજીખુશીથી કરી શકીશ.'

મને મારી શૉર્ટહૅન્ડ બુક યાદ આવી, તેને મેં ખિસ્સામાંથી બહાર કાઢી, અને નોંધ કરવાની તૈયારીમાં પેન્સિલને પકડી રાખી.

'ના. આજે સવારે નહિ.' એમણે સ્મિત સાથે વિરોધ કર્યો. 'મારે કામ છે. અત્યારે મને માફ કરો. કાલે સવારે અગિયાર વાગ્યે અહીં આવી જજો. આપણો વાર્તાલાપ ચાલુ રાખીશું.'

નક્કી કરેલા ચોક્કસ સમય પ્રમાણે હું મહમદ બેના ઓરડામાં આવીને ફરી વાર બેસી ગયો. ટેબલ પર પડેલી ઇજિપ્તની સિગારેટની પેટીને એમણે મારી તરફ ધકેલી. મેં એક સિગારેટ બહાર કાઢી અને એમણે પ્રકાશ પહોંચાડતાં કહેવા માંડ્યું:

'આ સિગારેટો મારા દેશની છે અને સારી છે.'

આરંભમાં કેટલીક ફૂંકો મારતાં અમે ખુરસી પર આરામથી બેઠા. ધુમાડો સુંદર અને સુગંધીદાર હતો. એ સિગારેટો ખરેખર ઉત્તમ હતી.

'તમારા અંગ્રેજ મિત્રો જેને સિદ્ધાંતોને નામે ઓળખશે તે મારા સિદ્ધાંતોનું હવે વર્ણન કરું, જોકે મારે માટે તો તે નરી વાસ્તવિકતા છે,' મહમદ બેએ સુંદર, સહજ સ્મિત કર્યું, અને પ્રકારાંતરે ઉમેર્યું: 'તમને એ જાણીને કદાચ નવાઈ લાગશે કે મેં વૈજ્ઞાનિક ખેતીવાડીના ક્ષેત્રમાં પ્રવીણતા મેળવી છે અને એ વિષયનો ડિપ્લોમા પણ પ્રાપ્ત કર્યો છે.'

હું ઉતાવળમાં નોંધ કરવા માંડ્યો.

એમણે આગળ ચલાવ્યું: 'એ બધું મારા જાદુના રસની સાથે સંબંધ ધરાવતું નથી લાગતું.'

મેં એમના તરફ જોયું તો એમના હોઠ પર સ્મિત રમી રહ્યું હતું. એમણે ફરી વાર મારી તરફ ધારીને જોવા માંડ્યું. મને થયું કે આ માણસ રસપ્રદ કથાથી ભરેલો છે.

'પરંતુ તમે તો પત્રકાર છો. તમને એ હકીકત જાણવામાં કદાચ રસ પડશે કે હું કેવી રીતે જાદુગર બન્યો.' એમણે જણાવ્યું.

મેં ત્વરિત સંમતિ બતાવી.

'સાંભળો ત્યારે. મારો જન્મ ઇજિપ્તના અંદરના પ્રાંતમાં, પરંતુ ઉછેર કેરોમાં થયેલો. વિદ્યાર્થીઓને જે સામાન્ય રસ હોય છે તેવા જ રસવાળો હું એક સામાન્ય છોકરો હતો. ખેતીના ધંધા માટે ઘણી ઉત્સુકતા હોવાથી એને માટે મેં ગવર્નમેન્ટ એગ્રીકલ્ચરલ કોલેજમાં અભ્યાસ કર્યો. મારા અભ્યાસ દરમિયાન ભારે પરિશ્રમ કરીને હું ઉત્સાહપૂર્વક આગળ વધ્યો.

'જે મકાનમાં હું નિવાસ કરતો તે મકાનના એક ખંડમાં એક વૃદ્ધ પુરુષ રહેવા આવ્યા. ગીચ ભ્રમર, રતુમડી દાઢી અને

કાયમને માટેના ગહન અને ગંભીર વદનવાળા એ એક યહૂદી હતા. એમનાં જૂનાં પુરાણાં વસ્ત્રો પરથી લાગતું કે એ જૂના જમાનામાં જીવી રહ્યા છે. એ એટલા બધા એકાંતિક સ્વભાવના હતા કે ઘરમાં રહેનારા બીજાને એ દૂર જ રાખતા. પરંતુ મારી પર એમની અસર જુદી જ થઈ અને એમના અલગ રહેવાના સ્વભાવે મારા રસને વધારે જાગ્રત કર્યો. હું યુવાન, સ્વમાની અને જરા પણ શરમ વિનાનો હોવાથી એમના સમાગમને માટે ઉપરાઉપરી પ્રયત્નો કરવા માંડ્યો. પહેલાં તો એમણે મને સહકાર ના આપ્યો, પરન્તુ એથી તો મારી આતુરતાના અગ્નિમાં ઘી હોમાવા જેવું થયું. છેવટે એમને વાતચીતમાં રસ લેતા કરવાના મારા સતત પ્રયત્નોને સફળતા મળી. એમણે પોતાનાં બંધ બારણાં મારે માટે ઉઘાડી નાખ્યાં અને એમના જીવનમાં પ્રવેશ કરવાની તક પૂરી પાડી. એમ થવાથી હું જાણી શક્યો કે પોતાના વધારે ભાગનો વખત એ ગૂઢ જાતના અધ્યયન અને વિચિત્ર પ્રયોગોમાં વ્યતીત કરતા. ટૂંકમાં, એમણે કબૂલ કર્યું કે એ વસ્તુઓની અલૌકિક દિશામાં સંશોધન કરતા.

'કલ્પના કરો. અત્યાર સુધીનું મારું જીવન યુવાનોને યોગ્ય અભ્યાસ તથા સ્વાસ્થ્યપ્રદ રમતગમતમાં જ પસાર થયેલું. પરન્તુ હવે એક બીજી જ જાતના અસ્તિત્વનો મને આકસ્મિક રીતે પ્રત્યક્ષ પરિચય થયો. એથી પ્રભાવિત થયા વિના મારાથી ના રહી શકાયું. બીજા છોકરાઓ અલૌકિક જગતના વિચારથી ભયભીત બની જાત એમાં શંકા નહિ, પરંતુ મને એનો જરા પણ ભય ના લાગ્યો. ઊલટું એણે મારામાં નવો ઉત્સાહ પેદા કર્યો, કારણ કે એની મદદથી કેટલાંય નવાં સાહસોની શક્યતા મને દેખાઈ આવી. એ વૃદ્ધ યહૂદીને મેં એ વિષયનું શિક્ષણ આપવાની પ્રાર્થના કરી, અને મારી પ્રાર્થનાનો એમણે સ્વીકાર કર્યો. પરિણામે મારા જીવનમાં રસનું તથા મિત્રોનું નવું વર્તુળ ઊભું થયું. યહૂદી મને એમની સાથે વ્યવહારુ સંશોધન કરનારા જાદુ, આધ્યાત્મિકતા, થિઓસોફી અને ગૂઢ વિદ્યાના મંડળમાં લઈ ગયા. એ મંડળમાં એ અવારનવાર ભાષણ કરતા. એ મંડળમાં

સમાજના મોટા માણસો, વિદ્વાનો કે પંડિતો, સરકારી અમલદારો અને બીજા પ્રતિષ્ઠિત પુરુષો જોડાયા હતા.

'જ્યારે હું યુવાવસ્થામાં પ્રવેશ કર્યો હતો તોપણ મંડળની દરેક સભામાં એ વૃદ્ધ પુરુષ મને લઈ જતા. પ્રત્યેક પ્રસંગે હું શાંતિથી સાંભળતો : મારા કાન મારી આસપાસ કરાતી વાતચીતના પ્રત્યેક શબ્દનું પાન કરતા. અને મારી આંખ મારી આગળ કરવામાં આવતા વિચિત્ર પ્રયોગોને મંત્રમુગ્ધ બનીને જોયા કરતી. અલૌકિક વિષયોના પ્રયોગો પાછળ વધારે વખત ગાળી શકું તે માટે ખેતીનો વિશેષ અભ્યાસ મારે દેખીતી રીતે જ છોડી દેવો પડ્યો. તોપણ એ અભ્યાસને માટે મને કુદરતી રીતે જ રસ હોવાથી, મારી ડિપ્લોમા પરીક્ષાઓ મેં કોઈ પણ પ્રકારની મુશ્કેલી વિના પસાર કરી.

'પેલા વૃદ્ધ યહૂદી પુરુષે પૂરાં પાડેલાં જરૂરી જૂનાં પુસ્તકોનો મેં અભ્યાસ કર્યો અને એમણે બતાવેલા જાદુના પ્રયોગો તથા બીજી પદ્ધતિનો અભ્યાસ પણ કરી જોયો. મારી પ્રગતિ એવી તો ઝડપી હતી કે જે વસ્તુઓ વિશે એ અજ્ઞાત હતા તે વસ્તુઓની શોધ પણ મેં કરવા માંડી. લાંબે વખતે હું એ વિદ્યાઓમાં નિષ્ણાત બનાવા લાગ્યો. કેરો સોસાયટીમાં મારાં ભાષણ તથા પ્રયોગો શરૂ થયા, અને આખરે એના સભ્યોએ મને એનો પ્રમુખ બનાવ્યો. બાર વરસ સુધી હું એમનો નેતા રહ્યો. પછી મેં રાજીનામું આપ્યું. કારણ કે મારી ઇચ્છા ઇજિપ્તની બહાર નીકળવાની, બીજા દેશોનો પ્રવાસ કરવાની અને એના અનુસંધાનમાં ધની તથા યશસ્વી થવાની હતી.'

મહમદ બેએ બોલવાનું બંધ કર્યું. એમની બરાબર ગોઠવેલી આંગળીઓએ મારા જોવામાં આવ્યું તે પ્રમાણે, એમની સિગારેટની રાખને ખંખેરવા માંડી.

'ઘણું જ કપરું કામ!'

એમણે સ્મિત કર્યું. 'છતાં પણ હું તેને સહેલું બનાવી શકીશ. મારી જાદુઈ શક્તિઓનો લાભ ઉઠાવવાની ઇચ્છાવાળા થોડાક ઉત્તમ પ્રકારના ધનવાન ગ્રાહકોની મારે જરૂર છે. કેટલાક પૈસાદાર પારસી તથા ધનવાન હિંદુઓ મને ઓળખે છે પણ ખરા. એમના પ્રશ્નો અથવા એમની આફતો વિશે ચર્ચા કરવા, એમનાથી દૂર થનારી કેટલીક વસ્તુઓને શોધી કાઢવા ગૂઢ વિદ્યાની મદદથી જ પ્રાપ્ત થતી કેટલીક માહિતી મેળવવા માટે તે મારો સંપર્ક સાધે છે. હું એમની પાસેથી સ્વાભાવિક રીતે જ ઘણી મોટી ફી લેતો હોઉં છું. મારી ઓછામાં ઓછી ફી સો રૂપિયા છે. સાચું કહું તો પહેલાં તો મારે ખૂબ ધન એકઠું કરવું છે, પછી બધું છોડી દઈને ઇજિપ્તની અંદરના કોઈ એકાંત શાંત પ્રદેશમાં રહીને નિવૃત્તિ ભોગવવી છે. નારંગીની મોટી વાડી ખરીદીને ખેતીવાડીના વિષયમાં મારે ફરી પાછો રસ લેવો છે.'

'તમે ઇજિપ્તથી સીધા જ અહીં આવો છો?'

'ના. કેરો છોડ્યા પછી મેં થોડોક વખત સીરિયા અને પેલેસ્ટાઈનમાં ગાળ્યો. સીરિયાના પોલીસ અમલદારો મારી શક્તિ વિશે જાણતા હોવાથી મારી પાસે મદદ મેળવવા માટે અવારનવાર આવતા રહેતા. કોઈ ગુનાનો ઉકેલ કરવામાં જ્યારે તે નિષ્ફળ જતા ત્યારે અંતિમ ઉપાય તરીકે મારી મદદનો આધાર લેતા. ગુનેગારોને શોધી આપવામાં હું લગભગ હંમેશાં સફળ થતો.'

'એવું તમે કેવી રીતે કરી શકતા?'

'મારી સેવામાં રહેનારા પ્રેતાત્માઓ મારી આગળ ગુનાઓનાં રહસ્ય ખોલી દેતા. મારી આંખની આગળ એ બનેલા બનાવોનાં ચિત્રો રજૂ કરતા.'

મહમદ બે એકાદ ક્ષણને માટે કોઈ સ્મૃતિજન્ય વિચારમાં ડૂબી ગયા. હું એમના બીજા શબ્દોની ધીરજપૂર્વક રાહ જોવા લાગ્યો.

'બરાબર છે. તમે મને એક પ્રકારનો પ્રેતવિદ્યાનો પ્રયોગ કરનારો કહી શકો, કારણ કે હું પ્રેતાત્માઓની મદદ લેતો હોઉં છું.' એ કહેવા માંડ્યા : 'પરંતુ વધુમાં હું સાચા અર્થમાં એક જાદુગર પણ છું—હાથચાલાકી કરનારો નહિ, અને મનના વિચારોને પણ જાણી શકું છું. એથી વિશેષ બીજું કશું હોવાનો દાવો હું નથી કરતો.'

એમનો દાવો એ વિષયમાં વધારે જાણવાની જિજ્ઞાસા જગાડે એવો એકદમ આશ્ચર્યકારક તો છે જ.

'તમારા અદૃષ્ટ સેવકોના સંબંધમાં કશુંક કહી બતાવો.' મેં પૂછ્યું.

'પ્રેતાત્માઓ ? ઠીક. એમના પરનો મારો આજનો અધિકાર મેળવતાં પહેલાં મારે ત્રણ વરસની સખત મહેનત કરવી પડી છે. આપણી જડ ઇન્દ્રિયોની બહારની અસ્તિત્વ ધરાવતી બીજી દુનિયામાં સારા અને નરસા બંને જાતના આત્માઓ રહેતા હોય છે. હું સારા પ્રેતાત્માઓનો જ ઉપયોગ કરું છું. એમનામાંના કેટલાક એવા મનુષ્યો છે જે દુનિયાની દૃષ્ટિએ મૃત્યુ પામ્યા છે, પરંતુ મારા મોટા ભાગના સેવકો જીન્સ છે. જીન્સ એટલે કે જેમણે કદી પણ મનુષ્યશરીર નથી ધારણ કર્યું એવા પ્રેતાત્માની દુનિયાના મૂળ નિવાસીઓ. એમનામાંના કેટલાક પશુ જેવા છે, તો બીજા કેટલાક મનુષ્યના જેવા ચબરાક છે. બીજા દુષ્ટ જીન્સ પણ હોય છે. ઇંગ્લીશમાં એને માટેનો કોઈ બંધબેસતો શબ્દ મને નથી મળતો, પરંતુ ઇજિપ્તમાં અમે એમને જીન્સ કહીએ છીએ. એમનો ઉપયોગ હલકા જાદુગરો અને ખાસ કરીને જાદુ જાણનારી આફ્રિકન સ્ત્રી દાક્તરો કરે છે. મારે એમની સાથે કોઈ જાતનું કામ નથી પડતું. એ સેવકો ઘણા ભયંકર હોય છે, અને કેટલી વાર તો એમનો ઉપયોગ કરનાર વ્યક્તિનો ક્રૂરતા ભરેલો વિરોધ કરીને એને મારી નાખે છે પણ ખરા.'

'તમે જેમની મારફત કામ લો છો તે માનવપ્રેતો કોણ છે ?'

'એમાંથી એક તો મારો પોતાનો ભાઈ જ છે. કેટલાંક વરસ પહેલાં એનું મૃત્યુ થયું છે. છતાં પણ એક વાત યાદ રાખો કે હું કોઈ પ્રેતોને માટેનું માધ્યમ નથી, કારણ કે કોઈ પણ પ્રેત મારા શરીરમાં પ્રવેશ નથી કરતું કે કોઈ પણ રીતે મારા પર કાબૂ નથી ધરાવી શકતું. મરજી મુજબના વિચારને મારા મનમાં પેદા કરીને, અથવા મારા મનની આંખ આગળ કોઈ ચિત્ર કે દૃશ્ય રજૂ કરીને, મારો ભાઈ મને હર કોઈ વિષયની માહિતી આપે છે. કાલે તમે જે સવાલો લખ્યા તેની માહિતી મને એવી રીતે જ મળી શકેલી.'

'અને જીન્સ ?'

'મારા હાથ નીચે ત્રીસ જીન્સ કામ કરે છે. બાળકોને તમે જેવી રીતે નાચતાં શીખવો છો તેવી રીતે. એમના પર પૂરેપૂરો કાબૂ મેળવ્યા પછી પણ, મારી આજ્ઞાનું પાલન કરવાની ખાસ તાલીમ મારે એમને આપવી પડેલી. દરેકનું નામ જાણ્યા વગર દરેકને બોલાવી કે કામે લગાડી ના શકાય, તેથી દરેકનું નામ મારે જાણવું પડે છે. પેલા યહૂદીએ મને જે જૂનાં જરૂરી પુસ્તકો આપેલાં તેમણે મને કેટલાંક નામ જાણવામાં મદદ કરી છે.'

સિગારેટની પેટીને મારા તરફ ધકેલીને મહમદ બેએ ફરી ચાલુ કર્યું :

'દરેક પ્રેતને મેં એક ચોક્કસ કામ સોંપી રાખ્યું છે. પ્રત્યેકને પૃથક્ પૃથક્ કામ કરવાની તાલીમ પૂરી પાડી છે, એ જોતાં, કાલે તમારા કાગળ પર જેમણે પેન્સિલથી લખાણ લખ્યું તે જીન્સ તમારા પ્રશ્નો વિશે માહિતી મેળવવામાં કશી જ મદદ નહિ કરી શકે.'

'એ પ્રેતોનો સંપર્ક તમે કેવી રીતે સાધી શકો છો ?' મેં બીજો પ્રશ્ન પૂછ્યો.

'એમના પર મારા સંકલ્પને કેન્દ્રિત કરીને હું એમને મારી પાસે સહેલાઈથી બોલાવી શકું છું. પરંતુ વ્યવહારમાં તો જે પ્રેતની મારે જરૂર હોય તેનું નામ અરબી ભાષામાં લખી નાખું છું. એને લીધે એ પ્રેત મારી પાસે તરત જ આવી પહોંચે છે.'

ઇજિપ્તવાસી પોતાના ઘડિયાળ તરફ જોઈને ઊભા થયા અને બોલ્યા :

'મારી પદ્ધતિઓ પર આનાથી વિશેષ પ્રકાશ નથી પાડી શકતો તે માટે દિલગીર છું. એમને શા માટે ગુપ્ત રાખવી જોઈએ એ કદાચ આટલી ચર્ચા પરથી સમજી શકશો. ઈશ્વરની ઇચ્છા હશે તો આપણે એક દિવસ ફરીથી મળીશું. સાહેબજી !'

નીચા નમતી વખતે એમણે કરેલા સ્મિતમાં એમના દાંત ચમકી ઊઠ્યા. મુલાકાત હવે પૂરી થઈ.

❋

મુંબાઈની રાત. મોડેથી સૂવા માટે પથારીમાં પડ્યો, પરંતુ ઊંઘ ના આવી. ભારે હવા મને ગૂંગળાવવા લાગી. એમાં જાણે કે જરા પણ પ્રાણવાયુ ન હતો. એની ગરમી અસહ્ય હતી. છત પર લગાડેલા પંખાના જોરથી ફરતી ધાર ભાગ્યે જ થોડો આરામ પહોંચાડતી હતી. એની મદદથી મારી શ્રમિત આંખ મીંચાય તેમ ન હતી. શ્વાસ લેવામાં પણ જાણે કે મહેનત પડતી. એ હવા મારાં ફેફસાંને સ્પર્શવામાં તદ્દન નિષ્ફળ નીવડતી. મારું શરીર ઢીલું પડી ગયું, અને મારું પાટલૂન જાણે એ પરસેવાને ચૂસવા લાગ્યું. કંટાળેલા મગજને આરામ જ ના મળ્યો. એ રાતે અનિદ્રાના પ્રેતે મારા જીવનમાં પ્રવેશ કર્યો, અને ભારતની ભૂમિ પરની મારી મુસાફરીના છેલ્લા દિવસ સુધી એ મારી સાથે ફરતું રહ્યું. ગરમ પ્રદેશના હવા-પાણીને અનુકૂળ થવાની આવશ્યક કિંમત મેં ચૂકવવા માંડી.

મારી પથારીની આજુબાજુ સફેદ ચાદર જેવી મચ્છરદાની લટકતી હતી. બહારની ઓસરીમાં પડતી મોટી બારીમાંથી ચાંદની પથરાઈ રહેતી અને ફીકી છત પર પડછાયા પાડતી.

મહમદ બે સાથેની સવારની ચર્ચાની તથા આગલે દિવસે ચર્ચાયેલા આશ્ચર્યકારક સિદ્ધાંતોની વિચારણા કરતાં કરતાં એમણે કરેલા ખુલાસા કરતાં કોઈ જુદો ખુલાસો મેળવવાનો પ્રયાસ મેં કરી જોયો, પરંતુ એવો કોઈ ખુલાસો મને ના મળ્યો. એમણે કહ્યા

પ્રમાણેના ત્રીસ કે વધારે રહસ્યમય સેવકો જો ખરેખર અસ્તિત્વ ધરાવતા હોય તો, આપણે એ મધ્યયુગમાં જ પ્રવેશ કરવો પડે જેની વહેતી આવેલી વાતો મુજબ, એમના છૂપા પ્રયોગોમાં દેવળ અને રાજ્ય તરફથી વિક્ષેપો નાખવામાં આવવા છતાં, યુરોપના પ્રત્યેક શહેરમાં જાદુગરો વધતા જતા.

એ વિષયના સ્પષ્ટીકરણનો જેમ જેમ પ્રયાસ કરતો ગયો તેમ તેમ હું વ્યગ્ર બનીને પાછો પડવા લાગ્યો.

મહમદ બેએ કાગળના ટુકડાની સાથે જ પેન્સિલને પકડી રાખવાની સૂચના શા માટે આપેલી ? એમનાં કહેવાતાં પ્રેતોએ એને લીધે કેટલાંક મૂળ તત્ત્વોને અથવા અણુઓને એકઠાં કરીને ઉત્તરો લખવામાં કાંઈક મદદ મેળવી ?

એવા જ પ્રકારના પ્રયોગોના પ્રસંગો મારા સ્મૃતિપટ પર તાજા થયા. પ્રસિદ્ધ પ્રવાસી માર્કો પોલોએ પોતાના પ્રવાસવર્ણનના પુસ્તકમાં કોઈક કેકાણે લખ્યું છે કે ચીન, તારતરી અને તિબેટમાં કેટલાક જાદુગરોના સમાગમમાં એ કેવી રીતે આવ્યો અને એ લોકો કોઈ પણ પ્રકારના સ્પર્શ વિના પેન્સિલનું લખાણ કેવી રીતે લખી બતાવતા. અને એ જાદુગરોએ એને એવું ન હતું કહ્યું કે એ વિચિત્ર પ્રયોગો એમના લોકોમાં સૈકાઓ પહેલાં પ્રચલિત હતા ?

મને એ પણ યાદ આવ્યું કે થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના કરનારી રહસ્યમયી રશિયન નારી હેલેના પેટ્રોવના બ્લેવેટસ્કીએ પચાસ વરસ પહેલાં ઓછેવત્તે અંશે એને મળતા જ સિદ્ધાંતની પ્રતિષ્ઠા કરેલી. એની મારફત એની સોસાયટીના કેટલાક કૃપાપાત્ર સદસ્યોને લાંબા સંદેશા પણ મળી રહેતા. એ સદસ્યો તત્ત્વજ્ઞાનના પ્રશ્નો તૈયાર કરતા અને એ પ્રશ્નોવાળા કાગળ પર ઉત્તરો લખાઈ જતા. એ પણ એટલું જ વિચિત્ર હતું કે મેડમ બ્લેવેટસ્કીએ માર્કો-પોલોને જ્યાં એ સિદ્ધાંતનો પરિચય થયેલો તે જ તિબેટ અને તારતરી સાથે ગાઢ સંપર્ક ધરાવવાનો દાવો કરેલો. છતાં પણ, મહમદ

બેની પેઠે મેડમ બ્લેવેટસ્કી કોઈ ગુપ્ત પ્રેતાત્માઓને વશ કરવાનો દાવો નહોતી કરતી. એનું કહેવું એવું હતું કે એ રહસ્યમય લખાણ એની સોસાયટીને પ્રેરણા પૂરી પાડનારા અજ્ઞાતરૂપ છતાં પ્રત્યક્ષ રીતે રહેનારા તિબેટી ગુરુઓ દ્વારા તૈયાર કરાતાં. ઇજિપ્તના જાદુગરના પ્રયોગ કરતાં એ પ્રયોગની પાછળ રહેલી શક્તિ દેખીતી રીતે જ ઉત્તમ હતી. કારણ કે હજારો માઈલ દૂર તિબેટમાં રહીને એવાં લખાણ લખી શકતી. એ જમાનામાં એ રશિયન સન્નારીના સિદ્ધાંતોની પ્રામાણિકતા વિશે તથા એના તિબેટી ગુરુઓ ખરેખર અસ્તિત્વ ધરાવે છે કે કેમ તે વિશે ભારે વિવાદ જાગેલો. પરંતુ મારે એની સાથે સંબંધ નથી. આ જગતમાં હતી ત્યારે જ બીજા જગતની સાથે જે આત્મીયતાનો એ અનુભવ કરતી તે જગતમાં એ તેજસ્વી નારી લાંબા વખતથી પહોંચી ગઈ છે. મારા પોતાના અનુભવની તથા મેં મારી સગી આંખે જોયેલી વસ્તુઓની મને ખબર હતી. એનું કશું સ્પષ્ટીકરણ હું ના કરી શકયો, તોપણ પ્રયોગોની પાછળની પ્રામાણિકતાનો સ્વીકાર તો મારે કરવો જ પડયો.

હા, મહમદ બે એક જાદુગર હતા, વીસમી સદીના મહાન જાદુગર. ભારતની ભૂમિ પર પગ મૂકયા પછી તરત જ મને એમનો મેળાપ થયો. એની પાછળ એનાથી વધારે વિચિત્ર મેળાપો અથવા શોધોનો સંકેત જ સમાયેલો હતો. એણે આવશ્યક ભવિષ્યવાણીથી ભરેલો સંદેશો પૂરો પાડયો. રૂપકની રજૂઆત કરતાં કહું તો, ભારતના અનુભવભંડારની સૌથી પહેલી અનોખી સામગ્રીની મને પ્રાપ્તિ થઈ. મારી કોરીધાકોર નોટબુકના કાગળ પર સાચું કહું તો મેં સૌથી પહેલી નોંધ લખી નાખી.

૪

મારી પયગંબર સાથેની મુલાકાત

'તમને મળીને મને આનંદ થાય છે' એ પરંપરાગત જેવા સ્વાગતશબ્દોથી મહેરબાબાએ મારો સત્કાર કર્યો. મને ખબર ન હતી, પરંતુ એમના નસીબમાં પશ્ચિમી આકાશમાં ખરતા તારાની પેઠે પળ વાર પ્રકાશવાનું અને યુરોપ તથા અમેરિકાના લાખો લોકોની જિજ્ઞાસા જગાડવાનું લખાયેલું હતું. વધુમાં, ખરતા તારાની પેઠે કોઈ પણ પ્રકારની પ્રતિષ્ઠા વિના એમને પડવાનું હતું. એમની મુલાકાત લેનાર હું પહેલો પશ્ચિમી પત્રકાર હતો. એમના નિવાસસ્થાને હું એવે વખતે આવી પહોંચ્યો કે જ્યારે એમની પ્રખ્યાતિ સ્થાનિક લોકો પૂરતી જ મર્યાદિત હતી.

એમના મુખ્ય શિષ્યોમાંના એકની સાથે મારો સંબંધ થયો અને થોડાક પત્રવ્યવહારને પરિણામે મને એ વાતની નવાઈ લાગી કે કેવી જાતના માનવે પોતાની જાતને મનુષ્યજાતિના પોતાની મેળે નક્કી કરેલા ઉદ્ધારકોમાંના એક તરીકે ચૂંટી કાઢી છે. બે પારસી ભક્તો મને મુંબાઈમાં લેવા માટે આવ્યા. મુંબાઈ છોડતી વખતે એમણે મને સૂચના આપી કે એમના ગુરુને ફૂલ તથા ફળની ભેટ આપવી આવશ્યક છે. એથી અમે બજારમાં ગયા અને એમણે મારાવતી ફળ ને ફૂલનો મોટો ટોપલો ખરીદ્યો.

રાતભરની મુસાફરી પછી બીજી સવારે અમારી ટ્રેન અહમદનગર આવી પહોંચી. એક ઐતિહાસિક સ્થળના રૂપમાં મને એનું સ્મરણ

થયું, કારણ કે મોગલ સલ્તનતના શણગારસમા ચુસ્ત મતાવલંબી ક્રૂર બાદશાહ ઔરંગઝેબે મરણ આવી પહોંચવાથી પોતાના તંબુમાં અહીં જ પોતાની દાઢી પર છેલ્લો હાથ ફેરવી લીધેલો.

સ્ટેશન પર યુદ્ધના જમાનાની એક જૂની પુરાણી ફોર્ડ મોટર અમારી રાહ જોતી ઊભેલી. મહેરબાબાના આશ્રમે એ લઈ જવા-લાવવાનું કામ કર્યા કરતી. અમારે સપાટ પ્રદેશનું સાત માઈલનું અંતર કાપવાનું હતું. રસ્તાની એક બાજુ લીમડાનાં ઝાડની હાર હતી. અમે એક એવા ગામમાંથી પસાર થયા જેનાં ઘરોની નજીકનાં બદામી રંગનાં છાપરાં ત્યાંના મંદિરના ખુલ્લા નાના શિખર સામે છવાયેલાં. એ પછી એક ઝરણું દેખાયું. એના તટ પર ગુલાબી તથા પીળા રંગનાં ફૂલો ઊગેલાં, અને એના કાદવવાળા પાણીમાં ભેંસો સુખપૂર્વક સૂતેલી.

છૂટાછવાયા વિસ્તારમાં છવાયેલી મહેરબાબાની વસતીમાં અમે આવી પહોંચ્યા. મેદાનમાં ત્રણ વિચિત્ર દેખાવનાં પથ્થરનાં મકાનો હતાં. પાછળથી મને ખબર પડી કે તે લશ્કરના વિખેરી નાખેલા પડાવના અવશેષરૂપ હતાં. બાજુમાં ત્રણ સાફ લાકડાના બંગલા હતા. લગભગ પા માઈલ જેટલે દૂર આરણગામ નામે નાનું ગામડું હતું. એ આખાય સ્થળનો દેખાવ વેરાન જેવો અથવા અડધો ઉજ્જડ લાગતો. મારા પારસી સાથીઓએ મને જણાવ્યું કે એમના ગુરુનું આ તો કેવળ ગામડાનું આશ્રયસ્થાન છે, અને એમનું મુખ્ય કેન્દ્ર તો નાશિક પાસે છે. એમના આત્મીય શિષ્યોમાંના મોટા ભાગના શિષ્યો ત્યાં જ રહે છે ને મુલાકાતીઓને પણ ત્યાં જ મળવામાં આવે છે.

અમે પસાર થયા તે વખતે એક બંગલામાંથી થોડાક માણસો બહાર આવ્યા. એમની વચ્ચે એક અંગ્રેજને જોઈને એ બધા રાજી થયા. એમનામાંના કોઈ ઓસરીમાં આંટા મારતા, કોઈ હસતા, તો કોઈ હાવભાવ કરતા. ખેતરને ઓળંગીને અમે એક વિચિત્ર દેખાતી કૃત્રિમ ગુફા પાસે આવી પહોંચ્યા. એ ગુફા પથ્થરમાંથી તૈયાર કરવામાં આવી હતી અને આશરે આઠ ફીટ ઊંડી હતી. એનું પ્રવેશદ્વાર

દક્ષિણ તરફ હતું અને એની અંદરના ભાગમાં સવારનો તાજો સૂર્ય-પ્રકાશ પાડતો હતો. આજુબાજુ નજર નાખતાં ખેતરોનો હારબંધ વિસ્તાર, પૂર્વીય ક્ષિતિજની સીમાને નક્કી કરનારી ટેકરીઓ અને નીચે ખીણમાં વૃક્ષોથી ઢંકાયેલા ગામડાનું દર્શન કરી શકાયું. એ પારસી સંતપુરુષ પ્રકૃતિના મહાન પ્રેમી હતા એમાં શંકા નહિ કારણ કે એમનો આશ્રમ એમણે એકાંત શાંત પ્રદેશમાં સ્થાપિત કરેલો. મુંબાઈના કોલાહલવાળા જીવનને જોયા પછી એ શાંત જીવનનો અનુભવ મારે માટે ખરેખર આનંદદાયક થઈ પડ્યો.

સંતરીની પેઠે ચોકી કરનારા બે માણસો ગુફાના પ્રવેશદ્વારની પાસે ઊભા રહેલા. અમને જોઈને તે પોતાના ગુરુની મંજૂરી મેળવવા માટે અંદર ગયા. 'સિગારેટ ફેંકી દો કારણ કે બાબાને ધુમ્રપાન પસંદ નથી પડતું.' મને લઈ જનારાઓમાંના એકે એવી સૂચના કરી, એટલે મેં સિગારેટ ફેંકી દીધી. એકાદ પળમાં તો મને એ કહેવાતા નવીન પયગંબરના સન્માનનીય સાન્નિધ્યમાં લઈ જવામાં આવ્યો.

એ ગુફાના દૂરના ખૂણામાં બેઠા હતા. આખીયે ગુફામાં સુંદર કારીગીરીવાળો ઈરાની કામળો પાથરવામાં આવ્યો હતો. મારી કલ્પના કરતાં એમનું વ્યક્તિત્વ જરા જુદી જ જાતનું નીકળ્યું. એમની આંખ મારા ઉંડાણમાં ઊતરનારી ના લાગી, એમના મુખ પરના ભાવો એટલા બધા બળવાન ના દેખાયા, અને જોકે એમની આજુબાજુના વાતા-વરણમાં મને કશુંક ત્યાગમય, અલૌકિક અને સરળ લાગ્યું તોપણ એવા કોઈ ઉત્તેજક તત્ત્વનો અનુભવ ના થઈ શક્યો જેવો અનુભવ લાખો લોકોની પ્રેમભક્તિને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યના સાન્નિધ્યમાં થવાની આશા રાખી શકાય.

એમણે પહેરેલો લાંબો, સ્વચ્છ, સફેદ ઝભ્ભો જૂના વખતના રાતે પહેરવાના અંગ્રેજી ખમીસ જેવો બેડોળ દેખાતો. એમનું માયાળુ મીઠું મુખ એમની ગરદન સુધી પહોંચનારા સોપારી જેવા ભૂખરા વાંકડિયા વાળથી ઢંકાયેલું હતું. એમના સુંવાળા રેશમ જેવા સ્ત્રીના

વાળને મળતા વાળ જોઈને મને આશ્ચર્ય થયું. એમનું નાક વચ્ચેથી ઉપર ઊઠીને પછી ગરુડના નાકની જેમ નીચે ઝૂકેલું હતું. આંખ કાળી, મધ્યમ કદની અને સાફ હતી પરંતુ પ્રભાવશાળી ના લાગી. એમની મૂછ ભૂખરા રંગની તથા ભારે હતી. એમના પિતા ઈરાની હોવા છતાં એમની અલ્પપ્રકાશિત ચામડી એ મૂળ ઈરાનના છે એવું કહેવાની ના પાડતી. વધારામાં દેખીતી રીતે જ એ હજુ ત્રીસની અંદરના યુવાન હતા. એમનું કપાળ એમની છેવટની વિશેષતા તરીકે મને આજે પણ યાદ છે. સામાન્ય રીતે જોવા મળતાં કપાળ કરતાં પણ એ નાનું અથવા ટૂંકું હતું. એને જોઈને મને નવાઈ લાગી. કપાળનો પ્રદેશ શું કોઈ ખાસ લક્ષણોનો સૂચક છે? મસ્તકનો આકાર શું કોઈ વિશેષતા અથવા વિચારશક્તિનું દર્શન કરાવે છે? પરંતુ કદાચ પયગંબર એ બધી શારીરિક મર્યાદાઓથી પર હશે?

'તમને મળતાં મને આનંદ થાય છે' એવું એમણે કહ્યું તો ખરું, પરંતુ માનવવાણીની સામાન્ય પદ્ધતિમાં નહિ. એમના ખોળામાં રાખેલા અક્ષરોના પાટિયા પર આંગળી મૂકીને એ એક પછી એક અક્ષરો બતાવ્યે જતા. એવી રીતે મૂક રીતે શબ્દો કહેવાતા જતા અને એમના મંત્રી મારે માટે એમનું ઉતાવળે ઉચ્ચારણ કરતા.

ઈ. સ. ૧૯૨૫ના જુલાઈની દસમી તારીખથી એ સંત પુરુષ એક પણ અક્ષર નથી બોલ્યા. એમના નાના ભાઈએ કહ્યું કે એ અભિનવ પયગંબર જ્યારે મૌન પૂરું કરશે ત્યારે એમનો સંદેશ સંસારને ચકિત કરી દેશે. બાકી અત્યારે તો એ કઠોર મૌન પાળી રહ્યા છે.

પાટિયા પર આંગળી ફેરવીને મહેરબાબાએ પ્રેમપૂર્વક મારા કુશળ સમાચાર પૂછ્યા, મારા જીવન વિશે પૂછપરછ કરી. અને ભારતવર્ષના મારા રસ-બદલ સંતોષ બતાવ્યો. એમનું અંગ્રેજીનું જ્ઞાન ઘણું સારું હોવાથી મારી ભાષાનો અનુવાદ કરવાની આવશ્યકતા ના રહી. એમની લાંબી મુલાકાત માટે મેં કરેલી વિનંતિ કેટલા બપોર

સુધી એમણે એમ કહીને મુલતવી રાખી કે 'તમારી તાકીદની જરૂરત ખોરાક અને આરામ છે.'

એ પછી હું એક પથ્થરના મકાનમાં ગયો. એનો અંદરનો ભાગ ઉઘાડો અને અંધારિયો હતો. એમાં ગાદલા વગરનો ખાલી ખાટલો હતો. તૂટયું ફૂટયું ટેબલ હતું અને ૧૮૫૭ના બળવા વખતે સારી સેવા કરી શકી હોત તેવી ખુરશી હતી. એકાદ અઠવાડિયા સુધી મારે ત્યાં રહેવાનું હતું. કાચ વિનાની બારીમાંથી બહાર જોયું તો મને શું દેખાયું ? થોરથી વીંટળાયેલાં, જંગલમાં લાંબે લગી ફેલાયેલાં નાનકડાં ખેડચા વિનાનાં ખેતરો.

ચાર કલાક જેટલો સમય સુસ્તીમાં ચાલ્યો ગયો. એક વાર ફરીથી મારે મહેરબાબાની સામે ઇરાની કામળા પર બેસવાનું થયું. એમનો મોટો દાવો એ છે કે સમસ્ત માનવજાતિને આધ્યાત્મિક પ્રકાશ અથવા પ્રત્યક્ષ દોરવણી આપવા માટે એ નિમિત્ત થયા છે, એ દાવો મારે હજી તપાસવાનો હતો.

પોતાના અક્ષરોવાળા પાટિયા પર રચાયેલા પહેલા વાક્યમાં એમણે એ દાવો વહેતો મૂકયો.

'હું સમસ્ત સંસારનો ઇતિહાસ બદલી નાખીશ.'

મારી નોંધ કરી લેવાની રીત એમને ના ગમી.

'મારી પાસેથી વિદાય થયા પછી તમારી નોંધ ના લખી શકો ?'

હું એમની સાથે સંમત થયો અને એમના શબ્દોને મારાં સ્મૃતિ–પૃષ્ઠો પર ટપકાવવા લાગ્યો.

'ઈશુનું આગમન જેવી રીતે જડવાદી જમાનાને આધ્યાત્મિકતાથી અજવાળવા માટે થયેલું, તેવી રીતે વર્તમાન પ્રજાને આત્મિક વિકાસનો વેગ આપવા માટે હું આવી પહોંચ્યો છું. એવાં દૈવી કાર્યોનો સમય સદાયે નિશ્ચિત હોય છે, અને સમય પાકતાં મારા સત્ય સ્વરૂપની જાણ હું સંસારને કરી દઈશ. ઈશુ, બુદ્ધ, મહમદ અને જરથુસ્ત જેવા મહાન ધર્મગુરુઓની વચ્ચે ધર્મના

મહત્ત્વના મૂળભૂત સિદ્ધાંતોની એકતા છે. એ બધા પયગંબરોને ઈશ્વરે જ મોકલેલા. એમના ઉપદેશોમાં એમનો મુખ્ય સંદેશ સોનેરી દોરાની જેમ વહ્યા કરે છે. એ દૈવી મહાપુરુષો ત્યારે જ બહાર આવ્યા જ્યારે એમની મદદ અત્યંત આવશ્યક હતી, જ્યારે આધ્યાત્મિકતાનો એકદમ ઓટ આવેલો, અને જડવાદની બધે જ બોલબાલા હતી. વર્તમાન કાળમાં પણ એવો જ વખત આવી રહ્યો છે. આખી દુનિયા અત્યારે ઇન્દ્રિયોની વાસનાઓમાં, જાતીય ભેદભાવોમાં, અને ધનની પૂજામાં પડેલી છે. ઈશ્વરને ભૂલી ગઈ છે. સાચો ધર્મ ભુલાઈ ગયો છે. માનવ જીવન માગે છે અને ધર્મ-ગુરુઓ એને પથ્થર આપે છે. એટલા માટે સાચી ભક્તિની સ્થાપના કરવા અને મનુષ્યોને જડવાદની ઘેલછામાંથી જગાડવા ઈશ્વરે પોતાના સાચા પયગંબરને એક વાર ફરીથી મનુષ્યોની વચ્ચે મોકલવાની જરૂર છે. હું તો એ પહેલાંના પયગંબરોનું અનુકરણ જ કરી રહ્યો છું. એ મારું જીવનકાર્ય છે ઈશ્વરે એ માટે મને આદેશ આપ્યો છે.'

મહેરબાબાના મંત્રી એ આશ્ચર્યકારક વિધાનોનું પ્રતિપાદન કરતા જતા ને હું શાંતિપૂર્વક સાંભળતો. મારા મનને મેં ખુલ્લું, ટીકારહિત અને કોઈપણ પ્રકારના માનસિક પ્રતીકાર વગરનું રાખેલું એનો અર્થ એવો નથી સમજવાનો કે એ વિધાનોને હું સ્વીકારી લેતો હતો. પૂર્વીય સંતપુરુષોની વાતોને શાંતિથી સાંભળતાં શીખવું જોઈએ એની મને ખબર હતી. શાંતિથી સાંભળવાની એવી વૃત્તિ નહિ હોય તો પશ્ચિમના માણસને ઘણી મહેનતને અંતે પણ, જ્યાંથી કાંઈક મેળવવા જેવું હશે ત્યાંથી પણ ભાગ્યે જ કશું મળી શકશે. સત્ય ઝીણામાં ઝીણી તપાસની સામે પણ સલામત રહી શકે છે, પરંતુ પૂર્વના લોકોની માનસિક દશાને અનુકૂળ થાય એટલા માટે પશ્ચિમની પદ્ધતિઓમાં ફેરફાર કરવો જોઈએ.

મહેરબાબાએ સહાનુભૂતિ ભરેલું સ્મિત કરીને કહેવા માંડ્યું :

'લોકોનું જીવન સુધારવા અને એમને ઈશ્વરને માર્ગે વાળવા માટે પયગંબરો કેટલાક કે નિયમો નક્કી કરે છે, ધારાધોરણો બનાવે છે. વખત જતાં એ નિયમો વ્યવસ્થિત ધર્મ કે મતનું રૂપ ધારણ કરે છે. પરંતુ એના સંસ્થાપકના જીવન દરમિયાન રહેનારી આદર્શની ભાવના અને હેતુની નિર્મળતા એના મૃત્યુ પછી જતી રહે છે. એટલા માટે સંસ્થાઓ અને સંપ્રદાયો આત્મિક સત્યોનો સાક્ષાત્કાર નથી કરાવી શકતાં અને સાચા ધર્મનું આચરણ હમેશાં વ્યક્તિગત વસ્તુ છે. ધાર્મિક સંસ્થાઓ ભૂતકાળને સજીવન કરનારી પુરાતત્ત્વ વિદ્યાની શાખાઓ જેવી જ બની ગઈ છે. તેથી કોઈ નવા ધર્મ મત કે સંપ્રાદયની સ્થાપનાનો પ્રયાસ હું નહિ કરું. હું તો બધા લોકોના ધાર્મિક વિચારને નવું સ્વરૂપ આપીશ અને એમનામાં ઊંચા જીવનદૃષ્ટિને જાગ્રત કરીશ. ધર્મસંસ્થાપકના મરણ પછી કેટલેય વખતે શોધાયેલા સિદ્ધાંતો આપણને નવાઈ લાગે એટલા બધા પ્રમાણમાં વારંવાર વિરોધાભાસી લાગતા હોય છે. પરંતુ બધા ધર્મોનાં મૂળ તત્ત્વો સમાન છે. કારણકે એ પરમાત્મા પાસેથી જ પ્રાપ્ત થાય છે. એટલા માટે હું જાહેરમાં આવીશ ત્યારે કોઈ ધર્મની ઉપેક્ષા નહિ કરું અને એની સાથે સાથે કોઈ ખાસ ધર્મનો ઉપદેશ પણ નહિ આપું. માનવમનને ભેદભાવોથી મુક્ત કરવાની અને સર્વ ધર્મોના મૂળમાં રહેલા જરૂરી સિદ્ધાંતોની એકતાનો અનુભવ કરાવવાની મારી ઇચ્છા છે. પ્રત્યેક પયગંબર જાહેર ક્ષેત્રમાં બહાર આવતાં પહેલાં સમય, સંજોગો, અને મનુષ્યોની મનોવૃત્તિ વિશે વિચાર કરે છે. અને એથી જ પોતાના જમાનાને માટે જરૂરી હોય એવો ઉપદેશ આપતો હોય છે.'

મારા મગજમાં એ વિચારો બરાબર જામી જાય એટલા માટે મહેરબાબાએ થોડી વાર શાંતિ રાખી, અને પછીથી એમના શબ્દો જુદી જ દિશામાં વહેવા માંડ્યા.

'વર્તમાન કાળમાં દુનિયાના બધા દેશો એક બીજાની કેટલી બધી નજીક આવી પહોંચ્યા છે તે તમે નથી જોતા ? રેલવે, સ્ટીમર,

ટેલિફોન, તાર, રેડિયો અને વર્તમાનપત્રોએ આખી દુનિયાને ગૂંથીને એક કરી છે તે તમે નથી જાણતા ? એક દેશમાં બનતા બનાવને દસ હજાર માઈલ દૂરના દેશના લોકો એક જ દિવસમાં જાણી લે છે તેથી મહત્ત્વનો સંદેશ આપવાની ઇચ્છાવાળા માનવીનો સંદેશ સમસ્ત માનવજાતિ સાંભળી શકે તેમ છે. એની પાછળ ચોક્કસ કારણ પણ છે. એવો વખત જલદી આવી રહ્યો છે કે જ્યારે મનુષ્ય-જાતિ એક સર્વસામાન્ય આધ્યાત્મિક મતનો સ્વીકાર કરશે. બધા જ દેશોના લોકો એનો લાભ ઊઠાવશે. બીજી રીતે કહું તો મારે માટે વિશ્વવ્યાપી સંદેશ આપવાની ભૂમિકા તૈયાર થઈ રહી છે.'

એ આકસ્મિક જાહેરાતથી પુરવાર થયું કે મહેરબાબાને પોતાના ભવિષ્યમાં પૂરો અથવા અસીમ વિશ્વાસ છે. એમના વર્તન પરથી એની પ્રતીતિ થતી હતી. એમની પોતાની ગણતરી પ્રમાણે એમની શક્તિ એક દિવસ અતિશય કીમતી સાબિત થવાની હતી !

'પરંતુ જગતને તમારા જીવનકાર્યની જાણ કયારે કરશો ?' મેં પૂછ્યું.

'જ્યારે બધે અંધાધૂંધી અને અશાંતિ ફેલાશે ત્યારે જ મારું મૌન ખોલીને હું મારો સંદેશો વહેતો કરીશ. ત્યારે જ મારી ખરે-ખરી જરૂર પડશે જ્યારે ધરતી પર ધરતીકંપ થશે, પૂર આવશે, જ્વાલામુખી ફાટશે અને એવા બીજા ભયંકર ઉત્પાતો થશે. જ્યારે પૂર્વ ને પશ્ચિમમાં યુદ્ધની જ્વાળા સળગી ઊઠશે ત્યારે. આખી દુનિયાને માથે દુઃખ પડે તો જ આખી દુનિયાનો ઉદ્ધાર થઈ શકે.'

'એ યુદ્ધની તારીખની તમને ખબર છે ?'

'હા. એ કાંઈ બહુ દૂર નથી. પરંતુ હું તારીખ બતાવવા નથી માગતો.'

'એવી ભવિષ્યવાણી તો ભયંકર કહેવાય.' મેં ઉદ્‌ગાર કાઢ્યો.

મહેરબાબા ક્ષમા માગતા હોય તેમ એમની પાતળી, અક્ષ-રોનું આલેખન કરનારી આંગળીઓ ફેલાવવા માંડ્યા.

'સાચું છે. યુદ્ધ ખરેખર ભીષણ થશે. વૈજ્ઞાનિક શક્તિને લીધે છેલ્લા યુદ્ધ કરતાં પણ એ ભારે ખતરનાક થઈ પડશે. એ બહુ જ થોડો વખત અથવા થોડા મહિના જ ચાલશે. એની ભારે અમંગલ ઘડીએ હું જાહેર થઈને સંસારને મારો જીવનસંદેશ સંભળાવીશ. મારી આત્મિક શક્તિ તથા ભૌતિક મદદથી યુદ્ધનો જલદી અને વિચિત્ર અંત આણીને દુનિયાના દેશોમાં હું શાંતિ સ્થાપીશ. એની સાથે સાથે આ પૃથ્વી પર કેટલાક સ્વાભાવિક ફેરફારો પણ થઈ રહેશે. દુનિયાના વિભિન્ન ભાગોમાં જાનમાલની હાનિ થશે. દુનિયાની પરિસ્થિતિ જ એવી હશે કે મારે પયગંબરનો પાઠ ભજવવો પડશે. મારું આધ્યાત્મિક કાર્ય જરૂર પૂરું થશે તેની ખાતરી રાખજો.'

એમનો છેલ્લો શબ્દ પૂરો થયો એટલે એમના ટૂંકા કદના, ઘઉં વર્ણના વદનવાળા, કાળી ગોળ મરાડી ટોપીવાળા, સેક્રેટરી મારા તરફ પ્રભાવશાળી નજરે જોવા લાગ્યા. એમના વદન પરના ભાવો જાણે કે કહી રહ્યા હતા કે 'જોયું ? તમને કેવું લાગ્યું ? અમને કેવી અગત્યની વસ્તુઓ જાણવા મળે છે તે જાણ્યું ?'

એમના ગુરુની આંગળી પાટિયા પર ફરી પાછી ફરવા માંડી. અને એનો નવો ભાવાર્થ કહેવા માટે એ તૈયાર થયા.

'વિશ્વયુદ્ધ પૂરું થયા પછી સુખશાંતિનો એક નવો લાંબો કાળ શરૂ થશે. નિઃશસ્ત્રીકરણ પછીથી કેવળ વાતોનો વિષય નહિ રહે, પરંતુ વાસ્તવિકતા બનશે. જાતિ તથા સંપ્રદાયના ઝઘડાઓનો અંત આવશે. ધાર્મિક સંસ્થાઓ વચ્ચેના મતમતાંતરનાં ઘર્ષણ મટી જશે. હું દુનિયામાં બધે જ પ્રવાસ કરીશ અને લોકો મને જોવા માટે બેચેન બનશે. પ્રત્યેક પ્રદેશ, શહેર ને ગામમાં મારો આધ્યાત્મિક સંદેશ ફરી વળશે. વિશ્વબંધુત્વ, શાંતિ, ગરીબો તથા પછાત પ્રત્યે સહાનુભૂતિ અને ઈશ્વરને માટે પ્રેમ એ સૌનો હું પ્રચાર કરીશ.'

'તમારા પોતાના દેશ ભારતના સંબંધમાં શું ?'

'ભારતની હાનિકારક જ્ઞાતિસંસ્થાનો જ્યાં સુધી જડમૂળથી નાશ નહિ કરું ત્યાં સુધી હું જંપીશ નહિ. જ્ઞાતિની સ્થાપનાને લીધે

બીજા દેશોની સરખામણીમાં ભારત પછાત રહી ગયું. હલકી જાતિના તથા તરછોડાયેલા માણસોની ઉન્નતિ પ્રત્યે જ્યારે ધ્યાન આપવામાં આવશે ત્યારે જ ભારત દુનિયાના સૌથી મોટા પ્રભાવશાળી દેશોમાંનો એક બની શકશે.'

'એના ભવિષ્યનું શું ?'

'પોતાની અંદર ત્રુટિઓ હોવા છતાં, ભારત દુનિયાનો સૌથી મોટો આધ્યાત્મિક દેશ છે. ભવિષ્યમાં તે બધા દેશોના નેતા પદે બિરાજશે. ધર્મના બધા સંસ્થાપકોનો જન્મ પૂર્વમાં થયો છે, અને આધ્યાત્મિક માર્ગદર્શન માટે પણ સૌએ પૂર્વ તરફ જ જોવું રહેશે.'

પશ્ચિમના મોટા દેશના લોકો પૂર્વના નાના, નમ્ર, ઘઉંવર્ણા લોકોને ચરણે બેઠા છે એવી કલ્પના કરવા માંડું છું. પરંતુ એમાં મને સફળતા નથી મળતી. મારી સામે બેઠેલા સફેદ ઝભ્ભાધારી પુરુષ જાણે કે મારી મુશ્કેલી સમજી ગયા અને કહેવા લાગ્યા :

'ભારતની કહેવાતી ગુલામીને એની સાચી ગુલામી ના સમજી લેતા. એ ગુલામી તો બહારની અને એથી કામચલાઉ છે. બહારથી જોતાં રાષ્ટ્રની શક્તિ હણાઈ ગયેલી લાગે છે તોપણ રાષ્ટ્રનો આત્મા તો અમર જ છે.'

એ ટૂંકું સ્પષ્ટીકરણ મળતાં મારી સમજશક્તિ કાંઈક શાંત થઈ. મેં પહેલાંની વાત પર આવવાનું ઠીક માન્યું.

'બીજાં કેટલાંક સાધનો દ્વારા તમારા સંદેશ વિશે પશ્ચિમમાં અમે ઘણું ઘણું સાંભળ્યું છે. તમારે કોઈ નવી વાત કહેવાની છે ?'

'શબ્દો દ્વારા જૂનાં આત્મિક સત્યોનો પડઘો જ પાડી રહ્યો છું. પરંતુ મારી યોગશક્તિ સંસારમાં નવજીવનનો સંચાર કરવાની છે.'

એ મુદ્દા પર મેં મનને સ્થિર કર્યું. ક્ષણ વાર બધે શાંતિ છવાઈ રહી. મેં વધારે કશું ના પૂછ્યું. માથું ફેરવીને મેં ગુફાની બહાર જોયું. દૂર દૂર શાંત ખેતરોની પાછળ ટેકરીઓની હારમાળા ઊભી રહી છે. આકાશમાં તપતો નિર્દય સૂર્ય મનુષ્ય, પ્રાણી અને પૃથ્વીને એક

સરખો તપાવી રહ્યો છે. મિનિટો વીતી રહી છે. એવી એકાંત ગુફામાં સખત તાપમાં રસ લેનારા લોકોની વચ્ચે રહીને દુનિયાને સુધારવાની ભવ્ય યોજનાઓ બનાવવાનું અને મોટા મન ફાવે તેવા, ધાર્મિક વિચારો ધરાવવાનું સહેલું છે. પરંતુ વ્યાવહારિકતાની વચ્ચે ભૌતિક સુધારણાથી ધમધમતાં શહેરોની કઠોર પરિસ્થિતિઓમાં, સૂર્યના ઊગવાથી જેમ ધુમ્મસ દૂર થાય છે તેમ એવા વિચારોનો ભાંગીને ભુક્કો થઈ જાય.

'યુરોપ જરા સખત અને શંકાશીલ છે.' નવા પયગંબર તરફ ફરીને મેં કહ્યું ને પૂછ્યું : 'તમે જે બોલો છો તે સાચા દૈવી અધિકારથી બોલો છો એની ખાતરી કેવી રીતે કરાવી શકશો ? ધર્મથી અપરિચિત લોકોને તમે તમારી ધાર્મિક માન્યતામાં રસ લેતા કેવી રીતે કરી શકશો ? પ્રત્યેક પશ્ચિમવાસી એમ જ કહેશે કે એ અશક્ય છે. અને તમારો પરિશ્રમ જોઈને એ તમારી સામે હસશે પણ ખરો.'

'તમે જાણતા નથી કે એ વખતે પરિસ્થિતિ કેટલી બધી બદલાઈ ગઈ હશે.'

મહેરબાણાએ પોતાના પાતળા, ફીકા હાથ ઘસવા માંડ્યા પછી એમણે કેટલાક વિચિત્ર દાવા ઉમેર્યા. એ દાવા તદ્દન સહ રીતે રજૂ કરાતા હોવા છતાં, મને કાંઈક વધારેપડતા લાગ્યા.

'એક વાર મારી જાતને જાહેરમાં પયગંબર તરીકે ઓળખા એટલે મારી શક્તિની આગળ કશું જ નહિ ટકી શકે. એ વખ મારા જીવનકાર્યને પુરવાર કરવા જાહેરમાં ચમત્કારો પણ બતાવીશ. આંધળાને દૃષ્ટિ આપવી, માંદાને સાજા કરવા, અને અશક્તને મદદ કરવી અને મરેલાંને પણ બેઠાં કરવાં, મારે માટે બાળકના ખેલ જેવું સહેલું થઈ પડશે. એ ચમત્કા એટલા માટે કરીશ કે એમને લીધે બધે જ સ્થળે લોકોને મા

તેમ જ મારા સંદેશમાં શ્રદ્ધા પેદા થશે. કેવળ કોઈના કુતૂહલને સંતોષવા માટે જ એવા ચમત્કારો નહિ કરું. શંકાવાદીઓને ખાતરી કરાવવા માટે જ એમનો આશ્રય લેતો હોઈશ.'

હું સ્તબ્ધ બની ગયો. એ મુલાકાતે સામાન્ય બુદ્ધિની સીમા વટાવી દીધી હતી. મને જરાક સંકોચ થયો. અમે કલ્પનાના કોરા પ્રદેશમાં પ્રવેશી ચૂક્યા હતા.

પારસી પયગંબરે કહેવા માંડયું : 'એક વસ્તુની ગેરસમજ ના કરતા. મારા શિષ્યોને મેં હમેશાં કહ્યું છે કે એ ચમત્કારો એમને માટે નથી કરવાના પણ લોકોને માટે કરવાના છે. એકે ચમત્કાર કરી બતાવવાની ઇચ્છા મને નથી થતી, પરંતુ મને લાગે છે કે સામાન્ય લોકોનાં મન એથી મારી તરફ વાળી શકાશે. દુનિયાના લોકોને આધ્યાત્મિક બનાવવાની ઇચ્છાથી પ્રેરાઈને જ, એવા ચમત્કારો બતાવીને હું એમને ચકિત કરીશ.'

'બાબાએ ઘણી ચમત્કારિક વસ્તુઓ કરી બતાવી છે.' સેક્રેટરી વચ્ચે બોલ્યા.

હું તરત જ સાવધાન બન્યો.

'દાખલા તરીકે?' મેં ઉત્સુકતા બતાવી.

ગુરુએ અસંમતિ દર્શાવતું, આત્મપ્રવંચના કરતું, સ્મિત કર્યું.

'એમને ફરી વાર કહી દો, વિષ્ણુ!' એ પોતાની ભાષામાં બોલ્યા છે: 'જરૂર પડયે હું કોઈ પણ ચમત્કાર કરી શકું છું. મારી મા દૈવી દશાની પ્રાપ્તિ કરી ચૂકેલાને માટે એમ કરવું સહેલું છે.'

સેક્રેટરીની મુલાકાત લઈને બીજે દિવસે એ ચમત્કારિક પ્રસંગો વિશે માહિતી મેળવવાનો મેં સંકલ્પ કર્યો. મને થયું કે મારી શોધમાં એ પ્રસંગો ઘણો રસમય ફાળો આપી શકશે. મારું આગમન એક રીતે નિરીક્ષક તરીકે થયું હોવાથી, પ્રત્યેક પ્રકારની સાચી હકીકત જોઈતો ખોરાક પૂરો પાડશે, એવું મને લાગ્યા વિના ના રહ્યું.

વચ્ચે વળી થોડીક શાંતિ રહી. સંત પુરુષને મેં એમના જીવન થોડોક પ્રકાશ પાડવાની વિનંતિ કરી.

વિષ્ણુ, એમને એ પણ કહી દેજો.' પોતાના સેક્રેટરી તરફ નિર્દેશ કરતા એ બોલી ઊઠ્યા. 'તમે અહીં થોડો વખત ના છો એટલે મારા શિષ્યો સાથે વાતચીત કરવાની પૂરતી તક ને મળી રહેશે. એ તમને મારા પૂર્વજીવન વિશે વાત કરશે.'

અમારી વાતચીત સામાન્ય વિષયો પૂરતી મર્યાદિત રહી. એ પછી અમે છૂટા પડ્યા. મારા ઉતારા પર પહોંચીને સૌથી પહેલાં તો મેં સિગારેટ સળગાવી. સિગારેટ પીવાની મનાઈનું મેં એવી રીતે સાટું વાળ્યું, અને એના અનિયમિત રીતે ઉપર ઊડતા સુગંધિત ધુમાડાનું અવલોકન કરવા માંડ્યું.

સાંજે એક વિચિત્ર દૃશ્ય જોવા મળ્યું. તારાઓએ મંદમંદ પ્રકાશવાનું શરૂ કર્યું, દિવસ થોડોક બાકી રહ્યો, અને એ ગહન ઝાંખા પ્રકાશમાં થોડાં ઝાંખાં ફાનસો સળગવા માંડ્યાં. મહેરબાબા એમની ગુફામાં બેઠા હતા. એ વખતે એમના ભક્તો, મુલાકાતીઓ, અને નજીકના ગામ આરણગામના લોકોનો વિવિધરંગી સમુદાય પ્રવેશદ્વાર આગળ એકઠો થયો.

મહેરબાબા જ્યાં હોય ત્યાં પ્રત્યેક સાંજે જે વિધિ કરવામાં આવે છે તે વિધિનો આરંભ થવાનો હતો. કોઈક ભક્તના હાથમાં દીવાની પેઠે કામ કરનારો ધાતુનો છીછરો પ્યાલો હતો. એની દીવેટ સુખડના સુગંધિવાળા તેલમાં બોળેલી હતી. ગુરુના મંગલ મરતકની આગળ એનાથી એણે સાત વાર આરતિ ઉતારી. એકઠા થયેલા લોકો એ વખતે સમૂહમાં મોટે સ્વરે સ્તુતિ તથા પ્રાર્થના કરવા લાગ્યા. એમની મરાઠી ભાષાના સ્વરમાં વારંવાર આવતો બાબા શબ્દ હું સાંભળી શક્યો. એ સ્તુતિ એમના ગુરુની અતિશયોક્તિ-ભરી પ્રશંસાથી ભરેલી હતી એ સ્પષ્ટ હતું. બધા જ એમના તરફ આદરભરેલી આંખે જોઈ રહેલા. મહેરબાબાના નાના ભાઈ નાના, ઊંચકીને લઈ જઈ શકાય તેવા, હારમોનિયમ પાસે બેઠેલા. ગાયકોને ઉત્સાહ આપવા એ એક જાતનું કરુણ સંગીત છોડી રહેલા.

એ વિધિ દરમિયાન, દરેક ભક્તે ગુફા પાસે આવી, મ
સાષ્ટાંગ પ્રણામ કર્યા, એમના ઉઘાડા ચરણને ચુંબન કર્યું
તો એટલાં બધાં ભાવવિભોર બની ગયાં કે ચુંબનની ક્રિયાને
મિનિટ સુધી લંબાવ્યે રાખી. મને જણાવવામાં આવ્યું કે એ
આધ્યાત્મિક રીતે ઘણી જ ફાયદાકારક માનવામાં આવે છે, કાર
ભક્ત પર એથી મહેરબાબાના આશીર્વાદ ઊતરે છે એટલું જ નહિ
પણ ભક્તનાં કેટલાંક પાપ પણ એને લીધે આપોઆપ ધોવાઈ જાય છે.

બીજે દિવસે શું જોવા મળશે તેની કલ્પના કરતો હું મારા
ઉતારા તરફ ચાલી નીકળ્યો. ખેતરોની આરપારથી અને જંગલમાંથી
રાત્રીની નીરવતાનો ભંગ કરતા શિયાળના શબ્દો સંભળાતા હતા.

બીજે દિવસે મેં સેક્રેટરીને તથા અંગ્રેજી બોલતા શિષ્યોને
એમના લાકડાના બંગલાઓમાંના એક બંગલાની બહાર એકઠા
કર્યા. અમે અર્ધગોળાકારમાં બેઠા. અંગ્રેજીના જાણનાર કેટલાક
લોકો થોડેક દૂર ઊભા રહીને હસતે મુખે અને રસમય નેત્રે અમને
જોઈ રહેલા. એ સૌનાં મન તેમ જ સંસ્મરણોમાંથી, હું જેમને
વિશે અજાણ હતો એવી એમના આશ્ચર્યકારક ગુરુદેવના જીવનની
કેટલીક વિગતો તારવવાની મેં શરૂઆત કરી.

એમનું નામ તો મહેર હતું, પરંતુ પોતાને એ સદ્‌ગુરુ મહેર-
બાબાને નામે ઓળખાવતા. સદ્‌ગુરુ એટલે સાચા ને સંપૂર્ણ ગુરુ,
અને બાબા શબ્દનો પ્રયોગ ભારતના કેટલાક લોકો ભક્તિભાવથી
પ્રેરાઈને કરતા હોય છે. એમના શિષ્યો મોટે ભાગે એમને એ જ
નામથી સંબોધતા.

મહેરબાબાના પિતાજી ઈરાની હતા. એ જરથોસ્તી ધર્મ
પાળતા, ને એક ગરીબ યુવક તરીકે ભારતમાં આવેલા. મહેર
એમના પહેલા પુત્ર હતા. એમનો જન્મ પૂના શહેરમાં ઈ. સ.
૧૮૯૪માં થયેલો. પાંચ વરસની ઉંમરે એમને નિશાળમાં દાખલ
કરેલા. એમનો અભ્યાસ સારો હતો, અને સત્તર વરસે એ મેટ્રિક

થયા. પછી પૂનાની ડેક્કન કૉલેજમાં દાખલ થઈને બે વરસ સુધી ઠીક ઠીક આધુનિક શિક્ષણ પણ મેળવ્યું.

એ પછી એમના જીવનનો વેદનામય, ગહન, તબક્કો શરૂ થયો. એક દિવસ સાંજે સ્કૂલમાંથી સાયકલ પર પાછા ફરતાં એક પ્રખ્યાત મુસલમાન સ્ત્રીફકીરના ઘર પાસેથી એ પસાર થતા'તા. એ સ્ત્રીનું નામ હઝરત બાબાજાન હતું અને એ સૌથી પણ વધારે ઉમ્મરની કહેવાતી. એના લાકડાના સાદા, એક ઓરડાના, ઘરની બહારની જાળીવાળી ઓસરીમાંની પથારી પર એ આરામ કરતી'તી. એની પાસેથી સાયકલ નીકળી તે જ વખતે એ વૃદ્ધ સ્ત્રીએ ઊડીને સંકેત કર્યો. એ સાયકલ પરથી ઊતરીને એની પાસે ગયા. એના હાથને હાથમાં લઈને એ ભેટી અને એમના કપાળ પર ચુંબન કર્યું.

એ ઘટના પછીથી જે બન્યું તેના વિશે ચોક્ખી માહિતી ના મળી. મને એમ કહેવામાં આવ્યું કે યુવક શૂન્યમનસ્ક જેવી દશામાં ઘેર ગયો, અને પછીના આઠ મહિના દરમિયાન એની માનસિક શક્તિઓ ક્રમેક્રમે ઘટતી ગઈ અને આખરે એને માટે બરાબર ભણવાનું પણ મુશ્કેલ થઈ પડયું. છેવટે ભણવાનું એકદમ અશક્ય થઈ પડવાથી કૉલેજને એણે તિલાંજલિ આપી.

યુવાન મહેરના જીવનમાં એ પછી અર્ધગાંડપણની દશા ચાલુ થઈ. પોતાની સંભાળ રાખવાનું એને માટે કપરું થઈ પડયું. એની આંખ નીરસ ને નિશ્ચેતન જેવી બની ગઈ. મનુષ્યનાં જમવા, સ્નાન કરવા, તથા કુદરતી હાજતે જવા જેવાં બીજાં પ્રાથમિક કામ કરવાની શક્તિ કે બુદ્ધિ પણ એનામાં ના રહી. પિતાજી ખાવાનું કહેતા ત્યારે એ યાંત્રિક રીતે ખોરાક લેતો. નહિ તો ભોજન શા માટે રાખવામાં આવ્યું છે એનું ભાન પણ એને ના રહેતું. સંક્ષેપમાં કહીએ તો એની દશા માનવીય સંચા જેવી થઈ ગઈ.

વીસ વરસના યુવકની સંભાળ ત્રણ વરસના બાળકની જેમ એનાં માબાપને રાખવી પડે ત્યારે મનની શક્તિ હણાઈ ગઈ છે એવું

તો સહેજે સમજી શકાય. ગભરાયેલા પિતાએ એમ માન્યું કે પરીક્ષા-માટેની ગોખણ-પટ્ટીને લીધે એના મગજને વધારેપડતો પરિશ્રમ પડતો લાગે છે. મહેરને જુદાજુદા ડૉકટરો પાસે લઈ જવામાં આવ્યો. એમણે ચિત્તતંત્ર તૂટી પડયું છે એવું નક્કી કરીને એને ઈન્જેકશન આપ્યાં. નવ મહિનામાં એની દયનીય દશામાં સુધારો થવા માંડયો. તે ધીરેધીરે વધતો ગયો. છેવટે એ પોતાની આસપાસના વાતાવરણને બુદ્ધિપૂર્વક સમજવા માંડયો. ને સામાન્ય રીતે સારું વર્તન પણ કરવા લાગ્યો.

એને પૂર્વવત્ આરામ તો થયો, પરંતુ એની પ્રકૃતિ બદલાઈ ગઈ. એની વિદ્વત્તાવિષયક મહત્ત્વાકાંક્ષાનો અંત આવ્યો, લૌકિક જીવન—કારકિર્દીની મહત્ત્વાકાંક્ષા પર પણ પાણી ફરી વળ્યું અને રમત-ગમત માટેનો એનો રસ પણ મટી ગયો. એને કોઈક ધાર્મિક જીવન જીવવાની તીવ્ર તરસ પેદા થઈ અને આત્મિક રંગે રંગાઈ જવાની અખંડ ઇચ્છાએ ઘર કર્યું.

મહેરને વિશ્વાસ હતો કે જીવનના એ બધા ફેરફારો મુસલમાન સ્ત્રીફકીરે કરેલા ચુંબનને જ આભારી હતા. તેથી પોતાના ભાવિ-જીવન વિશે માર્ગદર્શન મેળવવા મહેરે એ વૃદ્ધાની મુલાકાત લીધી. એણે એને કોઈ સદ્‌ગુરુની પ્રાપ્તિ કરવાની સૂચના કરી. એણે પૂછયું કે એવા સદ્‌ગુરુ કયાં મળશે ? જવાબમાં એણે હવામાં અનિશ્ચિત રીતે હાથ હલાવ્યો, એટલું જ.

એણે પોતાની આજુબાજુના કેટલાક પ્રસિદ્ધ સંતપુરુષોની મુલાકાત લીધી. પછી પૂનાથી સો માઈલ સુધીનાં ગામડાં જોયાં. એક દિવસ એ સાકોરી પાસેના એક નાના પથ્થરના મંદિરમાં જઈ ચઢયા. મંદિર ઘણું નાનું હતું, પણ ગ્રામજનોના કહેવા પ્રમાણે ત્યાં એક અત્યંત પવિત્ર સંતપુરુષ વાસ કરતા. મહેરે એમના દર્શનથી અનુભવ કર્યો કે પોતાના ગુરુ એને મળી ગયા છે.

પવિત્ર જીવન જીવવાની ભાવનાવાળા યુવાન સાધકે અવારનવાર સાકોરીની સફર કરવા માંડી. સામાન્ય રીતે પોતાના ગુરુની સાથે એ

એકીસાથે થોડાક દિવસો પસાર કરતો, પરંતુ એક વાર એણે ચાર મહિનાં પસાર કર્યા. મહેરે કહ્યું કે એ વખત દરમિયાન એને પૂર્ણ બનાવવામાં આવ્યો અને એના જીવનકાર્ય માટે તૈયાર કરવામાં આવ્યો. એક દિવસ સાંજે પોતાના ત્રીસ જૂના સહાધ્યાયી અથવા વિદ્યાર્થી મિત્રોને ભેગા કરી, એમને અગત્યના મેળાપની ગૂઢ સૂચના આપી, સાકારીના નાના મંદિરમાં લઈ આવ્યો. બારણાં બંધ કરવામાં આવ્યાં. અને એ પછી ગંભીર દેખાતા ઉપાસની મહારાજે ઊભા થઈને સૌને ઉપદેશ આપ્યો. એમણે એમને ધર્મનો ઉપદેશ આપ્યો, સદ્‌ગુણી બનવાની ભલામણ કરી, કહ્યું કે મહેરને એમણે પોતાના જ્ઞાન અને યોગબળનો આધ્યાત્મિક વારસદાર બનાવ્યો છે. અને છેલ્લેછેલ્લે ચકિત થયેલા યુવકોને જાહેર કર્યું કે મહેરને આત્મિક પૂર્ણતાની પ્રાપ્તિ થઈ છે. પોતાના પારસી મિત્રના અનુયાયી બનવાની એમણે સૌને શિખામણ આપી અને કહ્યું કે એ શિખામણ પ્રમાણે ચાલવાથી આ લોકમાં તેમ જ પરલોકમાં ઉત્તમ પ્રકારનો આધ્યાત્મિક લાભ મળી રહેશે.

શ્રોતાઓમાંના કેટલાકે એ શિખામણનો અમલ કર્યો અને બીજા કેટલાક શંકાશીલ રહ્યા. એકાદ વરસ બાદ, સત્તાવીસમે વરસે, યુવાન મહેરે પોતાના થોડાક મુલાકાતીઓની આગળ જાહેર કર્યું કે પોતાના જીવનમાં કરવાના અલૌકિક કાર્યની પોતાને ખબર પડી છે, અને ઈશ્વરે એને મનુષ્યજાતિને માટે ભારે ઉપકારક મહાન કામ સુપ્રત કર્યું છે. પોતાના એ જીવનકાર્યની સુસ્પષ્ટ રૂપરેખા એણે ના આપી, પરંતુ થોડાંક વરસોમાં બધો ભેદ બહાર પાડ્યો. એને માટે પયગંબર બનવાનું નક્કી થયું હતું!

ઈ. સ. ૧૯૨૪માં મહેરે પહેલી વાર ભારતની બહાર પગ મૂક્યો. છ શિષ્યો સાથે એમણે ઈરાનના પ્રવાસનો પ્રારંભ કરતાં કહ્યું કે પોતાના પૂર્વજોના દેશનો પોતે પ્રવાસ કરવા માગે છે. વહાણ જ્યારે બુશાયર બંદરે આવી પહોંચ્યું ત્યારે એકાએક વિચાર બદલીને ઘર તરફ જતાં બીજાં વહાણોમાં બેસી જઈને એમણે એ સ્થળનો

ત્યાગ કર્યો. ત્રણ મહિના પછી બળવાખોર સૈનિકોએ ઈરાનની રાજધાની તહેરાન કબજે કર્યું અને રાજાને પદભ્રષ્ટ કર્યો. ગાદી પર બીજા નવા શાહને બેસાડ્યા.

મહેરબાબા એ વખતે એમના અનુયાયીઓને ઉદ્દેશીને કહેવા માંડ્યા :

'ઈરાનની મારી મુલાકાત દરમિયાન મેં કરેલા યોગકાર્યનું પરિણામ હવે તમે જોઈ શકયા !'

એમના શિષ્યોએ મને જણાવ્યું કે નવા રાજાના હાથ નીચે ઈરાન વધારે સુખી દેશ બની ગયો છે, અને મુસલમાનો, જરથુસ્ત-ધર્મીઓ, યહૂદીઓ અને ખ્રિસ્તીઓ બધા સંપથી સાથે રહે છે. જૂના રાજ્ય દરમિયાન તો એમની અંદર કાયમના કજિયા ચાલ્યા કરતા. અને ભયંકર અત્યાચારો પણ થતા રહેતા.

એમની એ રહસ્યમયી મુસાફરી પછી થોડાં વરસોમાં મહેર-બાબાએ એક અવનવી શિક્ષણસંસ્થા શરૂ કરી. એમની સૂચનાનુસાર એક શિષ્યે આરણગામની બાજુમાં સંસ્થાનની અત્યારની જગ્યા ખરીદ કરી. થોડાક સાધારણ બંગલા તથા ઘાસનાં છાપરાં તેમ જ લાકડાના થાંભલાવાળાં ઝૂંપડાં બનાવવામાં આવ્યાં. પછીથી એક બોર્ડિંગ-સ્કૂલ ખૂલ્લી મૂકવામાં આવી. એના શિક્ષકોની ભરતી મહેરબાબાના શિક્ષિત શિષ્યોમાંથી અને વિદ્યાર્થીઓની ભરતી ભક્તોનાં કુટુંબો તથા મિત્રોમાંથી કરવામાં આવેલી. શિક્ષણ માટે કોઈ ફી ન હતી અને રહેવાનું ને જમવાનું પણ મફત હતું. બીજા સામાન્ય વિષયો ઉપરાંત એ સ્કૂલમાં ધર્મનું ખાસ બિન-સાંપ્રદાયિક શિક્ષણ મહેરબાબા પોતે જ પૂરું પાડતા.

એવી આકર્ષક શરતોને લીધે સો જેટલા છોકરાઓને ભેગા કરવાનું કામ સહેલું થયું. બારેક તો દૂર ઈરાનમાંથી આવી પહોંચ્યા. એ છોકરાઓને બધા જ ધર્મોમાં ઓછેવત્તે અંશે માન્ય સદાચારના સિદ્ધાંતો શીખવવામાં આવ્યા તથા મહાન પયગંબરોની જીવન-

કથાઓથી પણ પરિચિત કરવામાં આવ્યા. ધીરેધીરે ધાર્મિક શિક્ષણ આખાયે અભ્યાસક્રમનું અગત્યનું અંગ બની ગયું, અને મહેર-બાબાએ મોટા છોકરાઓને પાણીની પેઠે ચંચળ સ્વભાવના ભક્તિમય રહસ્યવાદ તરફ દોરવા માંડ્યા. એમને એક પવિત્ર વ્યક્તિ માનવાનું અને એથી આગળ વધીને એમને પૂજવાનું પણ એ સૌને શીખવવામાં આવ્યું. આગળ જતાં કેટલાક છોકરાઓમાં ધાર્મિક ઉન્માદની નિશાનીઓ પણ દેખાવા લાગી. થોડાક દિવસને અંતરે એમની અંદર વિચિત્ર બનાવો બનવા માંડ્યા.

એ અસામાન્ય સ્કૂલની એક નોંધપાત્ર વિશેષતા એ હતી. એના વિદ્યાર્થીઓ જુદીજુદી જાતિ, જુદાંજુદાં કુળ અને સંપ્રદાયના હતા. હિંદુ, મુસલમાન, ભારતીય, ખ્રિસ્તી અને પારસી પરસ્પર છૂટથી હળતામળતા, પરંતુ મહેરબાબાની ઇચ્છા વધારે ભરતી કરવાની હતી. પોતાના મુખ્ય શિષ્યને એમણે કેટલાક ગોરા વિદ્યાર્થીઓને શોધી લાવવા માટે ઇંગ્લેન્ડ મોકલ્યો. બાબાના એ દૂતને પોતાના કામમાં ઘણી મુશ્કેલી પડી, કારણ કે ગોરાં માબાપો પોતાનાં બાળકોને દૂર એશિયામાં અજાણ્યા એક પુરુષ પાસે ભણવા મોકલવા તૈયાર ના થયાં. વળી બધા ધર્મોનું સંમિશ્રિત શિક્ષણ આપનારી સ્કૂલનો વિચાર પણ એમને બહુ ના ગમ્યો. ઇંગ્લેન્ડની ઘણી સ્કૂલોમાં જુદાજુદા સંપ્રદાયના વિદ્યાર્થીઓ સહજ રીતે જ ભેગા થાય છે અને તે પણ સાંપ્રદાયિક ભાવોથી ભરેલા ભારતમાં એને માટે જે ઊહાપોહ મચાવવામાં આવે છે તેવા કોઈ પણ જાતના ઊહાપોહ વગર.

ભારતમાંના બાબાના દૂતને એક દિવસ એક એવા અંગ્રેજનો મેળાપ થયો જેમણે એકાદ બે વાર્તાલાપ પછી તરત જ મહેરબાબાનો પયગંબર તરીકે સ્વીકાર કર્યો. એ માણસ ઘણા ઉત્સાહી પ્રકૃતિના હતા તથા લંડનમાં ફેલાયેલા વિવિધ મતમતાંતરોનો પરિચય પણ પ્રાપ્ત કરી ચૂકેલા, તેથી એમની સમજ પ્રમાણે મહેરબાબાના વધારે ઊંચા સંદેશ માટે એ તૈયાર થયા. એમણે ગોરા વિદ્યાર્થીઓ મેળવી

આપવામાં મદદ કરી અને ત્રણ બાળકોને શોધી પણ કાઢ્યાં. એમનાં માબાપ તદ્દન ગરીબ હોવાથી એમના વિયોગરૂપી કિંમત ચૂકાવીને પણ પોતાનો બોજો હળવો કરવા માગતાં હતાં. એ જ સંજોગોમાં ઇન્ડિયા ઑફિસની પ્રવૃત્તિ શરૂ થઈ, બધી હકીકત શોધી કાઢી, એના મુખ્ય અધિકારી એથી હાલી ઊઠ્યા, અને આખીયે યોજના પર પ્રતિબંધ મૂક્યો. બાળકોની સફર અટકી પડી. પારસી પયગંબરના પ્રતિનિધિ અંગ્રેજ તથા અંગ્રેજની પત્ની અને એમની સાળી સાથે ભારતમાં પાછો ફર્યો. એમના આગમન પછી પાંચ કે છ મહિના બાદ મહેરબાબાએ એમના મુખ્ય શિષ્યને ખર્ચે એમને ઇંગ્લેન્ડ પાછાં મોકલ્યાં.

મહેરબાબાએ મને જણાવ્યું કે એ સ્કૂલની સ્થાપના પાછળનો એમનો ઉદ્દેશ દ્વિવિધ હતો. સૌથી પહેલાં તો એ વિદ્યાર્થીઓમાંથી ધર્મ તથા જાતિના ભેદભાવો દૂર કરવા માગતા હતા. અને બીજો ઉદ્દેશ એ હતો કે એમનામાંથી ખાસ પસંદગીના થોડાક વિદ્યાર્થીઓને પોતાના આધ્યાત્મિક જીવનકાર્યના ભાવિ સંદેશવાહકો તરીકે તાલીમ આપવાની એ ઇચ્છા રાખતા'તા. કાળક્રમે એ વધારે ને વધારે પરિપક્વ બનતાં અને પોતાના જીવનકાર્યની જાહેરાતનો સમય પાસે આવતાં, એમને ધર્મપ્રચારક તરીકે તથા સમસ્ત માનવજાતિને આધ્યાત્મિક રંગે રંગી દેવાના પોતાને નક્કી કરાયેલા કાર્યમાં મદદકર્તા તરીકે એમને પાંચે ખંડમાં મોકલવાની એમની ઇચ્છા હતી.

સ્કૂલની સાથે બીજી પ્રવૃત્તિ પણ ખીલવા માંડી. એક નાનું સરખું દવાખાનું શરૂ કરવામાં આવ્યું અને અંધ, રોગી તથા અપંગને એકઠા કરવા માટે ખાસ શિષ્યોને મોકલવામાં આવ્યા. એમને મફત ખોરાક, રહેઠાણ તથા મફત સારવારનો લાભ આપવામાં આવતો અને એ ઉપરાંત, મહેરબાબા એમને આત્મિક શાંતિ પણ પૂરી પાડતા. એક ઉત્સાહી ભકતે તો એવું પણ કહ્યું કે પાંચ કૃષ્ઠરોગી તો એમના સ્પર્શથી જ સારા થઈ ગયા. અફસોસની વાત છે કે મને એ સાંભળીને થોડીક શંકા થઈ; કારણકે એમનાં નામઠામ

અથવા શરનામાં પણ કોઈ ના કહી શકચા. એમાં મને અતિશયોક્તિ સિવાય બીજું કાંઈ જ ના લાગ્યું. એમનામાંના એક કૃષ્ઠરોગીએ તો કૃતજ્ઞતાવશ થઈને મહેરબાબાના શિષ્ય બનવાનું પસંદ કર્યું. ઘાસથી ભરેલા મેદાનમાં ફરી વળતી જ્વાલાની જેમ, કૃષ્ઠરોગીઓથી ભરેલા ભારતમાં એ સમાચાર ફરી વળ્યા હશે અને દેશના જ દુઃખી લોકો આરણુગામ નજીકના એ દવાખાના આગળ એકઠા થયા હશે!

આજુબાજુનાં ગામોમાંથી ભક્તો, મુલાકાતીઓ તથા જિજ્ઞાસુઓનો સમુદાય આવવા માંડચો. એ અસામાન્ય સંસ્થાનની વસતી કેટલીય સોનાં થઈ ગઈ. આખાયે સ્થળમાં ઊંડી ધાર્મિક સુવાસ ફરી વળી. મહેરબાબા દેખીતી રીતે જ એ સ્થળના મધ્યબિંદુ જેવા હતા.

એ સંસ્થાનની સ્થાપનાને અઢાર મહિના થયા. તે પછી એને એકાએક બંધ કરી દેવામાં આવ્યું અને એ બધી પ્રવૃત્તિઓ પણ મૂકી દેવાઈ. છોકરાઓને એમનાં માબાપ પાસે તથા દરદીઓને પોતપોતાને ઘેર મોકલવામાં આવ્યાં. એને માટે મહેરબાબા તરફથી કોઈ કારણ આપવામાં ના આવ્યું. મને જાણવા મળ્યું કે એમના વર્તનમાં એવા આકસ્મિક, અવર્ણનીય આવેગો તો લગભગ સ્વાભાવિક અથવા સહજક્રમ જેવા બની ગયા હતા.

ઈ. સ. ૧૯૨૯ની વસંત દરમિયાન સાધુ લેઈક નામના પોતાના પ્રથમ કાર્યવાહક શિષ્યને ભારતનો પ્રવાસ કરવાનો આદેશ આપીને એમણે બહાર મોકલ્યો. છૂટા પડતી વખતે એમણે એને આજ્ઞા કરતાં કહેવા માંડયું :

'તમને પયગંબરનું કામ કરવાનો લાભ મળ્યો છે. ભ્રાતૃભાવની ભાવના દૃઢ કરજો તથા કોઈ ધર્મને હલકો ના બતાવશો. હું તમારા સંબંધી બધું જ જાણતો હોઈશ તેની ખાતરી રાખજો. બીજાની ટીકાથી નાસીપાસ ના થતા. હું તમને દોરતો રહીશ. મારા વિના કોઈનું પણ અનુકરણ ના કરતા, કોઈને ના માનતા.'

મને મળેલી માહિતી પરથી જાણી શકાયું કે એ સાધુ પરિભ્રમણને માટે શારીરિક રીતે એકદમ અયોગ્ય હતા. મદ્રાસમાં એમણે થોડાક અનુયાયીઓ ઊભા કર્યા ખરા, પરંતુ એ પછી રસ્તામાં જ માંદા પડ્યા અને મરવા માટે જ આશ્રમમાં પાછા ફર્યા.

પારસી સંત પુરુષની કારકિર્દીનું આ ઝડપી રેખાચિત્ર છે.

× ×

મહેરબાબાની સાથે મારે કેટલીક ઉપરછલ્લી સામાન્ય વાતો થઈ ખરી, પરંતુ મારે તો સંસારને માટેના એમણે પોતે જ નક્કી કરેલા જીવનકાર્ય વિશે કશુંક વધારે ચોક્કસ જાણવું હતું. એટલા માટે મેં એમની સાથેની મારી છેલ્લી મુલાકાતની મંજૂરી મેળવી.

આજે એમના શરીર પર સુંવાળો વાદળી ખેસ હતો અને વાર્તાલાપ માટે તૈયાર હોય એવી રીતે એમના ઘૂંટણ પર અક્ષરોનું પાટિયું મૂકેલું હતું. હાજર રહેલા શિષ્યોએ સન્માનનીય પ્રેક્ષકો બનીને જરૂરી ભૂમિકા તૈયાર કરી હતી. બધા પરસ્પર સ્મિત કરતા હતા. એ વખતે મેં શાંતિનો ભંગ કરતો પ્રશ્ન એકાએક જ પૂછી કાઢ્યો :

'તમે પયગંબર છો એવું તમે કેવી રીતે જાણો છો ?'

શિષ્યો મારું સાહસ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. ગુરુ પોતાનાં ભારે ભવાં પર હાથ ફેરવવા લાગ્યા; પરંતુ લેશ પણ અચકાયા કે ગભરાયા વગર મારી તરફ સ્મિત કરીને તરત જ ઉત્તર આપ્યો :

'હું જાણું છું, સારી રીતે જાણું છું. તમે જેમ જાણો છો કે તમે માનવ છો તેવી રીતે મને ખબર છે કે હું પયગંબર છું. મારું સમગ્ર જીવન એનું જ છે. મારી ધન્યતા નથી મટતી. તમે કોઈ બીજા માણસ છો એવું ભૂલથી પણ નહિ સમજો. એવી રીતે હું જે છું તે વિશે ભૂલમાં નથી પડતો. મારે કેવી કામ કરવાનું છે અને એ હું કરીશ જ.'

'મુસ્લિમ સ્ત્રી ફકીરે ચુંબન કર્યું ત્યારે ખરેખર શું થયું ? તમને તે યાદ છે ?'

'હા. ત્યાં લગી હું બીજા છોકરાઓની જેમ સંસારી હતો. હઝરત બાબાજાને મારે માટેનું બારણું ઉઘાડી નાખ્યું. એનું ચુંબન મારે માટે મોટો ફેરફાર કરનારું થઈ પડયું. મને એવું લાગ્યું કે જાણે બ્રહ્માંડ અવકાશમાં ડૂબી રહ્યું છે. હું તદ્દન એકલો પડી ગયો. હા, હું ઈશ્વર સાથે એકલો પડયો. મહિનાઓ સુધી મારાથી સૂઈ ના શકાયું. તે છતાં પણ કમજોર બનવાને બદલે પહેલાં જેવો જ શક્તિશાળી બની રહ્યો. મારા પિતાજી એ બધું ના સમજી શકયા. એમને લાગ્યું કે હું ગાંડો બની ગયો છું. એમણે ડૉકટરોને બોલાવવા માંડયા. એમણે મને દવા તથા ઈન્જેકશન આપ્યાં પરંતુ કશી અસર ના થઈ. મને ઈશ્વર સાથેની એકતાનો અનુભવ થઈ રહ્યો હતો. એમાં ઉપચાર કરવા જેવું કશું હતું જ નહિ. હું ફકત મારા રોજિંદા બહારના જીવનને ખોઈ બેઠેલો અને ફરીથી ભાનમાં આવતાં ઘણો લાંબો વખત લાગ્યો. તમે સમજી શકો છો તો ખરા ને ?'

'જરૂર. હવે તમે તમારી પૂર્વસ્થિતિમાં આવી ગયા છો તો જનતાને તમારે વિશે કયારે જણાવશો ?'

'નજીકના ભવિષ્યમાં જ હું બહાર આવીશ, પણ એની કોઈ નક્કી તારીખ નહિ આપી શકું.'

'પછી ?'

'આ પૃથ્વી પરનું મારું કામ તેત્રીસ વરસ સુધી ચાલશે; તે પછી મારું કરુણ રીતે મૃત્યુ થશે. મારા જ પારસી ભાઈઓ મારા ભયંકર અંત માટે જવાબદાર હશે. પરંતુ બીજા મારું કામ ચાલુ રાખશે.'

'મારા માન્યા મુજબ તમારા શિષ્યો જ ને ?'

'મારા પસંદ કરેલા બાર શિષ્યોનું મંડળ કે જેમાંથી એક નિર્ધારિત વખતે ગુરુ બનશે. એમને માટે જ હું અવારનવાર ઉપવાસ

કરું છું ને મૌન રાખું છું. એથી એમનાં પાપ ધોવાઈ જાય છે અને એમને આધ્યાત્મિક પરિપૂર્ણતા મેળવવામાં મદદ મળે છે. એ બધા જ પૂર્વજન્મોમાં મારી સાથે રહેતા હતા. તેથી તેમને મદદ કરવા હું બંધાયેલો છું. ચુમ્માલીસ સભ્યોવાળું એક બીજું બહારનું મંડળ પણ ઊભું થશે. એ મંડળનાં સ્ત્રીપુરુષો જરા ઊતરતી કક્ષાનાં હશે. એમનું કામ બાર મુખ્ય શિષ્યોને એમણે પૂર્ણતા પ્રાપ્ત કર્યા પછી મદદ કરવાનું રહેશે.'

'પર્યંગંબર પદને માટેના બીજા દાવાદારો પણ છે ખરા કે?'

એ ક્ષુદ્ર માનવોની અવજ્ઞા કરતાં મહેરે હસવા માંડયું.

'હા. કૃષ્ણમૂર્તિ છે.—મિસીસ બેસન્ટનો રક્ષિત. થિયોસોફીસ્ટો પોતાની જાતને છેતરી રહ્યા છે. એમના મુખ્ય સૂત્રધારો હિમાલયના તિબેટ પ્રદેશમાં કયાંક વસે છે એમ કહેવામાં આવે છે. એમનાં કહેવાતાં આશ્રયસ્થાનોમાં તમને ધૂળ તથા પથ્થર વિના બીજું કાંઈ જ નહિ મળે. વળી કોઈ પણ સાચા ધર્મગુરુને પોતાના ઉપયોગ માટે કોઈ બીજાના શરીરને તૈયાર કરવાની કે તાલીમ આપવાની જરૂર નથી પડતી. એ દેખીતી રીતે જ હાસ્યાસ્પદ છે.'

એ છેલ્લા વાર્તાલાપને પરિણામે કેટલાંક બીજાં વિચિત્ર નિવેદનો પણ બહાર આવ્યાં. અક્ષરો પર ફરનારી એમની પાતળી આંગળીઓ કેટલાય ઉતાવળિયા મિશ્રિત વિચારો વ્યક્ત કરવા લાગી...'અમેરિકાનું ભવિષ્ય મોટું છે. એ આધ્યાત્મિક વલણવાળો દેશ બની જશે...મારામાં શ્રદ્ધા રાખનાર પ્રત્યેકને હું જાણતો હોઉં છું, અને એને સદ્ધાને માટે મદદ કરું છું...મારાં કર્મોને જાણવાની કોશિશ ના કરતા. તેમનો તાગ તમને કદાપિ નહિ મળે...કોઈ સ્થળમાં મારે ગમે તેટલા થોડા વખતને માટે પણ જવાનું ને રહેવાનું થાય છે તો તેનું વાતાવરણ આધ્યાત્મિક રીતે ઘણું ઊંચું બની જાય છે...મારી દ્વારા દુનિયાને જે આધ્યાત્મિક વેગ મળશે તેનાથી દુનિયાના આર્થિક, રાજકીય, જાતીય, સામાજિક બધા જ

પ્રશ્નોનો ઉકેલ આવી જશે સ્વાર્થવૃત્તિનો નાશ થશે અને ભ્રાતૃભાવનો પ્રચાર થશે...છત્રપતિ શિવાજી જેમણે સત્તરમી સદીમાં મરાઠા સામ્રાજ્યની સ્થાપના કરી તે પણ આ રહ્યા. (એ પોતાની પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે એનો અર્થ એ કે મહેર શિવાજીના અવતાર છે)...કેટલાક ગ્રહોમાં વસ્તી છે. સભ્યતા અને ભૌતિક સુધારણામાં તે આપણી પૃથ્વીને મળતા આવે છે, પરંતુ આધ્યાત્મિક વિકાસમાં આપણી પૃથ્વી આગળ છે...'

પોતાના દાવાની રજૂઆત કરવામાં મહેરબાબા પાછા નથી પડતા એ જોઈ શકાયું. મુલાકાત પૂરી થવાની તૈયારીમાં હતી ત્યારે એમણે જે હુકમ કર્યો એથી મને જરા નવાઈ લાગી.

'મારા પ્રતિનિધિ બનીને પશ્ચિમમાં જાઓ. ભવિષ્યના દૈવી સંદેશવાહક તરીકે મારા નામનો પ્રચાર કરો. મારે માટે અને મારા પ્રભાવને ફેલાવવા માટે કામ કરો. એમ કરવાથી માનવજાતિના ભલા માટે જ કામ કરશો.'

'એમ કરવાથી કદાચ લોકો મને ગાંડો ગણશે.' મેં અસ્વસ્થતાથી ઉત્તર આપ્યો. એ કલ્પનાથી જ હું હાલી ઊઠ્યો.

મહેર મારી સાથે સંમત ના થયા.

મેં જણાવ્યું કે પયગંબરની વાતને બાજુએ રાખીએ તોપણ કોઈ વ્યક્તિ આધ્યાત્મિક મહામાનવ છે એવી ખાતરી પશ્ચિમના લોકોને ચમત્કારોની પરંપરા સિવાય બીજી કોઈયે રીતે નથી થઈ શકવાની અને હું કોઈ ચમત્કાર કરી શકું તેમ ના હોવાથી, એમના દૂત તરીકેનું કામ મારાથી નહિ થઈ શકે.

'તો પછી તમે ચમત્કારો કરી શકશો.' એમણે સુખદ ખાતરી આપી.

મેં શાંતિ રાખી. મહેરબાબાએ મારી શાંતિનો અર્થ જુદો

'મારી પાસે રહો, તો હું તમને મોટી શક્તિઓ પૂરી પાડીશ.' એમણે આગ્રહ કર્યો. 'તમે ઘણા નસીબદાર છો. પશ્ચિમમાં જઈને કામ લાગી શકો તે માટે તમને ઉત્તમ પ્રકારની શક્તિઓ મેળવી આપવામાં હું મદદરૂપ થઈશ.'

એ અવિશ્વસનીય મુલાકાતના અંતિમ ભાગનું વર્ણન કરવું આવશ્યક નથી લાગતું. કેટલાક પુરુષો જન્મથી જ મહાન હોય છે, કેટલાક મહાનતાની પ્રાપ્તિ કરે છે, અને બીજા કેટલાક પ્રેસ-પ્રતિનિધિ કે પ્રચારકને શોધે છે. મહેરબાબા એવા છેલ્લા ક્રમમાં માનતા હોય એવું લાગ્યા વિના ના રહ્યું.

બીજે દિવસે મેં ત્યાંથી નીકળવાની તૈયારી કરી. મેં કામ ચલાઉ સમય પૂરતી સંતોષ આપે એવી પૂરતી પવિત્ર બુદ્ધિ તથા ભવિષ્યવેત્તા જેવી અગમચેતી મેળવી હતી. સંસારના દૂરના પ્રદેશોમાં મેં મુસાફરી કરી છે તે ફક્ત ધાર્મિક વક્તવ્યો અથવા ઝળકતી જાહેરાતો સાંભળવા માટે નથી કરી. મારે વાસ્તવિકતાની જરૂર હતી, પછી તે વાસ્તવિકતાઓ ભલે ને વિચિત્ર અથવા અસામાન્ય સ્વરૂપની હોય અને મારે વિશ્વાસપાત્ર પુરાવાની જરૂર હતી. વધારે સ્પષ્ટ રીતે કહું તો કશુંક વ્યક્તિગત જોઈતું હતું. જેનું મૂલ્યાંકન કે જેની કસોટી કરીને હું પોતે સંતોષ મેળવું.

મારો સરસામાન બંધાઈ ગયો. મેં નીકળવાની તૈયારી કરી. મહેરબાબા પાસે જઈને મેં એમની વિનયપૂર્વક રજા માગી. એમણે જણાવ્યું કે થોડાક મહિનામાં જ એ નાશિક શહેરની નજીકના એમના મુખ્ય નિવાસસ્થાનમાં પહોંચી જશે. એમણે સૂચના કરી કે એમને ત્યાં મળીને મારે એમની પાસે એકાદ માસ વાસ કરવો.

'તમારી અનુકૂળતાએ ત્યાં જરૂર આવજો. હું તમને ઉચ્ચ-કોટિના આધ્યાત્મિક અનુભવો પૂરા પાડીશ અને મારે વિશેની સાચી હકીકત જાણવામાં મદદ કરીશ. તમને મારી અંદર રહેલી ઉત્તમ આધ્યાત્મિક શક્તિ કે સિદ્ધિઓનું દિગ્દર્શન કરાવીશ. એ પછી

તમારી બધી શંકા દૂર થશે. મારા દાવાને તમે તમારા પોતાના જ વ્યક્તિગત અનુભવોથી સાબિત કરી શકશો. પછી પશ્ચિમમાં જઈને મારે માટે ઘણા લોકોને મેળવી શકશો.'

મારી અનુકૂળતા મુજબ પાછા ફરીને એમની સાથે એક મહિનો રહેવાનો મેં નિર્ણય કર્યો. પારસી સંતપુરુષના નાટકીય અભિનયવાળા ચારિત્ર્યનો અને વિચિત્ર જેવા જીવનકાર્યનો પરિચય હોવા છતાં, આખીયે વસ્તુને ખુલ્લા મનથી તપાસી જોવાનો મેં નિશ્ચય કર્યો.

× × ×

મુંબઈના ધમાલિયા શહેરી જીવનમાં થોડા વખત માટે પાછા ફરીને મેં પૂનાની ગાડી પકડી. આ પ્રાચીન દેશનું મારું પરિભ્રમણ શરૂ થવાની તૈયારીમાં હતું.

મહેરબાબાના જીવનમાં પોતાના આકસ્મિક પ્રવેશથી વિકાસની નવી રેખા પેદા કરનારી પેલી મુસલમાન વૃદ્ધ પવિત્ર સ્ત્રીએ મારા રસને જાગ્રત કર્યો. મને થયું કે એની ટૂંકી મુલાકાત અનુચિત નહિ લેખાય. મુંબઈમાં મેં એ સ્ત્રી વિશે કેટલીક પ્રાથમિક માહિતી મેળવી લીધેલી. ત્યાં રહેતા અને એને છેલ્લાં પચાસ વરસથી ઓળખતા ભૂતપૂર્વ જજ ખંડાલાવાળા દ્વારા જાણવા મળ્યું કે એની ઉમર ખરેખર ૯૫ વરસ જેટલી છે. મને એ વાતનું સ્મરણ થયું કે મહેરબાબાના અનુયાયીઓએ એ ઉમર ૧૩૦ની બતાવેલી, પરંતુ એવું વિધાન ઉત્સાહના અતિરેકને લીધે અતિશયોક્તિના રૂપમાં જ કરવામાં આવેલું.

જજે એની કથા સંક્ષેપમાં કહી બતાવેલી. ભારત અને અફઘાનિસ્તાનની વચ્ચે આવેલા બલુચિસ્તાનની એ વતની હતી. નાની ઉમરમાં એણે ઘર છોડી દીધેલું. પગે ચાલીને લાંબાં તથા સાહસભરેલાં પરિભ્રમણો કરતાં કરતાં આ સૈકાની શરૂઆતમાં પૂના આવી પહોંચી અને એ પછી શહેર છોડીને ક્યાંય નથી ગઈ. પહેલાં તો

એણે એક લીમડાના વૃક્ષ નીચે રહેવાનું રાખ્યું. બધી ઋતુમાં એ ત્યાં જ પડી રહેતી. પવિત્રતા તથા અલૌકિક શક્તિઓના સંબંધમાં એની નામના નજીકના મુસલમાનોમાં ફરી વળી, અને પછી તો હિંદુઓ પણ એને પૂજ્યભાવથી જોવા લાગ્યા. પાકા મકાનમાં રહેવાની અનિચ્છાને લીધે કેટલાક મુસલમાનોએ આખરે એ જ વૃક્ષની નીચે એને માટે લાકડાનું આશ્રયસ્થાન તૈયાર કર્યું. એ એને માટે ઘરનું કામ કરતું અને ચોમાસાની અગવડતાઓ સામે થોડું ઘણું રક્ષણ પૂરું પાડતું.

જજને મેં એમનો અંગત અભિપ્રાય આપવા કહ્યું તો એમણે જણાવ્યું કે હઝરત બાબાજાન એક સાચી ફકીર છે એમાં શંકા નથી. જજ પારસી હોવાથી, એમના સુપરિચિત મહેરબાણા વિશે મેં કેટલીક માહિતી માગી. મને જે જાણવા મળ્યું તે પારસી પયગંબર પ્રત્યે વિશેષ પ્રેમ પેદા કરે તેવું ન હતું. મહેરબાણાના વર્તમાન પ્રેરણાદાતા ઉપાસની મહરાજ વિષે પણ છેલ્લેછેલ્લે મેં પૂછી જોયું. મને માહિતગાર કરનારા, ચતુર વિવેકી, સાંસારિક તથા આવા વિષયોના વિશાળ અનુભવવાળા વૃદ્ધ પુરુષે એમની સાથેના પોતાના કમનસીબ મેળાપની વિસ્તૃત વિગતો આપી. એનાં બે ઉદાહરણો આ રહ્યાં :

'ઉપાસનીએ ભયંકર ભૂલો કરી છે. એક વાર એમણે મને બનારસ જવા માટે લલચાવ્યો. એ વખતે એ ત્યાં રહેતા હતા, થોડાક વખત પછી, મને મૃત્યુનો સંકેત મળવાથી મારાં કુટુંબીઓ પાસે મેં પૂના જવાનો વિચાર કર્યો. ઉપાસનીએ બધું સારું થઈ જશે એવી ઉપરાઉપરી ભવિષ્યવાણી ભાખીને મને ત્યાં જતાં અટકાવ્યો. પરંતુ બે દિવસ પછી મને તાર મળ્યો કે મારી પુત્રવધૂને સંતાન થયેલું તથા તે થોડી જ મિનિટમાં મરણ પામ્યું. બીજી વખત બૉમ્બે સ્ટૉક એક્ષચેન્જમાં જવા માગતા મારા જમાઈને ઉપાસનીએ કહ્યું કે ત્યાં જવાનું એને માટે ખૂબ જ સૌભાગ્યશાળી થશે. એમની સલાહ મુજબ કરવાથી એ લગભગ બરબાદ બની ગયો!'

પોતાના સ્વતંત્ર દૃષ્ટિકોણને લીધે જજ ખંડાલાવાળા મારા પર છાપ પાડી શકયા. મહેરબાબાએ જેમને 'આ જમાનાની ઉત્તમ આધ્યાત્મિક વિભૂતિઓમાંની એક' તરીકે ઓળખાવેલા એ ઉપાસની મહારાજ પ્રત્યે એમણે અણગમો બતાવ્યો, પરંતુ સાથેસાથે કોઈ જનતના સંકોચ વિના એ પણ સ્વીકાર્યું કે મહેરબાબા પોતે પ્રામાણિક છે અને પોતાની આત્મિક ઉન્નતિમાં પણ વિશ્વાસ રાખે છે. અલબત્ત, એ ઉન્નતિની સાબિતી નથી મળી શકી.

પૂના પહોંચીને છાવણીની એક હોટલમાં ઉતારો કરીને મેં હઝરત બાબાજનના નિવાસ તરફ મોટર હંકારી મૂકી. મારી સાથે એ સ્ત્રોને વ્યક્તિગત રીતે જાણનાર ભોમિયાને લીધો જે મારા ભાંગ્યા-તૂટયા હિંદુસ્તાનીને સારી રીતે રજૂ કરી શકે.

વીજળીના દીવા તથા ઝાંખા નાના તેલના દીવાના વિચિત્ર, મિશ્રિત પ્રકાશવાળી એક સાંકડી શેરીમાં એનું દર્શન થયું. જતાં-આવતાં બરાબર જોઈ શકે એવી રીતે એક નીચી, લાંબી સુંવાળી પથારી પર એ સૂતી હતી. ઓસરીની વાડના સળિયા એને શેરીથી છૂટા પાડતા. લાકડાના આશ્રયસ્થાનની ઉપર લીમડાના વૃક્ષની ડાળીઓ દેખાતી. એનાં સફેદ ફૂલ હવાને જરાક ફોરમવંતી કરી દેતાં.

'તમારે બૂટ કાઢી નાખવા જોઈએ.' મારા ભોમિયાએ મને ચેતવણી આપી. 'અંદર પ્રવેશતી વખતે બૂટ પહેરી રાખવા એ અપમાનજનક ગણાય છે.'

મેં એની સૂચનાનો અમલ કર્યો અને એકાદ ક્ષણ બાદ અમે એ સ્ત્રીની પથારી પાસે આવીને ઊભા રહ્યા.

એ વૃદ્ધા સ્ત્રી ચત્તી સૂતી હતી. એના માથા નીચે ઓશીકાં પડયાં હતાં. એના ચળકતા રેશમી વાળની ધવલતા ભારે કરચલીવાળા વદન તથા તદ્દન નાના કપાળથી એકદમ જુદી જ તરી આવતી.

તાજેતરમાં શીખેલા હિંદુસ્તાનીના મારા નજીવા સંગ્રહમાંથી એકાદ વાકય બોલીને એ વૃદ્ધાને મેં મારી ઓળખાણ આપી. એણે

માથું ફેરવ્યું, માત્ર હાડકાં તથા ચામડીને આધારે જ ટકી રહ્યો હોય એવો હાથ ફેલાવ્યો, અને મારો હાથ હાથમાં લીધો. એણે એને મજબૂત રીતે પકડી રાખીને અલૌકિક આંખે મારી તરફ તાકીને જોવા માંડયું.

એ આંખ મારે માટે કોયડારૂપ બની ગઈ. એ એકદમ ખાલી તથા કાંઈ પણ ન સમજતી હોય તેવી લાગવા માંડી. ત્રણ કે ચાર મિનિટ સુધી તેણે શાંતિપૂર્વક મારો હાથ પકડી રાખ્યો અને મારી આંખમાં શૂન્યવત્ જોયા કર્યું. એની દૃષ્ટિ જાણે કે મારી અંદર ઊંડી ઊતરી ગઈ. એ લાગણી અત્યંત અનેરી હતી. મને સમજાયું નહિ કે મારે શું કરવું.....

આખરે પોતાનો હાથ પાછો ખેંચી લઈને કેટલાક વખત સુધી એણે કપાળ પર ફેરવ્યા કર્યો. પછી મારા ભોમિયા તરફ ફરીને એને એણે કાંઈક કહ્યું પરંતુ એ કથન ત્યાંની સ્થાનિક ભાષામાં હોવાથી હું એનો અર્થ ન સમજી શકયો.

એણે એનો અનુવાદ કરી બતાવ્યો :

'એને ભારતમાં બોલાવવામાં આવ્યો છે અને એની સમજ એને થોડા વખતમાં જ પડી જશે.'

થોડીક વાર અટકયા પછી એણે બીજું વાકય બોલો બતાવ્યું. એનો સ્વર અત્યંત ધીમો હતો. પરંતુ એનો અર્થ જાહેર કરવા કરતાં મારી સ્મૃતિમાં અકબંધ રહે એ જ બરાબર છે.

એનો સ્વર અતિશય ઝીણો હતો. એના શબ્દોનો ઉચ્ચાર ધીમેથી અને ખૂબ મુશ્કેલીથી થતો. આવી વયોવૃદ્ધ, નબળી, હાડકાંના માળખા જેવી આકૃતિમાં, આવી ખંડિત બાંધાની નબળી વ્યક્તિમાં, ચમત્કારિક શક્તિઓવાળો સાચા સંતનો આત્મા હોય એ શું સંભવિત છે ખરું ? એનો અંદાજ કોને આવી શકે ? શરીરના અક્ષરોના આધાર પર આત્માનાં પૃષ્ઠો વાંચવાનું સદાને માટે સારું-સહેલું નથી હોતું.

પરંતુ એ સ્ત્રીની ઉમર સોની નજીક હતી. મને ચેતવવામાં આવેલો કે એની દશા નબળી હોવાથી એની સાથે વધારે વાર્તાલાપની છૂટ નહિ આપી શકાય. એક વિચારે મને ભારે અસર કરવાથી મેં ધીરેથી બહાર નીકળવાની તૈયારી કરી. મને થયું કે એની ખાલી આંખ પરથી સૂચના મળે છે કે એ મૃત્યુની નજીક છે. જીર્ણ શરીરમાંથી મન બહાર નીકળતું પરંતુ વિચિત્ર લાગતી આંખ દ્વારા દુનિયાનો નજીવો અનુભવ કરવા માટે અવારનવાર પાછું ખેંચાઈ આવતું. (કેટલાક મહિના પછી મેં એની મુલાકાત લીધી. એનું મૃત્યુ નજદીક હોવાનો મારો ખ્યાલ સાચો પડયો. મારી મુલાકાત પછી તરત જ એનું મૃત્યુ થયું.)

હોટલમાં આવીને મેં મારા અનુભવોનું સરવૈયું કાઢયું. મારી ખાતરી થઈ કે એ સ્ત્રીના આત્માએ કોઈક ઊંડી આધ્યાત્મિક અવસ્થાની પ્રાપ્તિ કરી છે. મારા અંતરમાં એના પ્રત્યે આદરભાવ ઉત્પન્ન થયો. મને લાગ્યું કે એના સંસર્ગે મારા રોજિંદા વિચારપ્રવાહોને બદલી નાખ્યા છે, અને વૈજ્ઞાનિકોની આટલી બધી શોધો ને શંકાઓ પછી પણ જે રહસ્યમય તત્ત્વ આપણા પૃથ્વી પરના જીવનને વીંટી વળ્યું છે તે તત્ત્વની અવર્ણનીય ભાવના મારા મનમાં પેદા કરી. મને સ્પષ્ટ રીતે સમજાયું કે આ મહાન સમસ્યામય જગતમાં મૂળ રહસ્યોનો ઉકેલ કરવાનો દાવો કરનારા વૈજ્ઞાનિક લેખકો તો સપાટી પરની ઉપલક ખણખોદ કરવાનો જ ધંધો કર્યા કરે છે. છતાં પણ એ વાતની સમજ તો મને ન જ પડી કે એ સ્ત્રી ફકીરનો સાધારણ સંપર્ક મારા મનની કેટલીક મજબૂત માન્યતાઓના પાયા હલાવનારો કેવી રીતે થઈ શકયો.

એણે ભાખેલી સૂક્ષ્મ ભવિષ્યવાણી મારા મનમાં પુનરાવતાર પામી. એનો ભાવાર્થ મારાથી ના સમજી શકાયો. મને ભારતમાં કોઈએ પણ નથી બોલાવ્યો. મારા તરંગોથી પ્રેરાઈને હું પોતે જ સ્વતંત્ર રીતે નહોતો આવ્યો ? એ ઘટના પછી લાંબે વખતે, છેક આજે આ શબ્દો લખું છું ત્યારે માનું છું કે હું થોડુંથોડું સમજી શકું છું. મારા માનનીયો, એ દુનિયા ખરેખર અજબ છે !

૫

અડિયાર નદીના યોગીનો મેળાપ

હાથ વારંવાર મારા ઘડિયાળની આજુબાજુ ફરી વળતા હતા, કૅલેન્ડર પરથી અઠવાડિયાં વિદાય થતાં હતાં અને દક્ષિણના મેદાની પ્રદેશમાંથી પસાર થતો હું આગળ ને આગળ વધતો જતો હતો. કેટલાક નોંધપાત્ર સ્થળોની મુલાકાત મેં જરૂર લીધી. પરંતુ નોંધપાત્ર મનુષ્યો ઓછા મળ્યા. જેની મને માહિતી નહોતી, પણ જેનું હું અંધાનુકરણ કરી રહ્યો હતો, એવી કોઈ ગૂઢ બળવાન શક્તિ મને દોરતી હતી. એથી પ્રેરાઈને પ્રવાસીની પેઠે હું આગળ વધતો જતો હતો.

છેવટે મેં મદ્રાસની ગાડી પકડી. ત્યાં રોકાવાનો ને થોડો વખત સ્થિર થવાનો મને વિચાર આવ્યો. રાતની લાંબી મુસાફરી દરમિયાન ઊંઘવાનું કામ કઠિન લાગ્યું ત્યારે, મારા પશ્ચિમ ભારતના પ્રવાસને પરિણામે મને જે મોટા ફાયદા થયા હતા તેનો વિચાર મેં કરવા માંડ્યો.

મારે એટલું તો કબૂલ કરવું જ પડ્યું કે જેની શોધને લીધે થોડુંઘણું પણ ગૌરવ લઈ શકાય એવો એકે યોગી મને આજ સુધી નથી મળ્યો. કોઈક ઋષિના દર્શનનો વિચાર પણ મારા મનના ઊંડાણમાં જ રહી ગયો છે. બીજી બાજુએ, ભળતી માન્યતાઓ, વહેમો અને ગૂંગળાવનારી રૂઢિઓનું દર્શન મેં મોટા પ્રમાણમાં કર્યું હતું. એને લીધે મને લાગ્યું કે મુંબઈમાં કેટલીક વ્યક્તિઓને મળવાના

મળેલા અવસર દરમિયાન રજૂ કરાયેલી શંકાઓ તથા અપાયેલી ચેતવણીઓ યથાર્થ હતી. મને એવી પણ ખાતરી થઈ કે મેં ઉપાડેલા કામની પૂર્તિ મારે માટે મુશ્કેલ થઈ પડશે. સંત પુરુષો એમની બધી જ વિલિન્નતાઓમાં જોવા મળ્યા, પરંતુ એમને માટે પૂરેપૂરું આકર્ષણ ન થયું. અલૌકિક અંતર્ભાગોને લીધે કાંઈક વધારે બતાવવાની આશા આપતાં મંદિરોમાં પણ ફરી વળ્યો. પવિત્ર પ્રાંગણમાંથી પસાર થઈને ગર્ભદ્વાર આગળ પણ ઊભો રહ્યો. અંદર ડોકિયું કરીને, પોતાની પ્રાર્થનાઓ એમના ઇષ્ટ દેવતાને કાને સંભળાય એટલા માટે પ્રાર્થના કરતાં ઘંટ વગાડતા કટ્ટર ભક્તોનાંય દર્શન કર્યાં.

હું મદ્રાસ આવી પહોંચ્યો. એનો વિશાળ રંગીન દેખાવ મને ગમી ગયો. શહેરથી બે માઈલ જેટલે દૂર આવેલા સુંદર વિસ્તારમાં હું રહેવા માંડ્યો. જોથી અગ્રેજો કરતાં ભારતવાસીઓના સંપર્કમાં સહેલાઈથી આવી શકાય. મારું ઘર બ્રાહ્મણોની શેરીમાં હતું. રસ્તો ધૂળના જાડા થરથી ઢંકાયેલો હતો. એમાં મારા જોડા ડૂબી જતા. બાજુમાં પગદંડી કોરી કાઢેલી. વીસમી સદીના સુધારાના સ્પર્શથી બધું મુક્ત હતું. ધોળેલાં ઘરને થાંભલાવાળાં છાપરાનાં પ્રવેશદ્વાર તથા ખુલ્લાં આંગણાં હતાં. મારા ઘરની અંદરના ભાગમાં લાદીવાળો ચોક અને એની આજુબાજુ કઠેરો હતો. જૂના કૂવામાંથી પાણી ડોલ દ્વારા કાઢવું પડતું હતું.

એ વિસ્તારમાં આવેલી બેત્રણ શેરીઓને છોડીને દૂર જવાથી જે સુંદર દૃશ્યો જોવા મળતાં તે અનેરો આનંદ પૂરો પાડતાં. તપાસ કરતાં ખબર પડી કે અડિયાર નદી તો ફક્ત અડધા કલાકથી પણ ઓછા વખતમાં પગપાળા પહોંચી શકાય તેટલી નજીક છે. એની પાસે કેટલાંક છાયાવાળાં તાડનાં વૃક્ષો હતાં. તે ઘણું જ સુંદર દેખાતાં. હું મારો નવરાશનો વખત એમની વચ્ચે આંટાફેરા કરવામાં અથવા મંદ રીતે વહેતા પાણીને કાંઠે કાંઠે થોડાક માઈલ ચાલવામાં વ્યતીત કરતો.

શહેરની દક્ષિણ સીમા નક્કી કરનારી અડિયાર નદી મદ્રાસમાંથી વહીને સમુદ્રનાં ઉપર અને નીચે ઊછળતાં અનંત મોજાંમાં મળી

જતી. એક સવારે એ સુંદર જલપ્રવાહ પાસે મારી રસવૃત્તિ જાણનારા એક બ્રાહ્મણ સાથે હું ધીમે પગલે ચાલતો હતો. થોડાક વખત પછી એણે ઓચિંતો મારો હાથ પકડ્યો ને કહ્યું : ' જુઓ. આપણી તરફ આવી રહેલા પેલા યુવાનને જોઈ શકો છો ? એ યોગી તરીકે ઓળખાય છે. એ તમને રસ પૂરો પાડશે, પરંતુ અમારી સાથે તો એ કદીય વાત નથી કરતા.'

' કારણ ? '

' એમના નિવાસસ્થાનની મને ખબર છે. પણ આખાય વિસ્તારમાં એ સૌથી વધારે એકાંતિક સ્વભાવના માણસ છે '

એટલામાં તો પેલા અજાણ્યા પુરુષ અમારી પાસે આવી પહોંચ્યા. એમનું શરીર પહેલવાન જેવું હતું. એમની ઉંમર આશરે પાંત્રીસ જેટલી લાગી. કદ મધ્યમ કરતાં જરાક વધારે હતું. એમના હબસીને મળતા આવતા મુખને જોઈ મને અત્યંત આશ્ચર્ય થયું. કાળી મેશ જેવી ચામડી, પહોળું સપાટ નાક, જાડા હોઠ અને માંસલ કાયા પરથી જણાતું કે એમનું લોહી અનાર્ય છે. એમના લાંબા સારી રીતે ઓળેલા વાળ મસ્તકની આજુબાજુ એકઠા થયા હતા. એમણે એક વિશિષ્ટ પ્રકારનું એરિંગ પહેર્યું હતું. શરીરે વીંટેલી સફેદ શાલ એમના ડાબા ખભાની ઉપર પથરાયેલી હતી. પગ ખુલ્લા હતા તથા એમના પર કોઈ કપડું પણ નહોતું વીંટેલું.

અમારા તરફ જરીક પણ ધ્યાન આપ્યા વિના એ ધીમે પગલે આગળ ચાલ્યા. ધરતીમાં કશુંક ઢૂંઢવા માગતી હોય એવી રીતે એમની આંખ નીચે નમેલી હતી. એવું લાગતું કે એ આંખની પાછળનું મન કોઈક વિષયનો ઊંડો વિચાર કરી રહ્યું છે. મને થયું કે ચાલતાં ચાલતાં એ શેનું ધ્યાન ધરી રહ્યા હશે ?

એમને જોઈને મારી જિજ્ઞાસા તથા રસવૃત્તિ વધી પડ્યાં. અમને અલગ કરનારી વાડને તોડી નાખવાની ઉત્કટ ઇચ્છાએ મારા પર કાબૂ મેળવ્યો.

'મારે એમની સાથે વાત કરવી છે. આપણે પાછા ફરીએ.' મેં સૂચવ્યું.

બ્રાહ્મણે સખ્ત વિરોધ કર્યો.

'એનો કંઈ અર્થ નથી.'

'હું કોશિશ તો કરી જોઉં.' મેં ઉત્તર આપ્યો.

બ્રાહ્મણે મને ફરી વાર સમજાવવાનો પ્રયાસ કર્યો.

'એમની પાસે પહોંચવાનું એટલું બધું અઘરું છે કે અમે એમને વિશે ભાગ્યે જ કશું જાણી શક્યા છીએ. પોતાના પડોશીઓથી પણ એ અલગ રહે છે. આપણે એમની વૃત્તિમાં વિક્ષેપરૂપ ન થવું જોઈએ.'

છતાં મેં એ નામી યોગીની દિશામાં ચાલવા માંડ્યું. એટલે મારા સાથીદાર માટે મારું અનુકરણ કરવા સિવાય બીજો કોઈ રસ્તો ન રહ્યો.

અમે એ યોગીની પાસે જઈ પહોંચ્યા. અમારી હાજરીની જરા પણ જાણ ન હોય તેમ એ ધીમે પગલે આગળ વધતા ગયા. અમે પણ એમની પાછળ પાછળ ચાલવા માંડ્યું.

'હું તેમની સાથે વાતચીત કરી શકું કે કેમ તે જરા પૂછી જુઓ' મેં મારા સાથીદારને કહ્યું. એ અટક્યા અને પછી માથું હલાવીને ધીમે સ્વરે બોલ્યા : 'ના. મારાથી એવું નહિ પુછાય.'

એક કીમતી સમાગમને ખોઈ બેસવાની દુઃખદ શક્યતાએ મને વધારે પ્રયત્ન કરવા પ્રેરિત કર્યો. યોગીને મારે પોતે જ બોલાવવા એ સિવાય બીજો કોઈ વિકલ્પ નહોતો. હિંદુ અથવા અંગ્રેજ તરીકેની બધી જ રીતભાત કોરે રાખીને હું એમના માર્ગમાં એમની આગળ ઊભો રહ્યો. હિંદીના નાના ભંડારમાંથી મેં એક ટૂંકું વાક્ય બોલી બતાવ્યું. એમણે ઉપર જોયું. એમના મોઢા પર સ્મિતની રેખા ફરી વળી, પરંતુ મસ્તકની મદદથી એમણે નકારાત્મક સંકેત કર્યો.

એ વખતે મદ્રાસની લોકભાષા તામિલનો એક જ શબ્દ હું જાણતો હતો, અને યોગીને અંગ્રેજીનું એથીય ઓછું જ્ઞાન હતું એમાં શંકા નહોતી. દક્ષિણમાં બહુ ઓછા લોકો હિંદીનું જ્ઞાન ધરાવે છે એની મને માહિતી નહોતી. સદ્‌ભાગ્યે બ્રાહ્મણને લાગ્યું કે એ દશામાં મને એકલો ન મૂકવો જોઈએ; એટલે એ મારી મદદે આવ્યા.

એમણે ઉતાવળા, ક્ષમા માગતા સ્વરમાં તામિલમાં કાંઈક કહેવા માંડયું.

યોગીએ ઉત્તર ના આપ્યો. એમની મુખાકૃતિ ગંભીર થઈ, આંખ શુષ્ક તથા પ્રતિકૂળ બની ગઈ.

બ્રાહ્મણે મુશ્કેલીમાં મુકાયા હોય તેમ મારી તરફ જોવા માંડયું. લાંબા સમય સુધી શાંતિ રહી. બંનેમાંથી કોઈને ન સમજાયું કે શું કરવું ! મને સખેદ સમજાયું કે યોગીઓને બોલતા કરવાનું કામ કેટલું બધું કપરું છે. એમની મુલાકાત લેવામાં આવે તે એમને નથી ગમતું અને પોતાના અંગત અનુભવો વિશે બીજાની સાથે વાત કરવાનું પણ તેમને પસંદ નથી પડતું. યોગ સંબંધી સહાનુભૂતિ કે સમજ ન ધરાવનારા ટોપાવાળા અંગ્રેજ માટે પોતાની ઊંડી શાંતિનો ભંગ કરવાનું કોઈ કહે તો તે તેમને નથી ગમતું.

એ લાગણીની સાથે એક બીજી લાગણી પણ ઉત્પન્ન થઈ. મેં આશ્ચર્યવશ થઈને અનુભવ્યું કે યોગી મારું બારીક નિરીક્ષણ કરી રહ્યા છે. મારા પર એવી છાપ પડી કે મારી અંદરના વિચારોને એ માનસિક રીતે તપાસી રહ્યા છે. છતાં, બહારથી જોતાં એ અલિપ્ત અને ઉદાસીન દેખાતા. એ બાબતમાં મારી ભૂલ તો નહોતી થતી ને ?

પરંતુ હું કોઈ સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાતો માનવપદાર્થ બની ગયો છું એવી વિચિત્ર લાગણીમાંથી મુક્તિ તો ન જ મેળવી શકાઈ.

બ્રાહ્મણે નિરુત્સાહ બનીને મને વિદાય થવાની સૂચના કરી. એકાદ મિનિટમાં જ એમના શાંત આગ્રહને વશ થઈને પરાજિત બનીને હું પાછો વળ્યો હોત, પરંતુ ત્યાં તો યોગીએ અચાનક

હાથનો સંકેત કર્યો. એ અમને પાસેના ઊંચા તાડવૃક્ષ પાસે લઈ ગયા અને એમણે અમને પોતાની સામે બેસવાનો શાંત સંકેત કર્યો. પછી એ પોતે પણ જમીન પર બેસી ગયા.

એમણે બ્રાહ્મણની સાથે તામિલ ભાષામાં થોડીક વાત કરી. મેં જોયું કે એમનામાં ખાસ પ્રભાવ પાડવાની શક્તિ છે અને એમનો વ્યવહાર લગભગ સંગીતમય છે.

'યોગી તમારી સાથે વાત કરવાની તૈયારી બતાવે છે.' મારા સાથીદારે મને સમજાવ્યું, અને પછી પોતાના તરફથી કહી બતાવ્યું કે યોગીએ નદીના વણખેડાયેલા ભાગ પરથી કેટલાંય વરસો સુધી મુસાફરી કરી છે.

સૌથી પહેલાં તો મેં યોગીનું નામ પૂછ્યું. એના જવાબમાં મને નામોની એવી તો લાંબી હારમાળા કહેવામાં આવી કે એમને હું તરત જ નવે નામે ઓળખતો થયો. મને ખબર પડી કે એમનું પહેલું નામ 'બ્રહ્મસુગાનંદા' હતું, બીજાં ચાર એવાં જ લાંબાં કે એથી પણ લાંબાં નામ એમણે ધારણ કરેલાં, અને એમને બ્રહ્મને નામે ઓળખવાનું જ વધારે સારું હતું. એમનું દરેક નામ એટલા બધા અક્ષરોનું બનેલું હતું કે જો પાંચે નામને લખવા બેસું તો એમના શબ્દોથી કાગળનો કેટલોય ભાગ ભરાઈ જાય. એ યુવાન યોગીની નામાવલિ મારા પર પ્રભાવ પાડનારી અને મને મૂંઝવણમાં મૂકનારી સાબિત થઈ એટલે એ નામોની જાહેરાત જરૂરી નથી લાગતી. અપરિચિત વાચકોની સરળતા ખાતર એમનો ઉલ્લેખ બ્રહ્મને નામે જ કરતો રહીશ. વાતચીત દરમિયાન મેં એમને માટે એ ટૂંકું નામ જ નક્કી કરેલું.

'એમને જણાવો કે મને યોગમાં રસ છે અને હું એ વિશે કાંઈક જાણવા માગું છું.' મેં કહ્યું.

એ વાક્યનો અનુવાદ સાંભળીને યોગીએ માથું હલાવ્યું.

'હા. મને તેની ખબર છે.' એમણે સ્મિતપૂર્વક ઉત્તર આપ્યો: 'સાહેબને ઇચ્છાનુસાર પ્રશ્નો પૂછવા દો.'

'તમે કઈ યોગપદ્ધતિનો અભ્યાસ કરો છો?'

'મારી પદ્ધતિ શરીરસંયમની છે. બધી જાતના યોગોમાં એ સૌથી કઠિન છે. શરીર તથા પ્રાણની સામે જક્કો ખચ્ચરની સાથે લડતા હોઈએ તેમ લડવું જોઈએ, તેમ જ તેમને જીતવાં જોઈએ. એ પછી જ્ઞાનતંતુઓ તથા મન પર સહેલાઈથી સંયમ સાધી શકાય છે.'

'એથી શો લાભ થઈ શકે?'

બ્રહ્મે નદી તરફ દૃષ્ટિ સ્થિર કરી.

'શરીરનું આરોગ્ય, મજબૂત ઇચ્છાશક્તિ, અને દીર્ઘ જીવન એ એના થોડાક લાભ છે.' એમણે કહેવા માંડયું: 'હું જેનો આધાર લઉં છું એ અભ્યાસમાં સિદ્ધહસ્ત બનનારા યોગીની માંસ-પેશીઓ લોખંડી બની જાય છે. કોઈ પણ પ્રકારની પીડાથી એ ચલિત નથી થતો. હું એક એવા પુરુષને જાણું છું જેમની ઉપર ડોક્ટર દ્વારા ઑપરેશન કરવાનું હતું. એમને બેભાન બનાવવા કોઈ દવા નહોતી આપવામાં આવી. તોપણ એમણે એ કોઈ પણ પ્રકારના બડબડાટ વગર સહન કર્યું. એવા પુરુષો કોઈ જાતનું બાહ્ય રક્ષણ ન હોય તોપણ, કોઈ પણ પ્રકારની તકલીફ સિવાય ભયંકર ઠંડી પણ સહી શકે છે.'

મેં નોટબુક કાઢી; કારણ કે મને લાગ્યું કે અમારો વાર્તાલાપ મારા ધાર્યા કરતાં વધારે રસમય બને તેવો હતો. મારી મિતાક્ષરી નોંધ જોઈને બ્રહ્મે ફરી વાર સ્મિત કર્યું, પરંતુ એનો વિરોધ ન કર્યો.

'તમારી યોગપદ્ધતિ વિશે વધારે કહો તો સારું.' મેં માગણી કરી.

'મારા ગુરુદેવે બરફથી ઢંકાયેલી હિમાલયની વિશાળ પર્વત-માળામાં ફક્ત તજના જેવા રંગનો ઝભ્ભો પહેરીને વાસ કરેલો. પાણી તરત જ થીજી જાય એવા ઠંડા સ્થાનમાં એ કલાકો સુધી બેસી શકે છે. છતાં તેમને કશી તકલીફ નથી પડતી. અમારા યોગમાં એવી શક્તિ છે.'

'ત્યારે તો તમે શિષ્ય છો!'

'હા. હજુ તો મારે ઘણી ટેકરીઓ પર ચડવાનું બાકી છે. અમારી યોગક્રિયાના રોજના અભ્યાસ પાછળ મેં સતત બાર વરસ પસાર કર્યાં છે.'

'એને પરિણામે તમે અસાધારણ શક્તિઓ મેળવી છે?'

બ્રહ્મે માથું હલાવ્યું, પણ ગાઢ મૌન રાખ્યું.

એ વિચિત્ર લાગતા યુવાન યોગીએ મને વધારે ને વધારે આકર્ષ્યો. 'તમે યોગી કેવી રીતે બન્યા તે પૂછી શકું છું?' મેં કાંઈક અનિશ્ચયાત્મક સ્વરે પૂછી જોયું.

પહેલાં તો એનો ઉત્તર ન મળ્યો. અમે ત્રણે તાડવૃક્ષની નીચે બેસી રહ્યા. નદીને સામે કિનારેથી નાળિયેરીનાં વૃક્ષોમાં ફરનારા કાગડાના કર્કશ શબ્દો સંભળાયા કરતા હતા. એમની સાથે વૃક્ષો પર કૂદતા વાંદરાના અવાજ ભળી જતા હતા. કિનારા પરના પાણીના મલિન છાંટા પણ ઊડયા કરતા હતા.

'ખુશીથી.' બ્રહ્મે એકાએક ઉત્તર આપ્યો. મને લાગ્યું કે મારા પ્રશ્નોની પાછળ સામાન્ય કુતૂહલ કરતાં કશુંક વધારે છે તેની તેમને ખાતરી થઈ છે. હાથને શાલની પાછળ રાખી, નદીના દૂરના તટ પરના કોઈ પદાર્થ તરફ દૃષ્ટિને સ્થિર કરીને, તે બોલ્યા:

'બાળક તરીકે મારો સ્વભાવ શાંત અને એકાકી હતો. બાળકોની સામાન્ય ટેવોમાં મને કોઈ જાતનો આનંદ આવતો નહિ. બીજાની સાથે રમવા કરતાં ખેતરો કે વાડીઓમાં ફરતા રહેવાનું વધારે ગમતું. મારા જેવા વિચારશીલ બાળકને બહુ ઓછા લોકો સમજી શકતા, અને એ વખતના જીવનમાં હું સુખી હતો એમ નહિ કહી શકું. બારેક વરસની ઉંમરે, એકાએક અવસર મળતાં, મને મોટા માણસોની વાતો સાંભળવા મળી અને એ વાતો પરથી જ યોગનું અસ્તિત્વ છે એ વાત હું સમજી શક્યો. એ ઘટનાએ મારામાં યોગ વિશે વધારે જાણવાની ઇચ્છા પેદા કરી. ફેટલાક

માણસોને મળીને એની માહિતી મેળવવાનો મેં પ્રયત્ન કર્યો, અને તામિલ ભાષાનાં, યોગીઓ વિશેની રસપ્રદ સામગ્રી પૂરી પાડનારાં પુસ્તકો પણ મેળવ્યાં. રણુપ્રદેશમાંથી પસાર થતા ઘોડેસવારને તરસ લાગે તેવી જ રીતે મારા મનમાં એમના સંબંધી વિશેષ માહિતી મેળવવાની તરસ લાગી. પરંતુ હું એવી અવસ્થા પર પહોંચ્યો કે જ્યારે વધારે જાણવાનું અશક્ય થઈ પડયું. એક દિવસ મારાં પુસ્તકોનું એક વાક્ય મેં ફરી વાંચ્યું : 'યોગમાર્ગમાં સફળતા મેળવવા માણસે ગુરુ કરવા જોઈએ.' એ શબ્દોની અસર મારા પર ઘણી ભારે થઈ. મને થયું કે ઘર છોડીને પ્રવાસ કરવાથી જ ગુરુની પ્રાપ્તિ થઈ શકશે. મારાં માતાપિતાએ એની રજા ન આપી. બીજું શું કરવું એની સમજ ન પડવાથી, મેં જેની થોડીક માહિતી મેળવેલી તે પ્રાણાયામની ક્રિયાઓ મેં છૂપી રીતે કરવા માંડી. એ અભ્યાસથી મને લાભ ન થયો, ઊલટું નુકસાન થયું તે નફામાં. નિષ્ણાત ગુરુના માર્ગદર્શન વિના એ ક્રિયાઓ ન કરવી જોઈએ તે હું ન સમજી શક્યો; પરંતુ મારી આતુરતા એવી હતી કે ગુરુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી હું રાહ જોઈ શકું જ નહિ. પ્રાણાયામની એ પ્રારંભિક ક્રિયાઓની અસર થોડા જ વખતમાં દેખાવા માંડી. મારા માથાની ઉપરના ભાગમાં એક નાનીસરખી ચિરાડ દેખાઈ. ખોપરી એની નબળી જગ્યાએથી ફાટી ગઈ છે એવું જોઈ શકાયું. એમાંથી લોહીની ધારા વહેવા માંડી અને મારું શરીર ઠંડુંગાર તથા જડ બની ગયું. મને લાગ્યું કે હવે મરી જવાશે. બે કલાક પછી મારી અંતરઆંખ આગળ એક અલૌકિક દૃશ્ય દેખાયું. મેં એક મહાન યોગીની આકૃતિ જોઈ. એ યોગીપુરુષે મને કહ્યું : 'પ્રાણાયામની ગુપ્ત સાધનાદ્વારા કેવી ભયંકર દશાએ પહોંચી જવાયું તે જોયું ને ? આમાંથી તારે સખત બોધપાઠ લેવાનો છે.' એટલું કહીને યોગી અદૃશ્ય થઈ ગયા. પરંતુ એ પ્રસંગ પછી મારી દશા સુધરવા માંડી અને છેવટે હું સંપૂર્ણ સાજો થઈ ગયો. જો કે માથામાં હજુ ચાહું તો રહી જ ગયું છે.'

બ્રહ્મે નીચે નમીને પોતાનું માથું બતાવ્યું. એની ઉપરના ભાગમાં એક નાનું ગોળ ચાકું જોઈ શકાયું.

'એ દુઃખદ અનુભવ પછી મેં પ્રાણાયામની ક્રિયાને મૂકી દીધી અને ઘરનાં બંધનો ઢીલાં થતાં સુધી થોડાં વરસો રાહ જોઈ.' એમણે કહેવા માંડયું : 'મને જ્યારે છૂટવાની તક મળી ત્યારે ઘરનો ત્યાગ કરીને હું ગુરુની શોધમાં નીકળી પડયો. મને થયું કે ગુરુની પસંદગી કરવા થોડોક વખત એમની સાથે રહેવું જોઈએ. મને કેટલાક ગુરુ મળ્યા પણ ખરા, અને મારો સમય થોડોક વખત એમની સાથે રહેવામાં અને નિરાશ થઈને ઘેર પાછા ફરવામાં પસાર થયો. તેમનામાંના કેટલાક તો મઠના મહંતો હતા. બીજા કેટલાક ધાર્મિક સંસ્થાઓના આચાર્યો હતા. પરંતુ એમનામાંથી કોઈ પણ મને સંતોષી ન શકયા. એમણે તત્ત્વજ્ઞાનની ઘણી વાતો કહી બતાવી, પરંતુ એમના પોતાના અનુભવમાંથી મને કશું જ ન મળ્યું. એમનામાંના મોટા ભાગના માણસો તો કોઈ જાતનું વ્યવહારુ માર્ગદર્શન કરવાને બદલે પુસ્તકની વાતોનું જ પારાયણ કર્યા કરતા. મારે પુસ્તકના સિદ્ધાંતોની નહિ પણ યોગના પ્રત્યક્ષ અનુભવની આવશ્યકતા હતી. એવી રીતે મેં દસેક ગુરુની મુલાકાત લીધી છતાં એમનામાંથી એકે યોગનો સાચો ગુરુ ન જણાયો. તોપણ હું હતાશ તો ન જ થયો. મારી યૌવનસહજ જિજ્ઞાસાએ જોર પકડયું, કારણ કે મારા સ્વભાવ પ્રમાણે નિષ્ફળતા મારા સફળતા માટેના નિશ્ચયબળને વધારનારી સાબિત થાય છે.

'હવે હું મોટો થયો. મારા બાપદાદાના ઘરનો અને દુન્યવી જીવનનો કાયમ માટે ત્યાગ કરીને સાચા ગુરુ માટે આજીવન શોધ કરવાનો મેં નિર્ણય કર્યો. એ પછી હું ઘેરથી અગિયારમા પરિભ્રમણે કે પ્રવાસે નીકળી પડયો. આમતેમ ફરતો ફરતો છેવટે હું તાંજોર જિલ્લાના એક મોટા ગામમાં આવી પહોંચ્યો. સવારના સ્નાન માટે નદીએ જઈને પાછળથી હું નદીના તટ પર ચાલવા માંડયો. થોડા વખતમાં તો રાતા પથ્થરનું એક નાનકડું મંદિર દેખાયું. એમાં દૃષ્ટિપાત કરતાં જ મને નવાઈ લાગી. એક નગ્ન જેવા માણસની

આજુબાજુ કેટલાક લોકો વર્તુળાકારે બેઠા હતા. સાચું કહું તો એ માણસે કમર પર એક નાનોસરખો ટુકડો જ વીંટ્યો હતો. લોકો એની તરફ પૂજ્યભાવે જોયા કરતા. સૌની મધ્યમાં બેઠેલા એ માણસની મુખાકૃતિમાં કશુંક માન પેદા કરે તેવું, ગૌરવભર્યું ને રહસ્યમય હતું. એથી પ્રભાવિત ને મુગ્ધ બનીને હું પ્રવેશદ્વાર પાસે ઊભો રહ્યો. મને જાણી લેતાં વાર ન લાગી કે એ નાનકડી સભાને કોઈ જાતનો ઉપદેશ અપાઈ રહ્યો છે અને સૌથી વચ્ચે બેઠેલો માણસ કેવળ પોથીપંડિત નથી; પરંતુ એક સાચો યોગી અને આદર્શ ગુરુ છે. એવી લાગણી શા માટે થઈ તેનો ખુલાસો મારાથી કરી શકાય તેમ નથી.

'એટલામાં તો અચાનક એ પુરુષે પોતાનું મુખ બારણા તરફ ફેરવ્યું અને અમારી આંખ એક થઈ. મારા આત્માના ભાવને અનુસરીને મેં મંદિરમાં પ્રવેશ કર્યો. એ પુરુષે મારો સ્નેહથી સત્કાર કરી, મને નીચે બેસવાની આજ્ઞા કરીને કહેવા માંડ્યું : 'છ મહિના પહેલાં તને શિષ્ય તરીકે સ્વીકારવાની મને સૂચના મળેલી. હવે તું આવી પહોંચ્યો.' મને સાનંદ આશ્ચર્ય સાથે યાદ આવ્યું કે મારો અગિયારમો પ્રવાસ શરૂ કરવા માટે મેં બરાબર છ મહિનાથી જ ઘર છોડેલું. ગમે તેમ પણ એવી રીતે મને મારા ગુરુની પ્રાપ્તિ થઈ. એ પછી એ જ્યાં જ્યાં ફર્યા ત્યાં હું એમની સાથે જ રહ્યો. કોઈક વાર એ શહેરોમાં જતા તો કોઈ વાર એકાંત અરણ્ય કે નિર્જન જંગલોમાં જતા. એમની મદદથી મેં યોગમાર્ગનો સારો અભ્યાસ કર્યો અને છેવટે સંતોષ પણ મેળવ્યો. મારા ગુરુનો માર્ગ શરીરસંયમનો હોવા છતાં એ એક મહાન અનુભવસંપન્ન યોગી હતા. યોગની પદ્ધતિઓ જુદીજુદી છે. એમની પ્રક્રિયાઓ અને રીતો એકમેકથી જુદી પડે છે. મને જે પદ્ધતિનું શિક્ષણ આપવામાં આવ્યું છે તે પદ્ધતિમાં મનને બદલે શરીરથી શરૂઆત કરવાની હોય છે. પ્રાણનો કાબૂ કરવાની વિદ્યા પણ મને શીખવવામાં આવી છે. યોગની એક શક્તિની પ્રાપ્તિ કરવા એક વાર મારે ચાલીસ દિવસના ઉપવાસ કરવા પડેલા.

'તમે કલ્પના કરી શકશો કે તે દિવસે મને કેટલું બધું આશ્ચર્ય થયું હશે, જ્યારે ગુરુએ મને બોલાવીને કહ્યું કે 'સંસારના સંપૂર્ણ ત્યાગનો સમય હજુ તારા જીવનમાં નથી આવ્યો. એટલા માટે ઘેર જઈને સામાન્ય જીવન જીવવાની શરૂઆત કર. તારું લગ્ન થશે અને તારે એક સંતાન પણ થશે. ઓગણચાળીસમે વરસે તને કેટલાક સંકેતો મળશે. એ પછી તને સંસારનો ત્યાગ કરવાની સ્વતંત્રતા રહેશે. પછી વનમાં જઈને એકાંતમાં ધ્યાન કરીને યોગી દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય ધ્યેયની પ્રાપ્તિ કરીશ. હું તારી રાહ જોઈશ અને તું મારી પાસે પાછો આવી જઈશ.'

'એમની આજ્ઞા પ્રમાણે હું મારા જન્મસ્થાનમાં પાછો ફર્યો. થોડા વખતમાં એક વિશ્વાસુ પ્રેમી સ્ત્રી સાથે મારું લગ્ન થયું. એનાથી મને મારા ગુરુએ ભવિષ્ય ભાખ્યા પ્રમાણે બરાબર એક જ સંતાન થયું. એ પછી થોડે વખતે મારી પત્ની મૃત્યુ પામી. મારાં મા-બાપ પણ મૃત્યુ પામ્યાં હોવાથી, મને બાળપણથી જાણતી, મારા ગામની એક વિધવા સાથે અહીં આવીને રહેવા લાગ્યો. એ મારી બધી રીતે સંભાળ રાખે છે, અને ઉંમરની સાથે એનું ડહાપણ વધ્યું હોવાથી, યોગમાં સૂચવ્યા મુજબનો એકાંતવાસ કરવામાં એ મને મદદરૂપ થાય છે.'

બ્રહ્મે બોલવાનું બંધ કર્યું. એમના ખુલાસાથી હું એટલો બધો પ્રભાવિત થયો કે મારી જીભ શાંત થઈ ગઈ. બેત્રણ મિનિટની સંપૂર્ણ શાંતિ પછી યોગીએ ઊભા થઈને પોતાનું મોઢું ઘર તરફ ફેરવીને ધીરેથી ચાલવા માંડ્યું. પેલા બ્રાહ્મણે તથા મેં એમનું અનુકરણ કરવા માંડ્યું.

સુંદર તાડવૃક્ષોના સમૂહમાંથી અમારો રસ્તો આગળ વધતો'તો. તેજસ્વી સૂર્યપ્રકાશથી નદી પ્રકાશી ઊઠેલી. એને કિનારે ફરતાં ફરતાં અમારો કલાકેક જેટલો વખત પસાર થઈ ગયો. થોડા વખતમાં તો અમે માણસોની વસતિમાં આવી પહોંચ્યા. માછીમારો પ્રાચીન

પદ્ધતિ પ્રમાણે કામ કરવા પાણીમાં ચાલતા હતા. નાવડીમાં બેસીને કે કિનારે રહીને માછલાં પકડવાને બદલે જાળ તથા ટોપલા લઈ એ કમરબૂડ પાણીમાં ઊભા રહેતા.

સુંદર પીંછાંવાળાં પંખી નદી તરફ ઊડ્યા કરતાં એથી તો આખોય દેખાવ વધારે સુંદરતા ધારણ કરતો. દરિયાની દિશામાંથી અમારી તરફ વાતા મંદમંદ ખુશનુમા પવનને લીધે વાતાવરણ થોડું ક સુગંધીદાર લાગતું. એટલામાં તો રસ્તો આવી પહોંચ્યો ને નદીનો ત્યાગ કરતાં મને ખેદ થયો. ધીમે સ્વરે બોલતું કુક્કરનું ટોળું અમારી પાસેથી પસાર થયું. એમને હાંકનારી પછાત કોમની ભૂરા રંગવાળી સ્ત્રી એમના પર વાંસની લાકડીના પ્રહાર કર્યા કરતી.

બ્રહ્મે અમારી તરફ ફરીને આખરે અમારી વિદાય લીધી. મેં એમને ફરીથી મળવાની ઇચ્છા બતાવી. એમણે એ ઇચ્છાનો સ્વીકાર કર્યો. એ પછી મેં વધારે સાહસ કરીને પૂછી જોયું કે તે પોતે મારે ત્યાં પધારવાની કૃપા કરશે કે કેમ ! મારા બ્રાહ્મણ સાથીદારના ઊંડા આશ્ચર્ય વચ્ચે યોગીએ સાંજના મને મળવા માટે આવવાની સત્વર હા પાડી.

અંધારું થવા આવ્યું એટલે બ્રહ્મના આગમનની હું આતુરતાપૂર્વક રાહ જોવા માંડ્યો. મારા મનમાં ભાતભાતના પ્રશ્નો ઘોળાવા લાગ્યા. એમની ટૂંકી આત્મકથા મને ભારે રહસ્યમય લાગેલી અને એમના વિચિત્ર વ્યવહારે મને નવાઈ પમાડેલી.

નોકરે એમના આવવાની ખબર આપી એટલે એમના સ્વાગતમાં ઓસરીમાંથી થોડાં પગથિયાં ઊતરી, બે હાથ જોડીને હું સામે ગયો. મેં થોડા જ વખતમાં શીખી લીધેલી હિંદુ સ્વાગતની એ સામાન્ય વિધિ પશ્ચિમના લોકોને જરા વિચિત્ર લાગશે. એ વિધિ સૂચવે છે કે મારો અને તમારો આત્મા એક જ છે. એ વિધિ હસ્તધૂનનનો ભારતીય વિકલ્પ હોવા છતાં. કોઈ અંગ્રેજ એ વિધિ કરી બતાવે છે ત્યારે એ ઘટના વિરલ હોવાથી, ભારતવાસીઓને

બહુ જ આનંદ આપે છે. મને સૌ કોઈ મિત્રભાવે સ્વીકારે એવી મારી ઇચ્છા રહે છે એટલે મારી જાણ પ્રમાણેના ભારતીય રીત-રિવાજોને માન આપવાનો કે પાળવાનો હું પ્રયાસ કરું છું. એનો અર્થ એવો નથી કે હું કોઈ બીજા દેશનો થવા માગું છું : એવી ઇચ્છા હું નથી રાખતો, પરંતુ બીજાની પાસેથી જેવા વર્તનની મારી અપેક્ષા છે તેવું વર્તન બીજા પ્રત્યે રાખવાની પણ હું મારી ફરજ સમજું છું.

બ્રહ્મ મારી સાથે મોટા ઓરડામાં આવી પહોંચ્યા અને જમીન પર વિના વિલંબે પલાંઠી વાળીને બેસી ગયા.

'તમે આ ઊંચી બેઠક પર ન બેસો ?' મેં એમને દુભાષિયા દ્વારા પ્રશ્ન કર્યો : 'એ સરસ ગાદીવાળી તથા અત્યંત આરામદાયક છે.' પરંતુ એમને તો સખત જમીન જ વધારે પસંદ પડી. હિંદુસ્તાનનાં ઘરોની જમીનો લાકડાંથી નહિ પરંતુ લાદી-ઓથી જડેલી હોય છે.

એમની મુલાકાત બદલ મારી કૃતજ્ઞતા પ્રકટ કરીને એમની આગળ મેં ભોજન મૂકયું. એને એમણે શાંતિથી આરોગવા માંડયું.

ભોજનવિધિ પૂરી થયા પછી મને લાગ્યું કે મારે વિશે અથવા તો એમના જીવનમાં થયેલા મારા આકસ્મિક પ્રવેશ વિશે એમને કાંઈ કહી બતાવું તો સારું. એટલા માટે મને ભારતમાં લઈ આવનારાં પરિબળોનો મેં એમને ટૂંકમાં ખ્યાલ આપ્યો. એને અંતે અત્યાર સુધી એકલતાના કિલ્લામાં છુપાઈ રહેલા બ્રહ્મ એમાંથી બહાર આવીને મારા ખભા પર મૈત્રીભાવે હાથ મૂકયો, ને કહ્યું :

'પશ્ચિમમાં તમારા જેવા મનુષ્યો વસે છે એ જાણીને આનંદ થાય છે. તમારી યાત્રા નકામી નથી ગઈ. કારણ કે તમને ઘણુંઘણું જાણવાનું મળશે. જે દિવસે પ્રારબ્ધે આપણને એક જ જગ્યાએ ભેગા કરી દીધા એ દિવસ મારે માટે સાચેસાચા સુખનો દિવસ

છે. તમારે જે પૂછવું હોય તે ખુશીથી પૂછો. મારી પ્રતિજ્ઞાની મર્યાદામાં રહીને તેના જવાબ હું જરૂર આપીશ.'

મને થયું કે મારું ભાગ્ય ખરેખર છે તો સારું. મેં એમની યોગપદ્ધતિ, એના ઇતિહાસ અને ધ્યેય વિશે માહિતી માગી.

મેં જેનો અભ્યાસ કર્યો છે તે શરીરસંયમની સાધના કેટલી બધી જૂની છે તે કોણ કહી શકે? અમારા ગુપ્ત શાસ્ત્રગ્રંથો પરથી જાણી શકાય છે કે ભગવાન શંકરે ઘેરંડ મુનિને એનો ઉપદેશ આપેલો. ઘેરંડ મુનિ પાસેથી એનો ઉપદેશ માર્કંડેય મુનિએ ગ્રહણ કર્યો, માર્કંડેયે એ સાધના બીજાને શીખવી, અને એ પ્રમાણે હજારો વરસોથી એની પરંપરા ચાલતી આવી છે. ખરેખર કેટલાંક હજાર વરસથી એનો પ્રવાહ ચાલ્યા કરે છે તે તો કોણ જાણે, પરંતુ એટલું તો સાચું કે પ્રાચીન કાળની યોગવિદ્યામાં એ સૌથી છેલ્લી છે. એ દિવસોમાં પણ માનવનું એવું અધઃપતન થયું હતું કે શરીર દ્વારા મોક્ષ મેળવવાનો માર્ગ દેવોએ એની આગળ ખુલ્લો કર્યો. શરીરજયના એ યોગનું જ્ઞાન એના પર કાબૂ કરી ચૂકેલા સિદ્ધો સિવાય બીજાને બહુ જ ઓછું હોય છે. સામાન્ય લોકો તો એ પ્રાચીન વિદ્યા વિશે ઘણા ખોટા ખ્યાલો ધરાવતા હોય છે. એવા સિદ્ધ યોગી પુરુષોનું દર્શન અત્યંત દુર્લભ થઈ ગયું હોવાથી, લોકસમૂહના કોઈ પણ જાતના વિરોધ વગર, અમારી યોગપદ્ધતિને નામે કેટલીય મૂર્ખતાપૂર્વક વિકૃત પ્રક્રિયાઓનો પ્રચાર થઈ રહ્યો છે. બનારસ જશો તો જોશો કે એક માણસ તીક્ષ્ણ ધારવાળા ખીલાની પથારી પર દિવસભર બેસે છે ને રાતભર સૂઈ રહે છે. બીજે કોઈએ એક એવા માણસનું દર્શન થશે જેણે એક હાથ અદ્ધર રાખ્યો છે. એ હાથ તદ્દન કૃશ તથા નકામો બની ગયો છે, અને એના નખ પણ કેટલાય ઇંચ લાંબા થયા છે. તમને કહેવામાં આવશે કે એ બધા અમારી યોગપદ્ધતિનો અભ્યાસ કરી રહ્યા છે, પણ ખરેખર એવું નથી સમજવાનું. એવા લોકો યોગના નામને કલંકિત કરે છે. લોકોને ચકિત કરવા માટે મૂર્ખાઈભરી પદ્ધતિઓનો

આધાર લઈને કષ્ટ આપવું એ અમારું ધ્યેય નથી સમજવાનું. પોતાને પીડા પહોંચાડનારા એ તપસ્વીઓ કેવળ અજ્ઞાની લોકો છે. કોઈ ચિત્ર કે ગપ્પીદાસ દ્વારા કેટલીક ક્રિયાઓની માહિતી મેળવીને શરીર સાથે તેઓ તેના બળજબરીપૂર્વકના પ્રયોગો કરે છે. અમારા આદર્શોનું જ્ઞાન ન હોવાથી, એ ક્રિયાપ્રક્રિયાઓને વિકૃત રૂપ આપીને તે લાંબા સમય સુધી કૃત્રિમ રીતે ચાલુ રાખે છે, તોપણ, સામાન્ય જનસમાજ એવા દાંભિક સાધુઓને માન આપે છે, અને વધારામાં અન્નવસ્ત્ર તથા પૈસા પણ પૂરાં પાડે છે.'

'પરંતુ એમને જ દોષ દેવો શું બરાબર છે? સાચા યોગીઓ જો દુર્લભ હોય અને એ પણ પોતાની સાધનાને ગુપ્ત રાખતા હોય તો ગેરસમજૂતી થવાનો સંભવ રહે જ.' મેં વિરોધી સૂર કાઢ્યો.

બ્રહ્મે મસ્તક હલાવ્યું. એમના મુખ પર ઉપેક્ષાભાવ ફરી વળ્યો.

'લોકોને બતાવવા માટે રાજા પોતાનાં રત્નોને જાહેર માર્ગ પર મૂકી રાખે છે?' એમણે પ્રશ્ન કર્યો. 'ના. એ એમને પોતાના રાજમહેલની અંદરના ભાગમાં પોતાની તિજોરીમાં છુપાવી રાખે છે. અમારી યોગવિદ્યાનું જ્ઞાન માનવના મહામૂલ્યવાન ભંડાર જેવું છે. એનું ભરબજારમાં એ સૌને માટે પ્રદર્શન કર્યા કરે? એ ભંડારને મેળવવાની ઇચ્છા હોય તે તેને માટે ભલે શોધ કરે. એ જ એક માર્ગ છે અને સાચો માર્ગ છે. અમારાં શાસ્ત્રો અવારનવાર ગુપ્તતાની આજ્ઞા કરે છે અને અમારા આચાર્યો પણ ઓછામાં ઓછાં થોડાંક વરસો પોતાને વફાદાર રહ્યા હોય એવા, પરીક્ષામાં પાર ઊતરેલા શિષ્યોને જ અગત્યનું શિક્ષણ પૂરું પાડે છે. અમારો યોગ બધા યોગોમાં ઘણો ગૂઢ છે. એકલા શિષ્ય માટે જ નહિ, પરંતુ બીજાને માટે પણ તે ભારે જોખમોથી ભરેલો છે. હવે તમે વિચારી જુઓ કે એના પ્રાથમિક સિદ્ધાંતો સિવાયના બીજા સિદ્ધાંતોની માહિતી અને તે પણ પૂરેપૂરા વિવેક વગર, હું તમને આપી શકું?'

'બરાબર.'

'પરંતુ અમારા યોગની એક બાજુ વિશે હું તમારી સાથે વધારે છૂટથી વાત કરી શકું. એ બાજુ ઇચ્છાશક્તિને વધારવાની તથા શરૂઆતના સાધકોના શરીરને સુધારવાની છે. તે વગર યોગની કઠિન ક્રિયાઓ સાધવાની યોગ્યતા ન મેળવી શકાય.'

'પશ્ચિમના લોકોને એમાં રસ પડશે.'

'અમારી પાસે એવી વીસેક જેટલી શારીરિક ક્રિયાઓ છે જેમની મદદથી જુદાંજુદાં અંગોપાંગો મજબૂત બને છે તથા કેટલાક રોગો દૂર થાય છે અથવા થતા અટકી જાય છે. કેટલાંક તો એવાં આસનો છે જે કેટલાંક ખાસ શક્તિકેન્દ્રો પર દબાણ લાવે છે. એ શક્તિકેન્દ્રો બદલામાં બરાબર કામ ન કરતા ચોક્કસ અવયવોને અસર પહોંચાડે છે અને એમને ઠીક કરે છે.'

'તમે દવાનો ઉપયોગ કરો છો ખરા?'

'જરૂર પડે તો, વધતા ચંદ્રપ્રકાશમાં ચૂંટેલી કેટલીક ઔષધિઓનો ઉપયોગ કરું છું. સ્વાસ્થ્યલાભની શરૂઆતનું કામ સિદ્ધ કરવા માટેની ચાર ક્રિયાઓનું જ્ઞાન અમે ધરાવીએ છીએ. પહેલાં તો આરામની કળા જાણી લઈએ છીએ, જેથી જ્ઞાનતંતુઓને આરામ મળે. એને માટે પણ મદદરૂપ એવા ચાર પ્રક્રિયાઓ છે. પછી અમે શરીરને સ્વાભાવિક રીતે લંબાવનારાં તંદુરસ્ત પ્રાણીઓની નકલ કરીને શરીરના વિસ્તારની ક્રિયા શીખીએ છીએ. એ પછી તમને વિચિત્ર લાગે તેવી પરંતુ પોતાની અસર ઉપજાવવામાં ઉત્તમ એવી જુદીજુદી પદ્ધતિઓથી શરીરને સંપૂર્ણપણે સાફ કરીએ છીએ અને છેલ્લે પ્રાણાયામની મદદથી પ્રાણ પર કાબૂ કરવાની કોશિશ કરીએ છીએ'

મેં થોડીક પ્રક્રિયાઓને પ્રયોગ કરી, બતાવવાની માગણી કરી. 'હવે હું તમને જે પ્રયોગો કરી બતાવું છું તેમાં કાંઈ છૂપું રાખવા જેવું નથી.' બ્રહ્મે સ્મિત કરતાં કહ્યું. 'આપણે સૌથી પહેલાં આરામની કળાથી આરંભ કરીએ. એ બાબતમાં આપણે બિલાડી

પાસેથી થોડું ઘણું શીખી શકીએ છીએ. અમારા ગુરુ શિષ્યોની વચમાં બિલાડી મૂકીને એ આરામ કરે છે ત્યારે કેવી છટાદાર દેખાય છે તેનું નિરીક્ષણ કરવાની સૂચના આપે છે. ભરબપોરના તાપમાં એ ઊંઘી જાય છે ત્યારે એને ધ્યાનપૂર્વક જોવાનું કહે છે. ઉંદરના દરની નજીક નીચી નમે છે ત્યારે એનું અવલોકન કરવાની આજ્ઞા આપે છે. પોતાના શિષ્યોને એ સમજાવે છે કે બિલાડી સાચા આરામનો આદર્શ દાખલો પૂરો પાડે છે, અને પોતાની સમસ્ત શક્તિને કેવી રીતે ભેગી કરવી તેમ જ સંઘરી રાખવી તે પણ સમજે છે. તમે માનો છો કે તમે આરામ કરવાની કળામાં કુશળ છો, પરંતુ તમારી માન્યતા નિરાધાર છે. થોડોક વખત તમે ખુરસીમાં બેસો છો, પછી આમતેમ ફર્યા કરો છો, પછી વળી બેચેની અનુભવો છો અને છેવટે લાંબા પગ કરીને સૂઈ જાઓ છો. ખુરસી પરથી ઊભા નથી થતા અને ઉપરથી જોતાં આરામ કરતા દેખાઓ છો તોપણ, તમારા મગજમાં વિચારોની હારમાળા ચાલતી હોય છે. એને શું આરામ કહેવાય? એ શું એક રીતે જોતાં વધારે ચપળ બનવાનો રસ્તો નથી લાગતો?'

'એ દૃષ્ટિકોણ તો મારા ખ્યાલમાં જ નથી આવ્યો,' મેં કહ્યું. 'પશુઓ કેવી રીતે આરામ કરવો તે જાણે છે, પરંતુ બહુ ઓછા માણસો એ જ્ઞાન ધરાવે છે. એનું કારણ એ છે કે પશુઓ કુદરતી પ્રેરણા અથવા કુદરતના આદેશ પ્રમાણે ચાલે છે ત્યારે માણસો એમના વિચારોથી દોરવાય છે અને માણસો મોટે ભાગે પોતાના મગજ પર પૂરો કાબૂ નથી ધરાવતા તેથી એને લીધે એમના જ્ઞાનતંતુઓ અને શરીર પર અસર થાય છે. એમને સાચો આરામ ભાગ્યે જ મળે છે.'

'તો પછી શું કરવું જોઈએ?'

'સૌથી પહેલાં તો તમારે બેસવાની પૂર્વીય પદ્ધતિ શીખી લેવી જોઈએ. તમારા ઉત્તરીય દેશોમાં ઠંડા ઓરડાઓમાં ખુરસીઓનો ઉપયોગ કરો તે ભલે, પરંતુ યોગસાધના માટે તૈયાર કરનારી

ક્રિયાઓ કરતી વખતે તેમના વગર ચલાવી લેતાં શીખવું જોઈએ. અમારી બેસવાની પદ્ધતિ ખરેખર અત્યંત આરામદાયક છે. કામ કર્યા પછી કે ચાલ્યા પછી આખા શરીરને એ શાંતિ આપે છે. એ પદ્ધતિ શીખવાનો સહેલામાં સહેલો રસ્તો તમારા ખંડની દીવાલ પાસે નાનો કામળો કે શેતરંજી મૂકવાનો છે. એ પછી એના પર બનતા આરામપૂર્વક બેસો અને જરૂર પડે તો દીવાલનો ટેકો લો. શેતરંજીને ખંડની વચ્ચે પાથરીને ટેકો લેવા આગળ કોચ કે ખુરસી પણ રાખી શકો. એ પછી પગને ઘૂંટણ તરફથી અંદર વાળીને પલાંઠી વાળો. એમ કરવામાં માંસપેશીઓને કડક ન કરો અને કોઈ પ્રકારનો પરિશ્રમ ન પહોંચે તેનું પણ ધ્યાન રાખો. એટલે પહેલી ક્રિયા તો એ પ્રમાણે બેસીને થોડોક શ્વાસ લેવા સિવાય તમારા શરીરને તદ્દન શાંત કરી દેવાની છે. એ રીતે બેઠા પછી બધી જાતના દુન્યવી વિષયો તેમ જ બીજાના વિચારોને શાંત કરવાનો સંકલ્પ કરવો જોઈએ. તમારા મનને કોઈ ચિત્ર કે ફૂલ જેવા સુંદર પદાર્થ પર કેન્દ્રિત કરો.'

મારી આરામખુરસી પરથી ઊઠીને બ્રહ્મે વર્ણવ્યા મુજબના આસનનો આધાર લઈને હું એમની સામે બેઠો. જૂના જમાનાના દરજી પગ પર પગ મૂકીને કામ કરવા બેસતા એવું જ એ આસન હતું.

'હા, તમે તે સહેલાઈથી કરી શકો છો.' બ્રહ્મે કહેવા માંડયું : 'પરંતુ બીજા અંગોને ટેવાયેલા ન હોય એટલે આવું આસન સહેલાઈથી ન કરી શકે. તમારી એક ત્રુટિ પ્રત્યે ધ્યાન દોરું : તમારી પીઠને વળેલી નહિ પણ સીધી રાખો. હવે તમને બીજી ક્રિયા બતાવું :'

બ્ર પોતાના પગ એવી જ રીતે વાળેલા રાખીને ઘૂંટણને હડપચી તરફ ઊંચાં કર્યાં. એમ કરવાથી એમના પગ માથાથી થોડે છેટે રહ્યા. ઘૂંટણને એમણે પોતાના હાથ લાંબા કરીને વીંટી દીધી.

'લાંબા વખત સુધી એકધારા ઊભા રહ્યા પછી આ ક્રિયા ભારે શાંતિદાયક સાબિત થાય છે. તમારી બેઠક પર શરીરનું મોટા ભાગનું વજન નાખી દો. થાક જેવું લાગે ત્યારે થોડા વખત સુધી આ આસનનો અભ્યાસ કરી શકો છો. એનાથી કેટલાંક મહત્ત્વનાં શક્તિકેન્દ્રોને આરામ મળશે.'

'એ તો એકદમ સરળ દેખાય છે.'

'આરામ કરવાની કળા શીખવામાં કોઈ ગૂંચવણભરેલી પદ્ધતિનો આધાર નથી લેવાનો. સાચું કહું તો, અમારી સહેલામાં સહેલી ક્રિયા પણ ઉત્તમ પરિણામો પેદા કરે છે. પગને લંબાવીને જમીન પર ચત્તા સૂઈ રહો. પગની આંગળીઓ બહારની બાજુ રાખો. હાથ લાંબા કરીને શરીરની બંને બાજુ છૂટા રાખો. પ્રત્યેક અંગને ઢીલું કરો. આંખ બંધ કરો. શરીરનો ભાર જમીન પર નાખી દો. કરોડરજ્જુને સીધી રાખો. અત્યંત આવશ્યક હોવાથી, આ ક્રિયા પથારીમાં કરવી નહિ ફાવે. જમીન પર કામળો પાથરી શકો છો. એ દશામાં પ્રકૃતિમાં આરામદાયક પરિબળો તમને આરામ આપશે. અમે એને 'શવાસન'ના નામથી ઓળખીએ છીએ. જો તમારી ઇચ્છા હોય તો, અભ્યાસ દ્વારા આમાંના કોઈ પણ આસનમાં એકાદ કલાક સુધી આરામપૂર્વક રહી શકો છો. માંસપેશીઓની થકાવટને દૂર કરીને એ જ્ઞાનતંતુઓને શાંતિ આપે છે. મનની શાંતિ પહેલાં શરીરનાં અંગોને શાંતિ મળી જાય છે.'

'તમારી ક્રિયાઓમાં બીજું કશું નહિ; પરંતુ એક યા બીજી રીતે શાંતિપૂર્વક બેસવાનું જ શીખવવામાં આવે છે!'

'એ શું કાંઈ જ વિસાતમાં નથી? તમે પશ્ચિમવાસીઓ ક્રિયાશીલ બનવાની જ ઝંખના રાખો છો, પરંતુ આરામની ઉપેક્ષા કરવા જેવી છે ખરી? શાંત જ્ઞાનતંતુઓનો શું કશો જ અર્થ નથી? આરામ અથવા શાંત દશા યોગની શરૂઆતની દશા છે, પરંતુ

આપણને જ એની આવશ્યકતા છે એમ નથી સમજવાનું. આખી દુનિયાને એની આવશ્યકતા છે.'

બ્રહ્મના શબ્દો કાંઈ ખોટા નહોતા.

'આજની સાંજ માટે આટલી ક્રિયાઓ પૂરતી છે.' એમણે ઉમેર્યું: 'હવે હું વિદાય લઈશ.'

એમણે જે કાંઈ કહ્યું તે માટે મેં એમનો આભાર માન્યો અને વધારે માહિતી પૂરી પાડવાની પ્રાર્થના કરી.

'કાલે સવારે તમે મને નદીકાંઠે મળી શકશો.' એમણે ઉત્તર આપ્યો.

સફેદ શાલ શરીરે વીંટીને એમણે હાથ જોડીને મારી રજા માગી ને વિદાય લીધી. આટલા આકસ્મિક રીતે પૂરા થયેલા અમારા રસમય વાર્તાલાપને વાગોળવાનું કામ મારે માટે બાકી રહ્યું.

× × ×

એ પછી યોગીને મારે અનેક વાર મળવાનું થયું. એમની સંમતિ મેળવીને સવારે એ ફરવા નીકળતા ત્યારે હું એમની સાથે થઈ જતો, અને જ્યારે એમને ઘેર બેસવા સમજાવી શકતો ત્યારે સાંજનો સમય એ મારી સાથે ઘરમાં જ પસાર કરતા. એ બધી સાંજ મારે માટે તથા મારી શોધ માટે ખૂબ જ લાભકારક થઈ પડતી, કારણકે પ્રખર તાપને બદલે ચંદ્રનો ઉદય થતો જતો તેમ-તેમ એમના મુખમાંથી જ્ઞાનનાં ઊંડાં રહસ્યોનું ઉદ્‌ઘાટન સ્વાભાવિક રીતે જ થયા કરતું.

થોડા વખત માટે મને જે વાતનું આશ્ચર્ય થયેલું તે વાતનો ખુલાસો થોડીક પૂછપરછ પછી તરત થઈ ગયો. મારી સમજ એવી હતી કે હિન્દુજાતિ ઘઉંવર્ણી છે. તો પછી બ્રહ્મની ચામડીનો રંગ હબસીના રંગ જેવો કાળો કેમ હશે?

એનો ઉત્તર એ છે કે એ ભારતના પ્રથમ નિવાસી, મૂળ પ્રજાજનમાંના એક હતા. જ્યારે આર્યો વાયવ્ય ખૂણાના પર્વતોમાંથી

હજારો વરસો પહેલાં નીચે મેદાની પ્રદેશમાં આવ્યા ત્યારે ત્યાં રહેતા દ્રાવિડિયનોને તેમણે દક્ષિણમાં હાંકી કાઢ્યા. દ્રાવિડિયનો આર્યોના ધર્મને આત્મસાત્ કરી ચૂકચા હોવા છતાં આજ સુધી અલગ રહ્યા છે. ધખધખતા સૂર્યને લીધે એમની કાળી પડી ગયેલી ચામડી પરથી કેટલાક માનવજાતિશાસ્ત્રીઓ એમ માનવા પ્રેરાય છે કે સૌથી પહેલાં એમનું મૂળ કચાંક આફ્રિકામાં હોવું જોઈએ. બીજા કેટલાક પુરાવા પણ એવું માનવા પ્રેરિત કરે છે. આખા દેશ પરના એમના એકાધિપત્યના એ આરંભના દિવસોની જેમ દ્રાવિડિયનો આજે પણ લાંબા વાળ રાખીને પાછળ અંબોડો વાળે છે, અને એમની અર્ધી ઉચ્ચારેલી મહત્ત્વની ભાષાઓ બોલે છે. એમાં સૌથી અગત્યની ભાષા તામિલ છે.

બ્રહ્મે વિશ્વાસપૂર્વક કહી બતાવ્યું કે આર્યોએ બીજી કેટલીક વસ્તુઓની જેમ યોગનું જ્ઞાન પણ એમની પોતાની જાતિ પાસેથી જ મેળવેલું પરંતુ જેમની આગળ મેં એ દાવો રજૂ કર્યો તે વિદ્વાન હિન્દુઓએ તેને નિરાધાર તથા જંગલી કહીને નકારી કાઢ્યો. એટલા માટે ભારતના મૂળ રહેવાસી તરીકેનો બીજો ઓછો મહત્ત્વનો મુદ્દો મેં એક બાજુએ મૂકી દીધો.

યૌગિક શરીરશાસ્ત્ર પર કોઈ મહાનિબંધ લખવાનો વિચાર હું નથી કરી રહ્યો, એટલે શરીરસંયમના યોગમાં મહત્ત્વની મનાતી, શારીરિક અવસ્થાઓને શીખવનારી તથા સાચવવામાં મદદ કરનારી બેત્રણ ક્રિયાઓનો ઉલ્લેખ કરીને જ સંતોષ માનીશ. તાડવૃક્ષોના ઝુંડની વચ્ચે કે મારા નીરસ જેવા ઘરમાં બ્રહ્મે મને જે વીસ કે વધારે આસનો કરી બતાવ્યાં તે દરમિયાન શરીરને સારી પેઠે મરડવામાં આવેલું. પશ્ચિમવાસીઓને તે કઢંગાં, અશક્ય, અથવા બંને જાતનાં લાગે તેમ છે. એમાંનાં કેટલાંકમાં તો પગને ઊંચા કરીને બંને ઘૂંટણોને સરખાં રાખવાનાં હતાં, અથવા હાથની આંગળીઓ પર આખા શરીરને સ્થિર રાખવાનું હતું. કેટલાકમાં પીઠ પાછળ હાથ રાખી હાથને પાછા આગળ લાવવા પડતા, તો

કેટલાકમાં અંગોપાંગોને બાંધી દેવાં પડતાં. વળી બીજા પ્રકારના આસનમાં નટની જેમ પગને બાહુની ઉપર અથવા ગરદનની પાછળ લઈ જવા પડતા. પાંચમી પદ્ધતિમાં ગળાને વિચિત્ર રીતે વાળવા તથા ફેરવવામાં આવતું. બ્રહ્મને એમાંના કેટલાંક આસનોના પ્રયોગો કરી બતાવતા જોઈને યોગની સાધના કેટલી બધી કપરી થઈ પડે તેમ છે તેની મને ખાતરી થઈ.

'તમારી પદ્ધતિમાં આવાં કેટલાંક આસનો છે?' મેં પૂછી જોયું.

'શરીરસંયમના યોગમાં ચોર્યાસી આસન છે.' બ્રહ્મ ઉત્તર આપ્યો : 'મને અત્યારે ચોસઠ આવડે છે.' એ બોલતી વખતે પણ એમણે એક આસન કરી બતાવ્યું અને એમાં જેવી રીતે હું ખુરસી પર બેઠેલો તેવી જ રીતે આરામથી બેસી રહ્યા. એમણે કહ્યું કે એ એમનું પ્રિય આસન હતું. જો કે એ અઘરું નહોતું પરંતુ આરામપ્રદ ન લાગ્યું. જમણા પગને બેવડો કરી, એની એડીને શરીરના ગુહ્ય ભાગની નીચે લગાડી, બધો ભાર એના પર નાખી દઈ, ડાબા પગને જમણા પગના સાથળની બેવડમાં દબાવી દીધો.

'આ આસનથી શો લાભ થાય છે?' મેં ફરી પૂછ્યું.

'યોગી એમાં બેસીને અમુક પ્રકારનો પ્રાણાયામ કરે તો વધારે યુવાન બની શકે છે.'

'એ પ્રાણાયામ કયો?'

'એનું રહસ્ય તમારી આગળ નહિ બોલી શકું.'

'આ બધાં આસનોનો હેતુ શો?'

'કેટલાંક યોગ્ય આસનોમાં યોગ્ય સમય સુધી બેસવાની કે ઊભા રહેવાની અગત્ય તમારી દૃષ્ટિએ ઓછી લાગશે. છતાં જો સફળ થવું હોય તો, પોતાની પસંદગીના આસનના અભ્યાસ વખતે ચિત્તવૃત્તિની એકાગ્રતા તેમ જ ઇચ્છાશક્તિ એટલી બધી પ્રબળ બને છે કે યોગીની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓ જાગી ઊઠે છે. એ શક્તિઓ કુદરતના ગુપ્ત ભંડાર જેવી છે. એ શક્તિઓનું

પ્રાકટચ પ્રાણાયામની ક્રિયાનો અભ્યાસ કર્યા વિના ભાગ્યે જ થઈ શકે છે; કારણકે પ્રાણની શક્તિ ઘણી ગહન છે. એ શક્તિઓને જાગ્રત કરવાનું ધ્યેય જ અમારું સાચું ધ્યેય છે. છતાં વીસેક જેટલી ક્રિયાઓનો ઉપયોગ તો કેટલાંક દર્દો દૂર કરવા માટે અથવા સ્વાસ્થ્યલાભ માટે જ કરવામાં આવે છે, અને બીજી ક્રિયાઓની મદદથી શરીરની અંદરની ગંદકી દૂર કરવામાં આવે છે એ લાભ શું મોટો નથી ? બીજાં કેટલાંક આસનો મન તથા આત્મા પર કાબૂ મેળવવામાં મદદરૂપ થાય છે, કારણકે એ હકીકત નિર્વિવાદ છે કે વિચારની અસર શરીર પર પડે છે તેવી જ રીતે શરીરની અસર વિચાર કે મન પર થાય છે. યોગની આગળની ભૂમિકા દરમિયાન કલાકો સુધી ધ્યાનમાં ડૂબી જવાનો અવસર આવે છે ત્યારે, શરીર જો યોગ્ય આસનમાં હોય છે તો મનને પોતાના પ્રયત્નોમાં શાંતિપૂર્વક લાગી રહેવામાં મદદરૂપ તો થાય છે જ પરંતુ સાથે સાથે વાસ્તવિક રીતે વિચારતાં, એની ધ્યેયસિદ્ધિને સરળ બનાવે છે. એ ઉપરાંત એ બધી કઠિન ક્રિયાઓમાં લાગી રહેનારા સાધકને મળનારી અસાધારણ ઇચ્છાશક્તિનો વિચાર કરો તો અમારી સાધનામાં સમાયેલી શક્તિઓનો તમને ખ્યાલ આવશે.'

'પરંતુ શરીરને આટલું બધું વાળવાનું ને ઊલટાસૂલટી કરવાનું કારણ ?' મેં વિરોધ કર્યો.

'કારણ એ જ કે શરીરમાં કેટલાંય જ્ઞાનતંતુનાં કેન્દ્રો ફેલાયેલાં છે, અને દરેક આસન જુદાજુદા કેન્દ્રને અસર પહોંચાડે છે. એ જ્ઞાનતંતુઓ દ્વારા જુદાંજુદાં અંગોને અથવા મગજના વિચારોને અસર કરી શકાય છે. શરીરને જુદીજુદી રીતે વાળવાથી જેમનો સંપર્ક બીજી રીતે ન સાધી શકાયો હોય તે કેન્દ્રો પાસે સહેલાઈથી પહોંચી શકાય છે.'

'બરાબર.' એ યૌગિક શરીરશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો મારા મનમાં જરા વધારે સ્પષ્ટતાથી તરવરવા લાગ્યા. યુરોપ અને અમેરિકાની

પદ્ધતિઓના મૂળભૂત સિદ્ધાંતોની સાથેના એમના સામ્યને શોધી કાઢવાનું કામ ઘણું રસમય હતું. પ્રશ્નને મેં અમારી એ પદ્ધતિઓના અસ્તિત્વથી વાકેફ કર્યા.

'તમારી પશ્ચિમી પદ્ધતિઓનો પરિચય મને નથી થયો, પરંતુ મદ્રાસની પાસેની મોટી છાવણીમાં મેં ગોરા સૈનિકોને કસરત કરતાં જોયા છે. એમનું નિરીક્ષણ કરવાથી એમના શિક્ષકો શું કરવા માગતા હતા તે હું સમજી શકયો છું. એમનો પહેલો ઉદ્દેશ માંસપેશીઓને મજબૂત બનાવવાનો દેખાયો કારણકે તમે પશ્ચિમવાસીઓ શરીરને સુદૃઢ ને ક્રિયાશીલ રાખવામાં ગૌરવ ગણો છો. એકની એક ક્રિયાનું પુનરાવર્તન કરીને શરીરના અવયવોનો ઉપયોગ તમે ખૂબ જ બળપૂર્વક કર્યા કરો છો. માંસપેસીઓને મજબૂત કરવા તથા વિશેષ શક્તિ મેળવવા તમે ખૂબ જ જોરથી વ્યાયામ કર્યા કરો છો. ઉત્તરના ઠંડા દેશોમાં એમ કરવું ખરેખર સારું છે.'

'બંને પદ્ધતિઓમાં ખાસ તફાવત શો લાગે છે?'

'અમારી યોગક્રિયાઓ અમુક ચોક્કસ અવસ્થાઓમાં શાંતિથી બેસતાં શિખવાડે છે. એ અવસ્થામાં બેઠા પછી કોઈ વિશેષ હલનચલન કરવું પડતું નથી. ક્રિયાશીલતા વધારવા માટે વિશેષ શક્તિ મેળવવા કરતાં સહન કરવાની શક્તિ વધારવામાં અમે અધિક રસ લઈએ છીએ. માંસપેશીઓનો વિકાસ ઉપયોગી હોય તોપણ એમની પાછળની શક્તિ વધારે કીમતી છે. હું તમને કહું કે ખભા કે ગરદન પર બધો ભાર મૂકીને ઊભા રહેવાથી મગજમાં લોહી ફરી વળે છે. જ્ઞાનતંતુઓને શાંતિ મળે છે, ને કેટલીક નબળાઈનો નાશ થાય છે, તોપણ તમે પશ્ચિમવાસી હોવાથી એ આસન એકાદ ક્ષણ કરશો અને પછી એને અવાનવાર જોરપૂર્વક કરવા માંડશો. એથી તમારા સ્નાયુઓ સુદૃઢ બની શકે ખરા; પરંતુ પોતાની રીતે એ ક્રિયાનો અભ્યાસ કરીને યોગી જે લાભ મેળવી શકે તેનાથી તમે વંચિત જ રહેશો.'

'એ ક્રિયા કેવી હોય છે?'

'યોગી એ ધીમેથી સમજપૂર્વક કરે છે, અને પોતાની શક્તિ પ્રમાણે થોડી મિનિટ સુધી એ દશામાં સ્થિર રહે છે. એ આસનને અમે 'સર્વાંગાસન' કહીએ છીએ. એ તમને કરી બતાવું.'

બ્રહ્મ હાથને ભેગા કરેલા પગની બંને બાજુ રાખીને ચત્તા સૂઈ ગયા. ઘૂંટણ બરાબર સીધાં રાખીને એમણે પગને ઉપર ઉઠાવ્યા. કોણી જમીન પર ટેકવી રાખીને એમણે હાથથી પીઠ પકડી રાખી. એ પછી શરીરને એકદમ ઉપર ઊંચકીને કમર તથા મસ્તકના ભાગ સીધા કર્યા. છાતી આગળ આણીને હડપચીએ અડાડી. મસ્તકને મદદરૂપ બનતા હાથ અર્ધગોળાકાર થઈ ગયા, શરીરનો બધો બોજો ખભા પર, માથા પર, અને ગરદનના પાછલા ભાગ પર આવી પડ્યો.

એ ઊલટી અવસ્થામાં પાંચેક મિનિટ રહ્યા પછી યોગી બેઠા થયા અને એ ક્રિયાના ફાયદા કહેવા લાગ્યા.

'આ આસનથી થોડીક મિનિટો માટે મગજ તરફ લોહી વહેતું થાય છે. સામાન્ય રીતે હૃદયની રક્તાભિસરણની ક્રિયાથી લોહીને ઉપર ચડાવવું પડે છે. આ આસનની વિશેષતા એ છે કે એથી મગજ તથા જ્ઞાનતંતુઓને પોષણ મળે છે. મગજથી કામ લેનારા લોકો, વિચારકો ને વિદ્યાર્થીઓનાં મગજ થાકી જાય છે ત્યારે આ સર્વાંગાસનનો શાંત અભ્યાસ ઝડપી રાહત આપનારો સાબિત થાય છે. એનો ફાયદો એટલો જ છે એવું નથી સમજવાનું. એની મદદથી શરીરના ગુહ્ય ભાગો પણ મજબૂત બને છે. એ ફાયદા તમારી ઝડપી પશ્ચિમી પદ્ધતિ પ્રમાણે નહિ પરંતુ અમારી રીત પ્રમાણે આસનનો અભ્યાસ કરવામાં આવે તો જ થઈ શકે છે.'

'મારી ભૂલ ન થતી હોય તો, તમારા કહેવાનું તાત્પર્ય એ છે કે યોગનાં આસનો શરીરને અમુક જાતની ચોક્કસ સ્થિરતા કે શાંત દશામાં ગોઠવી દે છે, જ્યારે અમારી પશ્ચિમની કસરતો તેનો ભયંકર રીતે ભંગ કરે છે?'

'બરાબર.' બ્રહ્મે હા પાડી.

પશ્ચિમના લોકોને માફક આવે તેવી છતાં ધીરજપૂર્વકનો અભ્યાસ માગી લેનારી બ્રહ્મે કરી બતાવેલી એક બીજી ક્રિયાનો ઉલ્લેખ પણ અહીં કરું. એ આસન કરતી વખતે યોગી પગને લંબાવીને બેસે છે, બંને હાથ ઊંચા કરે છે, અને આંગળીઓના અગ્રભાગને વાળી દે છે. પછી શ્વાસ બહાર કાઢતાં કમર સુધીનું શરીર ઉપર ઉઠાવી આંગળીની મદદથી પગના અંગૂઠા પકડી રાખે છે. જમણા પગનો અંગૂઠો જમણા હાથની આંગળીથી પકડે છે ને ડાબા પગનો અંગૂઠો ડાબા હાથની આંગળીથી. એ પછી ધીરેથી મસ્તક નીચે નમાવીને સાથળ કે ઘૂંટણ પર લગાડી રાખે છે. થોડા વખત સુધી એવી અનોખી અવસ્થામાં રહીને ધીમેધીમે એ પૂર્વ દશામાં પાછા ફર્યા.

'આ આખુંય આસન એક સાથે ન કરતા.' એમણે મને ચેતવણી આપી : 'મસ્તકને ઘૂંટણ પાસે બહુ જ ધીરે ધીરે લાવવાનો પ્રયાસ કરો. આ આસન સિદ્ધ કરતાં થોડાં અઠવાડિયાં લાગે તોપણ એક વાર એને સિદ્ધ કરી લેશો એટલે વરસો સુધી કશી મુશ્કેલી નહિ લાગે.'

મને જણાયું કે આપણે આશા રાખીએ તે પ્રમાણે એ આસનથી કરોડરજ્જુ બળવાન બને છે, કરોડરજ્જુની નબળાઈથી પેદા થતી જ્ઞાનતંતુઓની તકલીફો મટી જાય છે, અને લોહીના ભ્રમણની દૃષ્ટિએ પણ ભારે ચમત્કારિક સાબિત થાય છે.

બીજા આસન દરમિયાન બ્રહ્મે જમીન પર બેસીને પોતાના પગને ઘૂંટણથી પાછળ વાળ્યા. એમના પગનાં તળિયાં ગુદાની નીચે આવી ગયાં. પછી માથું પાછળ નમાવીને બંને ખભા જમીને લગાડ્યા. બન્ને હાથને માથાની નીચે રાખીને માથું ટેકવી રાખ્યું. દરેક હાથ બાજુના બીજા ખભાને વળગી રહ્યો. થોડી મિનિટ સુધી એ દશામાં રહીને, એમાંથી મુક્ત થઈને એમણે મને સમજાવ્યું કે જ્ઞાનતંતુનાં જે કેન્દ્રો ગળામાં, ખભામાં, તથા પગમાં છે તેમને આ આસનથી અનુકૂળ અસર પહોંચે છે, અને છાતીને પણ લાભ થાય છે.

સામાન્ય અંગ્રેજને મન સામાન્ય ભારતવાસી દુર્બળતાના નમૂના રૂપ, તીખા તાપ તથા અધૂરા ખોરાકની નબળી ઊપજરૂપ હોય છે. છતાં પુરાતન કાળથી ભારતમાં શરીરસુધારણાની આવી ધ્યાનપૂર્વક તૈયાર કરેલી દેશી પદ્ધતિ અસ્તિત્વ ધરાવે છે એ જાણીને આશ્ચર્ય થયા વિના નથી રહેતું. આપણી પશ્ચિમી પદ્ધતિઓની ઉપયોગિતા સંબંધમાં આજે પણ શંકા કરી શકાય તેમ નથી. એમની કિમ્મત વિશે સ્વપ્નમાં પણ બે મત નથી. છતાં એનો અર્થ એવો તો નથી જ કે એ પદ્ધતિઓ સંપૂર્ણ છે અને શારીરિક વિકાસ, સ્વાસ્થ્યરક્ષા તથા રોગનિવારણ વિશે એમનો અભિપ્રાય આખરી છે. ઊલટું, પોતાની વૈજ્ઞાનિક સંશોધનની વિશ્વસનીય પદ્ધતિઓની સાથેસાથે પશ્ચિમની પ્રજા જો ધૂળમાં ઢંકાયેલી પરંપરાગત યોગવિદ્યાની કેટલીક ક્રિયાઓ અપનાવે તો આપણા શરીરનું સંપૂર્ણ જ્ઞાન આપણને મળી શકે એટલું જ નહિ; પરન્તુ આરોગ્યમય જીવનનું પરિપૂર્ણ રાજ્ય પણ પ્રાપ્ત થઈ શકે.

છતાં પણ મને ખબર છે કે બારેક આસન કરતાં વધારે આસનો આપણે સહેલાઈથી નહિ કરી શકાએ અને તે માટે આપણને સમય પણ નહિ મળે. બીજાં સિત્તેર જેટલાં આસનો અતિશય ઉત્સાહી અભ્યાસીઓ જ કરવા પ્રેરાય તેવાં છે અને તે પણ સહેલાઈથી વળે એવા કોમળ અવયવો અને અંગોવાળા અભ્યાસીઓ જ.

બ્રહ્મે પોતે જ કબૂલ કર્યું :

'મને નિત્ય સખત અભ્યાસ કરતાં બાર વરસ લાગ્યાં છે. એવી રીતે મેં ચોસઠ આસન સિદ્ધ કર્યાં છે. મને યુવાવસ્થામાં આસનોનો અભ્યાસ કરવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે એ સારું થયું છે, કારણ કે પુખ્ત વયનો માણસ એ આસનો કરવાની કોશિશ કરે તોપણ ભારે વ્યથા ભોગવે. ઊંમરલાયક માણસનાં હાડકાં, સ્નાયુઓ ને ચામડી કઠોર બની જતાં હોવાથી, એમને છંછેડવાથી દુઃખ થાય છે; તોપણ

સતત પ્રયત્નોથી આસનો સિદ્ધ કરી શકાય છે એ ધ્યાનમાં રાખવા જેવું છે.'

બ્રહ્મની એ વાતમાં મને શંકા ન થઈ કે એકધારા અભ્યાસથી એ ક્રિયાઓ પર કોઈ પણ કાબૂ મેળવી શકે છે. ફક્ત અવયવો, સાંધાઓ અને સ્નાયુઓ સાથે ધીરેધીરે અને વરસો સુધી કામ લેવું જોઈએ. એમણે વીસેક વરસની અંદર અંદર આસનોનો અભ્યાસ શરૂ કર્યો હતો. એટલા વહેલી શરૂઆતની કિંમત કાંઈ ઓછી ન આંકી શકાય. જેવી રીતે બચપણમાં તાલીમ પામેલા નટો જ સફળ નટો થઈ શકે છે, તેવી રીતે શરીરસંયમની પદ્ધતિના યોગીઓએ પણ પચીસ વરસની ઉંમર પહેલાં જ એમનો અભ્યાસ શરૂ કરવો જોઈએ એ દેખીતું છે. મારી સમજમાં એ સાચે જ નથી આવતું કે મોટી ઉંમરના અંગ્રેજને માટે આરંભમાં એકાદ બે હાડકાં તોડ્યા સિવાય એ અટપટાં આસન કરવાનું કેવી રીતે શક્ય બની શકે. બ્રહ્મની સાથે મેં એ સંબંધી દલીલ કરી ત્યારે એ મારી સાથે આંશિક રીતે જ સંમત થયા અને પોતાની વાતને દૃઢતાથી વળગી રહીને કહેવા માંડ્યા કે બધા નહિ પરંતુ મોટા ભાગના માણસો લાંબા ગાળાના પ્રયત્નોથી સફળતા મેળવી શકે ખરા. તોપણ એમણે એટલું તો સ્વીકાર્યું જ કે અંગ્રેજોને માટે એ કામ ધાર્યા કરતાં વધારે કઠિન છે.

'અમને તો બાલપણથી પલાંઠી વાળીને બેસવાની ટેવ પડી છે. અંગ્રેજને માટે એવી રીતે પગ વાળીને કોઈ પણ જાતના કષ્ટ વગર બે કલાક લગી સ્થિર બેસવાનું શક્ય છે? ઘૂંટણોને વાળીને એવી રીતે પલાંઠી મારીને બેસવું એ તો અમારાં કેટલાંક આસનોના આરંભરૂપ છે. અમે એ આસનને સર્વોત્તમ માનીએ છીએ. તમને તે કરી બતાવું?'

એટલું કહીને બ્રહ્મ એ આસન કરી બતાવ્યું. બુદ્ધની અનેક પ્રતિમાઓ અને છબીઓ પરથી પશ્ચિમની દુનિયા એનાથી પરિચિત

છે. ટટ્ટાર બેસીને જમણા પગને એમણે ડાબા સાથળની ઉપર મૂક્યો — સાથળ અને પગની વચ્ચેના ભાગમાં. પછી ડાબા પગને વાળીને જમણા સાથળ પર મૂક્યો ત્યારે એની પાની પેટના નીચેના ભાગને અડી રહી. પગનાં તળિયાં ઉપર ઊઠેલાં હતાં એ દેખાવ કળાત્મક અને પદ્ધતિસરનો હતો. મને થયું કે આવા આકર્ષક આસનને માટે પ્રયાસ કરવા જેવો છે ખરો.

મેં એમનું અનુકરણ કરવાનો પ્રયાસ કર્યો અને બદલામાં મારે ઘૂંટણના સખત દર્દનો પુરસ્કાર મેળવવો પડ્યો. એક ક્ષણને માટે પણ મારાથી એ સ્થિતિમાં નહિ બેસી શકાય એવી મેં ફરિયાદ કરી. ભૂતકાળમાં કોઈક દુકાનની બારી પાસે મુકાયેલી આકર્ષક કાંસાની મૂર્તિમાં બુદ્ધનું એ આસન મને કેટલું બધું સુંદર અને ઉત્તમ લાગતું ? પરંતુ હવે એનો જાતઅનુભવ કરવાનો વખત આવ્યો ત્યારે નીચેના અવયવોને વાળવાની ક્રિયા કેટલી બધી કઠિન લાગી ? બ્રહ્મનું સ્મિતપૂર્વકનું ઉત્તેજન મારામાં ઉત્સાહ પેદા ન કરી શક્યું. મેં એમને જણાવ્યું કે મારે મારા પ્રયત્નો મુલતવી રાખવા પડશે.

'તમારા સાંધા સખત છે.' એમણે જણાવ્યું : 'એ આસનો ફરી વાર અભ્યાસ કરતાં પહેલાં ઘૂંટણ તથા ઘૂંટીઓ પર થોડું તેલ ઘસજો. તમે ખુરસી પર બેસવા ટેવાયેલા હોવાથી એ આસનથી તમારાં અંગોને તકલીફ થશે. દરરોજનો થોડો અભ્યાસ ધીમેધીમે મુશ્કેલી દૂર કરશે.'

હું એ આસન કદી પણ કરી શકીશ કે કેમ તેની મને શંકા છે.

'એ અશક્ય છે એવું ના કહેતા. તમને તે માટે લાંબો વખત લાગશે ખરો, પરંતુ છેવટે તમે તેને સિદ્ધ કરી લેશો. સફળતા અચાનક આવે છે અને એક દિવસ તમે તેને મેળવીને નવાઈ પામશો.' (મારે એ વાત કહેવી જોઈએ માટે કહું છું કે બુદ્ધના એ આકર્ષક

આસનથી મુગ્ધ થઈને આઠ મહિનાના કઠોર પરિશ્રમ પછી મેં એને સાધવામાં સફળતા મેળવી. એ પછી મારી તકલીફ દૂર થઈ.)

'કોઈ નવી યંત્રણાની જેમ એ દુઃખદાયક લાગે છે.'

(કહેવાતા ઉપરચોટિયા વ્યાયામપ્રિયોએ એ આસનોનાં જોખમો વિશે સાવધાન રહેવાનું છે. એક ડૉક્ટરે મારી સાથેની વાત દરમિયાન કહ્યું કે એથી ઘૂંટણ તૂટી જવાનો કે સ્નાયુને ઈજા પહોંચવાનો ભય છે.)

'છતાં પણ દર્દ ઘટતું જશે; અને સફળતા માટે ધાર્યા કરતાં બહુ લાંબો સમય લાગશે. પછી તો એક અવસ્થા એવી આવશે જ્યારે આસનથી કોઈ જાતનું દર્દ જ નહિ થાય.'

'હું એને માટે પ્રયાસ કરું તે બરાબર છે?'

'જરૂર. પદ્માસન—અમે એને એ નામથી ઓળખીએ છીએ—એટલું બધું અગત્યનું છે કે બીજાં આસનોનો સાધકો ત્યાગ કરે તોપણ એનો ત્યાગ કરવાનું યોગ્ય નથી મનાતું. આગળ વધેલા યોગીઓ એ આસનમાં જ ધ્યાન કરવા બેસતા હોય છે. એનું એક કારણ એ છે કે યોગી ગાઢ સમાધિમાં ડૂબી જાય તોપણ એનું શરીર એને લીધે સ્વસ્થ રહે છે. સમાધિની એ દશામાં સિદ્ધ યોગીઓ ઇચ્છા પ્રમાણે પ્રવેશી શકે છે, પરંતુ શરૂઆતના સાધકોને એ દશાની પ્રાપ્તિ એકાએક જ થતી હોય છે, પરંતુ પદ્માસન પગને અકળાંધ રાખે છે અને શરીર ટટ્ટાર તથા શાંત કરે છે. અસ્વસ્થ અને ઉત્તેજિત શરીર મનને પણ અસ્વસ્થ કરે છે, પરંતુ પદ્માસનમાં તો આત્મસંયમ અને આરામનો અનુભવ થાય છે. જેને આપણે ઘણી કીમતી સમજીએ છીએ એ માનસિક એકાગ્રતા એ આસનમાં સહેલાઈથી પ્રાપ્ત થાય છે. વળી એ આસનમાં બેસીને જ અમે પ્રાણાયામની ક્રિયા કરીએ છીએ. એને લીધે શરીરની અંદરની સુષુપ્ત આત્મશક્તિ જાગી ઊઠે છે. અજ્ઞાત શક્તિ જાગે છે ત્યારે લોહીનો શરીરમાં નવેસરથી સંચાર થાય છે

અને જ્ઞાનતંતુઓની ક્રિયા કેટલાંક મહત્ત્વનાં કેન્દ્રોમાં તીવ્ર રીતે થવા માંડે છે.'

આટલા સ્પષ્ટીકરણથી મને સંતોષ થયો, આસનોનો અમારી વચ્ચેનો વાર્તાલાપ મેં બંધ કર્યો. બ્રહ્મે અત્યાર સુધીમાં શરીરને જુદીજુદી રીતે વાળીને, મારી માહિતી માટે શરીર પરના પોતાના પ્રભુત્વનો થોડોક પરિચય આપવાના આશયથી, અલગ અલગ પ્રકારનાં કેટલાંય ભયંકર અઘરાં આસન કરી બતાવેલાં. એ બધી અટપટી ક્રિયાઓ કરવાની અને એમના પર પ્રભુત્વ મેળવવાની ધીરજ કયા પશ્ચિમવાસીમાં છે? અને એવાં આસનો કરવાનો સમય પણ કોની પાસે છે?

મૃત્યુને જીતનારો યોગ

બ્રહ્મે એવી ઇચ્છા પ્રદર્શિત કરી કે હું એમના ઘરની મુલાકાત લઉં તો સારું. એમણે કહ્યું કે એ ખરેખર ઘરમાં નથી રહેતા, પરંતુ પોતાની સ્વતંત્રતા સાચવી રાખવા અને આઝાદ જીવનનો આનંદ લેવા બગીચાના પાછળના ભાગમાં એક નાનું સરખું ઝૂંપડું બાંધીને નિવાસ કરે છે.

એ પ્રમાણે, અને થોડીક આતુરતાથી પ્રેરાઈને એક દિવસ બપોર પછી હું એમને ઘેર જઈ પહોંચ્યો. ઘર એકાંત અને વેરાન જગ્યામાં ધૂળવાળી શેરીમાં હતું. જૂનાપુરાણા સફેદી લગાવેલા એ મકાનની બહાર ઘડીભર ઊભા રહીને, આપણાં મધ્યકાલીન યુરોપિયન ઘરોની યાદ અપાવનારી બહાર બારીવાળા, લાકડાના ઉપલા માળ અથવા મેડાનું મેં નિરીક્ષણ કરવા માંડયું. મારી આગળનું જૂનું મજબૂત બારણું મેં ઉઘાડયું. એને લીધે ઓરડાઓ તથા રસ્તા પર બધે જ અવાજ ફરી વળ્યો.

મારી આગળ એ જ વખતે વાત્સલ્યભર્યા સ્મિતથી સુશોભિત વદનવાળી એક વૃદ્ધા આવી અને મને વારંવાર વંદન કરવા લાગી. લાંબા અંધારિયા માર્ગથી એ મને આગળ લઈ ગઈ અને આખરે અમે રસોડામાં થઈને પાછળના બગીચામાં આવી પહોંચ્યાં.

સૌથી પહેલાં મારી નજર એક વિશાળ પીપળાના વૃક્ષ પર અને એની ડાળીઓની સલામત છાયા નીચેના જૂના વખતના કૂવા

પર પડી. એ સ્ત્રી મને કૂવાની પેલી તરફની ઝૂંપડી આગળ લઈ ગઈ. એની વધારે પાસે પહોંચવાથી ઝાડની થોડીક છાયા પણ મળી શકી. એ ઝૂંપડી વાંસના થાંભલા, પાતળી લાકડાની પાટડીઓ અને ઘાસના છાપરાની બનાવેલી હતી.

બ્રહ્મના જેવા જ કાળા મોંવાળી એ વૃદ્ધ સ્ત્રી દેખીતી રીતે જ ઉશ્કેરાટમાં આવી જઈને ઝૂંપડીને ઉદ્દેશીને ફટલાંક ઘુજારી ભરેલાં તામિલ વાક્યો બોલી. અંદરથી સુમધુર સ્વરમાં ઉત્તર આવ્યો, ધીમેથી બારણું ઊઘડ્યું, અને યોગીએ બહાર આવી મને પ્રેમપૂર્વક એમની સાદી ઝૂંપડીમાં દાખલ કર્યો. એમણે બારણું ખુલ્લું જ રાખ્યું. થોડા વખત સુધી પેલી વિધવા સ્ત્રી પ્રવેશદ્વાર પાસે જ ઊભી રહી. એની આંખ મારી તરફ સ્થિર થઈ હતી, અને એની મુખાકૃતિ પર અવર્ણનીય સુખ છવાયેલું હતું.

હું એક ખુલ્લા ખંડમાં આવી પહોંચ્યો. સામેની દીવાલ પાસે એક ગાદી વિનાની બેઠક હતી, અને ખૂણામાં કાગળોથી ભરેલો બાંકડો પડેલો. છાપરાની વળી સાથે બાંધેલા દોરડાને આધારે પિત્તળનો એક ઘડો લટકતો દેખાતો હતો. જમીન પર જાજમનો મોટો ટુકડો બિછાવેલો હતો.

જમીન તરફ હાથ ફેલાવીને બ્રહ્મે કહ્યું : 'બેસો. હું દિલગીર છું કે તમારે માટે ખુરશી નથી આપી શકતો.'

બ્રહ્મ, હું અને મારા પરિચયમાં આવેલા ને મારા દુભાષિયા તરીકે કામ કરતા એક યુવાન શિક્ષક, બધા જ જાજમ ફરતા બેસી ગયા. થોડા વખત પછી પેલી વૃદ્ધ વિધવા સ્ત્રી પાછી ગઈ, અને ચાના પાત્ર સાથે ફરી આવી. ટેબલને બદલે એ ચા અમને જાજમ પર જ આપવામાં આવી. સ્ત્રીએ એક વાર ફરીથી ઘરમાં જઈને પિત્તળની રકાબીઓમાં બિસ્કિટ, નારંગી તથા કેળાં આણ્યાં.

એ સરસ નાસ્તાની શરૂઆત કરીએ તે પહેલાં જ બ્રહ્મે પીળા ગલગોટાનો માળા કાઢીને મને પહેરાવી દીધી. મને ખબર હતી

માળા પહેરવાની ભારતીય પ્રણાલિ વિશેષ પુરુષો માટે જ સુરક્ષિત રાખવામાં આવે છે, અને એમની અનેરી સૂચિમાં મારી જાતને મેં કદી પણ શામિલ કરી ન હોવાથી મને એથી આશ્ચર્ય થયું તેમ જ મેં એનો ભારે વિરોધ કર્યો.

'પરંતુ મહાશય...' એમણે સ્મિતપૂર્વક વકીલાત કરતાં કહેવા માંડયું : 'મારા ઘરની મુલાકાત લેનાર તથા મારા મિત્ર બનનાર તમે સૌથી પહેલા અંગ્રેજ છો. તમને આવી રીતે સન્માનીને મારો તથા આ સન્નારીનો આનંદ મારે વ્યક્ત કરવો જ જોઈએ.'

મારો વધારે વિરોધ નકામો ગયો. મારા જાકીટની ઉપર નખાયેલા ગલગોટાના હાર સાથે જમીન પર બેસી રહેવાની મને ફરજ પડી. મને એ વાતનો ખરેખર આનંદ થયો કે યુરોપ મારાથી એટલું બધું દૂર છે કે મારા મિત્રોમાંથી કોઈ આ વિચિત્ર દૃશ્ય જોઈને મારી તરફ હસી શકે તેમ નથી.

અમે ચા પીધી, ફળ ખાધાં, અને આનંદપૂર્વક વાતો કરી. બ્રહ્મે મને જણાવ્યું કે ઝૂંપડી તથા એની અંદરનું સામાન્ય ફરનિચર એમણે પોતે જ તૈયાર કર્યું છે. ખૂણામાં પડેલા બાંકડા પરના કાગળોએ મારી જિજ્ઞાસા જાગ્રત કરી તેથી એ સંબંધમાં સ્પષ્ટીકરણ કરવા મેં વિનંતિ કરી. એ કાગળોનો રંગ ગુલાબી હતો અને એમના પર લીલી શાહીમાં લખાણ હતું. બ્રહ્મે એમાંથી થોડા કાગળ ઉપાડયા. મને લાગ્યું કે એ તામિલ ભાષામાં લખેલા છે. મારી સાથેના શિક્ષકે એમનું નિરીક્ષણ કર્યું, પરંતુ એમને વાંચવાનું અઘરું લાગ્યું અને સમજવાનું તો એથી પણ વધારે અઘરું. એમણે માહિતી આપી કે એ જૂના જમાનાની તામિલ ભાષામાં લખેલા છે. પહેલાંના વખતમાં લખવા માટે તામિલના એ રૂપનો ઉપયોગ થતો, પરંતુ હવે એને બહુ ઓછા લોકો જ સમજી શકે છે. વધારામાં એમણે એમ પણ કહ્યું કે તામિલ સાહિત્ય ને તત્ત્વજ્ઞાનના મોટા મોટા ગ્રંથો કમનસીબે એ જ ભાષામાં લખાયેલા છે.

એને ઊંચી તામિલ ભાષા કહેવામાં આવે છે. મધ્યકાલીન અંગ્રેજી આજના સામાન્ય અંગ્રેજી જાણનાર માટે મુશ્કેલી ઊભી કરે છે તેથી પણ વધારે મુશ્કેલી આજના વપરાશની તામિલ ભાષામાં જાણનારની આગળ એને લીધે ઊભી થાય છે.

'આ કાગળો મેં મોટે ભાગે રાતે લખ્યા છે.' બ્રહ્મે કહેવા માંડયું : 'કેટલાક કાગળોમાં મારા યોગના અનુભવોને પરિણામે પેદા થયેલી કવિતાઓ લખી છે, અને કેટલાકમાં મારા હૃદયધર્મને વાચા આપતાં લાંબાં કાવ્યો છે. થોડાક યુવકો એમને મારા શિષ્યો માને છે. એ અવારનવાર અહીં આવીને આ લખાણોનું ઉચ્ચ સ્વરે ગાન કરે છે.'

બ્રહ્મે લાલલીલી શાહીથી લખેલા અને લીલી રેશમી પટીથી બાંધેલા આછા ગુલાબી કાગળોનો કળાત્મક લાગતો લેખ લીધો અને મને સસ્મિત અર્પણ કર્યો.

'આની રચના મેં ખાસ કરીને તમારે માટે જ કરેલી છે.' એમણે જાહેર કર્યું.

પેલા યુવાન દુભાષિયાએ મને કહ્યું કે એ ચોર્યાસી લીટીની કવિતા છે. એનો આરંભ અને અંત મારા નામના નિર્દેશથી થતો હતો; પરંતુ એથી વધારે એ ભાગ્યે જ કાંઈ કહી શક્યો. વચ્ચે-વચ્ચેના કેટલાક શબ્દોના અર્થ કરી બતાવી એણે કહેવા માંડયું કે એ કવિતામાં દેખીતી રીતે જ કોઈ જાતનો અંગત સંદેશો સમાયેલો હોવા છતાં એ એટલી બધી અઘરી તામિલ ભાષામાં લખાયેલી છે કે એનો સમ્યક અનુવાદ કરવાની શક્તિ એનામાં નથી જ. ગમે તેમ પણ એ અણધારી ભેટ મેળવીને મને અતિશય આનંદ તો થયો જ. ખાસ તો એટલા માટે કે એ યોગીની શુભેચ્છાનું પ્રતીક હતું.

મારી મુલાકાતની પ્રારંભિક વિધિ પૂરી થઈ એટલે પેલી વૃદ્ધ સ્ત્રી વિદાય થઈ અને અમે ગંભીર વાતચીત શરૂ કરી. યોગમાં

ભારે મહત્ત્વનો ભાગ ભજવનારી, ગુપ્ત રહસ્યથી ઢંકાયેલી, પ્રાણાયામની ક્રિયાને સમજવાની મેં નવેસરથી કોશિશ કરી. બ્રહ્મે ખેદપૂર્વક જાહેર કર્યું કે હમણાં કોઈ બીજી ક્રિયા તો નહિ બતાવી શકાય, પરંતુ એમના યોગસિદ્ધાંતો વિશે થોડુંક વધારે સ્પષ્ટીકરણ કરવા પોતે ખુશી છે ખરા.

'એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધી દિવસરાત મળીને દરેક માણસ ૨૧,૬૦૦ શ્વાસ લેતો હોય છે. કુદરતે એ ક્રમ નક્કી કર્યો છે. એટલે એટલા શ્વાસ એણે લેવા જ જોઈએ. ઝડપી, ઉતાવળા અથવા વેગવાળા શ્વાસ લેવાથી એ માપ વધી જાય છે તથા આયુષ્ય ટૂંકું થાય છે. ધીમા, ઊંડા ને શાંત શ્વાસથી એની કરકસર થાય છે ને જીવન લંબાય છે. સાચવી રાખેલા પ્રત્યેક શ્વાસમાંથી એક મોટી અનામત શક્તિ પેદા થાય છે, અને એ શક્તિસંગ્રહમાંથી મદદ મેળવીને માણસ વધારે વરસો સુધી જીવી શકે છે. યોગીઓ બીજા માણસો જેટલા વધારે શ્વાસ નથી લેતા. એમને એવા શ્વાસની એટલી જરૂર પણ નથી હોતી. પરંતુ, અફસોસ ! મારી પ્રતિજ્ઞાની ઉપરવટ ગયા વગર હું તમને વધારે કેવી રીતે સમજાવી શકું ?'

યોગીની એ ગુપ્તતાથી હું અકળાઈ ઊઠ્યો. આટલા બધા પ્રયત્નપૂર્વક ગુપ્ત રાખવામાં આવતી વિદ્યામાં ખરેખર કશો કસ ન હોય એ શક્ય છે ખરું ? અને હકીકત જો એવી જ હોય તો, યોગીઓ પોતાના માર્ગને તેમ જ જ્ઞાનભંડારને કૃત્રિમ કુતૂહલખોરો, માનસિક રીતે અપરિપક્વ વ્યક્તિઓ અને આધ્યાત્મિક યોગ્યતાના અભાવવાળા પુરુષોથી શા માટે ગુપ્ત રાખે છે તે સહેલાઈથી સમજી શકાય છે. એવા પુરુષોની સૂચિમાં હું પણ આવી જઈશ અને મારાં કષ્ટો ઉપરાંત નજીવો લાભ મેળવીને આ દેશમાંથી પાછો ફરીશ ?

પરંતુ...બ્રહ્મે ફરી કહેવા માંડ્યું :

'અમારા સંતો પાસે પ્રાણની શક્તિઓની કૂંચીઓ નથી ? એ સારી પેઠે સમજે છે કે શ્વાસ તથા લોહીની વચ્ચે કેટલો નજીકનો

સંબંધ છે. એમને ખબર છે કે મન પણ શ્વાસનું અનુકરણ કેવી રીતે કરે છે અને વિચાર તથા શ્વાસની શક્તિને કામે લગાડીને આત્મભાવની જાગૃતિ કેવી રીતે કરી શકાય છે તેનું રહસ્ય પણ તેમણે પ્રાપ્ત કર્યું છે. શ્વાસ તો શરીરને ટકાવી રાખનારી વધારે સૂક્ષ્મ શક્તિની અભિવ્યક્તિ માત્ર છે એવું નથી લાગતું ? એ શક્તિ અદૃષ્ટ હોવા છતાં શરીરના અગત્યના અવયવોમાં છુપાયેલી પડી છે. એ જ્યારે શરીરમાંથી બહાર નીકળે છે ત્યારે શ્વાસોચ્છ્વાસ બંધ થાય છે અને મૃત્યુ નીપજે છે; પરંતુ શ્વાસ પર કાબૂ મેળવવાથી એ અદૃષ્ટ શક્તિપ્રવાહ પર વત્તોઓછો કાબૂ પ્રાપ્ત કરવાનું સહજ બને છે. છતાં, શરીર પર પૂરેપૂરો કાબૂ મેળવવામાં આવે, અને એટલી હદ સુધી કાબૂ પ્રાપ્ત કરવામાં આવે કે છાતીના ધબકારાનું પણ નિયમન થઈ શકે તોપણ, આ યોગપદ્ધતિનો સંદેશ પૂરો પાડતી વખતે અમારા પ્રાચીન ઋષિમુનિઓનું ધ્યાન કેવળ શરીર અને એની શક્તિઓ તરફ જ હતું એવું માનો છો ?'

પ્રાચીન ઋષિમુનિઓ અને એમના હેતુ વિશેની મારી બધી જ માન્યતા મારા મનમાં એકાએક પેદા થયેલી તીવ્ર આતુરતાના આવેગમાં અદૃશ્ય થઈ ગઈ.

'તમારા હૃદયની ગતિ પર તમે કાબૂ મેળવી શકો છો ખરા ?' મેં આશ્ચર્યોદ્‌ગાર કાઢ્યો.

'મારા પોતાની મેળે કામ કરતા અવયવો હૃદય, પેટ તથા મૂત્રપિંડ પર મેં કેટલેક અંશે કાબૂ મેળવી લીધો છે.' એમણે બણગાં ફૂંકવાની સહેજ પણ વૃત્તિ વગર, શાંતિથી ઉત્તર આપ્યો.

'તે તમે કેવી રીતે કરી શકો છો ?'

'કેટલાંક આસનો, પ્રાણાયામ ને ઇચ્છાશક્તિને વધારનારી પ્રક્રિયાઓની સંયુક્ત સાધનાથી એવી શક્તિ મળી શકે છે. એ સાધના યોગની આગળની ભૂમિકાની સાધના છે. એ એટલી બધી કઠિન છે કે બહુ જ ઓછા લોકોથી થઈ શકે. એ અભ્યાસક્રમની

મદદથી મેં હૃદયમાં કામ કરતી માંસપેશીઓ પર થોડોક કાબૂ મેળવ્યો છે અને એ માંસપેશીઓની મદદથી આગળ વધીને બીજા અવયવોને વશ કરવામાં મેં સફળતા મેળવી છે.'

'એ ખરેખર અસાધારણ કહેવાય.'

'તમને એવું લાગે છે? તો હૃદયથી થોડેક ઉપર, મારી છાતી પર, તમારો હાથ મૂકો અને એને ત્યાં જ રાખી મૂકો.' એમ કહીને બ્રહ્મ પોતાની બેઠક બદલી અને અવનવું આસન કરીને આંખ મીંચી દીધી.

એમની આજ્ઞા માથે ચડાવીને મેં શું થાય છે તેની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરવા માંડી. થોડી મિનિટો સુધી એ પથ્થર જેવા અચળ અથવા સ્થિર રહ્યા. એ પછી એમના હૃદયના ધબકારા ધીમેધીમે ઘટવા માંડ્યા. એ મંદ પડતા ગયા તે જોઈને મને નવાઈ લાગી. એમના હૃદયની સંવાદી પ્રવૃત્તિ તદ્દન બંધ પડી ગઈ એનો સ્પષ્ટ અનુભવ કરવાથી મારા સ્નાયુઓમાં ઝણઝણાટી શરૂ થઈ. કુતૂહલભરી સાત સેકંડ સુધી એવી દશા રહી.

મેં ભ્રમિત થયેલા હોવાનો ઢોંગ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ હું એવો તો અસ્વસ્થ બની ગયેલો કે મારો પ્રયાસ નિરર્થક છે એની મને ખાતરી થઈ. દેખીતા મરણની દશામાંથી એમનો અવયવ પુનર્જીવિત થયો એ જાણીને મને રાહત મળી. છાતીના ધબકારા વધવા માંડ્યા અને લાંબે વખતે કોઈ પણ પ્રકારની તકલીફ વગર પહેલાં જેવી સામાન્ય દશા શરૂ થઈ.

પોતાની આત્મલીન અચળ અવસ્થામાંથી યોગી થોડી મિનિટો પછી જાગ્રત થયા. ધીમેથી આંખ ખોલી એમણે પ્રશ્ન કર્યો :

'તમે હૃદયને બંધ થતું અનુભવ્યું?'

'હા. ખૂબ જ સ્પષ્ટ રીતે અનુભવ્યું.' મારી ખાતરી હતી કે એમના પ્રયોગમાં કશું ભ્રાંતિજનક નહોતું. મને એ વાતની નવાઈ

લાગી કે પોતાની અંદરની યંત્રશક્તિની મદદથી બ્રહ્મ યોગની બીજી કઈ અદ્‌ભુત કરામતો કરી બતાવશે ?

મારા અવ્યક્ત વિચારનો ઉત્તર આપતા હોય તેમ બ્રહ્મે કહેવા માંડયું :

'મારા ગુરુદેવ જે કરી શકે છે તેની સાથે સરખાવતાં આની વિસાત કશી જ નથી. એમની એકાદ ધોરી નસને તોડી નાખીએ તોપણ તે પોતાના લોહીનો પ્રવાહ ચાલુ રાખી શકે છે. એ પ્રવાહને એ બંધ પણ કરી શકે છે. મારા લોહીને કેંક અંશે કાબૂમાં લાવવાની શક્તિ મને પણ સાંપડી છે ખરી, પરંતુ એટલો બધો સંયમ મારાથી નથી થઈ શકતો.'

'એ કાબૂનું પ્રદર્શન કરી શકશો ?'

એમણે મને પોતાનું કાંડું પકડી રાખવાની અને ત્યાંની નસ માંથી વહેતા લોહીપ્રવાહનો અનુભવ કરવાની વિનતિ કરી. મેં એમની વિનતિનો સ્વીકાર કર્યો.

બે કે ત્રણ મિનિટમાં તો મારા અંગૂઠાની નીચે પેદા થતો ધ્વનિ મંદ પડવા માંડયો. થોડી વારમાં એ ધ્વનિ તદ્દન બંધ પડી ગયો. બ્રહ્મે પોતાની નાડીના ધબકારાને શાંત કરી દીધા.

એમની નાડીનો લોહીપ્રવાહ ફરી ચાલુ થાય તે માટે મેં ભારે ઉત્સુકતાપૂર્વક રાહ જોવા માંડી. એક મિનિટ સુધી કાંઈ જ ન બન્યું. બીજી મિનિટ પણ, પ્રત્યેક સેકંડનું બરાબર ધ્યાન રાખ્યું તોપણ, ઘડિયાળ પરથી પસાર થઈ ગઈ. ત્રીજી મિનિટ પણ એવી જ રીતે નિષ્ફળ ગઈ. ચોથી મિનિટ અડધી પૂરી થવા આવી ત્યારે નસની અંદરની પ્રવૃત્તિ આછીપાતળી શરૂ થઈ એવું લાગવા માંડયું. મારી મૂંઝવણ દૂર થઈ. થોડા વખતમાં તો નાડીના ધબકારા પહેલાંની પેઠે શરૂ થયા.

'કેટલું બધું આશ્ચર્યકારક ?' મેં આકસ્મિક ઉદ્‌ગાર કાઢયો.

'એ તો કશું જ નથી.' એમણે નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો.

'આજનો દિવસ અવનવા પ્રયોગોનો દિવસ લાગે છે. તમે બીજો પ્રયોગ નહિ કરી બતાવો ?'

બ્રહ્મ જરા ખચકાયા.

'ફક્ત એક પ્રયોગ વધારે કરી બતાવું છું.' એમણે આખરે કહ્યું : 'એથી સંતોષ માનજો.'

વિચારમાં લીન બનીને જમીન પર જોઈ રહ્યા પછી એમણે જાહેર કર્યું :

'હવે હું શ્વાસને બંધ કરી દઈશ.'

'પરંતુ એ દશામાં તમારું મૃત્યુ થશે.' મેં અસ્વસ્થ બનીને કહી નાખ્યું.

મારા ઉદ્‌ગારોની ઉપેક્ષા કરતાં એ હસવા લાગ્યા.

'તમારો હાથ મારા નાકની નીચે રાખી મૂકો.'

મેં તરત જ એમના આદેશનું પાલન કર્યું. એમણે બહાર કાઢેલી ગરમ હવા મારા હાથની ચામડીને અવારનવાર અડવા લાગી. બ્રહ્મે આંખ બંધ કરી. એમનું શરીર સ્થિર મૂર્તિ જેવું બની ગયું. એમણે જાણે કે સમાધિદશામાં પ્રવેશ કર્યો. મારા હાથનો પાછલો ભાગ એમના નાક નીચે અડાડી રાખીને હું બેસી રહ્યો. કબરની કોઈક મૂર્તિની જેમ એ શાંત અને લાગણીહીન બની ગયા. ખૂબ જ ધીમેથી છતાં ખૂબ જ સ્પષ્ટતાપૂર્વક એમના શ્વાસની ગતિ મંદ પડવા લાગી. આખરે એ એકદમ બંધ પડી ગઈ.

મેં એમના નાક અને હોઠનું નિરીક્ષણ કર્યું. એમના ખભા તથા છાતીની તપાસ કરી. પરંતુ ક્યાંય પણ શ્વાસોચ્છ્વાસની બહારની નિશાની ન દેખાઈ મને ખબર હતી કે એ પરીક્ષા પૂરતી નથી. વધારે ઊંડી પરીક્ષા કરવાની મારી ઇચ્છા હતી. પરંતુ એ પરીક્ષા કેવી રીતે કરવી ? મારું મગજ ઝડપથી કામ કરવા માંડ્યું.

ઓરડામાં કચરાય અરીસો નહોતો; પરંતુ ત્યાં પડેલી પિત્તળ
નાની ઊજળી રકાબી એનું કામ કરી શકે એમ હતી. એ રકા
મેં એમના નાક તથા હોઠ આગળ થોડો વખત પકડી રાખી. એ
ચળકાટને કોઈ પણ પ્રકારના ભેજની કે કશાની અસર ન થઈ.

એક શાંત પરંપરાગત શહેરની પાસેના આ શાંત જૂનાપુરાણ
ઘરમાં, પશ્ચિમના વિજ્ઞાનને એની ઇચ્છાની વિરુદ્ધ એક દિવસ જે
સ્વીકાર કરવા માટે બાધ્ય બનવું પડશે એવી કશીક મહત્ત્વની વસ
સાથે મારો સંબંધ બંધાયો છે એમ માનવાનું મને અશક્ય લાગ્યુ
પરંતુ મારી પાસે પાકો પુરાવો પડ્યો હતો. યોગ કિંમત વિન
કપોલકલ્પિત વાતો કરતાં ખરેખર કાંઈક વધારે છે.

બ્રહ્મ આખરે સમાધિ જેવી દશામાંથી બહાર આવ્યા ત્ય
થોડાક શ્રમિત લાગ્યા.

'તમને સંતોષ થયો?' પરિશ્રમભરેલા સ્મિત સાથે એમ
પ્રશ્ન કર્યો.

'મને સંતોષ કરતાં વધારે મળ્યું છે. પરંતુ તમે આવું કે
રીતે કરી શકો છો તે મને નથી સમજાતું.'

'એનું સ્પષ્ટીકરણ કરવાની મને મના કરવામાં આવી
યોગના અભ્યાસમાં આગળ વધતાં પ્રાણનો સંયમ કરવાનું શીખવ
આવે છે. ગોરા લોકોને એ માટે મહેનત કરવાનું મૂર્ખતાભર્યું
સંભવ છે, પણ અમારે મન એની અગત્ય ઘણી મોટી છે

'પરંતુ અમને તો હંમેશાં શીખવવામાં આવે છે કે શ્વ
વિના કોઈ જીવી શકે જ નહિ. એ વિશ

હું મૂંઝાઈ રહ્યો છું. તમને બધું સમજાવવાની રજા ન
તોપણ, તમારા પ્રયોગોની પાછળના સિદ્ધાંત પર થોડોક
ાશ પાડી શકશો?'

'જુઓ ત્યારે. કેટલાંક પશુઓનું નિરીક્ષણ કરવાથી આપણને
ઠ મળે છે. શિક્ષણ કે બોધપાઠ આપવા માટેની મારા ગુરુદેવની
પ્રિય પદ્ધતિ છે. વાંદરા કરતાં હાથી ખૂબ ધીમેથી શ્વાસ લે છે,
પણ તે વધારે જીવે છે. કેટલાક મોટા સાપ કૂતરા કરતાં છેક જ
મેથી શ્વ સ લે છે તોપણ ઘણું વધારે જીવે છે. એવી રીતે પશુઓ
વે છે કે ધીમા શ્વાસથી આયુષ્યમાં વધારો થઈ શકે છે. જો
ટલી વાત સમજાઈ ગઈ હોય તો આગળની વાત સમજતાં વાર
હે લાગે હિમાલયમાં શિયાળા દરમિયાન ઊંઘનારાં ચામાચીડિયાં
ય છે તે પર્વતોની ગુફાઓમાં અઠવાડિયાં સુધી લટકે છે તોપણ
ચી ન જાગે ત્યાં સુધી એકે શ્વાસ નથી લેતાં. હિમાલયનાં રીંછ
ણ કેટલીક વાર શિયાળાની ઋતુમાં ગાઢ નિદ્રામાં ડૂબી જાય છે.
મનાં શરીર ઉપરથી જોતાં અચેતન બની જાય છે. હિમાલયની
ડી ગુફાઓમાં, એક જાતની શાહુડી શિયાળામાં ખોરાક નથી
ોતો ત્યારે, મહિનાઓ સુધી ઊંઘી જાય છે. તે દરમિયાન શ્વાસ-
ા બંધ થઈ જાય છે. એ પ્રાણીઓ કેટલાક વખત સુધી શ્વાસ
ા છતાં જો જીવી શકતાં હોય તો મનુષ્યો એવું શા માટે ન
કે?'

ચિત્ર તથ્યોવાળું એમનું નિવેદન રસિક હતું પરંતુ એમના
ું ખાતરીવાળું ન હતું. થોડીક મિનિટોની માહિતી
સ્થિતિમાં શ્વાસ લેવાની ક્રિયા જરૂરી

'જીવન સદાય ચાલુ રહે છે.' એમણે ભારપૂર્વક ઉત્તર આપ્યો.

'મરણ તો માત્ર શરીરનો સ્વભાવ છે.'

'પરંતુ એનો અર્થ સાચેસાચ એવો તો નહિ જ કરવા માગતા હો કે મૃત્યુને જીતવાનું શકય છે?' મેં અતિશ્રદ્ધાથી પ્રેરિત થયા વિના પૂછ્યું.

બ્રહ્મે મારી તરફ સૂચક દૃષ્ટિપાત કર્યો.

'શા માટે નહિ?' એટલું કહીને એ અટકી ગયા. એમની આંખ માયાળુતાથી મારું નિરીક્ષણ કરવા લાગી.

'તમારામાં કેટલીક શકયતાઓ હોવાથી, અમારાં પ્રાચીન રહસ્યોમાંથી એક તમારી આગળ ખુલ્લું કરીશ. પરંતુ તે પહેલાં તમારે એક શરત કબૂલ કરવી પડશે.'

'કઈ શરત?'

'મારા તરફથી પાછળથી શીખવવામાં આવે તે સિવાયની પ્રાણાયામની કોઈ પણ ક્રિયા તમે પ્રયોગને ખાતર નહિ કરો.'

'કબૂલ છે.'

'તો પછી તમારું વચન પાળવાનું ધ્યાન રાખજો. અત્યાર સુધી તમે એવું માનતા આવ્યા છો કે શ્વાસ લેવાતો તદ્દન બંધ થાય એટલે મૃત્યુ થાય છે?'

'હા.'

'તો પછી એમ માનવું પણ શું તર્કસંગત નથી કે શરીરની અંદર શ્વાસને સંપૂર્ણપણે રોકી રાખવાથી, જ્યાં સુધી શ્વાસ રોકાઈ રહે ત્યાં સુધી જીવન ચાલુ જ રહે છે?'

'ઠીક.'

'એથી વધારે દાવો અમે નથી કરતા. અમારું કહેવું એટલું છે કે પોતાના શ્વાસને ઇચ્છાનુસાર રોકી શકનાર પ્રાણાયામમાં

પારંગત થયેલો પુરુષ એની મદદથી પોતાના જીવનપ્રવાહને સાચવી રાખે છે એ વાતને સમજી શકો છો ?'

'સમજી શકું છું.'

'તો પછી એક સિદ્ધ યોગી જે કેવળ કુતૂહલને ખાતર થોડીક મિનિટ સુધી જ નહિ, પરંતુ અઠવાડિયાં, મહિના ને વરસો સુધી પ્રાણવાયુને રોકી શકે છે તેની કલ્પના કરો. તમે પોતે જ સ્વીકારો કે પ્રાણ હોય ત્યાં જીવન પણ હોવું જોઈએ. તો પછી માણસને માટે દીર્ઘાયુ થવાની સંભાવના કેટલી મોટી છે તે તમે નથી જોઈ શકતા ?'

હું મૂગો બની ગયો. એ વક્તવ્યને હું હાસ્યાસ્પદ કેવી રીતે માની શકું ? છતાં પણ એને સ્વીકારી પણ કેમ શકું ? એ વક્તવ્ય આપણા મધ્યયુગના યુરોપિયન કીમિયાગરોનાં મિથ્યા સ્વપ્નોની સ્મૃતિ નથી કરાવતું ? એ સ્વપ્નસેવીઓએ જીવનને અમર કરવાના કીમિયા શોધવાના પ્રયાસ કર્યા, છતાં વારાફરતી મૃત્યુના મહાશસ્ત્રના શિકાર બન્યા. પરંતુ બ્રહ્મનો પોતાનો દૃષ્ટિકોણ જો ચોખ્ખો હોય તો તે મને છેતરવાની કોશિશ શા માટે કરે ? એમણે મારા સંસર્ગની ઇચ્છા નથી રાખી અને શિષ્યોને બનાવવાનો પ્રયત્ન પણ એ નથી કરતા.

મારા મગજમાં એક વિચિત્ર ભયની ભાવના પેદા થઈ. જો તે પાગલ જ હશે તો ? પરંતુ ના. બીજી વાતોમાં એ ખૂબ જ સમજદાર ને તર્કબદ્ધ લાગતા હતા, એ ભૂલ્યા છે એવું માનવું શું વધારે સારું નહિ થાય ? પરંતુ એ નિર્ણય પર પહોંચવાનું પણ મને ઠીક ન લાગ્યું. મારી ગૂંચવણનો પાર ન રહ્યો.

'મારા કહેવામાં તમને વિશ્વાસ નથી આવતો ? એ ફરી બોલ્યા : 'રણજિતસિંહ દ્વારા લાહોરના ભોંયરામાં દાટવામાં આવેલા પેલા ફકીરની વાત તમે નથી સાંભળી ? એ યોગીને અંગ્રેજ લશ્કરી અમલદારોની હાજરીમાં જ જમીનની અંદર રાખવામાં આવેલા અ

છેલ્લા શીખ રાજા રણજિતસિંહે એ બધું નજરે જોયેલું. યોગીની એ જીવંત સમાધિ પર સૈનિકોએ છ અઠવાડિયાં સુધી પહેરો ભરેલો. પરંતુ યોગી એ સમાધિમાંથી જીવંત અને સ્વસ્થ દશામાં બહાર આવેલા. એ હકીકતની તપાસ કરજો, કારણ કે તમારી સરકારના દસ્તાવેજોમાં કયાંક એ બધું લખવામાં આવ્યું છે. એ યોગીને પોતાના પ્રાણ પર પૂરો કાબૂ હતો, અને મૃત્યુના ભય વિના તેને, ઇચ્છાનુસાર રોકી રાખવાની તેમની શક્તિ હતી. તે છતાં એ સંપૂર્ણ સિદ્ધ તો ન જ હતા, કારણકે એમના પરિચયમાં આવેલા એક વૃદ્ધ પુરુષ દ્વારા જાણવા મળ્યું છે કે એમનું ચારિત્ર્ય સારું નહોતું. એમનું નામ હરિદાસ હતું, અને એ ઉત્તર ભારતમાં નિવાસ કરતા. એ મહાપુરુષ જો એવી હવા વગરની જગ્યામાં એટલા લાંબા વખત સુધી શ્વાસ લીધા વિના રહી શકયા તો પછી એકાંતમાં અભ્યાસ કરનારા અને કેવળ સુવર્ણ મેળવવા માટે એવા અદ્‌ભુત પ્રયોગો નહિ કરનારા સમર્થ યોગી પુરુષો તો કેટલું બધું વધારે કરી શકે ?

અમારી વાતચીતને અંતે ઊંડી શાંતિ ફેલાઈ રહી.

'અમારી યોગવિદ્યાથી મેળવી શકાય એવી બીજી પણ કેટલીક આશ્ચર્યકારક સિદ્ધિઓ છે, પરંતુ આ અધોગતિના વખતમાં એમને મેળવવા માટેની મોટી કિંમત કોણ ચૂકવી શકે તેમ છે ?'

તેઓ ફરી વાર શાંત થયા.

'રોજિંદા જીવનમાં અમારે એવી સિદ્ધિઓની પ્રાપ્તિ કરવા સિવાય બીજું ઘણુંય કરવાનું હોય છે.' મારા વિચારોના બચાવનો પડઘો પાડતાં મેં કહેવાનું સાહસ કર્યું.

---

* (પાછળથી એ હકીકતની તપાસ કરવાથી જણાયું કે એ બનાવ ઈ. સ. ૧૮૩૭માં લાહોરમાં બનેલો. યોગીને રાજા રણજિતસિંહ, સર કલોડ વાડે, ડોક્ટર હોનિગ્બર્જર અને બીજાની રૂબરૂ જમીનમાં દાટવામાં આવેલા. કોઈપણ પ્રકારનું છળકપટ થતું અટકાવવા માટે એમની સમાધિ આગળ દિવસરાત શીખ સૈનિકોનો પહેરો રહેતો. ચાલીસ દિવસ પછી યોગીને જીવતા બહાર કાઢવામાં આવેલા. એની સંપૂર્ણ માહિતી કલકત્તામાં રખાયેલા દસ્તાવેજો પરથી મળી શકે છે)

'બરાબર છે.' બ્રહ્મે મંજૂર રાખ્યું : 'શરીરસંયમની આ સાધના બહુ જ ઓછા માણસો માટે છે. એટલા માટે તો એ વિદ્યાના આચાર્યોએ સૈકાઓથી એને એક ગુપ્ત રહસ્ય તરીકે સાચવી રાખી છે. શિષ્યોની શોધ એ ભાગ્યે જ કરતા હોય છે : શિષ્યોએ એમની શોધ કરવી પડે છે.'

\+ \+

અમે બીજી વાર મળ્યા ત્યારે બ્રહ્મે મારા મકાનની મુલાકાત લીધી. સાંજનો સમય હોવાથી અમે થોડી વાર પછી ભોજન કરવા ઊભા થયા. ભોજન તથા એ પછીની થોડીક વિશ્રાંતિ પછી અમે ચાંદનીવાળી ઓસરીમાં ગયા. ત્યાં હું આરામખુરસી પર બેઠો, અને યોગીએ જમીન પરની સાદડી પર બેસવાનું જ ઠીક ગણ્યું.

પૂનમના ચંદ્રના ઉજ્જવળ પ્રકાશનો આનંદ લેતા થોડાક સમય સુધી અમે શાંત રહ્યા.

અમારી છેલ્લી મુલાકાતની આશ્ચર્યકારક ઘટનાઓનું સ્મરણ હોવાથી, મૃત્યુની સામે સ્મિત કરનારા માનવોનાં ના માનવા જેવી વાત મેં નવેસરથી ઉપાડી.

'કેમ નહિ?' બ્રહ્મે પોતાનો પ્રિય સવાલ પૂછીને કહ્યું : 'અમારા હઠયોગમાં સિદ્ધ થયેલા એક મહાપુરુષ દક્ષિણમાં નીલગિરિ ટેકરીઓમાં નિવાસ કરે છે. એમનો નિવાસ છોડીને એ કચારેય બહાર નથી નીકળતા. ઉત્તરમાં હિમાલયની ગુફામાં ઘર કરીને એક બીજા યોગી પણ વાસ કરે છે. એ મહાપુરુષો જગતથી ઉદાસીનભાવે રહેતા હોવાથી, એમનું દર્શન તમને નહિ થઈ શકે. છતાં એમના અસ્તિત્વની વાતો અમને પરંપરાથી પ્રાપ્ત થતી આવી છે, અને અમને કહેવામાં આવ્યું છે કે એમણે પોતાના જીવનને સૈકાઓ સુધી લંબાવ્યું છે.'

'તમને શું આ બધું સાચું લાગે છે?' મેં શંકાનો વિરોધી સૂર કાઢતાં કહ્યું.

'કોઈ પણ પ્રકારની શંકા વગર. મારી આગળ મારા પોતાના ગુરુનો દેખીતો દાખલો શું નથી પડ્યો ?'

દિવસો સુધી મારા મનમાં રહેલો પ્રશ્ન હવે આગળ આવ્યો. અત્યાર સુધી એ પૂછતાં મને સંકોચ થતો, પરંતુ અમારી મિત્રતા હવે એટલી ઘનિષ્ઠ બની ગઈ હતી કે એ પ્રશ્ન પૂછવાની મેં હિંમત કરી. યોગી તરફ નિખાલસતાથી જોઈ મેં પ્રશ્ન કર્યો :

'બ્રહ્મ ! તમારા ગુરુ કોણ છે ?'

એકાદ ક્ષણ નિરુત્તર રહીને એ મારી તરફ તાકી રહ્યા. એમણે મારી તરફ સંકોચ સાથે જોયા કર્યું.

પછી એમણે શાંત ને ગંભીર સ્વરમાં કહેવા માંડ્યું :

'એમના દક્ષિણી શિષ્યો એમને યેરુમ્બુ સ્વામી એટલે કે કોડી ગુરુને નામે ઓળખે છે.'

'કેવું અજબ જેવું નામ ?' મેં એકાએક ઉદ્‌ગાર કાઢ્યો.

'મારા ગુરુ ચોખાનો લોટ ભરેલી થેલી રાખે છે. એ લોટ એ જ્યાં હોય ત્યાં બધે જ કીડીઓને ખવડાવે છે. પરંતુ ઉત્તરમાં અને હિમાલયનાં ગામડાંમાં એ રહેતા હોય છે ત્યારે એ બીજે નામે સંબોધાય છે.'

એ તમારા હઠયોગમાં પરિપૂર્ણતાએ પહોંચેલા છે ?'

'જરૂર.'

'અને તમે સાચે જ માનો છો કે એમની ઉંમર...?'

'મને ખાતરી છે કે એમની ઉંમર ચારસો વરસ ઉપરની છે.' બ્રહ્મે શાંતિપૂર્વક વાક્ય પૂરું કર્યું.

ફરી પાછી શાંતિ પથરાઈ રહી.

મેં એમની તરફ મંત્રમુગ્ધ બનીને જોવા માંડ્યું

'મોગલ સમ્રાટોના જમાનામાં જે થયું તેનું વર્ણન એમણે કેટલીય વાર કરી બતાવ્યું છે.' યોગીએ આગળ ચલાવ્યું : 'અને ઈસ્ટ ઈંડિયા કંપની સૌથી પહેલાં મદ્રાસ આવી તે દિવસોની વાતો પણ એમણે કહી બતાવી છે.'

પશ્ચિમના શંકાશીલ કાન આ નિવેદનોનો સ્વીકાર નહિ જ કરી શકે.

'પરંતુ ઇતિહાસનું પુસ્તક વાંચનાર કોઈ પણ બાળક એવી વાતો કહી શકે.' મેં વળતાં કહ્યું.

બ્રહ્મ મારી ટીકાની અવગણના કરીને કહેવા માંડયું: 'મારા ગુરુને પાણીપતનું પહેલું યુદ્ધ બરાબર યાદ છે અને પ્લાસીની લડાઈના દિવસો પણ એ નથી ભૂલ્યા. મને એનું પણ સ્મરણ છે કે એમના ગુરુભાઈ બેશુદાનંદનો ઉલ્લેખ એક વાર એમણે માત્ર બેંશી વરસના બાળક તરીકે કરેલો.'

એ અવનવી વાત કહેતી વખતે બ્રહ્મનો કાળો, પહોળા નાકવાળો ચહેરો એવો જ નિર્વિકાર રહ્યો. ચોખ્ખી ચાંદનીમાં એ હું બરાબર જોઈ શકયો. આધુનિક વિજ્ઞાને શીખવેલી સંશોધનની નિયમચુસ્ત પદ્ધતિઓથી પોષાયેલું મારું મગજ આવાં વિધાનોનો સ્વીકાર કેવી રીતે કરી શકે? બ્રહ્મ આખરે તો હિંદુ હોવાથી એ પ્રજ્ઞની લોકવાયકાઓને ગળી જવાની ખાસિયતથી પર ન જ હોઈ શકે. એમની સાથે વિવાદમાં ઊતરવું વ્યર્થ છે એમ સમજીને હું શાંત રહ્યો.

યોગીએ ચાલુ રાખ્યું:

'ભારત તથા તિબેટની વચ્ચે આવેલા નેપાળના જૂના મહારાજાના આધ્યાત્મિક સલાહકાર તરીકે મારા ગુરુએ અગિયારથી વધારે વરસ સુધી કામ કરેલું. હિમાલયના પર્વતીય પ્રદેશમાં રહેતાં ગ્રામજનો એમને ઓળખે છે ને પ્રેમ કરે છે. એ એમની સાથે માયાળુતાથી પિતા જેવી રીતે પોતાનાં બાળકો સાથે કરે તેવી રીતે વાત કરે છે. ગ્રામજનોની એ મુલાકાત લે છે ત્યારે એમને એ બધા ઈશ્વરની પેઠે પૂજે છે. નાતજાતના નિયમોનો એ ખ્યાલ નથી કરતા તથા માંસમચ્છી પણ નથી ખાતા.'

'એક માણસ માટે એટલું બધું જીવવાનું કેવી રીતે શકય હોઈ શકે?' મારા વિચારોનો પડઘો સહસા ફરી વાર પડવા માંડયો.

બ્રહ્મને મારી હાજરીનું ભાન ન હોય તેમ તેમણે જરાક છેટે જોવા માંડયું.

'એ ત્રણ રીતે શક્ય છે. પહેલો રસ્તો તો શરીરસંયમ અથવા હઠયોગમાં કહેવામાં આવેલાં બધાં આસનો, બધા પ્રાણાયામોની બધી ગુપ્ત ક્રિયાઓનો અભ્યાસ કરવાની છે. એ અભ્યાસ પૂર્ણતાની પ્રાપ્તિ સુધી અને પોતે જે શીખવે તેને શરીરદ્વારા કરી બતાવે એવા અનુભવી ગુરુની પાસે રહીને કરાવો જોઈએ. બીજો રસ્તો આ વિષયમાં રસ લેનારા સિદ્ધ પુરુષો જેમનું જ્ઞાન ધરાવે છે એવી કેટલીક વિરલ અલૌકિક ઔષધિઓનું નિયમિત રીતે સેવન કરવાનો છે. એ સિદ્ધ પુરુષો એ ઔષધિઓને ગુપ્ત રાખી મૂકે છે અથવા તો પ્રવાસ કરતી વખતે પોતાની કફનીઓમાં સાચવી રાખે છે. એવા સિદ્ધ પુરુષનું શરીર છૂટવાનો સમય આવે છે ત્યારે એ યોગ્ય શિષ્યને ચૂંટી કાઢે છે, એની આગળ બધાં રહસ્યો ખુલ્લાં કરે છે, અને એને ઔષધિઓ અર્પણ કરે છે. બીજા કોઈને એ ઔષધિઓ આપવામાં આવતી નથી. ત્રીજો રસ્તો સમજાવવાનું કામ કઠિન છે.' બ્રહ્મ વચમાં અટકી પડયા.

'તમે સમજાવવાની કોશિશ નહિ કરો?' મેં અરજ કરી.

'તમે મારા શબ્દો સાંભળીને હસવા માંડશો.'

મેં તેમને ખાતરી આપી કે તેમના સ્પષ્ટીકરણનો હું આદરપૂર્વક સ્વીકાર કરીશ.

'ઠીક ત્યારે સાંભળો. માનવના મગજમાં એક નાનું છિદ્ર છે. એ છિદ્ર અથવા કાણામાં આત્માનો નિવાસ છે. એ કાણાને એક ઢાંકણાનું રક્ષણ છે. મેં તમને વારંવાર કહ્યું છે તેમ, કરોડરજ્જુની નીચે અદૃષ્ટ જીવનપ્રવાહનું અસ્તિત્વ છે. એ ચૈતન્યશક્તિ કે જીવનપ્રવાહનો નિરંતર વ્યય થવાથી શરીર ઘરડું કે જીર્ણ થાય છે, પરંતુ એના સંચયથી શરીરમાં નવજીવન પેદા થાય છે અને એને યુવાન રાખે છે. પોતાની જાતને જીતી ચૂકેલો માણસ, અમારી યોગપદ્ધતિમાં

આગળ વધેલા યોગીઓને જ જ્ઞાત હોય છે, એવી કેટલીક ક્રિયાઓથી એના પર કાબૂ મેળવવાનો આરંભ કરી શકે છે. એ જીવનપ્રવાહ કે કુંડલિની શક્તિને ઊર્ધ્વગામી કરીને એ કરોડરજ્જુમાં ઉપર લઈ જાય છે. તે પછી મગજમાં આવેલા એ છિદ્રમાં એકાગ્ર કરવાનો અભ્યાસ કરે છે. છતાં પણ એની આગળના પડદાને હઠાવી દેવામાં મદદરૂપ થનાર ગુરુ ન મળે ત્યાં સુધી એને સંપૂર્ણ સફળતા નથી મળતી. જો એવા ગુરુ એને મળી જાય તો એ અદૃશ્ય શક્તિપ્રવાહ એ છિદ્રમાં પ્રવેશીને દીર્ઘ જીવનરૂપી અમૃતમાં પલટાઈ જાય છે. એ કામ સહેલું નથી, અને એકલે હાથે કરનાર સાધકનો નાશ નોતરનારું નીવડે છે. પરંતુ એમાં સફળ થનાર સાધક પોતાની ઇચ્છા પ્રમાણે ગમે ત્યારે મરણને મળતી દશા મેળવી શકે છે અને એથી ખરેખરું મૃત્યુ આવે ત્યારે એમાંથી વિજયી થઈને બહાર આવે છે. સાચું કહીએ તો મૃત્યુની નજીકની પળની પસંદગી એ ગમે ત્યારે કરી શકે છે, અને કડક કસોટીને અંતે પણ એ કુદરતી રીતે મૃત્યુ પામ્યો હોય એવું લાગી આવે છે. એ ત્રણે માર્ગ કે સાધનને સિદ્ધ-હસ્ત કરી ચૂકેલો માનવ સૈકાઓ સુધી જીવી શકે છે. મને એવું શિક્ષણ મળેલું છે. એના મૃત્યુ પછી એના શરીરમાં જંતુ નથી પડતાં. સો વરસ પછી પણ એના શરીરમાં સડો પેદા થતો નથી.'

બ્રહ્મે કરેલા ખુલાસા માટે મેં એમનો આભાર માન્યો, છતાં મને એથી નવાઈ તો લાગી જ. મને એમાં પુષ્કળ રસ પડ્યો. પણ એની ખાતરી ન થઈ. શરીરશાસ્ત્રને એમના કહેવા પ્રમાણેના જીવનપ્રવાહની ખબર નથી, અને એવા કોઈ અમૃતથી પણ એ અજાણ છે. શરીરશાસ્ત્ર સાથે સંબંધ ધરાવતા ચમત્કારોની એ બધી કથાઓ કેવળ ગેરસમજ કે ભ્રાંતિ છે? એ કથાઓ માણસને દંતકથાઓથી ભરેલા, લાંબુ જીવ-નારા જાદુગરો કે દીર્ઘાયુ તાંત્રિકોના જૂના જમાનામાં લઈ જાય છે. છતાં શ્વાસ તથા લોહીના કાબૂના બ્રહ્મે કરી બતાવેલા પ્રયોગ પરથી એટલું તો પુરવાર થાય છે જ કે યોગની શક્તિઓ કેવળ મનનાં તરંગરૂપ નથી, અને જેમને એમનો પરિચય ન હોય અથવા યોગની

સાધના સાથે લેવાદેવા ન હોય એવાને બનાવટી લાગે તેવા પ્રયોગો કરી બતાવવાની નિઃશંક શક્તિ ધરાવે છે. એ મુદ્દા સિવાયની બીજી વાતો સાથે સંમત થવું એ કામ મારે માટે મુશ્કેલ છે.

મારા માનસિક તર્કવિતર્કનું તોફાન મારા મુખ પર પ્રકટ થવા દીધા સિવાય હું એમનું મન જાણવતો શાંત રહ્યો.

'કબરની નજીક બેઠેલા માણસોને એવી શક્તિઓ મેળવવાની ઇચ્છા વધારે થશે.'

બ્રહ્મ કહેવા માંડયું : 'પરંતુ એમને મેળવવાનો માર્ગ જ ભયાનક છે એ ન ભૂલતા. અમારા ગુરુઓએ એ પ્રક્રિયાઓ વિશે કહ્યું છે કે હીરાની પેટીની પેઠે એમને ગુપ્ત રાખજો.'

'એટલે તમે મારી આગળ તે પ્રકટ નહિ કરો, એમ ?'

'જે સિદ્ધ બનવા માગતા હોય તેમણે દોડવાનો પ્રયત્ન કરતાં પહેલાં ચાલતાં શીખવું જોઈએ.' એમણે આછા સ્મિત સાથે ઉત્તર આપ્યો.

'એક છેલ્લો પ્રશ્ન પૂછું ?'

યોગી બ્રહ્મે હકારમાં માથું હલાવ્યું.

'તમારા ગુરુ અત્યારે ક્યાં છે ?'

'તેરાઈ જંગલની પેલી તરફના નેપાળના પર્વતોમાં આવેલા એક મંદિરમાં એમણે પ્રવેશ કર્યો છે.'

'એ મેદાની પ્રદેશમાં ફરી આવશે ખરા ?'

(આશ્ચર્યકારક નિવેદનો અને શાંત પ્રતિપાદનવાળો એ આખોયે વાર્તાલાપ અત્યારે એક ચિત્રવિચિત્ર સ્વપ્ન જેવો લાગ્યા કરે છે. પુસ્તકમાં એની રજૂઆત કરવાનો અવસર આવ્યો છે ત્યારે બીજા કેટલાક વાર્તાલાપોને મારે ન છૂટકે કાઢી નાખવા પડયા છે તેમ આને પણ કાઢી નાખવાની ઇચ્છા થઈ આવે છે. મને એની શંકા નથી કે એને લીધે કેટલાય બુદ્ધિમાન અંગ્રેજો એશિયાની અંધ માન્યતાઓ પ્રત્યે મોં મચકોડશે. અને પ્રસિદ્ધિ માટે છેવટે મંજૂર રાખવાનું કારણ મારા પોતાના નહિ પરંતુ બીજા લોકોના ચુકાદાનું છે.)

'એમની ગતિવિધિ વિશે પહેલેથી કોણ કહી શકે ? નેપાળમાં એ ઘણાં વરસો સુધી રહે પણ ખરા, કે ફરી વાર સફર પણ શરૂ કરે. નેપાળમાં એમને વધારે ગમે છે, કેમ કે અમારી યોગસાધનાનો વિકાસ ભારત કરતાં ત્યાં વધારે પ્રમાણમાં થાય છે. હઠયોગનું શિક્ષણ પણ જુદા જુદા સંપ્રદાયોમાં જુદું પડે છે. અમે તંત્રમાર્ગમાં માનીએ છીએ, અને એ માર્ગને અહીં કરતાં નેપાળના વાતાવરણમાં વધારે સારી રીતે સમજવામાં આવે છે.'

એટલું કહીને બ્રહ્મે શાંતિ રાખી. મેં અનુમાન કર્યું કે પોતાના ગુરુના કોયડારૂપ વ્યક્તિત્વનો એ ભક્તિપૂર્વક વિચાર કરી રહ્યા છે. આજે રાતે મેં સાંભળેલી આ વાતોમાં જે દંતકથા કરતાં કાંઈક વધારે વાસ્તવિકતા હોય તો તો ખરેખર, બીજી બાજુએ જે ઉંમરની ઉપરવટ થઈ ચૂકેલા અમર માનવોની સૃષ્ટિ છે તેની ઝાંખી સહેલાઈથી કરી શકાય છે.

*

મારી કલમ જો ઝડપથી નહિ ચલાવું તો આ પ્રકરણ કદી પૂરું નહિ કરી શકું. એટલા માટે યોગી બ્રહ્મ સાથેના મારા સંપર્કના છેલ્લા યાદગાર પ્રસંગનું વર્ણન કરવાનો પ્રયાસ કરી લઉં.

ભારતમાં સાંજ પછી રાત જલદી આવે છે. યુરોપની પેઠે ત્યાં સૂર્યાસ્ત પછી બહુ વિલંબ નથી થતો. બગીચાની મદ્દૂલી પર અંધકારનો પડદો પડવા માંડતાં બ્રહ્મે ફાનસ સળગાવ્યું અને છાપરા સાથે લટકાવ્યું. અમે ફરી બેસી ગયા.

પેલી વૃદ્ધા વિધવા સ્ત્રી સમજપૂર્વક ચાલી ગઈ, એથી અમારા શબ્દોનો અનુવાદ કરનાર શિક્ષક તથા યોગી સાથે હું એકલો પડ્યો. અગરબત્તીની સુવાસ આખા ઓરડાને એક પ્રકારના ગહન ધાર્મિક ભાવથી ભરી દેતી હતી.

એ સાંજે વિખૂટા પડવાના ખેદજનક વિચારો મને ઘેરી વળ્યા. એ વિચારો કાઢી નાખવાના નિષ્ફળ પ્રયાસ મેં કર્યા. મારા અંતરમાં જે હતું તે મારે ત્રીજા માણસ દ્વારા કહેવાનું હોવાથી સ્પષ્ટ

રીતે નહોતો કહી શકતો. એમણે કહેલાં અવનવાં સત્યો અને એમના વિચિત્ર સિદ્ધાંતો કેટલે અંશે સત્ય છે તે હું ભાગ્યે જ કહી શકું તેમ હતો, પરંતુ પોતાના એકાંતિક જીવનમાં મને પ્રવેશ કરાવવાની તેમણે તૈયારી બતાવી તે વાતની કદર કર્યા વિના હું ન રહી શક્યો. અવારનવાર મને લાગ્યું છે કે અમારાં હૃદય સહાનુભૂતિ-પૂર્વક એકમેકની પાસે ને પાસે આવી પહોંચ્યાં છે અને એમની સ્વાભાવિક એકાંતિકતાના ભંગનો શો અર્થ થાય છે તે મને હવે સમજાયું છે.

આજે રાતે મારા નજીકના પ્રસ્થાનના બહાના નીચે એમનાં ઊંડાં રહસ્યોનું ઉદ્‌ઘાટન કરવા એમને ઉત્તેજિત કરવાનો એક આખરી પ્રયાસ મેં કરી જોયો.

'શહેરી જીવનનો ત્યાગ કરીને પર્વતો કે જંગલોમાં થોડાંક વરસો સુધી નિવૃત્ત થવા તમે તૈયાર છો?' એમણે મારી તપાસ કરતાં પૂછ્યું.

'બ્રહ્મ, મારે પહેલાં એનો વિચાર કરવો પડશે.'

'તમારી બધી પ્રવૃત્તિ, બધી ક્રિયાઓ, બધી સુખસાહ્યબીનો ત્યાગ કરીને તમારો સમગ્ર સમય યોગસાધનાની અમારી પદ્ધતિ પાછળ વ્યતીત કરવા તૈયાર છો? અને એ પણ થોડાક મહિનાઓ માટે નહિ પરંતુ કેટલાંક વરસો સુધી?'

'મને એવું નથી લાગતું. ના. એને માટે મારી તૈયારી જરા પણ નથી.'

'તો પછી તમને હું વધારે આગળ નહિ લઈ જઈ શકું. હઠયોગની આ સાધના માણસના ફાલતુ વખતની ફક્ત રમતગમત બનવા જેટલી સાધારણ નથી. એ એના કરતાં વધારે ગંભીર છે.'

યોગી બનવાની મારી તકોને મેં સરી જતી ને નહિવત્ બનતી જોઈ. મને ખેદજનક ખાતરી થઈ ગઈ કે વરસોની કઠોર સાધના તથા કડક અને ઉચ્ચ શિસ્તવાળી એ યોગપદ્ધતિ મારે

માટે નથી જ. છતાં શરીરની અલૌકિક સિદ્ધિઓ કરતાં મારા અંતરને બીજું કશુંક વધારે સ્પર્શ કરતું હતું. મને યોગીમાં વિશ્વાસ હતો.

'બ્રહ્મ, આ શક્તિઓ ખરેખર મંત્રમુગ્ધ કરી દે તેવી છે. એક દિવસ તમારી સાધનાના ઊંડાણમાં ઊતરવાનું મને ગમશે. છતાં એની મદદથી મને સનાતન સુખ કેટલા પ્રમાણમાં મળી શકે? યોગની અંદર એના કરતાં પણ કોઈ વધારે સારી વસ્તુ નથી? હું જે કહેવા માગું છું તે સાફ તો છે ને?'

'હું સમજી શકું છું.'

બ્રહ્મે માથું હલાવીને કહ્યું :

અમે બંને હસવા માંડ્યા.

'અમારાં શાસ્ત્રો સૂચવે છે કે વિવેકી સાધકે હઠયોગના અભ્યાસની પૂર્ણાહુતિ પછી રાજયોગના અભ્યાસનો આધાર લેવો.' એમણે ધીમે સ્વરે કહેવા માંડ્યું : 'પહેલા અભ્યાસથી બીજી જાતના અભ્યાસનો માર્ગ મોકળો થાય છે એમ કહી શકાય. ભગવાન શંકર પાસેથી અમારા પ્રાચીન મહાપુરુષોએ એ યોગસિદ્ધાંતો પ્રાપ્ત કર્યા ત્યારે તેમને કહેવામાં આવેલું કે એમનું અંતિમ ધ્યેય ભૌતિક સુખની પ્રાપ્તિનું નથી. એ બધા સમજતા હતા કે શરીરનો જપ મનના વિજયનું પ્રારંભિક પગથિયું છે, અને મનનો વિજય આત્મિક પરિપૂર્ણતાનું સાધન માત્ર છે. એટલે અમારી સાધના આમ તો શરીર સાથે જ સંબંધ રાખીને આગળ વધે છે, પરંતુ શરીરમાં કેદ બની બેસી રહેવાને બદલે આત્મા સુધી પહોંચી જાય છે. મારા ગુરુદેવે મને તેથી જ કહ્યું છે કે પહેલાં હઠયોગનો અભ્યાસ કર, પછી રાજયોગમાં પ્રવેશ કરી શકીશ. શરીર પર કાબૂ મેળવ્યા પછી તે મનના માર્ગમાં અંતરાયરૂપ નથી થતું. વિચારોનો નિરોધ કરવાના કામમાં સીધી રીતે કોઈક વિરલ જ સફળ થઈ શકતા હોય છે. છતાં રાજયોગ અથવા મનોનિગ્રહના

માર્ગમાં કોઈને સીધા જ જવું હોય તોપણ અમને તેની હરકત નથી. અમે એની વચ્ચે આવવા નથી માગતા. એને માટે એ માર્ગ જ બરાબર છે.'

'અને એ યોગ એકલો માનસિક છે?'

'જરૂર. એ સાધનાની મદદથી મનને સ્થિર પ્રકાશમાં પલટાવી, એ પ્રકાશને આત્માના આવાસ તરફ ફેરવવાનો હોય છે.'

'એવી સાધનાની શરૂઆત કેવી રીતે કરી શકાય?'

'એને માટે ગુરુની પ્રાપ્તિ કરવી જોઈએ.'

'ક્યાં?'

બ્રહ્મ મસ્તક હલાવ્યું.

'ભાઈ, જે લોકોને ભૂખ લાગે છે તે ભોજનની શોધ કરે જ છે. જે ભૂખે મરતા હોય છે તે તો ગાંડા માણસની પેઠે શોધે છે. ભૂખ્યાં માણસ ભોજનની ઇચ્છા કરે તેવી રીતે જ્યારે તમારામાં ગુરુની ચાહના પેદા થશે ત્યારે ગુરુ તમને જરૂર મળશે. જે ગુરુને પ્રામાણિકપણે શોધે છે તેમને ગુરુ નક્કી કરેલા વખતે જરૂર મળે છે.'

'તમે એવું માનો છો કે એમાં પ્રારબ્ધ કામ કરતું હોય છે?'

'સાચી વાત છે.'

'મેં કેટલાંક પુસ્તકો વાંચ્યાં છે.'

યોગીએ માથું ધુણાવ્યું.

'ગુરુની મદદ વિના પુસ્તકો કાગળના ટુકડા જેવાં નિર્જીવ થઈ પડે છે. ગુરુનો અર્થ 'અંધકારને દૂર કરનાર' એવો થાય છે. જેના પ્રયત્નો અને જેનું પ્રારબ્ધ સદ્‌ગુરુને મેળવી આપવા જેટલું મદદરૂપ થાય છે તે પ્રકાશને પંથે ઝડપથી આગળ વધી શકે છે; કારણકે શિષ્યને લાભ પહોંચાડવા ગુરુ પોતાની વિશેષ શક્તિઓનો ઉપયોગ કરે છે.'

બ્રહ્મ એ પછી પોતાના છૂટાછવાયા કાગળોના બાંકડા પાસે ગયા અને એક મોટો દસ્તાવેજ કે લેખ લાવી, એ મને સુપરત

કર્યો. એ તાર જેવાં વિશેષ ચિહ્નોથી, ખાસ સંકેતોથી, અને લાલ, લીલી અને કાળી શાહીથી દોરેલી આકૃતિઓથી ભરેલો હતો. કાગળનો ઉપરનો ભાગ ભૂંગળાના જેવી ગોળાકાર મોટી આકૃતિથી શણગારેલો હતો, અને એમાં સૂર્ય, ચંદ્ર અને મનુષ્યની આંખનાં ચિહ્નો હતાં. એ બધાં જ લખાણો અને ચિત્રોની વચ્ચે કાળી છૂટી જગ્યા હતી.

'રાતના થોડા કલાક મેં આને તૈયાર કરવામાં ગાળ્યા છે.' બ્રહ્મે જણાવ્યું: 'તમે ફરી આવો ત્યારે વચ્ચેની છૂટી જગ્યામાં મારો ફોટો ચોંટાડજો.'

એમણે કહ્યું કે રાતે સૂતાં પહેલાં પાંચ મિનિટ જો એ વિચિત્ર દેખાતા છતાં કળાત્મક કાગળ પર મારા મનને સ્થિર કરી શકીશ તો મને એમનું સ્પષ્ટ અને સુંદર સ્વપ્નદર્શન થઈ શકશે.

'આપણાં શરીરની વચ્ચે પાંચ હજાર માઈલનું અંતર હશે તોપણ, આ કાગળ પર તમારા વિચારોને કેન્દ્રિત કરશો એટલે આપણા આત્મા રાતે ભેગા થશે.' એમણે દૃઢતાપૂર્વક કહેવા માંડયું ને સમજાવ્યું કે એ મેળાપ અત્યાર સુધીના શારીરિક મેળાપ જેવો જ સાચો અને વાસ્તવિક હશે.

મેં એમને માહિતી આપી કે મારો સામાન પેક કરેલો છે એટલે થોડા વખતમાં જ હું રવાના થઈશ, અને ફરી પાછો કયારે મળીશ તે કહી શકાય તેમ નથી.

તેમણે કહ્યું કે જે પ્રારબ્ધ આપણે માટે નક્કી થયું હોય તે પૂરું કર્યા વિના છૂટકો નથી. અને પછી નિશ્ચયાત્મક રીતે બોલ્યા:

'તાંજોર જિલ્લામાં બે સાધકો મારી રાહ જુએ છે. તેમને માટે હું વસંત ઋતુમાં આ સ્થાનનો ત્યાગ કરીશ. તે પછીની ઘટનાઓનું અનુમાન તો કોણ કરી શકે? 'તમે જાણો જ છો કે મારા ગુરુદેવ મને એક દિવસ બોલાવી લે એવી હું આશા રાખું છું.'

એ પછી લાંબા વખત સુધી શાંતિ રહી. બ્રહ્મે ગુસપુસ કરતા હોય એવા સ્વરમાં આખરે એ શાંતિનો ભંગ કર્યો. કોઈક નવી હકીકત જાણવાની ઇચ્છાથી પ્રેરાઈને મેં શિક્ષક તરફ જોવા માંડયું.

'કાલે રાતે મારા ગુરુ મારી સામે પ્રકટ થયા. તેમણે મને તમારે વિશે કહેવા માંડયું. તેમણે કહ્યું કે તારા મિત્ર — સાહેબ જ્ઞાન પ્રાપ્તિ માટે ઉત્સુક છે. ગયા જન્મમાં તે આપણી સાથે હતા. તે યોગાભ્યાસ કરતા હતા; પરંતુ આપણી પદ્ધતિ પ્રમાણેનો નહિ. અત્યારે એ અંગ્રેજ થઈને આપણા દેશમાં આવ્યા છે. પહેલાંનું જ્ઞાન એ ભૂલી ગયા છે. છતાં એ વિસ્મૃતિ કામચલાઉ છે. કોઈક ગુરુની કૃપા નહિ થાય ત્યાં સુધી પૂર્વજન્મનું એ જ્ઞાન નહિ જાગે. એ જ્ઞાનની જાગૃતિ માટે ગુરુના અલૌકિક સ્પર્શની આવશ્યકતા છે. એમને કહેજે કે એ વહેલી તકે ગુરુની પ્રાપ્તિ કરશે. તે પછી પ્રકાશ આપોઆપ પેદા થશે એ નિશ્ચિત છે. એમને ચિંતાનો ત્યાગ કરવાનું કહી દે. એ નહિ થાય ત્યાં સુધી તેઓ આ દેશ નહિ છોડી શકે. પ્રારબ્ધનો લેખ એવો જ છે કે આપણને એ ખાલી હાથે નહિ છોડી જાય.'

હું આશ્ચર્યચકિત થઈને પાછો હઠ્યો.

ફાનસનો પ્રકાશ અમારા પર પડી રહ્યો હતો. એ પીળા જેવા પ્રકાશમાં જોઈ શકાયું કે યુવાન દુભાષિયાની મુખાકૃતિ આશ્ચર્યથી ચકિત તથા પ્રભાવિત બની ઊઠી.

'તમે હમણાં ન કહ્યું કે તમારા ગુરુ દૂર નેપાળમાં છે?' ઠપકો દેતો હોઉં તેમ મેં કહેવા માંડયું.

'એ અત્યારે પણ ત્યાં જ છે.'

'તો પછી પૃથ્વી પર એક રાતમાં એ બારસો માઈલની મુસાફરી કેવી રીતે કરી શકે?'

બ્રહ્મે સૂચક સ્મિત કર્યું.

'અમારી વચ્ચે ભારતનું વિશાળ ભૌતિક અંતર હોવા છતાં, મારા ગુરુ સદાય મારી સાથે જ હોય છે. કોઈ પણ પ્રકારના કાગળ કે

સંદેશવાહક વિના મને એમનો સંદેશો મળ્યા કરે છે. એમનો સંકલ્પ હવામાંથી દોડતો આવે છે. એ મને મળે છે અને હું સમજી શકું છું.'

'વિદ્યુત્સંદેશ ?'

'તમે એમ માનો તો એમ.'

મારે ઊઠવાનો વખત થયો હોવાથી હું ઊભો થયો. અમે ચાંદનીમાં છેલ્લો વિહાર કરવા સાથે ચાલી નીકળ્યા, અને બ્રહ્મના મકાનથી બહુ દૂર નહિ એવા મંદિરની પ્રાચીન દીવાલો પાસેથી પસાર થયા. રસ્તા પર પથરાયેલાં સુંદર તાડવૃક્ષોની પંક્તિઓ પાસે આવીને અમે અટકયા. ત્યારે જુદીજુદી અસંખ્ય ડાળીઓમાંથી ચંદ્ર ડોકિયાં કરતો હતો.

વિદાય દેતી વખતે બ્રહ્મે ગણગણાટ કર્યો :

'તમને ખબર છે કે મારી સંપત્તિ ઘણી થોડી છે. આ વસ્તુનું મૂલ્ય મારે મન ઘણું મોટું છે. તે તમે ગ્રહણ કરો.'

ડાબા હાથની ચોથી આંગળી પકડીને એમણે કશુંક કાઢયું. પછી જમણા હાથની હથેળી આગળ ધરી. ચંદ્રનાં કિરણોમાં એની મધ્યમાં મેં એક સોનાની વીંટી ચમકતી જોઈ. લાલ અને ભૂખરા રંગના આંકાવાળા લીલા પથ્થરને આઠ પાતળા અંકોડા વીંટી વળેલા. અમે છૂટા પડતી વખતે ભેટયા ત્યારે બ્રહ્મે એ વીંટી મારા હાથમાં મૂકી. એ એકાએક મળેલી ભેટનો અસ્વીકાર કરવાનો પ્રયાસ મેં કરી જોયો, પરંતુ નિશ્ચયાત્મક રીતે મારા પર દબાણ કરીને મારા ધનકારને એમણે માન્ય ન રાખ્યો.

'યોગની સાધનામાં આગળ વધેલા એક મહાપુરુષે મને આ વીંટી ભેટ આપેલી. એ દિવસોમાં જ્ઞાનની પ્રાપ્તિ માટે હું લાંબા-લાંબા પ્રવાસ કરતો. હવે તમે તેને પહેરી લો એવી મારી પ્રાર્થના છે.'

મેં એમનો આભાર માન્યો અને વિનોદમાં પૂછ્યું :

'આનાથી મારું ભાગ્ય સારું બનશે ?'

'ના. એવું તો નહિ થઈ શકે. પરંતુ આ પથ્થરમાં એક જાતની અલૌકિક શક્તિ છે. એ શક્તિને લીધે તમે મોટા મોટા ગુપ્ત સંતોના સહવાસમાં સહેલાઈથી આવી શકશો, એટલું જ નહિ પણ તમારી પોતાની સુષુપ્ત દૈવી શક્તિને પણ જગાડી શકશો. એ હકીકત સ્વાનુભવથી સમજી શકશો. જ્યારે એવી જરૂર લાગે ત્યારે વીંટીને પહેરી લેજો.'

છેલ્લી મિત્રતાભરી વિદાય પછી અમે અમારે રસ્તે છૂટા પડ્યા.

વિચારોથી વીંટળાયેલા મગજ સાથે મેં ધીમેધીમે ચાલવા માંડ્યું. બ્રહ્મના દૂર રહેતા ગુરુના સંદેશ પર હું વારંવાર વિચાર કરવા માંડ્યો. એ સંબંધમાં શંકા કરવાનું કોઈ કારણ નહોતું. મારી માન્યતા ને શંકાશીલતા વચ્ચે મારા હૃદયમાં તીવ્ર ઘર્ષણ ચાલતું હોવા છતાં મેં બને તેટલી શાંતિ રાખી.

સોનાની વીંટી તરફ દૃષ્ટિપાત કરીને મેં મારી જાતને પૂછ્યું, કે આવી નાનકડી વીંટીમાં આવી શકયતા કેવી રીતે હોઈ શકે? માનસિક કે આત્મિક રીતે મને કે બીજાને એની અસર કેવી રીતે પહોંચી શકે એ મને ન સમજાયું. માન્યતા અંધવિશ્વાસની ઉપરવટ જવા લાગી. છતાં બ્રહ્મને એની શક્તિની સચ્ચાઈમાં ઊંડો વિશ્વાસ હતો. એ શું સંભવિત છે? મારે જાણે કે ઉત્તર આપવા માટે બાધ્ય બનવું પડ્યું કે આ વિચિત્ર દેશમાં બધી જ વસ્તુઓ સંભવિત હોઈ શકે છે. પરંતુ બુદ્ધિ પાછી મદદે દોડી અને પ્રશ્નોની પરંપરા રજૂ કરવા માંડી.

ગહન વિચારમાં ડૂબીને મેં આવેગવશ થઈને આગળ ને આગળ ચાલવા માંડ્યું. એટલામાં તો મને ઠેસ વાગી ને મારું કપાળ ભટકાયું. ઉપર જોયું તો ચિત્તાકર્ષક તાડનું વૃક્ષ દેખાયું. એની ડાળીઓ વચ્ચે આગિયા ઠેકડેકાણે નૃત્ય કરતા હતા.

રાતના આકાશનો રંગ ઘેરો વાદળી હતો. શુક્રનો અત્યંત તેજસ્વી તારો આપણી પૃથ્વીની તદ્દન પાસે દેખાતો. ચાલતી વખતે રસ્તા પર અનંત શાંતિ ફરી વળવા લાગી. એક જાતની ગહન સ્તબ્ધતાએ મને ઘેરી લીધો. વચ્ચેવચ્ચે દેખાતાં અને મારા મસ્તક પરથી પસાર થતાં ચામાચીડિયાં એમની પાંખોને ધીમેથી હલાવતાં હતાં. આખુંય દૃશ્ય આનંદદાયક હતું. એકાદ ક્ષણ સુધી હું ઊભો રહ્યો. ચંદ્રના વિસ્તરતા પ્રકાશમાં સામેથી આવતો માણસ બરાબર ભૂત જેવો જ દેખાતો હતો.

ઘેર પહોંચ્યા પછી મને લાગ્યું કે રાતે મોડે સુધી મારે જાગરણ કરવાનું હતું પરોઢિયાનો સમય પાસે આવ્યો ત્યારે આખરે મને ઊંઘ આવી, અને વિચારોનાં વમળો વિસ્મૃતિની ગર્તામાં ધકેલાઈ ગયાં.

૭

મૌનવ્રતધારી સંતપુરુષ

મારા ઇતિહાસના કાળક્રમમાં ફેરફાર કરીને, એક રસભરી મુલાકાતનું વર્ણન કરવા માટે એકાદ અઠવાડિયું પાછળ જવું પડશે.

મદ્રાસની બહારના પરાના મારા નિવાસ દરમિયાન, મને જેમનામાં રસ હતો તેવા આગળપડતા મહાપુરુષોના મેળાપ માટે અથાક પરિશ્રમ કરવાનું અને શહેરમાંની હિંદી પ્રજાની પૂછપરછ કરવાનું હું ભૂલ્યો નહોતો. મેં ન્યાયાધીશો, વકીલો, શિક્ષકો, વેપારીઓ, અને એકબે પ્રખ્યાત સંતપુરુષો સાથે પણ વાત કરી. મારા મુલાકાતીઓને પણ એ બાબત પૂછી જોયું, અને મારા ધંધામાં રસ લેતા માણસો સાથે પણ થોડા કલાક વાતો કરી. મેં એક સહતંત્રીને શોધી કાઢ્યા. એમણે મને ખાનગીમાં જણાવ્યું કે યુવાવસ્થામાં એ યોગના ઊંડા અભ્યાસી હતા. એ વખતે એમને એક મહાપુરુષનાં ચરણોમાં બેસવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. એ રાજયોગમાં પૂર્ણાવસ્થાએ પહોંચેલા હતા, પરંતુ દસ વરસ પહેલાં એ મહાપુરુષનું અવસાન થયું છે.

અગાઉના એ શિષ્ય ઘણા બુદ્ધિશાળી તથા રસિક હતા, પરંતુ ઉચ્ચ કોટિના યોગીઓની પ્રાપ્તિ ક્યાં થશે તેની માહિતી તે આપી શકે તેમ નહોતા.

એ ઉપરાંત, કેટલીક ઊડતી વાતો, મૂર્ખતા ભરેલી દંતકથાઓ અને નિરાશાજનક વ્યવહાર વિના મને વધારે કશું ભાગ્યે જ મળી શકયું. ક્રાઈસ્ટના જેવા વદન તથા ઝભ્ભાને લીધે આશ્ચર્યકારક અસર પેદા કરી શકે તેવા એક સાધુપુરુષ સાથે મેળાપ થયો. પરંતુ એમણે જણાવ્યું કે એ પોતે જ કોઈ ઉત્તમ પ્રકારના પુરુષની પ્રાપ્તિ માટે પર્યટન કરી રહ્યા છે. પોતાની સારી જેવી ખેતીલાયક જમીનનો ત્યાગ કરીને તે ભિક્ષુક કે પરિવ્રાજક બન્યા હતા. પછાત તથા દુઃખી હિંદીઓની એક કોકાણે બેસીને સેવા કરવાની શરતે પોતાની જમીન એ મને આપવા તૈયાર થયા. પરંતુ અફસોસની વાત તો એ હતી કે હું પોતે જ દુઃખી કે પીડિત હતો. એટલે એ ઉદાર માગણી મેં પાછી વાળી દીધી.

એક દિવસ એક પ્રખ્યાત યોગીપુરુષ વિશે મારા સાંભળવામાં આવ્યું. એ મદ્રાસથી અર્ધો માઈલ જેટલે દૂર રહેતા, છતાં કોઈનો પરિચય પસંદ ન કરતા હોવાથી થોડા લોકો તેમને જાણી શકતા. એમની માહિતી મેળવીને મારી આતુરતા વધી ગઈ અને એમને રૂબરૂ મળવાનો મેં નિર્ણય કર્યો.

ઊંચાઊંચા વાંસના થાંભલાની વાડવાળા ચોરસ કંપાઉન્ડમાં એમનું મકાન હતું. એ મકાન ખેતરના મધ્યભાગમાં તદ્દન એકાકી જેવું ઊભું હતું.

મારા સાથીદારે કંપાઉન્ડ તરફ સંકેત કર્યો.

'યોગી દિવસનો મોટો ભાગ ઊંડા ધ્યાનમાં ગાળે છે, એવું મારા જાણવામાં આવ્યું છે. આપણે દરવાજો ખખડાવીશું કે એમને ઘૂમ પાડીને બોલાવીશું તોપણ તે જંગલીપણામાં ખપશે અને યોગી એ તરફ ધ્યાન પણ નહિ આપે.'

એક સાધારણ દરવાજા દ્વારા અંદર જવાનું હતું. પરંતુ એને મજબૂત તાળું હોવાથી ઘરમાં કેવી રીતે પ્રવેશ કરવો તે ન સમજાયું. વાતાવરણમાં સંપૂર્ણ શાંતિ હતી. અમે ખેતરની આજુબાજુ આંટા

માર્યા. બાજુની પડતર જેવી જમીનથી જરા દૂર ગયા, અને આખરે યોગીના સેવકના ઘરની માહિતી ધરાવતા એક છોકરાને પકડી પાડ્યો. લાંબી સફર પછી અમે એમના સ્થાન પર આવી પહોંચ્યા.

એ માણસ એક પગારદાર નોકર હતો. એની પત્ની તથા બીજાં કેટલાંય બાળકો એનું અનુકરણ કરતાં અમને જોવા બહાર આવ્યાં. અમે એની આગળ અમારી ઇચ્છા પ્રદર્શિત કરી, પરંતુ અમને મદદ કરવાની એણે ના પાડી. એણે દૃઢતાપૂર્વક કહ્યું કે મૌનવ્રતધારી સંતપુરુષ છૂટાછવાયા મુલાકાતીઓને નથી મળતા, પરંતુ તદ્દન એકાંતમાં રહે છે. એમના દિવસો ઊંડી ધ્યાનાવસ્થામાં પસાર થઈ રહ્યા હોવાથી, જો દરેકને એમના એકાંતમાં ભંગ પાડવાની અનુજ્ઞા આપવામાં આવે તો, એમને મોટું નુકસાન થાય.

નોકરને મેં મને અપવાદરૂપ ગણવા કહી જોયું, પણ એ એવો જ અચળ રહ્યો. અમને જો યોગીના મકાનમાં પ્રવેશ કરવાની રજા આપવામાં નહિ આવે તો સરકારને વચ્ચે પડવું પડશે, એવી અયોગ્ય ધમકી પણ એકમેકની સામે આંખના ઈશારા કરતાં મારા મિત્રે આપી જોઈ. એ પછી ગરમાગરમ ચર્ચા ચાલી. ધમકીની સાથેસાથે મેં ઉદ્ધાર બક્ષીસનું પ્રલોભન પણ રજૂ કર્યું, અને એને પરિણામે નોકરે તરત જ નમતું મૂકયું ને એ ફૂંચી લઈને આવી પહોંચ્યો. મારા સાથીદારે જણાવ્યું કે એ એક પગારદાર નોકર જ છે; કારણ કે જો તે સંતપુરુષનો વ્યક્તિગત શિષ્ય હોત તો ધાકધમકી કે પૈસાના પ્રલોભનથી પણ ન ચળ્યો હોત.

કંપાઉન્ડના દરવાજા પાસે આવીને નોકરે લોઢાનું મોટું તાળું ઉઘાડી નાખ્યું. નોકરે જણાવ્યું કે સંતની પાસેની વસ્તુઓ એટલી બધી ઓછી છે કે એમને તાળાકૂંચીની જરૂર નથી પડતી. એમને બહારથી બંધ કરવામાં આવે છે. દિવસમાં બે વાર નોકર એમની મુલાકાત લે છે ત્યારે જ એ બહાર નીકળી શકે છે. અમને વધુમાં એવી માહિતી મળી કે સંતપુરુષ આખા દિવસ દરમિયાન એમની

સમાધિમાં મગ્ન રહે છે, પરંતુ સાંજે થોડાંક ફળ, મીઠાઈ ને એકાદ પ્યાલો દૂધ લે છે. કેટલીક સાંજ એવી જાય છે કે જ્યારે એ ખોરાકને અડતા પણ નથી. અંધારું થતાં કોઈ કોઈ વાર એ સંતપુરુષ પોતાની કુટિરમાંથી બહાર આવે છે, જોકે એમનો એકમાત્ર વ્યાયામ ખેતરોમાં ફરવામાં જ સમાઈ જાય છે.

કંપાઉન્ડ ઓળંગીને અમે એક આધુનિક ઢબની કુટિર પાસે આવી પહોંચ્યા. એ કુટિર પથ્થરની લાદીઓ તથા રંગેલા લાકડાના થાંભલાની બનેલી હતી. નોકરે બીજી કૂંચી કાઢીને કુટિરનું ભારે દ્વાર ખોલી નાખ્યું. એવી બધી સાવચેતીઓ જોઈને મને નવાઈ લાગી. કારણ કે નોકરે કહેલું કે યોગીની સંપત્તિ બહુ જ થોડી છે. એ જોઈને નોકરે એનો ખુલાસો કરતાં એક નાનકડી કથા કહી બતાવી.

થોડાંક વરસો પહેલાં એ મૌની સંતપુરુષ કોઈ પણ પ્રકારના તાળા કે પ્રવેશદ્વાર પરની બીજી બંધી વગર કુટિરમાં રહેતા હતા. પરંતુ એક અમંગલ દિવસે તાડી પીધેલો એક માણસ અંદર આવ્યો અને સંતની અસહાય અવસ્થાનો લાભ લઈને એમના પર પ્રહાર કરવા માંડ્યો. એણે એમની દાઢી ખેંચી કાઢી, એમને લાકડીથી મારવા માંડ્યા, અને ખરાબ ગાળો દીધી.

એટલામાં દડાની રમત રમવા ખેતરમાં આવેલા કેટલાક યુવકોનું ધ્યાન એ બાજુ ખેંચાયું. એમણે હુમલાનો અવાજ સાંભળ્યો. કુટિરમાં પ્રવેશીને એમણે હુમલાખોરથી સંતની રક્ષા કરી, અને એમનામાંના એકે બાજુનાં ઘરોમાં પહોંચી જઈને બીજાને ખબર પહોંચાડી. થોડા વખતમાં તો ઉત્તેજિત થયેલા લોકો ત્યાં એકઠા થયા અને પવિત્ર સંતપુરુષને મારવાની દુષ્ટતા કરનારા પેલા લફંગા નશાબાજને મારવા માંડ્યો. એ લફંગા માણસ માટે મરણતોલ બનવાની શક્યતા ઊભી થઈ.

એ આખીય ઘટના દરમિયાન સંતપુરુષ એક આદર્શ વિરક્ત પુરુષની પેઠે શાંત તથા સહનશીલતાથી સંપન્ન રહ્યા. પરંતુ છેવટે એમણે હસ્તક્ષેપ કર્યો ને નીચેનો સંદેશ લખી બતાવ્યો :

'આ માણસને મારવાનો અર્થ મને મારવો એવો જ છે. એટલે એને છોડી મૂકો. મેં એને માફ કર્યો છે.'

સંત પુરુષના શબ્દો એક જાતના લખ્યા વિનાના કાયદા જેવા હોવાથી, એમની વિનતિનો અનિચ્છાપૂર્વક અમલ કરવામાં આવ્યો અને હરામખોરને છોડી મૂકવામાં આવ્યો.

× × ×

સંતપુરુષ સમાધિમાં* ડૂબ્યા હોવાથી નોકરે ઓરડામાં ડોકિયું કરીને અમને એકદમ ચૂપ રહેવાની આજ્ઞા કરી. હિંદુ રીતભાત મુજબ અનિવાર્ય મનાય છે તે પ્રમાણે, મેં મારા બૂટ કાઢી નાખીને ઓસરીમાં મૂકી દીધા. મસ્તક નમાવતી વખતે દીવાલ પર મને એક સપાટ પથ્થર દેખાયો. એના પર તામિલ ભાષામાં લખ્યું હતું : 'મૌનવ્રતધારી સંતપુરુષનું નિવાસ્થાન.' મારા સાથીદ્વારે એનો અનુવાદ કરી બતાવ્યો.

એ એક ખંડવાળી કુટિરમાં અમે પ્રવેશ કર્યો. એ કુટિર ઊંચી, સરસ રીતે ઢંકાયેલી, અને ઊડીને આંખે વળગે એવી ચોખ્ખી હતી. એના મધ્યભાગમાં આરસની એકાદ ફૂટ ઊંચી વ્યાસપીઠ બનાવવામાં આવી હતી. ઉત્તમ પ્રકારની ઈરાની જાજમથી એને શણગારાયેલી હતી. એ જાજમ પર મૌની સંતપુરુષ વિરાજમાન થયેલા દેખાયા.

કાળા રંગની ચળકતી ચામડીવાળા, ટટાર શરીરના, અને બ્રહ્મે મને કરી બતાવેલાં યોગાસનોમાંના એકમાં આસીન થયેલા, એક સુંદર પુરુષની કલ્પના કરો. ડાબા પગને શરીરની નીચેના ભાગમાં દબાવીને જમણા પગને ડાબા સાથળ પર રાખીને એમણે સિદ્ધાસન કર્યું હતું. એમની પીઠ, ગરદન અને એમનું મસ્તક એકદમ સીધી લીટીમાં હતાં. લાંબાં કાળાં ગૂંચળાંવાળા એમના વાળ લગભગ ખભા સુધી ફેલાયેલા હતા, અને મસ્તક પરથી ગોચ રીતે લટકતા. એમને નાની કાળી દાઢી હતી. હાથ ઘૂંટણ પર લગાડેલા હતા. એમનું શરીર સુદઢ, માંસલ તથા સંપૂર્ણ આરોગ્યવાળું હતું. કમર પર એમણે એક નાનોસરખો ટુકડો વીંટેલો એટલું જ.

એમની મુખાકૃતિ જોતાંવેંત જ મારા સ્મૃતિપટ પર એક એવા માનવની મુખાકૃતિ તાજી થઈ જેના પર જીવન પરના વિજયનું સ્મિત શોભી રહ્યું છે, અને આપણા જેવા નિર્બળતાથી ભરેલા માનવો ઇચ્છાએ કે અનિચ્છાએ જેમનો શિકાર થાય છે તે નબળાઈઓને જેણે જીતી લીધી છે. મુખાકૃતિ જાણે કે હમણાં જ હસી ઊઠશે એવું લાગતું હતું. નાક નાનું ને સીધું હતું, આંખ ખુલ્લી હતી. એ અનિમેષ દૃષ્ટિથી જોતી ભ્રમરપ્રદેશમાં સ્થિર થઈ હતી. એ મહામાનવ બિલકુલ હાલ્યાચાલ્યા વગર કોરી કાઢેલી પથ્થરપ્રતિમાની પેઠે બેઠા હતા.

મારા સાથીદારે મને શરૂઆતમાં માહિતી આપેલી કે મૌની સંત સાચેસાચ પોતાની અંદરની દુનિયામાં ડૂબી ગયા છે, એમની ચિત્તવૃત્તિ કામચલાઉ લીન થઈ છે, અને એમની આજુબાજુના વાતાવરણનું ભાન એમને જરા પણ નથી રહ્યું. એ સંતપુરુષનું બારીકાઈથી નિરીક્ષણ કરવા છતાં એમની ઊંડી સમાધિદશા વિશે શંકા કરવાનું કોઈ જ કારણ મને ન દેખાયું. મિનિટો કલાકોમાં વધારો કરતી ગઈ છતાં એ એવા જ સ્થિર રહ્યા.

મારા પર સૌથી વધારે પ્રભાવ તો એ વાતનો પડ્યો કે એ બધા જ વખત દરમિયાન એમની આંખનું મટકું પણ ન પડ્યું, પાંપણને પડવા દીધા વિના બે કલાક સુધી સ્થિર રીતે એક જ આસન પર બેસીને જોઈ રહેનાર મનુષ્યનું દર્શન મને આજ સુધી નહોતું થયું. ધીમેધીમે, મને એ નિર્ણય પર પહોંચતાં વાર ન લાગી કે યોગીની આંખ જો હજી પણ ખુલ્લી હોય તો એ દેખતી તો નથી જ. મન જાગ્રત હોય તોપણ આ પાર્થિવ દુનિયામાં તો જાગ્રત નથી જ. એમના શરીરની બધી જ શક્તિઓ શાંત થઈ છે. વચ્ચેવચ્ચે એમની આંખમાંથી એકાદ અશ્રુબિન્દુ ટપકી પડતું, આંખની પાંપણ સ્થિર હોવાથી અશ્રુવાહિની પોતાનું કામ બરાબર કરી શકતી નહોતી એ સ્પષ્ટપણે દેખાઈ આવતું.

છાપરા પરથી એક ગરોળી નીચે ઊતરી, જાજમ પર ફરવા માંડી, સંતના પગ પર ચડી ગઈ, અને સંગેમરમરની વ્યાસપીઠની પાછળ જતી રહી. પથ્થરની દીવાલ પર ચડી હોત તોપણ યોગીના પગ કરતાં તેને તે વધારે સ્થિર ન લાગત. માખીઓ એમના મોઢા પર અવારનવાર બેસતી તથા એમની કાળી કાયા પર પણ ફરી વળતી, છતાં એમને કશી અસર ન થતી. કાંસાની મૂર્તિ પર જો ફળી વળત તોપણ એવી જ અસર જોવા મળત.

એમના શ્વાસનું નિરીક્ષણ કરતાં એ તદ્દન ધીમો, અનુભવી શકાય નહિ તેવો, સાંભળવો મુશ્કેલ, છતાં તદ્દન નિયમિત લાગ્યો. શરીરમાં જીવન હજી શેષ છે એવું બતાવતી એ એક જ નિશાની બાકી રહી હતી.

એમની પ્રભાવશાળી આકૃતિનો એકાદ ફોટો લેવાનો નિર્ણય કરીને મારો કેમેરા કાઢી જમીન પર બેડેબેડે મેં એમની સામે ધર્યો. ઓરડામાં બરાબર પ્રકાશ ન હોવાથી મેં બે વાર એને મેળવવાનો પ્રયાસ કર્યો.

મેં ઘડિયાળ સામે જોયું તો બે કલાક પસાર થઈ ચૂકેલા. છતાં લાંબી સમાધિમાંથી એમના ઊઠવાનું કોઈ ચિહ્ન દેખાતું નહોતું. યોગી પથ્થરની પ્રતિમા પેઠે દૃઢ હતા.

એમની મુલાકાત લેવાના મારા હેતુની સિદ્ધિ માટે આખો દિવસ ત્યાં રહેવાની મારી તૈયારી હતી. પરંતુ નોકરે ધીમા સ્વરે જણાવ્યું કે વધારે રાહ જોવી નકામી છે. એથી કોઈ ફાયદો નહિ થાય. એકબે દિવસમાં પાછા આવવાથી કદાચ લાભ થાય : બાકી એ કશું જ ચોક્કસપણે ન કહી શકે.

અમે કામચલાઉ હાર્યા હોઈએ તેમ બહાર નીકળ્યા ને શહેરની દિશામાં ડગલાં ભરવા માંડ્યાં. મારો રસ ઘટવાને બદલે ઊલટો વધ્યો હતો.

એ મૌનવ્રતધારી સંતના સંબંધમાં થોડીઘણી માહિતી મેળવવાનો પ્રયાસ મેં તે પછીના બે દિવસો દરમિયાન કરી જોયો. એ પ્રયાસમાં એમના નોકરની લાંબી ઊલટતપાસથી માંડીને પોલીસ ઇન્સ્પેક્ટર સાથેની ટૂંકી મુલાકાત જેવી વિસ્તૃત, વાર્તાલાપથી ભરેલી, તપાસનો સમાવેશ થઈ જતો હતો. એવી રીતે એ સંતપુરુષની કથાનો થોડોક સારાંશ મેળવવામાં મને સફળતા મળી.

આઠ વરસ પહેલાં એ મદ્રાસ જિલ્લામાં આવેલા. એ કોણ છે, શું છે, કે કયાંથી આવ્યા છે, તેની કોઈને ખબર નહોતી. એમની અત્યારની કુટિરની પાસેની પડતર જમીનને એમણે એમનું આશ્રયસ્થાન કર્યું. જિજ્ઞાસુ લોકોએ પ્રયત્ન કરવા છતાં એમના તરફથી કશો જવાબ ન મળ્યો. એ કોઈની સાથે બોલતા નહિ, કોઈ જાતના શબ્દો કે મનુષ્યો તરફ ધ્યાન ન આપતા, અને કોઈ જાતની આકસ્મિક ચર્ચામાં પણ ઊતરતા નહિ. હાથમાં કમંડલ લઈને એ સમયસર ભિક્ષા માગી આવતા.

એ અનાકર્ષક વાતાવરણની વચ્ચે, સૂર્યનો આકરો અસહ્ય તાપ હોય, ચોમાસાનો ભારે વરસાદ હોય, ધૂળ ઊડતી હોય કે જુદીજુદી જાતનાં જંતુ હોય તોપણ એમણે દિવસો સુધી બેસી રહેવાનું ચાલુ રાખ્યું. બાહ્ય સંજોગોમાં શાંત અને નિર્વિકાર રહીને એમણે કદી પણ કોઈ આશ્રય શોધવાનો પ્રયાસ ન કર્યો. કમર પરના એક સાધરણ ટુકડા સિવાય એમના મસ્તક કે શરીરને બીજા કશાનું રક્ષણ નહોતું.

એમના યોગાસનમાં પણ કશો ફેરફાર ન થયો. ખુલ્લી જગ્યામાં જાહેર રીતે બેસીને લાંબા વખત સુધી ઊંડા ધ્યાનમાં ડૂબી જવાની ઇચ્છાવાળા યોગી માટે મદ્રાસ જેવા શહેરનો સીમાવિસ્તાર ભાગ્યે જ અનુકૂળ કહેવાય. પ્રાચીન ભારતમાં કદાચ એવા વર્તનને લીધે મોટું માન મળ્યું હોત, પરંતુ આધુનિક યોગીને તો પોતાની યોગસાધના માટે વેરાન વનપ્રદેશો, જંગલનાં સ્થાનો, પર્વતની ગુફાઓ

અથવા પોતાના ઓરડાના એકાંતમાં જ વધારે અનુકૂળ વાતાવરણ લાગતું હોય છે.

તો પછી આ અવનવા યોગીપુરુષે ધ્યાનની સાધના માટે આવી પ્રતિકૂળ જગ્યા કેમ પસંદ કરી ? એક કમનસીબ બનાવે એનો ખુલાસો પૂરો પાડ્યો.

એક દિવસ મવાલી જેવા અજ્ઞાની યુવકોની ટોળીએ એ એકાંતવાસી યોગીની પાસે આવી એમને હેરાન કરવા માંડ્યા. શહેરમાંથી નિયમિત રીતે એ લોકો પથ્થર ફેંકવા, ગંદકી નાખવા, અને ગાળો દેવા તથા ઠઠ્ઠામશ્કરી કરવા આવવા લાગ્યા. યોગીમાં એમનો સામનો કરવાની સંપૂર્ણ શક્તિ હોવા છતાં, એ શાંતિપૂર્વક બેસી રહેતા, અને ધીરજપૂર્વક બધું સહન કરતા. એમને મૌનવ્રત હોવાથી કોઈ પણ જાતનો ઠપકો પણ ના આપતા.

એ તોફાનીઓની પ્રવૃત્તિ ચાલુ જ રહી. એ લોકો યોગીને રંજાડતા હતા ત્યારે તેમની પાસેથી એક અજાણ્યો પુરુષ પસાર થયો. એક સંતપુરુષની એવી હેરાનગતિ થતી જોઈને એને ઘણું દુઃખ થયું. એમણે મદ્રાસ જઈને પોલીસને ખબર આપી અને મૌનવ્રતધારી યોગી માટે મદદ માગી. મદદ તરત જ આવી પહોંચી અને નીચ લોકોને સખત ધાકધમકી આપીને વિખેરી નાખવામાં આવ્યા.

એ ઘટના પછી એક પોલીસઅમલદારે યોગી વિશે માહિતી મેળવવાની કોશિશ કરી, પરંતુ એમને વિષે માહિતી ધરાવનારો એકે માણસ એને ન મળ્યો. એટલે યોગીની પૂછપરછ કરવાની એને ફરજ પડી, અને કાયદાના હક સાથે એ ફરજ એણે પૂરી કરી. કેટલીય આનાકાની પછી યોગીએ સ્લેટ પર સંક્ષેપમાં લખ્યું :

'હું મારાકાયારનો શિષ્ય છું. મારા ગુરુએ મને મેદ્દાનો ઓળંગીને દક્ષિણમાં મદ્રાસ આવવાની આજ્ઞા કરેલી. આ જમીનનું એમણે વર્ણન કરેલું, અને મને તે કયાં મળશે તે પણ કહી બતાવેલું. સંપૂર્ણ સિદ્ધિ ન મળે ત્યાં સુધી અહીં રહીને યોગની નિયમિત

સાધના કરવાની એમણે સૂચના આપેલી. મેં દુન્યવી જીવનનો ત્યાગ કર્યો છે. અને એકાંતમાં રહેવાની ઇચ્છા રાખું છું. મદ્રાસમાં જે બને છે તેમાં મને રસ નથી. હું આત્મિક વિકાસને માર્ગે જ આગળ વધવાની ઇચ્છા રાખું છું.'

અમલદારને સંતોષ થયો કે આ પુરુષ એક ઉત્તમ પ્રકારના સાચા યોગી છે. એટલે હરામખોરોની સામે રક્ષણ કરવાનું વચન આપીને એ પાછા ગયા. મારાકાયાર તાજેતરમાં મૃત્યુ પામેલા સુપ્રસિદ્ધ મુસલમાન સંત હતા એવી માહિતી મેળવતાં એમને વાર ન લાગી.

જૂની કહેવત મુજબ 'ખૂરામાંથી ભલું પેદા થાય છે.' એ કમનસીબ પ્રસંગને પરિણામે એ સંતપુરુષ મદ્રાસના શ્રીમંત ને ધાર્મિક પ્રજાજનોમાં પ્રખ્યાત થઈ ગયા. એમણે શહેરમાં સરસ મકાન પૂરું પાડવાનું પ્રલોભન આપવાની પ્રયાસ કરી જોયો, પરંતુ પોતાના ગુરુની આજ્ઞાનો અનાદર કરવા યોગો તૈયાર ન થયા. છેવટે જે જમીન છોડવાનો એમણે ઇનકાર કર્યો હતો તે જ જમીનની બાજુમાં એમના એક નવા ભક્તે એમને પથ્થર તથા લાકડાંનો નાનો બંગલો બાંધી આપ્યો. યોગી એમાં રહેવા માટે સંમત થયા, અને એનું છાપરું પણ ઘણું સારું હોવાથી જુદીજુદી ઋતુઓની અગવડતાની સામે ત્યારથી પોતાનું બરાબર રક્ષણ મેળવી શક્યા.

એમના ભક્તને એમના અંગત સેવક તરીકે પસંદ કરવામાં આવ્યા. એ સેવક તરફથી એમને ભોજન પૂરું પાડવામાં આવતું હોવાથી એમને કોઈની પાસે યાચના કરવાની જરૂર ન રહી. ગુરુ મારાકાયારને આવા દુઃખદાયક અનુભવનું આવું સુખકારક પરિણામ આવશે, એની ખબર પ્રથમથી હોય કે નહિ, પરંતુ એમના શિષ્યની અંતિમ અવસ્થા આરંભની અવસ્થા કરતાં વધારે સારી હતી.

મને કહેવામાં આવ્યું કે એ મૌનવ્રતધારી સંતનો કોઈ શિષ્ય જ નથી. એ કોઈ શિષ્યની ઇચ્છા નથી રાખતા અને કોઈને સ્વીકારતા પણ નથી. પોતાની જ આત્મિક મુક્તિની પ્રાપ્તિ માટે એકાંતમાં

રહેવાની ઇચ્છાવાળા, અલગતામાં માનનારા માનવેામાંના એ એક હતા. જો મનુષ્યની આત્મિક મુક્તિની કશી કિંમત હોય તેા, આપણી પશ્ચિમી દૃષ્ટિથી વિચાર કર્યા પ્રમાણે, એને પ્રાપ્ત કરવાની આખીય વૃત્તિ દેખીતી રીતે જ સ્વાર્થી દેખાશે. છતાં દાઢડિયાઓ માટેની પ્રખર સહાનુભૂતિ તથા યુવાન હુમલાખોરોનો બદલો લેવાનો ઇનકાર જોતાં આપણને આશ્ચર્ય થાય છે કે એ એટલા બધા સ્વાર્થી હોઈ શકે કે કેમ.

× × ×

બે બીજા પુરુષોની સાથે એ મૌનવ્રતધારી સંતની ફરી મુલાકાત લેવાનો પ્રયત્ન મેં કરી જોયેા. એમાંના એક તેા મારા દુભાષિયા હતા, અને બીજા પુરુષ બીજા કોઈ નહિ પરંતુ મને આટલું બધું શીખવનાર યેાગી બ્રહ્મ, જેમને હું પ્રેમપૂર્વક અડિયારના યેાગી કહેતેા તે હતા. બ્રહ્મ કદી શહેરમાં આવવાની દરકાર ન રાખતા, પરંતુ શહેરની મારી મુલાકાતનો ઉદ્દેશ મેં એમને સમજાવ્યેા અને એમને મારી સાથે આવવા વિનતિ કરી, એટલે એ જરા પણ આનાકાની કર્યા વગર તૈયાર થયા.

કંપાઉન્ડમાં અમને એક બીજા મુલાકાતીનો મેળાપ થયેા. એમણે પેાતાની મેાટી મેાટર રસ્તા પર મૂકી હતી અને એ જ ઉદ્દેશથી ખેતરેામાં થઈને આવ્યા હતા. એ પણ મૌની સંતનાં દર્શન માટે ઉત્સુક હતા. પેાતાની ટૂંકી વાતચીત દરમિયાન એમણે કહ્યું કે ટિહરી ગઢવાલના નાના સ્ટેટની રાણીના એ ભાઈ છે. એમણે એમ કહ્યું કે સંતના જીવનનિર્વાહ માટે નિયમિત રીતે મદદ કરતા હોવાથી, એ પણ એમના આશ્રયદાતામાંના એક છે. એ પેાતે મદ્રાસની ઊડતી મુલાકાતે આવેલા, પરંતુ સંતનું દર્શન કરીને એમના આશીર્વાદ મેળવ્યા વિના પાછા જઈ શકે તેમ નહેાતા. એમણે કહેલી વાત પરથી આશીર્વાદની કિંમત હું સમજી શકયેા.

ગઢવાલના રાજદરબારની એક સ્ત્રીને ભયંકર રેાગથી પીડાતું એક બાળક હતું. એ સ્ત્રીએ અકસ્માત આ મૌની સંતની માહિતી

મેળવી. એની આતુરતા એટલી બધી વધી ગઈ કે એણે મદ્રાસ જઈને છોકરાને સાજો કરવા યોગીના આશીર્વાદની યાચના કરવાનો નિર્ણય કર્યો. આશીર્વાદ મળી ગયો અને તે જ દિવસથી બાળકને અજબ રીતે સારું થવા માંડયું. યોગીના દર્શન માટે આવનાર રાણીને પણ એ બનાવની ખબર પડી. રાજાએ એમને એ છસો રૂપિયાની થેલી અર્પણ કરી, પણ એમણે એ લેવાની ના પાડી, રાણીએ દબાણ કર્યું. એટલે એમણે લખીને સૂચવ્યું કે એ રકમનો ઉપયોગ એમને વધારે એકાંત મળી શકે તે માટે કુટિરની આસપાસ વાડ કરવા માટે કરવો. રાણીએ એવું કરવાની વ્યવસ્થા કરી, અને એવી રીતે વાંસની વાડ તૈયાર થઈ.

પરિચારકે કુટિરમાં અમને દાખલ કર્યા. આ વખતે પણ અમે અમારી પહેલી મુલાકાત દરમિયાન યોગીને જે સમાધિ જેવી દશામાં જોયેલા એ જ દશામાં ડૂબેલા જોયા.

સંગેમરમરની વ્યાસપીઠ પર બેઠેલા એ ઊંચા, ભવ્ય, કાળી દાઢીવાળા, મહાન પુરુષની સામે અમે શાંતિથી જમીન પર ધીરજપૂર્વક પ્રતીક્ષા કરતાં બેસી ગયા. દોઢેક કલાક થઈ ગયો એટલે સંતપુરુષના શરીરમાં શક્તિસંચાર થતો હોય એવાં ચિહ્નો દેખાવા લાગ્યાં. એમનો શ્વાસ ઊંડો કે ઘેરો બન્યો ને સ્પષ્ટ થયો. પાંપણો હાલવા લાગી, આંખના ડોળા ભયજનક રીતે ફરવા લાગ્યા. એની અંદરની સફેદી ચમકવા માંડી, અને પછી એ ડોળા સ્થિર થયા. એમના પેટમાં પણ થોડુંક હલનચલન જોઈ શકાયું.

પાંચેક મિનિટ પછી સંતની આંખના ભાવો એવા તો બદલાઈ ગયા કે પોતાની આજુબાજુની પરિસ્થિતિથી એ વાકેફ હોય એવું લાગ્યું. એમણે દુભાષિયાની સામે ધ્યાનપૂર્વક જોયું, માથું ઝડપથી ફેરવીને બ્રહ્મની તથા બીજા મુલાકાતી તરફ નજર ફેરવી, તથા ફરી વાર મેં ફેરવી મારી તરફ દૃષ્ટિપાત કર્યો.

એ તકનો લાભ લઈ મેં એમની આગળ કાગળનું પૅડ તથા પેનસિલ મૂકયાં. થોડી વાર અચકાઈને એમણે પેનસિલ લીધી અને તામિલ ભાષામાં મોટા સરસ અક્ષરે લખવા માંડયું :

'પેલા દિવસે આવીને ફોટા પાડવાનો પ્રયાસ કોણે કરેલો ?'

મેં એ કામની કબૂલાત કરી. સાચું જોતાં મારો પરિશ્રમ નકામો ગયેલો કારણકે એક પણ ફોટો સાફ નહોતો આવ્યો.

એમણે ફરી વાર લખ્યું :

'ઊંડા ધ્યાનમાં ડૂબેલા યોગીઓના દર્શને ફરીથી જાઓ ત્યારે એવું કરીને એમની શાંતિમાં ભંગ ના પાડતા. પહેલેથી મંજૂરી મેળવ્યા વિના એમની પાસે આકસ્મિક રીતે પહોંચી જઈને એમના ધ્યાનમાં ખલેલ ના પહોંચાડતા. મારા સંબંધમાં એથી કશો ફેર નથી પડતો. છતાં બીજા યોગીઓનાં દર્શને જવાનું થાય ત્યારે તમને ચેતવવાની ઇચ્છાથી આ સૂચના આપી રહ્યો છું. એમને માટે એવી દખલગીરી નુકસાનકારક થઈ પડે તથા તેને પરિણામે તે તમને શાપ પણ આપી દે.'

આવા મહાપુરુષોના એકાંતમાં ખલેલ પહોંચાડવાનું કામ દેખીતી રીતે જ નાના અપરાધ જેવું મનાતું હોવાથી, મેં તે બદલ અફસોસ જાહેર કર્યો.

ગઢવાલની રાણીના ભાઈએ હવે સંતનાં ચરણોમાં ભક્તિ-ભાવની ભેટ ધરી. એમનું કામ પૂરું થયું એટલે ભારતના પ્રાચીન જ્ઞાનવારસામાં રસ લેનાર પુરુષ તરીકે મેં મારો પરિચય આપ્યો. મેં જણાવ્યું કે દરિયા પારના દેશોમાં રહીને મેં સાંભળ્યું છે કે ભારતમાં આજે પણ ગણ્યાગાંઠ્યા પુરુષો છે, જેમણે યોગની નોંધ-પાત્ર સિદ્ધિઓ મેળવી છે અને એમનાં દર્શનની મારી ઇચ્છા છે : તો તેના પર તમે ઠીક લાગે તેવો પ્રકાશ પાડી શકશો ?'

યોગી સ્થિર અથવા અચળ રહ્યા. એમના વદન પર કોઈ જાતનો મદદરૂપ ફેરફાર ન દેખાયો. પૂરી દસ મિનિટ સુધી એવો કોઈ સંકેત ન મળ્યો કે જેના પરથી એમ માની શકાય કે એમણે મારી વિનતિ સાંભળી છે. મને થયું કે મારી વિજ્ઞપ્તિ નકામી ગઈ. જડવાદી પશ્ચિમવાસી જરા પણ પ્રકાશ મેળવવા લાયક નથી એમ એ માનતા હોય એમ લાગ્યા વિના ન રહ્યું. કેમેરા સાથે મારા કઢંગા દુઃસાહસથી એ કદાચ નાખુશ થયા હોય. એક બીજી જાતિના નાસ્તિક માણસ માટે એકાંતવાસી શાંત સંત પોતાના ધ્યાનનો ત્યાગ કરે એવી મારી ઇચ્છા શું વધારેપડતી ન હતી? મને એ વિચારથી ખેદ થયો.

મારી નિરાશા કવખતની હતી; કારણકે લાંબે વખતે સંતે પેનસિલ હાથમાં લીધી અને કાગળ પર કાંઈક લખવા માંડયું. લખાણ પૂરું થયું એટલે આગળ નમીને મેં પેડને દુભાષિયા તરફ ધકેલ્યું.

એણે ભાષાંતર કરી બતાવ્યું. લખાણનો અર્થ કરવો અઘરો હતો.

'દુનિયા સમસ્યાઓથી ભરેલી છે.' મેં છૂટક સ્વરે કહ્યું.

સંતના હોઠ પર હાંસી કરતું આછું સ્મિત ફરકી રહ્યું.

'તમારી પોતાની જાતને તો તમે સમજતા નથી, પછી દુનિયાને ઓળખવાની આશા કેવી રીતે રાખી શકાશે?'

એમણે મારી આંખ તરફ દૃષ્ટિ સ્થિર કરી. એમના સ્થિર દૃષ્ટિપાતની પાછળ લાંબા વખતથી ખાસ સંભાળપૂર્વક સાચવી રાખેલું કોઈક ઊંડું જ્ઞાન અથવા અદ્‌ભુત રહસ્યોનો કોઈક ભંડાર ભરેલો છે એવું લાગ્યા વિના ન રહ્યું. એવી અનેરી અસરનું કારણ આપવું કઠિન છે.

'છતાં મારી ગૂંચવણનો પાર નથી.' મેં સ્પષ્ટતા કરી.

'તો પછી, શુદ્ધ મધનો સંગ્રહ તમારી રાહ જુએ છે, છતાં જ્ઞાનરૂપી મધનાં બેચાર બિંદુઓનો સ્વાદ લેનારી મધમાખીની પેઠે તમે આમતેમ શા માટે ફરો છો?'

એ શબ્દો મને ના ગમ્યા. પૂર્વીય દેશોના લોકોને સંતોષ આપવા માટે એ શબ્દો પૂરતા હતા. એક કવિતાની પંક્તિ તરીકે એમના આધ્યાત્મિક ધ્વનિએ મને આનંદ આપ્યો. પરંતુ જીવનની કેટલીક સમસ્યાઓનો ઉકેલ કરવામાં મદદરૂપ થનારી સામગ્રી જેવું મને એમાંથી કશું ન મળ્યું.

'તો પછી માણસે ક્યાં જોવું?'

'તમારી અંદર જુઓ; તમારી જાતને શોધો, અને એની અંદર રહેલા સત્યનો સાક્ષાત્કાર કરી શકશો.' ઉત્તર મળ્યો.

'પરંતુ મને તો એકલા અજ્ઞાન વિના બીજું કાંઈ જ નથી દેખાતું.' મેં ચાલુ રાખ્યું.

'અજ્ઞાન તો ફક્ત તમારા વિચારોમાં જ રહેલું છે.' એમણે ટૂંકમાં લખી જણાવ્યું.

'મને માફ કરજો, પણ તમારા જવાબથી તો હું વધારે અજ્ઞાનમાં ડૂબી જઉં છું!'

સંતે મારો અવિનય જોઈને હસવા માંડ્યું. થોડીક વાર ભ્રમર ઊંચી કરીને એમણે લખવા માંડ્યું:

'તમારું અત્યારનું અજ્ઞાન તમારા પોતાના વિચારને લીધે જ પેદા થયેલું છે. હવે તમારી જાતનો વિચાર કરીને તમે જ્ઞાનયુક્ત છો એવું સમજી લો. વિચાર માણસને બોદી કાઢેલા માર્ગમાં લઈ જનાર બળદગાડી જેવો છે. એને પાછો વાળો તો ફરી પાછા પ્રકાશની પ્રાપ્તિ કરી શકશો.'

એમના શબ્દોને વારંવાર વાગોળવા છતાં હું એમનો ભાવાર્થ ના સમજી શક્યો. એ જોઈને સંતે પેડ માટે સંકેત કર્યો. થોડીક મિનિટ સુધી પેનસિલ હવામાં પકડી રાખી, ને સમજાવ્યું:

'વિચારને પાછો વાળવો એ ઉત્તમોત્તમ યોગ છે. હવે તમે સમજી શકયા ?'

મારા પર જાણે કે ઘણો ઝાંખો પ્રકાશ પડવા માંડયો. મને લાગ્યું કે એ વિષય પર વિચારવાનો પૂરતો વખત મળવાથી અમે એકબીજાને સમજી શકીશું. એટલા માટે એ મુદ્દા પર વધારે ભાર મૂકવાનું મને ઠીક ના લાગ્યું.

એમનું નિરીક્ષણ કરવામાં હું એટલો બધો લીન હતો કે ખુલ્લા દરવાજાનો લાભ લઈને અમારી પાસે આવી પહોંચેલા એક નવા મુલાકાતીનું મને ધ્યાન જ ના રહ્યું. એ મારી એકદમ પાછળ બેઠા હોવાથી, મારા કાનમાં એમણે કશુંક કહ્યું ત્યારે જ મને એમની હાજરીની ખબર પડી. સંતાનો ઉત્તર મને સમસ્યારૂપ લાગતો હતો, અને એમના શબ્દોની વિલક્ષણતા મને કાંઈક અંશે નિરાશ કરતી હતી, ત્યારે મારે કાને રહસ્યમય ગણગણાટ સંભળાયો. ઉત્તમ પ્રકારના અંગ્રેજીમાં વ્યક્ત થયેલા એના શબ્દો આ રહ્યા :

'તમે જે ઉત્તર માગી રહ્યા છો તે ઉત્તર તમને મારા ગુરુ પાસેથી મળી શકશે.'

મારી બાબતમાં હસ્તક્ષેપ કરનાર તરફ મેં માથું ફેરવીને જોવા માંડયું.

એમની ઉંમર ચાળીસથી વધારે નહોતી. એમણે પ્રવાસી યોગીનો ભગવો ઝભ્ભો પહેર્યો હતો. એમના મુખની ચામડી ઊજળા પિત્તળ જેવી ચળકતી હતી. એ સુદૃઢ, પહોળી છાતીવાળા, શક્તિશાળી પુરુષ હતા. એમનું નાક પાતળું, આગળપડતું અને પોપટની ચાંચ પેઠે અણીવાળું હતું. એમની આંખ નાની અને કાયમના હાસ્યરસથી ભરેલી હતી. એ પલાંઠી વાળીને બેઠેલા, અને અમારી દૃષ્ટિ મળી ત્યારે મારી તરફ એમણે સુંદર સ્મિત કર્યું.

અજાણ્યા માણસ સાથે અચોક્કસ વાતચીતમાં ઊતરવાનું સાહસ કરવાનું ઠીક નહિ લાગવાથી, પાછા ફરીને મેં મારું ધ્યાન સંત પર ફરી કેન્દ્રિત કર્યું.

મારા મનમાં એક બીજો પ્રશ્ન ઊપસી આવ્યો. એ કદાચ ઘણો હિંમતભરેલો અને ઉદ્ધત હતો.

'ગુરુદેવ, દુનિયાને મદદની જરૂર છે. તમારા જેવા જ્ઞાની પુરુષો એકાંતવાસ કરીને એની અવગણના કરે એ યોગ્ય છે?'

યોગીના શાંત વદન પર વિનોદનો ભાવ ફરી વળ્યો.

'ભાઈ,' એમણે ઉત્તર આપ્યો : 'તમે તમારી જાતને જ નથી જાણતા તો પછી મને સમજવાનું સ્વપ્ન કેવી રીતે સેવી શકો? આત્માની ચર્ચાથી ખાસ લાભ નહિ થઈ શકે. યોગાભ્યાસની મદદથી તમારી અંદરની દુનિયામાં પ્રવેશવાનો પ્રયાસ કરો. આ માર્ગમાં તમારે ભારે મહેનત કરવી જોઈશે. તે પછી તમારી સમસ્યાઓ એમની મેળે જ ઊકલી જશે.'

એમને મારી તરફ ખેંચવાનો છેલ્લો પ્રયાસ મેં કરી જોયો.

'જગતને પોતાની પાસે છે તેના કરતાં વધારે ઊંચા પ્રકાશની જરૂર છે. મારી ઇચ્છા તેને મેળવવાની ને વહેંચવાની છે. તો મારે શું કરવું?'

'સત્યનો સાક્ષાત્કાર કરી લીધા પછી માનવજાતિની સેવા કરવા ખરેખર શું કરવું જોઈએ તે જાણી શકશો, અને એને માટેની શક્તિ પણ મેળવી લેશો. ફૂલમાં મધ હોય છે ત્યારે મધમાખી એની પાસે આપોઆપ દોડી જાય છે. માણસને આત્મિક જ્ઞાન કે શક્તિ મળે તો તેણે લોકોની શોધ કરવા નહિ જવું પડે : લોકો એની પાસે વગર બોલાવ્યે જ આવી પહોંચશે. જ્યાં સુધી આત્માને સંપૂર્ણપણે ઓળખી ન લો ત્યાં સુધી એની શોધ કરતા રહો. બીજા કોઈ પણ ઉપદેશની આવશ્યકતા નથી. એ જ કામ કરી લેવાનું છે.'

એ પછી એમણે કહ્યું કે ધ્યાનમાં બેસવાની ઇચ્છા હોવાથી એ મુલાકાત બંધ કરવા માગે છે.

મેં એમની પાસે અંતિમ સંદેશની માગણી કરી.

મૌનવ્રતધારી સંતે માત્ર મારા મસ્તક ઉપરના અવકાશ તરફ જોવા માંડ્યું. એકાદ મિનિટ બાદ પેનસિલથી જવાબ લખીને એમણે પેડ મારી તરફ ધકેલ્યું. અમે વાંચ્યું :

'તમે અહીં આવ્યા એથી હું ઘણો રાજી થયો છું. આને મારી દીક્ષા માનો.'

એમના શબ્દોનો મર્મ મને સમજાય તે પહેલાં તો કોઈ આશ્ચર્યકારક શક્તિએ મારા શરીરમાં પ્રવેશ કર્યો એમ મેં અનુભવ્યું. મારી કરોડમાંથી પ્રવાહિત થઈને ગરદનને અક્કડ કરીને એ શિર તરફ ઉપર ઊઠવા લાગી. મારી ઇચ્છાશક્તિ ઘણી વધી ગઈ. મારી જાત પર વિજય મેળવવાની તથા ઉચ્ચતમ આદર્શોનો અનુભવ કરવાની ઇચ્છાનો અમલ કરવાની ઉત્કટ ઇચ્છા મારામાં પેદા થઈ. મને અંતઃપ્રેરણાથી ખાતરી થઈ કે એ આદર્શો મારા અંતરાત્માના અવાજરૂપ છે, અને સનાતન સુખની બાંયધરી પણ એ જ આપી શકશે.

મારી અંદર એવો અવનવો વિચાર પેદા થયો કે કોઈ અદૃષ્ટ સ્વાભાવિક શક્તિપ્રવાહ એ સંતપુરુષદ્વારા મારામાં દાખલ કરવામાં આવ્યો છે. એમની પોતાની પ્રાપ્તિમાંથી થોડુંક પીરસીને આવી રીતે એ મારા પર કૃપા કરી રહ્યા છે કે શું ?

યોગીની આંખ સ્થિર થઈ અને દૂર જોનારી દૃષ્ટિ એમાં સમાઈ ગઈ. એમના પ્રિય આસનમાં એ વધારે દૃઢતાથી બેઠા એટલે એમનું શરીર જરા વધારે ટટાર થયું. મને સ્પષ્ટ રીતે અનુભવવા મળ્યું કે વિચાર કરતાં પણ વધારે ગહન એવા આત્માના ઊંડાણમાં એ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે અથવા તો આ દુનિયા કરતાં જોને એ વધારે ચાહે છે એવી આત્મિક વિશ્રાંતિની અવસ્થામાં પોતાની મનોવૃત્તિને ડુબાડી રહ્યા છે.

તો પછી એ શું એક આદર્શ યોગી છે ? એ શું કોઈ રહસ્યમય અંતરંગની શોધ કરી રહ્યા છે ? અને એ શોધ મારા ધાર્યા પ્રમાણે, માનવજાતિ માટે ઉપયોગી હશે ? કોણ કહી શકે ?

અમે કંપાઉન્ડની બહાર આવ્યા એટલે અડિયારના પેલા તપસ્વી બ્રહ્મે મારી તરફ ફરીને શાંત સ્વરે કહેવા માંડયું :

'આ યોગીને અંતિમ ધ્યેયની પ્રાપ્તિ નથી થઈ, છતાં પણ એમની અવસ્થા ઘણી ઊંચી છે. એમની પાસે સિદ્ધિઓ છે, તેમ જ પોતાના

આત્મિક વિકાસની પરિસીમાએ પહોંચવા એ આતુર છે. એમની સુંદર શારીરિક દશાનું કારણ એમનો લાંબા વખતનો હઠયોગનો અભ્યાસ છે. છતાં હવે મને જણાય છે કે એ રાજયોગમાં પણ આગળ વધ્યા છે. મને એમનો પહેલેથી પરિચય છે.'

'કયારનો ?'

'અહીં બાજુમાં એ ખુલ્લામાં કુટિર વગર રહેતા હતા ત્યારે, થોડાંક વરસ પહેલાં જ મેં એમને શોધી કાઢેલા. મારા માર્ગે આગળ વધતા એક અભ્યાસી યોગી તરીકે મેં એમને ઓળખેલા. હું તમને એ પણ કહું છું કે એમણે મને લખી જણાવેલું કે એમના આરંભના જીવનમાં એ લશ્કરી સિપાઈ હતા. એમની નોકરી પૂરી થયા પછી દુન્યવી જીવન પર કંટાળો આવવાથી એમણે એકાંતનો આશ્રય લીધો. એ વખતે પ્રખ્યાત સંત મારાકાયારની મુલાકાત થવાથી એ એમના શિષ્ય બન્યા.

ખેતરો પરથી શાંતિપૂર્વક પસાર થતાં આખરે અમે કાચા રસ્તા પર આવી પહોંચ્યા. કુટિરમાં મને થયેલા અણધાર્યા અગમ્ય અનુભવ વિશે મેં કોઈને પણ ના કહ્યું. એ અનુભવનો મેં વારંવાર વિચાર કરવા માંડ્યો, અને એના પડઘા મારા મનમાં નવેસરથી પડી રહ્યા.

એ સંતપુરુષનું દર્શન મને ફરીથી ન થયું. એમના એકાંતિક જીવનમાં દખલ કરું એવી એમની ઇચ્છા ના હોવાથી, મારે એ ઇચ્છાનો આદર કરવો પડ્યો. એમના અભેદ્ય આશ્રયસ્થાનમાં રહીને એકાંતિક સાધના કરવા મેં એમને મુકત રાખ્યા. કોઈ પંથ ચલાવવાની કે અનુયાયીઓ વધારવાની ઇચ્છા એમને બિલકુલ નહોતી. જીવનમાં શાંત અને અજ્ઞાત રીતે આગળ વધવા સિવાયની બીજી કોઈ મહત્વાકાંક્ષાઓ એમનામાં નહોતી દેખાતી. મને જે કહેવામાં આવ્યું એથી વધારે કશું એમને નહોતું કહેવાનું. પશ્ચિમમાં આપણે ત્યાં કરવામાં આવે છે તે પ્રમાણે, વાર્તાલાપ કરવાની કળાનો ઉપયોગ એ કેવળ વાર્તાલાપ માટે જ કરવાની ઇચ્છા નહોતા રાખતા.

૮

દક્ષિણ ભારતના ધાર્મિક વડા સાથે

મદ્રાસ લઈ જતા માર્ગને છેડે પહોંચ્યા તે પહેલાં કોઈ મારી પાછળ આવી પહોંચ્યું. મેં પાછળ જોયું તો ચેલા પીળા ઝભ્ભાવાળા યોગી મારી સામે જોઈને ભવ્ય રીતે હસવા માંડ્યા. એમનું મોં કાન સુધી લંબાતું હતું; અને એમની આંખ કરચલીના નાના કાપથી વીંટળાઈ વળતી હતી.

'તમારે મારી સાથે વાત કરવી છે?' મેં પૂછ્યું.

'હા, સાહેબ!' એમણે અંગ્રેજીમાં સરસ રીતે ભાર દઈને ઉચ્ચારણ કરતાં કહ્યું: 'તમે અમારા દેશમાં શી પ્રવૃત્તિ કરો છો તે હું પૂછી શકું?'

એમની કુતૂહલવૃત્તિથી સહેજ સંકોચાઈને મેં એમને ઉપર-ચોટિયા ઉત્તર આપવાનો નિર્ણય કર્યો.

'હું પ્રવાસ કરું છું.'

'મને લાગે છે કે તમને અમારા સંતોમાં રસ છે.'

'હા, થોડો.'

'તો પછી હું યોગી છું.' એમણે મને માહિતી આપી.

મેં કદી જોયા ન હોય એવા એ એક મજબૂત બાંધાના યોગી હતા.

'તમને યોગી થયે કેટલો વખત થયો?'

'ત્રણ વરસ.'

'જો મને માફ કરો તો તમે તેને માટે ખરાબ નથી લાગતા.'

એ ભારે ગૌરવપૂર્વક મારી નજીક આવીને ટટાર ઊભા રહ્યા. એમના પગ ઉઘાડા હોવાથી એમની એડીનો ધીમો અવાજ હું સાંભળી શકયો.

'સાત વરસ સુધી હું શહેનશાહનો સૈનિક રહ્યો છું.' એમણે ઉદ્‌ગાર કાઢયા.

'સાચું ?'

'હા. મેસોપોટામિયાના યુદ્ધ વખતે મેં ભારતીય લશ્કર સાથે ભાગ લીધેલો. મારી ઉત્તમ બુદ્ધિની કદર કરીને યુદ્ધ પછી મને મિલિટરી ખાતાના હિસાબી વિભાગમાં મૂકવામાં આવ્યો હતો.'

પોતાની જાતનું આવું વણમાગ્યું પ્રમાણપત્ર રજૂ કરવા બદલ મારાથી એમના તરફ સ્મિત કર્યા વિના ના રહી શકાયું.

'કૌટુંબિક મુશ્કેલીઓને લીધે મારે નોકરી છોડી દેવી પડી અને એ પછી મારે મુસીબતોનાં વમળોમાંથી પસાર થવું પડયું. એને લીધે આત્મિક વિકાસના માર્ગનો આધાર લઈ હું યોગી બનવા તૈયાર થયો.'

મેં એમને કાર્ડ આપ્યું ને સૂચવ્યું :

'આપણે એકમેકનાં નામ જાણીએ ?'

'મારું વ્યક્તિગત નામ સુબ્રમણ્ય છે ને મારી અટક આઈયર.' એમણે ઝડપથી કહી બતાવ્યું.

'ઠીક ત્યારે સુબ્રમણ્ય, પેલા મૌની સંતપુરુષને ત્યાં તમે મારા કાનમાં જે વાત કહેલી તેના ખુલાસાની હું રાહ જોઉં છું.'

'હું પણ તમારી આગળ એ ખુલાસો કરવાની રાહ જોઉં છું. તમારા પ્રશ્નો લઈને મારા ગુરુદેવની પાસે ચાલો. એ ભારતમાં અત્યારે સૌથી વધારે જ્ઞાની પુરુષ છે. યોગીઓના કરતાં પણ વધારે જ્ઞાની.'

'એમ ? તમે આખાય ભારતમાં ફરી ચૂક્યા છો ? તમે બધા જ મહાન યોગીઓને મળ્યા છો કે એકદમ આવું વિધાન કરી બતાવો છો ?'

'કન્યાકુમારીથી માંડીને હિમાલય સુધીના દેશની મને ખબર છે, અને મેં કેટલાક ઉત્તમ યોગીઓ પણ જોયા છે.'

'ઠીક...!'

'મને એમના જેવા એકનું પણ દર્શન નથી થયું. એ એક મહાન આત્મા છે. તેથી તમે તેમને મળો એવી મારી ઇચ્છા છે.'

'કારણ ?'

'કારણ કે એ જ મને તમારી પાસે લઈ આવ્યા છે. એમની જ શક્તિથી તમે ભારતમાં ખેંચાઈ આવ્યા છો.'

એ ભારેખમ નિવેદન મને ખૂબ જ અતિશયોક્તિભરેલું લાગ્યું, એથી એ માણસથી અલગ થવાની મને ઇચ્છા થઈ. લાગણીપ્રધાન પુરુષોની વક્તૃત્વશક્તિથી ભરેલી અતિશયોક્તિઓથી હું હંમેશાં ડરું છું, અને ભગવી કફનીવાળા યોગી ખૂબ જ લાગણીપ્રધાન છે એ સાવ દેખીતું હતું. એમના સ્વર, અભિનય, દેખાવ અને સંજોગો પરથી એ સાફસાફ જણાઈ આવ્યું.

'મારી સમજમાં કશું નથી આવતું.' મેં ઠંડો જવાબ આપ્યો.

એ વધારે સ્પષ્ટીકરણ કરવા લાગ્યા.

'આઠ મહિના પહેલાં મને એમનો પરિચય થયો. પાંચ મહિના સુધી એમની સાથે રહેવાની મને મંજૂરી મળી, અને એ પછી એક વાર ફરીથી મને મુસાફરીએ મોકલવામાં આવ્યો. એમના જેવી યોગ્યતાવાળા બીજા કોઈને તમે મળી શકશો એવું મને નથી લાગતું. એમની આત્મિક શક્તિઓ એટલી બધી ઊંચી કોટિની છે કે તમારા અવ્યક્ત વિચારોના ઉત્તર પણ એ આપી દેશે. એમની ઉત્તમોત્તમ આત્મિક અવસ્થાનો અનુભવ કરવા તમારે એમની સાથે થોડો વખત રહેવું જોઈએ એટલું જ.'

'તમને ખાતરી છે કે મારી મુલાકાતને એ વધાવી લેશે ?'

'જરૂર. એમની પ્રેરણાને લીધે જ હું તમારી પાસે આવી પહોંચ્યો છું.'

'એ રહે છે ક્યાં?'

'અરુણાચલ — પવિત્ર દીવાદાંડીના પર્વત પર.'

'એ ક્યાં આવ્યો?'

'દૂરના દક્ષિણમાં આવેલા ઉત્તર આર્કોટ પ્રદેશમાં. હું તમારો ભોમિયો થઈશ, ને ત્યાં લઈ જઈશ. મારા ગુરુએ પરમ સત્યનો સાક્ષાત્કાર કર્યો છે એટલે એ તમારી શંકાઓનું સમાધાન કરશે અને તમારા પ્રશ્નોનો નિકાલ લાવશે.'

'એ ઘણું જ રસમય લાગે છે.' મેં નાખુશી દર્શાવતાં કહ્યું: 'પરંતુ મને એ જણાવતાં ખેદ થાય છે કે મારાથી અત્યારે નહિ આવી શકાય. મારો સામાન તૈયાર છે અને થોડા જ વખતમાં હું ઉત્તરપૂર્વના પ્રવાસે ઊપડી જઈશ. મારે બે મહત્ત્વની મુલાકાતો પૂરી કરવાની છે.'

'પરંતુ આ કામ વધારે અગત્યનું છે.'

'છતાં દિલગીર છું કે આપણે ઘણા મોડા મળ્યા. મેં બધી તૈયારી કરી લીધી છે. તેમાં સહેલાઈથી ફેરફાર નહિ કરી શકાય. પાછળથી હું દક્ષિણમાં આવી જઈશ, પરંતુ હાલ પૂરતી તો એ મુસાફરી મોકૂફ જ રાખવી પડશે.'

યોગી દેખીતી રીતે જ નિરાશ થયા.

'તમે એક સરસ તક ખોઈ રહ્યા છો અને...'

એમની નિરર્થક દલીલની કલ્પના કરીને મેં એમની વાતને વચ્ચેથી જ કાપીને કહેવા માંડ્યું: 'હવે મારે જવું જોઈએ, ધન્યવાદ.'

'તમારા ઇનકારનો સ્વીકાર મારાથી નથી થઈ શકતો.' એમણે હઠપૂર્વક જાહેર કર્યું: 'આવતી કાલે સાંજે હું તમને મળવા આવીશ, અને આશા રાખું છું કે ત્યારે તમારો વિચાર બદલાયો છે એવું સાંભળી શકીશ.'

અમારી વાતચીતનો એવી વિચિત્ર રીતે અંત આવ્યો. એમની સુદૃઢ, સુંદર બાંધાવાળી, ભગવી કફનીવાળી આકૃતિને રસ્તા પરથી પસાર થતી હું જોઈ રહ્યો.

ઘેર પહોંચ્યા પછી મને લાગ્યું કે સંભવિત છે કે મેં નિર્ણય લેવામાં ભૂલ કરી હોય. ગુરુની ગુણવત્તા શિષ્યના દાવાથી અડધી હોય તોપણ, એમને માટે દક્ષિણનો કષ્ટાકારક પ્રવાસ કરવો બરાબર હતો. પરંતુ વધારેપડતા ઉત્સાહવાળા ભક્તોથી મને કાંઈક કંટાળો આવી ગયો હતો. એમના ગુરુની એ પેટ ભરીને પ્રસંશા કરતા, તોપણ તપાસ કરતાં જણાતું કે પશ્ચિમના નાજુક કસોટી–ધોરણની આગળ એ દયાજનક રીતે પાછા પડે છે કે એટલી બધી લાયકાત વિનાના પુરવાર થાય છે. વધારામાં નિદ્રા વિનાની રાતો તથા કઠોર દિવસોએ મારા સ્નાયુઓને હોવાં જોઈએ તેના કરતાં કાંઈ વધારે બેચેન બનાવી દીધાં હતાં. એટલે મારો પ્રવાસ અસાર અથવા નિરર્થક કરવાની સંભાવના મારી આજુબાજુ જરૂર કરતાં વધુ પ્રમાણમાં ભમ્યા કરતી.

છતાં દલીલ લાગણીનું સ્થાન ના લઈ શકી. એક અવનવી વૃત્તિ મને ચેતવણી આપવા લાગી કે પોતાના ગુરુની વિશેષ યોગ્યતાનો દાવો યોગીએ આટલા બધા આગ્રહપૂર્વક કર્યો તેની પાછળ કોઈક સાચી ભૂમિકા જરૂર હોવી જોઈએ. મારી હતાશાની વૃત્તિને હું પૂરેપૂરી દૂર તો ના જ કરી શકયો.

× × × ×

ચા અને બિસ્કીટના નાસ્તાનો વખત થયો ત્યારે, નોકરે કોઈક મળવા આવ્યું છે એવી સૂચના આપી. એ કલમબાજોની જમાતના એક સભ્ય, લેખક વેંકટરામાની હતા.

ઓળખાણના થોડાક કાગળો મારી પેટીને તળિયે મેં નાખેલા ત્યાં ને ત્યાં જ પડી રહેલા. એમનો ઉપયોગ મારે નહોતો કરવો. એનું કારણ, દેવતાઓ સારું કે નરસું જે કંઈ કરે તે વધાવી લેવાની મારી તરંગી મનોવૃત્તિ હતી. તે છતાં મારી સફરની શરૂઆતમાં મેં મુંબઈમાં એક ઓળખપત્રનો ઉપયોગ કરેલો, અને બીજાનો ઉપયોગ મારે એક અંગત સંદેશો આપવાનો હોવાથી, મદ્રાસમાં કરેલો. એ રીતે એ બીજા પત્રને લીધે વેંકટરામાની મારે ત્યાં આવી પહોંચ્યા.

મદ્રાસ યુનિવર્સિટીની સેનેટના એ સભ્ય હોવા ઉપરાંત, ઉત્તમ પ્રકારના નિબંધોના અને ગ્રામજીવનની નવલકથાઓના લેખક તરીકે એ વધારે જાણીતા હતા. અંગ્રેજી માધ્યમનો ઉપયોગ કરનાર મદ્રાસ પ્રાંતના એ પહેલા જ હિંદુ લેખક હતા. જેમને સાહિત્યની સેવા બદલ જાહેરમાં હાથીદાંતના કેતરકામવાળી ઢાલ અર્પણ કરવામાં આવેલી. એમની લેખનશૈલી એટલી બધી ઉત્તમ અને સુંદર હતી કે ભારતમાં રવીન્દ્રનાથ ટાગોરે તથા ઇંગ્લેન્ડમાં સ્વર્ગસ્થ લોર્ડ હાલ્ડને એની પ્રશંસા કરેલી. એમનું ગદ્ય સુંદર રૂપકોથી ભરેલું હતું, પરંતુ એમની વાર્તાઓ તરછોડાયેલાં ગામડાંના કરુણ જીવનનો પડઘો પાડતી.

એમણે ઓરડામાં પ્રવેશ કર્યો ત્યારે એમની ઊંચી પાતળી આકૃતિ પર મારી દૃષ્ટિ પડી. એમનું મસ્તક આછીપાતળી કેશલટોથી ઢંકાયેલું હતું, એમની હડપચી નાની હતી, અને આંખે ચશ્માં હતાં. એ એક વિચારકની, આદર્શવાદીની અથવા કવિની હતી. છતાં એમનાં શોકાંકિત પોપચાં પર દુઃખી ખેડૂતોના શોકના પડઘા પડતા રહેતા.

બંનેના સામાન્ય રસના કેટલાય મુદ્દાઓ પર અમે એકમેકની સાથે મળતા થયા. કેટલાય વિષયો સંબંધી અમે વિચારોની આપલે કરી, રાજકારણની ઝીણવટભરી ચર્ચા કરી, અને અમારા માનીતા લેખકોને અનુરાગથી અંજલિ આપી, એ પછી મારી ભારતની મુલાકાતનું સાચું કારણ કહેવાની ઇચ્છા મારા મનમાં એકાએક થઈ આવી. મારા પ્રવાસનો હેતુ મેં એમને પૂરેપૂરી નિખાલસતાથી કહી બતાવ્યો. સિદ્ધિઓના પરચા બતાવી શકે એવા યોગીઓની માહિતી મેં એમની પાસે માગી જોઈ! અને એમની આગળ સ્પષ્ટ કર્યું કે ગંદકીના ઘર જેવા સાધુઓ અથવા જાદુવિદ્યાવાળા ફકીરોને મળવામાં મને કોઈ જાતનો રસ નહિ પડે.

એમણે માથું નમાવીને નકારાત્મક રીતે હલાવવા માંડયું.

'ભારતમાં હવે એવા મહાપુરુષો નથી મળતા. અમારા દેશમાં વધતા જતા જડવાદની સાથેસાથે, એક બાજુનું એનું વિશાળ અધઃ-

પતન અને બીજી બાજુ ભૌતિકવાદી પશ્ચિમી સભ્યતાના પ્રભાવને લીધે, તમે જેવા મહાપુરુષોને શોધો છો તેવા મહાપુરુષોનો એકદમ લોપ થયો છે. એ છતાં મારી દૃઢ માન્યતા છે કે એમનામાંના કેટલાક એકાંત અરણ્યોમાં આજે પણ નિવૃત્તિમય જીવન જીવતા હશે. પરંતુ એમની શોધમાં આખી જિંદગી ન ગાળો ત્યાં સુધી તમને એમનું દર્શન સહેલાઈથી ભાગ્યે જ થઈ શકે. ભારતવાસીઓમાંના કોઈક એવી શોધ કરવા માટે નીકળે છે ત્યારે એમને દૂર પ્રદેશોમાં ફરવું પડે છે. તો પછી એક અંગ્રેજને માટે એ કામ કેટલું બધું અઘરું હશે તેની કલ્પના તમે સહેલાઈથી કરી શકશો.'

'તો પછી તમને શું થોડીય આશા નથી લાગતી?' મેં પૂછ્યું.

'એ તો ના કહી શકું. તમારું નસીબ સારું પણ હોય.'

કોઈએ મને આકસ્મિક પ્રશ્ન પૂછવા પ્રેરિત કર્યો :

'ઉત્તર આર્કોટની પર્વતમાળામાં રહેતા સંતપુરુષ વિશે તમે સાંભળ્યું છે?'

એમણે માથું હલાવ્યું.

અમારી વાતચીત પાછી સાહિત્યવિષયક મુદ્દાઓને વીંટી વળી.

મેં એમની સામે સિગારેટ ધરી, પરંતુ ધુમ્રપાન ન કરતા હોવાથી એમણે એ ન લીધી. મેં મારે માટે સિગારેટ સળગાવી અને એ ટર્કીશ બનાવટના સરસ ધુમાડાનો મેં સ્વાદ લેવા માંડ્યો ત્યારે વેંકટરામાનીએ ઝડપથી અદૃશ્ય થતી જતી હિન્દુ સભ્યતાના આદર્શોની મુક્ત કંઠે પ્રશંસા કરતાં પોતાના હૃદયને વહેતું કરવા માંડ્યું. જીવનની સાદાઈ, સમાજસેવા, શાંતિમય જીવન અને આધ્યાત્મિક આદર્શો વિશે એમણે વિચારો વ્યક્ત કર્યા. હિંદુ સમાજમાં વધતી જતી કેટલીક મૂર્ખતાપૂર્ણ માન્યતાનો અંત આણવાની એમની ઇચ્છા હતી. ભારતમાં પાંચ લાખ ગામડાંને ઔદ્યોગિક શહેરોના ગંદા ગીચ વિસ્તારોનાં ભરતીકેન્દ્રો બનતાં અટકાવવાનું

મહાન સ્વપ્નું એમના મનમાં રમી રહ્યું હતું. જોકે એ ધમકી એટલી બધી તાકીદની નહોતી, છતાં એમની આર્ષદૃષ્ટિ તથા પશ્ચિમના ઔદ્યોગિક ઇતિહાસની સ્મૃતિને લીધે એને એ વર્તમાન ઘટનાપ્રવાહોના નિશ્ચિત પરિણામરૂપ સમજતા. વેંકટરામાનીએ જણાવ્યું કે દક્ષિણ ભારતમાં પ્રાચીન ગામડાંઓમાંના એક સંપન્ન કુટુંબમાં એ જન્મ્યા હતા, અને ગ્રામજીવનમાં જે સાંસ્કૃતિક વિનાશ તથા કારમી કંગાલિયત ફરી વળી છે તેનું એમને ભારે દુઃખ હતું. ગામડાની સાદી પ્રજાની ઉન્નતિ માટેની યોજનાઓમાં એમને રસ હતો, અને એ પ્રજા જ્યાં સુધી દુઃખી હોય ત્યાં સુધી સુખી થવાનું એમને પસંદ નહોતું પડતું.

એમનું દૃષ્ટિબિંદુ સમજવાની કોશિશ કરવાના ઉદ્દેશથી હું એમને શાંતિપૂર્વક સાંભળી રહ્યો. છેવટે એ ઊભા થયા અને એમની ઊંચી, પાતળી આકૃતિ રસ્તા પર અદૃશ્ય થઈ તે હું જોઈ રહ્યો.

બીજે દિવસે સવારે એમના અણધાર્યા આગમનથી મને આશ્ચર્ય થયું. એમની ગાડી ઝડપથી દરવાજા પાસે આવી પહોંચી કારણકે એમને ભય હતો કે હું કદાચ બહાર ગયો હોઈશ.

'કાલે રાતે મને મોડેથી સમાચાર મળ્યા કે મારા મહાન આશ્રયદાતા ચીંગલપટમાં એક દિવસ માટે રહેવાના છે.' એ બોલી ઊઠ્યા.

શ્વાસોચ્છ્વાસને શાંત કરીને એમણે કહેવા માંડ્યું :

'કુંભકોનમના શંકરાચાર્ય દક્ષિણ ભારતના આધ્યાત્મિક વડા ગણાય છે. લાખો લોકો એમને ઈશ્વરના સંદેશવાહક તરીકે માન આપે છે. એમણે મારા જીવનમાં ઘણો રસ બતાવ્યો છે, મારા સાહિત્યલેખનમાં ઉત્સાહ પૂરો પાડ્યો છે, અને એમની પાસેથી જ મને આધ્યાત્મિક પ્રેરણાની પ્રાપ્તિ થાય છે. કાલે મેં તમને જે વાત નહોતી કહી તે આજે કહી બતાવું છું. અમે એમને ઉચ્ચતમ આધ્યાત્મિક અવસ્થા પર પહોંચેલા માનીએ છીએ. પરંતુ એ યોગી નથી. એ દક્ષિણના હિન્દુ જગતના મુખ્ય પુરુષ, એક સાચા

સંત અને મહાન દાર્શનિક છે. આપણા જમાનાના મોટા ભાગના ધાર્મિક પ્રવાહોથી તથા એમની પોતાની સિદ્ધિપ્રાપ્તિથી માહિતગાર હોવાને લીધે, સાચા યોગીઓ વિશેનું એમનું જ્ઞાન કદાચ ઘણું વિરલ છે. એક ગામથી બીજા ગામમાં તથા એક શહેરથી બીજા શહેરમાં એમનો પ્રવાસ ચાલ્યા જ કરે છે. જેથી એની વાતોથી એ બાસ વાકેફ રહી શકે. એ જ્યાં જાય છે ત્યાં બધે જ સંતપુરુષો એમને અંજલિ આપવા આવી પહોંચે છે. સંભવ છે કે એ તમને કોઈ ઉપયોગી શિખામણ આપી શકે. એમને મળવાનું તમને પસંદ પડશે ખરું?'

'એને માટે તમારો આભાર માનું છું. હું એમને ખુશીથી મળીશ. ચીંગલપટ અહીંથી કેટલું દૂર છે?'

'અહીંથી ફક્ત પાંત્રીસ માઈલ પણ...'

'શું?'

'એ તમને મળવાની હા પાડશે કે કેમ તેની મને શંકા થાય છે. હું એમને સમજાવવાની બનતી કોશિશ તો કરીશ જ, છતાં...'

'હું અંગ્રેજ છું તેની મને ખબર છે.' મેં વાક્ય પૂરું કર્યું.

'એમના ઇનકારનું જોખમ ખેડવા તૈયાર છો?' એમણે જરા આતુરતાથી પૂછ્યું.

'જરૂર. આપણે જઈએ.'

થોડોક નાસ્તો કરીને અમે ચીંગલપટ જવા ચાલી નીકળ્યા. મારે જેમને મળવાનું હતું તેમને વિશે મારા વિદ્વાન સાહિત્યમિત્રને મેં પ્રશ્નો પૂછ્યા. એના ફળરૂપે મને જાણવા મળ્યું કે શંકરાચાર્ય અન્ન અને વસ્ત્રની બાબતમાં એક વિરક્ત પુરુષની પેઠે તદ્દન સાદું જીવન જીવે છે; પરંતુ એમના પદના મોભાને લીધે મુસાફરી કરતી વખતે એમને બાદશાહી પાલખીમાં તથા ઠાઠમાં રહેવું પડે છે. એમની પાછળ એ વખતે હાથી તથા ઊંટ પર સવારી કરનારા સેવકો હોય છે, પંડિતો તથા એમના શિષ્યો હોય છે, અને સંદેશવાહકો

તથા બીજા અસંખ્ય લોકોનો કાફલો હોય છે. એ જ્યાં જાય છે ત્યાં આજુબાજુના વિસ્તારોમાંથી દર્શનાર્થીઓનાં ટોળેટોળાં એમની પાસે ખેંચાઈ આવે છે. એ બધાં આધ્યાત્મિક, માનસિક, શારીરિક અને આર્થિક મદદ માટે આવે છે. શ્રીમંતો તરફથી એમને રોજના હજારો રૂપિયા અર્પણ કરવામાં આવે છે, પરંતુ એમણે ગરીબીવ્રત લીધું હોવાથી, એ આવક યોગ્ય કામોમાં વાપરી દેવામાં આવે છે. એ ગરીબોને મદદ કરે છે, શિક્ષણમાં સહાયક બને છે, મંદિરોનો જીર્ણોદ્ધાર કરે છે, અને દક્ષિણ ભારતના નદી વિનાના ભાગોમાં અત્યંત ઉપયોગી મનાતા, વરસાદને આધારે ટકતા, પાણીના કૃત્રિમ સંગ્રહોની સુધારણામાં રસ લે છે. એમનું કાર્ય મુખ્યત્વે ધાર્મિક છે. જ્યાં જ્યાં એમને રોકાવાનું થાય છે ત્યાં ત્યાં હિન્દુ ધર્મના વારસાનું વધારે ને વધારે ઊંડું જ્ઞાન મેળવવાની પ્રેરણા પૂરી પાડવાનો તથા લોકોનાં મન અને અંતરને ઉદાત્ત બનાવવાનો એ પ્રયાસ કરે છે. સામાન્ય રીતે એ સ્થાનિક મંદિરમાં પ્રવચન કરે છે, અને પછી એમની પાસે એકઠા થતા જિજ્ઞાસુઓના સમુદાયને જવાબો આપે છે.

મને જાણવા મળ્યું કે આદ્ય શંકરાચાર્યની આ પરંપરામાં આ છાસઠમા શંકરાચાર્ય છે. એમના પદ તથા અધિકારને સારી પેઠે સમજવા માટે એના સ્થાપક વિશે વેંકટરામાનીને મેં કેટલાક પ્રશ્નો પૂછ્યા. મને જણાયું કે આદ્ય શંકરાચાર્ય બે હજાર વરસ પહેલાં થયેલા ઐતિહાસિક બ્રાહ્મણ સંતોમાં સર્વોત્તમ હતા. એમને બુદ્ધિવાદી, યોગી અને પ્રથમ પંક્તિના ફિલસૂફ કહી શકાય. એમના જમાનામાં એમણે જોયું કે હિંદુધર્મ અસ્તવ્યસ્ત અને કંગાળ દશામાં જીવી રહ્યો છે, અને એની આત્મિક શક્તિનો હ્રાસ થવા માંડ્યો છે. એ એક જીવનકાર્ય લઈને જન્મ્યા હતા એવું લાગ્યા વિના નથી રહેતું. બાર વરસની ઉંમરથી માર્ગમાં મળતા પ્રત્યેક જિલ્લાના વિદ્વાનો તથા ઉપદેશકોની સાથે ચર્ચા કરતા, એમના સિદ્ધાંતોનો ઉપદેશ આપતા, અને બહોળું શિષ્યમંડળ બનાવતા, એ ભારતભરમાં પગપાળા ફરી વળ્યા. એમની બુદ્ધિ એટલી બધી સૂક્ષ્મ હતી કે બીજા

એમની બરાબરી ના કરી શકતા. એમના જીવનકાળ દરમિયાન જ એમને પયગંબર તરીકે સ્વીકારવામાં ને સન્માનવામાં આવેલા : એમનું જીવન પૂરું થયું તે પછી નહિ.

એમની પ્રતિભા બહુમુખી હતી. પોતાના દેશના મુખ્ય ધર્મનો પ્રચાર કરવાની સાથેસાથે, એ ધર્મનો સ્વાંગ ધરીને ફાલેલી કેટલીક ભયંકર રૂઢિઓનો એમણે પ્રબળ સામનો કર્યો. એમણે લોકોને સત્યકર્મ કરતાં શિખવાડયું. અને કોઈ પણ પ્રકારનો પુરુષાર્થ કર્યા વગર કેવળ ધાર્મિક પૂજાવિધિને આધારે બેસી રહેવાનો નિરર્થકતાનું ભાન કરાવ્યું. પોતાની માતાની ઉત્તરક્રિયા કરીને એમણે આશ્રમના નિયમનો ભંગ કરીને ધર્માચાર્યોનો બોફ વહોરી લીધો. ધર્માચાર્યોએ એટલા માટે એમની સાથેનો સંબંધ તોડી નાખ્યો. નાતજાતનો વિરોધ કરનારા બુદ્ધના એ નીડર યુવાન પુરુષ એક સુયોગ્ય ઉત્તરાધિકારી હતા. ધર્માચાર્યોનો વિરોધ કરીને એમણે શીખવ્યું કે જાતિ કે વર્ણના ભેદભાવ વગર પ્રત્યેક મનુષ્ય પરમ સત્યનું જ્ઞાન તથા ઈશ્વરનો અનુગ્રહ મેળવી શકે છે. એમણે કોઈ વિશેષ પંથની સ્થાપના ન કરી, પણ જણાવ્યું કે જો પ્રામાણિકપણે આચરવામાં આવે તો પ્રત્યેક ધર્મ ઈશ્વરની પાસે પહોંચાડી શકે તેમ છે. પોતાનો દૃષ્ટિકોણ સમજાવવા એમણે તત્ત્વજ્ઞાનની સૂક્ષ્મ ને પૂર્ણ પદ્ધતિ કહી બતાવી. એમના વિશાળ સાહિત્યવારસાને દેશના ધર્મજ્ઞાનમાં રસ લેતા પ્રત્યેક શહેરમાં માનની નજરે જોવામાં આવે છે. અર્થની બાબતમાં લડતા-ઝઘડતા ને વાદવિવાદ કરતા હોવા છતાં, પંડિતોએ એમના ધાર્મિક ને તત્ત્વજ્ઞાનના વારસાને સારી પેઠે સાચવી રાખ્યો છે.

શંકરાચાર્યે ભગવો ઝભ્ભો પહેરીને પ્રવાસીઓની મંડળી સાથે સમસ્ત ભારતમાં પ્રવાસ કરેલો. પોતાની વ્યૂહરચનાના એક વિભાગરૂપે ભારતના ચાર ખૂણામાં એમણે ચાર મહાન મઠની સ્થાપના કરી. ઉત્તરમાં બદરીનાથ પાસે, પૂર્વમાં પુરીમાં, અને એ પ્રમાણે બીજે. જ્યાંથી પોતે કાર્યનો આરંભ કરેલો ત્યાં દક્ષિણમાં મંદિર તથા મઠની સાથે મધ્યવર્તી કેન્દ્રની સ્થાપના કરી. ત્યારથી આજ સુધી દક્ષિણ હિંદુધર્મના સૌથી પવિત્ર પ્રદેશ તરીકે પંકાતું આવ્યું છે.

વરસાદની ઋતુ પૂરી થતાં, એ સંસ્થાઓમાંથી તાલીમ પામેલા સાધુ-ઓની મંડળીઓ બહાર નીકળતી, અને દેશમાં શંકરાચાર્યના સંદેશ ફેલાવવા માટે પર્યટન કરતી. એ મહાપુરુષનું મૃત્યુ બત્રીસ વરસની નાની ઉંમરે થયું, જો કે એક દંતકથા એવી પણ છે કે એ કેવળ અદૃશ્ય જ થઈ ગયા છે.

એ બધી માહિતી એટલા માટે ઉપયોગી હતી કે મારે આજે જેમને મળવાનું હતું તે એમના અનુગામી એ જ કાર્ય કરી રહ્યા હતા અને એ જ સંદેશ આપી રહ્યા હતા. એ સંબંધમાં એક આશ્ચર્યકારક કથા ચાલી આવે છે. આદ્ય શંકરાચાર્ય પોતાના શિષ્યોને વચન આપેલું કે આત્મિક રૂપે પોતે એમની સાથે રહીને દોરવણી આપશે, અને એને માટે પોતાના અનુગામીઓમાં વાસ કરશે. તિબેટના વડા લામાની બાબતમાં પણ લગભગ એવી જ વાત વહેતી આવે છે. પુરોગામી લામા પોતાના મૃત્યુની છેવટની પળોમાં, પોતાની પાછળના યોગ્ય લામાને પસંદ કરે છે. એ પસંદગી પામેલ પુરુષ નાની ઉંમરનો બાળક હોય છે. એને ઉત્તમ પ્રકારના શિક્ષકોને સુપરત કરવામાં આવે છે. અને એના હોદ્દાને લાયક જરૂરી તાલીમ પૂરી પાડવામાં આવે છે. એ તાલીમ ફક્ત ધાર્મિક કે બૌદ્ધિક નથી હોતી, પરંતુ ઉત્તમ પ્રકારના યોગની તથા ધ્યાનની પ્રક્રિયાઓની હોય છે. એ તાલીમ પછી સેવાનો વિશિષ્ટ પ્રવૃત્તિવાળું જીવન શરૂ થાય છે. એ હકીકત ઓછી નોંધપાત્ર નથી કે આટલા બધા સૈકાઓથી એ પરંપરાની સ્થાપના થઈ હોવા છતાં, શંકરાચાર્યનો ખિતાબ ધારણ કરનારા કોઈ પણ પુરુષ ઉત્તમ પ્રકારના નિઃસ્વાર્થ ચારિત્ર્યથી રહિત નથી થયા.

વેંકટરામનીએ પોતાના વર્ણનને છાસઠમા શંકરાચાર્યની વિશેષ શક્તિઓની વાતો કહી બતાવીને રોચક બનાવ્યું. એ વાતોમાં એમના પોતાના ભત્રીજાને અદ્‌ભુત રીતે સાજો કરવામાં આવ્યો એ વાત પણ આવી ગઈ. એમનો ભત્રીજો સંધિવાથી પીડાઈને વરસો સુધી પથારી-

વશ હતો. શંકરાચાર્યે એની મુલાકાત લીધી, એના શરીરને સ્પર્શ કર્યો, અને ત્રણેક કલાકમાં તો એ માંદો છોકરો પથારીમાંથી બહાર નીકળ્યો. થોડા વખતમાં તો એ તદ્દન સાજો થઈ ગયો.

વેંકટરામાનીએ વધારામાં જણાવ્યું કે બીજા મનુષ્યોના વિચારોને જાણી લેવાની શક્તિ પણ શંકરાચાર્યમાં છે. એ વાતમાં એમને પૂરેપૂરો વિશ્વાસ હતો.

× ×

તાડવૃક્ષોથી વીંટળાયેલા મુખ્ય માર્ગ પરથી પસાર થઈને અમે ચીંગલપટમાં પ્રવેશ કર્યો. શહેર ઘોળેલાં મકાનોના, એકમેકની નજીકમાં આવેલાં લાલ છાપરાંના, અને સાંકડી શેરીઓના સમૂહ જેવું હતું. અમે નીચે ઊતરીને વિશાળ લોકસમુદાય એકઠો થયો હતો ત્યાં શહેરના મધ્ય ભાગમાં આગળ વધ્યા. મને એક એવા મકાનમાં લઈ જવામાં આવ્યો જ્યાં બેઠેલા મંત્રીઓ શંકરાચાર્યના મુખ્ય સ્થાન કુંભકોનમ્થી આવેલા વિશાળ પત્રોનો નિકાલ કરતા હતા. ખુરશી વગરના આગળના ખંડમાં મને બેસાડીને વેંકટરામાનીએ શંકરાચાર્યને એક મંત્રી મારફત સંદેશો મોકલ્યો. અડધા કલાક પછી મંત્રીએ પાછા આવીને ખબર આપી કે મારી માગેલી મુલાકાત નહિ મળી શકે. શંકરાચાર્ય અંગ્રેજને મળવા નથી માગતા. હજુ તો બસો જેટલા લોકો મુલાકાત માટે રાહ જુએ છે. મુલાકાત મેળવવા કેટલાય લોકો શહેરમાં રાતભર પડી રહ્યા છે. મંત્રીએ એ માટે વારંવાર ક્ષમા માગી.

મેં પરિસ્થિતિને વિચારપૂર્વક વધાવી લીધી, પરંતુ વેંકટરામાનીએ કહ્યું કે એક ખાસ મિત્ર તરીકે એ શંકરાચાર્યને મળીને મારે માટે વકીલાત કરશે. ત્યાં ટોળે મળેલા કેટલાક લોકો એવી રીતે મકાનમાં દાખલ થવાનો એમનો વિચાર જાણીને બડબડાટ કરવા લાગ્યા. લાંબી દલીલો તથા વારંવારના ખુલાસા પછી એમણે સૌને જીતી લીધાં. આખરે સ્મિત સાથે વિજયી બનીને એ પાછા આવ્યા.

'તમારી બાબતને શંકરાચાર્ય ખાસ અપવાદરૂપ માનશે. એ તમને એકાદ કલાકમાં મળી શકશે.'

મુખ્ય મંદિર તરફ જતી સુંદર શેરીઓમાં આંટાફેરા કરતાં મેં સમય પસાર કરવા માંડ્યો. રાખોડી રંગના હાથીઓ તથા ઊંચા, બદામી રંગની ચામડીવાળાં ઊંટની પંક્તિને પાણી પીવા લઈ જતા નોકરો મને જોવા મળ્યા. પોતાના પ્રવાસ દરમિયાન શંકરાચાર્ય જેના પર બેસતા તે સુંદર પ્રાણીનો પણ કોઈએ મને પરિચય કરાવ્યો. એ ઊંચા હાથીની પીઠ પર મૂકેલી સુશોભિત અંબાડી પર એ બાદશાહી ઢબે સવારી કરતા. એ અંબાડીને કીમતી વસ્ત્રો સોનાના ભરતકામ તથા બીજા ઉત્તમ પ્રકારના શણગારોથી અલંકૃત કરવામાં આવતી. એ ગૌરવવાન હાથીને રસ્તા પરથી પસાર થતો હું જોઈ રહ્યો. આગળ વધતી વખતે એ સૂંઢને વાળી લેતો ને પાછી છૂટી મૂકતો.

કોઈ ધાર્મિક વ્યક્તિને મળવા જતી વખતે થોડાંક ફળ, ફૂલ કે થોડીક મીઠાઈ લઈ જવાની પુરાણી પ્રથાને યાદ કરીને મેં પણ એ મહાપુરુષ માટેની મારી ભેટ તૈયાર કરી. ફૂલ તથા નારંગી વિના બીજું કશું દેખાતું ન હોવાથી, મારી અનુકૂળતા પ્રમાણે જેટલી લઈ શકાય તેટલી એ વસ્તુઓ મેં ખરીદ કરી.

શંકરાચાર્યના કામચલાઉ નિવાસની બહાર જામેલી ભીડને લીધે એક બીજી મહત્ત્વની પ્રથાનો મને ખ્યાલ જ ના રહ્યો. 'તમારા બૂટ કાઢી નાખો.' વેંકટરામાનીએ મને તરત યાદ કરાવ્યું. બૂટ કાઢીને મેં એવી આશા સાથે શેરીમાં રહેવા દીધા કે મારા પાછા ફરતાં સુધી એ ત્યાં જ પડી રહેશે!

એક નાનકડા દરવાજામાંથી પસાર થઈને અમે એક ખાલી ખંડમાં આવી પહોંચ્યા. એના દૂરના ખૂણામાં એક ઝાંખી પ્રકાશ-વાળી જગ્યામાં એક ટૂકી આકૃતિ ઊભી રહેલી. એની પાસે જઈ મેં મારી ભેટ અર્પણ કરી અને નીચા નમીને નમસ્કાર કર્યા. એક

સન્માનસૂચક આવશ્યકતા તથા ઉચ્ચ કક્ષાની સભ્યતા તરીકેનો એનો વિચાર બાજુએ મૂકીએ તોપણ કળાની દૃષ્ટિએ પણ એ પદ્ધતિ ઘણી કીમતી લાગે છે અને પ્રભાવિત કરે છે. મને ખબર હતી કે શંકરાચાર્ય કાંઈ પોપ નહોતા, કારણકે હિંદુધર્મમાં એવું કશું છે જ નહિ; પરંતુ એ ઘણા મોટા વિસ્તારમાં વસતી ધાર્મિક પ્રજાના ગુરુ અથવા પથપ્રદર્શક હતા. આખુંય દક્ષિણ ભારત એમની મર્યાદાને માન્ય રાખતું હતું.

× × ×

મેં એમની તરફ શાંતિથી જોયા કર્યું. એ ટૂંકા કદના પુરુષે સંન્યાસીનો ભગવા રંગનો ઝભ્ભો પહેરેલો અને દંડ પર હાથ મૂકીને વાંકા વળેલા. એમના વાળ તદ્દન રાખોડી રંગના હતા તે જોઈને મને નવાઈ લાગી. કેમકે મને કહેવામાં આવેલું કે એમની ઉંમર ચાળીસેકની હતી.

રાખોડી તથા ભૂખરા રંગના સંમિશ્રણવાળો એમનો ઉદાત્ત ચહેરો મારા સ્મરણપટ પર પડેલાં રેખાચિત્રોમાં આજે પણ માનભરેલું સ્થાન ધરાવતાં હસી રહ્યો છે. જેને આધ્યાત્મિક કહેવામાં આવે છે તે અલૌકિક તત્ત્વ એ ચહેરા પર રમી રહ્યું હતું. એમના હાવભાવ નમ્ર અને સરળ હતા તથા એમની મોટી કાળી આંખ સુંદર અને અત્યંત શાંત દેખાતી. નાક નાનું, સીધું અને વ્યવસ્થિત હતું. એમની દાઢી થોડીક ઊગેલી હતી. એમના મુખમંડળની ગંભીરતા આગળ તરી આવતી. એમની મુખાકૃતિ મધ્યમયુગ દરમિયાન ખ્રિસ્તી દેવળમાં રહેતા સંતની મુખાકૃતિ સાથે મળતી આવતી : ફરક માત્ર એટલો જ હતો કે એમાં બુદ્ધિમત્તાનો ગુણ ઉમેરાયો હતો. મને લાગે છે કે વ્યાવહારિક પશ્ચિમમાં રહેતા આપણે એમ કહીશું કે એમની આંખ સ્વપ્નદૃષ્ટાની છે. ગમે તેમ પણ મને એવો અવર્ણનીય અનુભવ થયા માંડ્યો કે એમની ભારે પાંપણની પાછળ કેવળ સ્વપ્ન કરતાં કશુંક વધારે છુપાયેલું છે.

'તમે મને મળવાની અનુજ્ઞા આપી તે માટે તમારો આભાર માનું છું.' મેં આરંભ કરતાં ઉલ્લેખ કર્યો.

એ મારા લેખક મિત્ર તરફ ફર્યા અને માતૃભાષામાં કશુંક બોલ્યા. મેં એનો અર્થ બરાબર સમજી લીધો.

'શંકરાચાર્ય તમારું અંગ્રેજી સમજે છે, પરંતુ એમને ભય છે કે તમે એમનું અંગ્રેજી નહિ સમજો. એટલા માટે એમના ઉત્તરોનો હું અનુવાદ કરી બતાવું એવી એમની ઇચ્છા છે.' વેંકટરામાનીએ કહી બતાવ્યું.

અમારી મુલાકાતના આરંભના તબક્કાઓમાંથી હું ઝડપથી પસાર થઈ જાઉં છું અને એમનું વર્ણન નથી કરતો, કારણકે એ મહાન પુરુષ કરતાં એ મારી સાથે વધારે સંબંધ ધરાવે છે. એમણે મને દેશમાંના મારા અંગત અનુભવ વિશે પૂછી જોયું. એક પરદેશી પર ભારતની પ્રજા તથા સંસ્થાઓની ખરેખર શી અસર પડે છે તે જાણવામાં એમને ઘણો રસ હતો. પ્રશંસા તથા ટીકા બંનેનું મુક્ત અને નિખાલસ રીતે સંમિશ્રણ કરીને, મેં એમની આગળ મારી ચોક્કસ અસરો રજૂ કરી.

એ પછી અમારો વાર્તાલાપ વધારે વિશાળ ક્ષેત્રમાં વહેવા માંડ્યો. મને એ જાણી નવાઈ લાગી કે એ અંગ્રેજી સમાચારપત્રો નિયમિત વાંચે છે અને બહારની દુનિયામાં બનતા ચાલુ બનાવોથી પણ સારી પેઠે માહિતગાર છે. વેસ્ટમિનિસ્ટરમાં છેલ્લેછેલ્લે શું ચાલી રહ્યું છે એની એમને માહિતી હતી, અને યુરોપમાં લોકશાહીનું બાળક કેવી કપરી પ્રસવવેદનામાંથી પસાર થઈ રહ્યું છે તેની પણ એમને ખબર હતી.

શંકરાચાર્ય ભવિષ્યવેત્તાની દિવ્યદૃષ્ટિથી સંપન્ન છે એ વેંકટ-રામાનીની દૃઢ માન્યતા મને યાદ આવી. મને થયું કે જો એમ જ હોય તો દુનિયાના ભાવિ વિશે કોઈ અભિપ્રાય આપવા માટે આગ્રહ કરી જોઉં!

'બધે ઠેકાણે રાજકીય અને આર્થિક સ્થિતિ કયારથી સુધરવા માંડશે?'

'પરિસ્થિતિના સુધારનો ફેરફાર બહુ જલદી થાય એવું નથી લાગતું.' એમણે ઉત્તર આપ્યો : 'એને માટે થોડો વખત લાગશે. દુનિયાના દેશો દર વરસે મોતનાં શસ્ત્રો પાછળ વધારે ખર્ચ કરતા હોય ત્યારે પરિસ્થિતિ કેવી રીતે સુધરી શકે?'

'છતાં પણ આજે નિઃશસ્ત્રીકરણની વાતો ઘણી થાય છે. એનો અર્થ ખરો કે નહિ?'

'તમે તમારાં લડાયક વહાણોના ટુકડા કરી નાખો અને તમારી તોપોને કાટ ચડાવો તોપણ તેટલાથી જ કાંઈ યુદ્ધ બંધ નહિ થાય. લોકો પાસે લાકડીઓ રહેશે તોપણ તે લડાઈ કરતા રહેશે.'

'તો પછી પરિસ્થિતિ સુધારવા માટે શું કરવું જોઈએ?'

'જુદાજુદા દેશો તથા ગરીબ અને અમીર વચ્ચેની સમજ કે સહાનુભૂતિ સિવાય બીજી કોઈ રીતે શુભેચ્છાનું વાતાવરણ પેદા નહિ થઈ શકે અને સાચી શાંતિ તથા સમૃદ્ધિ પણ નહિ પ્રકટે.'

'નજીકના ભવિષ્યમાં તો એવું નથી દેખાતું. અને તે પછી આપણી દૃષ્ટિએ પરિસ્થિતિ ભાગ્યે જ આનંદકારક લાગે છે.'

શંકરાચાર્ય દંડ પર ભાર દઈને હાથને આરામ આપવા લાગ્યા.

'છતાં ઈશ્વર છે.' એમણે ધીમેથી ઉદ્‌ગાર કાઢ્યા.

'એ હોય તોપણ બહુ દૂર દેખાય છે.' મેં હિંમતપૂર્વક કહી બતાવ્યું.

'મનુષ્યજાતિને માટે ઈશ્વરના દિલમાં પ્રેમ વિના બીજું કશું નથી.' એમણે શાંત ઉત્તર આપ્યો.

'જગતમાં જે દીનતા ને અધમતા દેખાય છે એના પરથી તો એમ જ લાગે છે કે એ એકદમ ઉદાસીન છે.' હું લાગણીવશ બનીને મારા સ્વરમાંથી વક્રોક્તિની કટુતાને દૂર કર્યા વગર બોલી ઊઠ્યો.

શંકરાચાર્યે મારી તરફ આશ્ચર્યવશ થઈને જોવા માંડયું. મારા ઉતાવળિયા શબ્દો માટે મને તરત જ અફસોસ થયો.

'ધીર પુરુષની દૃષ્ટિ વધારે ઊંડે જોઈ શકે છે. ઈશ્વર પોતાના નક્કી કરેલા વખતે પરિસ્થિતિ ઠીક કરવા માટે માનવહથિયારોનો ઉપયોગ કરશે. રાષ્ટ્રો વચ્ચેનું ઘર્ષણ, મનુષ્યોની અનૈતિકતા, અને લાખો દુઃખી લોકોની કષ્ટ સહિષ્ણુતા પોતાની પ્રતિક્રિયારૂપે, કોઈક ઈશ્વરી પ્રેરણાવાળા પુરુષને મદદ કરવા પ્રેરિત કરશે. એ રીતે જોઈએ તો પ્રત્યેક સદીને પોતાનો આગવો ઉદ્ધારક હોય છે. એ ક્રમ વિજ્ઞાનના નિયમ પેઠે કામ કરે છે. આત્મિક અજ્ઞાન અને ભૌતિકવાદને પરિણામે પેદા થયેલી અધમતા જેટલી વધારે હશે એટલી જ લોકોત્તર મહાન વ્યક્તિ જગતની મદદ માટે પ્રકટ થશે.'

'તમે એમ માનો છો કે આપણા વખતમાં પણ કોઈક એવી વ્યક્તિ પેદા થશે?'

'આપણી સદીમાં.' એમણે સુધાર્યું. 'એ નિશ્ચિત છે. જગતની જરૂર એટલી બધી મોટી છે અને એનો આધ્યાત્મિક અંધકાર પણ એવો તો ગાઢ છે કે કોઈક ઈશ્વરી પ્રેરણાપ્રાપ્ત મહાપુરુષનો આવિર્ભાવ જરૂર થશે.'

'તો પછી તમારો અભિપ્રાય એવો છે કે માણસોની વધારે ને વધારે અવનતિ થતી જાય છે?' મેં પૂછયું.

'ના. હું એવું નથી માનતો.' એમણે સમભાવ સાથે ઉત્તર આપ્યો: 'મનુષ્યની અંદર વસતો અલૌકિક અંતરાત્મા આખરે એને ઈશ્વરની પાસે અવશ્ય લઈ આવશે.'

'પરંતુ પશ્ચિમનાં અમારાં શહેરોમાં એવા લફંગા લોકો વસે છે જેમનાં વર્તન પરથી આપણને એમ લાગે કે એમની અંદર દાનવો જ વાસ કરે છે.' નવા જમાનાની સોનેરી ટોળીને યાદ કરીને મેં કહેવા માંડયું.

'માણસો જે સંજોગોમાં જન્મે છે તે સંજોગો જેટલો દોષ માણસને દેવો ઠીક નથી. એમના સંજોગો અને એમની આજુબાજુનું વાતાવરણ એમને ખરેખર જેવા હોય છે તેથી ખરાબ બનવા માટે મજબૂર કરે છે. પૂર્વ ને પશ્ચિમ બંને વિશે એ સાચું છે. સમાજને વધારે ઉન્નત દશામાં લઈ જવાની જરૂર છે. ભૌતિકવાદને આદર્શવાદથી રોકવો જોઈએ. દુનિયાની મુશ્કેલીઓનો બીજો કોઈ સાચો ઉપાય નથી દેખાતો. દુનિયાના દેશો જે મુશ્કેલીઓમાં ડૂબતા જાય છે તેની વ્યથા તેમને એ ફેરફાર તરફ દોરી જશે. તમે જાણો જ છો કે નિષ્ફળતા કેટલીક વાર સફળતા તરફ લઈ જનારી સાબિત થાય છે.'

'તમે એવું ઇચ્છો છો કે માણસોએ આધ્યાત્મિક આદર્શોને એમના દુન્યવી વ્યવહારમાં ઉતારવા જોઈએ?'

'અવશ્ય. એ અવ્યવહારુ નથી. એ એક જ માર્ગ એવો છે જે છેવટે સૌને માટે સંતોષકારક પરિણામો લાવી શકશે અને એ પરિણામો લાંબા વખત સુધી ટકી શકશે. અને આત્મિક પ્રકાશની પ્રાપ્તિ કરનારા માણસો દુનિયામાં વધારે ને વધારે પ્રમાણમાં પેદા થશે તેમ એ પ્રકાશ પણ જલદી પથરાતો જશે. જોકે પહેલાંના વખત કરતાં થોડા ઓછા પ્રમાણમાં, પરંતુ ભારતના લોકો આજે પણ એમના ધાર્મિક પુરુષોને ઉત્તેજન આપે છે અને માનની નજરે જુએ છે. જો દુનિયાના બધા દેશો એવું કરે, અને આધ્યાત્મિક દૃષ્ટિવાળા પુરુષો પાસેથી પથપ્રદર્શન પ્રાપ્ત કરે, તો દુનિયામાં સત્વર શાંતિ છવાઈ જાય ને વિશ્વ સમૃદ્ધિમાન થાય.'

અમારી વાતચીત ચાલુ રહી, મને એ સમજતાં વાર ના લાગી કે એમના કેટલાય દેશવાસીઓની પેઠે શંકરાચાર્ય પૂર્વને ઉત્તમ કહી બતાવવા માટે પશ્ચિમની બદનામી નહોતા કરતા. એ સ્વીકારતા હતા કે દુનિયાનો પ્રત્યેક ગોળાર્ધ પોતાનાં ભૂષણો ને દૂષણો ધરાવે છે, અને એ દૃષ્ટિએ એમનામાં લગભગ સરખાપણું છે. એમને આશા

હતી કે ભવિષ્યની વધારે વિવેકી પેઢી એશિયા અને યુરોપની સભ્યતાનાં ઉત્તમ તત્ત્વોનો સુમેળ સાધીને વધારે ઊંચી, સુંદર અને સુવ્યવસ્થિત સમાજરચનાનું નિર્માણ કરશે.

એ વિષયને પડતો મૂકીને મેં કેટલાક અંગત પ્રશ્નો પૂછવાની અનુમતિ માગી. એ અનુમતિ મને સહેલાઈથી મળી ગઈ.

'તમે શંકરાચાર્યનો ખિતાબ ક્યારથી ધારણ કર્યો છે?'

'ઈ. સ. ૧૯૦૭થી. એ વખતે મારી ઉંમર બાર વરસની હતી. મારી પસંદગી પછી હું ચાર વરસ બાદ કાવેરી નદીના કાંઠા પરના એક ગામમાં ગયો. ત્યાં રહીને મેં ત્રણ વરસ સુધી અભ્યાસ તથા ધ્યાનમાં મન લગાડ્યું. મારું જાહેર કાર્ય તે પછી જ શરૂ થયું.'

'તમારા મુખ્ય કેન્દ્ર કુંભકોનમ્‌માં તમે ભાગ્યે જ રહો છો એ સાચું છે?'

'એનું કારણ એ છે કે નેપાળના મહારાજાએ ઈ. સ. ૧૯૧૮માં મને થોડાક વખત માટે એમના મહેમાન થવાનું આમંત્રણ આપેલું. મેં એનો સ્વીકાર કર્યો, અને ત્યારથી ઉત્તરમાં આવેલા એમના રાજ્યની દિશામાં મારો પ્રવાસ ચાલુ રહ્યો છે. છતાં આટલાં બધાં વરસો દરમિયાન હું થોડાક માઈલ જ આગળ વધી શક્યો છું, કારણ કે મારા પદની પરંપરા પ્રમાણે રસ્તામાં આવતા અને મને આમંત્રણ આપતા પ્રત્યેક ગામ કે નગરમાં, જો તે બહુ દૂર ના હોય તો, મારે રહેવું જોઈએ. સ્થાનિક મંદિરમાં મારે ધાર્મિક પ્રવચન કરવું જોઈએ. ને ગામ કે નગરના રહેવાસીઓને થોડો ઉપદેશ આપવો જોઈએ.'

મારી શોધ વિશે મેં નિર્દેશ કર્યો અને એમણે મને અત્યાર સુધી મળેલા યોગીઓ અથવા સંતપુરુષો સંબંધી પૂછપરછ કરી. એ પછી મેં નિખાલસપણે કહ્યું :

'યોગની ઉત્તમોત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરી ચૂકેલા અને એમની કોઈ પુરાવો આપી શકે તેવા અથવા એમનું પ્રદર્શન કરી શકે તેવા કોઈ મહાપુરુષને મળવાની મારી ઇચ્છા છે. એવા સંતપુરુષો તો

કેટલાય છે. જે કોઈક પુરાવો માગીએ ત્યારે પુરાવાને બદલે વાતો જ કરી શકે. મારી માગણી શું વધારેપડતી છે?'

એમની શાંત આંખ મારી આંખમાં મળી રહી.

એક મિનિટ સુધી સંપૂર્ણ શાંતિ રહી. શંકરાચાર્યે દાઢી પર આંગળી મૂકી.

'ઉત્તમ પ્રકારના સાચા યોગનો પરિચય પ્રાપ્ત કરવાની જ તમારી ઇચ્છા હોય તો એ ઇચ્છા કાંઈ વધારેપડતી ના કહેવાય. તમારી પ્રામાણિકતા તમને મદદ કરશે. તમારું નિશ્ચયબળ પણ સારું છે. વધુમાં તમારી અંદર એક પ્રકારના પ્રકાશનો ઉદય થઈ રહ્યો છે. તે તમને તમે જે ચાહો છો તેના તરફ દોરી જશે. એમાં શંકા નથી.'

હું તેમને બરાબર સમજી શક્યો કે કેમ તે બાબત મને શંકા રહી.

'મારા પથપ્રદર્શન માટે અત્યાર સુધી મેં મારા પર જ આધાર રાખ્યો છે. તમારા કેટલાક પ્રાચીન સંતોએ કહ્યું છે પણ ખરું કે આપણી અંદરના ઈશ્વરથી જુદા બીજા ઈશ્વર નથી રહ્યા.' મેં કહેવાનું સાહસ કર્યું.

અને ધીમેથી ઉત્તર આપ્યો :

'ઈશ્વર બધે રહેલા છે. એમને પોતાની જાત પૂરતા જ સીમિત કેવી રીતે કરી શકાય? એ તો સમસ્ત સૃષ્ટિને ટકાવી રહ્યા છે.'

મને લાગ્યું કે હું મારા ઊંડાણુમાંથી બહાર નીકળતો જાઉં છું, અને એટલા માટે એ ઈશ્વરવિષયક જ્ઞાનમાંથી મનને હળવું કરવા મેં વિષય બદલ્યો.

'મારે માટે સૌથી વ્યવહારુ ક્રમ કયો હોઈ શકે?'

'હમણાં તો પ્રવાસ ચાલુ રાખો. જ્યારે એ પૂરો થાય ત્યારે તમને મળેલા જુદાજુદા યોગીઓ અને સંતપુરુષોને યાદ કરો. એમનામાંથી તમને સૌથી વધારે પ્રભાવિત કરનારા એકને પસંદ કરીને એની પાસે પહોંચી જાઓ, તો એ તમને જરૂર દીક્ષા આપશે.'

હું એમની શાંત આકૃતિ તરફ જોઈ રહ્યો અને એની પવિત્રતાની પ્રશંસા કરવા લાગ્યો.

'પરંતુ ધારો કે એમનામાંથી કોઈનીય અસર મારા પર પૂરતા પ્રમાણમાં ન થાય તો ?'

'એવી પરિસ્થિતિમાં ઈશ્વર પોતે જ તમને દીક્ષા ન આપે ત્યાં સુધી તમારે એકલે હાથે આગળ વધવું જોઈએ. નિયમિત રીતે ધ્યાન કરો. ઉત્તમ વિષયોનું પ્રેમપૂર્વક મનન કરો. આત્માનો અવારનવાર વિચાર કરો, અને એમ કરવાથી એનો અનુભવ કરી શકશો. સાધના માટે સવારનો સમય સૌથી ઉત્તમ છે. બીજો ઉત્તમ સમય સાંજનો છે. એ વખતે વાતાવરણ શાંત હોય છે તેથી ધ્યાનમાં કોઈ પ્રકારનો વિક્ષેપ પેદા નથી થતો.'

એ મારી તરફ સહાનુભૂતિપૂર્વક જોઈ રહ્યા. એમના દાઢીવાળા વદન પર છવાયેલી દૈવી શાંતિની મને અદેખાઈ આવી. શું મારા હૃદયને ભયભીત કરી દેનારાં ભયંકર વાવાઝોડાંનો અનુભવ એમને નથી થયો ? મેં લાગણીવશ થઈને એમને પૂછી નાખ્યું :

'મને નિરાશા મળે તો મદદ માટે હું તમારી પાસે આવી શકું ?

શંકરાચાર્યે ધીમેથી માથું ધુણાવ્યું.

'હું એક જાહેર સંસ્થાનો ઉપરી છું. મારો વખત મારે માટે નથી હોતો. મારી પ્રવૃત્તિ મારા સમગ્ર સમયનો ભોગ માગી લે છે. વરસો સુધી મેં રાતે ફક્ત ત્રણ જ કલાક નિદ્રા લીધી છે. મારાથી વ્યક્તિગત શિષ્યો કેવી રીતે કરી શકાય ? પોતાના શિષ્યોની પાછળ પોતાનો સમગ્ર સમય લગાડી શકે એવા ગુરુની શોધ તમારે કરી લેવી જોઈએ.'

'પરંતુ મને કહેવામાં આવ્યું છે કે સાચા ગુરુ દુર્લભ કે વિરલ છે. અને એક અંગ્રેજને એ ભાગ્યે જ મળી શકે.'

મારા કથન સાથે એ સંમત થયા, પરંતુ વધુમાં બોલ્યા :

'સત્યનું અસ્તિત્વ છે. એનું દર્શન થઈ શકે છે.'

'તમારી માહિતી પ્રમાણે ઊંચી જાતના યોગનો પુરાવો આપી શકવા શક્તિમાન હોય એવા ગુરુ પાસે જવાનું તમે મને ના કહી શકો?'

શંકરાચાર્યે થોડા વખતની શાંતિ પછી પ્રત્યુત્તર આપ્યો:

'હા, તમારી ઇચ્છા સંતોષી શકે એવા ભારતના બે મહાપુરુષોની મને માહિતી છે. એમાંના એક તો બનારસમાં વિશાળ મેદાનથી ઢંકાયેલા એક મોટા મકાનમાં વાસ કરે છે. બહુ જ ઓછા માણસોને એમને મળવાની મંજૂરી મળી શકે છે. હજુ સુધી કોઈ અંગ્રેજ એમના એકાંતવાસમાં ભંગ નથી પાડી શક્યો. હું તમને એમની પાસે મોકલું, પરંતુ મને ભય છે કે એક અંગ્રેજને પોતાના મકાનમાં પ્રવેશ કરવાની એ ના પાડશે.'

'અને બીજા મહાપુરુષ?' મારી રસવૃત્તિમાં વધારો થયો.

'બીજા મહાપુરુષ દક્ષિણમાં દૂરદૂર નિવાસ કરે છે. મેં એક વાર એમની મુલાકાત લીધી છે અને એ એક ઉત્તમ કોટિના સંતપુરુષ છે તેની મને ખાતરી છે. તેમને મળવા માટે હું તમને ભલામણ કરું છું.'

'એમનું નામ?'

'એ મહર્ષિ કહેવાય છે. એ ઉત્તમ આર્કોટના પ્રદેશમાં આવેલા અરુણાચલ પર્વત પર વાસ કરે છે. તમે એમને શોધી શકો તે માટે તમને પૂરેપૂરી માહિતી પૂરી પાડું?'

મારી મનની આંખ આગળ એકાએક એક ચિત્ર આવીને ઊભું રહ્યું.

પોતાના ગુરુ પાસે જવા માટે મને વ્યર્થ સમજાવનારા પેલા પીળા ઝભ્ભાવાળા સાધુપુરુષ મારી સામે ઊભા રહ્યા. એ કોઈ પર્વતમાળાનું નામ ગણગણવા લાગ્યા: 'અરુણાચલ'

'તમારો ઘણોઘણો આભાર માનું છું, સ્વામીજી!' મેં કહેવા માંડયું : 'પણ મને એ જ સ્થળમાંથી આવનાર એક ભોમિયો મળ્યો છે.'

'તો પછી તમે ત્યાં જવાના છો?'

હું અચકાયો.

'આવતી કાલે દક્ષિણુમાંથી વિદાય થવાની બધી જ તૈયારી મેં પૂરી કરી છે.' મેં અનિશ્ચિત રીતે બડબડાટ કર્યો.

'એ બાબત મારી એક વિનતી છે.'

'શી?'

'મહર્ષિને મળ્યા પહેલાં તમે દક્ષિણુ ભારત નહિ છોડો એવું વચન આપો.'

એમની આંખ મને મદદરૂપ થવાની નિખાલસ ભાવનાથી ભરી હતી, તે હું જોઈ શકયો. મેં વચન આપ્યું.

એમના વદન પર માયાળુ સ્મિત ફરી વળ્યું.

'નિરાશ ન થતા. તમે જેને શોધો છો તે તમને જરૂર મળશે.'

શરીમાં એકઠા થયેલા ટોળાનો ગણુગણાટ ઘરમાં ફળી વાળ્યો.

'મેં તમારો ઘણો કીમતી વખત લઈ લીધો.' મેં એમની ક્ષમા માગી : 'એને માટે હું ખરેખર દિલગીર છું.'

શંકરાચાર્યની ગંભીર મુખાકૃતિ જરા હળવી બની. એ બહારના ઓરડા સુધી મારી સાથે આવ્યા ને મારા સાથીદારના કાનમાં કાંઈક કહેવા માંડયા. એમના વાકયમાં હું મારું નામ સાંભળી શકયો.

દ્વાર પાસે પહોંચીને છેલ્લા પ્રણામ કરવા હું પાછો વળ્યો. શંકરાચાર્યે મને વિદાયનો સંદેશો આપવા પાછો બોલાવ્યો :

'તમે મને સદા યાદ કરજો, અને હું પણ તમને સદા યાદ રાખીશ.'

એ આશ્ચર્યકારક સાંકેતિક શબ્દો સાંભળીને, બાળપણથી જેમણે પોતાનું સમગ્ર જીવન ઈશ્વરને અર્પણ કર્યું હતું એવા એ રસમય મહાપુરુષની મેં અનિચ્છાએ વિદાય લીધી. એ એક એવા ધર્મગુરુ હતા જે સર્વસ્વનો ત્યાગ કરીને સંપૂર્ણપણે નિવૃત્ત થયા હોવાથી, દુન્યવી સંપત્તિની પરવા નહોતા કરતા. જે કાંઈ ભૌતિક પદાર્થો એમને અર્પણ કરવામાં આવતા, તે બધા પદાર્થો એમની આવશ્યકતાવાળા લોકોને એ તરત જ આપી દેતા. એમનું સુંદર અને નમ્ર વ્યક્તિત્વ મારા સ્મૃતિપટ પર ખરેખર રમતું રહેશે.

ચીંગલપટની કળાત્મક, જૂના જમાનાની સુંદરતાની ઝાંખી કરતાં મેં સાંજ સુધી એમાં ફર્યા કર્યું, અને પછી ઘેર પાછા ફરતાં પહેલાં શંકરાચાર્યનું અંતિમ દર્શન પણ કરી લીધું.

એ શહેરના સૌથી મોટા મંદિરમાં મળી શકચા. અત્યંત નમ્ર, પાતળા, ભગવા ઝભ્ભાવાળા એ મહાપુરુષ સ્ત્રીપુરુષ તથા બાળકોના વિશાળ સમૂહને સંબોધી રહ્યા હતા. એ મોટા જનસમૂહમાં પૂરેપૂરી શાંતિ છવાયેલી હતી. એમની ભાષા હું સમજી ન શકચો, પરંતુ એટલું તો સમજી શકચો કે બુદ્ધિશાળી બ્રાહ્મણોથી માંડીને અભણ ખેડૂતો સુધીના જે સૌ ત્યાં એકઠા થયા હતા તે બધાનું ઊંડું ધ્યાન એ ખેંચી રહ્યા હતા. મને બરાબર સમજ તો ના પડી; પરંતુ એટલું અનુમાન તો હું જરૂર કરી શકચો કે ગહનમાં ગહન વિષયો પર પણ એ અત્યંત સરળ રીતે બોલતા હતા. એ એમની લાક્ષણિકતા હતી.

એમના ઉદાત્ત આત્માની કદર કરવા છતાં, એમના અસંખ્ય શ્રોતાઓની એમનામાંની સહજ શ્રદ્ધા જોઈને મને ઈર્ષા થઈ આવી. એમના જીવનમાં શંકાનાં વમળો ઊઠતાં નહોતાં. ઈશ્વર છે એવી માન્યતામાં જ એમની બધી વાતો સમાઈ જતી. એમને એ બાબતનું જ્ઞાન નહોતું કે જ્યારે જગત જંગલના ઘોર અંધકાર જેવું ભયંકર લાગે છે, ઈશ્વરનું અસ્તિત્વ પણ શૂન્યવત્ બની જાય છે, અને વિશાળ વિશ્વના દુનિયાને નામે ઓળખાતા આ નાનકડા

ક્ષણભંગુર ટુકડા પર માણસનું પોતાનું અસ્તિત્વ પણ એક સાધારણ ટપકાથી વધારે કશું જ નથી લાગતું, ત્યારે આત્માની અંધારી રાત્રીઓમાંથી પસાર થવાનો અર્થ શો થાય છે.

મોટરમાં બેસીને અમે તારામઢ્યા વાદળી આકાશની નીચેથી પસાર થતા ચીંગલપટથી બહાર નીકળ્યા. એકાએક વાતા વાયુને લીધે પાણીની સપાટી પર હાલતી તાડવૃક્ષોની ડાળીઓનો સ્વર હું સાંભળી શકયો.

એટલામાં તો મારા સાથીદારે શાંતિનો ભંગ કર્યો.

'તમે સાચોસાચ સદ્‌ભાગી છો!'

'કેમ?'

'કારણ કે શંકરાચાર્યે એક અંગ્રેજ લેખકને આપેલી આ પહેલી જ મુલાકાત હતી.'

'એમ?'

'એથી તમને એમનો આશીર્વાદ મળ્યો!'

× × ×

ઘેર આવ્યો ત્યારે લગભગ મધ્યરાત્રીનો વખત થઈ ગયેલો. મેં મારા માથા ઉપર છેલ્લી નજર નાખી. વ્યોમના વિશાળ ઘુમ્મટમાં તારાઓ અસંખ્યની સંખ્યામાં જડાઈ ગયેલા. યુરોપમાં કચાંય પણ એમનું દર્શન આટલા બધા પુષ્કળ પ્રમાણમાં નથી થતું. પગથિયાં પરથી દોડીને હું ઓસરીમાં ગયો, ને મારી બૅટરી ધરીને ઊભો રહ્યો.

અંધકારમાંથી એક નીચી નમેલી આકૃતિએ ઊઠીને મારું સ્વાગત કર્યું.

હું આશ્ચર્યચકિત બનીને બોલી ઊઠ્યો: 'સુબ્રમણ્ય! અહીં શું કરો છો?' ભગવા ઝભ્ભાવાળા યોગીએ અટ્ટહાસ્ય કર્યું.

'મેં તમને મળવાનું વચન નહોતું આપ્યું?' એમણે ઠપકો દેતા હોય તેમ યાદ દેવડાવ્યું.

'બરાબર.'

વિશાળ ઓરડામાં આવીને મેં પૂછી નાખ્યું :

'તમારા ગુરુ મહર્ષિ કહેવાય છે કે?'

હવે એ અચરજ પામ્યા.

'તમે કેવી રીતે જાણો? તમને તેની ખબર કેવી રીતે પડી?'

'એ વાત જવા દો. કાલે આપણે બંને એમને ત્યાં જવા માટે પ્રસ્થાન કરીશું. હું મારો કાર્યક્રમ બદલી નાખીશ.'

'આ સમાચાર અત્યંત આનંદદાયક છે.'

'પરંતુ હું ત્યાં લાંબો વખત નહિ રહી શકું. થોડા દિવસ જ રહી શકીશ.'

પછીના બીજા અડધા કલાક દરમિયાન મેં એમને કેટલાક બીજા પ્રશ્નો પૂછ્યા, અને પછી ખૂબ થાકેલો હોવાથી હું સૂવા ગયો. જમીન પર પડેલી તાડપત્રની ચટાઈ પર સૂઈને સુખમણ્યે સંતોષ માન્યો. ગાદી, ચાદર તથા કામળી તરીકે કામ આવતા જાડા સુતરાઉ કપડાથી એમણે પોતાના શરીરને ઢાંકી દીધું, ને વધારે આરામદાયક બિછાના માટેની મારી દરખાસ્ત એમણે નકારી કાઢી.

એ પછીની જે ઘટનાની મને સ્મૃતિ છે તે એ કે મારી આંખ એકાએક ઊઘડી ગઈ. ઓરડામાં એકદમ અંધારું હતું. મારા જ્ઞાન-તંતુ તંગ બની ગયા. મારી આજુબાજુનું વાતાવરણ વીજળીની અસરવાળી હવાથી ભરપૂર થઈ રહ્યું. ઓશીકા નીચેથી ઘડિયાળ કાઢીને એના રેડિયમથી પ્રકાશિત શરીર તરફ જોયું તો સવારના પોણા ત્રણ વાગ્યા હતા. એ જ વખતે મારી પથારી પાસે મને કોઈ તેજસ્વી પદાર્થ દેખાયો. મેં તરત જ બેઠા થઈને એની તરફ જોવા માંડ્યું.

મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ વદન અને સ્વરૂપ શંકરાચાર્યનું હતું. એ કોઈ પણ જાતની શંકા વગર સ્પષ્ટ રીતે જોઈ

શકાયું. એ કોઈ અવકાશમાં રહેતા પ્રેત જેવા નહોતા દેખાતા, પરંતુ નક્કર માનવ હતા. એમની આજુબાજુ રહસ્યમય પ્રકાશ પથરાયેલો હતો, જે એમને આસપાસના અંધકારથી અલગ પાડતો હતો.

આવું દર્શન ખરેખર અસંભવિત હોય ? મેં એમને ચીંગલ-પટમાં નથી છોડ્યા ? એ ઘટનાની ખાતરી કરવા મેં મારી આંખને જોરથી મીંચી દીધી. છતાં કશો ફરક ન પડ્યો, અને એ એટલા જ સ્પષ્ટ રીતે દેખાવા લાગ્યા !

એટલું કહેવું પૂરતું થશે કે એમની હાજરી મને મિત્રતાભરી તથા માયાળુ લાગવા માંડી. મેં આંખ ખોલી ને ઢીલા [illegible] ઝબ્બાવાળી એ આકૃતિને જોવા માંડી.

એમનો ચહેરો બદલાયો, કારણ કે હોઠ હસીને કહેવા માંડ્યા

'નમ્રતા ધારણ કરો ને જે શોધો છો તે તમને જરૂર મળશે.'

એક જીવતીજાગતી વ્યક્તિ મને સંબોધી રહી છે, એવી લાગણી મને શા માટે થઈ ? મેં એને વધારે કાંઈ નહિ તો પ્રે કેમ ન માની ?

એ દર્શન જેવી રહસ્યમય રીતે થયું તેવી જ રહસ્યમ[illegible] વિલીન થયું. એ અસામાન્ય પ્રકારના દર્શનથી મને સુખ [illegible] સ્વસ્થતાની પ્રાપ્તિ થઈ, અને ઉત્તમ અવસ્થાનો અનુભવ થયો. સ્વપ્ન માનીને એની ઉપેક્ષા કરું ? એથી શો ફેર પડશે ?

એ રાતે મને વધારે નિદ્રા ન આવી. દિવસ દરમિયાન થયે મેળાપ વિશે અને દક્ષિણ ભારતની સીધીસાદી જનતાના ઈશ્વરી પ્રતિનિધિ જેવા કુંભકોનમ્‌ના શંકરાચાર્ય સાથેની યાદગાર મુલાકાત વિશે વિચારો કરતાં હું જાગતો જ પડી રહ્યો.

૯

અરુણાચલની તળેટીમાં

દક્ષિણ ભારતની રેલવેના છેલ્લા સ્ટેશન મદ્રાસથી હું અને
ણ્ય સિલોન બૉટ ટ્રેનના ડબ્બામાં બેઠા. થોડા કલાકો સુધી
વિચિત્ર દૃશ્યો વચ્ચેથી અમે આગળ વધ્યા. ડાંગરનાં લીલાંછમ
તરો, ફીકી રાતી ટેકરીઓ, અને ભભકાદાર નાળિયેરનાં વૃક્ષોની
ાદાર વાડીઓની વચ્ચે છૂટાછવાયા બેડૂતો કામ કરી રહ્યા હતા.
ખારી પાસે બેઠક લીધી, પરંતુ રાત્રીનો અંધકાર ધરતી
ફરી વળવા માંડ્યો એટલે મારા મગજને બીજા વિચારોમાં
દીધું. બ્રહ્મે આપેલી સોનાની વીંટી પહેર્યા પછી મારા
બનવા માંડેલી અદ્‌ભુત ઘટનાઓ મને યાદ આવી. મારી
ઓ બદલાઈ ગઈ : અને અણુધાર્યા પ્રસંગોની પરંપરા મારા
માં પેદા થઈને મારી ધારણા પ્રમાણે મને પૂર્વ દિશામાં લ
ને બદલે દૂર ને દૂર દક્ષિણમાં લેતી ગઈ. મને પ્રશ્ન થયો કે આ
ની વીંટીમાં જે પથ્થર છે તેની અંદર યોગીએ દાવો કર્યા મુજબની
લૌકિક શક્તિ છે? મેં મારા મગજને ખુલ્લું રાખવાનો પ્રયાસ કરી
યો, છતાં એવું તો લાગ્યું જ કે વૈજ્ઞાનિક ઢબે કેળવાયેલા કોઈ પણ
શ્ચિમવાસી એ વિચારને માન્ય નહિ રાખે. એ વિશેની બધી શંકા
મનમાંથી કાઢી નાખી, પરંતુ મારા વિચારોની પાછળની
ચોક્કસતાનો અંત આણવામાં મને સફળતા ન મળી. પગલાં

પર્વતીય આશ્રમ તરફ શા માટે આગળ વધી રહ્યાં છે? ભગવા ઝભ્ભાવાળા બે પુરુષોએ ભાગ્યના દૂત બનીને મારી નીરસ દૃષ્ટિને મહર્ષિની દિશામાં વાળવાનું શા માટે ઉચિત માન્યું? ભાગ્ય શબ્દનો પ્રયોગ હું કોઈ સામાન્ય અર્થમાં નહિ પરંતુ બીજો વધારે સુંદર શબ્દ ન મળવાથી જ કરી રહ્યો છું. મારા ભૂતકાળના અનુભવે મને શીખવ્યું છે કે દેખીતી રીતે મહત્ત્વની ન લાગતી ઘટનાઓ મનુષ્યની જિંદગીના ઘડતરમાં અણધાર્યો ભાગ ભજવતી હોય છે.

ભારતમાંના ફ્રેંચ સંસ્થાનના નાના સરખા અવશેષ જેવા પોંડીચેરીથી ચાળીસ માઈલ દૂર ટ્રેનમાંથી નીચે ઊતરીને અમે રેલવેનો મુખ્ય માર્ગ છોડી દીધો. અંદરના ભાગમાં આશરે બે કલાક સુધી વેરાન વિશ્રામગૃહના ઝાંખા પ્રકાશમાં પ્રતીક્ષા કરી. બહારના નિર્જન પ્લેટફૉર્મ પર તારાના તેજમાં અસ્પષ્ટ દેખાતા, પ્રેતને મળતા આવતા, ઊંચા શરીરવાળા પેલા સાધુપુરુષ આંટા મારવા માંડ્યા. આખરે કવખતે આવેલી, પાટા પર એકધારો અવાજ કરતાં આગળ વધતી ટ્રેનમાં અમે આગળ વધ્યા. ટ્રેનમાં મુસાફરો બહુ ઓછા હતા.

મને સ્વપ્નાંવાળી થોડાક વખતની સરસ ઊંઘ આવી ગઈ. છેવટે મારા સાથીદારે મને જાગ્રત કર્યો. અમે રસ્તામાં આવતા એક નાના સ્ટેશને ઊતરી પડ્યા, અને ધોંધાટ કરતી ગાડી શાંત અંધકારમાં આગળ વધી. રાત્રી હજી પૂરી નહોતી થઈ, એટલે કોઈ પણ જાતના આરામ વિનાના, ખુલ્લા, નાના વિશ્રામગૃહમાં અમારે બેસવું પડ્યું. એનો નાનો દીવો પણ અમે જ સળગાવ્યો.

રાત્રીની સાથે દિવસ સર્વોપરિપણા માટે લડતો હતો તે દરમિયાન અમે ધીરપૂર્વક રાહ જોતા બેસી રહ્યા. છેવટે પરોઢનો વખત થયો, અમારા ઓરડાની પાછળની નાની ખુલ્લી બારીમાંથી એનું આછું અજવાળું અંદર આવ્યું ત્યારે આજુબાજુનો જે ભાગ જોઈ

શકયો તે જોવાનો મેં પ્રયાસ કરી જોયો. સવારના ધુમ્મસને પેલે પાર, દેખીતી રીતે જ થોડાક માઈલ દૂર એકાંત પર્વતમાળાની આછીપાતળી આકૃતિ દેખાઈ. એની તળેટી ઘણી આકર્ષક લાગી, કાયા પણ સારી પેઠે વિસ્તરેલી દેખાઈ, પરંતુ વહેલી સવારના ધુમ્મસથી બૂબ બૂબ ઢંકાયેલું હોવાથી એનું મસ્તક કે શિખર ના જોઈ શકાયું.

મારા માર્ગદર્શકે બહાર જવાનું સાહસ કરીને બળદગાડીમાં ઘસઘસાટ ઊંઘતા કોઈ માણસને શોધી કાઢયો. એકાદ બે ધૂમો પાડવાથી એ જાગી ગયો, અને પોતાને કરવાના કામની ખબર એને પડી ગઈ. અમારા ગંતવ્યસ્થાનની માહિતી મળતાં એ અમને બળદગાડીમાં બેસાડવા તૈયાર થયો. બે પૈડાંને આધારે તૈયાર કરેલા વાંસના ચંદરવાવાળા એના એ સાંકડા સાધન તરફ મેં શંકાશીલ નજરે જોવા માંડયું. આખરે અમે મુશ્કેલીનો અનુભવ કરતાં ઉપર ચડી ગયા, અને ગાડીવાળાએ અમારો પાછળ સામાન ગોઠવ્યો. પેલા સાધુપુરુષ એક વ્યક્તિને જેટલી ઓછામાં ઓછી જગ્યા જોઈએ એટલી ઓછી જગ્યામાં બેસી ગયા. ચંદરવો નીચો હોવાથી નીચો નમીને હું પગને લટકતા રાખીને બેસી ગયો. ગાડીવાળો બંને બળદની વચ્ચેના લાકડાના દાંત પર, હડપચીને ઘૂંટણે લગાડીને બેસે તેમ બેઠો, અને જગ્યાનો પ્રશ્ન એવી રીતે ઓછાવત્તા પ્રમાણમાં સંતોષકારક રીતે ઊકલી ગયા પછી અમે એને આગળ વધવા જણાવ્યું.

બંને મજબૂત બાંધાના, નાના, સફેદ બળદોના રસપ્રદ પ્રયાસો છતાં અમારો વેગ ઘણો ધીમો હતો. ભારતના અંદરના ભાગોમાં એ સુંદર પ્રાણીઓ ઘણાં ઉપયોગી નીવડે છે, કારણ કે ઘોડા કરતાં ગરમી સહન કરવામાં એ વધારે શક્તિશાળી છે અને એમનો ખોરાક પણ ઘોડાના ખોરાકની સરખામણીમાં વધુ ખર્ચાળ નથી હોતો. શાંત ગામડાં તથા નાનાં શહેરોના રિવાજો સૈકાઓ વીતવા છતાં વધારે નથી બદલાયા. ઈસવી સન પૂર્વે ૧૦૦ વરસ દરમિયાન મુસાફરને એક સ્થળમાંથી બીજા સ્થળમાં લઈ જતાં બળદગાડાં બે હજાર વરસ પછી આજેય એને લઈ જવાનું કામ કરી રહ્યાં છે.

ટીપેલા કાંસાના રંગના મોઢાવાળા અમારા ગાડીવાળાને બળદો માટે ઘણું ગૌરવ હતું. એમનાં લાંબાં સુંદર અણિયાળાં શીંગડાં સુંદર ઘરેણાંથી શણગારવામાં આવ્યાં હતાં, અને એમના પાતળા પગે પિત્તળની રણકાર કરતી ઘંટડીઓ બાંધેલી. એમના નાકમાં નાખેલી નાથની મદદથી એમને હાંકવામાં આવતા હતા. એમના પગ ધૂળિયા રસ્તા પર પ્રસન્નતાથી પડતા હતા અને નજીક આવતી જતી સવારનું હું નિરીક્ષણ કરતો હતો.

અમારી ડાબી ને જમણી બંને બાજુએ સુંદર અથવા આકર્ષક પ્રદેશ જોવા મળતો. એ પ્રદેશ કેવળ ઉજ્જડ મેદાની પ્રદેશ નહોતો, કારણ કે ક્ષિતિજ પર જ્યાં જ્યાં નજર પડતી ત્યાં અવારનવાર નાની ટેકરીઓને ઊંચા ભાગનું પણ દર્શન થતું. થોરના છોડની વાડની વચ્ચેની આજુબાજુ નીલમના જેવાં દેખાતાં થોડાં ડાંગરનાં ખેતરો જોવા મળતાં.

પરિશ્રમથી ભરેલા ચહેરાવાળો ખેડૂત અમારી પાસેથી પસાર થયો. એ ખેતરમાં કામ કરવા જતો હતો. થોડી વારમાં માથે પિત્તળનો ઘડો મૂકીને આવતી કોઈક છોકરી સામી મળી. એના શરીર પર લાલ રંગના વસ્ત્ર વિના બીજું કાંઈ જ નહોતું. એના બાવડા ઉઘાડા હતા. એને નાકે લાલ રંગની નથની હતી, અને હાથે સવારના ઝાંખા સૂર્યપ્રકાશમાં ચળકતી પોંચી હતી. બ્રાહ્મણ અને મુસલમાન સિવાયના આ બાજુના મોટા ભાગના નિવાસીઓની જેમ તે પણ દ્રાવિડ છે એવું એની ચામડીની કાળાશ પરથી કહી શકાતું. એ દ્રાવિડ છોકરીઓનો સ્વભાવ મોટે ભાગે આનંદી ને સુખી હોય છે, એમના પ્રદેશની સ્ત્રીઓ કરતાં તે વધારે વાચાળ અને વિશેષ મધુર સ્વરવાળી હોય છે.

છોકરી અમારી તરફ આશ્ચર્યચકિત થઈને નિષ્કપટ ભાવે જોવા માંડી. એના પરથી મેં અનુમાન કર્યું કે અંગ્રેજો આ અંદરના પ્રદેશની મુલાકાત ભાગ્યે જ લેતા હશે.

એવી રીતે નાનું શહેર આવ્યું ત્યાં સુધી અમે સફર કર્યા કરી. એનાં મકાનો સમૃદ્ધ દેખાયાં, એ મકાનો એક વિશાળ ઊંચા મંદિરની બંને બાજુની શેરીઓમાં બંધાયેલાં હતાં. મારી ભૂલ ન થતી હોય તો મંદિર બે ફર્લાંગ લાંબું હતું. એના એક વિશાળ પ્રવેશદ્વાર પાસે પહોંચીને એની સ્થાપત્યકળાની ભવ્યતાનો ઊડતો ખ્યાલ કરી જોયો. અમે એકાદ બે મિનિટ ત્યાં રોકાયા તે દરમિયાન એ જગ્યાની ઉપલક ઝાંખી કરવા મેં અંદર ડોકિયું કર્યું. એના કદની જેમ એની અદ્‌ભુતતા પણ નવાઈ પમાડે તેવી હતી. એવું સ્થાપત્ય મેં પહેલાં કદીય જોયું નહોતું. ભૂલભૂલામણી જેવો લાગતો અંદરનો મોટો ભાગ વિશાળ ચોરસથી વીંટળાયેલો હતો. મને લાગ્યું કે આજુબાજુની ચારે ઊંચી દીવાલો સૂર્યના તીખા તાપમાં સૈકાઓ સુધી તપી તથા રંગાઈ હશે. પ્રત્યેક દીવાલને એકેક પ્રવેશદ્વાર હતું, અને એની ઉપર ભવ્ય દેવાલય જેવો દેખાવ કરવામાં આવેલો હતો. એને જોઈને શણગારેલા શિલ્પવાળા પિરામિડની સ્મૃતિ થઈ આવતી. એનો નીચેનો ભાગ પથ્થરનો બનાવેલો હતો પરંતુ ઉપરનો ભાગ ઈંટો પર ભારેખમ પ્લાસ્ટર કરેલો હોય એમ લાગતું. એ દેવાલય કેટલાય માળમાં વહેંચી નાખવામાં આવેલું હતું. અને એની સપાટી પર ભાતભાતની અનેક આકૃતિઓ દોરવામાં આવેલી હતી તેમ જ કોતરણી કરેલી હતી. એ ચાર પ્રવેશદ્વાર ઉપરાંત મંદિરની અંદર બીજાં પાંચ દ્વાર જોઈ શકાતાં હતાં. ફરેખાની દૃષ્ટિએ જોતાં ઇજિપ્તના પિરામિડોને એ મળતાં આવતાં અને એમની સ્મૃતિ કરાવતાં.

લાંબા છાપરાવાળા મહના ભાગ પર, પથ્થરના અસંખ્ય થાંભલા પર, વચ્ચેના મોટા ખુલ્લા ભાગ પર, ઝાંખાં મંદિરો તથા અંધારી પરસાળ પર તેમ જ બીજાં અનેક નાનાં મકાનો પર મેં છેલ્લી નજર નાખી જોઈ, અને નજીકના ભવિષ્યમાં એ રસિક સ્થળનું નિરીક્ષણ કરવાની મનોમન નોંધ કરી.

બળદોએ દોડવા માંડયું અને ફરી વાર ખુલ્લા પ્રદેશમાં આવી પહોંચ્યા. અમારી પાસેથી પસાર થતાં દશ્યો ઘણાં સુંદર હતાં. રસ્તો લાલ ધૂળથી ઢંકાયેલો હતો. એની બંને બાજુએ નાના છોડવા તથા વચ્ચે વચ્ચે ઊંચા ઝાડનાં ઝુંડ હતાં. એની ડાળીઓમાં કેટલાંય પંખીઓ છુપાઈ રહેલાં. એમની પાંખોના ફફડાટ સાંભળી શકાતો અને દુનિયામાં બધે ગવાતા એમના સમૂહગીતના છેલ્લા સ્વર પણ સાંભળવા મળતા હતા.

રસ્તા પર વચ્ચેવચ્ચે કેટલાંય સુંદર મંદિરો આવતાં. એમની સ્થાપત્યકળાની વચ્ચેનો તફાવત જોઈને મને પહેલાં તો નવાઈ લાગી, પરંતુ પાછળથી જણાયું કે એમની રચના જુદાજુદા જમાનામાં થયેલી છે. એમાંનાં થોડાંક ખૂબખૂબ શણગારેલાં, અને હિંદુ પ્રથા પ્રમાણે સારી રીતે કોતરેલા હતાં, પરંતુ મોટા ભાગનાં તો દક્ષિણ સિવાય ક્યાંય ન દેખાયેલા સપાટ થાંભલાઓને આધારે ટકી રહેલાં. બેત્રણ મંદિરો એવાં પણ હતાં જેમની રૂપરેખા કે કોતરણી ગ્રીસનાં મંદિરોની યાદ અપાવતી.

સ્ટેશનથી જેની આછીપાતળી રૂપરેખા જોવા મળેલી તે પર્વતમાળાની તળેટીના પ્રદેશમાં પહોંચ્યા ત્યારે મને લાગ્યું કે અત્યાર સુધી આશરે પાંચથી છ માઈલની મુસાફરી થઈ ચૂકી છે. સવારના ચોખ્ખા સૂર્યપ્રકાશમાં એ પર્વતમાળા રતૂમડા ભૂખરા રંગના રાક્ષસ જેવી દેખાતી. ધુમ્મસ હવે હઠી ગયું હોવાથી ઉપરનું વિશાળ વ્યોમ સ્પષ્ટ દેખાયું. એની સાથે જ પર્વતમાળા પણ જોઈ શકાઈ. રતૂમડી જમીન અને ભૂખરા પથ્થરવાળી એ એકાંત પર્વતમાળા મોટે ભાગે ઉજ્જડ હતી; એનો મોટા ભાગનો પ્રદેશ ઝાડ વગરનો અને અવ્યવસ્થિત રીતે આમતેમ પડેલા પથ્થરના જથ્થાઓમાં વહેંચાયેલો હતો.

'અરુણાચલ! પવિત્ર લાલ પર્વત!' મારી દૃષ્ટિની દિશાને લક્ષમાં લઈને મારા સાથીદારે ઉદ્‌ગાર કાઢયા. એમના વદન પર સન્માનની ઉજ્જવળ રેખા ફરી વળી. કોઈક મધ્યકાલીન સંતની પેઠે કામચલાઉ વખતને માટે એ જાણે કે ભાવસમાધિમાં ડૂબી ગયા.

'એ નામનો કોઈ અર્થ છે ખરો?' મેં એમને પ્રશ્ન કર્યો.

'એનો અર્થ મેં તમને હમણાં જ કહી બતાવ્યો.' એમણે સસ્મિત ઉત્તર આપ્યો: 'અરુણાચલમાં અરુણ અને અચલ નામના બે શબ્દો છે. એમનો અર્થ લાલ પર્વત થાય છે. અને મંદિરના મુખ્ય દેવતાનું નામ પણ એ જ હોવાથી, એનો પૂરો અર્થ પવિત્ર લાલ પર્વત એવો કરવાનો છે.'

'તો પછી પવિત્ર દેવતાની વાત ક્યાંથી આવી?'

'મંદિરના પૂજારીઓ વરસમાં એક વાર મોટો ઉત્સવ કરે છે. મંદિરમાં એ ઉત્સવ કરવામાં આવે છે ત્યારે, એ વખતે પર્વતની ટોચ પર અગ્નિ જગાવવામાં આવે છે. એની જ્વાળામાં કપૂર તથા સુગંધણનો મોટો જથ્થો નાખવામાં આવે છે. એ દિવસો સુધી બળ્યા કરે છે અને ફરતા કેટલાય માઈલોથી જોઈ શકાય છે. એને જોનાર તરત જ એને પ્રણામ કરે છે. એના પરથી એવી પ્રતીતિ થાય છે કે આ પર્વતની જગ્યા પવિત્ર છે અને એમાં કોઈ મહાન દેવતા વાસ કરે છે.'

ટેકરી હવે અમારા મસ્તક પર આવી પહોંચી. લાલ, ભૂખરા ને રાખોડી રંગવાળું એ એકાંત પર્વતશિખર પોતાના મસ્તકને આકાશમાં હજારો ફીટ ઉપર ઉઠાવીને કૈંક અસભ્ય રીતે વૈભવી બનીને ઊભું હતું. સાધુપુરુષના શબ્દોની મારા પર અસર થવાથી કે કોઈ બીજા કારણથી, એ પવિત્ર પર્વતના ચિત્રનું ધ્યાન કરવાથી અને અરુણાચલની સીધી ચડાઈ તરફ આશ્ચર્યભર્યો દૃષ્ટિપાત કરવાથી, મારી અંદર સન્માનની એક ભયમિશ્રિત વિચિત્ર લાગણી પેદા થઈ.

'તમને ખબર છે?' મારા સાથીદારે કાનમાં ધીમેથી કહેવા માંડ્યું: 'આ પર્વતને ફક્ત પવિત્ર પ્રદેશ જ નથી માનવામાં આવતો, પરંતુ અહીંની સ્થાનિક પરંપરા પરથી તો એવું જણાય છે કે દેવોએ એને જગતના આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કર્યો છે.'

એ નાનકડી દંતકથા સાંભળીને મારાથી હસ્યા વિના ના રહી શકાયું. એ કેટલી બધી સરળ અથવા નિખાલસ હતી ?

આખરે મને જણાયું કે અમે મહર્ષિના આશ્રમની પાસે આવી પહોંચ્યા છીએ. રસ્તાની એક બાજુએ વળીને એક સામાન્ય માર્ગ પરથી પસાર થઈને અમે નાળિયેરી અને આંબાનાં વૃક્ષોનાં ઝુંડની પાસે પહોંચી ગયા. એને ઓળંગીને આગળ વધતાં એ માર્ગ એક ખુલ્લા દરવાજા પાસે આવીને પૂરો થયો. ગાડીવાળાએ નીચે ઊતરીને દરવાજાને પાછો ધકેલ્યો અને પછી અમને મોટા કાચા ચોકમાં હાંકી ગયો. અક્કડ થઈ ગયેલાં અંગોને છૂટાં કરીને, નીચે જમીન પર ઊતરીને મેં આજુબાજુ જોવા માંડયું.

મહર્ષિનું એ આશ્રમસ્થાન આગળના ભાગમાં નજીક ઊગેલાં વૃક્ષો ને ગીચ ઝાડીવાળા બગીચાથી ઘેરાયેલું હતું. પાછળ તથા બાજુ પર છોડ તથા થોરની વાડ હતી, અને દૂર પશ્ચિમ તરફ ગીચ જંગલ અથવા વન હતું. એની સ્થાપના અત્યંત રમણીય રીતે પર્વતની તળેટીના નીચેના ભાગમાં કરવામાં આવેલી હતી. એ એકાંત અલગ જગ્યા ધ્યાનમાર્ગનો ઉત્તમોત્તમ અભ્યાસ કરનારને માટે સુયોગ્ય દેખાતી.

ચોકની ડાબી બાજુએ ઘાસના છાપરાવાળાં બે મકાન હતાં. એમની નજીકમાં એક અદ્યતન ઢબનું, લાંબું મકાન હતું. એનું લાલ નળિયાંવાળું છાપરું ઉપરનાં નેવાં તરફ ઝૂકેલું હતું. એના આગળના ભાગમાં નાની ઓસરી હતી.

ચોકની વચ્ચેના ભાગમાં મોટો કૂવો હતો. ત્યાં એક છોકરો જોવા મળ્યો. કમર સુધી ઉઘાડા શરીરવાળો, કાળી શાહી જેવી ચામડીવાળો, એ છોકરો કરકર અવાજ કરતી ગરગડીની મદદથી ધીમેથી પાણીની બાલદી કાઢતો હતો.

અમારા આગમનનો અવાજ સાંભળીને મકાનોમાંના થોડાક માણસો ચોકમાં આવ્યા. એમનો પહેરવેશ તદ્દન જુદો હતો. એકની કમર પર ફાટેલો-તૂટેલો કપડાનો ટુકડો વીંટેલો હતો, પરંતુ બીજાએ

કીમતી સફેદ રેશમી કફની પહેરેલી હતી. એ અમારી તરફ જિજ્ઞાસા-ભરી દૃષ્ટિથી જોઈ રહ્યા. એમના આશ્ચર્યથી આનંદ પામતાં મારા સાથીએ હસવા માંડયું. એમની પાસે પહોંચીને એણે તામિલમાં કશુંક કહ્યું પણ ખરું. એને લીધે એમના ચહેરા પરના ભાવ એકદમ બદલાઈ ગયા. એમણે એકસાથે સ્મિત કર્યું અને મારી તરફ પ્રસન્નતાપૂર્વક જોવા માંડયું. એમના ચહેરા પરના ભાવ મને ગમી ગયા.

ભગવી કફનીવાળા સાધુએ 'હવે આપણે મહર્ષિના હોલમાં જઈએ' એમ કહીને મને એમની પાછળ જવાની સૂચના કરી. હોલની બહારની પથ્થરની ઓસરીમાં ઊભા રહીને મેં મારા બૂટ કાઢી નાખ્યા. ભેટ આપવા માટે આણેલો ફળનો નાનકડો જથ્થો લઈને મેં ઉઘાડા બારણામાં પ્રવેશ કર્યો.

× × ×

વીસેક મનુષ્યોની દૃષ્ટિ અમારા પર ફરી વળી. એ મનુષ્યો રાતી લાદીવાળી જમીન પર અર્ધગોળાકારમાં બેઠા હતા. બારણાની જમણી તરફના દૂરના ખૂણાથી થોડેક દૂર એ બધા માનપૂર્વક ટોળે વળીને બેઠેલા. અમારા પ્રવેશ પહેલાં પ્રત્યેકની દૃષ્ટિ એ ખૂણા તરફ મંડાયેલી હતી. એકાદ ક્ષણ માટે મેં એ તરફ જોયું તો ત્યાં લાંબા સફેદ કોચ પર કોઈક પુરુષ બેઠેલા. એમને જોઈને મારી ખાતરી થઈ કે એ મહર્ષિ પોતે છે.

મારા ભોમિયાએ કોચની પાસે જઈને જમીન પર લાંબા થઈને પ્રણામ કર્યા, અને બે હાથ જોડીને આંખ ઢાંકી દીધી.

દીવાલ પૂરી થતી હતી ત્યાંની ઊંચી મોટી બારીથી કોચ થોડાંક ડગલાં જ દૂર હતો. મહર્ષિના શરીર પર ચોખ્ખો પ્રકાશ પડતો હતો. એમના શરીરને સારી પેઠે જોઈ શકાતું : કારણ કે આજે સવારે અમે જે દિશામાંથી આવ્યા તે જ દિશામાં એ બારીમાંથી બહાર જોતા, દૃષ્ટિ સ્થિર કરીને બેઠા હતા. એમનું મસ્તક સ્થિર હતું. એટલે એમનું ધ્યાન ખેંચવા અને ફળની ભેટ ધરતી

વખતે અભિનંદનના શબ્દો કહેવા, બારી તરફ શાંતિપૂર્વક જઈને એમની આગળ મારી ભેટ મૂકીને, એકાદ બે પગલાં પાછાં ભરીને મેં એમની તરફ જોવા માંડયું.

એમના ક્રોચની આગળ પિત્તળની નાનીસરખી સગડી હતી. એને સગળતા કોલસાથી ભરવામાં આવેલી હતી. એમાંથી આવતી માદક સુવાસ પરથી લાગતું હતું કે અંગારામાં કોઈ સુગંધીદાર દ્રવ્ય નાખવામાં આવ્યું છે. એની બાજુમાં એક ધૂપદાનીમાં અગરબત્તી સળગતી હતી. એના ધુમાડાની રેખા ઉપર ઊઠીને હવામાં તરવા માંડતી. પરંતુ પેલી તીવ્ર સુવાસ તો જુદી જ તરી આવતી.

પાતળી સુતરાઉ કામળી વાળીને જમીન પર બિછાવીને હું નીચે બેઠો, ને ક્રોચ પર વિચિત્ર રીતે બેઠેલી એ શાંત વ્યક્તિ તરફ આશાપૂર્વક જોવા લાગ્યો. મહર્ષિનું શરીર એના પરના એક નાના પાતળા કટિવસ્ત્ર સિવાય મોટે ભાગે નગ્ન જેવું હતું, પરંતુ એવું તો આ બાજુના પ્રદેશમાં સામાન્ય રીતે દેખાતું હોય છે. એમની ચામડી સહેજ તામ્રવર્ણી છતાં સામાન્ય દક્ષિણ ભારતીયની ચામડીની સરખામણીમાં ઊજળી હતી. એ ઊંચા મનુષ્ય છે અને એમની ઉંમર પચાસની અંદર છે એવું અનુમાન થયું. નજીકનજીક ઉગેલા ભૂખરા વાળથી ઢંકાયેલું એમનું મસ્તક સુદઢ હતું. કપાળ ઊંચું તથા વિશાળ હતું, અને એથી એમની બૌદ્ધિક વિશેષતા દેખાઈ આવતી હતી. એમનાં લક્ષણો ભારતવાસી કરતાં અંગ્રેજને વધારે મળતાં આવતાં હતાં. એવી પ્રાથમિક છાપ મારા પર પડી રહી.

ક્રોચ પર સફેદ તકિયા પડેલા હતા અને મહર્ષિના પગ નીચે અત્યંત સુંદર અથવા દેખાવડું વ્યાઘ્રચર્મ પાથરવામાં આવેલું.

હૉલમાં ટાંકણી પડે તોપણ સંભળાય એવી શાંતિ હતી. અમારા આગમનની ખબર ન હોય તેમ સંતપુરુષ સંપૂર્ણ શાંત, અચળ અને એકદમ સ્વસ્થ રહ્યા. એક કાળી ચામડીવાળો શિષ્ય ક્રોચની બીજી બાજુએ જઈને જમીન પર બેસી ગયો, એણે દોરડું ખેંચીને

પંખો નાખવાનું શરૂ કરીને ત્યાંની નીરવતામાં ભંગ પાડ્યો. પંખો લાકડાના પાટડા સાથે લગાડેલો અને સંતના મસ્તકની બરાબર ઉપર લટકાવવામાં આવેલો હતો. ત્યાં બેઠેલા પુરુષનું ધ્યાન ખેંચવાની ઇચ્છાથી એમની આંખમાં મારી દૃષ્ટિને સ્થિર કરીને પંખાનો સંવાદી શબ્દ મેં સાંભળવા માંડ્યો. એ આંખ કાળીશી, મધ્યમ કદની અને ખુલ્લી હતી.

મારી હાજરીની ખબર હોય તોપણ, એની એમણે ખબરેય પડવા ન દીધી કે કોઈ સૂચના પણ ના આપી. એમનું શરીર એકદમ શાંત અને પૂતળા પેઠે અચળ હતું. એમની આંખ કોઈ દૂરના પ્રદેશમાં સ્થિર થઈ હોવાથી, મારી આંખ સાથે એક વાર પણ ન મળી. એ દૃશ્ય મને કશાકની આશ્ચર્યભરી યાદ આપનારું લાગ્યું. મેં એવું દૃશ્ય બીજે ક્યાં જોયેલું? મારા સ્મરણપટ પર સંધરાયેલાં ચિત્રો મારી આગળ એક પછી એક હાજર થવા માંડ્યાં, અને છેવટે પેલા મૌનવ્રતધારી સંતની આકૃતિ મારી મનની આંખ આગળ આવીને ઊભી રહી: એ તપસ્વીની આકૃતિ જેમની મુલાકાત મેં મદ્રાસ પાસેની એકાંત કુટિરમાં લીધેલી, અને જેમનું શરીર પથ્થરમાંથી કોરી કાઢેલી પ્રતિમા જેવું અચળ દેખાતું. મહર્ષિના શરીરની અચળતા એની સાથે આબેહૂબ મળતી આવતી હતી.

માણસની આંખ એના આત્માનું પ્રતિબિંબ પાડે છે એવો મારો પ્રાચીન સિદ્ધાંત છે. પરંતુ મહર્ષિની આંખ આગળ હું લાચાર બની ગયો, આશ્ચર્યચકિત થયો, ને ગભરાયો.

મિનિટો કહી ન શકાય એટલી બધી ધીમેથી પસાર થવા લાગી. દીવાલ પર લટકતા આશ્રમના ઘડિયાળમાં અર્ધો કલાક પૂરો થયો. વળી વખત વીતવા લાગ્યો અને એક કલાક થઈ ગયો. તે છતાં હૉલમાં કોઈ પણ હાલતુંચાલતું ન દેખાયું, અને કોઈએ બોલવાની હિંમત પણ ન કરી. મારી સ્થિર થયેલી દૃષ્ટિને લીધે હું એક એવી અવસ્થાએ પહોંચી ગયો કે કોચ પરની શાંત આકૃતિ

સિવાયના બીજા બધાના અસ્તિત્વને ભૂલી ગયો. એમની આગળ પડેલા લાકડાના નકશીકામવાળા નાના ટેબલ પરનાં મેં અર્પણ કરેલાં ફળ પણ એમ ને એમ જ પડી રહ્યાં હતાં.

પોતાના ગુરુની મુલાકાત પેલા મૌનવ્રતધારી સંતપુરુષની મુલાકાત જેવી જ થશે એવી ચેતવણી મારા ભોમિયાએ મને નહોતી આપી. સંપૂર્ણ ઉદાસીનતાપૂર્વક થયેલું મારું આ વિચિત્ર સ્વાગત એકાએક જ આવી પડયું. કોઈ પણ અંગ્રેજના મનમાં સૌથી પહેલો વિચાર તો એ પેદા થાય કે 'આ પુરુષ પોતાના ભક્તોને લાભ પહોંચાડવા માટે આવી રીતે બેસી રહ્યા છે?' મારા મનમાં પણ એવો વિચાર એકાદ બે વાર આવી ગયો. પરંતુ મેં તેને તરત જ કાઢી નાખ્યો. મારા ભોમિયાએ મને માહિતી નહોતી આપી કે એમના ગુરુ સમાધિમાં ડૂબી જાય છે. તોપણ એ સાચેસાચ ધ્યાનની ઊંડી દશામાં કે સમાધિમાં હતા. બીજો વિચાર મારા મનમાં એ આવ્યો કે 'ધ્યાનની આ ગહન અવસ્થા નિરર્થક શૂન્યતા સિવાય વધારે કશું જ નથી?' એ વિચાર ટકયો પણ લાંબો, પરંતુ મારાથી એનો ઉત્તર આપી શકાય તેમ ન હોવાથી, મેં એને મૂકી દીધો.

એ પુરુષમાં એવું કશુંક જરૂર હતું જેણે લોહચુંબક જેવી રીતે પોલાદના ટુકડાને ખેંચે તેવી રીતે મારું ધ્યાન ખેંચી રાખ્યું. મારી દૃષ્ટિ હું એમનાથી દૂર નહોતો ફેરવી શકતો. આરંભનું મારું આશ્ચર્ય, અથવા મારી પૂરેપૂરી અવજ્ઞા થઈ છે એવા વિચારને પરિણામે પેદા થયેલી વ્યગ્રતા, વાતાવરણનું અદ્‌ભુત જાદુ મારા પર પથરાવા માંડયું તેમતેમ, ધીમેથી દૂર થઈ. એ અસાધારણ દૃશ્યના બીજા કલાકમાં તો મારા મનમાં એક પ્રકારનું શાંત, પ્રતીકાર વિનાનું, પરિવર્તન થઈ રહ્યું છે એવો મને અનુભવ થયો. ટ્રેનમાં કાળજીપૂર્વક તૈયાર કરેલા મારા પ્રશ્નો એક પછી એક પડતા મુકાયા. કારણ કે એ પ્રશ્નો પુછાય કે નહિ, અને મને આજ સુધી સતાવતી સમસ્યાઓનો ઉકેલ થાય કે નહિ, એનો વધારે અર્થ મને ન દેખાયો. મને એટલું જણાવા લાગ્યું કે શાંતિની એક સ્થિર નદી

મારી તરફ વહેવા માંડી છે, મારા અંતરના અંતરમાં ઊંડી શાંતિ ફેલાવા લાગી છે, અને વિચારોથી શ્રમિત થયેલા મારા મનને કાંઈક વિશ્રાંતિનો અનુભવ થવા માંડ્યો છે.

મારી જાતને અવારનવાર પૂછેલા પ્રશ્નો અત્યારે કેટલા નાના લાગે છે! વીતેલાં વરસોની સ્મૃતિ પણ કેટલી ક્ષુલ્લક લાગે છે! મને એકાએક એ સ્પષ્ટ રીતે સમજાયું કે બુદ્ધિ પોતાના પ્રશ્ન પોતાની મેળે જ પેદા કરે છે અને પછી એમનો ઉકેલ કરવાની મુશ્કેલી અનુભવે છે. બુદ્ધિને આજ લગી આટલું બધું મહત્ત્વ આપનારા મનમાં એવો ભાવ પેદા થાય એ ખરેખર નવાઈ જેવું હતું.

બે કલાક પૂરા થયા ત્યાં સુધી ધીમેધીમે વધતી જતી શાંતિનો હું અનુભવ કરતો રહ્યો. વખત વીતવાને પરિણામે મને કશી ઉત્તેજના ન થઈ, કારણકે મનદ્વારા પેદા કરાયેલી સમસ્યાઓની સાંકળ તૂટવા લાગી અને દૂર ફેંકાઈ ગઈ એવો મને અનુભવ થયો. ધીમેધીમે એક બીજો પ્રશ્ન મને વીંટી વળ્યો :

'ફૂલ પોતાની પાંખડીઓમાંથી ફોરમ ફેલાવે તેવી રીતે મહર્ષિ આત્મિક શાંતિની સુવાસ છોડી રહ્યા છે?'

આધ્યાત્મિકતાને સમજવાની મારામાં પૂરેપૂરી યોગ્યતા છે એવું મેં નથી માન્યું. છતાં પણ બીજાં માણસો માટે મારી અંગત પ્રતિક્રિયા થતી રહી છે. મહર્ષિના વ્યક્તિત્વની મારા પર થયેલી પ્રતિક્રિયા એ હતી કે મારી અંદર એક પ્રકારની અદ્‌ભુત શાંતિનો આવિર્ભાવ થયો છે એવો આભાસ મારી આજુબાજુની અત્યારની ભૌગોલિક પરિસ્થિતિને આભારી છે. મારા અશાંત અંતરાત્માને આવૃત્ત કરતી એ શાંતિ, આત્માની કોઈ વિશેષ શક્તિ અથવા અજ્ઞાત માનસિક સંદેશ પહોંચાડવાના ક્રમદ્વારા, એમની પાસેથી મારી પાસે આવી રહી છે કે કેમ એવો વિચાર પણ મેં

કરવા માંડ્યો. તે છતાં એ તો તદ્દન શાંત જ રહ્યા. મારી હાજરી કે મારા અસ્તિત્વની પણ જાણે કે ખબર ન હોય એવી રીતે.

એ અસીમ શાંતિમાં એક પહેલવહેલો પરપોટો પેદા થયો. કોઈએ મારી પાસે આવીને મારા કાનમાં કહેવા માંડ્યું : 'તમે મહર્ષિને પ્રશ્ન પૂછવા નહોતા માગતા ?'

એવું કહેનારા મારા પહેલાંના ભોમિયાની ધીરજ કદાચ ખૂટી ગઈ હશે. કદાચ એમણે એવું પણ માન્યું હોય કે મારા જેવા અધીરા અંગ્રેજની ધીરજની હદ આવી ગઈ છે. અફસોસ, મારા જિજ્ઞાસુ મિત્ર ! હું અહીં ખરેખરું કહું તો તમારા ગુરુને પ્રશ્નો પૂછવાના ઉદ્દેશથી જ આવેલો. પરંતુ હવે તો...મારી પોતાની તથા સમસ્ત સંસારની સાથે હું શાંતિનો અનુભવ કરી રહ્યો છું ત્યારે પ્રશ્નો પૂછીને મારે મારું માથું શું કામ દુઃખવવું જોઈએ ? મારું આત્માનું વહાણ એની નાંગરવાની જગ્યાએથી આગળ વધવાનો આરંભ કરતું હોય એવું હું અનુભવી રહ્યો છું. એક અદ્‌ભુત સાગર ઓળંગવાની રાહ જોઈ રહ્યો છું. હવે જ્યારે મેં સર્વોત્તમ સાહસ કરવાની તૈયારી કરી છે ત્યારે દુનિયાના કોલાહલવાળા બંદર પર તમે મને પાછો ખેંચવા માગો છો ?

પરંતુ આખરે એ મોહિનીનો અંત આવ્યો. એકાએક આવી પડેલો એ વિક્ષેપ સૂચક હોય તેમ, જમીન પરથી ઊઠીને લોકો હૉલમાં ફરવા લાગ્યા, એમના શબ્દો કાને અથડાયા, અને સૌથી મોટું આશ્ચર્ય તો એ થયું કે મહર્ષિની કાળી ઘઉંવર્ણી આંખ પણ એકાદ બે વાર હાલી ઊઠી. એમનું મસ્તક ફર્યું, મોટું ધીરેથી, ખૂબ ધીરેથી, ફરવા માંડ્યું, ને જરાક નીચે નમ્યું. થોડીક વધારે પળો પસાર થઈ, અને મારા પર એમની દૃષ્ટિ પણ પડી રહી. મહર્ષિના રહસ્યમય આંખ મને પહેલી જ વાર જોવા લાગી. એમની લાંબી સમાધિમાંથી એ હવે જાગ્રત થયા છે એ સ્પષ્ટ થયું.

મેં કોઈ જાતનો જવાબ ન આપ્યો તેથી મારા ભોમિયાએ, મેં એમના શબ્દો સાંભળ્યા નથી એમ માનીને, પોતાના પ્રશ્નનું જોરથી

પુનરાવર્તન કર્યું. પરંતુ મારી તરફ માયાળુતાથી મંડાયેલી પેલી તેજસ્વી આંખમાં મને વણપુછાયેલો એક બીજો પ્રશ્ન વાંચવા મળ્યો :

'તમારે પોતાને માટે તથા બધા જ મનુષ્યોને માટે મેળવી શકાય એવી ઊંડી માનસિક શાંતિની જે ઝલક તમે હમણાં મેળવી તે પછી પણ શું એ શક્ય છે કે મનને વિક્ષિપ્ત કરનારા સંશયો તમને હજી હેરાન કરી શકે?'

મને શાંતિએ ઘેરી લીધો. ભોમિયા તરફ ફરીને મેં ઉત્તર આપ્યો :

'ના. અત્યારે મારે કશું જ નથી પૂછવું. બીજી વાર...'

મને હવે લાગ્યું કે મહર્ષિ પોતે નહિ પરન્તુ ઉત્તેજિત રીતે વાત કરતું નાનુંસરખું ટોળું મારા અહીં આવવા સંબંધમાં થોડાક સ્પષ્ટીકરણની આશા રાખી રહ્યું છે. મારા ભોમિયાના કહેવા પરથી મને સમજાયું કે એમાંના મૂઠીભર લોકો જ અહીં રહેનારા શિષ્યો છે, અને બાકીના તો આજુબાજુના દર્શનાર્થીઓ છે. એ પછી તો મારા ભોમિયાએ પોતે જ ઊઠીને મારો પરિચય આપ્યો. ભેગા થયેલા શ્રોતાઓને બધું સમજાવતી વખતે એમણે પ્રાણવાન તામિલ ભાષામાં અનેક હાવભાવ સાથે બોલવા માંડયું. એમનું સ્પષ્ટીકરણ સત્યની સાથે દંતકથાના મિશ્રણવાળું છે એવી ભીતિ મારામાં પેદા થઈ, કારણકે એને સાંભળનારા આશ્ચર્યના ઉદ્‌ગાર કાઢી રહ્યા હતા.

× ×

બપોરની ભોજનવિધિ પૂરી થઈ. મધ્યાહ્ન પછીનું ટેમ્પરેચર મેં પહેલાં કદી પણ ન અનુભવેલી ડિગ્રીએ સૂર્યે નિર્દયતાપૂર્વક પહોંચાડી દીધું. વિષુવવૃત્તથી બહુ દૂરના અક્ષાંશ પર અમે નહોતા. ભારતમાં પ્રવૃત્તિપરાયણતાને ન પ્રકટાવનારું હવામાન પેદા કરવા માટે મને આભાર માનવાનું મન થયું, કારણ કે મોટા ભાગના લોકો ઘટાદાર ઝાડીઓમાં શાંતિ મેળવવા ચાલ્યા ગયેલા મહર્ષિની પાસે

એટલા માટે હું મરજી મુજબ આગળથી કહીને કોઈ જાતની ધાંધલ વગર શાંતિથી જઈ શકચો.

મોટા હોલમાં પ્રવેશીને હું એમની પાસે બેસી ગયો. કોચ પર પડેલા સફેદ તકિયા પર એ આડા પડેલા, કોઈક સેવક દોરડું ખેંચીને પંખો કરી રહ્યો હતો. દોરડાનો ધીમો સ્વર અને ગરમ હવામાં ચાલતા પંખાનો અવાજ કાનને ઘણો પ્રિય લાગતો.

મહર્ષિના હાથમાં કોઈ વાળેલી હસ્તલિખિત ચોપડી હતી. અત્યંત ધીમી ગતિએ એ કશુંક લખી રહ્યા હતા. મારા પ્રવેશ પછી થોડીક મિનિટે એમણે ચોપડી બાજુએ મૂકી અને કોઈ શિષ્યને બોલાવ્યો. એમની વચ્ચે તામિલમાં થોડી વાતચીત થઈ. પછી પેલા ભાઈએ કહ્યું કે મેં એમની સાથે ભોજનમાં ભાગ ન લીધો એટલા માટે મહર્ષિ પોતાનો ખેદ જાહેર કરે છે. એણે કહ્યું કે એ સાદું જીવન જીવે છે, અને અંગ્રેજોને અત્યાર સુધી કોઈ વાર પીરસવાનો પ્રસંગ ન આવ્યો હોવાથી એમનું ભોજન કેવું હોય છે તેની પણ માહિતી નથી ધરાવતા. મેં મહર્ષિનો આભાર માનીને કહ્યું કે એમની સાથે બેસીને સાદું ભોજન કરવાનું મને ગમશે. એ ઉપરાંત હું શહેરમાંથી થોડોક ખોરાક મેળવી લઈશ. મેં વધારામાં એમ પણ કહ્યું કે જે વસ્તુની શોધ કરવા મારે એમના આશ્રમમાં આવવાનું થયું છે એની આગળ ભોજનનો પ્રશ્ન મને એટલો અગત્યનો નથી લાગતો.

સંતપુરુષ ધ્યાનપૂર્વક સાંભળી રહ્યા. એમનો ચહેરો શાંત, વિક્ષેપ વગરનો અને વિકારવિહીન રહ્યો.

'એ હેતુ સારો છે.' એમણે આખરે ટીકા કરી.

એને લીધે એ જ વિષય વિસ્તારવાનો મને ઉત્સાહ મળ્યો.

'ભગવન્, મેં અમારા પશ્ચિમી તત્ત્વજ્ઞાન અને વિજ્ઞાનનું અધ્યયન કર્યું છે, ભરચક વસ્તીવાળાં શહેરોના લોકો સાથે રહીને

કામ કર્યું છે, એમનાં સુખો ભોગવ્યાં છે, અને એમની મહત્ત્વાકાંક્ષાઓનું સેવન પણ કર્યું છે. એની સાથેસાથે એકાંત સ્થળોમાં જઈને ઊંડા વિચારમાં લીન બનતાં ફર્યો છું પણ ખરો. મેં પશ્ચિમના સંતોને પ્રશ્નો પણ પૂછ્યા છે. હવે હું પૂર્વ તરફ વળ્યો છું. મારે વિશેષ પ્રકાશની આવશ્યકતા છે.'

મહર્ષિએ જાણે કે કહેતા હોય કે 'હા, હું બરાબર સમજું છું.' તેમ એમણે માથું હલાવ્યું.

'મેં કેટલાય અભિપ્રાયો સાંભળ્યા છે, અને અનેક સિદ્ધાંતોનો પરિચય કર્યો છે. કેટલીય જાતની માન્યતાઓના બૌદ્ધિક પુરાવા મારી આજુબાજુ એકઠા થયા છે. એ બધાથી હવે હું કંટાળી ગયો છું, કારણકે અંગત અનુભવથી જે પુરવાર ન થઈ શકે એ અંગે મને શંકા રહે છે. એવું કહેવા બદલ મને માફ કરજો, પણ હું ધાર્મિક નથી. માનવના ભૌતિક અસ્તિત્વથી પર એવું કશું છે ખરું? જો હોય તો મને એનો સાક્ષાત્કાર કેવી રીતે થઈ શકે?'

અમારી આજુબાજુ એકઠા થયેલા ત્રણચાર શિષ્યો આશ્ચર્યથી જોવા લાગ્યા. એમના ગુરુની સાથે આવી હિંમતપૂર્વક તથા આટલી બધી અસભ્ય રીતે વાત કરીને આશ્રમની ઊંચી શિસ્તનો મેં ભંગ કર્યો છે? મને ખબર ના પડી. કદાચ મેં એની પરવા પણ ના કરી. વરસોની કામનાનો ભેગો થયેલો ભાર એવી અચાનક રીતે કાબૂ બહાર જઈને મારા હોઠમાંથી બહાર નીકળી ગયો. મહર્ષિ જો સાચા હશે તો મારી વાતને જરૂર સમજી જશે અને પરંપરાને લગતા દોષોને દૂર કરી દેશે.

એમણે કોઈ મૌખિક ઉત્તર ના આપ્યો, પરંતુ કોઈ વિચારધારામાં ડૂબી ગયા હોય એવા દેખાયા. હવે બીજું કાંઈ કરવાનું નહોતું અને મારી જીભ પણ છૂટી થઈ હતી, એટલે મેં એમને સંબોધીને ત્રીજી વાર કહેવા માંડ્યું :

'પશ્ચિમના અમારા વિદ્વાન વૈજ્ઞાનિકોને એમની બુદ્ધિમત્તા માટે ભારે માન આપવામાં આવે છે. તે છતાં એમણે કબૂલ કર્યું છે કે

જીવનની પાછળ છુપાયેલા સત્ય પર તે ઘણો ઓછો પ્રકાશ પાડી શકે તેમ છે. એમ કહેવામાં આવે છે કે અમારા પશ્ચિમી વૈજ્ઞાનિકો જેને પ્રકટ નથી કરી શકયા તેની માહિતી આપનાર કેટલાક પુરુષો તમારા દેશમાં હયાતી ધરાવે છે એ શું સાચું છે? આત્મિક પ્રકાશની અનુભૂતિમાં તમે મને મદદરૂપ થઈ શકશો? કે પછી એની શોધ કેવળ ભ્રમણા સિવાય બીજું કશું જ નથા?'

મારી વાતચીતનો હેતુ પૂરો થયો એટલે મહર્ષિના ઉત્તરની પ્રતીક્ષા કરવાનો મેં નિર્ણય કર્યો. એમણે મારી તરફ વિચારશીલ બનીને જોઈ રહેવાનું ચાલુ રાખ્યું. કદાચ એ મારા પ્રશ્નો પર વિચાર કરી રહ્યા હોય. દસ મિનિટ શાંતિ રહી.

આખરે એમના હોઠ ઊઘડ્યા અને ધીમેથી બોલ્યા :

'તમે કહો છો હું 'હું' જાણવા માગું છું. એ હું એટલે શું તે કહી શકશો?'

એ શું કહેવા માગતા હતા? દુભાષિયાની મદદ લેવાને બદલે હવે એમણે અંગ્રેજીમાં મારી સાથે સીધું જ બોલવા માંડયું. મારું મગજ વિસ્મયથી ભરાઈ ગયું.

'હું તમારો સવાલ નથી સમજી શકતો.' મેં નીરસતાથી ઉત્તર આપ્યો.

'મારો સવાલ સાફ નથી? ફરીથી વિચારી જુઓ!'

એમના શબ્દો સાંભળીને મેં ફરી આશ્ચર્ય અનુભવ્યું. મારા મગજમાં એકાએક વિચાર આવ્યો. મારી તરફ આંગળી કરીને મેં મારું નામ કહી બતાવ્યું.

'અને તમે તેને જાણો છો?'

'મારા આખાય જીવન દરમિયાન.' મેં એમની સામે સ્મિત કર્યું.

'પણ તે તો તમારું શરીર જ છે! હું ફરી પૂછું છું કે 'તમે' કોણ છો?'

એ અસાધારણ સવાલનો જવાબ મને જલદી ન મળ્યો.

મહર્ષિએ ચાલુ રાખ્યું :

'સૌથી પહેલાં તે 'હું'ને જાણી લો, પછી તમે સત્યને જાણી શકશો.'

મારું મન પાછું ગૂંચવણમાં પડ્યું. મારી મૂંઝવણની પાર ન રહી. એ મૂંઝવણ વાણીના રૂપમાં બહાર આવી. પરંતુ મહર્ષિ પોતાના અંગ્રેજીની પરિસીમા પર પહોંચી ગયેલા દેખાયા. એટલે તો એમણે દુભાષિયા તરફ દૃષ્ટિ ફેરવી અને ધીમેથી એમના ઉત્તરનો અનુવાદ કરી બતાવવામાં આવ્યો :

'કરવાનું કામ એક જ છે. તમારી પોતાની અંદર ડોકિયું કરો. એ કામ સાચી રીતે કરો તો તમારી સઘળી સમસ્યાઓના ઉત્તર તમને મળી રહેશે.'

એ પ્રત્યુત્તર જો કે વિચિત્ર લાગ્યો, તોપણ મેં પૂછ્યું :

'એને માટે શું કરવું જોઈએ ? કઈ પદ્ધતિનો આધાર લેવો જોઈએ ?'

'પોતાના સ્વરૂપનો ઊંડો વિચાર કરવાથી અને સતત ધ્યાન ધરવાથી પ્રકાશની પ્રાપ્તિ કરી શકાય છે.'

'સત્યનું ધ્યાન તો મેં અવારનવાર ધર્યું છે, પરંતુ પ્રગતિની કોઈ નિશાની નથી દેખાતી.'

'કોઈ પણ પ્રકારની પ્રગતિ નથી થઈ એવું તમે શી રીતે જાણ્યું ? આત્મિક વિકાસના ક્ષેત્રમાં થતી પ્રગતિનો ખ્યાલ કાંઈ સહેલાઈથી નથી આવી શકતો.'

'ગુરુની મદદની જરૂર પડે છે ?'

'પડે પણ ખરો.'

'તમે સૂચવો છો તે પ્રમાણે પોતાની અંદર ડોકિયું કરવામાં ગુરુ કોઈને મદદ કરી શકે ?'

'આ શોધમાં માણસને જેની જરૂર છે તે બધું જ એ આપી શકે છે. એ વસ્તુની પ્રતીતિ વ્યક્તિગત અનુભવદ્વારા કરી શકાય છે.'

'ગુરુની મદદથી થોડોઘણો પ્રકાશ મેળવવામાં કેટલો વખત લાગે છે?'

'એનો આધાર સાધકના મનની પરિપક્વતા પર છે. દારૂ એક ક્ષણમાં જ સળગી ઊઠે છે, પરંતુ કોલસાને સળગતાં ઘણો વખત લાગે છે.'

મારા પર એવી છાપ પડી કે ગુરુઓ અને એમની પદ્ધતિઓની ચર્ચા મહર્ષિને પસંદ નથી પડતી. છતાં મારી માનસિક ચીવટને લીધે એ છાપને ગણકાર્યા વગર, એ જ વિષય પર મેં એમને બીજો વધારાનો પ્રશ્ન પૂછી કાઢ્યો. એમણે પોતાની ગંભીર મુખાકૃતિને બારી તરફ ફેરવી, પાછળની તળેટીના વિસ્તાર તરફ જોવા માંડ્યું, અને કશો ઉત્તર ન આપ્યો. એ સૂચના સમજી લઈને મેં વિષય પડતો મૂક્યો.

'આપણે કટોકટીના જમાનામાં જીવીએ છીએ એ જોતાં, મહર્ષિ દુનિયાના ભાવિ વિશે અભિપ્રાય આપી શકશે?'

'તમારે ભવિષ્યની ચિંતા શા માટે કરવી જોઈએ?' સંતપુરુષે સામેથી પૂછ્યું: 'તમે વર્તમાનને પણ બરાબર નથી જાણતા. વર્તમાનને સંભાળો. ભવિષ્ય તો પોતાની સંભાળ પોતાની મેળે જ રાખશે.'

મારી વાતનો ફરી વાર અસ્વીકાર! છતાં આ વખતે મેં એટલું જલદી નમતું ન જોખ્યું, કારણકે હું એવી દુનિયામાંથી આવતો હતો જ્યાં આ શાંતિમય એકાંત આશ્રમની સરખામણીમાં જીવનની કરુણતાઓ માણસને વધારે પ્રમાણમાં વેઠવી પડે છે.

'દુનિયા નજીકના ભાવિમાં પારસ્પરિક મિત્રતા તથા સહાયતાના નવા યુગમાં પ્રવેશ કરશે કે અંધાધૂંધી અને યુદ્ધમાં સપડાશે?' મેં પૂછવાનું ચાલુ રાખ્યું.

મહર્ષિ મારા પ્રશ્નથી જરાય પ્રસન્ન થયા ન લાગ્યા છતાં બોલ્યા:

'સંસાર પર શાસન કરનારી એક શક્તિ છે. અને સંસારની સંભાળ રાખવાનું કામ તેનું છે. સંસારને જીવન આપનાર બરાબર જાણે છે કે તેની સંભાળ કેવી રીતે રાખવી. સંસારનો ભાર તે ઉપાડે છે, તમે નથી ઉપાડતા.'

'છતાં ચારે તરફ પૂર્વગ્રહરહિત નજરે જોઈએ તો દયાળુતાનો એ ખ્યાલ કયાં બંધ બેસે છે, એ જોવાનું કઠિન થઈ પડે છે.' મેં વિરોધ કર્યો.

સંત વધારે નાખુશ થયા દેખાયા. તોપણ એમણે ઉત્તર આપ્યો :

'જેવા તમે છો તેવી જ દુનિયા છે. તમારી જાતને જાણ્યા વગર દુનિયાને જાણવાનો પ્રયત્ન કરવાનો શો અર્થ છે? સત્યના શોધકોએ એ પ્રશ્ન પ્રત્યે ધ્યાન ન આપવું જોઈએ. એવા પ્રશ્નોની પાછળ લોકો પોતાની શક્તિ બરબાદ કરે છે. સૌથી પહેલાં તો તમારી અંદરના સત્યને શોધી કાઢો. તે પછી તમે જેના વિભાગ છો તે દુનિયાની પાછળના સત્યને સમજવાની વધારે સારી શક્તિ મેળવી શકશો.'

એ એટલેથી અટકી ગયા. કોઈ પરિચારક પાસે આવીને બીજી અગરબત્તી સળગાવી. મહર્ષિએ ઊંચે ચડતા ધુમાડાના વાદળી ગોટા જોયા ને પોતાની હસ્તલિખિત પુસ્તિકા લીધી. એનાં પૃષ્ઠો ઉઘાડીને એમણે પોતાનું કામ કરવા માંડયું. એવી રીતે પોતાનું ધ્યાન એમણે મારા પરથી હઠાવી લીધું.

એમની એ તાજી ઉદાસીનતાને લીધે મારા આત્મસન્માન પર પાણી ફરી વળ્યું. લગભગ પંદર મિનિટ સુધી હું એમની આગળ બેસી રહ્યો, પરંતુ મારા પ્રશ્નોના ઉત્તર આપવાનું એમનું વલણ ન લાગ્યું. અમારો વાર્તાલાપ ખરેખર પૂરો થયો છે એમ માનીને, લાદી-વાળી જમીન પરથી ઊઠીને વિદાયસૂચક પ્રણામ કરીને, હું બહાર નીકળ્યો.

× × ×

મારી ઇચ્છા મંદિરનું નિરીક્ષણ કરવાની હોવાથી, મેં શહેરમાંથી કોઈને વાહન લઈ આવવાની સૂચના આપી. જો બની શકે તો

ઘોડાગાડી લાવવાની જ મેં વિનંતિ કરી કારણકે બળદગાડી સુંદર દેખાતી હોવા છતાં ઝડપી તથા આરામદાયક નહોતી.

ચોકમાં જઈને જોયું તો બે પૈડાંવાળી ખચ્ચરગાડી મારે માટે રાહ જોઈ રહેલી. એમાં બેસવાની બેઠક નહોતી. પણ એ વસ્તુની મને મુશ્કેલી ન લાગી. ગાડીવાળો જરા ભયંકર દેખાવનો હતો. એના માથા પર લાલ રંગનો ગંદો ફેંટો હતો. અને બીજા વસ્ત્ર તરીકે એક મેલો કપડાનો ટુકડો એની સાથળની વચ્ચેથી પસાર થઈને પીઠ પાછળ ખોસેલો અને કમરપટા તરીકે કામ કરતો હતો.

ધૂળવાળી લાંબી મુસાફરી પછી છેવટે શિલ્પકામવાળા ઊંચા માળના મોટા મંદિરે અમારું સ્વાગત કર્યું. ગાડીમાંથી નીચે ઊતરીને મેં મંદિરનું ઉપરછલ્લું નિરીક્ષણ કરવા માંડ્યું.

'અરુણાચલનું મંદિર કેટલું પ્રાચીન છે તે મારાથી નહિ કહી શકાય.' મારા એક પ્રશ્નના જવાબમાં મારા સાથીદારે કહેવા માંડ્યું : 'પરંતુ એનું આયુષ્ય સૈકાઓ જેટલું જૂનું છે એ તો તમે પણ જોઈ શકો છો.'

દરવાજાની આજુબાજુ અને મંદિરની અંદરના ભાગમાં થોડીક નાની દુકાનો અને ભપકાદાર સ્ટૉલ હતા. તાડવૃક્ષોની નીચે એમની ગોઠવણ કરાયેલી હતી. એમની પાસે સાધારણ વસ્ત્રોમાં સજ્જ થયેલા, ધાર્મિક ચિત્રો તથા શંકર અને બીજા દેવોની મૂર્તિઓના વિક્રેતાઓ બેઠા હતા. શંકર ભગવાનની મૂર્તિઓ આગળ તરી આવતી તે જોઈને મને નવાઈ લાગી, કારણકે બીજાં સ્થળોમાં રામ અને કૃષ્ણનું સ્થાન પહેલું રહેતું. મારા ભોમિયાએ એ બાબત ખુલાસો કર્યો.

'અમારે ત્યાં ચાલી આવતી પરંપરાગત દંતકથા પ્રમાણે, એક વાર ભગવાન શંકર પવિત્ર અરુણાચલ પર્વતના શિખર પર અગ્નિની જ્વાળાના રૂપમાં પ્રકટ થયા. એટલા માટે હજારો વરસ પહેલાં બનેલી એ ઘટનાની સ્મૃતિમાં મંદિરના પૂજારીઓ વરસમાં એક વાર મોટી

જ્વાળા સળગાવે છે. શંકર હજુ પણ પર્વત પર વિરાજે છે, અને મારી ધારણા પ્રમાણે મંદિર એ ઘટનાના મહોત્સવરૂપે જ તૈયાર કરવામાં આવેલું.'

કેટલાક યાત્રીઓ સ્ટોલોનું નિરાંતે નિરીક્ષણ કરતા હતા. એ સ્ટોલોમાંથી કેવળ દેવતાની પિત્તળની મૂર્તિઓ જ નહોતી મળતી, પણ ધર્મકથાના કોઈ પ્રસંગને અંકિત કરતી ભપકાદાર પથ્થર કે ધાતુની પ્રતિમાઓ, તેલુગુ તથા તામિલ ભાષામાં છાપેલી ડાઘાવાળી ધાર્મિક ચોપડીઓ પણ વેચાતી, અને પોતાની જાતિ કે માન્યતા મુજબ કપાળે કરવાનાં ચિહ્નો કે તિલક માટેના રંગબેરંગી રંગો પણ મળી રહેતા.

એક કુષ્ઠરોગી ભિખારી કાંઈક સંકોચ સાથે મારી પાસે આવી પહોંચ્યો. એના અવયવોનું માંસ ઢીલું પડી ગયેલું હતું. હું એને કંગાળ જાણીને તિરસ્કારી કાઢીશ કે એના પર દયા બતાવીશ એ બાબત એનું મન ચોક્કસ નહોતું દેખાતું. એના ભારે રોગે એના વદનને નીરસ બનાવી દીધેલું. એને આપવાનું દાન મેં જમીન પર નાખ્યું એથી મને શરમ તો લાગી, પણ એને અડવાની હિંમત હું ના કરી શકયો.

કોતરી કાઢેલી આકૃતિઓથી ભરેલા મીનારા જેવા આકારના પ્રવેશદ્વારે એ પછી મારું ધ્યાન ખેંચ્યું. દરવાજાનો એ ઊંચો મંડપ જેનો ભાગ ઉપરથી અણીદાર અને કાપી નાખેલો હતો. એ ઇજિપ્તના કોઈક પિરામિડ જેવો દેખાતો. એના જેવા બીજા ત્રણ દરવાજાની સાથે એ બાજુના પ્રદેશમાં આગળપડતો તરી આવતો. એ દરવાજાઓ પાસે પહોંચતાં પહેલાં માઈલો દૂરથી એમનું દર્શન થઈ શકતું હતું.

મંદિરની આજુબાજુ બધે જ ભાતભાતની શિલ્પકૃતિઓ અને અવનવી નાની મૂર્તિઓ દેખાતી. એના વિષયો દંતકથાઓ તથા પવિત્ર

* (આપણે પશ્ચિમવાસીઓ એ દેવતાઓને ધાર્મિક ભાવનાઓની અભિવ્યક્તિરૂપ માનીએ તે ભલે, પરંતુ હિંદુઓ તો એ બરોબર અસ્તિત્વ ધરાવે છે એ બાબતમાં બિલકુલ શંકા નથી રાખતા.)

પરંપરાગત વાતોમાંથી લેવામાં આવેલા. એમાં વિચિત્ર જાતનું સંમિશ્રણ દેખાતું. એમાં ઊંડા ધ્યાનમાં ડૂબેલા હિંદુ દેવતાઓની અલગ આકૃતિઓનું દર્શન કરવા મળતું, અથવા એમની પરસ્પરના ગાઢ આલિંગનમાં ઓતપ્રોત થયેલી મૂર્તિઓ પણ જોવા મળતી. એ જોઈને નવાઈ લાગતી. એ જોઈને એ હકીકતની યાદ આવતી કે હિંદુધર્મ સ્વાભાવિક રીતે જ સૌનો સમાવેશ કરવાની શક્તિ ધરાવે છે, અને બધી જ જાતની રસવૃત્તિને માટે એમાં કાંઈક ને કાંઈક સામગ્રી રહેલી છે.

મંદિરની અંદરના ભાગમાં પ્રવેશ કરીને હું એક મોટા સમચોરસ સ્થાનમાં આવી પહોંચ્યો. એ વિશાળ સ્થાનમાં રચનાઓની પરંપરા, મઠો, પરસાળો, મંદિરો, ઓરડાઓ, કઠેરા અને ઉઘાડી તથા ઢંકાયેલી જગ્યાનો સમાવેશ થતો હતો. એથેન્સની પાસેનાં દેવસ્થાનોની પેઠે થોડી જ ક્ષણોમાં લાગણીઓને મંત્રમુગ્ધ ને સ્તબ્ધ કરનારી સ્થંભની સુંદરતાવાળી પથ્થરની ઇમારત ત્યાં જોવા ન મળી. ત્યાં તો ઊંડા રહસ્યથી ભરેલી ઉદાસ દેવસ્થાનની જગ્યા હતી. ત્યાંના વિશાળ ગોખલાઓ પોતાના એકાંતિક શાંત વાયુમંડળને લીધે મને પ્રભાવિત કરી રહ્યા. આખુંય સ્થાન ભૂલભૂલામણી જેવું હોવા છતાં મારા સાથીદારે એમાં વિશ્વાસપૂર્વક ચાલવા માંડયું. બહારથી જોતાં મંદિરના દરવાજા પોતાના રતૂમડા પથ્થરીય રંગોને લીધે આકર્ષક લાગેલા, પરંતુ અંદરના ભાગનું પથ્થરકામ રાખ જેવા રાખોડી રંગનું હતું.

મજબૂત દીવાલવાળા, લાંબા મંડપમાંથી અમે આગળ વધ્યા. એના છાપરાને સીધા, જુદીજુદી જાતના કોરી કાઢેલા થાંભલાઓ ટકાવી રહ્યા હતા. ઝાંખા પ્રકાશવાળી પરસાળો તથા અંધારા ઓરડામાંથી પસાર થઈને આખરે અમે એ પ્રાચીન મંદિરના બહારના ભાગમાં આવેલા મોટા મંડપમાં આવી પહોંચ્યા.

'હજાર થાંભલાનો હૉલ!' એ જુગજૂની રચનાને હું એકીટશે જોતો હતો, ત્યાં જ મારા ભોમિયાએ ઉદ્‌ગાર કાઢ્યા. મારી સામે સીધા, કોતરકામવાળા, ગંજાવર સ્થંભોની હારમાળા ફેલાયેલી હતી.

એ આખીય જગ્યા એકાંત અને વેરાન હતી. એના રાક્ષસી સ્થંભો ઝાંખા પ્રકાશમાંથી અત્યંત અદ્‌ભુત રીતે આગળ તરી આવતા. એમના પરના પ્રાચીન કોતરકામનું નિરીક્ષણ કરવા હું એમની પાસે જઈ પહોંચ્યો. દરેક સ્થંભ એક જ પથ્થરના ભાગમાંથી બનાવેલો હતો, અને એને આધારે ટકેલું છાપરું પણ સપાટ પથ્થરના મોટા ટુકડાઓનું બનાવેલું હતું. શિલ્પીની કળાની મદદથી દેવતા તથા દેવીઓને મેં એક વાર ફરી ક્રીડા કરતાં જોયાં; પરિચિત અને અપરિચિત પ્રાણીઓના કોરી કાઢેલા ચહેરા ફરી એક વાર મારી તરફ તાકવા માંડ્યા.

અમે એ થાંભલાવાળી પરસાળના ધ્વજની આકૃતિવાળા પથ્થરોની વચ્ચે ફરવા માંડ્યું. અને એરંડિયામાં ડુબાડેલી દીવેટ-વાળા નાના દીવડાઓથી સાધારણ રીતે પ્રકાશિત થયેલા અંધારા માર્ગમાંથી પસાર થઈને છેવટે મધ્યવર્તી વાડામાં આવી પહોંચ્યા. મંદિરના અંદરના ભાગને બતાવનારાં પાંચ નાનાં દેવાલયનું દર્શન હવે કરી શકાયું. એમની રચના પિરામિડના આકારનાં ટાવર જેવી હતી. ઊંચી દીવાલવાળા સમચોરસ ભાગમાં એમને લીધે પ્રવેશદ્વારો તૈયાર થયાં હતાં. એમાંના અમારી નજીકના એકનું અવલોકન કરીને હું એવા નિર્ણય પર પહોંચ્યો કે એ ઈંટોનું બનાવેલું છે, અને એનો ઉપરનો અલંકૃત ભાગ ખરેખર પથ્થરમાંથી કોરી કાઢેલો નથી, પરંતુ પાકી માટીમાંથી કે કોઈક જાતના ટકાઉ પ્લાસ્ટર કે લેપની મદદથી તૈયાર કરવામાં આવ્યો છે. કેટલીક આકૃતિઓ દેખીતી રીતે જ રંગની મદદથી બનાવવામાં આવેલી, પરંતુ એમના રંગ ઝાંખા પડી ગયેલા હતા.

વાડામાં પ્રવેશીને અને એ વિરાટ મંદિરના કેટલાક મોટા, અંધારા રસ્તાઓમાં ફરીને મારા ભોમિયાએ મને સૂચના આપી કે આપણે મધ્યસ્થ મંદિરની પાસે જઈ રહ્યા છીએ અને ત્યાં અંગ્રેજથી નહિ જઈ શકાય. નાસ્તિક માણસને દેવના દર્શનની મનાઈ હોવા છતાં એને મંદિરના ગર્ભદ્વારના ઉંબરા પાસે લઈ જતી

અંધારી પરસાળમાં ઊભા રહીને દૂરથી દર્શન કરવાની છૂટ તો છે જ. એટલામાં તો એ ચેતવણીને યથાર્થ ઠરાવતો નગારાનો અવાજ મારા સાંભળવામાં આવ્યો. એની સાથે સંભળાતા પ્રબળ ઘંટાનાદ અને પૂજારીઓનાં સુદીર્ઘ ઉચ્ચારણોને પરિણામે પેદા થતો એક-સરખો શુષ્ક સંવાદ એ પ્રાચીન ધર્મસ્થાનના અંધકારમાં કાંઈક વિચિત્રતાભરેલો લાગવા માંડ્યો.

મેં ધાર્યા પ્રમાણે દર્શન કર્યું. મૂર્તિની પાસે અંધકારમાં સોનેરી જ્યોતિ બળતી હતી, બેત્રણ બીજી ઝાંખી જ્યોતિઓ હતી, અને થોડાક ઉપાસકો કોઈક ધર્મકાર્ય કરી રહેલા. મંદિરના સંગીત-કારોને મારાથી બરાબર ઓળખી ન શકાયા; પરંતુ થોડા વખતમાં શંખનો નાદ તથા ઝાંઝરનો સખત કર્કશ અવાજ સંગીતની સાથે મળી ગયો.

મારા સાથીદારે કાનમાં કહી બતાવ્યું કે પૂજારીઓ મારી હાજરીને સાચેસાચ પસંદ નહિ કરે, એટલા માટે વધારે વખત સુધી રોકાવાનું ઠીક નહિ થાય. એ પછી અમે મંદિરના બહારના શાંત પવિત્ર પ્રદેશમાં પહોંચી ગયા. એવી રીતે મારી શોધ પૂરી થઈ.

પ્રવેશદ્વાર પાસે ફરી વાર પહોંચ્યા ત્યારે મારે એક બાજુ ખસી જવું પડ્યું, કારણકે રસ્તાની વચ્ચે જમીન પર એક વયોવૃદ્ધ બ્રાહ્મણ પિત્તળનું નાનું પાણીપાત્ર લઈને બેઠો હતો. ડાબા હાથમાં તૂટેલા દર્પણનો ટુકડો લઈને એ કપાળે ભપકાદાર તિલક કરી રહ્યો હતો. દક્ષિણના જુનવાણી હિંદુની નિશાની રૂપે એના કપાળ પર અંકિત થયેલું લાલ અને સફેદ ત્રિશૂળ પશ્ચિમના પ્રજાજનની દૃષ્ટિમાં એના દેખાવને હાસ્યાસ્પદ અને ગામડિયા જેવો બનાવતું હતું. મંદિરના દરવાજા પાસેની નાનકડી દુકાનમાં બેસીને શંકર ભગ-વાનની નાની મૂર્તિઓ વેચનારા એક બીજા વયોવૃદ્ધ માણસે મારી દૃષ્ટિ સાથે દૃષ્ટિને એક કરી. અને એની વણબોલાયેલી વિનતિને લક્ષમાં લઈ હું કાંઈક ખરીદી કરવા ઊભો રહ્યો.

શહેરના દૂરના છેડે સંગેમરમરના મીનારાનો ચળકતો સફેદ રંગ એકાએક મારી નજરે પડ્યો. એટલે મંદિરને મૂકીને મેં સ્થાનિક મસ્જિદનો માર્ગ લીધો. મારી અંદર એવું કશુંક જરૂર છે જે મસ્જિદની છટાદાર સુંદર કમાની તથા ઘુમ્મટની નાજુક સુંદરતા જોઈને હંમેશાં ઝણઝણાટીનો અનુભવ કરે છે. ફરી એક વાર મેં મારા બૂટ કાઢી નાખ્યા અને એ ચિત્તાકર્ષક સફેદ મકાનમાં પ્રવેશ કર્યો. એની રચના કેટલી સરસ રીતે કરવામાં આવેલી, કારણકે એની ઘુમ્મટવાળી ઊંચાઈ માણસના મિજાજને અચૂક રીતે ઉત્તમ કરતી ! ત્યાં થોડાક જ ભક્તો હાજર હતા. પોતાના નાના રંગીન પ્રાર્થના માટેના કામળા પર બેસીને તે ઘૂંટણીએ પડતા કે પ્રણામ કરતા હતા. ત્યાં કોઈ રહસ્યમય દેવમંદિરો કે ભપકાદાર મૂર્તિઓનું દર્શન નહોતું થતું: કારણકે એમના પયગંબરે લખ્યું છે કે માણસ અને ઈશ્વરની વચ્ચે બીજું કોઈ પણ નહિ આવે, — પૂજારી પણ નહિ ! અલ્લાની આગળ બધા ઉપાસકો સરખા છે. ત્યાં કોઈ પૂજારી કે પંડિત નથી, અને મક્કા તરફ મન લગાડતી વખતે માણસના વિચારોની વચ્ચે પડનારા દેવતાઓની પરંપરા પણ નથી.

મુખ્ય ગલીમાંથી પાછા વળતી વખતે મારી નજર પૈસા છૂટા કરી આપનારની દુકાનો પર, મીઠાઈના સ્ટૉલો પર, કાપડના વેપારીઓની દુકાનો પર અને અનાજ તથા ચોખાના વેપારીઓ પર પડી. જેને લીધે એ સ્થાનની ખ્યાતિ થયેલી તે પ્રાચીન મંદિરના મુસાફરોના લાભ માટે તે તૈયાર હતા.

હવે હું મહર્ષિ પાસે પાછો જવા ઉત્સુક હતો, અને ગાડીવાળાએ પણ અમારું આગળનું અંતર કાપવાના ઉદ્દેશથી પોતાના ટટ્ટુને જરા ઝડપથી ચલાવવા માંડ્યું. દૃષ્ટિને પાછી ફેરવીને મેં અરુણાચલના મંદિરની છેવટની ઝાંખી કરી લીધી. શિલ્પકામવાળાં નવ ટાવર હવામાં ઉપર ઊઠતાં દેખાયાં. એ પ્રાચીન મંદિર બાંધવા માટે ઈશ્વરને નામે કરાયેલા ધીરજપૂર્વકના પરિશ્રમની કથા કહેતાં હતાં, કારણકે એની રચનામાં એક માણસના જીવનકાળ કરતાં

વધારે વખત લાગ્યો હતો એ નિઃશંક હતું. ઇજિપ્તની પેલી વિચિત્ર સંસ્મૃતિએ મારા મનને હલાવી દીધું. શેરીઓનાં મકાનોની ઘરગથ્થુ શિલ્પકળામાં એટલે કે નીચાં મકાનો અને જાડી દીવાલોમાં ઇજિપ્તના જેવી ઢબ દેખાઈ આવતી હતી.

એવો દિવસ શું કદીક પણ આવશે ખરો, જ્યારે આ મંદિરોનો ત્યાગ કરીને માણસ એમને શાંત અને વેરાન દશામાં છોડી દેશે અને જે રાતી અને રાખોડી માટીમાંથી એ પેદા થયાં છે તેમાં ધીમે ધીમે ટુકડેટુકડા થઈને મળવા દેશે ? કે પછી નવા નવા દેવતા શોધીને એમની આરાધના માટે એ નવાં મંદિરો બનાવતો રહેશે ?

પેલી તરફની પથ્થર પથરાયેલી ગિરિમાળાના ઢોળાવમાં આવેલા આશ્રમના રસ્તા પર અમારું ટટ્ટુ ઝડપથી દોડતું જતું હતું, ત્યારે કુદરતે પોતાનો સમગ્ર સૌન્દર્યભંડાર અમારી દૃષ્ટિ આગળ ખુલ્લો કર્યો છે એવો અનુભવ કરતાં મારો શ્વાસ થંભી ગયો. સૂર્ય પોતાના વિશેષ પ્રકાશ સાથે રાત્રીની પથારી પર વિશ્રામ કરવા જાય છે એ સંધ્યાકાળના સમયનું નિરીક્ષણ મેં પૂર્વના દેશોમાં કેટલી બધી વાર કર્યું છે ! પૂર્વના દેશોનો સૂર્યાસ્ત પોતાના વિવિધ રંગોના સુંદર દેખાવથી હૃદયને મુગ્ધ કરે છે. અને એ આખોય પ્રસંગ અડધા કલાકથી પણ ઓછા વખતમાં જલદી જલદી પૂરો થાય છે.

યુરોપની શરદઋતુની લાંબી સંધ્યાઓ આ પ્રદેશને માટે મોટે ભાગે અજાણી છે. પશ્ચિમ દિશામાં અગ્નિની જ્વાળાવાળો જ્યોતિર્મય દડો જંગલમાં જાણે કે નીચે ઊતરતો દેખાયો. ગગનના ગેબી ધુમ્મટમાંથી અદૃશ્ય થતાં પહેલાં એણે અત્યંત ચળકતો નારંગી જેવો રંગ ધારણ કર્યો. એની આસપાસના આકાશ પર પણ એ રંગના પડછાયા પડી રહ્યા. એને લીધે અમારી આંખની આગળ કોઈ પણ કલાકાર ન પૂરો પાડી શકે એવો કળાત્મક ઉત્સવ ઊભો થયો. અમારી આજુબાજુનાં ખેતરો અને ઝાડોનાં ઝુંડમાં ઊંડી શાંતિ પથરાઈ ગઈ. નાનાં પંખીઓના સ્વર સંભળાતા બંધ થયા. જંગલો વાંદરાઓના અવાજ પણ શાંત થયા. લાલ અગ્નિનો દેદીપ્યમાન

ગોળો કોઈ બીજી જગ્યાએ જવા માટે ઝડપથી અદૃશ્ય થવા માંડ્યો. સાંજનો પડદો વધારે ગાઢ રીતે પડવા લાગ્યો, અને થોડા વખતમાં તો ઉત્તેજિત અગ્નિજ્વાળા તથા વિસ્તાર પામેલા રંગોનું એ આખુંય દૃશ્ય અંધકારમાં વિલીન થયું.

એ શાંતિની અસર મારા વિચારો પર પડ્યા વિના ના રહી. એની સુંદરતા મારા અંતરને સ્પર્શી રહી. નસીબે આપણે માટે પૂરી પાડેલી એવી અનેરી ક્ષણોને કેવી રીતે ભૂલી શકાય ? એવી ક્ષણો આપણા મનને એવો વિચાર કરતું કરી મૂકે છે કે જીવનની કઠોર વાસ્તવિકતાની વચ્ચે, એની અંદર કોઈ દયાળુ સર્વોત્તમ શક્તિ છૂપાયેલી પડી છે. એ ક્ષણો આપણા સામાન્ય કલાકોને શરમાવે એવી ઉત્તમ હોય છે. અંધારા અવકાશમાંથી ખરતા તારાની જેમ એ આશાનો ક્ષણિક માર્ગ અજવાળવા આવે છે અને આપણી આગળથી અદૃશ્ય થાય છે.

× × × ×

તાડવૃક્ષોવાળા ચોકમાં અમારી ગાડી આવી પહોંચી ત્યારે, આશ્રમના ઉદ્યાનમાં અંધકારમાં અદ્‌ભુત પ્રકાશરેખા પાથરતા આગિયા ઊડી રહ્યા હતા. અને લાંબા હોલમાં પ્રવેશીને હું જમીન પર બેઠો ત્યારે સર્વોત્તમ પ્રકારની શાંતિ એ સ્થળને પહોંચીને એની હવામાં ઠેલાઈ ગઈ હોય એવું લાગવા માંડ્યું.

ભેગા થયેલા દર્શનાર્થીઓ હોલમાં હારબંધ બેઠા હતા, પરંતુ કોઈ જાતનો અવાજ થતો નહોતો કે વાતો નહોતી થતી. ખૂણામાંના કોચ પર મહર્ષિ બેઠ હતા. એમણે પલાંઠી વાળેલી હતી અને એમના હાથ નિરાંતે ઘૂંટણ પર મુકાયેલા હતા. એમની આકૃતિ મને નવેસરથી સાદી અને નમ્ર કે સરળ લાગી. ઉપરાંત પ્રતિભાશાળી તથા ગૌરવવાળી જણાઈ. હોમરના જમાનાના કોઈક સંતની પેઠે એમનું મસ્તક ઉમદા રીતે સ્થિર હતું. એમની આંખ હોલના દૂરના છેડા તરફ અચળ રીતે મંડાયેલી હતી. દૃષ્ટિની એ અદ્‌ભુત એકાગ્રતા ખરેખર

આશ્ચર્યકારક હતી. શું એ બારીમાંથી આકાશમાંથી વિલીન થતા સૂર્યના છેલ્લા કિરણને જોઈ રહ્યા છે, કે પછી કોઈક સ્વપ્ન જેવી સૂક્ષ્મતામાં ડૂબી જઈને આ જડ જગતનું કશું જોઈ જ નથી રહ્યા ?

છાપરાની લાકડાની ચિરાડોમાં અગરબત્તીમાંથી પેદા થતું રોજનું વાદળ ફરી રહ્યું હતું. સ્થિરતાપૂર્વક બેસીને મેં મહર્ષિ પર મારી દૃષ્ટિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો, પણ થોડાક વખતમાં જ આંખ બંધ કરવાની મને ઇચ્છા થઈ આવી. થોડા વખત પછી સંતપુરુષની સંનિધિમાં મારી અંદર વધારે ઊંડાણથી પ્રવેશ કરતી અસ્પષ્ટ શાંતિની અસર નીચે આવી જઈ હું અર્ધનિદ્રામાં પડી ગયો. આખરે મારી અભાન દશામાંથી માર્ગ થયો અને હું એક અજબ જેવું સ્વપ્ન જોવા માંડ્યો.

જાણે કે હું પાંચ વરસનો નાનો બાળક બની ગયો. અરુણાચલ પર્વતની ઉપર જતી અને આજુબાજુથી પસાર થતી કાચી સડક પર ઊભા રહીને મેં મહર્ષિનો હાથ પકડ્યો. પરંતુ મારી બાજુમાં ઊભેલા મહર્ષિ રાક્ષસ જેવા કદના બની ગયા. એમની આકૃતિ ઘણી ઊંચી બની ગઈ. એ મને આશ્રમથી દૂર લઈ જવા માંડ્યા, અને રાત્રીના ગાઢ અંધકારની વચ્ચે રસ્તો બતાવીને આગળ લઈ ગયા. એ રસ્તે અમે બંને એક સાથે ધીમેધીમે ચાલવા માંડ્યા. થોડા વખત પછી ચંદ્ર તથા તારાઓએ અમારી આજુબાજુ પોતાનો ઝાંખો પ્રકાશ પાથરવા માંડ્યા. પથ્થરવાળી જમીનની ફાટોમાંથી અને અસ્થિર રીતે ટકી રહેલા રાક્ષસી ખડકોની વચ્ચેથી, મેં જોયું કે મહર્ષિ મને સંભાળપૂર્વક આગળ લઈ જાય છે. ટેકરી ચઢાવવાળી હતી અને અમે એના પર ધીમેથી ચડી રહ્યા હતા. પથ્થરો કે ખડકો વચ્ચેની સાંકડી જગ્યામાં અથવા નીચાં વૃક્ષોની ઘટામાં નાની મઢૂલીઓ તથા ગુફાઓ દેખાવા માંડી. અમે ત્યાંથી પસાર થયા ત્યારે એમાં રહેનારા એમને સત્કારવા બહાર આવ્યા. તારાના તેજમાં એમનાં સ્વરૂપો પ્રેતને મળતાં આવતાં છતાં, મને ઓળખતાં વાર ન લાગી કે એ બધા જુદાજુદા યોગીઓ છે. અમે એમને

માટે રોકાવાને બદલે પર્વતનું શિખર આવ્યું ત્યાં સુધી ચાલતા જ રહ્યા. આખરે અમે અટકયા, ત્યારે કોઈ મહત્ત્વની ઘટના બનવાની આગાહી કરતું હોય તેમ મારું હૃદય ધડકવા લાગ્યું.

મહર્ષિ પાછા ફરીને મારા મુખ તરફ જોવા માંડયા. મેં પણ બદ્રલામાં એમની તરફ ઉત્સુકતાથી જોવા માંડયું. મારા મન તેમ અંતરમાં કોઈ ઝડપથી રહસ્યમય પરિવર્તન થઈ રહ્યું છે એનું મને ભાન થયું. મારા પર કાબૂ જમાવી બેઠેલા જૂના ખ્યાલો મારો ત્યાગ કરવા લાગ્યા. મને આમતેમ લઈ જનારી મારી ઉત્કટ ઇચ્છાઓ ઝડપથી દૂર થઈ ગઈ. મારા સાથીઓ સાથે મેં જેનાથી પ્રેરાઈને વ્યવહાર કરેલો તે અણગમા, ગેરસમજ, ઉદ્દાસીનતા કે સખતાઈને કારણે સ્વાર્થવૃત્તિનો એકદમ અંત આવ્યો. મારા પર એક જાતની અવર્ણનીય શાંતિ વરસવા માંડી, અને મને જણાયું કે જિન્દગીમાં હવે મારે વધારે કશું માગવા જેવું નથી રહ્યું.

એટલામાં તો મહર્ષિએ મને એકાએક પર્વતની તળેટીમાં જોવાની આજ્ઞા કરી. મેં એમની આજ્ઞાનું પાલન કરીને નીચે જોયું, અને મારા આશ્ચર્ય વચ્ચે મને જણાયું કે આપણી પૃથ્વીનો પશ્ચિમ ગોળાર્ધ નીચેના ભાગમાં દૂર સુધી પથરાયેલો છે. એ લાખો લોકોથી ભરેલો હતો. ઉપરથી જોતાં એ લોકો રૂપેાના ભંડાર જેવા દેખાવા લાગ્યા. પરન્તુ રાત્રીનો અંધકાર એમને હજી ઢાંકી દેવા લાગ્યો.

સંતપુરુષના ધીમે સ્વરે બોલાતા શબ્દો મારે કાને અથડાયા.

'તમે ત્યાં પાછા ફરશો ત્યારે અત્યારે અનુભવો છો તે શાંતિ તમને મળી રહેશે. પરંતુ એની કિમ્મત તરીકે તમારે તમે આ શરીર કે મગજ છો એવા ખ્યાલનો ત્યાગ કરવો પડશે. આ શાંતિનો પ્રવાહ તમારી અંદર વહેવા માંડશે ત્યારે તમારી જાતને તમે ભૂલી જશો, કારણકે એ દશામાં તમારું સમગ્ર જીવન 'તેની' તરફ વળી ચૂકયું હશે.'

એમ કહીને મહર્ષિએ મારા હાથમાં રૂપેરી પ્રકાશવાળી દોરીનો એક છેડો મૂકયો.

એ અસાધારણ અનેરું સ્વપ્ન પૂરું થતાં હું જાગી ઊઠયો ત્યારે મારા પર એની સૂક્ષ્મ ઉત્તમતાની અસર એવી જ તાજી હતી. એ વખતે મહર્ષિની આંખ મારી આંખ સાથે એકાએક એક થઈ. એમણે પોતાનું મોઢું મારી દિશામાં ફેરવીને મારી આંખમાં સ્થિર દૃષ્ટિથી જોવા માંડયું.

એના સ્વપ્નની પાછળ શું રહસ્ય છુપાયેલું હતું ? મારા વ્યક્તિગત જીવનની ઇચ્છાઓ તથા કટુતાઓ થોડા વખત માટે એને લીધે ભુલાઈ ગઈ. હું જાગૃતિમાં આવ્યો તે છતાં, સ્વપ્નમાં અનુભવેલી મારી પોતાની જાત પ્રત્યેની ઘોર ઉદાસીનતા અને મારા સાથીદારોને માટેની પ્રખર દયાવૃત્તિ હજુ એવી ને એવી જ કાયમ હતી. એ અનુભવ ખરેખર અદ્‌ભુત હતો.

પરંતુ સ્વપ્નમાં જરાક પણ સચ્ચાઈ હશે તો એ વસ્તુ લાંબો વખત ટકે, એવો વિચાર આવ્યા છતાં એનો નિર્ણય હું કરી શકયો.

મારું સ્વપ્નું કેટલો વખત ચાલ્યું ? હોલમાંની પ્રત્યેક વ્યક્તિ હવે ઊઠીને સૂવાની તૈયારી કરવા લાગી. મારે પણ ઇચ્છા ના હોવા છતાં એનું અનુકરણ કરવું પડયું.

એ લાંબા, સાધારણ બારીવાળા હોલમાં સંકડાઈને સૂવા કરતાં મેં ચોકની જ પસંદગી કરી. એક લાંબા, દાઢીવાળા શિષ્યે ફાનસ લાવી આપીને એને આખી રાત સળગતું રાખવાની સલાહ આપી. કારણ કે ત્યાં સાપ તેમ જ ચિત્તા જોવા સ્વાગત ન કરવા યોગ્ય મુલાકાતીઓને આવવાની શકયતા હતી; પ્રકાશથી તે દૂર રહે એમ હતું.

ધરતી સખત હતી, અને મારી પાસે ગાદલું ન હોવાથી પરિણામ એ આવ્યું કે મને થોડા કલાકો સુધી ઊંઘ જ ન આવી.

પરંતુ તેની હરકત નહોતી. મારી પાસે વિચારવાની પૂરતી સામગ્રી હતી. મને લાગ્યું કે મહર્ષિના રૂપમાં મારા જીવનમાં હું એક એવી રહસ્યમય વ્યક્તિને મળ્યો છું જે મારા અત્યાર સુધીના અનુભવ દરમિયાન મને નથી મળી.

મહર્ષિ એ સર્વોત્તમ ક્ષણદ્વારા મને કશોક સંદેશ આપી રહ્યા હતા, છતાં એના ચોક્કસ સ્વરૂપને હું ન સમજી શક્યો. એ કદાચ અસ્પષ્ટ, અવિચારણીય અને આધ્યાત્મિક હતો. એ રાતે પ્રત્યેક વખતે વિચાર કરતાં, અને એ અનેરું સ્વપ્ન યાદ કરતાં, એક જાતની વિચિત્ર લાગણી મારામાં પેદા થવા માંડી અને મારું હૃદય અનિશ્ચિત છતાં ઊંચી આકાંક્ષાથી ધડકવા લાગ્યું.

\+ + +

એ પછીના દિવસોમાં મેં મહર્ષિના નજદીકના સંપર્કમાં આવવાનો પ્રયત્ન કરી જોયો, પણ મને સફળતા ન મળી. એ નિષ્ફળતાનાં કારણો ત્રણ હતાં. પહેલું કારણ એમનો પોતાનો એકાંત સ્વભાવ, દલીલો તથા ચર્ચાને માટેનો એમનો દેખીતો અણગમો, અને બીજાની માન્યતા તેમ જ બીજાના અભિપ્રાયો તરફની એમની ઘોર ઉદાસીનતા હતાં. એ સંપૂર્ણપણે દેખાઈ આવતું હતું, કે મહર્ષિ કોઈને પોતાના મતમાં પલટાવવા નહોતા માગતા, અને એમના અનુયાયી તરીકે એક પણ માણસનો ઉમેરો કરવાની ઇચ્છા નહોતા રાખતા.

બીજું કારણ જો કે વિચિત્ર હતું છતાં એનો ઇનકાર કરી શકાય તેમ નહોતો. પેલા વિશેષ સ્વપ્નવાળી સાંજ પછીથી એમની પાસે હું જ્યારે જ્યારે જતો ત્યારે એમની હાજરીમાં એક પ્રકારના ઊંડા આદરભાવનો અનુભવ કરતો. બીજી રીતે જે પ્રશ્નો મેં સામાન્ય વાતચીત જેમ પૂછ્યા હોત તે મારા હોઠની પાછળ જ શાંત થઈ ગયા. કારણ કે સામાન્ય માનવતાને સંબંધ છે ત્યાં સુધી, એમને પોતાના બરાબરિયા માનીને વાત કરવામાં તથા એમની સાથે દલીલમાં ઊતરવામાં જાણે કે કોઈ અપરાધ થાય છે એવું લાગી આવતું.

મારી નિષ્ફળતાનું ત્રીજું કારણ ઘણું સાદું હતું. હૉલમાં લગભગ બધે જ વખતે થોડાક બીજા લોકો રહેતા હોવાથી, એમની હાજરીમાં મારા અંગત વિચારો રજૂ કરવાનું કામ મને કઠિન લાગતું. આખરે તો એમને માટે હું એક અજાણ્યો અને પરદેશી માણસ હતો. એમનામાંના કેટલાકની ભાષા કરતાં હું જુદી ભાષા બોલતો હતો એ હકીકત ઓછા મહત્ત્વની હતી. પરંતુ હું ધાર્મિક લાગણીથી દોરવાઈ ગયા વગરનો શંકાવાદી ને દોષદર્શી દૃષ્ટિકોણ ધરાવતો એ હકીકત જ્યારે એ દૃષ્ટિકોણને વાણીમાં રજૂ કરવાનો પ્રયાસ કરતો ત્યારે વધારે મહત્ત્વની બની જતી. એમની પવિત્ર સૂક્ષ્મ લાગણીઓને દુઃખવવાની ઇચ્છા મારામાં જરા પણ નહોતી, પરંતુ મને એકદમ ઓછી અસર કરનારી ઢબ મુજબ વિષયોની ચર્ચા કરવાની કામના પણ મને નહોતી. એથી કાંઈક અંશે, એ વસ્તુએ મને મૂગો બનાવી દીધો.

એ ત્રણે અંતરાયોમાંથી માર્ગ કરવાનું કામ કાંઈ સહેલું નહોતું. કેટલીક વાર હું મહર્ષિને પ્રશ્ન પૂછવાની તૈયારી કરતો. પણ એ ત્રણ મુદ્દાઓમાં કોઈ પણ એક મુદ્દો આગળ આવતો ને મને નિષ્ફળતા મળતી.

મારા ધાર્યા પ્રમાણેનું અઠવાડિયું કયાંક પસાર થઈ ગયું ને મેં મારો મુકામ એક અઠવાડિયું વધારે લંબાવ્યો. મહર્ષિ સાથેનો વાર્તાલાપ કહી શકાય એવો મારો પહેલો વાર્તાલાપ છેલ્લો થઈ પડ્યો. એકાદ બે ઉપલક અને પરંપરાગત વાતોથી આગળ વધીને મારાથી એમની સાથે વિશેષ ચર્ચામાં ન ઊતરી શકાયું.

અઠવાડિયું પૂરું થયું ને ફરી પાછું મેં એક પખવાડિયું લંબાવ્યું. રોજ રોજ એ સંતના માનસિક વાતાવરણની સુંદર શાંતિનો અને એમની આજુબાજુની હવામાં ફેલાયેલી નિર્મળતાનો અનુભવ મને થયા કરતો હતો.

મારી મુલાકાતનો છેલ્લો દિવસ આવી પહોંચ્યો છતાં મારાથી એમની પાસે ન પહોંચી શકાયું. મારો નિવાસ ઉત્તમ ભાવો અને મહર્ષિ સાથે કોઈ વ્યક્તિગત સંપર્ક સ્થાપવાની કરુણાજનક નિષ્ફળ-

તાઓના વિચિત્ર સંમિશ્રણરૂપ હતો. હોલની ચારે તરફ જોઈને મેં નિરાશાની થોડી લાગણી અનુભવી. બહારથી તથા અંદરથી એમ બંને રીતે, ત્યાંના મોટા ભાગનાં માણસો જુદી ભાષા બોલતાં હતાં. પછી એમની પાસે પહોંચવાની આશા મારાથી કેવી રીતે રાખી શકાય ? મેં મહર્ષિની પોતાની તરફ જોવા માંડયું, અત્યંત ઊંચી અવસ્થા પર આરૂઢ થઈને એ તદ્દન અલગ હોય તેમ, જીવનના નાટકને જોઈ રહ્યા હતા. એમનામાં કોઈક એવી ગૂઢ સંપત્તિ જરૂર હતી જે મારા પરિચયમાં આવેલા બીજા બધાથી એમને છૂટા પાડતી. મને કોણ જાણે કેમ પણ એવું લાગવા માંડયું કે જેટલા પ્રમાણમાં એ કુદરતના તેમ જ આશ્રમની પાછળ ઉપર ઊઠતા એકાકી પર્વતશિખરના, દૂરનાં જંગલો સુધી પહોંચતી અરણ્યની કાચી કેડીના, અને બધે વિસ્તરેલા અગાધ આકાશના છે, તેટલા પ્રમાણમાં આપણા અથવા મનુષ્યજાતિના નથી.

એકાંત અરુણાચલના પથ્થરી, અચળ લક્ષણમાંથી કાંઈક મહર્ષિમાં દાખલ થયું હતું. મને જાણવા મળેલું કે લાગલાગટ ત્રીસ વરસ એમણે એ જ પર્વત પર પસાર કર્યાં છે, અને એકાદ નાનીસરખી સફર માટે પણ એને છોડવાની ઇચ્છા એ નથી રાખતા. એટલો બધો નજદીકનો સહવાસ માણસના ચારિત્ર્ય પર પોતાની અસર અચૂકપણે પાડયા વિના ન જ રહે. મને ખબર હતી કે એ પર્વત માટે એમને પ્રેમ છે, કારણ કે પોતાના પ્રેમને પ્રદર્શિત કરવા માટે એમણે લખેલી સુંદર છતાં કરુણ કવિતાની કેટલીક કડીઓનો કોઈએ અનુવાદ પણ કર્યો હતો. જેવી રીતે એ એકાંત પર્વત જંગલમાં ઉપર ઊઠીને પોતાનું ઉન્નત મસ્તક આકાશ તરફ લંબાવતો હતો, તેવી રીતે સામાન્ય માનવતાના અરણ્યમાંથી ઉપર ઊઠીને એ અસાધારણ માનવે પોતાનું મસ્તક એકાકી વૈભવમાં અથવા અલૌકિકતામાં ઉપર ઉઠાવ્યું હતું. જેવી રીતે પવિત્ર અરુણાચલ પર્વત એકલો અને સમસ્ત પ્રદેશને વીંટી વળતી બીજી નાનીમોટી ગિરિમાળાથી અલગ તરી આવતો, તેવી રીતે વરસોથી પ્રેમ રાખતા ને

પાસે રહેતા ભક્તજનોથી વીંટળાયેલા રહેવા છતાં પણ, મહર્ષિ રહસ્યમય રીતે અલગ જ તરી આવતા હતા. કુદરતનો જડ, સૂક્ષ્મ, એ પવિત્ર પર્વતના રૂપમાં વિશેષ રીતે મૂર્ત થયેલો ગુણ ગમે તે રીતે એમની અંદર ઊતરી આવેલો લાગતો હતો. એમના બીજા કમજોર સાથીઓથી એ એમને કદાચ કાયમને માટે જુદા પાડતો. કેટલીક વાર મને એવું થઈ આવતું કે એ થોડાક વધારે માનવીય બનશે, અથવા તો આપણને સામાન્ય લાગતી પરંતુ એમની હાજરીમાં મામૂલી નિષ્ફળતાને વરતી વાતોનો અનુભવ થોડી વધારે સારી રીતે કરી શકશે. છતાં સામાન્ય અનુભવ કરતાં કોઈ ઉત્તમ અનુભવની પ્રાપ્તિ જો એમણે ખરેખર કરી લીધી હોય તો, મનુષ્ય તરીકેની ભૂમિકાથી ઉપર ઊઠ્યા વિના, અથવા એમની પછાત જાતિને કાયમ માટે પાછળ મૂકીને આગળ વધ્યા વિના, એ કેવી રીતે શક્ય બની શકે ? એમના અસાધારણ દૃષ્ટિપાતથી મારામાં એક જાતની વિશેષ અને સતત આશા ઉત્પન્ન થયા કરતી કે એમના તરફથી વહેલી તકે કોઈક આશ્ચર્યકારક વસ્તુની અભિવ્યક્તિ કરવામાં આવશે એમ કેમ થતું હતું ?

છતાં ત્યાં પ્રસરેલી પ્રત્યક્ષ શાંતિના અનુભવના ભાવ તથા મારા સ્મરણપટ પરના પેલા સ્વપ્ન સિવાય બીજી કોઈ મૌખિક અથવા બીજી જાતની વસ્તુ મારી આગળ પ્રકટ કરવામાં નહોતી આવી. વખતના વીતવાની સાથે મને થોડીઘણી હતાશા થઈ. લગભગ પખવાડિયું પૂરું થયું છતાં ફક્ત એક જ વાર વાત થઈ શકી તેનો અર્થ કશો જ નહિ ! મહર્ષિના ટૂંકા ને ઝડપી જવાબે પણ મને દૂર રાખવામાં ભાગ ભજવ્યો હતો. આવા વિચિત્ર સ્વાગતની આશા પણ મેં નહોતી રાખી, કારણકે પેલા કાષાય વસ્ત્રધારી સાધુપુરુષે અહીં આવવા માટે મને જે ઊજળી મોટી લાલચો આપેલી તે હું હજી નહોતો ભૂલ્યો. મારે માટે નોંધપાત્ર વાત તો એ હતી કે મારા મગજમાં એક વિચાર ઘોળાયા કરતો હોવાથી, બીજા માણસોને બદલે મહર્ષિ પોતે જ મારે માટે પોતાનું મોઢું ઉઘાડે એવી મારી ઇચ્છા

હતી. મારો એ વિચાર કોઈ સપ્રમાણ ચિંતનસામગ્રીને પરિણામે ઉત્પન્ન નહોતો થયો. એ તો પોતાની મેળે જ, કોઈ પણ પ્રકારની ઇચ્છા વિના જ પેદા થયેલો. એ પ્રબળ વિચારનો સાર એ હતો કે 'આ પુરુષે બધી સમસ્યાઓમાંથી મુક્તિ મેળવી છે, અને એમને કોઈપણ પ્રકારનું દુઃખ સ્પર્શ કરી શકે તેમ નથી.'

મારા પ્રશ્નો પૂછીને મહર્ષિને એમના ઉત્તર આપવા પ્રેરિત કરવા નવેસરથી પ્રયાસ કરવાનો મેં નિર્ણય કર્યો. હું એમના એક જૂના શિષ્ય પાસે જઈ પહોંચ્યો. એ બાજુની કુટિરમાં કશુંક કામ કરતા હતા. મારા પર એ પુષ્કળ પ્રેમ રાખતા હતા. એમને મેં મહર્ષિ સાથે છેવટની વાતચીત કરવાની મારી ઇચ્છા નિખાલસપણે કહી બતાવી. મહર્ષિ સાથે કામ લેતાં મને ઘણો સંકોચ થાય છે એ પણ મેં કબૂલ કર્યું. શિષ્યે સહાનુભૂતિપૂર્વક સ્મિત કર્યું. એ વિદાય થયા ને થોડી વારમાં જ સમાચાર સાથે પાછા ફર્યા કે મહર્ષિ રાજીખુશીથી મુલાકાત આપી શકશે.

મેં તરત હોલમાં જઈને કોચની પાસે આરામથી બેઠક લીધી. મહર્ષિએ તરત જ મોઢું ફેરવ્યું ને જાણે કે મારો પ્રસન્નતાપૂર્વક સત્કાર કર્યો. મને સારું લાગ્યું ને મેં સીધા જ પ્રશ્ન પૂછવાનું ચાલુ કર્યું.

'યોગીઓ કહે છે કે સત્યના સાક્ષાત્કારની ઇચ્છા હોય તો માણસે સંસારનો ત્યાગ કરીને એકાંત જંગલ કે પર્વતમાં જવું જોઈએ. અમારું જીવન એટલું બધું જુદું છે કે પશ્ચિમમાં અમે એવું ભાગ્યે જ કરી શકીએ. યોગીઓની વાત સાથે તમે મળતા થાઓ છો ખરા?'

મહર્ષિએ બાદશાહી મુખાકૃતિવાળા એક બ્રાહ્મણ શિષ્ય તરફ દૃષ્ટિ કરી. એણે એમના ઉત્તરનો મારી આગળ અનુવાદ કરી બતાવ્યો.

'કર્મમય જીવનનો ત્યાગ કરવા જેવો નથી. જો તમે રોજ એક કે બે કલાક ધ્યાન કરશો તો તમારી ફરજો સારી રીતે બજાવી

શકશો. જો ધ્યાન કરશો તો તેને લીધે તમારા મનમાં પેદા થયેલો પ્રવાહ કામ કરતી વખતે પણ ચાલુ રહેશે. એક જ વિચારને જાણે બે રીતે વ્યક્ત કરી શકાય છે. ધ્યાનમાં તમે જે માર્ગ ગ્રહણ કરશો તેનો તમારી પ્રવૃત્તિમાં પણ પડઘો પડશે.'

'એમ કરવાથી શું પરિણામ આવશે?'

'અભ્યાસ વધતો જશે તેમ તેમ મનુષ્યો, ઘટનાઓ અને પદાર્થો પ્રત્યેના તમારા વલણમાં ધીમેધીમે ફેરફાર થતો જશે. તમારા ધ્યાનનો પ્રભાવ તમારાં કર્મો પર એની મેળે જ પડતો રહેશે.'

'તો પછી તમે યોગીઓની સાથે સંમત નથી થતા?' મેં એમનું ધ્યાન ખેંચ્યું.

પરંતુ મહર્ષિએ સીધો જવાબ ન આપ્યો.

'માણસે સંસારમાં બાંધનારી પોતાની વ્યક્તિગત સ્વાર્થવૃત્તિનો જ ત્યાગ કરવો જોઈએ. પોતાની જાતના અજ્ઞાનનો ત્યાગ કરવો એ જ સાચો ત્યાગ છે.'

'સંસારમાં પ્રવૃત્તિપરાયણ જીવન જીવતાં સ્વાર્થરહિત બનવાની શક્યતા કેવી રીતે છે?'

'કર્મ અને જ્ઞાન વચ્ચે ઘર્ષણ નથી માનવાનું.'

'એનો અર્થ કે તમે એવું માનો છો કે માણસ પોતાની પુરાણી ધંધાકીય પ્રવૃત્તિઓ કરવાની સાથેસાથે પ્રકાશની પ્રાપ્તિ કરી શકે?'

'શા માટે નહિ? પરંતુ એ પરિસ્થિતિમાં માણસને એવું નહિ લાગે કે એની પુરાણી પ્રકૃતિ કામ કરી રહી છે. કારણકે માણસની મનોવૃત્તિ બદલાતી જઈને છેવટે શરીરથી પર પરમાત્મામાં કેન્દ્રિત થશે.'

'માણસ પ્રવૃત્તિપરાયણ હશે તો તેને માટે ધ્યાનનો સમય ઘણો ઓછો રહેશે.'

મારા શબ્દો સાંભળીને મહર્ષિ એવા જ શાંત રહ્યા.

'અધ્યાત્મમાર્ગમાં શિખાઉ સાધકોએ જ ધ્યાન માટેનો અલગ વખત રાખવો પડે છે.' એમણે ઉત્તર આપ્યો: 'જે આગળ વધે

છે તે તો કામ કરતો હોય કે ન કરતો હોય તોપણ, ઊંડી આત્મિક શાંતિનો કે ધન્યતાનો અનુભવ કરે છે. એનું શરીર સમાજમાં કામ કરતું હોય છે ત્યારે પણ, એનું મગજ એકાંતનો અનુભવ કરતાં ઠંડું રહે છે.'

'તો પછી તમે યોગમાર્ગનો ઉપદેશ નથી આપતા?'

'ખેડૂત બળદને લાકડીથી હાંકે છે તેમ, યોગી પોતાના મનને ધ્યેય તરફ વાળવાની કોશિશ કરે છે. પરંતુ આ માર્ગમાં સાધક બળદને ઘાસ બતાવીને પટાવે છે.'

'એ કેવી રીતે?'

'તમારે તમારી જાતને 'હું કોણ?' એ પ્રશ્ન પૂછવાનો છે. એ સંશોધનને પરિણામે તમારી અંદરની મનથી પરની વસ્તુની પ્રાપ્તિ કરી લેશો. એ મોટી સમસ્યાનો ઉકેલ કરવાથી બીજી બધી સમસ્યાઓ ઊકલી જશે.'

હું શાંત રહીને એમનો ઉત્તર સમજવાની કોશિશ કરવા માંડ્યો. ભારતનાં કેટલાંય મકાનોમાં જોવા મળતી સમચોરસ ખુલ્લી, બારીનું કામ કરતી જગ્યામાંથી પવિત્ર પર્વતના ઢોળાવાનું સુંદર દૃશ્ય દેખાતું હતું. એની અનોખી આકૃતિ વહેલી સવારના સૂર્યપ્રકાશમાં સ્નાન કરી રહી હતી.

મહર્ષિએ મને ઉદ્દેશીને ફરી વાર કહ્યું :

'એ જ વાત બીજી રીતે કહું તો વધારે સારી રીતે સમજાશે. બધા મનુષ્યો સદા શોકરહિત સુખની ઇચ્છા રાખે છે. જેનો નાશ ન થાય એવું સુખ મેળવવાની એમની આકાંક્ષા છે. એ વૃત્તિ સાચી છે. પરંતુ તમને કદી એ હકીકતનો ખ્યાલ આવ્યો છે કે એ બધા એમની જ જાતને સૌથી વધારે ચાહે છે?'

'ઠીક...!'

'હવે એ હકીકતના સંદર્ભમાં એનો વિચાર કરો કે એક યા બીજી રીતે ધર્મના પાલનદ્વારા કે કેફી પીણાદ્વારા, સૌની ઇચ્છા

હંમેશાં સુખ મેળવવાની હોય છે, તો મનુષ્યના સાચા મૂળ સ્વભાવની કૂંચી તમને મળી જશે.'

'મને કાંઈ ન સમજાયું.'

એમનો અવાજ જરા મોટો થયો.

'સુખ માણસનો સાચો સ્વભાવ છે. આત્મામાં સુખ કુદરતી રીતે જ રહેલું છે. એટલે સુખ માટેની માણસની શોધ એના પોતાના મૂળ સ્વરૂપ અથવા આત્માની અજ્ઞાત શોધ જ છે. આત્મા અવિનાશી છે. એટલા માટે માણસ જ્યારે એની પ્રાપ્તિ કરે છે ત્યારે જેનો નાશ ન થાય એવા સુખની પ્રાપ્તિ પણ કરી લે છે.'

'પરંતુ જગત ઘણું દુઃખી છે.'

'હા. પરંતુ એનું કારણ એ છે કે જગત પોતાના સાચા સ્વરૂપથી અજાણ છે. કોઈ જાતના અપવાદ વગર બધા માણસો જાણ્યે કે અજાણ્યે, એની જ શોધ કરી રહ્યા છે.'

'દુષ્ટ, ક્રૂર અને અપરાધી પણ?' મેં પૂછ્યું.

'એ પણ એટલા માટે જ પાપ કરે છે કે પ્રત્યેક પાપદ્વારા એ આત્માનું સુખ મેળવવાનો પ્રયાસ કરે છે. એ પ્રયાસની પ્રેરણા માણસમાં કુદરતી રીતે જ રહેલી છે, પરંતુ એમને ખબર નથી કે એ પોતાના મૂળ સ્વરૂપની શોધ કરે છે; એથી સુખના સાધન તરીકે પહેલાં એ પેલો મેલો માર્ગ અજમાવે છે. અલબત્ત, એ પદ્ધતિઓ ખોટી છે, કારણ કે માણસનાં કર્મોનો બદલો જરૂર મળે છે.'

'તો પછી એ સત્ય સ્વરૂપનું જ્ઞાન થશે ત્યારે જ આપણે સનાતન સુખનો અનુભવ કરી શકીશું?'

મહર્ષિએ માથું હલાવ્યું.

સૂર્યના પ્રકાશનું એક ત્રાંસું કિરણ પોલિશ કર્યા વિનાની બારીમાંથી અંદર આવીને મહર્ષિની મુખાકૃતિ પર પડી રહ્યું. એમના સ્વસ્થ કપાળમાં સંપૂર્ણ શાંતિ હતી, એમની મજબૂત મુખાકૃતિની આજુબાજુ સંતોષ હતો, અને એમનાં તેજસ્વી નેત્રોમાં મંદિર જેવી

નીરવતા હતી. એમનો કરચલી વગરનો ચહેરો એમના અનુભવના ઊંડાણવાળા શબ્દોને સાચા ઠરાવતો હતો.

ઉપરથી તદ્દન સીધાંસાદાં દેખાતાં વાક્યોદ્વારા મહર્ષિ શું કહેવા માગતા હતા ? દુભાષિયાએ અંગ્રેજીમાં એમનો ઉપલક અર્થ જરૂર કરી બતાવ્યો, પરંતુ એમની પાછળનો ગૂઢાર્થ એનાથી ભાગ્યે જ કહી શકાયો. મને લાગ્યું કે તે તો મારે પોતે જ શોધી કાઢવો પડશે. મહર્ષિ કોઈ ફિલસૂફની પેઠે અથવા તો પોતાના સિદ્ધાંતને સમજાવવાની કોશિશ કરનાર પંડિતની પેઠે નહોતા બોલતા, પણ પોતાના દિલના ઊંડાણમાંથી બોલી રહ્યા હતા. એ શબ્દો એમના પોતાના જ અસાધારણ અનુભવના સૂચક નહોતા ?

'તમે જેનો ઉલ્લેખ કરી રહ્યા છો તે સ્વરૂપ સાચેસાચ શું છે ? તમે જે કહ્યું તે સાચું જ હોય તો તો માણસનું બીજું સ્વરૂપ પણ હોવું જોઈએ.'

એમના હોઠ પર એકાદ ક્ષણ સ્મિત ફરી વળ્યું.

'માણસનાં બે સ્વરૂપ હોઈ શકે ?' એમણે કહેવા માંડ્યું : 'આ વિષય સમજવા માટે માણસ માટે સૌથી પહેલો આવશ્યકતા પોતાની જાતનું પૃથક્કરણ કરવાની છે. બીજા માણસોની પેઠે એ લાંબા વખતથી વિચાર કરવા ટેવાયેલો હોવાથી, એણે પોતાના 'હું' વિશે સાચી રીતે નથી વિચાર્યું. એને પોતાનો સાચો ખ્યાલ નથી. લાંબા વખતથી એ પોતે શરીર તથા મન છે એવું માને છે. એથી જ હું તમને 'હું કોણ'ની શોધ કરવાની ભલામણ કરું છું.'

એમની વાત હું સારી પેઠે સમજી શકું એટલા માટે એ થોડી વાર અટક્યા. મેં એમનાં આગળનાં વાક્યો આતુરતાપૂર્વક સાંભળવા માંડ્યાં :

'તમે ઇચ્છો છો કે એ સત્ય સ્વરૂપનું વર્ણન કરી બતાવું પરંતુ શું કહું ? એની અંદરથી જ વ્યક્તિગત 'હું'નો ઉદય થાય છે, અને એની અંદર જ એને વિલીન થવાનું છે.'

'વિલીન થવાનું?' મેં સામેથી પડઘો પાડ્યો : 'પોતાના વ્યક્તત્વની લાગણી માણસ કેવી રીતે છોડી શકે?'

'પ્રત્યેક માણસના મનમાં પેદા થતો સૌથી પહેલો, અસલ અને આગળ પડતો વિચાર 'હું'નો વિચાર છે. એ વિચારના જન્મ કે ઉદ્‌ભવ પછી જ બીજા બાકીના વિચારો જન્મી શકે છે. મનમાં 'હું'નો ઉદ્‌ભવ થાય છે તે પછી જ તું કે તમે પેદા થઈ શકે છે. 'હું'નો માનસિક રીતે આધાર લઈને જો તમે તેના મૂળ સુધી પહોંચી જશો તો તમારી ખાતરી થશે કે જેવી રીતે એ સૌથી પહેલા વિચાર તરકિે પેદા થાય છે તેવી રીતે સૌથી આખરે અદૃશ્ય પણ થાય છે. એ વસ્તુનો અનુભવ કરી શકાય તેમ છે.'

'તમે એમ કહેવા માગો છો કે પોતાની અંદર એવું માનસિક સંશોધન કરવાનું સંપૂર્ણપણે શક્ય છે?'

'અવશ્ય. 'હું'નો છેલ્લો વિચાર ક્રમેક્રમે વિલીન થાય ત્યાં સુધી અંદર ઊતરવાનું શક્ય છે.'

'પછી શું બાકી રહે છે?' મેં પૂછ્યું : 'એ પછી માણસ એકદમ અચેત બની જશે કે મૂર્ખ બનશે?'

'એવું નહિ થાય. ઊલટું, એને અવિનાશી સભાનતાની અનુભૂતિ થશે, અને માણસની મૂળ પ્રકૃતિ જેવા એના અસલ સ્વરૂપની એને અનુભૂતિ થશે ત્યારે તે સાચા અર્થમાં જ્ઞાની બનશે.'

'હુંપણાની વૃત્તિ એની જ સાથે સંબંધ ધરાવે છે ને?' મેં ચાલુ રાખ્યું.

'હુંપણાની વૃત્તિનો સંબંધ તો માણસની જાત સાથે, શરીર અને મગજ સાથે છે.' મહર્ષિએ શાંતિથી ઉત્તર આપ્યો : 'માણસને સૌથી પહેલી વાર પોતાના સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે ત્યારે એના અંતરના ઊંડાણમાંથી કોઈક જુદી જ વસ્તુ બહાર આવે છે અને એના ઉપર અધિકાર જમાવે છે. એ વસ્તુ મનથી અતીત હોય છે. અનંત, અલૌકિક અને અવિનાશી હોય છે. કેટલાક લોકો

એને સ્વર્ગના સામ્રાજ્ય તરીકે ઓળખે છે, બીજા કેટલાક એને આત્મા કહે છે, કોઈ વળી નિર્વાણનું નામ આપે છે, અને અમે હિંદુઓ એને મોક્ષ કહીએ છીએ. તમે તેને તમારી મરજી મુજબનું નામ આપી શકો છો. એનો અનુભવ થાય છે ત્યારે માણસ ખરી રીતે જોતાં પોતાની જાતને ગુમાવતો નથી, પરંતુ પોતાને શોધી કાઢે છે.'

દુભાષિયાના મુખમાંથી નીકળેલા છેલ્લા શબ્દો સાંભળીને, ગેલીલીમાં પેલા પરિભ્રમણ કરતા ગુરુએ ઉચ્ચારેલાં ચિરસ્મરણીય વચનો મારા સ્મૃતિપટ પર તાજાં થયાં. એ વચનોએ કેટલાય સજ્જનોને આશ્ચર્યચકિત કર્યા છે : 'જે પોતાના જીવનને બચાવવાની કોશિશ કરશે તે તેને ખોઈ નાખશે; અને જે પોતાના જીવનને ખોશે તે તેને સાચવી શકશે.'

બંને વાક્યોમાં કેટલી બધી આશ્ચર્યકારક સમાનતા છે! છતાં પણ ભારતીય સંતની માન્યતા ખ્રિનખ્રિસ્તી માર્ગે પેદા થયેલી છે. એ પોતાના સિદ્ધાંત પર અત્યંત અઘરા અને અસામાન્ય લાગતા માનસિક વિકાસના માર્ગદ્વારા પહોંચી ચૂકયા છે.

મહર્ષિ ફરી બોલવા માંડચા. એમના શબ્દોએ મારા વિચારોમાં ભંગ પાડચો.

'જ્યાં સુધી માણસ પોતાના એ સત્ય સ્વરૂપની શોધ નથી કરતો ત્યાં સુધી શંકા અને અચોક્કસતાથી સમસ્ત જીવનપર્યંત ઘેરાયેલો રહે છે. મોટામાં મોટા રાજાઓ અને રાજપુરુષો બીજાના પર શાસન કરવાની કોશિશ કરે છે, પરંતુ એમના અંતરના અંતરતમમાં જાણે છે કે તેઓ પોતાના પર શાસન કરી નથી શકતા. પોતાના અંતરના ઊંડાણમાં ડૂબકી મારનાર માનવ સર્વોત્તમ શક્તિનો સ્વામી બની જાય છે. દુનિયામાં એવી પ્રખર બુદ્ધિવાળા લોકો છે જે જુદા જુદા કેટલાય વિષયોનું જ્ઞાન મેળવવામાં જીવન પૂરું કરે છે. એમને પૂછો કે તમે માનવરહસ્યનો ઉકેલ કર્યો છે, કે તમારી જાતને જીતી છે, તો તે શરમથી મસ્તક નીચું નમાવશે. તમે પોતે કોણ છો તે

ન જાણતા હો ત્યાં સુધી બીજું બધું જાણવાથી શો લાભ થાય તેમ છે? માણસો પોતાના સત્ય સ્વરૂપની શોધ નથી કરતા, પરંતુ એથી વધારે કીમતી કરવા જેવું બીજું શું છે?'

'એ કામ ઘણું કઠિન અને લોકોત્તર છે.' મેં ટીકા કરી.

મહર્ષિએ ન સમજી શકાય તેવી રીતે ગરદન હલાવી.

'એની શક્યતાનો અનુભવ સૌ કોઈ કરી શકે છે. તેમાં તમે ધારો છો તેટલી મુશ્કેલી નથી પડતી.'

'અમારા જેવા પ્રવૃત્તિપરાયણ, વ્યવહારુ પશ્ચિમવાસીઓ માટે એવું સૂક્ષ્મ અવલોકન...' મેં શંકા કરી ને મારું વાક્ય હવામાં પૂરું કર્યા વિના જ મૂકી દીધું.

ઓલવાઈ રહેલી અગરબત્તીની જગ્યાએ બીજી તાજી અગરબત્તી મૂકવા મહર્ષિ એને સળગાવવાના ઉદ્દેશથી નીચે નમ્યા.

'સત્યનો સાક્ષાત્કાર ભારતીય અને અંગ્રેજ બંનેને માટે સરખો છે. સાંસારિક જીવનમાં ગળાબૂડ ડૂબેલા લોકો માટે એ રસ્તો જરા વધારે કઠિન છે એ સાચું હોય તોપણ, માણસ વિજયી થઈ શકે છે ને તેણે વિજયી થવું જ જોઈએ. ધ્યાન કરતી વખતે પેદા થયેલા પ્રવાહને ટેવ તથા અભ્યાસ દ્વારા કાયમ રાખી શકાય છે. એ પછી અખંડ જાગૃતિના એ પ્રવાહની અસર નીચે માણસ પોતાનાં કામ તેમ જ પ્રવૃત્તિ કરી શકશે. એમાં ભંગ નહિ પડે. એવી રીતે ધ્યાન તથા બહારની પ્રવૃત્તિઓની વચ્ચેનો ભેદ મટી જશે. જો તમે હું કોણ એ પ્રશ્નનું ધ્યાન કરો, અને અનુભવો કે તમે ખરેખર શરીર, મગજ કે કામનાઓ નથી, તો એ સંશોધનવૃત્તિ અથવા એવા અભ્યાસને પરિણામે, આખરે તમારી પોતાની અંદરના ઊંડાણમાંથી એનો ઉત્તર મળી રહેશે. ઊંડા સાક્ષાત્કારરૂપે એ ઉત્તર તમને એની મેળે જ આવી મળશે.'

એમના શબ્દો પર મેં ફરી વાર વિચાર કરવા માંડ્યો.

'તમારા સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર કરો.' એમણે ચાલુ રાખ્યું : 'પછી સત્ય તમારા હૃદયમાં સૂર્યપ્રકાશની પેઠે પ્રકાશી ઊઠશે. મન સ્વસ્થ થશે અને એની અંદર સાચું સુખ ઊભરાવવા માંડશે, કારણ કે સુખ અને સાચું સ્વરૂપ બંને એક જ છે. એક વાર આત્મભાવની પ્રાપ્તિ કરી લો પછી તમારી સઘળી શંકાઓ દૂર થશે.'

પોતાનું મસ્તક ફેરવીને પોતાની દૃષ્ટિને એમણે હોલના દૂરના છેડા પર કેન્દ્રિત કરી એના પરથી મેં સમજી લીધું કે એમના વાર્તાલાપની હદ પૂરી થઈ છે. અમારી અંતિમ વાતચીત એવી રીતે પૂરી થઈ. મારા પ્રસ્થાન પહેલાં હું એમને એમના ગૂઢ એકાંત આત્મિક આશ્રયસ્થાનમાંથી બહાર કાઢી શક્યો તે માટે મેં મારી જાતને અભિનંદન આપ્યાં.

× × ×

એમની પાસેથી ઊઠીને હું જંગલમાં એક શાંત સ્થળે પહોંચી ગયો. ત્યાં પુસ્તકો ને નોંધપોથીના કામમાં મેં દિવસનો મોટો ભાગ પસાર કર્યો. સાંજ પડતાં હોલમાં પાછો આવ્યો, કારણકે એકાદબે કલાકમાં જ બળદગાડી કે ખચ્ચરનું વાહન આવીને મને આશ્રમમાંથી લઈ જવાનું હતું.

ત્યાં સળગતા ધૂપને લીધે હવા સુગંધીદાર લાગતી હતી. હું હોલમાં પ્રવેશ્યો ત્યારે ફરતા પંખાની નીચે મહર્ષિ અડધા આડા પડ્યા હતા, પરંતુ થોડી વારમાં જ એ બેઠા થયા અને એમની પ્રિય અવસ્થામાં આસીન થયા. એ પલાંઠી વાળીને જમણો પગ ડાબા સાથળ પર મૂકીને અને ડાબો પગ જમણા સાથળની નીચે ફક્ત વાળેલો રાખીને બેઠા. મદ્રાસ પાસે રહેતા યોગી બ્રહ્મ એવું જ આસન કરી બતાવેલું તેનું સ્મરણ થયું. એમણે એને સુખાસન નામે ઓળખાવેલું. એ આસન બુદ્ધના અડધા આસન જેવું હોવાથી તદ્દન સહેલું હતું. મહર્ષિએ એમની ટેવ પ્રમાણે જમણા હાથને હડપચી નીચે રાખેલો અને એમની ડાબી ઘૂંટણ પર ટેકવેલી. એમણે મારી તરફ ધ્યાનપૂર્વક જોવા માંડ્યું પરંતુ કશું કહ્યું નહિ. એમની

બાજુમાં જમીન પર એમનું તુંબીપાત્ર તથા વાંસની લાકડી પડેલી હતી. એમની દુન્યવી સંપત્તિમાં એ તથા કટિવસ્ત્રના એક નાનકડા ટુકડા સિવાય બીજું કાંઈ જ નહોતું. પશ્ચિમની આપણી સંપત્તિપ્રાપ્તિની ભાવના પરની કેવી મૂગી ટીકાટિપ્પણી !

હંમેશાં પ્રકાશતી એમની આંખ ધીમેધીમે વધારે તેજસ્વી અને એકાગ્ર બનવા માંડી. એમનું શરીર સ્થિર અથવા અક્કડ થયું. એમનું માથું થોડુંક હાલ્યું અને પછી શાંત થયું. થોડીક પળો પસાર થઈ ગઈ, અને મેં સ્પષ્ટ રીતે જોયું કે પહેલી વારના મારા મેળાપ વખતે તે જે દશામાં હતા તે જ સમાધિદશામાં એમણે ફરી વાર પ્રવેશ કર્યો. અમારે છૂટા પડવાનું પણ અમારા મેળાપ જેવું જ બની જાય એ કાંઈ ઓછું વિચિત્ર કહેવાય ? કોઈક વ્યક્તિએ મારા મોઢા પાસે મોઢું લાવીને મારા કાનમાં કહ્યું : ' મહર્ષિ શાંત સમાધિમાં પહોંચી ગયા છે. હવે વાત કરવી નકામી છે.'

ત્યાં એકઠી થયેલી નાનકડી મંડળી પર શાંતિ ફરી વળી. મિનિટ પર મિનિટ પસાર થતી ગઈ ને શાંતિ વધારે ગાઢ બનતી રહી. જો કે હું ધાર્મિક નહોતો તોપણ, મધમાખી જેવી રીતે સંપૂર્ણપણે ખીલેલા સુવાસિત ફૂલની પાસે જવાનું ન ટાળી શકે તેવી રીતે મારા મનમાં પેદા થતી વધતા જતા સન્માનની લાગણીને હું પણ ન ટાળી શક્યો. હૉલમાં ફરી વળતી એક પ્રકારની સૂક્ષ્મ, અસ્પષ્ટ અને અવર્ણનીય શક્તિની અસર મને પણ ઘણી ઊંડી થઈ. મને કોઈયે જાતના સંશય કે સંકોચ સિવાય અનુભવવા મળ્યું કે એ અલૌકિક શક્તિનું કેન્દ્ર બીજું કોઈયે નથી પરંતુ મહર્ષિ પોતે જ છે.

એમની આંખ આશ્ચર્યચકિત કરનારા તેજથી પ્રકાશી રહી હતી. મારી અંદર અવનવી લાગણીઓ પેદા થવા લાગી. એમની એ પ્રકાશના ગોળા જેવી આંખ જાણે કે મારા આત્માના એક અંદરના આરામસ્થાનમાં પ્રવેશ કરતી. કોઈ વિશેષ રીતે મને લાગવા માંડ્યું કે મારા હૃદયનું બધું જ એ જોઈ શકે છે. એમની

અદ્‌ભુત નજર મારા વિચારો, મારી લાગણીઓ અને મારી ઇચ્છાઓને ઓળખી રહી હતી. હું એની આગળ લાચાર બની ગયો. પહેલાં તો એ સ્થિર એકાગ્ર દૃષ્ટિએ મને મુશ્કેલીમાં મૂકચો. હું લગભગ અસ્વસ્થ બની ગયો. મને લાગ્યું કે મારા ભુલાયેલા ભૂતકાળનાં પૃષ્ઠો એમણે વાંચી લીધાં છે. એમને એ બધાની ખબર છે એની ખાતરી થઈ. એમાંથી છૂટવાની શક્તિ મારામાં નહોતી. હું છૂટવા માગતો પણ નહોતો. ભાવિ લાભની કોઈ અવનવી આકાંક્ષા મને એ પ્રખર દૃષ્ટિને સહન કરવાની ફરજ પાડતી હતી.

અને એથી થોડા વખત સુધી એ મારા આત્માની નબળી બાજુનું નિરીક્ષણ કરતા રહ્યા, મારા પચરંગી ભૂતકાળનો પરિચય મેળવતા ગયા, અને મને આમથી તેમ તાણી રહેલી મિશ્રિત લાગણીઓનો અનુભવ કરી રહ્યા. અલબત્ત, મને એમ પણ લાગ્યું કે એમને ખબર છે કે કેવી મનને અશાંત કરનારી શોધની ભાવનાને લીધે મેં મારી સામાન્ય જીવનપદ્ધતિનો ત્યાગ કર્યો છે અને એમના જેવા પુરુષને મળવાનું બીડું ઝડપ્યું છે.

એમની આંખ તો લેશ પણ હલનચલન વગરની જ રહી. પરંતુ મારી આંખ અવારનવાર ઉઘાડમીંચ થવા લાગી તે વખતે અમારી વચ્ચે વહી રહેલા માનસિક સંદેશપ્રવાહમાં નોંધપાત્ર ફેર પડચો. મને એ વાતનું ભાન થયું કે મારા મનને એ પોતાના મન સાથે ચોક્કસ રીતે જોડી રહ્યા છે, અને જે ઊંડી શાંતિનો અનુભવ એ કાયમને માટે કરી રહ્યા છે તેની તરફ મારા પ્રાણને પ્રેરિત કરી રહ્યા છે. એ અસાધારણ શાંતિમાં મને ગૌરવ તથા નમ્રતા બંનેનો અનુભવ થતો હતો. કાળ જાણે કે થંભી ગયો. મારું હૃદય ચિંતાના ભારમાંથી મુક્ત થયું. મને થયું કે ક્રોધની કટુતાની અને અતૃપ્ત ઇચ્છાઓની કરુણાની પીડા મારા મનને નહિ પહોંચે. મને પૂરેપૂરી પ્રતીતિ થઈ કે મનુષ્યજાતિમાં કુદરતી રીતે રહેલી પ્રબળ પ્રેરણાવૃત્તિ, જે માનવને ઉપર જોવાની આજ્ઞા

કરે છે, આશાને વળગી રહેવા માટે ઉત્સાહ પૂરો પાડે છે, અંધારભરેલા જીવનમાં પણ એનું જતન કરે છે તે સાચી વૃત્તિ છે, કારણકે વ્યક્તિના અસ્તિત્વની પાછળનો હેતુ સારો છે. એ સરસ ઊંડી શાંતિમાં ઘડિયાળ શાંતિપૂર્વક પડ્યું રહ્યું અને ભૂતકાળની ભૂલો ને શોકક્ષણો નજીવી લાગવા માંડી. મારું મન મહર્ષિના મનની અંદર ડૂબવા લાગ્યું અને ડહાપણ પણ નિરર્થક થયું. મને થયું કે આ માણસની દૃષ્ટિ, મારી અપવિત્ર આંખની આગળ અણધાર્યા પ્રકાશની ગુપ્ત દુનિયાને ખુલ્લી કરનારી, કોઈ અલૌકિક આત્મિક શક્તિથી સંપન્ન જાદુઈ લાકડી છે કે શું?

આ બધા શિષ્યોને વાતચીત કરવાનો અલ્પ અવસર મળે છે, થોડોક આરામ મળે છે, અને એમને આકર્ષનારી બાહ્ય પ્રવૃત્તિનો અભાવ છે તોપણ તેઓ વરસોથી મહર્ષિની પાસે શા માટે રહે છે એવો પ્રશ્ન મારા મનમાં કોઈ વાર પેદા થયેલો. હવે મને સમજાયું – વિચાર કરવાથી નહિ પરંતુ વીજળીના જેવા પ્રકાશના અનુભવથી – કે એ બધાં વરસો દરમિયાન એમને શાંત ને સૂક્ષ્મ પુરસ્કારની પ્રાપ્તિ થતી રહી છે.

અત્યાર સુધી હૉલમાં બેઠેલી પ્રત્યેક વ્યક્તિ મૃત્યુતુલ્ય શાંતિમાં ડૂબી ગઈ હતી. લાંબે વખતે કોઈક શાંતિથી ઊઠ્યું ને રવાના થયું. એની પાછળ બીજું ગયું, ત્રીજું ગયું, અને એ રીતે બધા જ વિદાય થયા.

હું મહર્ષિ સાથે એકલો પડ્યો! અત્યાર સુધી એવું કદી નહોતું બન્યું. એમનો આંખ બદલાવા માંડી. એ ટાંકણીની અણી જેટલી નાની બની ગઈ. કેમેરાના કાચના ફોકસ અથવા પ્રત્યાવર્તન સ્થાનમાં ફોટો ખેંચાતી વખતે થતી ઉત્સુકતા જેવી મારા પર એની અસર થઈ. લગભગ બંધ થઈ ગયેલી પાંપણોની વચ્ચે ચળકતા તેજમાં ખૂબખૂબ વધારો થયો. એકાએક મારું શરીર જાણે કે અદૃશ્ય થયું અને અમે બંને બહાર અવકાશમાં નીકળી પડ્યા!

એ ક્ષણ ઘણી જ કસોટી કરનારી સાબિત થઈ. મેં ગભરાઈને એ જાદુગરની મોહિનીમાંથી મુક્તિ મેળવવાનો નિર્ણય કર્યો. સંકલ્પે શક્તિ આપી, અને ફરી વાર હું શરીરમાં અને હૉલમાં આવી પહોંચ્યો.

મહર્ષિએ એક પણ શબ્દ ન કહ્યો. મેં મારી માનસિક શક્તિને ફરી તૈયાર કરી. ઘડિયાળ તરફ દૃષ્ટિ ફેંકી, ધીમેથી ઊભો થયો. મારા પ્રસ્થાનનો વખત થઈ ગયો હતો.

મેં વિદાય લેતી વખતે માથું નમાવ્યું. મહર્ષિએ એનો શાંતિથી સ્વીકાર કર્યો. મેં આભારના થોડાક શબ્દો પણ કહ્યા. એમણે ફરીથી શાંતિપૂર્વક માથું હલાવ્યું.

ઉંમરા આગળ હું થોડી વાર નાખુશી સાથે ઊભો રહ્યો. બહાર આવ્યો ત્યાં તો ઘંટડીનો નાદ સંભળાયો. બળદગાડી આવી ગઈ હતી. મેં ફરી વાર બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

અને અમે છૂટા પડ્યા.

૧૦

જાદુગરો તથા સંતોના સમાગમમાં

મનુષ્યની અવજ્ઞા કરનારા એના દુશ્મન દેશ અને કાળ મારી કલમને આગળ ધપાવી રહ્યાં છે. મારા પગ પૂર્વ તરફના માર્ગ પર ઝડપી પગલે આગળ વધી રહ્યા છે, અને મારી કલમ અક્ષરદેહમાં અંકિત કરવા લાયક કેટલીક મહત્ત્વની વાતો ટપકાવી રહી છે.

બીજા બધા જ માણસોની જેમ મને પણ થોડીઘણી કરામતો કરો બતાવનાર યોગી કે શેરીઓમાંના જાદુગરમાં સ્વાભાવિક રીતે જ રસ પડતો હતો. જો કે મારો રસ ઉપરઉપરનો જ હતો, કારણ કે માણસના ઊંડા ચિંતનને યોગ્ય એવાં માનવજીવનનાં મહાન રહસ્યો પર એવી વ્યક્તિ ભાગ્યે જ કાંઈ પ્રકાશ પાડી શકતી. છતાં એની હાજરી એક જાતનો નિર્દોષ અનોખો આનંદ પૂરો પાડતી હતી. એટલા માટે અવારનવાર અવસર મળતાં હું એમને મળવા તૈયાર રહેતો.

મારા પ્રવાસ દરમિયાન મારા પરિચયમાં આવેલા કેટલાક માણસોનું ચિત્રણ હું એમની વિભિન્નતા બતાવનારા ઉદ્દેશથી કરી બતાવું છું. એમનામાંના એકનો મેળાપ મને મદ્રાસ પ્રાંતના ઉત્તર-પૂર્વીય પ્રદેશમાં આવેલા રાજમહેન્દ્રી નામના શાંત શહેરમાં થયો હતો. એ તદ્દન નજીવી કરામત કરનારો હોવા છતાં મારા સ્મૃતિપટ પર તાજો થાય છે.

કોઈ પણ જાતના હેતુ વગર ફરતાંફરતાં હું એક એવી જગ્યાએ પહોંચી ગયો જ્યાં ભૂમિ પર છવાયેલી નરમ ધૂળમાં મારા જોડા

ખૂંપી જતા હતા. આખરે હું બજારમાં દોરી જતી એક સાંકડી શેરીમાં આવી પહોંચ્યો. ગરમ હવાની વચ્ચેથી આગળ ચાલ્યો તો ઉઘાડાં બારણાંની વચ્ચે બેઠેલા વૃદ્ધ પુરુષો મારી નજરે પડ્યા, ગંદકીમાં રમતાં બાળકો જોવા મળ્યાં, અને ઘરની બહાર નીકળતો એક તદ્દન નગ્ન યુવક દેખાયો. મારા જેવા અજાણ્યાને જોતાંવેંત જ એ ઘરમાં પાછો જતો રહ્યો.

મોટા, કોલાહલવાળા બજારમાં પણ, પોતાની નાની દુકાનોમાં બેઠેલા મોટી ઉંમરના વેપારીઓ મને પસાર થતો જોઈને ઉત્સુકતા-પૂર્વક પોતાની દાઢી પર હાથ ફેરવવા લાગ્યા. અનાજ તથા ખાદ્ય પદાર્થો વેચનારા પોતાની ખુલ્લી દુકાનો પાસે બેઠા હતા. માખીઓની સેના એમના માલ પર હુમલો કરવામાં મશગૂલ હતી. થોડાક વખતે હું એક કાંઈક ભપકાદાર રચનાવાળા મંદિર પાસે આવી પહોંચ્યો. ત્યાં સ્ત્રીપુરુષોનું નાનકડું ટોળું મારા આગમનને લીધે કોલાહલ કરવા માંડ્યું. કોઢિયા, લંગડા, અને અનાથ લોકો મંદિરો તથા ભારતનાં મોટા ભાગનાં શહેરોનાં સ્ટેશનો પાસે પોતાના અડ્ડા જમાવે છે, જ્યાં ધાર્મિક અને અપરિચિત માણસો પાસેથી ભીખ માગી શકાય. ભક્તો મંદિરના મકાનમાં કોઈ પણ જાતનો અવાજ કર્યા વગર ચાલતા હતા. એમના ઉઘાડા પગ પથ્થર પરની ધૂળ પર પડતા જતા. હું પણ મકાનમાં ફરીને પૂજારીઓની વિધિનું નિરીક્ષણ કરું ? એ પ્રશ્ન પર મેં વિચાર કર્યો અને અંદર ન જવાનો નિર્ણય કર્યો.

મેં મારી લાંબી રખડપટ્ટી ચાલુ રાખી. એટલામાં મારો આગળથી કોઈ ઝડપથી ચાલતો યુવાન મારી નજરે પડ્યો. એણે અંગ્રેજી ઢબનું મોટું ખમીસ પહેર્યું હતું. અને ઝૂલતો કમરપટો પણ રાખેલો હતો અને એના જમણા હાથમાં કપડામાં બાંધેલાં પુસ્તકોનું બંડલ હતું. હું એની પાસે ગયો એટલે એણે કુદરતી રીતે જ પાછળ જોયું. એવી રીતે અમારો સંસર્ગ શરૂ થયો.

મારા ધંધાની જરૂરિયાતે મને પરંપરાઓને પાળવાનું શક્ય હોય ત્યાં પાળવાનું તો શીખવ્યું જ છે; પરંતુ જ્યારે તે આપણી

અને આપણા ઉદ્દેશની આડે આવતી હોય ત્યારે તેમની ઉપરવટ જવાની તાલીમ પણ પૂરી પાડી છે. મને પ્રવાસ કરવાનું ગમતું પરંતુ રૂઢિગત રીતે નહિ. એને લીધે મારું ભારતભ્રમણ ઉમરાવ જેવા પ્રવાસી અથવા અક્કડ સ્વભાવના મુસાફર માટે ભાગ્યે જ આદર્શરૂપ બની શકશે.

એ યુવક સ્થાનિક કૉલેજનો વિદ્યાર્થી હતો. એ અત્યંત આકર્ષક એવી સામાન્ય બુદ્ધિમત્તા ધરાવતો હોય એમ લાગ્યું. પોતાના દેશની પ્રાચીન સભ્યતા માટે એને માન હતું, અને એ વિષયના મારા રસ વિશે મેં એને જણાવ્યું ત્યારે એની પ્રસન્નતાનો પાર ન રહ્યો. ભારત એ વખતે ગાંધીજીએ ગોરા શાસકો અને ઘઉંવર્ણા શાસિતો વચ્ચેના સંબંધો બગાડવાના પ્રયત્નને પરિણામે જગાડેલા મોટા તોફાનની પ્રસૂતિવેદનામાંથી પસાર થઈ રહ્યું હતું તોપણ, મને એ પણ જાણવા મળ્યું કે શહેરના મોટા ભાગના યુવાન વિદ્યાર્થીઓ પર જેણે હુમલો કરેલો તે રાજકારણના વિચારવાયુને એ હજુ સુધી તાબે નહોતો થયો.

અડધા કલાક પછી એ મને એક ખુલ્લી જગ્યામાં લઈ ગયો. ત્યાં એક નાનું ટોળું કુતૂહલવશ એકઠું થયેલું. એની વચ્ચે ઊભેલો માણસ મોટે સાદે બોલીને કશુંક પોકારતો હતો. યુવકે મને કહ્યું કે ઉચ્ચ સ્વરે કરાતી આ જાહેરાત મોટે ભાગે આ માણસ જે અલૌકિક યૌગિક શક્તિઓ ધરાવવાનો દાવો કરે છે તેની છે.

પોતાની જાતને યોગી તરીકે ઓળખાવતા એ પુરુષનો બાંધો મજબૂત હતો. એનું માથું લાંબું હતું, ખભા ભરાવદાર હતા, અને એના પોશાકના ભાગરૂપે કમર પર વીંટાળેલા સુતરાઉ કપડાના ટુકડામાંથી એનું પેટ બહાર નીકળી આવતું હતું. એણે લાંબો ઢીલો સફેદ ઝભ્ભો પહેરેલો હતો. મને લાગ્યું કે એમનામાં થોડીક વધારે પડતી બહાદુરી છે. પરંતુ જ્યારે એણે એમ કહ્યું કે પૂરતી આર્થિક લાલચ આપવામાં આવે તો પોતે આંબાના વૃક્ષનો પ્રયોગ કરી

બતાવે તેમ છે ત્યારે બીજાની સાથે હું પણ એની આગળ થોડાક સિક્કા નાખવામાં શામિલ થયો.

એણે માટીનો મોટો ઘડો પોતાની આગળ રાખ્યો, અને પછી એ જમીન પર પલાંઠી વાળીને બેસી ગયો. ઘડામાં રાતી ઘઉંવર્ણી માટી ભરી હતી. એણે અમને કેરીનો ગોટલો બતાવ્યો અને એને માટીમાં રોપી દીધો. તે પછી પોતાના થેલામાંથી મોટું કપડું કાઢીને એણે ઘડા પર, એના પોતાના ઘૂંટણ પર અને સાથળ પર ફેલાવી દીધું.

થોડા સમય સુધી યોગીએ કંટાળો ઉપજાવતા શુષ્ક સ્વરમાં થોડા રહસ્યમય મંત્રોનો ઉચ્ચાર કર્યા કર્યો, અને પછી કપડું કાઢી નાખ્યું. માટી પર આંબાના છોડનો ફણગો ફૂટી નીકળ્યો હતો!

એક વાર ફરીથી એણે પોતાના પગ તથા ઘડા પર કપડું ઢાંકી દીધું. હાથમાં વાંસળી લીધી, ને સંગીત સંભળાવતો હોય તેમ વિચિત્ર સૂર કાઢવા માંડ્યા. થોડીક વધારે પળો એવી રીતે પસાર થયા પછી એણે કપડું હઠાવી દઈને બતાવ્યું કે પેલો નાનકડો છોડ થોડોક મોટો થયો છે. વચ્ચેવચ્ચે વાંસળી વગાડતાં, કપડાને ઢાંકવાની ને હઠાવવાની ક્રિયા એણે માટીમાંથી નાનો આંબાનો છોડ બહાર આવ્યો ત્યાં સુધી કર્યા કરી. એ છોડ લગભગ નવથી દસ ફૂટ મોટો હતો. એને ઝાડ ભાગ્યે જ કહી શકાય. છતાં એ છોડને ઉપરથી એક નાની પીળી સોનેરી કેરી લટકી રહી હતી.

'માટીમાં મેં જે બી નાખેલું તેમાંથી આ આખુંય ઝાડ ઊગી નીકળ્યું છે!' યોગીએ વિજયસૂચક શબ્દોમાં જાહેર કર્યું.

મારા માનસિક બંધારણે મને એના શબ્દોને એટલા જલદી માની લેવાની રજા ન આપી. મને તો ગમે તે કારણે પણ એવું લાગ્યું કે આ તો માત્ર જાદુનો નાનકડો પ્રયોગ છે.

યુવકે પોતાનો અભિપ્રાય આપતાં કહ્યું :

'સાહેબ, આ માણસ યોગી છે. એવા માણસોમાં આશ્ચર્ય-કારક કામો કરવાની શક્તિ હોય છે.'

પરંતુ મને એથી સંતોષ ન વળ્યો. એ પ્રયોગનું રહસ્ય સમજવાનો પ્રયાસ કરતાં મેં નક્કી કર્યું કે એ માણસ મોટે ભાગે જાદુગરોની મંડળીનો સભ્ય જ હશે. તોપણ એ સંબંધી નિશ્ચયાત્મક રીતે તો કેમ કહી શકાય ?

ટોળાને ધીમેથી વિખેરાતું જોઈને, યોગીએ પોતાનો થેલો બંધ કર્યો અને નીચે નમીને પીઠ પર નાખવા માંડ્યો.

એ જ વખતે અચાનક મને એક વિચાર આવ્યો. અમે એકલા પડ્યા એટલે યોગીની પાસે જઈને મેં પાંચ રૂપિયાની નોટ કાઢી અને વિદ્યાર્થીને કહ્યું :

'યોગીને કહે કે પોતાનો પ્રયોગ કેવી રીતે થાય છે તે બતાવશે તો આ રકમ તેને અર્પણ કરવામાં આવશે.'

યુવકે આજ્ઞાંકિત રીતે મારી વિનતિનો અનુવાદ કરી બતાવ્યો. યોગીએ ઇનકાર કરતો હોય એવો દેખાવ કર્યો, છતાં એની આંખમાં કામના પ્રકાશી ઊઠી.

'તો પછી એને સાત રૂપિયા આપીએ.'

તોપણ નીચે નમતા યોગીએ વાતચીત કરવાના મારા પ્રયત્નને નકારી કાઢ્યો.

'ઠીક ત્યારે, એને કહી દે કે આપણે એની વિદાય લઈએ છીએ.'

અમે ચાલવા માંડ્યા. હું ઇરાદાપૂર્વક ધીમે પગલે ચાલવા માંડ્યો. થોડીક ક્ષણોમાં તો યોગીએ બૂમ પાડી અમને પાછા બોલાવ્યા.

'સાહેબ જો સો રૂપિયા આપવા તૈયાર હોય તો યોગી બધું કહેવાનું વચન આપે છે.'

'ના. સાત રૂપિયા લે, નહિ તો એના રહસ્યને ભલે સાચવી રાખે. ચાલો !'

અમે ફરી ચાલી નીકળ્યા. એણે ફરી ઘૂમ પાડી એટલે અમે પાછા ફર્યા.

'યોગી કહે છે કે એ સાત રૂપિયા સ્વીકારશે.' તરત જ સ્પષ્ટીકરણ કરી બતાવવામાં આવ્યું.

યોગીએ પોતાનો પ્રવાસનો કોથળો ખોલ્યો અને પોતાના રહસ્યમય પ્રયોગને કરવામાં મદદરૂપ સામગ્રી બહાર કાઢી. એ સામગ્રીમાં કેરીનો ગોટલો હતો અને એકેક કરતાં લાંબા એવા આંબાના ત્રણ છોડનો સમાવેશ થતો હતો.

નાનામાં નાનો છોડ એણે કોચલામાં દબાવ્યો. એ દશામાં છોડ વળી ગયો. પછી કોચલાને બંધ કરીને ધૂળમાં દાટવામાં આવ્યું. પહેલો અંકુર પેદા કરવા માટે ધૂળમાં આંગળીઓ ઘાલીને કોચલાના ઢાંકણને દૂર કરવાનું જ બાકી રહેતું હતું. એમ કરવાથી છોડ ફરી વાર સીધો થઈ શકે તેમ હતો.

છોડના બીજા લાંબા ટુકડાને એણે પોતાના સુતરાઉ કમરપટામાં છુપાવી રાખ્યા. સંગીતના સ્વર છોડતી વખતે, મંત્ર બોલતી વખતે અને પ્રતીક્ષાની વચ્ચેની પળો દરમિયાન, બીજા કોઈને પણ જોવાની છૂટ આપ્યા સિવાય, કપડાનું ઢાંકણ ઊંચું કરીને એકાદ બે વાર એણે જોઈ લીધું કે છોડનો વિકાસ કેવોક થાય છે. એ બધી પ્રવૃત્તિના પડદા પાછળ એણે પોતાના કમરપટામાંથી યુક્તિપૂર્વક લાંબો છોડ કાઢીને ધૂળમાં રોપ્યો, નાના છોડને કાઢી નાખ્યો, અને એને પોતાના કપડામાં મૂકી દીધો. એવી રીતે છોડના ઊગવાનો ભ્રમ ઊભો કરવામાં આવ્યો.

વિદાય લેતી વખતે મારામાં થોડુંક વધારે ડહાપણ આવ્યું એ સાચું છે, છતાં મને એ વિચારતાં નવાઈ લાગી કે આવા યોગીઓ વિશેની મારી ભ્રમણા શરદ ઋતુમાં સૂકાં પાંદડાં ઝાડનો ત્યાગ કરે છે તેમ, મારો ત્યાગ કરશે કે નહિ.

મને એ વખતે અડિયાર નદીના યોગી બ્રહ્મે આપેલી પેલી ચેતવણી યાદ આવી કે નીચી કોટિના સાધુઓ અને બનાવટી યોગીઓ

તરફથી શેરીઓમાં જે પ્રદર્શનરૂપે કરવામાં આવે છે તે તો જાદુના પ્રયોગો સિવાય બીજું કાંઈ જ નથી. એમણે એમ પણ કહેલું કે એવા લોકોને લીધે જ યુવાનો તથા શિક્ષિતોમાં યોગીનું નામ બદનામ થાય છે.

અડધા કલાકથી પણ ઓછા વખતમાં ફેરીઓ ઉગાડનારો પેલો માણસ કાંઈ સાચો યોગી નહોતો. એ તો ઢોંગી હતો.

× × ×

છતાં સાચું જાદુ કરી બતાવનારા સાધુઓ પણ હયાતી ધરાવે છે. પુરી જતી વખતે બરહામપુરમાં હું થોડુંક રોકાયો તે દરમિયાન મને એવા એક સાધુનો પરિચય થયો હતો.

જૂનીપુરાણી પ્રથાઓ અને જીવનપદ્ધતિઓવાળા બરહામપુરના એ શહેરમાં વિશાળ છાપરાવાળી ઓસરીવાળા વિશ્રાંતિગૃહમાં મેં કામચલાઉ ઉતારો રાખેલો. એક દિવસ ધગધગતા બપોરને વખતે મેં તીખા તાપમાંથી બચવા એ ઓસરીની આહ્લાદક છાયામાં આશ્રય લીધો. મારી મોટી ખુરસી પર બેસીને મેં બગીચાના છોડનાં સુંદર પાંદડાં પરની સૂર્યપ્રકાશની રમતનું નિરીક્ષણ કરવા માંડયું.

એટલામાં તો ઉઘાડા પગનો શાંત રવ સંભળાયો, અને કોઈક જંગલી જેવો દેખાતો માણસ વાંસની નાની ટોપલી સાથે કંપાઉન્ડના દરવાજા આગળ આવી પહોંચ્યો. એના વાળ લાંબા, કાળા, અને ગૂંચળાંવાળા હતા, અને એની આંખ જરા લોહિયાળી લાગતી. એ મારી પાસે આવ્યો, અને પોતાની ટોપલી જમીન પર મૂકીને, થોડા વખત સુધી પોતાના હાથ ઊંચા કરીને મને સલામ કરી ઊભો રહ્યો. એની પોતાની માતૃભાષા તથા થોડીક સમજી શકાય એવી અંગ્રેજી ભાષાના મિશ્રણમાં એણે મારી સાથે વાત કરવા માંડી. જો કે હું ચોક્કસ ન કરી શકયો છતાં મને લાગ્યું કે એની માતૃભાષા તેલુગુ હતી. એના અંગ્રેજીના ઉચ્ચારો એટલા બધા

અસ્પષ્ટ અને ભારપૂર્વકના હતા કે ત્રણ કે ચાર શબ્દો કરતાં વધારે શબ્દોનો અર્થ મારાથી સમજી ન શકાયો. મેં અંગ્રેજીમાં કેટલાંક વાકયોનો પ્રયોગ કરીને વાતચીત કરવાની કોશિશ કરી; પરંતુ એનો ભાષા પરનો કાબૂ એટલો બધો અલ્પ હતો કે એ મારી વાત ન સમજી શકયો. તેલુગુ ભાષા પરનો મારો કાબૂ તો એના કરતાં પણ એકદમ ઓછો હોવાથી, એની વાત સમજવાનું મારે માટે પણ મુશ્કેલ થઈ પડયું. એકમેકને માટે અવાજનાં આંદોલનો સિવાય જેમની કિંમત કશી જ વધારે નહોતી એવાં ઉચ્ચારણો કર્યા પછી અમને બંનેને એ હકીકતની ખાતરી થઈ. છેવટે એણે સંકેત તથા હાવભાવની ભાષાનો આધાર લીધો, અને એના પરથી અનુમાન કર્યું કે એ મને ટોપલીમાંની કોઈ મહત્ત્વની વસ્તુ બતાવવા માગે છે.

બંગલામાં જઈને મેં નોકરને બોલાવ્યો. એ પોતાની માતૃ-ભાષાના જ્ઞાન ઉપરાંત પોતાની બુદ્ધિમત્તા બતાવવા માટે અંગ્રેજીના આછાપાતળા પ્રયોગનું જ્ઞાન પણ ધરાવતો હતો. એને મેં એની શક્તિ મુજબ અનુવાદ કરી બતાવવા જણાવ્યું.

'એ તમને ફકીરનું જાદુ બતાવવા માગે છે.'

'સરસ. તો પછી તે ભલે બતાવે. એ કેટલા પૈસા માગે છે?'

'એ કહે છે કે સાહેબની મરજી હોય તે ભલે આપે.'

'તો પછી શરૂ કરો!'

સાધુના ઓચિન્તા આગમન અને એના મૂળ સ્થાનના અજ્ઞાનને લીધે મારામાં વારાફરતી ઉત્સાહ–અનુત્સાહની મિશ્રિત લાગણી પેદા થવા માંડી. એ માણસના ચહેરા પરના ભાવોનો તાગ કાઢવાનું કામ કપરું હતું. એના પર મોટે ભાગે અનિષ્ટ કહી શકાય એવું કશુંક જરૂર હતું, છતાં કોઈ અનિષ્ટની હાજરીનો અનુભવ મને નહોતો થતો. એની આજુબાજુ ગૂઢ શક્તિઓ અથવા અપરિચિત બળોનું પ્રકાશવર્તુળ હોય એવો ભાસ થતો હતો.

ઓસરી કે પરસાળનાં પગથિયાં પર ચડવાનો પ્રયાસ કરવાને બદલે, એ એક વડના વૃક્ષ નીચે બેસી ગયો. એની લાંબી વિસ્તાર પામેલી ડાળીઓ એના માથા પર મંડપ કરતી અને જમીનમાં મળી જતી. વાંસની ટોપલીમાંથી એણે ત્યાં બેસીને ઝેરી જેવો દેખાતો વીંછી કાઢ્યો. એને એણે જેવીતેવી બનાવેલી લાકડાના ચીપિયાની જોડીથી પકડી રાખ્યો.

કુરૂપ દેખાતો વીંછી નાસી જવાનો પ્રયત્ન કરવા લાગ્યો. એ જોઈને ફકીરે પોતાની આંગળીથી એની આજુબાજુ ધૂળમાં એક વર્તુળ દોર્યું. એ પછી વીંછી વર્તુળની અંદર ગોળગોળ ફરવા માંડ્યો. વર્તુળની પાસે પહોંચીને પ્રત્યેક વખતે, જાણે કોઈ દેખીતા અંતરાયનો અનુભવ કરતો હોય એમ એ એકાએક અટકી જતો, અને બીજી દિશામાં પાછો ફરતો. એ તીખા તેજસ્વી સૂર્યપ્રકાશમાં હું એનું બારીકાઈથી નિરીક્ષણ કરતો.

એ ખાસ ખેલના પ્રદર્શનની બે કે ત્રણ મિનિટ બાદ મેં સંતોષ થયાનો સંકેત કરતાં મારો હાથ ઊંચો કર્યો. ફકીરે વીંછીને ટોપલીમાં મૂકી દીધો, અને એમાંથી બે નાના પાતળા અણીવાળા સળિયા કાઢ્યા.

પોતાની જરાક ભયંકર લાલઘૂમ આંખને બંધ કરીને પોતાનો બીજો જાદુપ્રયોગ કરવા માટેના ઉચિત સમયની એ રાહ જોવા લાગ્યો. લાંબે વખતે આંખ ઉઘાડીને એક સળિયો એની અણી આગળ કરીને એણે એના મોંમાં મૂક્યો. એણે એને એના ગાલમાંથી સોંસરો કાઢ્યો જેથી એની મોટા ભાગની લંબાઈ એના મોંમાંથી બહાર નીકળી આવી. એ પીડાજનક પ્રયોગથી સંતોષ ન થયો હોય તેમ એણે બીજો સળિયો પણ પોતાના બીજા ગાલસોંસરો કાઢીને એ પ્રયોગ ફરી કર્યો. એ જોઈને મારી અંદર આશ્ચર્ય તથા અરેરાટીની મિશ્રિત લાગણી ફરી વળી.

મેં બરાબર જોઈ લીધું છે એવી કલ્પના કરીને બંને સળિયા એણે વારાફરતી બહાર કાઢ્યા અને મને સલામ કરી. પરસાળ

પરથી નીચે ઊતરીને મેં એની મુખાકૃતિનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. એની ચામડીમાં બે નાનાં કાણાં તથા થોડાંક નજીવાં લોહીનાં ટપકાં સિવાય ગાલના બંને જખમ ભાગ્યે જ જોઈ શકાય તેવા હતા!

એ માણસે મને ખુરશી પર બેસી જવાનો સંકેત કર્યો. પરસાળમાં જઈને મેં ફરી આરામ કરવા માંડ્યો ત્યારે જાણે કે બીજા વિસ્મયકારક પ્રયોગ માટેની તૈયારી કરતો હોય તેમ એ શાંતિપૂર્વક ગોઠવણ કરવા લાગ્યો.

શાંતિપૂર્વક, કોઈ માણસ જેવી નિર્લેપતાપૂર્વક પોતાની બંડીનું બટન કાઢે તેવી જ નિર્લેપતાપૂર્વક, ફકીરે જમણો હાથ આંખ તરફ ઉઠાવીને, પોતાનો જમણો ડોળો પકડ્યો અને ધીમેથી આંખના ચોકઠામાંથી બહાર કાઢ્યો!

હું આશ્ચર્યથી દંગ બનીને પાછો ખસી ગયો.

થોડીક ક્ષણોની વિશ્રાંતિ પછી એણે પોતાનો એ આંખનો અવયવ થોડોક બહાર ખેંચી કાઢ્યો. બહાર ઊપસી આવેલા સ્નાયુઓ અને માંસપેશીઓને આધારે એ એના ગાલ પર લટકવા લાગ્યો.

એ ભયંકર દૃશ્ય જોઈને મને ઊબકા આવવા માંડ્યા; ડોળાને એણે ફરીથી આંખના ચોકઠામાં ગોઠવ્યો ત્યાં સુધી હું બેચેનીનો અનુભવ કરતો રહ્યો.

એની જાદુવિદ્યા મેં સારી પેઠે જોઈ લીધી, એટલે મેં એને થોડાક રૂપિયાનું ઇનામ આપ્યું. શરીર સાથે સંબંધ ધરાવનારા આવા ભયંકર પ્રયોગો પોતે કેવી રીતે કરી શકે છે તે કહી બતાવવા એ રાજી છે કે કેમ તે માટે પૂછપરછ કરવા મેં અધકચરા દિલે, નોકરને જણાવ્યું.

'એ સંબંધી કશું ન કહેવાનું મેં વચન આપ્યું છે. પિતા કેવળ પુત્રને શીખવે છે. ફક્ત કુટુંબ જ એનું રહસ્ય જાણી શકે છે.'

એની નાખુશીને હું સમજી શકયો, છેવટે તો એ વિષય રખડતા લેખકોનો નથી પરન્તુ એમના કરતાં વધારે તો ડૉકટરો અને શસ્ત્રક્રિયા કરનારા તબીબોની તપાસનો છે.

ફકીરે કપાળ પર હાથ લગાડીને વિદાયસૂચક સલામ કરી, ચોકના દરવાજની બહાર ચાલવા માંડયું, અને થોડી વારમાં તો એ ધૂળવાળા રસ્તા પર અદૃશ્ય થઈ ગયો.

× × × ×

જગન્નાથપુરીના સમુદ્રનાં મોજાંનો શાંત શબ્દ મારા કાને સંભળાયો. બંગાળના ઉપસાગરમાંથી વાતા ધીમા વાયુનો આસ્વાદ ઘણો આનંદજનક લાગવા માંડયો. મેં સમુદ્રતટ પરના એકાંત ભાગ પર ચાલવા માંડયું. ત્યાં પીળાશ પડતી સફેદ રેતી વિશાળ વિસ્તારમાં ફેલાયેલી હતી, અને આજુબાજુ બધે પથરાયેલા ગરમ, આછા પ્રકાશ-યુક્ત ધુમ્મસમાંથી ક્ષિતિજનું દર્શન થતું હતું. સમુદ્ર નીલમના રસ જેવો દેખાતો હતો.

ખિસ્સામાંથી ઘડિયાળ બહાર કાઢી તો તે તેજસ્વી સૂર્યપ્રકાશમાં ચમકવા લાગી. શહેરમાં પાછો ફર્યો ત્યારે મારે માટે કાયમી સમસ્યારૂપ બની રહેનારો એક અવર્ણનીય પ્રયોગ જોવાની મને તક મળી.

મિશ્રિત ટોળાથી ઘેરાયેલા એક ભભકાદાર પોશાકવાળો માણસ મારી નજરે પડયો. એની પાઘડી અને એના સુરવાલ પરથી લાગ્યું કે એ મુસલમાન છે. હિંદુની વસતીવાળા અને હિંદુઓના કહેવાતા શહેરમાં એક મુસલમાન આટલો બધો આગળપડતો તરી આવે છે, એ જોઈને હું વિચારમાં પડી ગયો. એણે મારામાં કુતૂહલ પેદા કર્યું, અને મારા રસને જાગ્રત કર્યો. એની પાસે રંગીન કપડાંમાં વિચિત્ર રીતે સજજ થયેલું, નાનું પાળેલું વાંદરું હતું. એને એ ઊંચા પગલે ચલાવતો હતો, અને મનુષ્યના જેવી હોશિયારીથી પ્રત્યેક વખતે એ કોઈ પણ જાતની ભૂલ વગર એના માલિકની આજ્ઞાનું પાલન કરતું હતું.

મારા પર એકાએક નજર પડતાં, એણે વાંદરાને કાંઈક કહ્યું, એટલે ટોળામાંથી કૂદકા મારીને એ શોકાતુર પોકાર પાડતું મારી પાસે આવ્યું. બક્ષિસની માગણી કરતું હોય તેમ એણે પોતાની હૅટ કાઢીને મારી સામે ધરી. મેં તેમાં ચાર આના નાખ્યા. વાંદરાએ વિવેકપૂર્વક માથું નમાવ્યું, એક પ્રકારનો શિષ્ટાચાર બતાવ્યો, અને પછી પોતાના માલિક તરફ ચાલવા માંડયું.

વાંદરાનો એ પછીનો પ્રયોગ એના માલિકના છૂટતા સંગીત-સ્વર સાથે તાલ મિલાવીને અદ્‌ભુત નૃત્ય કરવાનો હતો. એ નૃત્યમાં કોઈ વધારે સારા રંગમંચને લાયક કલાત્મકતા તથા તાલબદ્ધતાનું સુન્દર સંમિશ્રણ હતું.

ખેલ પૂરો થયો એટલે એ માણસે પોતાના હાથ નીચેના બીજા યુવાન મુસલમાન મદદનીશને ઉર્દૂમાં કાંઈક કહ્યું. એથી એણે મારી પાસે આવીને એના ઉપરી મને કશુંક ખાસ બતાવવાની ઇચ્છા રાખતા હોવાથી, પાછળના તંબૂમાં મને પ્રવેશ કરવાની સૂચના કરી.

લોકોનો ધસારો રોકવા એ યુવાન બહાર ઊભો રહ્યો, અને પેલા ભપકાદાર પોશાકવાળા માણસની સાથે મેં તંબૂમાં પ્રવેશ કર્યો. અંદર ગયા પછી મને ખબર પડી કે એ વિભાગ તદ્દન છાપરા વગરનો હતો અને ચાર મોટા થાંભલાની આજુબાજુ કપડું બાંધીને તૈયાર કરવામાં આવેલો. એટલે એની અંદર અને બહાર સારી રીતે જોઈ શકાતું હતું. વચ્ચેના ભાગમાં ખાલી, હલકું, લાકડાનું ટેબલ હતું.

પેલા માણસે શણની પોટલી ખોલીને કેટલીક ઢીંગલીઓ કાઢી. પ્રત્યેક ઢીંગલી આશરે બે ઇંચ મોટી હતી. એમનાં માથાં રંગીન મીણનાં બનાવેલાં અને એમના પગ સખત ઘાસના તથા નીચેના લોઢાનાં બટનથી બંધ કરેલા હતા. એ ઢીંગલીઓને મેજ પર મૂકવામાં આવી. દરેક ઢીંગલી પગ નીચેના સપાટ બટનને લીધે ટટાર અથવા સીધી ઊભી રહેતી હતી.

પછી પેલો માણસ મેજથી એકાદ વાર દૂર ઊભો રહ્યો અને ઉર્દૂમાં આદેશ આપવા લાગ્યો. એને લીધે એકાદ બે મિનિટમાં તો ઢીંગલીઓ મેજ પર હાલવાચાલવા અને પછી નૃત્ય કરવા લાગી !

સંગીતનિયામક જેવી રીતે સમય પસાર કરવા લાકડી હલાવે તેવી રીતે એણે એક નાની લાકડી હલાવવા માંડી, અને રંગબેરંગી ઢીંગલીઓ એના અભિનય પ્રમાણે તાલબદ્ધ રીતે નાચવા લાગી !

બધી ઢીંગલીઓ મેજ પર બધે જ ફરતી હતી, પરંતુ એની ધાર પર ન પડાય તેનું ખાસ ધ્યાન રાખતી. એ આખોય આશ્ચર્યકારક ખેલ હું દિવસના પૂરા પ્રકાશમાં બપોરે લગભગ ચારેક વાગ્યે જોઈ રહ્યો હતો. કોઈક યુક્તિની આશંકા આવવાથી, મેજ પાસે જઈને મેં એને બરાબર તપાસી જોયું. ઢીંગલીઓની ઉપર અને મેજની નીચે દોરાની તપાસમાં મેં હાથ ફેરવી જોયો, પરન્તુ મને કશું જ ન મળ્યું. શું એ માણસ કેવળ જાદુગર નહિ પરન્તુ કોઈક યોગી હતો ?

એણે ઈશારા તથા શબ્દોદ્વારા સંકેત કરીને મને મેજના જુદાજુદા ભાગ તરફ આંગળી કરવા કહ્યું. મેં એવી રીતે કરવા માંડયું, અને દરેક વખતે ઢીંગલીઓ મારી બતાવેલી દિશામાં એકઠી થઈને એકસાથે સંવાદ સાધતાં નાચવા લાગી !

આખરે એણે મને રૂપિયાનો સિક્કો બતાવ્યો અને કશુંક કહેવા માંડયું. એના કથનનો અંતઃપ્રેરણાત્મક અર્થ મેં એવો ઘટાવ્યો કે એ મને એવો રૂપિયો કાઢવાની વિનતિ કરે છે. મારા ખિસ્સામાંથી રૂપિયાની સિક્કો કાઢીને મેં મેજ પર મૂકયો. એ જ વખતે એ રૂપિયો ફકીરની દિશા તરફ નૃત્ય કરવા લાગ્યો. મેજની બીજી ધાર પર પહોંચીને એ પડી ગયો. ફકીરના પગ પર રમવા લાગ્યો, અને એકાએક અટકી પડયો. પેલા માણસે સભ્યતાપૂર્વક સલામ કરતાં એને હાથ લંબાવીને લઈ લીધો.

મને થયું કે, હું કોઈ ખાસ જાદુપ્રયોગો જોઈ રહ્યો છું કે કોઈ સાચી યોગવિદ્યાના પ્રયોગનું દર્શન કરું છું ? મારી શંકાઓ મારા

વદન પર તરી આવી હશે, કારણકે ફકીરે એના યુવાન મદદનીશને બોલાવ્યો. એણે મને પૂછયું કે એના ગુરુની આથી વધારે શક્તિને જોવાની મારી ઇચ્છા છે કે કેમ. મેં હા કહી, એટલે એણે ફકીરને જૂનું વાજિંત્ર આપ્યું અને મારી વીંટીને મેજ પર મૂકવાની માગણી કરી. મારી આંગળી પરથી વીંટી કાઢીને મેં એની આજ્ઞાનું અનુસરણ કર્યું. એ વીંટી અડિયાર નદીના તપસ્વી બ્રહ્મે મારી વિદાય વખતે મને ભેટ આપેલી તે જ વીંટી હતી. ફકીરે થોડાંક ડગલાં દૂર જઈને ઉર્દૂમાં ઉપરાઉપરી આદેશ આપવા માંડ્યા તે વખતે મેં એના સોનેરી કાપા તથા લીલા પથ્થરનું અવલોકન કરવા માંડ્યું. પ્રત્યેક શબ્દની સાથે વીંટી હવામાં ઉપર ઊડીને નીચે પડવા લાગી ! પેલો માણસ એના જમણા હાથની મદદથી પોતાના આદેશને અનુકૂળ અભિનય કરતો હતો. એના ડાબા હાથમાં પેલું વાજિંત્ર હતું.

હવે એણે એ વાજિંત્ર વગાડવાની શરૂઆત કરી. અને મેં મંત્ર-મુગ્ધ બનીને જોયું કે એના સંગીત સાથે સંવાદ સાધતાં વીંટીએ મેજ પર નૃત્ય કરવાનું શરૂ કર્યું ! પેલો માણસ એની પાસે પણ નહોતો ગયો કે એને સ્પર્શ પણ નહોતો કરતો. એ નોંધપાત્ર પ્રયોગનું રહસ્ય હું સમજી ન શકયો. જડ ધાતુના ટુકડાને આટલી રહસ્યમય રીતે પલટાવીને મૌખિક આદેશોનું પાલન કરતો પદાર્થ બનાવી દેવાનું કેવી રીતે શકય હોઈ શકે ?

પેલા મદદનીશે મારી વીંટી પાછી આપી ત્યારે મેં એને બારીકાઈથી તપાસી જોઈ, છતાં એના પર કોઈ પણ નિશાની જોઈ ન શકાઈ.

ફકીરે ફરી વાર પોતાની સુતરાઉ પોટલી છોડી. આ વખતે એણે એક સીધો કાટ ચડેલો સળિયો કાઢયો. એ લગભગ અઢી ઇંચ લાંબો અને અડધો ઇંચ પહોળો હતો. એને એ મેજ પર મૂકવા જતો હતો ત્યારે મેં વચ્ચે પડીને એના મદદનીશને તેની તપાસ કરવા દેવાની વિનતિ કરી. એમણે એનો વિરોધ ન કર્યો એટલે મેં એને બરાબર તપાસી જોયો. એના પર દોરા નહોતા બાંધ્યા. એને પાછો આપીને

મેં મેજનું નિરીક્ષણ પણ કરી જોયું, પરંતુ કશું જ શંકાજનક ન દેખાયું.

સળિયો મેજ પર પડી રહેલો. ફકીરે પોતાના હાથની હથેલીઓને ભેગી કરીને જોરથી લગભગ એકાદ મિનિટ લગી ઘસી જોઈ. પછી પોતાના શરીરનો ઉપરનો ભાગ થોડોક આગળ ઝુકાવીને હાથને એણે લોઢાના સળિયાથી થોડાક ઇંચ ઉપર રાખ્યા. હું એને ધ્યાનપૂર્વક જોવા માંડ્યો. એણે આંગળીઓ સળિયા તરફ રાખીને, પોતાના હાથને ધીમેથી પાછા ખેંચવાનું શરૂ કર્યું, એ વખતે મેં નવાઈભરી નજરે જોયું કે કાટવાળો સળિયો એનું અનુકરણ કરવા લાગ્યો. ફકીરની પાછા ખસવાની ક્રિયાની સાથેસાથે એ મેજ પર પોતાની મેળે જ ચાલવા માંડ્યો!

ફકીરની આંગળીઓ અને સળિયા વચ્ચેનું અંતર આશરે પાંચ ઇંચ હતું. એના હાથ મેજની ધાર પર મુકાયા ત્યારે સળિયો પણ ત્યાં જ અટકી ગયો. ફરી મેં એની તપાસ કરવા દેવાની માગણી કરી, અને તે માટે મંજૂરી પણ મને તરત જ મળી ગઈ. મેં સળિયો તરત જ ઊંચો કર્યો, પરન્તુ એમાં કશું ખોટું ન જણાયું. એ એક જૂના લોઢાનો ટુકડો જ હતો.

ફકીરે પોલાદના હાથાવાળી છરી પર એ પ્રયોગ ફરી વાર કરી બતાવ્યો.

એ અસામાન્ય પ્રયોગોના બદલામાં મેં એને ઉદારતાથી બક્ષિશ આપી, અને એ પ્રયોગોના સંબંધમાં થોડુંક સ્પષ્ટીકરણ કરાવવાનો પ્રયત્ન કરી જોયો. ફકીરે એવી માહિતી પૂરી પાડી કે લોઢામાં એક જાતની ખાસ શક્તિ હોવાથી, પ્રયોગ કરવા માટેનો પદાર્થ મોટે ભાગે લોઢાનો અથવા તો લોઢાના સમાવેશવાળો હોવો જોઈએ: હવે આ કળામાં પોતે એટલી બધી સિદ્ધહસ્તતા પ્રાપ્ત કરી છે કે સોનાના પદાર્થો પર પણ એવી જ રીતે પ્રયોગો કરી શકે છે.

એનો ભેદ ઉકેલવાનો પ્રયત્ન મેં મનોમન કરી જોયો. મને તરત જ વિચાર આવ્યો કે પાતળા લાંબા વાળને જો એક બાજુથી વીંટવામાં આવે તો સળિયાને તે પોતાના ગાળામાં પકડી શકે અને છતાં લગભગ અદૃષ્ટ રહી શકે. પછી મેં મારી નૃત્ય કરતી વીંટીને યાદ કરી. ફકીર થોડાંક ડગલાં દૂર ઊભેલો અને એના બન્ને હાથમાં વાદ્યિંત્ર હતું તે પણ યાદ કર્યું. ફકીરના મદદનીશને દોષ દેવાનું ઠીક ન લાગ્યું, કારણ કે ઢીંગલીઓના હલનચલન દરમિયાન એ તંબૂની બહાર ઊભેલો. આપીય વસ્તુને વધારે ઝીણવટથી કસી જોવા, એક ઉસ્તાદ જાદુગર તથા હાથચાલાકીવાળા માણસ તરીકે મેં એનાં વખાણ કર્યાં.

એનું કપાળ ઝાંખું પડી ગયું અને એણે ઉગ્રતાપૂર્વક એવા હોવાનો ઇનકાર કર્યો.

'ત્યારે તમે શું છો?' મેં મારી તપાસ ચાલુ રાખી.

'હું એક સાચો ફકીર છું.' પોતાના મદદનીશની મદદથી એણે ગૌરવપૂર્વક ઉત્તર આપ્યો: '– વિદ્યાનો અભ્યાસી છું.' એણે ઉર્દૂમાં કહી બતાવેલું એ વિદ્યાનું નામ મારાથી ન સમજી શકાયું.

મેં જણાવ્યું કે આવી બાબતોમાં મને રસ છે.

'હા. તમે ટોળામાં આવી પહોંચ્યા તે પહેલાં મને તેની ખબર પડેલી.' એણે સૂકા સ્વરમાં ઉત્તર આપ્યો: 'મેં તમને એટલા માટે જ તંબૂમાં બોલાવ્યા હતા.'

'બરાબર.'

'એમ ન માનતા કે હું લોભને લીધે પૈસા ભેગા કરું છું. મારા દિવંગત ગુરુને માટે ભવ્ય દરગાહ બાંધવા મારે અમુક રકમ જોઈએ છે. એ કામની પાછળ મેં દિલ લગાડી દીધું છે, અને એ બંધાશે નહિ ત્યાં સુધી હું નહિ જંપું.'

એના જીવન વિશે જરા વધારે કહેવા મેં એને પ્રાર્થના કરી. ઘણી નાખુશીપૂર્વક એણે મારી પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

'મારી ઉંમર તેર વરસની હતી ત્યારે મારા પિતાજીના બકરાંના ટોળાની દેખરેખ રાખવાનું મને સોંપાયું. એક દિવસ અમારા ગામમાં એક પાતળા તપસ્વી આવ્યા. એમનું પાતળું શરીર ભય લાગે તેવું હતું. એમની ચામડીમાંથી હાડકાં જાણે કે બહાર લટકતાં. મારા પિતાજી સંતપુરુષો પ્રત્યે પૂજ્યભાવ અને આદર રાખતા હોવાથી, એમણે રાતવાસાની તથા ખોરાકની માગણી કરવાથી, એમની માગણી એમણે તરત જ પૂરી કરી. કોણ જાણે કેમ પણ એક રાત રહેવાને બદલે, એમણે પોતાનો મુકામ એક વરસ સુધી લંબાવ્યો. અમારા કુટુંબને એ એટલા બધા ગમી ગયા કે મારા પિતાજીએ એમને અવારનવાર રોકાવાનો અને અમારું આતિથ્ય માણવાનો આગ્રહ કર્યો. એ એક અદ્‌ભુત માણસ હતા, અને અમને શરૂઆતમાં જ ખબર પડી કે એ આશ્ચર્યકારક શક્તિથી સંપન્ન છે. એક દિવસ સાંજે અમે ભાત ને શાકનું સાદું ભોજન કરી રહ્યા હતા ત્યારે, એ મને અવારનવાર બારીકાઈથી જોવા લાગ્યા. મને તે જોઈને નવાઈ લાગી. બીજે દિવસે સવારે હું બકરાંનું ધ્યાન રાખતો હતો ત્યાં તે આવી પહોંચ્યા ને મારી બાજુમાં બેસી ગયા.

'બેટા,' તેમણે કહ્યું : 'તને ફકીર બનવાનું ગમશે ખરું ?'

'ફકીરના જીવનનો સ્પષ્ટ ખ્યાલ મને નહોતો, પરંતુ એની આઝાદી અને અદ્‌ભુતતા મને ખૂબ જ અસર કરતી હતી. તેથી મેં જવાબ દીધો કે મને ફકીર થવાનું ગમશે. એમણે મારાં માતા-પિતાને વાત કરી અને કહ્યું કે ત્રણ વરસ પછી એ પાછા આવશે ને મને પોતાની સાથે લઈ જશે. વિચિત્ર વાત તો એ બની કે એ સમય દરમિયાન મારાં માતાપિતાનું મૃત્યુ થયું. તેથી એ પાછા આવ્યા ત્યારે એનો સાથ કરવા હું સંપૂર્ણપણે સ્વતંત્ર હતો. પછી તો અમે ગામડેગામડે પ્રવાસ કરતા દેશમાં ફરવા માંડ્યા. હું એમના શિષ્ય તરીકે અને એ મારા ગુરુરૂપે. આજે તમે જે ચમત્કારો જોયા તે ખરેખર તો એમના જ છે. કારણ કે આ ચમત્કારો કરવાની કળા મને એમણે જ શીખવી છે.'

'આ પ્રયોગો સહેલાઈથી શીખવાનું શક્ય છે ખરું ?' મેં પૂછ્યું.

ફકીરે હાસ્ય કર્યું.

'વરસોના સખત અભ્યાસથી જ કોઈને આવી વસ્તુઓ પરનું પ્રભુત્વ પ્રાપ્ત થઈ શકે.'

ગમે તેમ પણ મને એની વાતમાં સચ્ચાઈનો રણકો સંભળાયો. એ માણસ પ્રસન્ન તથા પ્રામાણિક લાગ્યો. જો કે હું સ્વભાવથી જ શંકાશીલ હતો તોપણ, મારી શંકાશીલતાને મેં બાજુએ રાખી.

કોઈક અસાધારણ સ્વપ્નને જોઈને બહાર આવ્યો હોઉં તેમ, તંબૂમાંથી હું અસ્વસ્થતાપૂર્વક બહાર નીકળ્યો ત્યારે, ખુશનુમા હવાએ મને તાજગી આપી. દૂરના કંપાઉન્ડમાં છાયા પાથરતાં સુંદર નાળિયેરીનાં વૃક્ષોની હારને હલાવતો એનો શબ્દ મને સંભળાયો. જેમજેમ આગળ ચાલતો ગયો તેમતેમ પેલા પ્રયોગો મને વધારે ને વધારે અવિશ્વસનીય લાગવા માંડ્યા. ફકીરે કોઈ યુક્તિ-પ્રયુક્તિનો આધાર લીધો હશે એવી મને શંકા થઈ શકે તેમ હતું, પરંતુ એનું ચારિત્ર્ય મને ઘણું પ્રામાણિક લાગ્યું. છતાં દેખીતા સંબંધ સિવાય જડ પદાર્થોને હલાવવાચલાવવાની એ આશ્ચર્યકારક કળાનો ખુલાસો કેવી રીતે આપી શકાય ? પોતાના મનના કેવળ તરંગોનો આધાર લઈને કોઈ પણ વ્યક્તિ કુદરતી કાનૂનોને કેવી રીતે ફેરવી શકે તે મારી સમજમાં ન આવ્યું. કદાચ આપણે માનીએ છીએ તેટલા પ્રમાણમાં વસ્તુઓના સ્વભાવનું જ્ઞાન આપણને નથી મળ્યું.

× × ×

પુરી ભારતનાં પવિત્ર શહેરોમાંનું એક છે. જૂના વખતથી ત્યાં મઠો ને મંદિરોનું વર્ચસ્વ છે. ઉત્સવના ખાસ દિવસો દરમિયાન પ્રવાસીઓ શહેરમાં મોટી સંખ્યામાં ભેગા થાય છે અને બે માઈલની મુસાફરીમાં જગન્નાથના પ્રચંડ રથને ખેંચવામાં મદદ કરે છે. એ તકનો લાભ લઈને ત્યાં આવતા સંતપુરુષોનો મેં સમાગમ

કર્યો, અને એના પરિણામરૂપે મારા મન પર પડેલી પહેલાંની પ્રતિકૂળ અસરો જરા હળવી બની. એ છાપોમાં ફેર પડ્યો.

એક પરિવ્રાજક સંતપુરુષ ભાંગીતૂટી પરંતુ સમજાય તેવી અંગ્રેજી ભાષા બોલતા હતા. એમના વિશેષ સંપર્કમાં આવવાથી એમનું વ્યક્તિત્વ ઘણું સુંદર લાગ્યું. એ ચાળીસ વરસ જેટલી ઉંમરના લાગતા હતા. ગળામાં એમણે પાતળી કંઠી પહેરી હતી. એમણે જણાવ્યું કે પોતે પ્રવાસ કરતાં કરતાં જુદાજુદા મઠો તથા મંદિરોમાં ફરી રહ્યા છે. એક જ કફની પહેરીને, ભિક્ષા પર નિર્ભર રહીને, પૂર્વ તથા દક્ષિણનાં મુખ્ય તીર્થસ્થાનોનું દર્શન કરવાની એમની મહત્ત્વાકાંક્ષા હતી. મેં એમને થોડીક ભિક્ષા આપી. બદલામાં એમણે મને તામિલમાં છપાયેલી એક પુસ્તિકા બતાવી. પીળા ડાઘાવાળી જૂનીપુરાણી એ ચોપડી એકાદ સૈકા પહેલાંની લાગી. એમાં કેટલાંક વિચિત્ર ચિત્રો હતાં. એમાંનાં બે ચિત્રોને સંભાળપૂર્વક ધીમેથી કાપી કાઢીને એમણે મને અર્પણ કર્યાં.

મારા આપેલા નામ પ્રમાણેના એક શિક્ષિત અથવા સાહિત્ય-રસિક સાધુ સાથેની મારી મુલાકાત વધારે આનંદદાયક થઈ પડી. એક વાર જમીન પર બેઠો બેઠો એક દિવસ સવારે હું ઉમર ખય્યામના ગુલાબની સુવાસવાળાં પૃષ્ઠોનું વાચન કરી રહેલો. 'રુબાયત' કવિતા મને સદાયે મુગ્ધ કરતી, પરંતુ એક યુવાન ઈરાની લેખકે મને એનો ગૂઢ અર્થ કહી બતાવ્યો ત્યારથી એની મસ્તીને માણવામાં મને બેવડો આનંદ આવ્યા કરતો. કદાચ કવિતામાંથી મળતા એ આનંદને લીધે જ મારી આગળ ચાલનારી વ્યક્તિનો ખ્યાલ મને ન રહ્યો. હું એમાં એટલો બધો લીન બની ગયો, કે પુસ્તકનાં છાપેલાં પૃષ્ઠો પરથી નજર હઠાવીને મેં ઉપર જોયું ત્યારે જ એ એકાએક આવી ચડેલા મુલાકાતીને મારી આગળ પલાંઠી વાળીને બેઠેલા જોયા.

એમણે સાધુની ભગવી કફની પહેરેલી, અને જમીન પર દંડ કે લાકડી અને નાનું પોટલું મૂકેલું. એમાંથી દેખાતાં કેટલીક ચોપડીઓનાં પૂંઠાં મારી નજરે પડ્યાં.

'માફ કરજો સાહેબ,' પોતાની ઓળખાણ આપતાં એમણે સરસ અંગ્રેજીમાં કહેવા માંડયું : 'હું પોતે પણ તમારા સાહિત્યનો વિદ્યાર્થી છું.' એમણે પોતાનું પોટલું છોડવા માંડયું : 'મહેરબાની કરીને ખોટું ન લગાડશો. તમારી સાથે વાત કરવાની વૃત્તિને હું રોકી નથી શકતો.'

'ખોટું લગાડું? બિલકુલ નહિ.' મેં એમની સામે સ્મિત કર્યું.

'તમે પ્રવાસી છો?'

'એવું ભાગ્યે જ કહી શકાય.'

'પરંતુ તમે અમારા દેશમાં લાંબો વખત રહ્યા નથી લાગતા.' એમણે ચાલુ રાખ્યું.

મેં હકારસૂચક માથું હલાવ્યું.

પોટલું છોડીને એમણે લૂગડે બાંધેલી, પુરાણા પૂંઠાવાળી તથા ફાટી ગયેલા અગ્રભાગવાળી ત્રણ ચોપડીઓ કાઢી. તે ઉપરાંત કાગળો વીંટેલી થોડીક પત્રિકાઓ તથા લખવાના કાગળ પણ બહાર કાઢ્યા.

'જુઓ સાહેબ, આ લૉર્ડ મેકોલેના નિબંધો છે. એની શૈલી ઘણી સુંદર છે. બુદ્ધિપ્રતિભા પણ ઊંચી છે. પરંતુ કેટલા બધા જડવાદી છે એ?'

મને થયું કે હું સાહિત્યના ઊગતા વિવેચક સાથે ભટકાઈ પડયો છું.

'આ ચાર્લ્સ ડીકન્સનું 'એ ટેઇલ ઑફ ટુ સીટીઝ' છે. કેટલી ઊર્મિ અને આંસુ આણનારી કરુણતાથી એ ભરપૂર છે!'

એટલું કહીને સાધુપુરુષે પોતાનો એ ભંડાર જલદીથી વીંટી દીધો અને ફરી મને સંબોધવાની શરૂઆત કરી.

'મારો વાતને ઉદ્ધતાઈમાં ન ખપાવો તો તમે જે પુસ્તક વાંચો છો તેનું નામ હું પૂછી શકું?'

'હું ખય્યામનું પુસ્તક વાંચી રહ્યો છું.'

'ખય્યામ ? મેં એમને વિશે નથી સાંભળ્યું. એ તમારા નવલ-કથાકારોમાંના એક છે ?'

મને એ સવાલ સાંભળીને હસવું આવ્યું.

'ના. કવિ છે.'

થોડી વાર શાંતિ રહી.

'તમે જબરા જિજ્ઞાસુ છો.' મેં કહ્યું : 'તમે ભીખ માગવા ધરચ્છો છો ?'

'હું પૈસાની ધરચ્છાથી નથી આવ્યો.' એમણે ધીમેથી ઉત્તર આપ્યો : 'હું ખરેખર જેની આશા રાખું છું, અથવા જે માગું છું તે તો એ છે કે તમે મને કોઈ પુસ્તક ભેટ આપો. મને વાચનનો એટલો બધો શોખ છે તે તમે જાણો છો.'

'ઠીક ત્યારે હું પુસ્તક આપીશ. હું બંગલે પાછો જાઉં ત્યારે તમે મારી સાથે આવી શકશો. તમને હું કોઈક હળવું તાજું પુસ્તક આપીશ. તે તમને અવશ્ય આનંદ આપશે.'

'તમારો ખૂબ આભાર માનું છું.'

'થોડીક વાર ઊભા રહો. હું ભેટ આપું તે પહેલાં તમે મને કાંઈક વધારે જણાવો એવી આશા રાખું છું. તમારી પોટલીમાં ત્રીજું પુસ્તક શેનું છે ?'

'અરે એ તો તદ્દન રસ વગરનું પુસ્તક છે.'

'બનવાજોગ છે, છતાં મને એનું નામ કહી બતાવો.'

'એનું નામ નથી કહી બતાવવા જેવું.'

'મેં આપવા ધારેલું પુસ્તક તમે હજુ પણ મેળવવા ધરચ્છો છો કે કેમ ?'

એ ભાઈ થોડાક ગભરાઈ ગયા.

'હું જરૂર ઇચ્છું છું. તમે દયાળુ કરો છો એટલે મારે કહેવું જોઈશે. એનું નામ 'સંપત્તિવાદ અને જડવાદ : પશ્ચિમનો અભ્યાસ : એક હિંદુ આલોચકદ્વારા' એવું છે.'

મેં આઘાત લાગ્યો હોવાનો ઢોંગ કર્યો.

'ઓહો ! ત્યારે શું તમે એવા સાહિત્યનો જ અભ્યાસ કરો છો?'

'મને આ પુસ્તક શહેરના એક વેપારીએ આપ્યું છે.' એમણે માફી માગતા હોય તેવી ઢબના નબળા સ્વરમાં બહાનું કાઢયું.

'મને તે જોવા દો તો !'

એ ફાટચાતૂટચા પુસ્તકનાં પ્રકરણોનાં મથાળાં પર મેં મારી દૃષ્ટિ દોડાવી અને આમતેમથી એકાદ પાનું વાંચી જોયું. એ પુસ્તક કોઈ બંગાળી બાબુએ લાગણીવશ ભાષાશૈલીમાં લખેલું અને બનતાં સુધી એના લેખકના જ ખરચે કલકત્તામાં પ્રસિદ્ધ થયેલું. પોતાના નામની પાછળ લગાડેલી બે ડિગ્રીના બળ પર, હાથમાં લીધેલા વિષયના કોઈ પણ પ્રકારના પૂર્વપરિચય વિના, લેખકે યુરોપ અને અમેરિકાને ભયંકર રીતે એવા નવા નરક જેવાં ચીતરી બતાવેલાં, જ્યાં પીડા અને અંધકાર વિના કશું નહોતું, તથા જ્યાંની વસતિ યંત્રણા ભોગવતા મજૂરવર્ગથી તથા નિરર્થક ભોગોમાં પડેલા ઉદ્દંડ મગજવાળા ધનવાન શાસકોથી જ ભરેલી હતી.

પુસ્તકને મેં કોઈ પણ જાતની ટીકાટિપ્પણી વિના પાછું આપ્યું. સાધુએ એને ઉતાવળથી એક તરફ મૂકી દીધું અને પોતાની પાસેથી એક પત્રિકા કાઢી.

'આમાં એક ભારતીય સંતની સંક્ષિપ્ત જીવનકથા છે, પરંતુ એ બંગાળીમાં છાપેલી છે.' એમણે જણાવ્યું.

'હવે એક વાતનો ખુલાસો કરો : તમે પેલા પુસ્તકના લેખક સાથે સંમત થાઓ છો?' મેં પ્રશ્ન કર્યો.

'થોડેક અંશે, શ્રીમાન્ થોડેક અંશે. એક વાર પશ્ચિમમાં પ્રવાસ કરવાની મારી મહત્ત્વાકાંક્ષા છે. તે વખતે હું મારી મેળે જ બધું જોઈ લઈશ.'

'ત્યાં તમે શું કરશો?'

'લોકોનાં અંધકાર ભરેલાં મનમાં પ્રકાશ પાથરવા ત્યાં પ્રવચનો કરીશ. તમારા દેશમાં મોટાં શહેરોમાં મંત્રમુગ્ધ કરનારાં પ્રવચનો કરનાર અમારા મહાપુરુષ સ્વામી વિવેકાનંદને પગલે ચાલવાનું હું પસંદ કરીશ. અફસોસની વાત છે કે એ ભરજુવાનીમાં જ જતા રહ્યા. એમની સાથે એમની સર્વોત્તમ સોનેરી વાણી પણ જતી રહી.'

'તમે કોઈ વિચિત્ર સાધુ લાગો છો.' મેં કહ્યું.

પોતાની આંગળીને નાકે લગાડીને એમણે ડહાપણભરી ભાષામાં ઉત્તર આપ્યો:

'સર્વોત્તમ સૂત્રધારે રંગમંચ તૈયાર કર્યો છે. આપણે તો એ રંગમંચ પર આવતા જતા અભિનેતાઓ છીએ. એથી વિશેષ કશું જ નહિ. તમારા વિશ્વવિખ્યાત શેકસ્પીયર પણ એવું જ કહી ગયા છે.'

× × ×

હવે મને પ્રતીતિ થઈ કે ભારતના સાધુસંતો એક જાતના ભારે સંમિશ્રણ જેવા છે. શક્તિ અથવા બુદ્ધિની દૃષ્ટિએ ફીકા દેખાવા છતાં મોટા ભાગના સંતો સારા અને ખૂબ નિર્દોષ છે. બીજા કેટલાક દુન્યવી જીવનની દૃષ્ટિએ નિષ્ફળતાના નમૂનારૂપ અથવા તો આરામપ્રિય જીવનમાં માનનારા છે. એમનામાંના એકે મારી પાસે આવીને ભિક્ષાની માગણી કરી. એની મોટી જટા, રાખ ચોળેલી કાયા અને લુચ્ચાઈથી ભરેલી મુખાકૃતિને લીધે એનો દેખાવ તિરસ્કારપાત્ર લાગતો હતો. પરિણામ શું આવે છે તે જોવા માટે મેં એની આજીજીની ઉપેક્ષા કરવાનો નિર્ણય કર્યો, પરંતુ એથી તો એનો દુરાગ્રહ વધતો ગયો. આખરે જ્યારે પોતાની ખૂબ જ માનનીય મહત્ત્વ ધરાવતી ગંદી જપમાળા વેચવાનો એણે મારી આગળ પ્રસ્તાવ મૂક્યો અને મારી પાસે મોટી રકમની માગણી કરી, ત્યારે મેં એને ચાલ્યા જવાની આજ્ઞા કરી.

કેટલાક એવા વિરલ દેખાતા મૂર્ખ સાધુઓ પણ જોવા મળે છે જે જાહેરમાં પોતાની જાતને કષ્ટ આપવાનો પ્રયાસ કરતા હોય છે. એક સાધુ પોતાના નખ દોઢેક ઈંચ લાંબા થાય ત્યાં સુધી હાથને હવામાં અદ્ધર રાખે છે, તો બીજો એની હરીફાઈ કરતો હોય તેમ વરસો સુધી એક પગ પર ઊભો રહે છે. એની નજીકમાં પડેલા ભિક્ષાપાત્રમાં દર્શનાર્થીઓ દ્વારા નખાયેલા થોડાક પૈસા ભેગા કરવા સિવાય, એવાં અનાકર્ષક પ્રદર્શનો કરીને એ કઈ વસ્તુઓ મેળવવાની આશા રાખે છે એ નક્કી કરવું મુશ્કેલ છે.

બીજા કેટલાક ખુલ્લી રીતે અનિષ્ટકારક જાદુવિદ્યાનો અધાર લે છે. એ મોટે ભાગે ગામડાંઓમાં કામ કરે છે. થોડીઘણી ફી લઈને એ તમારા શત્રુને હાનિ પહોંચાડે છે. અણગમતી સ્ત્રીનો નિકાલ કરી દે છે, અથવા તમારા પ્રતિસ્પર્ધીને રહસ્યમય માંદગીમાં સપડાવીને તમારી મહત્ત્વાકાંક્ષાનો માર્ગ મોકળો કરી દે છે. એવાં જાદુટોણાં કરનારા લોકોના સંબંધમાં ભટ્ટી અને આશ્ચર્યકારક વાતો સાંભળવા મળે છે. છતાં તે યોગી કે સાધુનું નામ ધારણ કરીને આનંદ કરે છે.

એ બધાથી અલગ તરી આવતો પવિત્ર સંતપુરુષોનો એક સુસંસ્કૃત અવશેષ જેવો વર્ગ પણ છે. એ વર્ગ સત્યની શોધમાં લાગ્યો હોવાથી, લાંબા વખતની સખત સાધનામાં ઝંપલાવે છે, પોતાની જાતની ઉપેક્ષા કરવાના કષ્ટપ્રદ તબક્કામાંથી પસાર થાય છે, અને સુસંગઠિત સમાજના પરંપરાગત વ્યવહારોથી દૂર રહે છે. એમની ભાવના એમને સાચી કે ખોટી રીતે પણ એવું કહેતી હોય છે કે સત્યનો સાક્ષાત્કાર કરવો એટલે સનાતન સુખની પ્રાપ્તિ કરવી. ભારતવાસીમાં જોવા મળતી એકસરખી, ધાર્મિક સત્યની શોધ માટેની સંસારત્યાગની પદ્ધતિ સાથે આપણે સંમત ન થઈએ તો ભલે, પરંતુ એને ત્યાગ માટે પ્રેરનારી લાગણી માટે તો શંકા નહિ જ કરી શકાય.

પશ્ચિમમાં પ્રત્યેક માણસને એવી શોધનો સમય નથી મળતો. એને માટે જે ઉદાસીનતા પ્રવર્તે છે તેના સ્વીકાર માટેનું બહાનું પણ

તેની પાસે સારું છે. કારણકે તે જાણે છે કે તે ભૂલ કરતો હશે તોપણ, આખાય ખંડની સાથે ભૂલ કરી રહ્યો છે. કારણકે આજનો શંકાશીલ યુગ સત્યની શોધને ક્ષુલ્લક ગણે છે, અને આપણી સર્વોત્તમ ક્ષણોમાં જે ક્ષુલ્લક લાગે છે તેવી વસ્તુઓની પાછળના પ્રખર પ્રયત્નોમાં પોતાની શક્તિનો વ્યય કરે છે. ગમે તેમ પણ આપણને એવું નથી લાગતું કે જીવનના સાચા અર્થને શોધવા જીવન વ્યતીત કરનારા થોડાક માણસો, જુદાજુદા કેટલાય રસો કે વિષયો પાછળ શક્તિઓનો વ્યય કરતા અને સત્યની શોધ માટે ભાગ્યે જ કદી વિચારતા લોકો કરતાં, વર્તમાનકાળના પ્રશ્નો સંબંધી સાચા અભિપ્રાયો બાંધી શકતા હોય છે.

મારા કામથી જુદા એવા બીજા જ કામને માટે એક વાર એક પશ્ચિમવાસીએ પંજાબના સપાટ પ્રદેશની મુલાકાત લીધેલી, પરંતુ તેને મળેલા માણસોએ તેને જુદા જ પાટા પર ચડાવી દીધો, અને એ પોતાના મૂળ હેતુને ભૂલી જવાની અણી પર આવી પહોંચ્યો. સિકંદરની ઇચ્છા પોતાના મુલક કરતાં વધારે મોટા મુલક પર શાસન કરવાની હતી. એ સૈનિકના સ્વાંગમાં આવેલો પરંતુ એની કારકિર્દી ફિલસૂફ તરીકે પૂરી થશે એવું લાગવા માંડયું.

પોતાના રથને હિમાચ્છાદિત પર્વતો તથા ગરમ રણોમાંથી ઘર તરફ લઈ જતી વખતે સિકંદરના મગજમાં કેવા વિચારો ઊઠતા હશે એનું અનુમાન કરવાનો પ્રયત્ન મેં વારંવાર કરી જોયો છે. એ સમજવાનું કામ કપરું નથી કે પોતાના સંસર્ગમાં આવેલા સંતપુરુષો અને યોગીઓથી મુગ્ધ થયેલો તથા તેમને આતુરતાપૂર્વક પ્રશ્નો પૂછવામાં અને એમના તત્ત્વજ્ઞાનની એકધારી ચર્ચા કરવામાં દિવસો પસાર કરનારો એ ગ્રીક રાજા જો એમનો વચ્ચે થોડાંક વધારે વરસો રહી શકયો હોત તો પોતાની નીતિના નવા ફેરફારોથી પશ્ચિમને આશ્ચર્યચકિત કરી દેત.

દેશના આદર્શવાદ અને દેશમાં રહેલી આધ્યાત્મિકતાને જીવંત રાખવાનો પ્રયાસ કરનારા સંતપુરુષોનો વર્ગ આજે પણ જોવા નથી

મળતો એમ નહિ. અનિચ્છનીય તત્ત્વોની પ્રધાનતા હોય એ સંભવિત છે. એનું કારણ વખતની વિધ્વંસકારી, પતનશીલ પ્રવૃત્તિ છે. એના અનિવાર્ય પરિણામરૂપે અધઃપતનનાં ચિહ્નો જોવા મળે છે. પરંતુ એને લીધે વધારે પ્રમાણમાં પ્રકાશી ઊઠનારા સાચા સંતોના અવશેષ જેવા બાકીના સંતો પ્રત્યે આંખમીંચામણાં કર્યે નહિ ચાલે. સાધુઓમાં એવી આશ્ચર્યકારક વિવિધતાઓ જોવા મળે છે કે જેમને લીધે આખાય સાધુવર્ગ પર યશ કે અપયશનું લેબલ લગાડવાનું ઠીક નથી લાગતું. લેભાગુ ખુશામતખોર સાધુપુરુષોની પરીક્ષા દેશ માટે મહાન આશીર્વાદરૂપ પુરવાર થશે એવી ખાતરી આપનારા ગરમ મગજના શહેરી વિદ્યાર્થીઓનું વલણ હું સમજી શકું છું. એની સાથે મોટી ઉંમરના ને શાંત શહેરોમાં રહેતા નમ્ર માનવોની એ વાતને પણ સમજી શકું છું કે ભારતીય સમાજમાં જો સંતપુરુષોનું ધ્યાન નહિ રખાય કે સંતપુરુષોને સ્થાન નહિ હોય તો તેની કિંમત કશી નહિ રહે.

બીજી દૃષ્ટિએ જોતાં એ સમસ્યા ભારતને માટે મહત્ત્વની છે. કારણ કે આર્થિક મુસીબત કેટલાંક નવાં મૂલ્યાંકનો કરવાની ફરજ પાડે છે. સાધુપુરુષો દેશમાં કોઈ અગત્યનું આર્થિક કામ નથી કરતા. વેશપલટાવાળા અજ્ઞ અથવા અભણ લોકો ગામડાંઓમાં ભમ્યા કરે છે અને કેટલાંક શહેરોમાં પ્રસંગોચિત ભરાતા ધાર્મિક મેળાઓમાં ભાગ લે છે. બાળકોને માટે તે કુતૂહલકારક ને મોટાને માટે ઉદ્ધત, દુરાગ્રહી ભિક્ષુક જેવા થઈ પડે છે. પોતાને મળે છે તેના બદલામાં તેમની પાસે આપવા જેવું કાંઈ જ ન હોવાથી તે સમાજને માટે ભારરૂપ છે. તે છતાં કેટલાક ખરેખરા ઉમદા આત્માઓ પણ છે જેમણે ઈશ્વરની શોધ માટે ઊંચા હોદ્દાઓનો તથા સંપત્તિનો પણ ત્યાગ કર્યો છે. જ્યાં જાય છે ત્યાં પોતાના સંપર્કમાં આવનારાની ઉન્નતિ કરવા તે પ્રયાસ કરે છે. ચારિત્ર્યની કાંઈક પણ કિંમત હોય તો, પોતાને તથા બીજાને ઉપર ઉઠાવવાના તેમના પ્રયત્નો તેમને મળતા રોટીના ટુકડા કે ભાતની થાળી જેટલા મૂલ્યવાન તો જરૂર કહી શકાય.

ઉપસંહારમાં એટલું કહી શકાય કે સાધુ સાધુનો મિથ્યા અંચળો ઓઢનારો હોય કે સાચો સાધુ પરિવ્રાજક હોય, એની ખરેખરી યોગ્યતાનો કચાસ કાઢવો હોય તો એના ઉપલક વેશ કે દેખાવની અંદર ડોકિયું કરતાં શીખવું જોઈએ.

× × ×

કલકત્તાની સાંકડી ભરચક વસ્તીવાળી શેરીઓમાં હું ફરતો હતો, તે જ વખતે ધરતી પર રાત્રીના અંધારા ઓળા ઊતરી પડ્યા.

સવારનું દર્શન થવાને હજી વાર હતી. અમારી ગાડીએ ભયંકર ભાર સાથે હાવરા સ્ટેશનમાં પ્રવેશ કર્યો. માઈલો લાંબો ગાડીનો રસ્તો. ચિત્તાઓ જેમાં સ્વૈરવિહાર કરતા એવા જોખમી જંગલમાંથી પસાર થતો. રાત્રી દરમિયાન અમારું એન્જિન એક ચિત્તા સાથે અથડાયું. ચિત્તો તરત જ મરી ગયો, અને એનું કપાઈ ગયેલું શરીર સ્ટેશને લાવવામાં આવ્યું. એનું ફાટી ગયેલું માંસ એની લોખંડી કાયામાંથી સહેલાઈથી બહાર આવતું નહોતું.

પરંતુ આગળ દોડતી જતી ગાડીમાં મારી શોધમાં માર્ગદર્શક થાય એવો એક ફણગો ફૂટી નીકળ્યો. ભારતની મોટા ભાગની મોટી લાઈનની ગાડીઓની જેમ એ ઠસોઠસ ભરી હતી. જે ડબામાં મને સૂવાની જગ્યા મેળવવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું તે અનેક પ્રકારના માનવોથી ભરેલો હતો. એ એમના કામકાજની ચર્ચા એવી ખુલ્લી રીતે કરતા હતા જેથી એ કોણ છે ને કેવા છે તે તરત જ જણાઈ આવતું હતું. એક માનનીય મુસલમાને ગળાની આજુબાજુ બંધ બટનવાળો લાંબો, કાળો, રેશમી કોટ પહેરેલો હતો. એના પાતળા માથા પર કાળી, સુંદર સોનેરી ભરતકામવાળી, ગોળ ટોપી હતી. એના પગની આજુબાજુ સફેદ પાયજામો હતો, અને લાલ ને લીલા તાણાવાણાવાળા એના સરસ બનાવટવાળા બૂટ એના પહેરવેશને કળાત્મક અંત પૂરો પાડતા. બીજો એક પશ્ચિમ ભારતનો ઘઉંવર્ણો મરાઠી હતો. ત્રીજો પોતાની જાતના બીજા

કેટલાય લોકોની પેઠે પૈસાની ધીરધારનો ધંધો કરતો, સોનેરી ફ્રેંટાવાળો મારવાડી હતો. એ ઉપરાંત દક્ષિણનો એક મજબૂત બાંધાનો બ્રાહ્મણ વકીલ પણ હતો. એ સઘળા શ્રીમંતો હતા કારણ કે એમની સાથે નોકરો હતા. એમના એ અંગત નોકરો એમના ત્રીજા વર્ગના ડબ્બામાંથી મોટા ભાગનાં સ્ટેશનેથી એમની સરભરા કરવાના ઉદ્દેશથી બહાર નીકળતા.

મુસલમાને મારી તરફ દૃષ્ટિ ફેંકી, આંખ બંધ કરી, અને ખાલી જગ્યામાં નિદ્રા માટે ઝંપલાવ્યું. મરાઠી મારવાડી સાથે વાતે વળગ્યો. બ્રાહ્મણે ડબ્બામાં હમણાં જ પ્રવેશ કર્યો હોવાથી એને હજુ ઠેકાણે પડવાનું હતું.

મને વાતે વળગવાની ઇચ્છા હતી, પરંતુ વાત કરવાલાયક કોઈ ન દેખાયું. પૂર્વ ને પશ્ચિમની વચ્ચેનો અદૃષ્ટ અંતરાય મને બીજા બધાથી અલગ પાડતો હોય એવું લાગ્યું એટલા માટે, જ્યારે બ્રાહ્મણે 'રામકૃષ્ણનું જીવન' નામના શીર્ષકવાળી ચોપડી કાઢી ત્યારે મને ઘણો જ આનંદ થયો. એ નામ ચોપડીના પૂંઠા પર એવા મોટા અક્ષરે છાપ્યું હતું કે મારાથી જોયા વિના ન રહેવાયું. હું લાલચ રોકી ના શકવાથી એની સાથે વાતે વળગ્યો. કોઈએ મને એક વાર એવું નહોતું કહ્યું કે રામકૃષ્ણ ઋષિઓમાં સૌથી છેલ્લા અથવા અંતિમ આધ્યાત્મિક મહાપુરુષ હતા? એ મુદ્દા પર મેં મારા સહપ્રવાસી સાથે વાતચીત શરૂ કરી, અને એણે મને સાથ આપ્યો. અમે તાત્ત્વિક ચર્ચાના ઉચ્ચતમ શિખર પર પહોંચી ગયા અને ભારતીય જીવનની ઘરેલુ બાજુની વાતો કરતા નીચે ઊતર્યા.

જ્યારે જ્યારે એ ઋષિના નામનો નિર્દેશ કરતો ત્યારે એનો સ્વર પ્રેમ ને પૂજ્યભાવથી ભરાઈ જતો, તથા એની આંખ પ્રકાશી ઊઠતી. લાંબા સમયથી સમાધિસ્થ થયેલા એ મહાપુરુષ પ્રત્યેની એની ભક્તિ યથાર્થ ને શંકારહિત હતી. બે કલાકની વાત દરમિયાન મને જણાયું કે એ બ્રાહ્મણના ગુરુ મહાન રામકૃષ્ણના બે કે ત્રણ જીવંત

શિષ્યોમાંના એક છે. એના એ ગુરુ આશરે એંસી વરસના છે, અને કોઈ એકાંત જંગલ પ્રદેશમાં નહિ પરંતુ કલકત્તાના હિંદુ લત્તાની વચ્ચે વાસ કરે છે.

મેં એમનું સરનામું માગ્યું. એણે એ ખુશીથી પૂરું પાડ્યું.

'એમને મળવા માટેની તમારી પોતાની ઇચ્છા સિવાયની બીજી કોઈપણ પ્રકારની ઓળખાણની જરૂર ત્યાં નહિ પડે.' વકીલે કહી બતાવ્યું.

અને એ પ્રમાણે હું હવે કલકત્તામાં રામકૃષ્ણના વયોવૃદ્ધ શિષ્ય માસ્ટર મહાશયના મકાનની તપાસ કરવા લાગ્યો.

રસ્તાની પાસે આવેલા ખુલ્લા વાડામાંથી પસાર થઈને, એક મોટા જૂનાપુરાણા મકાનમાં લઈ જતી ઊંચી નિસરણી પાસે હું આવી પહોંચ્યો. અંધારી નિસરણીનાં પગથિયાં પરથી આગળ વધીને છેક ઉપરના માળના નાના બારણામાંથી અંદર પ્રવેશ્યો. એ એક નાનો ખંડ હતો અને એનો દરવાજો સપાટ, અગાસી જેવા છાપરા પર પડતો. એની બે દીવાલો પાસે બેસવાની નીચી બેઠકો હતી. એક દીપક અને થોડાંક પુસ્તકો ને કાગળો સિવાય એ ઓરડામાં બીજું કશું જ નહોતું દેખાતું. ઓરડામાં એક યુવકે આવીને એના ગુરુ નીચેના માળથી ઉપર આવે ત્યાં સુધી રાહ જોવાની મને સૂચના કરી.

દસ મિનિટ થઈ ગઈ. નીચેના ખંડમાંથી બહાર પરસાળમાં આવીને કોઈ દાદર પર ચડતું હોય એવો અવાજ મને સંભળાયો. મારા મગજમાં તરત જ ઝણઝણાટી પેદા થઈ ને મને એકાએક વિચાર આવ્યો કે એ માણસે પોતાના વિચારો મારા પર કેન્દ્રિત કર્યા છે. દાદર પર એ વ્યક્તિનો પગરવ સંભળાયો. એમની ચાલ અત્યંત ધીમી હોવાથી, લાંબે વખતે એ ઓરડામાં આવ્યા, ત્યારે એમનું નામ જાહેર કરવાની જરૂર ન રહી. બાઇબલનાં પૃષ્ઠોમાંથી કોઈ માનનીય મુખ્ય પુરુષ પ્રગટ થયા હોય, અથવા પથ્થરયુગની કોઈક રંગબેરંગી આકૃતિએ શરીર ધાર્યું હોય, એવું લાગવા માંડ્યું. માથે

ટાલવાળી, લાંબી સફેદ દાઢીવાળી, સફેદ મૂછ, ગંભીર મુખાકૃતિ અને મોટી મનનશીલ આંખવાળી, તથા ૮૦ વરસ જેટલા દુન્યવી જીવનને લીધે થોડાક નમી ગયેલા ખભાવાળી એ વ્યક્તિ માસ્ટર મહાશય વિના બીજી કોઈ જ ન હોઈ શકે એની મને ખાતરી થઈ.

કોચ પર બેસીને એમણે મારી તરફ મોઢું ફેરવ્યું. એમના શાંત ને ગંભીર સાન્નિધ્યમાં મને તરત જ પ્રતીતિ થઈ કે હળવી વાતો, વિનોદ કે ઠઠ્ઠામશ્કરી તથા મારા અંતરમાં અવારનવાર ઉત્પન્ન થતા ભયંકર દોષદર્શન અને ઘેરા શંકાવાદના ઉચ્ચારણનો અવકાશ અહીં નથી લાગતો. ઈશ્વરની સંપૂર્ણ શ્રદ્ધા અને ચારિત્ર્યની ઉત્તમતાના સુભગ સમન્વયને પરિણામે પેદા થયેલું એમનું વ્યક્તિત્વ એમના દર્શનમાત્રથી સૌ કોઈને દેખાઈ આવે તેમ હતું.

સંપૂર્ણ શુદ્ધ ઉચ્ચારણવાળા અંગ્રેજીમાં એમણે મને સંબોધન કર્યું.

'તમારું સ્વાગત કરવામાં આવે છે.'

એમણે મને પાસે આવવાની અને એમના જ કોચ પર બેસવાની આજ્ઞા કરી. થોડીક મિનિટો સુધી એમણે મારો હાથ પકડી રાખ્યો. મારો પરિચય આપવાનું અને મારા આગમનનું પ્રયોજન કહી બતાવવાનું મને ઉચિત લાગ્યું. મારું કર્તવ્ય પૂરું થયું એટલે એમણે મારો હાથ ફરી વાર માયાળુતાથી દબાવ્યો અને કહ્યું :

'મહાન શક્તિએ તમને ભારતમાં આવવાની પ્રેરણા કરી છે, અને એ જ શક્તિ તમને અમારા દેશના સંતપુરુષોનો સમાગમ કરાવી રહી છે. એની પાછળ ખરેખરો હેતુ સમાયેલો છે. એને તમે ભવિષ્યમાં જાણી શકશો. એની ધીરજપૂર્વક પ્રતીક્ષા કરો.'

'તમારા ગુરુ રામકૃષ્ણ વિશે તમે કાંઈક કહી શકશો ?'

'તમે એવો વિષય છેડ્યો છે જેને વિશે વાત કરવાનું મને સૌથી વધારે ગમે છે. એ અમને આશરે પચાસ વરસ પહેલાં છોડી ગયા છે, પરંતુ એમની સુખદ સ્મૃતિ મારો ત્યાગ કદી નથી કરી શકતી. મારા હૃદયમાં કાયમ માટે એ એવી જ તાજી તથા સુવાસિત

છે. હું સત્તાવીસ વરસનો હતો ત્યારે મને એમનો મેળાપ થયો અને એમના જીવનનાં છેલ્લાં પાંચ વરસ હું એમના સંસર્ગમાં સતત રહ્યો. પરિણામે હું એક જુદો જ માણસ બની ગયો. જીવન પ્રત્યેનું મારું દૃષ્ટિબિંદુ જ બદલાઈ ગયું. ઈશ્વરીય રામકૃષ્ણનો પ્રભાવ એવો ભારે હતો. એમની મુલાકાત લેનારા સૌ કોઈને એ આધ્યાત્મિકતાથી આંજી નાખતા. સામાન્ય રીતે કહીએ તો એ એમને મુગ્ધ કરતા અને આનંદ આપતા. એમની હાજરીમાં હાંસી કરવા આવનારા જડવાદી લોકો પણ મૂગા બની જતા.'

'પરંતુ એવા લોકોને આધ્યાત્મિકતા માટે આદરભાવ કેવી રીતે થઈ શકે? એવા આદરભાવમાં તો તે માનતા જ ન હોય.' મેં આશ્ચર્યચકિત થઈને વચ્ચે પૂછ્યું.

માસ્ટર મહાશયના મોઢાના ખૂણા એમના અર્ધ સ્મિતને લીધે ખેંચાયા. એમણે ઉત્તર આપ્યો :

'બે માણસોએ મરચાનો સ્વાદ ચાખ્યો. એકને એના નામની ખબર નથી, અને એણે પોતાના જીવનમાં એનું કદી દર્શન પણ નથી કર્યું. બીજાને એનો બરાબર ખ્યાલ છે, અને એને એ તરત ઓળખી કાઢે છે. છતાં બંનેને એનો સ્વાદ એકસરખો નહિ લાગે? બંનેને એને લીધે જીભ પર બળતરાનો અનુભવ નહિ થાય? એ જ પ્રમાણે રામકૃષ્ણની આધ્યાત્મિક મહાનતાથી અજ્ઞાત હોવા છતાં જડવાદી લોકો એમની આધ્યાત્મિકતાના અનોખા પ્રભાવથી પ્રભાવિત થયા વિના કે એનો સ્વાદ ચાખ્યા વિના ન રહી શકતા.'

'તો પછી એ શું સાચેસાચ એક આધ્યાત્મિક મહાપુરુષ હતા?'

'હા. અને મારી માન્યતા મુજબ એથી પણ વધારે. રામકૃષ્ણ એક સાદા, અભણ અથવા નિરક્ષર પુરુષ હતા. એ એવા અભણ હતા કે કાગળ લખવાનું તો બાજુએ રહ્યું પરંતુ પોતાના નામની

સહી પણ નહોતા કરી શકતા. એમનો દેખાવ સરળ હતો અને એમની જીવનપદ્ધતિ એથી પણ વધારે સરળ હતી, છતાં તેઓ એ વખતના ભારતના કેટલાક સુશિક્ષિત ને સુસંસ્કૃત માનવોની શ્રદ્ધા-ભક્તિ સંપાદન કરી શકયા હતા. એમની અતિ વિરલ, અનુભવી શકાય એવી પ્રખર આધ્યાત્મિકતાની આગળ એમને મસ્તક નમાવવું પડતું. એમણે અમને શિખવાડયું કે આધ્યાત્મિકતાની સરખામણીમાં અભિમાન, ધન, ઐશ્વર્ય, દુન્યવી પ્રતિષ્ઠા તથા પદ ક્ષુલ્લક છે, કશી વિસાતમાં નથી, અને મનુષ્યને છેતરનારી ક્ષણભંગુર ભ્રમણા માત્ર છે. એ દિવસો અત્યંત આશ્ચર્યકારક હતા. અવારનવાર એ એવી અલૌકિક પ્રત્યક્ષ રીતે જોવા મળતી સમાધિમાં ઊતરી જતા કે એ વખતે એમની આગળ એકઠા થયેલા અમને એમ જ લાગતું કે એ માનવ નથી પણ ઈશ્વર છે. કેવળ એકાદ સ્પર્શથી પોતાના શિષ્યોની એવી અવસ્થાનો અનુભવ કરવાની શક્તિ પણ એમનામાં હતી એ ખરેખર આશ્ચર્યકારક હતું. એ અવસ્થામાં પ્રત્યક્ષ અનુભવદ્વારા એ ઈશ્વરના ગૂઢ રહસ્યનું જ્ઞાન મેળવતા. પરંતુ મને એમણે કેવી રીતે પ્રભાવિત કર્યો એ કહી બતાવું.

'મેં પશ્ચિમની પદ્ધતિ પ્રમાણે શિક્ષણ મેળવેલું. મારું મગજ બૌદ્ધિક અભિમાનથી ભરેલું હતું. કલકત્તાની કૉલેજોમાં મેં જુદેજુદે વખતે અંગ્રેજી સાહિત્ય, ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામ કરેલું. કલકત્તાથી થોડાક માઈલ પર નદીકાંઠે આવેલા દક્ષિણેશ્વરના મંદિરમાં રામકૃષ્ણ નિવાસ કરતા હતા. વસંતઋતુના એક અવિસ્મરણીય દિવસે ત્યાં મને એમની મુલાકાતનો અને એમના સ્વાનુભવને પરિણામે પેદા થયેલા આધ્યાત્મિક વિચારો સીધીસાદી ભાષામાં સાંભળવાનો લાભ મળ્યો. એમની સાથે દલીલમાં ઊતરવાનો નિર્બળ જેવો પ્રયાસ મેં કરી જોયો, પરંતુ એમની પવિત્ર હાજરીમાં મારું મોઢું તરત જ બંધ થઈ ગયું. એની અસર મારા પર એટલી બધી ઊંડી પડી કે એને શબ્દોમાં વ્યક્ત ન કરી શકાય. મેં એમની અવારનવાર મુલાકાત લેવા માંડી. દીન જેવા દેખાતા નમ્ર ને દિવ્ય

એ પુરુષથી દૂર રહેવાનું મારે માટે અશક્ય થઈ પડ્યું. છેવટે રામકૃષ્ણે એક દિવસ હસતાં હસતાં કહેવા માંડ્યું :

'એક મોરને બરાબર ચાર વાગ્યે અફીણની ગોળી આપવામાં આવી. બીજે દિવસે એ ફરીથી બરાબર એ જ વખતે આવી પહોંચ્યો. એ અફીણના ઘેનમાં હતો ને બીજી ગોળી લેવા આવી પહોંચ્યો હતો.

'એક રીતે જોતાં એ સાચું હતું. રામકૃષ્ણની સંનિધિમાં મને જે સુખદ અનુભવો થતા તે પહેલાં કદી પણ નહોતા થયા. એટલે એમની પાસે હું વારંવાર જવા માંડ્યો. એમાં કોઈ આશ્ચર્ય છે ખરું ? એવી રીતે કેવળ પ્રસંગોપાત્ત આવતા મુલાકાતીઓ કરતાં અલગ તરી આવીને હું એમના ખાસ શિષ્યોમાંનો એક થયો. મારા ગુરુએ મને એક વાર કહ્યું :

'તારી આંખનાં, તારા કપાળનાં અને તારા ચહેરાનાં લક્ષણો પરથી હું જોઈ શકું છું કે તું યોગી છે. એટલા માટે કામ કરતાં કરતાં મનને ઈશ્વરમાં જોડેલું રાખ. માતાપિતા, સ્ત્રી ને સંતાન સાથે તારાં પોતાનાં હોય તેમ રહીને એમની સેવા કર. કાચબો સરોવરના પાણીમાં તરે છે પણ એનું મન કિનારા પરનાં એનાં ઈંડાંમાં લાગ્યું હોય છે, એવી રીતે દુન્યવી કામ કરતાં કરતાં મનને ઈશ્વરમાં રાખ.'

'એટલા માટે, અમારા ગુરુના દેહવિલય પછી, મોટા ભાગના બીજા શિષ્યોએ સ્વેચ્છાપૂર્વક સંસારત્યાગ કરીને ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં અને ભારતવર્ષમાંથી રામકૃષ્ણનો સંદેશ વહેતો કરવા પોતાની જાતને તૈયાર કરી ત્યારે પણ, મેં મારું કામ ન છોડ્યું ને શિક્ષણ-ક્ષેત્રે મારી સેવા ચાલુ રાખી. છતાં સંસારમાં રહ્યા છતાં એનાથી અલિપ્ત રહેવાનો મારો નિર્ણય એવો ભારે હતો કે કેટલીક વાર મધ્યરાત્રી દરમિયાન સેનેટ હાઉસની ખુલ્લી પરસાળમાં જઈને ત્યાં રાત્રી વ્યતીત કરવા માટે એકઠા થયેલા શહેરના ઘર વગરના ભિખા-

રીઓની સાથે હું સૂઈ જતો. એને લીધે કામચલાઉ વખત માટે પણ મને અનુભવવા મળતું કે હું એક સંપત્તિ વગરનો મનુષ્ય છું.

'રામકૃષ્ણ તો વિદાય થયા છે, પરંતુ ભારતમાં પ્રવાસ કરશો તેમતેમ એમના શરૂઆતના શિષ્યોની પ્રેરણાદ્વારા કરાતી સામાજિક કેળવણી, ઔષધિ તથા જીવદયાને લગતી પ્રવૃત્તિઓમાંથી કેટલીકનું દર્શન તમે કરી શકશો. એ શિષ્યોમાંના મોટા ભાગના શિષ્યો પણ હવે વિદાય થઈ ગયા છે. એ અદ્‌ભુત મહાપુરુષની અસરથી જેમનાં હૃદય અને જીવનનાં પરિવર્તન થયાં હોય એવા લોકોની સંખ્યાનો ખ્યાલ તમને એટલો જલદી નહિ આવી શકે. કારણકે એમનો સંદેશ એક શિષ્યદ્વારા બીજા શિષ્યને પરંપરાગત આપવામાં આવ્યો છે. એ શિષ્યોએ એને જેટલી વ્યાપક રીતે ફેલાવી શકાય એટલી વ્યાપક રીતે ફેલાવ્યો છે. એમનાં અનેક ઉપદેશવચનોને બંગાળીમાં લિપિબદ્ધ કરવાનું મને સદ્‌ભાગ્ય મળ્યું છે. એ છપાયેલા પુસ્તકને બંગાળના લગભગ પ્રત્યેક ઘરમાં સ્થાન મળ્યું છે, અને એના અનુવાદો ભારતના બીજા ભાગમાં પહોંચી ગયા છે. એના પરથી તમને સમજાશે કે રામકૃષ્ણની અસર એમના નજીકના શિષ્યોના નાનકડા મંડળને વટાવીને કેટલી બધી દૂર પહોંચી ગઈ છે!'

માસ્ટર મહાશય પોતાનું લાંબું વક્તવ્ય પૂરું કરીને શાંતિમાં ડૂબી ગયા. એમના મુખ તરફ મેં ફરીથી જોયું તો એ મુખ પરના બિનહિંદુ રૂપરંગથી મને નવાઈ લાગી. મારું મન એશિયા માઈનોરના નાનકડા રાજ્યમાં જઈ પહોંચ્યું, જ્યાં ઈઝરાયલનાં સંતાનો એમની મુસીબતોમાંથી કામચલાઉ છુટકારો મેળવતાં. એમની વચ્ચે રહીને એમને ઉપદેશ આપતા આદરણીય પયગંબરરૂપે માસ્તર મહાશયનું રેખાચિત્ર મારી સામે ઊભું રહ્યું. એ કેટલા બધા ઉદાત્ત અને મોભાદાર દેખાય છે! એમની ભલાઈ, પ્રામાણિકતા, શીલવૃત્તિ, પવિત્રતા અને નિખાલસતા પારદર્શક છે. પોતાના આત્માના અવાજને અનુસરીને લાંબા કાળ સુધી જીવનારા માણસમાં જે આત્મગૌરવ હોય તે એમનામાં જોવા મળે છે.

'મને વિચાર થાય છે કે કેવળ વિશ્વાસના આધાર પર ન જીવી શકનારા પરંતુ બુદ્ધિ અને તર્કને તૃપ્ત કરવાની ઇચ્છાવાળા માણસને રામકૃષ્ણે શું કહ્યું હોત?'

'એમણે એને પ્રાર્થના કરવા કહ્યું હોત. પ્રાર્થનાની શક્તિ ઘણી પ્રબળ છે. રામકૃષ્ણે પોતે પણ ધાર્મિક સંસ્કારવાળા આત્માઓને મોકલી આપવા માટે ઈશ્વરને પ્રાર્થના કરેલી, અને પછી તરત જ પાછળથી એમના ભક્તો કે શિષ્યો થનાર આત્માઓ આવવા માંડ્યા.'

'પરંતુ કોઈએ પ્રાર્થના કરી જ ન હોય તો?'

'પ્રાર્થનાનો ઉપાય છેલ્લો છે. માણસને માટે છેવટનો રસ્તો એ જ રહે છે. બુદ્ધિ જ્યાં નિષ્ફળ જાય છે કે નાસીપાસ થાય છે ત્યાં પ્રાર્થના મદદ કરે છે.'

'છતાં કોઈ તમારી પાસે આવીને કહે કે એની પ્રકૃતિને પ્રાર્થના નથી ફાવતી, તો તમે તેને શી સલાહ આપશો?' મેં નમ્રતાપૂર્વક કહેવાનું ચાલુ રાખ્યું.

'તો પછી તે આત્મિક અનુભવની પ્રાપ્તિ કરી ચૂકેલા સાચા સંતોનો વારંવાર સમાગમ કરે. એમનો સતત સમાગમ એની સુષુપ્ત આત્મિક શક્તિને જગાડવામાં મદદરૂપ થશે. ઉચ્ચ કોટિના પુરુષો આપણા મનને અને આપણી ઇચ્છાઓને દૈવી હેતુ તરફ વાળી દે છે. તે ઉપરાંત, આત્મિક જીવનની ઉત્કટ ઇચ્છાને ઉત્તેજે છે પણ ખરા. એટલા માટે એવા પુરુષોનો સંગ પહેલા પગથિયા તરીકે, અને રામકૃષ્ણ પોતે કહેતા તેમ ઘણી વાર છેલ્લા પગથિયા તરીકે પણ, ઘણો અગત્યનો છે.'

એવી રીતે અમે ઉત્તમ ને પવિત્ર વિષયોની ને શિવસ્વરૂપ ઈશ્વર વિના માણસને બીજી રીતે શાંતિ ન મળી શકે તેની વાતો કરી. એ આખીયે સાંજ દરમિયાન જુદાજુદા મુલાકાતીઓ આવ્યા કર્યા. આખરે આખોય નાનો ઓરડો માસ્ટર મહાશયના ભક્તોથી

ભરાઈ ગયો. રાતે પણ એ આવવા માંડ્યા ને એમના ગુરુનો પ્રત્યેક શબ્દ સાંભળવા માટે ચાર માળના એ મકાનનો દાદરો ચડતા રહ્યા.

થોડા વખત સુધી તો મેં પણ એમની સાથે જોડાવા માંડ્યું. માસ્ટર મહાશયનાં પવિત્ર વચનો સાંભળવાની ઇચ્છા કરતાં વધારે તો એમની હાજરીમાં ફેલાતા આત્મિક ઓજસમાં સ્નાન કરવાની ઇચ્છાથી પ્રેરાઈને હું પણ ત્યાં પ્રત્યેક રાતે જવા લાગ્યો. એમની આજુબાજુનું વાતાવરણ શાંત અને સુંદર તથા સરળ અને સ્નેહમય હતું. એમ લાગતું હતું કે એમને કોઈક અંદરની ધન્યતા મળી ચૂકી છે અને એનો પ્રકાશ સ્પષ્ટ છે. એમના શબ્દોને હું કેટલીય વાર ભૂલી જતો, પરંતુ એમનું કૃપાપૂર્ણ વ્યક્તિત્વ મારાથી ભૂલી ન શકાતું. એમને જે વસ્તુ વારંવાર રામકૃષ્ણ પાસે ખેંચી જતી તે મને એમની પાસે ખેંચી જવા માંડી, અને મને સમજવા લાગ્યું કે શિષ્ય જ્યારે મારા પર આટલું આકર્ષણ જમાવે છે ત્યારે ગુરુનો પ્રભાવ કેટલો બધો પ્રબળ હશે!

છેલ્લી સાંજે કોચ પર એમની બાજુમાં સુખપૂર્વક બેઠો ત્યારે વખત કયાં વીતી ગયો તેની ખબર ન પડી. કલાક પર કલાક પસાર થતો રહ્યો. અમારી વાતચીત દરમિયાન મૂગા રહેવાનો શાંત સમય ન મળ્યો, છતાં એ લાંબે વખતે આવી પહોંચ્યો. એ પછી એ સદ્‌ગુરુ મારો હાથ પકડીને મને એમના મકાનના અગાસી જેવા છાપરા પર લઈ ગયા. ત્યાં સુંદર ચાંદનીમાં કૂંડાં તથા ઘડાઓમાં ઊગેલા મોટા છોડવાઓની ગોળાકાર ગોઠવણી મારી નજરે પડી. નીચે દૃષ્ટિપાત કરતાં કલકત્તાનાં મકાનોની હજારો બત્તીઓનો પ્રકાશ દેખાવા લાગ્યો.

ચંદ્ર પૂરેપૂરો ખીલી ઊઠ્યો હતો. માસ્ટર મહાશયને એની તરફ સંકેત કર્યો અને થોડા વખત સુધી શાંત પ્રાર્થનામાં મન પરોવ્યું. એમની પ્રાર્થનાની પૂર્ણાહુતિ સુધી હું એમની બાજુએ ધીરજપૂર્વક ઊભો રહ્યો. એમણે મારી તરફ ફરીને એમનો આશીર્વાદ આપતો હાથ ઊંચો કર્યો અને ધીમેથી મારા મસ્તક પર મૂક્યો.

જો કે હું ધાર્મિક નહોતો તોપણ એ દેવદૂત જેવા પુરુષને નમ્રતાપૂર્વક નમી પડ્યો. સતત શાંતિની કેટલીક વધારે પળો પસાર થયા પછી એ મૃદુ સ્વરે બોલ્યા :

'મારું જીવનકાર્ય હવે લગભગ પૂરું થયું છે. ઈશ્વરે આ શરીરને જે કામ કરવા અહીં મોકલેલું તે કામ તેણે મોટે ભાગે પૂરું કર્યું છે. હું વિદાય થાઉં તે પહેલાં મારા આશીર્વાદનો સ્વીકાર કરો.'

(મારે કહેવું જોઈએ કે એ પછી થોડાક વખતમાં જ મને એમના મૃત્યુની માહિતી મળી.)

એમણે મારા અંતરને વિચિત્ર રીતે હલાવી નાખ્યું. ઊંઘવાનો વિચાર છોડી દઈને મેં કેટલીય શેરીઓમાં ફરવા માંડ્યું. છેવટે જ્યારે હું એક મોટી મસ્જિદ પાસે પહોંચ્યો અને મધ્યરાત્રીની નીરવતામાં નીકળતો 'ઈશ્વર સૌથી શ્રેષ્ઠ છે'નો ગંભીર ધ્વનિ મારે કાને પડ્યો, ત્યારે મને વિચાર થયો કે જેને હું વળગી રહ્યો છું તે બૌદ્ધિક સંશયવાદમાંથી મુક્ત કરીને જો કોઈ મને સરળ શ્રદ્ધાવાળા જીવન પર લગાડી શકે તેમ હોય તેમ તે માસ્ટર મહાશય જ છે એમાં શંકા નથી.

× × ×

'તમે એમનાથી વંચિત રહ્યા. તમારે માટે એમને મળવાનું કદાચ નહિ નિર્માયું હોય. કોને ખબર છે?'

એ શબ્દો કહેનારા કલકત્તાની એક હૉસ્પિટલના હાઉસ સરજન ડૉક્ટર બંદોપાધ્યાયના હતા. શહેરના સૌથી હોશિયાર તબીબોમાંના એ એક ગણાતા. એમણે છ હજાર ઑપરેશન કરેલાં. એમના નામની પાછળ કેટલીય ડિગ્રીઓ હતી. મને મળેલા હઠયોગના થોડાક જ્ઞાનની એમની સાથે મળીને સંભાળપૂર્વક ઝીણવટભરી ચકાસણી કરવામાં મને ઘણો આનંદ મળેલો. યોગના વિષયને બુદ્ધિની ભૂમિકા પરથી સમજવાના મારા પ્રયત્નમાં એમની દવાની વૈજ્ઞાનિક તાલીમે તેમ જ શરીરશાસ્ત્રના એમના પરિપક્વ જ્ઞાને મને ઘણી મદદ કરેલી.

'હું યોગ વિશે લગભગ કશું જ નથી જાણતો.' એમણે કબૂલ કર્યું : 'તમે કહો છો તે મારે માટે તદ્દન નવું છે. થોડા વખત પહેલાં કલકત્તા આવેલા નરસિંહ સ્વામી સિવાય બીજા કોઈ સાચા યોગીને પણ હું નથી જાણતો.'

એ પછી મેં એ યોગીના નિવાસ વિશે પૂછપરછ કરી ત્યારે આવો નિરાશાજનક જવાબ મળ્યો :

'નરસિંહ સ્વામી કલકત્તામાં ઝળકયા, એમણે હલચલ મચાવી, અને કોણ જાણે કયાં જતા રહ્યા. મને લાગે છે કે અહીં આવતાં પહેલાં એ એકાએક એમના કોઈ એકાંત આશ્રયસ્થાનમાંથી બહાર નીકળ્યા હશે. એટલે પાછા પણ ત્યાં જ ગયા હશે.'

'જે કાંઈ બન્યું તે જાણવાનું મને મન થાય છે.'

'થોડા વખત માટે એ શહેરની વાતનો વિષય બની ગયા. માધુપુરમાં એકાદ બે મહિના પહેલાં કલકત્તા યુનિવર્સિટીની પ્રેસિડન્સી કૉલેજના કેમિસ્ટ્રીના પ્રોફેસર ડૉ. નિયોગીને એમનો પરિચય થયેલો. ડૉ. નિયોગીએ એમને ઝેરી ઍસિડનાં થોડાંક ટપકાં ચાટતા અને ધગધગતા અંગારાને મોઢામાં ઠાંસીને ભરતા તથા તે બુઝાઈ જાય ત્યાં સુધી એમાં રાખતા જોયા. એ જોઈને ડૉકટરનો રસ વધ્યો. એમણે યોગીને કલકત્તા આવવા સમજાવ્યા. યુનિવર્સિટીએ માત્ર વૈજ્ઞાનિકો અને ડૉકટરોની સભા આગળ નરસિંહ સ્વામીની શક્તિઓનું જાહેર દિગ્દર્શન ગોઠવ્યું. મને પણ તેમાં હાજર રહેવાનું આમંત્રણ અપાયેલું. પ્રેસિડન્સી કૉલેજના ફિઝિક્સ થિયેટરમાં એ સમારંભ ગોઠવાયેલો. અમારામાંના કેટલાય ટીકાત્મક વલણ ધરાવતા. તમને ખબર છે તે મુજબ, મારું ધ્યાન ધંધાકીય અભ્યાસ પર કેન્દ્રિત થયેલું હોવાથી, ધર્મ, યોગ અને એવી બીજી વાતોનો વિચાર મેં ઘણો ઓછો કર્યો છે.

'યોગી થિયેટરની વચ્ચે ઊભા રહ્યા. એમને કૉલેજની પ્રયોગશાળાના જથ્થામાંથી કાઢેલાં ઝેર આપવામાં આવ્યાં. પહેલાં અમે એમને સલ્ફરીક ઍસિડની બાટલી આપી. એમણે એનાં થોડાંક ટીપાં

પોતાની હથેળીમાં પાડયાં અને એમને જીભથી ચાટી લીધાં. પછી એમને સખત કાર્બોલિક ઍસિડ આપવામાં આવ્યો. એને પણ એ ચાટી ગયા. અમે એમને પેલું પોટાશિયમ સાયનાઈડ નામનું તીવ્ર ઝેર આપી જોયું. પરંતુ એને પણ એ સહેજ પણ સંકોચ વિના ગળી ગયા. એ આખોય પ્રયોગ આશ્ચર્યકારક અને ન માની શકાય તેવો હતો, છતાં અમારી આંખના પ્રત્યક્ષ પુરાવાને માન્યા સિવાય છૂટકો નહોતો. બીજો માણસ જોથી વધારેમાં વધારે ફક્ત ત્રણ જ મિનિટમાં મરી જાય એટલો પોટાશિયમ સાયનાઈડ લેવા છતાં એમને દેખીતી રીતે જ કોઈ જાતની ઈજા નહોતી પહોંચી. ઊલટું, એ સ્મિતપૂર્વક ઊભા હતા.

'એ પછી એક જાડી કાચની બાટલી તોડવામાં આવી અને એના ટુકડાને પાવડર સાથે લસોટી નાખવામાં આવ્યા. નરસિંહ સ્વામી ધીમેથી મારી નાખનારો એ પાવડર ગળી ગયા. એ વિચિત્ર ખોરાક લીધા પછી ત્રણ કલાકે કલકત્તાના અમારા એક ડૉક્ટરે યોગીના પેટમાં પંપ લગાડીને એમના પેટના સત્ત્વને બહાર કાઢયું. પેટમાં ઝેરોની હયાતી સાફ જણાઈ આવી. બીજે દિવસે એમના મળમાં પાવડરવાળો કાચ દેખાયો.

અમારી કસોટી તદ્દન પ્રામાણિક અને શંકા વગરની હતી. સલ્ફરીક ઍસિડની શક્તિનો ખ્યાલ એક તાંબાના સિક્કા પર એની મારક અસરનો પ્રયોગ કરી બતાવીને આપવામાં આવ્યો. યોગીના પ્રયોગ વખતે હાજર રહેનારાઓમાં એક નોબલ પ્રાઈઝના વિજેતા વિખ્યાત વૈજ્ઞાનિક સર સી. વી. રામન પણ હતા. એમણે એ આખાય પ્રયોગને આજના વિજ્ઞાનને માટે પડકારરૂપ કહી બતાવ્યો. પોતાના શરીર સાથે પોતે આવી છૂટછાટ કેવી રીતે લઈ શકે છે એવા અમારા પ્રશ્નના ઉત્તરમાં નરસિંહ સ્વામીએ જણાવ્યું કે ઘેર જઈને તરત જ પોતે સમાધિમાં બેસી જાય છે અને મનની ઊંડી એકાગ્રતાદ્વારા ઝેરોની મારક અસરનો મુકાબલો કરે છે.

'ઔષધિશાસ્ત્રના આધાર પર તમે આ વિશે કોઈ ખુલાસો કરી શકો છો ?'

ડૉક્ટરે માથું ધુણાવ્યું.

'ના. એનો ખુલાસો હું નથી આપી શકતો. આ બધું જોઈને હું પૂરેપૂરો મૂંઝવણમાં મુકાઈ ગયો છું.'

ઘેર આવીને મારી પેટી ખોલી મેં નોટબુક શોધવા માંડી. એમાં મેં પેલા અડિયાર નદીના યોગી બ્રહ્મ સાથેની વાતચીતની નોંધ કરેલી. એનાં પૃષ્ઠો ફેરવતાં છેવટે મારી નજરે નોંધ પડી :

'એ ઉત્તમ અભ્યાસનો આધાર લેનારને ગમે તેવાં ભયંકર ઝેર પણ કશી હાનિ નથી કરી શકતાં. એ અભ્યાસ અમુક ચોક્કસ પ્રકારનાં આસન, પ્રાણાયામ, ઇચ્છાશક્તિ તેમ જ મનની એકાગ્રતાની ક્રિયાઓનો સંયુક્ત અભ્યાસ હોય છે. અમારી પરંપરા પ્રમાણે, એની મદદથી સિદ્ધ પુરુષ પોતાની ઇચ્છા પ્રમાણેના પદાર્થ કે ઝેર પણ કોઈ જાતની તકલીફ વિના સ્વાહા કરી જવાની શક્તિ મેળવે છે. પ્રયોગ અત્યંત અઘરો છે અને એની શક્યતાને સાચવી રાખવા નિયમિત રીતે કરાવો જોઈએ. એક વયોવૃદ્ધ પુરુષે એક વાર મને બનારસમાં રહેતા અને કોઈ પણ પ્રકારના નુકસાન વગર જથ્થાબંધ ઝેર પી શકતા યોગીની માહિતી આપેલી. એ યોગીનું નામ તૈલંગ સ્વામી હતું. એ દિવસોમાં શહેરમાં એ સુપ્રસિદ્ધ હતા. પરંતુ ઘણાં વરસો પહેલાં એમનું મૃત્યુ થયું છે. તૈલંગ સ્વામી શરીરસંયમ અથવા હઠયોગમાં અત્યંત આગળ વધેલા મહાન સિદ્ધપુરુષ હતા. વરસો સુધી એ ગંગાના તટ પર લગભગ નગ્નાવસ્થામાં રહ્યા, પરંતુ એમણે મૌનવ્રત ધારણ કર્યું હોવાથી કોઈ એમની સાથે ભાગ્યે જ વાત કરી શકતું.'

(થોડા વખત પછી નરસિંહ સ્વામી કલકત્તામાં પાછા આવેલા ત્યાંથી એ રંગુન તથા બર્મા ગયા. ત્યાં પણ એમણે એવા જ પ્રયોગો કરી બતાવ્યા. પરંતુ મુલાકાતીઓની ઓચિંતી ભીડ થવાથી, ઘેર પહોંચ્યા પછી દર વખતની જેમ સમાધિમાં બેસવાનું ચૂકી ગયા. એને પરિણામે એમનું કરુણ મૃત્યુ થયું.)

એ વિષયની માહિતી મને બ્રહ્મ મારફત જ્યારે પહેલી વાર મળી ત્યારે ઝેરની સાથે છૂટછાટ લેવાની વાત મને અશક્ય અને ન માનવા જેવી લાગેલી. પરંતુ શું શક્ય છે ને શું નથી એ સંબંધી વિચારોની મેં પહેલાં બાંધેલી મર્યાદાઓ હવે જરાક હાલવા લાગી. યોગીઓનાં ન માનવા જેવાં અને મોટે ભાગે સમજી ન શકાય તેવાં ગહન કામો જોઈને હું કેટલીક વાર વિસ્મયમાં પડી ગયો છું. છતાં કોને ખબર કે, કદાચ એ એવાં ગૂઢ રહસ્યોનું જ્ઞાન ધરાવે છે જેમની શોધ કરવા આપણે પશ્ચિમવાસીઓ હજારો પ્રયોગશાળાઓના પ્રયોગો દ્વારા નિરર્થક રીતે પ્રયત્નો કરીએ છીએ ?

૧૧

બનારસના આશ્ચર્યકારક કામ કરનારા સંતપુરુષ

બંગાલમાંના પરિભ્રમણ દરમિયાન મને મળેલા અનુભવોને લિપિબદ્ધ કર્યા વિના જ હું આગળ વધીશ, અને પોતાના પર્વતીય મઠમાં આવવાનું આમંત્રણ આપનાર ત્રણ તિબ્બતી લામાઓ સાથેની મારી અણધારી મુલાકાતોની વિગતોમાં પણ નહિ ઊતરું, કેમ કે બનારસના પવિત્ર શહેરમાં પ્રવેશવાની મને ઉત્સુકતા છે.

શહેરની પાસેના મોટા લોખંડી પુલ પર ગાડી ગર્જના કરતી આગળ વધવા માંડી. એનો અવાજ જૂનીપુરાણી, એક જ સ્વરૂપમાં રહેનારી પ્રાચીન સમાજવ્યવસ્થા પર આધુનિકતાના એક વધારે આક્રમણનો સંદેશ આપતો હતો. પરદેશી અને નાસ્તિક લોકો ગંગાના આસમાની રંગનાં વાદળી જેવાં પાણીમાં સુસવાટા કરતી સ્ટીમ બોટો ચલાવવા માંડ્યા. એટલે પવિત્ર ગંગા વધારે વખત સુધી ભાગ્યે જ પવિત્ર રહી શકે તેમ હતી.

ત્યારે હવે બનારસ આવી ગયું!

પરસ્પર હડસેલા મારીને ભીડમાંથી આગળ વધતા યાત્રીઓના મોટા ટોળામાંથી પસાર થઈને હું સ્ટેશનની બહાર ઊભેલી એક ઘોડાગાડીમાં બેસી ગયો. ધુળિયા રસ્તા પરથી પસાર થતી વખતે વાતાવરણમાંના એક નવા તત્ત્વની મને ખબર પડી. મેં એની ઉપેક્ષા કરવાની કોશિશ કરી જોઈ, પરંતુ એના વધતા જતા દબાણને લીધે મારું ધ્યાન એની તરફ ગયા વિના ન રહી શકયું.

આ ભારતનું સૌથી પવિત્ર શહેર છે, પરંતુ એ અત્યંત ગંધથી ભરેલું છે. બનારસ ભારતનું સૌથી પ્રાચીન વસતીવાળું શહેર ગણાય છે. એની સુવાસ એની પ્રસિદ્ધિને સાચી કહી બતાવે છે. એની દુર્ગંધ-યુક્ત હવાનો બચાવ કરી શકાય તેમ નથી. હું હિંમત હારવા માંડ્યો. ગાડીવાનને હું એવો આદેશ આપું કે મને સ્ટેશને પાછો લઈ જાય? આવી ભારેખમ કિંમત ચૂકવીને પવિત્રતાની પ્રાપ્તિ કરવા તદ્દન નાસ્તિક થવું શું નથી સારું? અને એ પછી મને વિચાર આવ્યો કે આ નીરસ ભૂમિમાં વખતના વીતવાની સાથે માણસ બીજી કેટલીય અપરિચિત વસ્તુઓની સાથે અનુકૂળ થઈ જાય છે તેમ, આ હવાનો સાથે પણ અનુકૂળ થઈ જતો હશે. પરંતુ બનારસ! તું ભારતીય સભ્યતાનું સર્વોત્તમ સ્થળ હોય તોપણ, નાસ્તિક ગણાતા ગોરાઓ પાસેથી કાંઈક શીખીને તારી પવિત્રતામાં થોડીક સ્વચ્છતા પણ ભળવા દે!

મને જાણવા મળ્યું કે દુર્ગંધીનું એક કારણ તો એ છે કે રસ્તાઓ માટી તથા છાણના મિશ્રણથી લીંપેલા છે. અને બીજું કારણ એ છે કે શહેરને ફરતી જૂની ખાઈનો ઉપયોગ કેટલાંય પેઢીઓથી વધારાની ગંદકીનો ઢગલો કરવા માટે કરવામાં આવ્યો છે.

ભારતીય ઇતિહાસના આધાર પર બનારસ ઈ. સ.નાં બારસો વરસો પહેલાં એક જાણીતું શહેર હતું. મધ્યયુગમાં ધર્મપ્રેમી અંગ્રેજો જેવી રીતે કેન્ટરબરીના પવિત્ર શહેરની યાત્રા કરતા તેવી રીતે બનારસના પવિત્ર તીર્થસ્થાનમાં ભારતવાસીઓ દેશના પ્રત્યેક પ્રદેશમાંથી એકઠા થાય છે. હિંદુઓ ગરીબ કે અમીર ગમે તેવા હોય તોપણ એના આશીર્વાદ લેવા આવે છે. અને એ રોગી તથા દુઃખી અહીં આવીને પોતાના અંતિમ દિવસો પૂરા કરે છે, કારણકે એ સ્થળમાં મૃત્યુ થવાથી મુક્તિ મળે છે.

બીજે દિવસે મેં જૂના કાશીમાં પગપાળા ફરવા માંડ્યું. (હિંદુઓ એ શહેરને કાશી કહેવાનું વધારે પસંદ કરે છે.) ને ત્યાંની વાંકીચૂંકી

ભુલભુલામણીવાળી શેરીઓ જોઈ. મારા ભ્રમણની પાછળ એક હેતુ હતો. મારા ખિસ્સામાં જે કાગળ હતો તેમાં ચમત્કારો કરનારા એક યોગીના ઘરનું ઠેકાણું લખેલું હતું. એમના શિષ્યનો મને મુંબઈમાં મેળાપ થયેલો.

ધોડાગાડી ન નીકળી શકે એવી સાંકડી શેરીઓમાં થઈને હું આગળ વધ્યો. જુદીજુદી જાતિનાં લોકોથી ભરચક ભરેલા, અસંખ્ય માખીઓ તથા કૂતરાંઓને લીધે ધાંધલવાળા લાગતા, ગીચ બજારોમાંથી મેં માર્ગ કર્યો. ધોળા વાળ તથા બેસી ગયેલી છાતીવાળી વૃદ્ધાઓ; ઊજળાં ઘઉંવર્ણાં ગાત્રો તથા સુંવાળાં શરીરોવાળી યુવતીઓ; માળા ફેરવતા અને કદાચ પચાસ હજાર વાર જપી ચુકાયેલા મંત્રોનો જપ કરતા યાત્રીઓ; ભસ્મ ચોળેલા ફીકા દેખાતા મોટી ઉંમરના સાધુઓ; તથા એવાં બીજાં સ્ત્રીપુરુષો સાંકડા રસ્તાઓ પર જમા થયેલાં હતાં. ધમાલ, અવાજ અને વિચિત્રતાથી ભરેલી શેરીઓમાંથી આગળ વધતાં હું આકસ્મિક રીતે સુવર્ણમંદિર પાસે આવી પહોંચ્યો. ભારતભરની ધર્મપ્રેમી પ્રજામાં એ પ્રખ્યાત છે, ભસ્મ ચોળેલા વિચિત્ર દેખાવના, પશ્ચિમવાસીની નજરમાં ઉપેક્ષા જગાડનારા સાધુઓ પ્રવેશદ્વારની આજુબાજુ નીચા નમતા દેખાયા. ભક્તો અગણિત સંખ્યામાં અંદર અને બહાર આવતાજતા હતા. એમનામાંના કેટલાકના હાથમાં સુંદર ફૂલમાળાઓ હતી. તેને લીધે દૃશ્ય અત્યંત આનંદકારક લાગતું હતું. ધાર્મિક લોકો મંદિરમાંથી બહાર નીકળતી વખતે બારણાના પથ્થરના ઉંબરાને માથું અડાડતા અને પાછળ ફરીને મારા જેવા ગોરા નાસ્તિકને જોઈને થોડી વાર માટે આશ્ચર્યનો અનુભવ કરતા. એમની અને મારી વચ્ચેના અદૃષ્ટ અંતરાયનો એક વાર ફરીથી મને ખ્યાલ આવ્યો.

સોનાની જાડી ચાદરના બનેલા બે ઘુમ્મટ તીખા સૂર્યપ્રકાશમાં ચમકી રહ્યા હતા. બાજુના મીનારા પર પોકારો પાડતા પોપટો ઊડી રહ્યા હતા. સુવર્ણમંદિરમાં શંકર ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવેલી. મને થયું કે, જેની આગળ આ હિંદુઓ પ્રાર્થના તથા પોકારો

કરે છે અને જેની પથ્થરની પ્રતિમાને સુવાસિત પુષ્પો ધરે છે ને નૈવેદ્ય અર્પણ કરે છે એ ભગવાન અત્યારે ક્યાં છે?

આગળ ચાલીને હું એક બીજા મંદિર પાસે ઊભો રહ્યો. ત્યાં ભગવાન કૃષ્ણની મૂર્તિની પૂજા થતી હતી. સોનેરી મૂર્તિ સમક્ષ કપૂર સળગતું હતું. ભગવાનનું ધ્યાન ખેંચવા માટે ઉપરાઉપરી ઘંટારવ કરવામાં આવતો હતો અને એમને સાંભળવા માટે શંખના નાદ થતા હતા. એક પાતળા કદ્દર પૂજારીએ બહાર આવીને મારી સામે પ્રશ્નાર્થ-સૂચક નજરે જોવા માંડયું અને મેં આગળ ચાલવાનો આરંભ કર્યો.

બનારસનાં મંદિરો ને મકાનોની અંદર અસંખ્ય મૂર્તિઓ તથા પ્રતિમાઓની ગણના કોણ કરી શકે? આ ગંભીર જેવા દેખાતા, બાળક જેવા લાગતા, અને છતાં કેટલીક વાર પ્રખર તત્ત્વજ્ઞાની જેવા જણાતા, હિન્દુઓને કોણ સમજી કે સમજાવી શકે?

અંધારી સાંકડી ગલીઓમાં પગપાળો એકલો આગળ વધતો હું પેલા ચમત્કાર કરનારનું ઘર શોધવા લાગ્યો. છેવટે સાંકડી ગલી-ઓમાંથી હું પહોળા રસ્તાઓ પર આવી પહોંચ્યો. રખડતા, રોષે ભરાયેલા નાના છોકરાઓ, યુવાનો અને થોડાક પુરુષો લાંબી પંક્તિમાં મારી પાસેથી પસાર થયા. એમના નેતાએ પકડેલા વાવટા પર કશુંક ઊકલી ન શકે એવા અક્ષરે લખ્યું હતું. તે વિચિત્ર પોકારો પાડતા હતા અને વચ્ચે વચ્ચે ગીતો ગાતા હતા. મારી પાસેથી પસાર થતી વખતે એમણે વિરોધી આકૃતિ તથા તીખી નજરે મારી તરફ જોવા માંડયું. એના પરથી એ ચિત્રવિચિત્ર સરઘસ રાજકારણને લગતું છે એની મને ખાતરી થઈ. છેલ્લી રાતે બજારની વચ્ચે કોઈ પોલીસ કે અંગ્રેજ નહોતો દેખાતો ત્યારે, કોઈએ મારી પાછળથી મને ગોળીએ દેવાની ધમકી આપી. હું તરત જ પાછો ફર્યો તો મેં ભલાભોળા લોકોનું ટોળું જોયું. એના અવાજ પરથી યુવાન જેવો લાગતો પેલો ઝનૂની અંધકારમાં ક્યાંક અદૃશ્ય થઈ ગયો લાગ્યો. એટલા માટે રસ્તા પરથી દૂર અદૃશ્ય થતા એ રોષભર્યા સરઘસને પણ મેં દયાની નજરે

જોવા માંડયું. દરેકને રસ આપનારા રાજકારણના નાદે કેટલાક વધારે લોકો પર જાદુ પાથર્યું હતું.

આખરે મેં એક એવી શેરીમાં પ્રવેશ કર્યો જેમાંનાં મકાનો મોટાં ને સારી બાંધણીવાળાં હતાં તેમ જ આંગણાં પણ વિશાળ અને સ્વચ્છ હતાં. ઝડપી પગલે ચાલીને હું એક એવા દરવાજા પાસે આવી પહોંચ્યો જેના પર વિશુદ્ધાનંદ નામ લખવામાં આવેલું હતું. હું એ જ મકાનની શોધમાં હોવાથી, એના કંપાઉન્ડમાં પ્રવેશ્યો અને ઓસરીમાં આડા પડેલા કોઈ માણસની પાસે જઈ પહોંચ્યો. એ એક યુવક હતો અને એની મુખાકૃતિ બુદ્ધિમત્તાવાળી નહોતી. મેં એને હિન્દીમાં પૂછયું : ગુરુજી ક્યાં છે ? પરંતુ એણે માથું ધુણાવીને જણાવ્યું કે એવા કોઈ પુરુષને એ નથી જાણતો. મેં ગુરુનું નામ કહી બતાવ્યું તોપણ મને એવો જ ઉત્તર મળ્યો. પરિણામ નિરાશાજનક આવ્યું છતાં મેં નાસીપાસ ન થવાનો નિર્ણય કર્યો. મારી અંદરના સલાહકારે મને ચેતવણી આપી કે યુવક કદાચ એવું માને છે કે એક અંગ્રેજને અહીં કશું કામ ન હોઈ શકે, અને એને ખાતરી થઈ છે કે હું ખરેખર કોઈક બીજા ઘરની શોધમાં છું. એની તરફ ફરી દૃષ્ટિ કરીને મેં એને મૂર્ખ માની લીધો, અને એના હાવભાવની પરવા કર્યા વગર સીધો જ મકાનમાં પ્રવેશ કર્યો.

અંદરના ઓરડામાં અર્ધગોળાકાર વૃત્તમાં બેઠેલા ઝાંખા ચહેરાવાળા માણસો દેખાયા. સારાં વસ્ત્રોવાળા માણસો નીચે જમીન પર અને એક દાઢીવાળા વૃદ્ધ પુરુષ એક તરફ કોચ પર ટેકો દઈને બેઠા હતા. એમના આદરણીય દેખાવ અને ઉત્તમ આસન પરથી સહેજે જાણી શકાયું કે હું જેમને શોધી રહ્યો છું તે પુરુષ આ જ છે. મેં એમને બે હાથ જોડીને નમસ્કાર કર્યા.

'નમસ્તે !' મેં હિન્દી ભાષામાં શિષ્ટાચારસૂચક શબ્દોચ્ચાર કર્યા.

મને મારી ઓળખાણ આપવાનું કહેવામાં આવવાથી ભારતમાં ભ્રમણ કરતા એક લેખક તરીકે અને ભારતીય તત્ત્વજ્ઞાન ને

યોગવિદ્યાના વિદ્યાર્થી તરીકે મેં મારો પરિચય કરાવ્યો. મેં સ્પષ્ટ કર્યું કે મને મળેલા એમના શિષ્યે મને સારી પેઠે કહ્યું છે કે પોતાના ગુરુ પોતાની આશ્ચર્યકારક શક્તિઓનું જાહેર પ્રદર્શન કદી નથી કરતા, અને અજાણ્યા લોકોની આગળ એના પ્રયોગો એકાંતમાં પણ ક્વચિત જ કરી બતાવે છે. છતાં, મને એ વિષયમાં ઊંડો રસ હોઈ, એક અપવાદરૂપે મારા પર વિશેષ કૃપા કરવામાં આવે એવી ઇચ્છા રાખું છું.

શિષ્યો પોતાના ગુરુ મને જે જાતનો સહકાર આપતા હતા એથી જાણે કે નવાઈ પામતા હોય તેમ પરસ્પર તાકી રહ્યા અને પછી ગુરુની સામે જોવા લાગ્યા. મને લાગ્યું તે પ્રમાણે વિશુદ્ધાનંદ સિત્તેરથી વધારે વરસના હતા. નાની નાસિકા અને લાંબી દાઢીથી એમનું મોઢું સુશોભિત લાગતું હતું. એમની મોટી, ઊંડી આંખો જોઈને હું પ્રભાવિત થયો. એમની ગરદન પર બ્રાહ્મણની જનોઈ લટકતી હતી.

એ વૃદ્ધ પુરુષે, હું કોઈ સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાની વસ્તુ હોઉં તેમ, મારા પર શાંતિપૂર્વક દૃષ્ટિ સ્થિર કરી. મને મારા હૃદયને કોઈ મહાન ભાગ્યશાળી વસ્તુનો સ્પર્શ થતો લાગ્યો. આખોય ઓરડો કોઈ ગૂઢ શક્તિથી છવાઈ ગયો હોય એવું લાગવા માંડ્યું, અને મને થોડીક અસ્વસ્થતાનો અનુભવ થયો.

છેવટે બંગાળી ભાષામાં એક શિષ્યને એમણે થોડાક શબ્દો કહ્યા. એણે મારી તરફ ફરીને જણાવ્યું કે ગવર્નમેન્ટ સંસ્કૃત કૉલેજના પ્રિન્સિપાલ પંડિત કવિરાજને દુભાષિયા તરીકે ન લાવવામાં આવે ત્યાં સુધી મુલાકાત નહિ થઈ શકે. પંડિત અંગ્રેજીનું પૂરું જ્ઞાન ધરાવતા હતા તથા વિશુદ્ધાનંદના પુરાણા શિષ્ય હતા. એટલે અમારી વચ્ચે માધ્યમ બનવાની પૂરી યોગ્યતા ધરાવતા હતા.

'એમને લઈને કાલે બપોર પછી આવી જજો.' વિશુદ્ધાનંદે સૂચવ્યું : 'હું તમને ચાર વાગ્યે મળી શકીશ.'

મારે માટે પાછા ફર્યા સિવાય બીજો રસ્તો નહોતો. રસ્તા પરથી ઘોડાગાડી કરીને મેં સંસ્કૃત કૉલેજ તરફ પ્રયાણ કર્યું. ત્યાં પ્રિન્સિપાલ નહોતા. કોઈએ જણાવ્યું કે એ ઘેર મળી શકશે. એટલે મેં બીજા અડધા કલાક સુધી આગળ સફર કરી, અને આખરે મધ્યકાળના ઇટાલિયન મકાનના જેવા દેખાવના એક માળના ઊંચા જૂના ઘરમાં એમની મુલાકાતનો મને લાભ મળ્યો.

પંડિતજી ઉપરના ઓરડામાં જમીન પર બેઠા હતા. એમની ચારે તરફ પુસ્તકો, કાગળો અને અભ્યાસવિષયક સામગ્રીના નાના ઢગલા પડ્યા હતા. એ બ્રાહ્મણ ખાસ મોટું કપાળ, પાતળું લાંબું નાક અને ઊજળી આકૃતિ ધરાવતા હતા. એમનો ચહેરો શિષ્ટ અને વિદ્વત્તાપૂર્ણ હતો. મેં એમને મારો સંદેશો કહી બતાવ્યો. શરૂઆતમાં એમણે થોડીક આનાકાની કરી. પરંતુ પછી એ મારી સાથે આવવા સંમત થયા. અમારી મુલાકાત નક્કી થઈ એટલે મેં વિદાય લીધી.

ગંગાની પાસે પહોંચીને મેં ઘોડાગાડીને છૂટી કરી. સ્નાન કરનારા યાત્રીઓની સગવડ માટે તૈયાર કરાયેલાં પગથિયાંની લાંબી પંક્તિવાળા ઘાટ પર મેં ફરવા માંડ્યું. વરસોના વપરાશને લીધે એ પગથિયાં ખરબચડાં અને લીસાં થઈ ગયાં હતાં. બનારસનો નદીતટવર્તી પ્રદેશ કેટલો બધો અસ્વચ્છ અને અનિયમિત હતો! મંદિરો પાણી તરફ નમીને ઊભેલાં. એમના ચળકતા ઘુમ્મટો ઊંચાં રાજમહેલ જેવાં મકાનોની બાજુમાં જોઈ શકાતા. અને બધાં મકાનો પ્રાચીન તથા અર્વાચીન બાંધણીના મિશ્રણરૂપ હતાં.

પુરોહિતો તથા પ્રવાસીઓ બધે જોવા મળતાં. નાનકડા, ઉઘાડા ઓરડાઓમાં પોતાના વિદ્યાર્થીઓને ભણાવતા કેટલાક પંડિતો પણ મને જોવા મળ્યા. ઓરડાઓની દીવાલો ધોળેલી હતી. આચાર્યો આસન પર બેઠેલા અને એમના સંપ્રદાયોના સિદ્ધાંતોને સમજવાની કોશિશ

કરતાં વિદ્યાર્થીઓ પૂજ્યભાવ પ્રકટ કરતા એમની આજુબાજુ ટોળે વળેલા દેખાતા હતા.

એક દાઢીવાળા સાધુને જોઈ મને એને વિશે માહિતી મેળવવાનું મન થયું. એ બનારસની યાત્રા માટે ૪૦૦ માઈલ પગપાળો આવેલો. આગળ જતાં મને એક બીજો વિચિત્ર માણસ જોવા મળ્યો. એણે પોતાનો એક હાથ વરસોથી ઊંચો રાખેલો. એના એ કમનસીબ અંગના સ્નાયુ અને સાંધા લગભગ મૃતપ્રાય બની ગયેલા અને એને ઢાંકનારું માંસ એના પરની ચામડી સાથે લટકવા લાગ્યું હતું. સૂર્યના પ્રખર તાપને લીધે આવા માણસોનાં મગજ થોડાંક ગાંડાં બની ગયાં છે એવું માનવા સિવાય આવી વ્યર્થ તપસ્યાઓનો ખુલાસો બીજી કઈ રીતે આપી શકાય? એમ પણ હોઈ શકે કે ધાર્મિકતાથી ભરપૂર ભરેલી જાતિના આવા કમનસીબ સભ્યોનાં મગજ એકસો વીસ ડિગ્રી ઉષ્ણતામાનમાં રહેવાથી અસ્થિર બની ગયાં હોય.

× ×

બીજે દિવસે બરાબર ચાર વાગ્યે પંડિત કવિરાજ અને હું બંને વિશુદ્ધાનંદના ઘરના ચોકમાં પહોંચી ગયા. મોટા ઓરડામાં પ્રવેશીને અમે એમને પ્રણામ કર્યા. બીજા છએક શિષ્યો ત્યાં હાજર હતા.

વિશુદ્ધાનંદે મને જરા નજીક જવાની આજ્ઞા કરી એટલે હું એમના કોચની થોડો નજીક જઈને બેસી ગયો.

'તમને મારો એકાદ ચમત્કાર જોવાની ઇચ્છા છે?' એમણે પ્રશ્ન કર્યો.

'ગુરુદેવ જો મારા પર એવી કૃપા કરવા માગતા હોય તો મને ખૂબ જ આનંદ થશે.'

'તો પછી મને તમારો રૂમાલ આપો. જો રેશમી રૂમાલ હોય તો વધારે સારું.' પંડિતે અનુવાદ કરી બતાવ્યો: 'ફક્ત કાચ અને સૂર્યકિરણોની મદદથી તમારી ઇચ્છા પ્રમાણેની સુવાસ ઉપજાવી શકાશે.'

સદ્‌ભાગ્યે મારી પાસે રેશમી રૂમાલ હતો. તે મેં તેમને સુપરત કર્યો. પછી એમણે કાચનો નાનો ટુકડો લીધો અને કહ્યું કે પોતે સૂર્યનાં કિરણોને કેન્દ્રિત કરવા માગે છે; પરંતુ કાચના ગોળાની વર્તમાન દશા તથા ઓરડાની ઢંકાયેલી બાજુને લીધે એમ કરવામાં થોડીક મુશ્કેલી છે. કોઈ શિષ્યને બહારના ચોકમાં મોકલવાથી એ મુશ્કેલી દૂર થશે. એ પોતાના હાથમાં દર્પણ રાખશે, કિરણોને ઝીલશે, અને ખુલ્લી બારીમાંથી એમનું ઓરડામાં પ્રતિબિંબ પાડશે.

'હવે તમારે માટે હું હવામાંથી સુવાસ પેદા કરીશ.' વિશુદ્ધાનંદે ઉદ્‌ગાર કાઢ્યો : 'તમે કઈ સુવાસ પસંદ કરશો ?'

'ચમેલીની.'

એમણે ડાબા હાથમાં મારો રૂમાલ લીધો અને એના ઉપર કાચનો ગોળો ધર્યો. બે સેકંડ જેટલા ટૂંકા ગાળા દરમિયાન રૂમાલ પર સૂર્યપ્રકાશનું તેજસ્વી કિરણ રમતું રહ્યું. એ પછી કાચને નીચે મૂકીને એમણે મને રૂમાલ પાછો આપ્યો. મેં એને નાકે લગાડ્યો તો તેમાંથી ચમેલીની સુમધુર સુવાસ આવી રહી હતી !

મેં રૂમાલ બરાબર તપાસી જોયો પરંતુ એમાં કોઈ પ્રકારની ભેજની નિશાની ન લાગી. તેના પર કોઈ ખુશબોદાર પ્રવાહી નાખવામાં આવ્યું હોય એવું પણ ન લાગ્યું. મને નવાઈ લાગવાથી મેં એ વૃદ્ધ પુરુષ તરફ થોડીક શંકાભરી દૃષ્ટિએ જોવા માંડ્યું. એમણે એ પ્રયોગનું પુનરાવર્તન કરવા કહ્યું.

બીજી વાર મેં ગુલાબનું અત્તર પસંદ કર્યું. એના પ્રયોગ દરમિયાન મેં એમનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. એમના પ્રત્યેક હલનચલનને તથા એમની આજુબાજુની જગ્યાને ઝીણવટથી જોવામાં બાકી ન રાખ્યું. એમના નાનકડા હાથને તથા સફેદ સ્વચ્છ ઝભ્ભાને ટીકાત્મક દૃષ્ટિએ જોવા છતાં કશું શંકા જેવું ન જણાયું. એમણે પહેલાંની જેમ જ પ્રયોગ કરીને ગુલાબના અત્તરની ખુશબો પેદા કરી અને રૂમાલનો બીજો છેડો એ તીવ્ર ખુશબોથી ભરાઈ ગયો.

ત્રીજી વાર મેં ફ્રેસ્કૂડાની સુવાસ પસંદ કરી. એ પેદા કરવામાં પણ એ એવા જ સફળ થયા.

પોતાની સફળતાથી વિશુદ્ધાનંદ લાગણીવશ નહોતા લાગતા. એ આખોય પ્રયોગ એમને રોજની ઘટના જેવો કે સાધારણ પ્રસંગ જેવો લાગતો હતો. એમની ગંભીર મુખાકૃતિ જરા પણ હળવી નહોતી થતી.

'હવે હું પોતે જ સુગંધ પસંદ કરું છું.' એમણે અણધારી રીતે જાહેર કર્યું : 'હું એક એવા ફૂલની સુગંધ પેદા કરીશ જેની ઉત્પત્તિ તિબેટ સિવાય બીજે ક્યાંય નથી થતી.'

રૂમાલના સુગંધ વગરના બાકીના છેડા પર એમણે થોડો સૂર્યપ્રકાશ કેન્દ્રિત કર્યો અને એ વસ્તુની સિદ્ધિ થઈ. એમણે ચોથી વાર એક એવી સુગંધ પેદા કરી જેને ઓળખી કાઢવાનું મારે માટે મુશ્કેલ થઈ પડ્યું.

થોડી મૂંઝવણમાં મુકાઈને એ સફેદ રેશમી રૂમાલ મારા ગજવામાં મૂક્યો. એ આખોય પ્રયોગ મને ચમત્કારિક હોવાનો લાગ્યો. એમણે એ સુગંધીદ્રવ્યોને પોતાની પાસે છુપાવી રાખ્યાં હશે ? એમણે પોતાની કફનીમાં સંતાડ્યાં તો નહિ હોય ? એવું હોય તો તો એમની પાસે ઘણો મોટો સંગ્રહ હોવો જોઈએ. કારણકે જ્યાં સુધી હું જાહેર ન કરું ત્યાં સુધી મારી પસંદગીની સુવાસની એમને ખબર જ ન પડે. એને માટે જેટલો જરૂરી હોય તેટલો પૂરતો સંગ્રહ એમની સાદી કફનીમાં ભાગ્યે જ સમાઈ શકે. એ ઉપરાંત, એમના હાથ કફનીની ગડીમાં એક વાર પણ નથી પેઠા.

મેં કાચ તપાસી જોવાની મંજૂરી માગી. એ તારની ફ્રેમમાં જોડેલો, તારના નાના હેન્ડલવાળો, એક તદ્દન સાધારણ, વસ્તુઓને મોટા સ્વરૂપે બતાવનારો કાચ હતો. એની અંદર કશું શંકા કરવા જેવું ન લાગ્યું.

વધારામાં સુરક્ષાની એક બીજી સામગ્રી પણ ત્યાં હાજર હતી. વિશુદ્ધાનંદનું નિરીક્ષણ કેવળ હું જ નહોતો કરી રહ્યો, પરંતુ

આજુબાજુ બેઠેલા એમના છ શિષ્યો પણ કરી રહ્યા હતા. પંડિતે મને જણાવેલું કે એક પણ અપવાદ સિવાય તે બધા જ પ્રતિષ્ઠિત, સુશિક્ષિત અને મોટી પદવી તથા જવાબદારીવાળા માણસો છે.

હિપ્નોટીઝમના આધાર પર જરૂરી ખુલાસો મળી શકે તેમ લાગતું હતું. એ ખુલાસાની યથાર્થતાનો નિર્ણય કસોટી કરીને કરી શકાય તેમ હોવાથી મારા ઉતારા પર પાછા જઈને એ રૂમાલ બીજા માણસોને બતાવવાનો મેં વિચાર કર્યો.

વિશુદ્ધાનંદ મારી આગળ એક બીજો વધારે મોટો ચમત્કાર-પ્રયોગ કરી બતાવવા માગતા હતા. એવો પ્રયોગ એ ભાગ્યે જ કરતા. એમણે મને જણાવ્યું કે એ બીજા પ્રયોગ માટે ભારે સૂર્ય-પ્રકાશની જરૂર રહે છે. એ વખતે સૂર્યાસ્તની તૈયારી હતી અને સંધ્યાકાળ પાસે આવતો જતો હતો એટલે મારે માટે બીજે અઠવાડિયે બપોરે ફરી વાર આવવાનું નક્કી થયું ત્યારે એ મરેલાને કામ-ચલાઉ જીવતા કરવાનો આશ્ચર્યકારક પ્રયોગ કરી બતાવવાના હતા!

એમની વિદાય લઈ ઘેર આવીને મેં બીજા ત્રણ માણસોને એ રૂમાલ બતાવી જોયો. દરેકે કબૂલ કર્યું કે એ હજી પણ સુગંધથી ભરેલો છે. એટલા માટે એ પ્રયોગને હિપ્નોટીઝમનો સિદ્ધાંત લાગુ પાડી શકાય તેમ નહોતો. એને હાથચાલાકીના ખેલ તરીકે તો ઓળખાવી શકાય તેમ હતું જ નહિ.

× × × ×

એક વાર હું ફરીથી વિશુદ્ધાનંદના ઘરમાં આવી પહોંચ્યો. એમણે મને જણાવ્યું કે એ નાના જીવોને જ પુનર્જીવન આપી શકે છે અને મોટે ભાગે એકાદ પક્ષી પર જ પ્રયોગ કરે છે.

એક ચકલીને ગૂંગળાવીને મારી નાખવામાં આવી અને અમારી નજર સામે એકાદ કલાક સુધી રાખી મૂકવામાં આવી, જેથી તે ખરેખર ખતમ થઈ છે એની અમને ખાતરી થાય. એની આંખ અચળ હતી અને એની કાયા સખત અથવા અક્કડ. એ નાનકડા પક્ષીમાં જીવનની હયાતી બતાવનારું એક પણ ચિહ્ન મને ન દેખાયું.

વિશુદ્ધાનંદે પોતાના સૂક્ષ્મદર્શક કાચની મદદથી પક્ષીની એક આંખમાં સૂર્યનું એક કિરણ કેન્દ્રિત કર્યું. થોડી પળો એવી રીતે જ પસાર થઈ ગઈ. એ વૃદ્ધ પુરુષ પોતાના અનોખા કામમાં મન પરોવીને બેસી રહ્યા. એમની મોટી આંખ કાચ પર સ્થિર થયેલી, અને એમની મુખાકૃતિ શાંત, નિર્વિકાર તથા ગંભીર હતી. એકાએક એમના હોઠ ફેલાયા અને એમના મુખમાંથી મારાથી ન સમજાય તેવી ભાષામાં કોઈ વિચિત્ર ધ્વનિ નીકળવા લાગ્યો. થોડાક વખત પછી પેલા પક્ષીના શરીરને આંચકા લાગવા માંડ્યા. મરણની છેલ્લી ઘડીએ પહોંચેલા કૂતરાને મેં એવી જ રીતે આંચકાનો અનુભવ કરતાં જોયેલો. પછીથી પક્ષીની પાંખમાં થોડોક ફફડાટ થયો. અને થોડીક મિનિટમાં તો ચકલી પોતાના પગ પર ઊભી રહીને જમીન પર કૂદવા લાગી! ખરેખર મરેલાને જીવનની પ્રાપ્તિ થઈ!

પોતાના એ અનોખા અસ્તિત્વના પાછળના તબક્કા દરમિયાન પક્ષીએ હવામાં ઊડવા માટેની પૂરતી તાકાત પ્રાપ્ત કરી, અને ઓરડાની આજુબાજુ ઊડીને થોડા વખત સુધી એણે બેસવાની નવી જગ્યાઓ શોધવા માંડી. એ આખોય ઘટના એવી તો માન્યતામાં ન આવે એવી હતી કે મારા તનમનની બધી જ શક્તિઓ એકઠી કરીને મેં ફરી વાર ખાતરી કરી જોઈ કે મારી આજુબાજુની પ્રત્યેક વસ્તુ અને વ્યક્તિ સાચી છે, સ્પષ્ટ છે, અને ભ્રામક નથી.

અડધા કલાકના નાજુક વખત દરમિયાન એ પુનર્જીવિત પક્ષીના ઊડવાના પ્રયત્નોનું મેં નિરીક્ષણ કર્યું. એને અંતે જે આકસ્મિક કરુણ અંત આવ્યો તેથી મને પાછું આશ્ચર્ય થયું. એ નિર્દોષ ચકલી અહ્વરથી નીચે પડીને અમારી આગળ નિર્જીવ બનીને ઢળી પડી. એનું હલનચલન અટકી પડ્યું. એની તપાસ પરથી જણાયું કે એનો શ્વાસ ચાલતો નહોતો અને એ મરી ગઈ હતી.

'એના જીવનને તમે આથી વધારે લંબાવી શકયા ના હોત?' મેં વિશુદ્ધાનંદને પ્રશ્ન કર્યો.

'અત્યારે હું તમને આનાથી વધારે બતાવી શકું તેમ નથી.' એમણે ઉત્તર આપ્યો. પંડિતે મારા કાનમાં કહી બતાવ્યું કે ભવિષ્યના પ્રયોગો દ્વારા ઘણી મોટી વસ્તુઓને સિદ્ધ કરવાની આશા છે. એમના ગુરુ બીજી કેટલીક વસ્તુઓ પણ કરી શકે તેમ છે, છતાં એમની ભલમનસાઈનો વધારેપડતો લાભ લઈને એમને રસ્તાના ખેલ કરનાર જેવા કરી મૂકવાની જરૂર નથી. જે મેં જોયું તે મને સંતોષ આપી શકે તેમ હતું. એ આખાય સ્થાનમાં એમના પ્રભુત્વની જે સુવાસ ફેલાઈ હતી તેને હું ફરી વાર અનુભવી શકયો. વિશુદ્ધાનંદની બીજી શક્તિઓની વાતોએ એ અનુભવની લાગણીમાં વધારો કર્યો.

મને જાણવા મળ્યું કે એ હવામાંથી લીલી, તાજી, દ્રાક્ષ કાઢી શકે છે અને શૂન્યમાંથી મીઠાઈ બહાર લાવે છે. એ ઉપરાંત, કરમાયેલા કુસુમને એ હાથમાં રાખે છે તો કુસુમને થોડી જ વારમાં એની પહેલાંની કુમાશ કે પહેલાંની તાજગી પ્રાપ્ત થાય છે.

× × ×

આ બહારના ચમત્કારોની પાછળ શું રહસ્ય છુપાયેલું છે? એ સંબંધી કશો ખાસ સંકેત મેળવવાનો કે વિશેષ ઉત્તર પ્રાપ્ત કરવાનો પ્રયાસ મેં કરી જોયો. એને પરિણામે એવો ખુલાસો મળ્યો જે ખરેખરો ખુલાસો ન કરી શકે. એનું સાચું રહસ્ય બનારસના એ ચમત્કાર કરનારા પુરુષના ચોરસ કપાળમાં જ છુપાયેલું હતું, અને અત્યાર સુધી એમણે રહસ્યની જાણ પોતાના સૌથી ઘનિષ્ઠ શિષ્યને પણ કરી નહોતી.

એમણે મને કહ્યું તે પ્રમાણે એમનું જન્મસ્થાન બંગાળ હતું. તેર વર્ષની વયે એમને કોઈ ઝેરી જંતુ કરડયું. એમની દશા એટલી ગંભીર બની ગઈ કે એમની માતાએ એમના જીવનની આશા છોડીને એમને ગંગાકાંઠે મરવા માટે આણ્યા. હિંદુધર્મ મુજબ ગંગાકિનારા પરના મૃત્યુથી વધારે પવિત્ર ને સુખદ મૃત્યુ બીજું કાંઈ જ નથી.

એમના શરીરને પવિત્ર ગંગામાં લઈ જવામાં આવ્યું, અને શોકમાં ડૂબેલાં કુટુંબીજનો દાહક્રિયાની તૈયારી કરતાં કિનારા પર એકઠાં થયાં. એમના શરીરને પાણીમાં પલાળવામાં આવ્યું. એ વખતે એક ચમત્કાર બન્યો. એ શરીરને જેમજેમ ઊંડે ને ઊંડે ડુબાડવામાં આવ્યું તેમતેમ પાણી નીચે જતું ગયું. શરીરને ઉપર લાવતી વખતે પાણી પણ ઉપર આવતું અને પહેલાં જેવી સપાટી ધારણ કરતું. એમના શરીરને વારંવાર ડુબાડવામાં આવ્યું છતાં દરેક વખતે પાણીનું તળિયું નીચે જ જતું ગયું. સંક્ષેપમાં કહીએ તો ગંગાએ પોતાના મૃતઃપ્રાય મહેમાન તરીકે એ બાળકનો સ્વીકાર કરવાની ના પાડી!

નદીના તટ પર બેઠેલા એક યોગી એ ઘટનાનું નિરીક્ષણ કરી રહ્યા હતા. એમણે આગાહી કરી કે બાળક હજુ જીવશે, મહાન બનશે અને ખૂબ ભાગ્યશાળી બનશે તથા એક પ્રખ્યાત યોગી થશે. એ પછી પેલા ઝેરી ડંખ પર કોઈ ઔષધિ ઘસીને એ વિદાય થયા. આઠમે દિવસે પાછા ફરીને એમણે બાળકનાં માતાપિતાને કહ્યું કે બાળકને હવે સંપૂર્ણ સારું છે. અને ખરેખર હતું પણ એવું જ. પરન્તુ વચગાળાના વખત દરમિયાન બાળકમાં એવો કોઈ વિચિત્ર ફેરફાર થયો કે જેથી એની મનોવૃત્તિ તથા પ્રવૃત્તિ બદલાઈ ગઈ, અને પોતાનાં માતાપિતા સાથે ઘરમાં સંતોષ માનીને બેસી રહેવાને બદલે એને એક પરિભ્રમણશીલ યોગી બનવાની તાલાવેલી લાગી. એ પછી માતાને એની કાયમ ચિંતા રહી, અને થોડાં વરસ બાદ એણે એને ઘર છોડવાની રજા આપી, એટલે એ યોગમાં સિદ્ધ થયેલા પુરુષોની શોધમાં ચાલી નીકળ્યા.

એમણે હિમાલયની પારના તિબેટના રહસ્યમય પ્રદેશમાં ત્યાંના પ્રખ્યાત ચમત્કાર કરનારા સાધુઓમાંથી પોતાને માટે યોગ્ય સદ્‌ગુરુની પ્રાપ્તિ કરવાની ઇચ્છાથી પ્રેરાઈને પ્રવેશ કર્યો. ભારતવાસીના મનમાં એ વિચાર મજબૂત રીતે ઘર કરી ગયેલો દેખાય

છે કે યોગમાં આગળ વધવા માગનારા સાધકે એની ગૂઢ સાધનામાં સિદ્ધિ મેળવી ચૂકેલા કોઈક પુરુષના શિષ્ય થવું અનિવાર્ય છે. કેટલીક વાર બરફનાં ભયંકર તોફાનોથી પર્વતો ધોવાઈ જતા ત્યારે એ યુવાન બંગાળી ગુફાઓ તથા ઝૂંપડાંઓમાં રહેતા એકાંત-પ્રેમી સાધુ ગુરુની શોધ માટે ફરી વળતા, પરંતુ એમને નિરાશા સાથે ઘેર પાછા ફરવું પડતું.

એવી રીતે વરસો વીતી ગયાં તોપણ એમની ઇચ્છા એવી જ અધૂરી રહી. ફરી એક વાર સીમા પાર કરીને એમણે દક્ષિણ તિબેટના ઠંડા, ઉજ્જડ પ્રદેશમાં ફરવા માંડયું. ત્યાં, પર્વતમાળાની વચ્ચેના એક સાદા નિવાસસ્થાનમાં એમને એક માણસની મુલાકાત થઈ, અને એમ લાંબા વખતથી પોતે જેમને શોધતા હતા તે સદ્‌ગુરુની પ્રાપ્તિ થઈ.

એ પછી મને પેલું ન માનવા જેવું વિધાન સાંભળવા મળ્યું જેણે મને કટાક્ષયુક્ત હાસ્ય કરતો કરી દીધો હોત, એ વિધાન સાંભળીને મને વિસ્મય તો થયું જ. મને ગંભીરતાપૂર્વક કહેવામાં આવ્યું કે તિબેટના એ ગુરુની ઉમ્મર બારસો વરસથી ઓછી નથી! એક નિરાશ પશ્ચિમવાસી પોતાને ચાળીસ વરસનો કહી બતાવે એટલી શાંતિપૂર્વક એ વિધાન કરી બતાવવામાં આવ્યું હતું.

દીર્ઘાયુષની એવી આશ્ચર્યકારક કથા મને પહેલાં પણ ઓછામાં ઓછી બે વાર સાંભળવા મળેલી. અડિયાર નદીના યોગી બ્રહ્મે એક વાર મને કહેલું કે નેપાળમાં રહેતા એમના ગુરુ ચારસો વરસની ઉંમરના છે, અને પશ્ચિમ ભારતમાં મને મળેલા એક સાધુપુરુષે જણાવેલું કે હિમાલયની મુશ્કેલીથી પહોંચી શકાય તેવી ગિરિગુફામાં રહેતા યોગીની ઉંમર એટલી બધી મોટી છે કે એમની આંખની પાંપણો ઉંમરની સાથે ભારેખમ બનીને નમી પડી છે. એમણે એમની ઉંમર હજાર વરસથી વધારે બતાવેલી. એ બંને વિધાનોને મેં અતિશયોક્તિ કે ગપગોળામાં ખપાવેલાં, પરંતુ મારે હવે એમનું પુનરાવર્તન કરવાની જરૂર પડી, કારણ કે મારી આગળ

બેઠેલા એ મહાપુરુષે અમૃતમય જીવનના માર્ગની પ્રાપ્તિ કરી હોય એવો સંકેત કર્યો.

તિબેટના એ ગુરુએ યુવાન વિશુદ્ધાનંદને હઠયોગના સિદ્ધાંતો ને સાધનોની દીક્ષા આપી. એ કઠોર અભ્યાસને પરિણામે શિષ્યને અસાધારણ શારીરિક અને માનસિક શક્તિઓની પ્રાપ્તિ થઈ. એમને એમના કહેવા પ્રમાણે સૂર્યવિજ્ઞાનનું પણ શિક્ષણ આપવામાં આવ્યું. હિમાચ્છાદિત પ્રદેશના જીવનની તકલીફો છતાં અમર જીવનના અધિપતિ જેવા એ તિબેટી ગુરુ પાસે બાર વરસ સુધી રહીને એમણે પોતાની સાધના ચાલુ રાખી. એમની સાધના પૂરી થતાં એમને ભારત મોકલવામાં આવ્યા. એમણે પર્વતના રસ્તાઓ ઓળંગ્યા, મેદાનોમાં નીચે આવ્યા, અને થોડા વખતમાં યોગના ગુરુ તરીકે પ્રખ્યાતિ પામ્યા. થોડોક વખત એમણે જગન્નાથપુરીમાં વાસ કર્યો, જ્યાં આજે પણ એમનો મોટો બંગલો છે. એમની આજુબાજુ એકઠી થનારી શિષ્યમંડળી ઊંચા વર્ગના હિંદુઓની રહેતી. એમાં શ્રીમંત વ્યાપારીઓ, ધનવાન જમીનદારો, સરકારી અમલદારો અને એક રાજાનો પણ સમાવેશ થતો હતો. મારી ઉપર એવી છાપ પડી કે સાધારણ લોકોને ત્યાં નથી આવવા દેવામાં આવતા; કદાચ હું ખોટો પણ હોઈ શકું.

'તમે બતાવેલા ચમત્કારો કેવી રીતે કરી શકાયા?' મેં નિર્ભીકતાથી પૂછી જોયું.

વિશુદ્ધાનંદે પોતાના ભરાવદાર હાથને ભેગા કર્યા.

'તમને જે બતાવવામાં આવ્યું તે યોગાભ્યાસનું પરિણામ નથી સમજવાનું. એ તો સૂર્યવિજ્ઞાનના જ્ઞાનનું પરિણામ છે. યોગના સારરૂપે યોગીની ઇચ્છાશક્તિનો વિકાસ થાય છે અને એકાગ્રતા વધે છે, પરંતુ સૂર્યવિજ્ઞાનના અભ્યાસમાં એ ગુણોની જરૂર નથી પડતી. સૂર્યવિજ્ઞાન તો કેટલાંક રહસ્યોનો સંગ્રહમાત્ર છે, અને એમના ઉપયોગ માટે કોઈ ખાસ તાલીમની જરૂર નથી

પડતી. તમારે ત્યાંના કોઈ પણ પશ્ચિમી ભૌતિક વિજ્ઞાનની પેઠે જ એનો અભ્યાસ પણ કરી શકાય છે.'

પંડિત કવિરાજે પૂરક સંકેત કર્યો કે એ અદ્‌ભુત કળા બીજા વિષયો કરતાં વિદ્યુત અને લોહચુંબકના વિજ્ઞાનને વધારે મળતી છે.

પરંતુ મને લાગ્યું કે હું એને વિશે પહેલાં જેવો જ અંધકારમાં છું, એટલે ગુરુએ થોડીક વધારે માહિતી પૂરી પાડી.

'તિબેટમાંથી આવનારું આ સૂર્યવિજ્ઞાન કાંઈ નવું નથી. ભારતના મહાન યોગીઓ પ્રાચીન કાળમાં એનાથી વાકેફ હતા. પરંતુ હવે તો ગણ્યાગાંઠ્યા અપવાદને બાદ કરીએ તો આ દેશમાં એ લગભગ ભુલાઈ ગયું છે. સૂર્યનાં કિરણોમાં જીવનદાયક તત્ત્વો છે, અને જો તમે એ તત્ત્વોને અલગ પાડવાની કે એકઠાં કરવાની વિદ્યા જાણી લો તો ચમત્કારો કરી શકો. ઉપરાંત સૂર્યના પ્રકાશમાં એવી સૂક્ષ્મતમ દિવ્ય શક્તિઓ છે કે જેમના પર કાબૂ મેળવવાથી તમને જાદુઈ શક્તિનો લાભ મળે.'

'તમે તમારા શિષ્યોને આ સૂર્યવિજ્ઞાનનું રહસ્ય શીખવો છો ખરા?'

'હજુ નથી શીખવતો, પરંતુ શીખવવાની તૈયારી કરી રહ્યો છું. થોડાક શિષ્યોને પસંદ કરીને એ ગૂઢ જ્ઞાન આપવામાં આવશે. અત્યારે અમે એક મોટી પ્રયોગશાળા તૈયાર કરી રહ્યા છીએ. એમાં અભ્યાસવર્ગો, પ્રદર્શનો અને પ્રયોગો શરૂ કરવામાં આવશે.'

'તો તમારા શિષ્યોને અત્યારે શું શીખવવામાં આવે છે?'

'એમને યોગની દીક્ષા આપવામાં આવે છે.'

પંડિત મને પ્રયોગશાળાનું નિરીક્ષણ કરવા લઈ ગયા. એ કેટલાક માળની ઊંચી અંગ્રેજી આકૃતિવાળી આધુનિક ઈમારત હતી. એની દીવાલો લાલ ઈંટોની બનાવેલી અને બારીઓને કોઈણે વિશાળ ખુલ્લી જગ્યાઓ હતી. એ ખુલ્લી જગ્યાઓ કાચની મોટી

તખતીઓને માટે ખાલી રાખવામાં આવેલી, કારણકે પ્રયોગશાળામાં થનારા સંશોધનકાર્યમાં લાલ, વાદળી, લીલા, પીળા ને સફેદ (રંગ વગરના) કાચમાંથી થનારા સૂર્યપ્રકાશના પ્રત્યાવર્તનનો સમાવેશ થવાનો હતો.

પંડિતે જણાવ્યું કે વિશાળ માપની બારીઓના કદના કાચ કોઈ પણ ભારતીય કારખાનું નથી બનાવી શકતું. તેથી એ ભવ્ય મકાન પૂરું નથી થઈ શકતું. એમણે મને ઇંગ્લેન્ડમાં તપાસ કરવા સૂચવ્યું, અને સાથેસાથે ભારપૂર્વક કહ્યું કે વિશુદ્ધાનંદ પોતાની ખાસ વિગતો પ્રમાણે પૂરેપૂરું કામ થાય એવું ઇચ્છે છે. એ વિગતોમાં એવી શરતનો સમાવેશ થતો હતો કે કાચના બનાવનારે ખાતરી આપવી જોઈએ કે એમનો કાચ હવાના પરપોટાઓથી તદ્દન મુક્ત છે. વળી રંગીન કાચ તદ્દન પારદર્શક હોવો જોઈએ. દરેક કાચની તખતી બાર ફીટ લાંબી, આઠ ફીટ પહોળી અને એક ઈંચ જાડી હોવી જોઈએ.

પ્રયોગશાળાનું મકાન વિશાળ બગીચાથી ઘેરાયેલું હતું. એ બગીચા પીંછાં જેવી ડાળીઓવાળાં તાડવૃક્ષોની હારને લીધે એમનું ઝાંણવટભર્યું નિરીક્ષણ નહોતા કરવા દેતા.

વિશુદ્ધાનન્દની પાસે પાછો આવીને હું એમની આગળ બેસી ગયો. શિષ્યો હવે ઓછા થઈને બે કે ત્રણ જેટલા જ બાકી રહ્યા હતા. પંડિત કવિરાજે મારી બાજુમાં બેઠક લીધી. એમનો અભ્યાસ-વૃદ્ધ ચહેરો એમના ગુરુ તરફ આદરભાવથી સ્થિર થયો.

વિશુદ્ધાનન્દે મારી તરફ એકાદ ક્ષણ દૃષ્ટિપાત કર્યો ને પછી જમીન તરફ જોવા માંડયું. એમનું વર્તન ગૌરવ અને એકલવાયી વૃત્તિથી ભરેલું હતું. એમની મુખાકૃતિ એકદમ ગંભીર હતી, અને એ ગંભીરતાની છાયા એમના શિષ્યોની મુખાકૃતિમાં પડતી હતી. એમની ગંભીરતાનો તાગ કાઢવાનો પ્રયાસ મેં કરી જોયો, પરન્તુ મને કાંઈ જ ન મળ્યું. શહેરમાંના સોનેરી મંદિરના અંદરના ભાગમાં પ્રવેશવાનું જેમ મારે માટે મુશ્કેલ હતું તેમ એમના મનમાં

પ્રવેશવાનું મારા પશ્ચિમી માનસ માટે મુશ્કેલ હતું. પૂર્વની અદ્‌ભુત જાદુવિદ્યાથી એ ભીંજાયેલા હતા. મને સ્પષ્ટ અનુભવ થયો કે બીજી વિનતિ કરી બતાવું તે પહેલાં જ એમણે મને ચમત્કારો કરી બતાવ્યા છે તોપણ એમણે અમારી વચ્ચે ઊભો કરેલો સ્વભાવગત અંતરાય હું નહિ ઓળંગી શકું. મારો સત્કાર તો કેવળ ઉપરચોટિયો છે. પશ્ચિમી સંશોધકો ને પશ્ચિમી શિષ્યોની જરૂર અહીં જરા પણ નહોતી.

એમના મુખમાંથી અણધાર્યા શબ્દો ટપકી પડ્યા :

'મારા તિબેટી ગુરુની અગાઉથી મંજૂરી ન મળે ત્યાં સુધી હું તમને મારા શિષ્ય તરીકે સ્વીકારી ન શકું. મારે એવી શરત સાથે કામ કરવું પડે છે.'

મારા મગજમાંથી ઊઠતા વિચારો શું એમણે વાંચી લીધા હશે ? મેં એમની તરફ જોવા માંડ્યું. એમનું જરાક ઊપસી આવેલું કપાળ જોઈને એવો વિચાર આવતો હતો. ગમે તેમ, પણ મેં એમના શિષ્ય થવાની ઇચ્છા નહોતી બતાવી. કોઈના શિષ્ય બનવા માટે હું વધારેપડતી ઉતાવળ કરું તેમ નહોતો. મને એક વાતની ખાતરી હતી કે એવી વિનતિનો જવાબ હકારમાં નહિ મળે.

'તમારા ગુરુ દૂર તિબેટમાં હોય તો તેમની સાથે તમે વિચારોની આપલે કેવી રીતે કરી શકો છો ?' મેં પ્રશ્ન કર્યો.

'અમે અંદરની દુનિયામાં સંપૂર્ણ સંબંધ ધરાવીએ છીએ.' એમણે ઉત્તર આપ્યો. હું એમના શબ્દો સાંભળતો હતો, પરન્તુ સમજતો નહોતો. છતાં એમના અણધાર્યા શબ્દોએ ઘડીભર માટે મારા મનને એમના ચમત્કારોથી બીજે વાળી દીધું. મારું મન જરા ઉદાસ બની ગયું. મેં નીરસતાપૂર્વક પ્રશ્ન કર્યો :

'ગુરુદેવ, માણસને પ્રકાશની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે ?'

વિશુદ્ધાનન્દે ઉત્તર આપવાને બદલે મને બીજો પ્રશ્ન પૂછ્યો :

'યોગનો અભ્યાસ ન કરો ત્યાં સુધી તમે પ્રકાશ કેવી રીતે મેળવી શકો ?'

થોડી સેકંડો સુધી મને વાત પૂરી થયેલી લાગી.

'છતાં મને કહેવામાં આવ્યું છે કે યોગનો સફળતાપૂર્વક અભ્યાસ કરવાની વાત તો બાજુએ રહી, પણ યોગને સમજવા માટે પણ ગુરુની અનિવાર્ય આવશ્યકતા છે. સાચા ગુરુ મળવા મુશ્કેલ છે.'

એમનો ચહેરો એવો જ શાંત અને નિર્વિકાર રહ્યો.

'સાધક બરાબર તૈયાર થાય છે તો ગુરુ હંમેશાં આવી મળે છે.'

મેં મારી શંકા રજૂ કરી. એમણે એમનો ભરાવદાર હાથ લાંબો કર્યો.

'માણસે પહેલાં પોતાની જાતને તૈયાર કરવી જોઈએ. એ પછી એ જ્યાં હશે ત્યાં આખરે એને ગુરુ મળી રહેશે. જો ગુરુ સ્થૂળ રીતે નહિ મળે તો સાધકની અંદરની આંખ આગળ પ્રકટ થશે.'

'તો પછી શરૂઆતમાં શું કરવું?'

'હું તમને બતાવું એ આસનમાં રોજ નિયમિત થોડો વખત બેસવાનો નિયમ રાખો. એથી તમારી જાતને તૈયાર કરી શકશો. ક્રોધને રોકવાનો ને કામવાસના પર કાબૂ રાખવાનું પણ ધ્યાન રાખો.' વિશુદ્ધાનન્દે એ પછી જેનાથી હું પરિચિત હતો તે પદ્માસન મને કરી બતાવ્યું. એમાં ઉપરાઉપરી પગ ચડાવવાના હોવા છતાં એને એ સાદું આસન શા માટે કહેતા હતા તે મને ન સમજાયું.

'કયો પુખ્ત ઉંમરનો અંગ્રેજ આવી રીતે પગને વાળી શકે?' મેં ઉદ્‌ગાર કાઢ્યા.

'મુશ્કેલી ફક્ત પ્રારંભના પ્રયાસ દરમિયાન જ પડતી હોય છે. જો દરરોજ સવારે ને સાંજે અભ્યાસ થાય તો મુશ્કેલી નથી પડતી. આ યોગાભ્યાસને માટે દિવસનો ચોક્કસ સમય મુકરર કરવાનું અને એ સમયને વળગી રહેવાનું ઘણું અગત્યનું છે. સૌથી શરૂઆતમાં પાંચ મિનિટનો પ્રયત્ન પૂરતો થઈ પડશે. એક માસ પછી એ

વખત વધારીને દસ મિનિટનો કરી શકાય. ત્રણ માસ પછી વીસ મિનિટનો કરાય, અને એવી રીતે વધારતા જવાય. મેરુદંડને સીધો રાખવાનું ધ્યાન રાખવું જોઈએ. એ આસનથી શારીરિક સ્થિરતા, સમતુલા તથા માનસિક શાંતિની પ્રાપ્તિ થાય છે. યોગના આગળના અભ્યાસને માટે શાંતિ જરૂરી છે.'

'તો શું તમે હઠયોગ શીખવો છો?'

'હા. એવી કલ્પના ન કરતા કે રાજયોગ એનાથી ઉત્તમ છે. પ્રત્યેક મનુષ્ય વિચારવાની ને વર્તવાની બેવડી પ્રવૃત્તિ કરતો હોવાથી આપણી પ્રકૃતિની બન્ને બાજુ માટેની તાલીમ પણ હોવી જોઈએ. શરીરની અસર મન પર પડે છે, ને મનની અસર શરીર પર પડતી હોય છે. વ્યાવહારિક વિકાસના ક્ષેત્રમાં એમને અલગ ન પાડી શકાય.'

અધિક પ્રશ્નોત્તર કરવાની એમની નામરજી મને ફરી એક વાર જણાવા લાગી. માનસિક ઠંડક આખા વાતાવરણમાં ફરી વળી. એમને છેવટનો સવાલ પૂછીને એમની તરત વિદાય લેવાનો મેં નિર્ણય કર્યો.

'જીવનનો કોઈ આદર્શ કે હેતુ છે અથવા નથી એની શોધ તમે કરી ચૂક્યા છો?'

મારી નિખાલસતા જોઈને ત્યાં બેઠેલા શિષ્યો ગંભીરતાનો ત્યાગ કરી સ્મિત કરવા લાગ્યા. કોઈ એકાદ નિર્દોષ, નાસ્તિક પશ્ચિમી જ આવો પ્રશ્ન પૂછવાનું સાહસ કરી શકે. ઈશ્વર પોતાના વ્યક્તિગત હેતુ માટે સંસારને ધારણ કરે છે એવું કોઈ પણ જાતના અપવાદ વગર બધાં જ હિન્દુ ધર્મશાસ્ત્રો નથી કહેતાં?

વિશુદ્ધાનંદે ઉત્તર ન આપ્યો. એમણે શાંતિમાં ડૂબેલા રહીને કવિરાજ તરફ દૃષ્ટિ ફેંકી. એથી એમણે ઉત્તર પૂરો પાડ્યો :

'જીવનની પાછળ ખરેખર હેતુ રહેલો છે. આપણે આત્મિક પૂર્ણતાની પ્રાપ્તિ કરવાની છે કે ઈશ્વર સાથે એકતા સાધવાની છે.'

એ પછીના બીજા કલાક દરમિયાન ઓરડામાં શાંતિ રહી. વિશુદ્ધાનંદ બંગાળીમાં છપાયેલા મુખપૃષ્ઠવાળા એક દળદાર પુસ્તકના મોટા પાના પર આંગળી ફેરવવા લાગ્યા. શિષ્યો જોઈ રહ્યા, નિદ્રાધીન થયા કે ધ્યાન કરવા માંડ્યા. એક જાતની આરામદાયક મોહિનીની અસર મારા પર થવા લાગી. મને થયું કે જો હું લાંબા વખત સુધી બેસી રહીશ તો મને ઊંઘ આવશે કે પછી મારાથી કોઈક પ્રકારની ભાવદશામાં ડૂબી જવાશે, એટલે મારી વૃત્તિઓને પાછી વાળી, વિશુદ્ધાનંદનો આભાર માનીને, મેં વિદાય લીધી.

× × ×

થોડોઘણો આહાર કરીને, પુણ્યાત્માઓ તથા પાપીઓનું એકસરખું આકર્ષણ કરનારા એ પચરંગી શહેરમાં આવેલી કષ્ટદાયક સાંકડી શેરીઓમાંથી હું આગળ વધ્યો. એ પોતાની ભરચક વસ્તીમાં દેશભરના પવિત્ર આત્માઓને તો આકર્ષે છે, પરંતુ અપવિત્ર, લફંગા અને અનીતિમાનને પણ પોતાની તરફ ખેંચ્યા કરે છે, તો પછી ધર્મગુરુઓને આકર્ષે એમાં તો નવાઈ જ શી ?

ગંગાતટ પરના મંદિરના રણકી ઊઠતા ઘંટનાદે સાંજની ઉપાસનાનો સંદેશો સંભળાવ્યો. ઝાંખા આકાશ પર રાત્રી ઝડપથી આગળ વધવા માંડી. સૂર્યાસ્ત વખતે બાંગ પોકારતા મુલ્લાઓ મહમદના અનુયાયીઓને પ્રાર્થના કરવાનું કહેવા લાગ્યા.

એ અત્યંત પૂજ્ય ને પ્રાચીન નદી ગંગાના તટ પર બેસીને મંદમંદ પવનથી હાલતાં તાડવૃક્ષોનો ખડખડાટ હું સાંભળવા લાગ્યો.

રાખોડી ચોળેલો એક ભિખારી મારી આગળ આવીને ઊભો રહ્યો. મેં એની તરફ જોવા માંડ્યું. એ કોઈક સાધુ હોય એવું લાગ્યું. કેમ કે એની આંખમાં કોઈ અપાર્થિવ તેજ પ્રકાશતું હતું. મને એવું થયું કે ભારતને સારી રીતે સમજવામાં મને સફળતા મળી છે, એવી મારી માન્યતા બરાબર નથી. અમને અલગ પાડતી

સભ્યતાની આરપારથી અમે એકમેકને સમજી શકીએ છીએ કે નહિ તેનો વિચાર કરતાં મેં મારા ગજવામાંથી પૈસા કાઢ્યા. એણે મારી મદદ ખૂબ શાંતિ ને મોભાપૂર્વક લીધી, એના ભસ્મ લગાડેલા કપાળે હાથ લગાડીને સલામ કરી, અને ચાલવા માંડ્યું.

હવાનાં સૂક્ષ્મ પરમાણુઓની મદદથી પ્રયોગો કરનાર અને મરેલાં પક્ષીઓને થોડાક વખત માટે પણ સજીવન કરનાર એ ચમત્કારિક સંતપુરુષના રહસ્ય પર મેં લાંબા વખત સુધી વિચાર કરી જોયો છે. સૂર્યવિજ્ઞાન વિશેનો એમનો ઉપરથી ઠીક દેખાતો સંક્ષિપ્ત ખુલાસો મારે ગળે નથી ઊતરતો. આજના વિજ્ઞાને સૂર્યપ્રકાશમાં છુપાયેલી શક્યતાઓની પૂરેપૂરી શોધ કરી છે, એ હકીકતનો ઇનકાર કોઈ અવિચારી પુરુષ જ કરી શકશે. પરંતુ આ બાબતમાં કેટલાક એવા મુદ્દા સંડોવાયેલા છે જે મને એના ખુલાસા માટે બીજે જોવાની ફરજ પાડે છે.

પશ્ચિમ ભારતમાં મારી માહિતી મુજબ એવા બે યોગીઓ રહેતા હતા, જે વિશુદ્ધાનંદના પ્રયોગોમાંનો એક એટલે કે હવામાંથી જુદીજુદી સુવાસ પેદા કરવાનો પ્રયોગ કરી શકતા હતા. છેલ્લા સૈકાની સમાપ્તિ દરમિયાન એ બંને પુરુષો મૃત્યુ પામ્યા હતા. એ વસ્તુ મારી તપાસ પૂરતી કમનસીબ સાબિત થઈ. છતાં મારી માહિતી પૂરતા વિશ્વસનીય સૂત્ર પાસેથી મળી હતી. બંને પ્રસંગોમાં યોગીના હાથની હથેળી પર એક સુવાસિત પ્રવાહી અત્તર દેખાડવામાં આવતું. એ ચામડીમાંથી પરસેવાની પેઠે નીકળ્યું હોય એવો ભાસ થતો. કેટલીક વાર એ સુવાસ એટલી બધી તેજ રહેતી કે આખા ઓરડામાં ફરી વળતી.

જો વિશુદ્ધાનંદ પણ એવી જ અદ્‌ભુત શક્તિ ધરાવતા હોય, તો એ પોતાની હથેળી પરની સુવાસ રૂમાલમાં સહેલાઈથી ફેરવી શકે અને એ જ વખતે મેગ્નીફાઇંગ લેન્સ કે કાચની સાથે હાથનો અભિનય પણ કરી શકે. ટૂંકમાં કહીએ તો સૂર્યપ્રકાશને કેન્દ્રિત કરવાની આખીય પ્રક્રિયા, જાદુઈ રીતે પેદા કરેલી ખુશબોની

ફેરબદલીને છાની રાખવાના અભિનય સિવાય બીજું કાંઈ જ નહોતું. આ વિચારણામાં મદદરૂપ થનારો બીજો મુદ્દો એ છે કે અત્યાર સુધી વિશુદ્ધાનન્દે પોતાના શિષ્યોમાં કોઈનીય આગળ એનું રહસ્યોદ્ઘાટન નથી કર્યું. ખરચાળ પ્રયોગશાળાનાં મકાનોની લંબાતી જતી યોજનાદ્વારા એમની આશાને ટકાવી રાખવામાં આવી છે. ભારતમાં રાક્ષસી કદની કાચની તખ્તીઓ મેળવવાની અશક્યતાને લીધે એ કામ પણ બંધ પડયું છે. એથી એમને માટે આશા રાખી ને રાહ જોયા સિવાય બીજો રસ્તો નથી રહ્યો.

સૂર્યકિરણોના કેન્દ્રીકરણની પદ્ધતિ જો માત્ર બતાવવા પૂરતી જ હોય તો, પ્રશ્ન એ થાય છે કે વિશુદ્ધાનંદ ખરેખર કઈ પદ્ધતિનો આધાર લેતા હશે. એવું પણ હોય કે પોતાના વ્યક્તિગત પ્રયત્નથી જે યોગશક્તિઓનો વિકાસ થાય છે તેમાં જુદીજુદી સુંદર ખુશબોની ઉત્પત્તિ પણ એક હશે. હું તેને વિશે ચોક્કસ નથી કહી શકતો. છતાં વિશુદ્ધાનંદના પ્રયોગોના ખુલાસા માટે ચોક્કસ સિદ્ધાંતના અભાવમાં એમની દ્વારા રજૂ કરાયેલી સૂર્યવિજ્ઞાનની વાતને સ્વીકારવાનું સાહસ તો નથી જ કરી શકતો. અને એ બાબતમાં મારા મગજને વધારે પરેશાન પણ શા માટે કરવું જોઈએ? મારું કામ જે સમજાવી શકાય તેવું ન હોય તેને સમજાવવાનું નથી; પરંતુ ઘટનાઓને ફક્ત લહિયા થઈને લિપિબદ્ધ કરવાનું છે. ભારતીય જીવનની આ બાજુ ગુપ્ત રહે તે જ સારું છે. કારણકે નીચા કદના હૃષ્ટપુષ્ટ વિશુદ્ધાનંદ કે એમના કોઈ નિયુક્ત શિષ્ય બહારના લોકોને એમની અદ્‌ભુત વિદ્યા બતાવે અને વૈજ્ઞાનિકોનું ધ્યાન ખેંચે તોપણ એના રહસ્યનું ઉદ્‌ઘાટન થવાની આશા ન રાખી શકાય. મને લાગ્યું કે એમના વ્યક્તિત્વદ્વારા હું એટલું તો સમજી જ શકયો છું.

મારી અંદરના અવાજે મને પૂછયું : એમણે મરેલા પક્ષીને કેવી રીતે સજીવન કર્યું? અને પોતાના આયુને અનિશ્ચિત સમય સુધી લંબાવવાની પૂર્ણ યોગીની પેલી શક્તિની વાત વિશે પણ

શું સમજવું ? પૂર્વના થોડા માનવોએ દીર્ઘાયુ જીવનનું રહસ્ય સાચેસાચ હસ્તગત કર્યું છે ?

અંદરના પ્રશ્નકર્તા તરફથી મારું ધ્યાન હઠાવીને મેં થાકીને આકાશ તરફ જોવા માંડયું. તારાઓથી ભરેલા એ ગહન વિશાળ આકાશ પ્રત્યે મને માન થયું. ઉષ્ણકટિબંધના આકાશમાંના તારા જેવા તેજસ્વી તારા બીજે કયાંય પણ નથી દેખાતા. એ પ્રકાશનાં બિંદુઓ તરફ મેં એકસરખી સ્થિર દૃષ્ટિથી જોવા માંડયું...મારા જેવા બીજા માણસો પર તથા ઢંગધડા વગરનાં મકાનોના સમૂહ પર મેં ફરી દૃષ્ટિ ફેંકી ત્યારે આ જગતના ગૂઢ રહસ્યનો અનુભવ મને વધારે ઊંડાણથી થવા લાગ્યો, દૃશ્ય વસ્તુઓ અને સામાન્ય પદાર્થો ઝડપથી અદૃશ્ય થતા જતા લાગ્યા, અને હાલતીચાલતી પડછાયાવાળી આકૃતિઓ, ધીમી ગતિએ સરી જતી નૌકાઓ અને થોડાક તેજસ્વી દીવાઓ રાત્રીને તથા વાતાવરણને સ્વપ્નની આનંદદાયક દુનિયાના પ્રદેશમાં પલટાવતા દેખાયા. જગત સાચું જોતાં સ્વપ્ન જેવું છે એ જૂનો ભારતીય તત્ત્વજ્ઞાનનો સિદ્ધાંત મારા મનમાં તરવા માંડયો અને વાસ્તવિકતાની મારી બુદ્ધિનો નાશ કરવામાં ભાગ ભજવવા લાગ્યો. અવકાશની અનંતતામાંથી ઝડપથી આગળ વધતા આ ગ્રહ પર મને જે અવનવા અનુભવો થઈ શકે તે કરવા મેં તૈયારી કરી.

પરંતુ આ મર્ત્યલોકના કોઈ પ્રાણીએ ઉચ્ચ સ્વરે એકસરખા શુષ્ક ગીતસ્વરો છેડીને મારા એ સ્વર્ગીય સ્વપ્નને કઠોરતાપૂર્વક તોડી નાખ્યું. એને પરિણામે માણસો જેને જીવન કહીને ઓળખે છે તે અનિશ્ચિત ભોગો અને અણધાર્યા શોકોના પ્રબળ પ્રવાહમાં હું ઝડપથી પાછો ફર્યો.

૧૨

ગ્રહોના લેખ

મંદિરના ઘુમ્મટો ઝળહળતા સૂર્યોદયના પ્રકાશથી શોભી ઊઠ્યા હતા. ગંગામાં સ્નાન કરનારાઓ એમના મંત્રોચ્ચાર ને સ્તવનોથી વાતાવરણને ભરી દેવા માંડ્યા હતા અને મારી અપરિચિત દૃષ્ટિને કાશીના ઘાટ પરનાં એ મિશ્રિત દૃશ્યો કાંઈક અનોખાં દેખાવા લાગ્યાં. આગળથી વિષધરના મુખ જેવી કોરેલી આકૃતિવાળી મોટી નૌકામાં બેસીને મેં ગંગામાં પ્રવેશ કર્યો. મેં કેબિનની છત પર બેઠક લીધી. અને નીચેના ત્રણ નાવિકોએ એમનાં હલેસાં મારવાનું શરૂ કર્યું.

મારી સાથે મુંબઈના એક વેપારી હતા. એમણે મારી બાજુમાં બેસતાં કહ્યું કે મુંબઈ પાછા ફરીને પોતે વેપારમાંથી નિવૃત્ત થવા માગે છે. એ અત્યંત ધાર્મિક હોવા ઉપરાંત એવા જ વ્યવહારુ માણસ હતા. સ્વર્ગલોકમાં ભંડાર જમા કરવાની સાથે બૅન્કમાં ભંડાર જમા કરવાનું એ નહોતા ભૂલ્યા. મને એમનો પરિચય એકાદ અઠવાડિયાથી થયો હતો. એ મને મિલનસાર, માયાળુ, મિત્રતાયુક્ત માનવા લાગ્યા હતા.

'સુધી બાજુએ ભવિષ્ય ભાખીને કહેલું તે જ વરસે હું નિવૃત્ત થઈશ.' એ ખુલાસો કરવા ઉત્સુક હોય તેમ બોલી ઊઠ્યા.

એ વિચિત્ર ઉલ્લેખથી, રૂપકની ભાષામાં કહું તો મારા કાનમાં કશુંક ભોંકાતું હોય એવું લાગ્યું.

'સુધી બાબુ ? એ વળી કોણ છે ?'

'તમે નથી જાણતા ? એ બનારસના સૌથી હોશિયાર જ્યોતિષી છે.'

'ઓહ, ફક્ત જ્યોતિષી !' મેં તિરસ્કારયુક્ત ગણગણાટ કર્યો. કારણકે મેં એવા જ્યોતિષીઓમાંના કેટલાકને મુંબઈના વિશાળ મેદાનની ધૂળમાં પલાંઠી વાળીને બેઠેલા જોયેલા; કલકત્તામાં ગરમ છાપરાં નીચે જોયેલા, અને મેં જેની મુલાકાત લીધેલી એવાં પ્રત્યેક નાનાં શહેરોમાં પ્રવાસીઓ આગળ એકઠા થતા પણ નિહાળેલા. એમાંના મોટા ભાગના ગંદા જેવા દેખાતા. એમના વાળની લટો છૂટી, વિખરાયેલી ને કઢંગી લાગતી હતી. એમના ચહેરા પર વહેમ, અંધ માન્યતા અને અજ્ઞાનની છાપ પડેલી સહેલાઈથી ઓળખી શકાતી. એમની ધંધાકીય સામગ્રી તરીકે એમની પાસે સામાન્ય રીતે બેત્રણ મોટાં પુસ્તકો અને ન સમજાય તેવાં ચિહ્નોવાળું દેશી ભાષાનું પંચાંગ રહેતું. એ પોતે સદ્‌ભાગ્યથી વંચિત રહેતા તે છતાં બીજાના ભાગ્યને દોરવા આતુર રહેતા. એ વિચાર મને દોષદર્શી દૃષ્ટિથી અવારનવાર આવ્યા કરતો.

'મને તમારી વાત સાંભળીને થોડી નવાઈ લાગે છે. એક વેપારી માટે તારાઓ કે ગ્રહના ટમકવા પર આધાર રાખવો સલામત છે ? તમને નથી લાગતું કે સામાન્ય બુદ્ધિ વધારે સારું માર્ગદર્શન આપી શકે ?' એમને સારી સલાહ આપતો હોઉં એવી રીતે મેં ઉમેર્યું.

વેપારીએ પોતાનું માથું થોડું હલાવીને મારી તરફ સહાનુભૂતિપૂર્વક સ્મિત કરવા માંડયું.

'તો પછી મારી નિવૃત્તિના ભવિષ્યકથનને તમે શી રીતે સમજાવશો ? હજુ તો મારી ઉંમર એકતાળીસ વરસની જ છે અને આટલી અપવાદરૂપ નાની ઉંમરે હું ધંધો છોડી દઈશ એવી કલ્પના પણ કોણ કરી શકે ?'

'તો એ કદાચ એક જાતનો યોગાયોગ હોય.'

'ઠીક ત્યારે, મને એક વાત યાદ આવી : થોડાં વરસો પહેલાં મને લાહોરમાં એક મોટા જ્યોતિષીનો ભેટો થઈ ગયો. એમની સલાહ મુજબ મેં એક મોટા વેપારની વાતચીત શરૂ કરી. એ વખતે એક ઘરડા માણસની સાથે મેં ભાગીદારી કરેલી. મારા ભાગીદારે આખુંય કામ ઘણું જોખમભરેલું છે એમ જણાવી મારી સાથે સહમત થવાનો ઇનકાર કર્યો હતો. એ ધંધામાં ભાગ લેવા તૈયાર ન હોવાથી અમે ભાગીદારીમાંથી છૂટા થયા. મેં એકલે હાથે ધંધો ચાલુ રાખ્યો. એમાં મને આશ્ચર્યકારક સફળતા મળી અને લાભ થયો તે છતાં, લાહોરના જ્યોતિષીએ મને ઉત્સાહિત ન કર્યો હોત તો હું પોતે પણ એ ધંધો કરતાં અચકાયો હોત.'

'તો પછી તમારો અભિપ્રાય એવો છે કે...'

મારા સાથીએ મારે માટે એ વાક્ય પૂરું કરી આપ્યું :

'આપણાં જીવન ભાગ્ય પ્રમાણે ચાલતાં હોય છે અને એ ભાગ્યનો નિર્દેશ ગ્રહોની સ્થિતિ પરથી મળી રહે છે.'

મેં ઉતાવળા હાવભાવદ્વારા એમના નિવેદન પ્રત્યે વિરોધ વ્યક્ત કર્યો.

'મેં ભારતમાં એવા નિરક્ષર અને મૂર્ખ જેવા જ્યોતિષીઓ જોયા છે કે કોઈને પણ એમની દ્વારા શી લાભકારક સલાહ મળી શકે તેની કલ્પના પણ નથી કરી શકતો.'

'સુધી બાબુ જેવા વિદ્વાન પુરુષને તમને મળેલા અજ્ઞાન લોકોની સાથે તમારે ભેળવી દેવા ન જોઈએ. એ લોકો ઢોંગી હોઈ શકે; પરંતુ સુધી બાબુ તો પોતાની માલિકીના મોટા મકાનમાં રહેતા એક ઊંચી કોટિના બુદ્ધિશાળી બ્રાહ્મણ છે. એમણે અનેક વરસો સુધી પોતાના વિષયનો ઊંડો અભ્યાસ કર્યો છે અને એમની પાસે એ વિષયના ઘણા વિરલ ગ્રંથો છે.'

મને એકાએક વિચાર આવ્યો કે મારા સાથીદાર કાંઈ મૂર્ખ તો નથી જ. એ એવા આધુનિક ઢબના હિંદુ છે જે ઘણા જ વ્યવહારુ હોવાની સાથેસાથે પશ્ચિમી શોધખોળને પરિણામે પ્રાપ્ત થયેલાં છેલ્લામાં છેલ્લી ઢબનાં સાધનોનો લાભ લેતાં નથી અચકાતા. ફોટલીક બાબતમાં એ મારા કરતાં પણ આગળ હતા. નાવ પર એ હાલતાંચાલતાં ચિત્રો ખેંચવાનો કેમેરા લઈને આવેલા. જ્યારે મારી પાસે એક સાધારણ ફોડક સિવાય બીજું કાંઈ જ નહોતું. એમના નોકરે થરમોસ ખોલીને ઠંડું પીણું કાઢયું અને મુસાફરી માટેની એક ઉત્તમ આવશ્યકતાની મારી વિસ્મૃતિ માટે જાણે કે મને ઠપકો આપ્યો. અને એમની વાતચીત પરથી મને જણાયું કે એમના મુંબઈવાસ દરમિયાન એમની દ્વારા થતો ટેલિફોનનો ઉપયોગ મારી દ્વારા યુરોપમાં કરાતા ટેલિફોનના ઉપયોગ કરતાં ઘણો વધારે હતો. એ છતાં એ જ્યોતિષમાં વિશ્વાસ રાખતા હતા. એમના વ્યક્તિત્વનાં એવાં અસંગત તત્ત્વો જોઈને મને નવાઈ લાગી.

'આપણે એકમેકને સમજી લઈએ. તમે એ સિદ્ધાંત પૂરેપૂરો સ્વીકારો છો કે, દરેક વ્યક્તિના જીવનની કારકિર્દી અને પ્રત્યેક દુર્ઘટના પર એવા ગ્રહોનો અંકુશ છે જેમનું અંતર આપણા આ ઉપગ્રહથી કલ્પના પણ ન કરી શકાય એટલું મોટું છે?'

'હા. હું એ સિદ્ધાંતમાં માનું છું.' એમણે શાંતિથી ઉત્તર આપ્યો.

શું કહેવું તેની સમજ ન પડવાથી મેં ગરદન હલાવી.

એમણે દિલગીરી દર્શાવતું વલણ ધારણ કર્યું.

'પ્રિય મહાશય, તમે પોતે જ તેમની પાસે જઈને ખાતરી શા માટે નથી કરતા? તમારા દેશમાં કહેવાય છે કે ખીરનો સ્વાદ ખાવાથી જ ખબર પડે છે. તો સુધી બાબુ તમારા સંબંધમાં શું શોધી શકે છે તે તમે જ અનુભવી લો. મારે કોઈ સસ્તા ડોળઘાલુની જરૂર નથી રહી. મને તો એ માણસની સચ્ચાઈમાં વિશ્વાસ છે.'

'હું. જો કે ભવિષ્યકથનનો વેપાર કરનારા પ્રત્યે હું શંકાશીલ છું છતાં તમારા શબ્દોમાં વિશ્વાસ રાખું છું. તમે મને એ જ્યોતિષી પાસે લઈ જશો ?'

'જરૂર. કાલે બપોર પછી તમે મારે ત્યાં આવી પહોંચજો. આપણે સાથે ચા-પાણી કરીશું અને એમની મુલાકાત લઈશું.'

વિશાળ ભવનો, જૂનાં મંદિરો અને પીળાં પુષ્પોથી છવાયેલાં નાનાં દેવસ્થાનોનું નિરીક્ષણ કરતા અમે નાવમાં આગળ વધ્યા. સ્નાન કરતા યાત્રીઓથી ભરેલાં ઘાટનાં વિશાળ પગથિયાં તરફ ઉદાસીનતાથી નજર નાંખીને મેં વિચારવા માંડયું કે વહેમ અથવા અંધશ્રદ્ધા પર અંકુશ આણવાનો વિજ્ઞાનનો દાવો તદ્દન સાચો હોવા છતાં મારે હજુ એ શીખવાનું બાકી છે કે સંશોધનવૃત્તિને વૈજ્ઞાનિક વલણથી અંકુશમાં આણવાની છે. એમના કેટલાય દેશવાસીઓની જેમ પ્રારબ્ધવાદ પ્રત્યે ખાસ રુચિ ધરાવતા મારા સાથી એ સંબંધમાં કોઈ વિશ્વસનીય પુરાવા રજૂ કરે તો તેમને ખુલ્લા મનથી વિચારવાની મારી તૈયારી હતી.

× × × ×

બીજે દિવસે એ સ્નેહાળ સંપર્કને પરિણામે હું સપાટ છાપરાંવાળાં મકાનોના સમૂહની વચ્ચેથી પસાર થતી એક સાંકડી વાંકીચૂંકી શેરીમાં આવી પહોંચ્યો. એક સાધારણ, જૂના પથ્થરના બાંધેલા મકાન પાસે આવીને અમે ઊભા રહ્યા. અંધારા, નીચા છાપરાવાળા માર્ગથી આગળ વધી, માંડ ચાલી શકાય તેટલાં પહોળાં પગથિયાં ચડીને એમની પાછળપાછળ હું ચાલવા માંડયો. પછી એક નાના ઓરડામાંથી પસાર થઈને અમે અંદરના વિશાળ ચોકની ઓસરીમાં આવી પહોંચ્યા. એ ચોકની ચારે તરફ ઘર બાંધવામાં આવેલું.

સાંકળે બાંધેલો કૂતરો અમને જોઈને જોરશોરથી ભસવા લાગ્યો. ઓસરીમાં મોટાં કૂંડાંની હાર હતી. તેમાં ફૂલ વગરના છોડ ઉગાડેલા

હતા. અંધારા, ગરમ, ઓરડામાં મેં મારા સાથીની પાછળપાછળ પ્રવેશ કર્યો અને એના ઉંબરા પર પડતાંપડતાં બચ્યો પણ ખરો. નીચે નમતી વખતે મેં જોયું તો ઓસરીની જમીન પરની જેમ જ ઓરડાની કાચી જમીન પર પણ છૂટથી પાણી છાંટવામાં આવ્યું હતું. મને નવાઈ લાગી કે જ્યોતિષી પોતાના ગ્રહોના અભ્યાસમાંથી સમય કાઢી છોડવા ઉછેરીને રાહત મેળવે છે કે શું ?

મારા સાથીએ જ્યોતિષીને માટે ધૂમ પાડી. જૂની દીવાલોએ એમના નામનો પડઘો પાડ્યો. બેત્રણ મિનિટ રાહ જોઈને એ વેરાન જેવા દેખાતા મકાનની શાંતિનો વચ્ચેવચ્ચે ભંગ કરતાં અમે કૂતરાંના ભસવા સાથે જ્યોતિષીને ફરી ધૂમો પાડવા માંડી. ઉપલે માળે કોઈના ચાલવાનો અવાજ સંભળાયો ત્યારે મને કાંઈક રાહત થઈ. થોડો વારમાં કોઈનો અસ્પષ્ટ પદરવ અમારા ઓરડાની પાસે આવતો સાંભળી શકાયો.

એટલામાં તો એક હાથમાં મીણબત્તી અને બીજા હાથમાં ચાવીઓના ઝૂમખા સાથેની એક નાના કદની વ્યક્તિ ઉંબરા પર આવીને ઊભી રહી. એ પછી ઝાંખા પ્રકાશમાં ટૂંકો વાર્તાલાપ થયો, અને જ્યોતિષીએ બીજું બારણું ઉઘાડ્યું એટલે એમાંથી અમે આગળ વધ્યા. બે મોટા પડદા એમણે એક તરફ ખસેડ્યા અને ગેલેરીમાં પડતી બારીઓ ઉઘાડી.

એ ઉઘાડેલી બારીમાંથી પડેલા પ્રકાશને લીધે જ્યોતિષીની મુખાકૃતિ એકાએક પ્રકાશી ઊઠી. મેં એક એવા માણસને જોયા જેની આકૃતિ મૃત્યુલોક કરતાં પ્રેતલોકને વધારે મળતી આવતી હતી. વિચારોના ગંભીર વમળમાં અટવાયેલા એવા માણસને મેં એ પહેલાં કયારેય નહોતા જોયા. એમનું નિર્જીવ વદન, છેક જ પાતળું શરીર અને અલૌકિક ધીમું હલનચલન સાથે મળીને કોઈક વિલક્ષણ અસર ઉત્પન્ન કરતું હતું. એમની આંખની કીકીઓની ધોળાશ એની સાથેની કાળાશથી એવી તો અલગ તરી આવતી કે એવી છાપ વધારે ને વધારે પ્રબળ બનતી.

કાગળોથી છવાયેલા એક મોટા ટેબલ પાસે એમણે બેઠક લીધી. મને ખબર પડી કે એ પ્રમાણમાં ઠીક ઠીક કહી શકાય એવું અંગ્રેજી બોલી શકે છે, છતાં દુભાષિયાને વચ્ચે રાખ્યા વગર મારી સાથે સીધી જ વાત કરવા માટે થોડી સમજાવટ પછી જ હું એમને તૈયાર કરી શક્યો.

'મહેરબાની કરીને સમજી લો કે હું માનનાર તરીકે નથી આવ્યો; પરંતુ તપાસ કરનારા તરીકે આવ્યો છું.' મેં શરૂ કર્યું.

એમણે માથું હલાવ્યું.

'હું તમારી કુંડળી તૈયાર કરી બતાવીશ. પછી તમને સંતોષ થયો કે નથી થયો તે જણાવજો.'

'તમારી ફી કેટલી છે?'

'મારો ચાર્જ ચોક્કસ નથી. કેટલાક સારી સ્થિતિવાળા લોકો મને સાઠ રૂપિયા આપે છે, તો કેટલાક બીજા વીસ રૂપિયા આપે છે. શું આપવું તે તમારા પર છોડું છું.'

મેં એમની આગળ ચોખવટ કરી લીધી કે ભવિષ્યની ચિંતા-વિચારણા કરતાં પહેલાં મારો વિચાર એમના ભૂતકાળના જ્ઞાનની કસોટી કરવાનો છે. મારી વાત સાથે એ સંમત થયા.

થોડાક વખત સુધી મારી જન્મતારીખ પરથી એમણે કાંઈક ગણતરી કરવા માંડી. દસેક મિનિટ પછી પોતાની ખુરસી પાછળની જમીન પર વાંકા વળીને તાડપત્રોનાં લખાણો તથા પીળા જેવા કાગળોના અવ્યવસ્થિત ઢગલામાંથી એમણે કાંઈક શોધવા માંડયું. આખરે એમણે જૂનાપુરાણા લંબચોરસ કાગળોનું નાનું બંડલ કાઢયું. પછીથી કાગળ પર વિચિત્ર લાગતી આકૃતિ દોરીને એમણે શરૂ કર્યું:

'તમારા જન્મ વખતના ગ્રહોનો આ નકશો છે. આ સંસ્કૃત શબ્દો નકશાના દરેક ભાગનો અર્થ બતાવે છે. હવે ગ્રહો જે ફળે છે તે જણાવું.'

આખાય નકશાને એમણે સંભાળપૂર્વક તપાસી જોયો. એ જૂના કાગળોમાંનો એક કાગળ પણ જોઈ લીધો, અને એમના વ્યક્તિત્વને છાજે તેવી રીતે ઉત્તેજના વગરના મંદ સ્વરે ફરીથી કહેવા માંડયું :

'તમે પશ્ચિમમાંથી આવેલા લેખક છો એ સાચું છે?'

મેં સંમતિસૂચક માથું હલાવ્યું.

એ પછી એમણે મારી યૌવનાવસ્થા વિશે કહેવા માંડયું ને મારા શરૂઆતના જીવનની કેટલીક ઘટનાઓ કહી બતાવી. મારા ભૂતકાળના બધા મળીને એમણે સાત મહત્ત્વના મુદ્દા કહી બતાવ્યા. એમાંના પાંચ તદ્દન સાચા હતા પરંતુ બીજા બે સાવ ખોટા. એવી રીતે એમની શક્તિના મૂલ્ય કે અમૂલ્યનો અંદાજ મેં કાઢી લીધો. એ પુરુષની પ્રામાણિકતા પારદર્શક હતી. મને ખાતરી થઈ કે એ ધરાદાપૂર્વક કોઈને છેતરી શકે તેમ નથી. શરૂઆતની કસોટીમાં પંચોતેર ટકા સફળતા એ બતાવવા માટે બરોબર પૂરતી છે કે હિંદુ જ્યોતિષશાસ્ત્રનો લાભ લેવા જેવો છે; પરંતુ એ એવું પણ બતાવે છે કે એ એક ચોક્કસ, ભૂલ વગરનું શાસ્ત્ર નથી.

સુધી બાજુએ પોતાના છૂટાછવાયા કાગળો પર એક વાર ફરી દૃષ્ટિપાત કર્યો અને કાંઈક વધારે ચોકસાઈપૂર્વક મારું વ્યક્તિત્વ વર્ણવવા માંડયું. એ પછી મારા ધંધાના સ્વીકાર માટે મને પ્રેરિત કરનારી અને અનુકૂળ એવી માનસિક યોગ્યતાઓનું એમણે આલેખન કર્યું. એ વખતે પણ પોતાના બુદ્ધિવાદી મસ્તકને ઊંચું કરી એમણે પૂછયું કે 'મેં બરાબર કહ્યું?' ત્યારે એમના શબ્દો સામે હું વાંધો ન ઉઠાવી શકયો.

(એમની એક ભવિષ્યવાણી મેં એ જ વખતે શંકાશીલ વૃત્તિથી એકદમ અશક્ય માનીને નકારી કાઢેલી, તે હવે સાચી પડી છે; પરંતુ એક બીજી ઘટના એમની આપેલી તારીખે ન બની. બીજી ભવિષ્યવાણીઓ કાળની કસોટી માટે હજુ રાહ જોતી ઉભી રહી છે.)

કાગળો ભેગા કરીને એમણે આકૃતિનો શાંતિપૂર્વક અભ્યાસ કરી જોયો અને ભવિષ્યકથન કરવા માંડ્યું.

'દુનિયા તમારા ઘર જેવી થઈ જશે. તમે મોટીમોટી મુસાફરીઓ કરશો, અને એ છતાં પણ કલમને સાથે રાખીને લેખનકાર્ય કરતા રહેશો.' અને એની પરંપરામાં બીજું જે કાંઈ થવાનું હતું તે પણ કહી બતાવ્યું. પરંતુ એમની ભવિષ્યવાણી પરથી કોઈ જાતતપાસનો નિયમ બાંધી ન શકાયો તેથી તેમને ગ્રહોના લેખ તરીકે જ માનીને છોડી દેવામાં સંતોષ માન્યો.

છેલ્લા શબ્દો કહીને એમણે મને સંતોષ થયો કે નહિ તે પાછું પૂછી જોયું. આ આશ્ચર્યકારક પૃથ્વી પરનાં મારાં છેલ્લાં ચાળીસ વરસોનું એમણે કરેલું મોટા ભાગનું સાચું વર્ણન, અને મારી મનોદશાનું નિરૂપણ કરવા માટેનો એમનો લગભગ સંપૂર્ણ કહી શકાય તેવો સફળ પ્રયાસ, એ વસ્તુઓને લીધે હું જે ટીકાઓ સાથે તૈયાર થઈને આવેલો તે ટીકાઓ તદ્દન શાંત થઈ ગઈ.

મને મારી જાતને પૂછવાનું મન થયું કે 'આ માણસ કોઈ જાતનું સાહસ તો નથી કરતા? થોડીક અનુમાનવૃત્તિનો આધાર લીધા સિવાય એમની ભવિષ્યવાણીમાં બીજું કોઈ જ વિશિષ્ટ તત્ત્વ નથી રહેલું?' પરંતુ મારે નિખાલસપણે કબૂલ કરવું જોઈએ કે એમની ભવિષ્યવાણીએ મને પ્રભાવિત કર્યો. તે છતાં એમનું કશુંક મૂલ્ય છે કે કેમ તે ફક્ત કાળ જ કહી બતાવશે.

નસીબના અંધકારભરેલા વિષય તરફનું મારું વલણ પાતળાં પત્તાંના ઘરની પેઠે ગબડી પડવાનું હતું? એ વિશે મારાથી શું કહી શકાય? બારી પાસે જઈને સામેના મકાન તરફ જોતો તથા મારા ગજવામાંના ચાંદીના રૂપિયાનો અવાજ કરતો હું ઊભો રહ્યો. છેવટે મારી બેઠક પર આવીને મેં જ્યોતિષીને પ્રશ્ન કર્યો:

'ગ્રહો આટલે દૂર રહીને મનુષ્યોના જીવનને અસર પહોંચાડે છે એ વાત તમને શક્ય શા માટે લાગે છે?' એમણે ધીમેથી ઉત્તર

આપ્યો : 'દૂરના ચંદ્રને લીધે સમુદ્રનાં મોજાંમાં ભરતી અને ઓટ નથી થતો ? સ્ત્રીના શરીરમાં પ્રત્યેક મહિને ફેરફાર નથી થતો ? સૂર્યની ગેરહાજરી લોકોમાં નિરાશા કે ઉદાસીનતાની વૃત્તિ પેદા નથી કરતી ?'

'જરૂર. પરંતુ એના પરથી જ્યોતિષના દાવાને માન્ય ન કરી શકાય. મારી નૌકા તૂટી પડે કે ન તૂટે તે માટે મંગલ કે ગુરુના ગ્રહે શા માટે લેશ પણ દરકાર રાખવી જોઈએ ?'

એ મારી તરફ તદ્દન અવિક્ષુબ્ધ વદને જોઈ રહ્યા.

'ગ્રહોને તમે આકાશમાં રહેલા પ્રતીકરૂપે માનો તે વધારે ઠીક રહેશે. ખરું જોતાં એ આપણને અસર નથી કરતા, પરંતુ આપણાં ભૂતકાળનાં કર્મો અસર કરે છે.' એમણે ઉત્તર આપ્યો : 'માણસ ફરી-ફરી જન્મે છે અને પ્રત્યેક જન્મમાં એનું ભાગ્ય કે પ્રારબ્ધ એની સાથે રહે છે એ સિદ્ધાંત નહિ સ્વીકારો ત્યાં સુધી જ્યોતિષના વાજબીપણાને તમે કદી પણ નહિ સમજી શકો. એક જન્મમાં પોતાનાં બૂરાં કર્મોનું ફળ એને ન મળે તો બીજા જન્મમાં જરૂર મળે છે. એક જીવન દરમિયાન પોતાનાં સારાં કર્મોનું શુભ ફળ એને ન મળે તો બીજા જન્મમાં તો જરૂર મળે છે માણસનો આત્મા પરિપૂર્ણ થતાં સુધી આ પૃથ્વી પર અવારનવાર આવ્યા કરે છે. એ સિદ્ધાંતના સ્વીકાર સિવાય જુદાજુદા લોકોનાં ભિન્નભિન્ન ભાગ્ય કેવળ અકસ્માત, તક કે દુર્ભાગ્યરૂપ માનવાં પડશે. ન્યાયી ઈશ્વર કે દેવ એવું કેમ ચાલવા દે ? નહિ. અમારી માન્યતા છે કે માણસનું મૃત્યુ થાય છે ત્યારે એની ઇચ્છાઓ, લાલસાઓ, એના વિચારો અને એનું ચારિત્ર્ય સ્થૂલ શરીરમાં પ્રવેશીને નવજાત શિશુના રૂપમાં આપણી સામે ન આવે ત્યાં સુધી ટકી રહે છે. આગલા જન્મમાં કરાયેલાં શુભાશુભ કર્મોનું સારું કે ખરાબ ફળ વર્તમાન જન્મમાં અથવા ભાવિ જન્મોમાં પણ ભોગવવું પડે છે. અમારે ત્યાં ભાગ્યનો ખુલાસો એવી રીતે કરવામાં આવે છે. મેં તમને કહ્યું કે એક દિવસ તમારી નૌકાનો નાશ થવાથી તમારા જીવનમાં સમુદ્રમાં ડૂબવાનો ગંભીર ભય ઊભો થશે, એનો અર્થ

એ છે કે પૂર્વજન્મમાં તમે કરેલા કોઈક કુકર્મને પરિણામે, ઈશ્વરે પોતાના ન્યાયરૂપે, તમારે માટે એ જ ભાવિ નક્કી કરેલું છે. ગ્રહોના દબાણને લીધે તમારી નૌકાનો નાશ નથી થવાનો. એ તો તમારાં પૂર્વકર્મોનું અટળ પરિણામ છે. ગ્રહો અને એમની દશા તો એ ભાવિનો હેવાલ રજૂ કરે છે. એવો હેવાલ એ શા માટે રજૂ કરે છે એ હું નથી કહી શકતો. કોઈ પણ સામાન્ય માનવનું મગજ જ્યોતિષની શોધ કરી શકયું ન હોત. માનવીના હિત માટે જૂના જમાનાના મહર્ષિઓએ એને પ્રકટ કરેલું. એવી રીતે એનો લાભ લાંબા વખતથી મળતો રહ્યો.'

દેખીતી રીતે સાચા લાગતા એ ઉદ્‌ગારો સાંભળ્યા પછી એના પર શું ટિપ્પણ કરવું તેની સમજ મને ન પડી. માણસના આત્મા અને ભાવિને એમણે ભાગ્યના ખીલા સાથે બાંધી દીધું; પરંતુ કોઈ પણ તંદુરસ્ત પશ્ચિમવાસી પોતાને કોઈ સ્વતંત્ર ઇચ્છાશક્તિની માલિકીથી વંચિત કરે તે નહિ સાંખી લે. શક્તિશાળી પશ્ચિમવાસીમાંથી કઈ વ્યક્તિ એ માન્યતાને લીધે ઉત્સાહિત થશે કે પોતાની સ્વતંત્ર પસંદગી નહિ પરંતુ ભાગ્ય જ એને આગેકદમ કરવા પ્રેરિત કરે છે? એ પાતળા શરીરવાળા, શેખચલ્લી જેવા દેખાતા, ગ્રહમંડળનાં રહસ્યોથી ભરેલા પુરાણા કાગળોમાં વિહાર કરતા, ફીકા માનવને હું આશ્ચર્યચકિત નેત્રે જોઈ રહ્યો.

'તમને ખબર છે,' મેં તેમને કહેવા માંડયું, 'કે દક્ષિણના કેટલાક પ્રદેશોમાં જ્યોતિષીઓને ધર્મગુરુઓથી બીજા નંબરનું માન આપવામાં આવે છે અને એમની પહેલેથી સલાહ લીધા વિના કોઈ પણ મહત્વનું કામ કરવામાં આવતું નથી? અમે અંગ્રેજો એવી પરિસ્થિતિ જોઈને હસીએ છીએ કેમ કે ભવિષ્યકથનની પદ્ધતિઓમાં અમે એટલો રસ નથી લેતા. અમને એવું વિચારવાનું ગમે છે કે આપણે સ્વતંત્ર વ્યક્તિઓ છીએ અને નિર્દય દેવના લાચાર શિકાર નથી.

જ્યોતિષીએ પોતાનું મસ્તક હલાવ્યું.

'હિતોપદેશ નામના અમારા એક પ્રાચીન પુસ્તકમાં આવ્યું છે કે માણસના લલાટમાં લખાયેલા વિધિના લેખને કોઈ પણ મિથ્યા નથી કરી શકતું.'

પોતાના શબ્દોને શાંત થવા દઈને એમણે ફરી કહ્યું :

'તમારાથી શું કરી શકાય તેમ છે? આપણે આપણાં કર્મોનાં ફળ ભોગવવાં જ જોઈએ.'

પરંતુ એ નિવેદન મને શંકાસ્પદ લાગ્યું. મારી એવી છાપ મેં કહી બતાવી પણ ખરી.

વ્યક્તિગત ભાગ્યોના પયગંબર પોતાની ખુરશીમાંથી ઊભા થયા. મે એને સૂચનારૂપ સમજીને એમની રજા લેવાની તૈયારી કરી. એમણે ગંભીર ને ધીમા સ્વરે કહેવા માંડયું :

'બધું ઈશ્વરના હાથમાં છે. કોઈ અથવા કશું એનાથી છૂટી શકે તેમ નથી. આપણામાંથી સાચા અર્થમાં મુક્ત કોણ છે? ઈશ્વર ન હોય એવી કઈ જગ્યાએ આપણે જઈ શકીએ છીએ?'

બારણા પાસે જઈ પહોંચીને એમણે સંકોચ સાથે ઉમેર્યું :

'તમે ફરી વાર આવવા ઇચ્છતા હો તો આપણે આ બાબતોની વિશેષ ચર્ચા કરી શકીશું.'

મેં એમનો આભાર માનીને એમના આમંત્રણનો સ્વીકાર કર્યો.

'ઠીક ત્યારે. આવતી કાલે સાંજે સૂર્યાસ્ત પછી લગભગ છ વાગ્યે હું તમારી રાહ જોઈશ.'

× × ×

બીજે દિવસે સાંજે જ્યોતિષીને ઘેર પહોંચી ગયો. એ જે કાંઈ કહે તે બધું જ સ્વીકારી લેવાનો મારો ઇરાદો નહોતો; પરંતુ એનો અસ્વીકાર કરવાની કોઈ યોજના પણ મેં નહોતી બનાવી. હું સાંભળવા માટે ગયો હતો અને શકય હોય તો શીખવા માટે પણ, જો કે પાછલી વસ્તુનો આધાર એમનાં નિવેદનોને

અનુભવથી કેટલા પ્રમાણમાં સાચાં ઠરાવી શકાય છે એના પર હતો. અને એ વખતે જે પૂરતાં મજબૂત કારણો આપવામાં આવે તો જ પ્રયોગો કરવા માટે હું તૈયાર હતો છતાં મારી કુંડળી પરથી કહી બતાવેલા ફળાદેશે મને એવું માનવા પ્રેરિત કર્યો હતો કે હિંદુ જ્યોતિષશાસ્ત્ર કોઈ અંધશ્રદ્ધાથી ભરેલું અર્થ વગરનું ટાયલું નથી, અને એમાં ઊંડા સંશોધન માટે અવકાશ રહેલો છે. એ વિચાર મારા એ વખતના વલણની હદ બતાવતો હતો.

એમના લખવા માટેના મોટા ટેબલ આગળ અમે એકમેકની સામે બેસી ગયા. અમારા પર તેલના દીવાનો આછો પ્રકાશ પડવા માંડ્યો. ભારતનાં બીજાં લાખો ઘરો એ વખતે રાતે એવી જ રીતે પ્રકાશિત થતાં હતાં.

'મારા ઘરના ચૌદ ઓરડા છે.' જ્યોતિષીએ મને કહ્યું : 'એ મોટે ભાગે સંસ્કૃતમાં લખેલી પુરાણી હસ્તપ્રતોથી ભરેલા છે. એના પરથી સમજાશે કે એકલો રહેવા છતાં મારે આવા મોટા ઘરની જરૂર શા માટે છે. આવો, અને મારા સંગ્રહને જોઈ લો.'

દીવાલે લટકતું ફાનસ લઈને એ બીજા ઓરડાનો રસ્તો બતાવતા આગળ વધ્યા. દીવાલોની આગળ ખુલ્લી પેટીઓ પડેલી. એમનામાંથી એકમાં મેં દૃષ્ટિ ફેંકી તો તે કાગળો તેમ જ પુસ્તકોથી ભરેલી લાગી. ઓરડાની ફરસ ઢગલાબંધ પુસ્તકો, તાડપત્રો પરની હસ્તલિપિનાં બંડલો અને વખતના વીતવા સાથે ઝાંખાં પડી ગયેલાં પૂઠાંવાળા ગ્રંથોથી ઢંકાઈ ગયેલી હતી. મેં એક નાનકડું બંડલ મારા હાથમાં લીધું. એનું પ્રત્યેક પૃષ્ઠ ઝાંખા અને ન સમજી શકાય તેવા લખાણથી ભરેલું હતું. ક્રમેકમે અમે બધાય ઓરડામાં ફરી વળ્યા અને બધે એવું જ દૃશ્ય નજરે પડ્યું. જ્યોતિષીનું પુસ્તકાલય એકદમ અવ્યવસ્થિત લાગ્યું. એમણે મને ખાતરી આપી કે એ પ્રત્યેક પુસ્તક અને કાગળથી સુપરિચિત છે. મને લાગ્યું કે

એમણે મક્કમતાથી માથું ધુણાવ્યું.

'ના. કોઈ હલકી જાતની સ્ત્રી મારી રસોઈ ન બનાવી શકે. એવી સ્ત્રીને રસોઈ બનાવવાની રજા આપવા કરતાં તો હું એક મહિનો ખોરાક ન લેવાનું જ વધારે પસંદ કરું. મારી રસોઈયણની તબિયત સારી થાય ત્યાં સુધી મારે રાહ જોવી જોઈશે. પરંતુ એ એકાદ બે દિવસમાં આવી પહોંચશે એવી ધારણા છે.'

મેં એમના તરફ ધ્યાનપૂર્વક નજર કરી તો મને જણાયું કે એમના શરીર પર બ્રાહ્મણની જનોઈ છે. એમની હડપચી પાસેથી પસાર થતી ત્રણ દોરાવાળી વણેલી જનોઈ બ્રાહ્મણના પ્રત્યેક છોકરાને પહેરાવવામાં આવે છે અને આખી જિંદગી સુધી કાઢવાની નથી હોતી. એટલે એ બ્રાહ્મણ છે એવી ખાતરી થઈ.

'ઉપરચોટિયા અંધશ્રદ્ધાવાળા જાતિબંધનથી શા માટે હેરાન થાઓ છે?' મેં એમને આગ્રહપૂર્વક વિનંતિ કરી: 'તમારું સ્વાસ્થ્ય એના કરતાં ખરેખર વધારે અગત્યનું છે.'

'એ અંધશ્રદ્ધા કે વહેમ નથી. તમારા પશ્ચિમના વિજ્ઞાનનાં સાધનોએ હજુ એની શોધ નથી કરી, છતાં દરેક વ્યક્તિ એક જાતનો તદ્દન વાસ્તવિક લોહચુંબક જેવો પ્રભાવ પાડતી હોય છે. રસોઈ બનાવનાર રસોઈયણ, અલબત્ત, અજ્ઞાત રીતે પણ એના પર પોતાની અસર પાડતી હોય છે. હલકા ચારિત્ર્યની રસોઈ બનાવનારી વ્યક્તિ પોતાની ખરાબ અસરથી ખોરાકને દૂષિત કરે છે. એ અસર એ ખોરાક ખાનારના શરીરમાં દાખલ થાય છે.'

'કેટલો ગજબનો સિદ્ધાંત!'

'પરંતુ એ સાચો છે.'

મેં વિષયાંતર કરતાં પૂછ્યું:

'તમે કેટલાં વરસથી જ્યોતિષનું કામ કરો છો?'

'ઓગણીસ વરસથી. મારા લગ્ન પછી મેં આ કામ ચાલુ કર્યું.'

એમના ઘરમાં હિન્દુસ્તાનનું ડહાપણ એકઠું થયું છે. ભારતની મોટા ભાગની ગુપ્ત વિદ્યાઓ એ સંસ્કૃત ગ્રંથોમાં અને જૂની હસ્તપ્રતોની હારમાળાનાં લગભગ દુર્ભેદ્ય જેવાં પૃષ્ઠોમાં શું સાચેસાચ સમાયેલી હશે ?

અમે અમારી ખુરશી પર પાછા ફર્યા ત્યારે એમણે મને કહેવા માંડયું :

'એ હસ્તપ્રતો ને ગ્રંથો ખરીદવામાં મારું લગભગ બધું જ ધન ખરચાઈ ગયું છે. એમાંના કેટલાક તો દુર્લભ હોવાથી એમને માટે મારે મોટી કિંમતો ચૂકવવી પડી છે. એને લીધે હું આજે ઘણો જ ગરીબ બની ગયો છું.'

'એમાં કયા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?'

'એમાંથી ઘણા જ્યોતિષને લગતા છે, જ્યારે બીજા કેટલાકમાં માનવજીવન તથા દૈવી રહસ્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.'

'ત્યારે તમે શું તત્ત્વજ્ઞાની પણ છો ?'

એમના પાતળા ચહેરા પર આછું સ્મિત ફરી વળ્યું.

'જે માણસ સારો તત્ત્વજ્ઞાની નહિ હોય તે નબળો જ્યોતિષી પુરવાર થશે.'

'મને માફ કરજો, પરંતુ હું આશા રાખું છું કે તમે એ બધા ગ્રંથોનું વધારેપડતું વાચન નહિ કરતા હો. તમને હું પહેલવહેલો મળ્યો ત્યારે તમારી ફીકાશ જોઈને મને અચંબો થયેલો.'

'એમાં નવાઈ જેવું કશું નથી.' એમણે શાંતિથી ઉત્તર આપ્યો : 'મેં છ દિવસથી ભોજન નથી કર્યું.'

મેં એનું કારણ પૂછયું.

'એની પાછળ પૈસાનું કારણ નથી. જે બાઈ રોજ મારી રસોઈ બનાવવા આવે છે તે માંદી છે. એ છ દિવસથી નથી આવી.'

'તો પછી કોઈ બીજી બાઈને કેમ નથી બોલાવતા ?'

'ઓહ! હું સમજ્યો.'

'ના. હું વિધુર નથી. હું સમજ્યું? મારી ઉંમર તેર વરસની હતી ત્યારે જ્ઞાનને માટે ઈશ્વરને અવારનવાર પ્રાર્થના કરતો. અને એને પરિણામે મને જ્ઞાન આપનારા જુદાજુદા પુરુષોની તથા જુદા-જુદા ગ્રંથોની પ્રાપ્તિ થઈ. અભ્યાસનો રસ મને એટલો બધો લાગ્યો કે આખો દિવસ અને મોડી રાત સુધી હું વાંચ્યા કરતો. મારાં માતાપિતાએ મારા લગ્નની ગોઠવણ કરી. અમારા લગ્ન પછી થોડાક દિવસે મારી પત્ની મારા પર ક્રોધે ભરાઈને કહેવા લાગી: 'મારું લગ્ન એક પુસ્તક-પુરુષ સાથે થયું છે!' આઠમે દિવસે એ અમારી ગાડી હાંકનાર ગાડીવાન સાથે નાસી ગઈ.'

સુધીબાબુ જરાક અટક્યા. જો કે એમની પત્નીની એટલી જલદીથી નાસી જવાની ક્રિયાએ રૂઢિવાદી ભારતમાં ખળભળાટ મચાવી દીધો હશે, તોપણ એમની પત્નીની આકરી ટીકા મને હસાવ્યા વિના નરહી શકી. પરન્તુ સ્ત્રીઓનાં ચારિત્ર્ય કષ્ટપ્રદ ને મનુષ્ય-મનથી ન સમજી શકાય એવાં ગહન હોય છે.

'થોડા વખત પછી એ આઘાતમાંથી મુક્તિ મેળવીને હું એને ભૂલી ગયો.' એમણે આગળ ચલાવ્યું: 'મારી સઘળી લાગણીઓ સુકાઈ ગઈ. પછી તો હું દૈવી રહસ્યો અને જ્યોતિષના અભ્યાસમાં વધારે ને વધારે ઊંડો ઊતરતો ગયો. એને પરિણામે જ મેં બ્રહ્મ-ચિંતા નામના પુસ્તકનું મોટામાં મોટું અભ્યાસકાર્ય શરૂ કર્યું.'

'તે પુસ્તક શાની સાથે સંબંધ ધરાવે છે તે કહી શકશો?'

'એના મથાળાનો અનુવાદ દૈવી ધ્યાન, બ્રહ્મની શોધ, અથવા ઈશ્વરીય જ્ઞાન એવો કરી શકાય. એ આખીય કૃતિ બધાં મળીને સાત હજાર પૃષ્ઠોની છે, પરન્તુ એનો પહેલા ભાગનો અભ્યાસ કેવળ પરિચય પૂરતો છે. એ બધી સામગ્રી છૂટાછવાયા રૂપમાં આમતેમ વિખરાયેલી હોવાથી એને એકઠી કરતાં મને આશરે વીસ વરસ લાગી ગયાં. ભારતનાં જુદાજુદા પ્રાંતોમાંના પ્રતિનિધિઓ મારફત

મેં એના જુદાજુદા ભાગો ધીરજપૂર્વક ભેગા કર્યા છે. એ કૃતિના વિષયોના બાર મુખ્ય વિભાગો અને બીજા અનેક પેટાવિભાગો છે. એમાંના મુખ્ય વિષયો તત્ત્વજ્ઞાન, જ્યોતિષ, યોગ, મૃત્યુ પછીનું જીવન અને બીજી ગહન વસ્તુઓ છે.'

'એ પુસ્તકના કોઈ અંગ્રેજી અનુવાદની તમને ખબર છે?'

એમણે માથું ધુણાવ્યું.

'મેં કોઈ પણ અનુવાદ વિશે નથી સાંભળ્યું. એ પુસ્તકના અસ્તિત્વની જાણ હિન્દુઓમાં પણ બહુ થોડાને છે. અત્યાર સુધી એને અત્યંત સંભાળપૂર્વક ને ગુપ્ત રાખવામાં આવ્યું છે. મૂળ તો એ તિબેટમાંથી આવ્યું છે. ત્યાં એને ખૂબ જ પવિત્ર માનવામાં આવે છે, અને ફક્ત ગણ્યાગાંઠ્યા પસંદ કરાયેલા વિદ્યાર્થીઓને જ એનો અભ્યાસ કરાવવામાં આવે છે.'

'એ કયારે લખાયું?'

'એની રચના હજારો વરસ પહેલાં ભૃગુ ઋષિએ કરેલી. એમને થયે એટલો બધો વખત થયો છે કે હું તમને કોઈ તારીખ નથી આપી શકતો. ભારતમાં પ્રવર્તમાન એવી યોગપદ્ધતિ કરતાં તદ્દન જુદા જ પ્રકારની યોગપદ્ધતિનું એ શિક્ષણ આપે છે. તમને યોગમાં રસ છે, ખરું?'

'તમે તે કેવી રીતે જાણ્યું?'

એના ઉત્તરરૂપે સુધીબાબુએ મારી જન્મતારીખની આસપાસ તૈયાર કરેલો નકશો રજૂ કર્યો, અને રાશિચક્ર તથા ગ્રહોનાં સ્થાનોનો નિર્દેશ કરતી વિચિત્ર રેખાત્મક આકૃતિઓ પર પોતાની પેનસિલ ફેરવવા માંડી.

'તમારી કુંડળી મને ચકિત કરે છે. એક અંગ્રેજ માટે એ એક અસામાન્ય તથા ભારતવાસી માટે પણ અસાધારણ કુંડળી છે. એના પરથી નિર્દેશ મળે છે કે તમારી અંદર યોગ શીખવાની ઘણી મોટી વૃત્તિ રહેલી છે અને તમે એવા સંતોનો અનુગ્રહ મેળવશો, જે

તમને એ વિષયમાં ઊંડે ઊતરવામાં મદદ કરશે. એ છતાં તમારી જાતને માત્ર યોગ પૂરતી સીમિત રાખવાને બદલે તમે બીજી ગૂઢ વિદ્યાઓમાં પણ પારંગત થશો.'

એ અટક્યા અને મારી આંખમાં દૃષ્ટિ સ્થિર કરીને જોવા માંડ્યા. મને એવી સૂક્ષ્મ લાગણી થવા માંડી કે એ એક એવું નિવેદન કરવા માગે છે જે એમના અંતરંગ જીવનના અનુભવની અભિવ્યક્તિ બરાબર હશે.

'સંતો બે જાતના હોય છે : એક તો જે પોતાના જ્ઞાનનો ઉપયોગ સ્વાર્થી થઈને પોતાને માટે જ કરે છે, અને જે પ્રકાશ કે જ્ઞાનની પ્રાપ્તિ પછી એની ઇચ્છાવાળા બીજાને તે છૂટથી વહેંચે છે. તમારી કુંડળી બતાવે છે કે તમે પૂર્ણ પ્રકાશની પ્રાપ્તિની લગભગ તૈયારીમાં છો, અને એટલા માટે મારાં વચનો નિરર્થક નહિ જાય. તમને મારું જ્ઞાન આપવા હું તૈયાર છું.'

ઘટનાચક્ર આવી વિચિત્ર રીતે બદલાયું. એથી હું આશ્ચર્યચકિત બની ગયો. સુધીળાજુ પાસે હું સૌથી પહેલાં ભારતીય જ્યોતિષશાસ્ત્રના એમના દાવાઓની ચકાસણી કરવા આવેલો. એનાં મૂળભૂત અનુમાનોના સંબંધમાં એમનો વિશેષ બચાવ સાંભળવા ફરી આવેલો. અને હવે એમણે અણધારી રીતે મારા યોગના ગુરુ થવાની માગણી કરી!

'બ્રહ્મચિંતાની પદ્ધતિઓનો જો તમે અભ્યાસ કરશો તો તમારે કોઈ ગુરુની જરૂર નહિ રહે.' એમણે કહેવા માંડ્યું : 'તમારો આત્મા જ તમારો ગુરુ બની રહેશે.'

મારી ભૂલનું એકાએક ભાન થયું અને નવાઈ લાગી કે એમણે મારા વિચારો વાંચી લીધા કે શું!

'તમારી વાતથી મને નવાઈ થાય છે.' મારાથી એટલું જ કહી શકાયું.

'મેં થોડાક પુરુષોને આ જ્ઞાન પૂરું પાડ્યું છે. પરંતુ હું મારી જાતને એમના ગુરુ તરીકે કદી પણ નથી માનતો; ફક્ત

એમના ભાઈ કે મિત્ર જેવી જ માનું છું. એટલે ગુરુના સામાન્ય અર્થમાં તમારા ગુરુ થવાની ઇચ્છા મારામાં જરા પણ નથી. ભૃગુ ઋષિનો આત્મા મારા તન અને મનનો ઉપયોગ કરીને એમનો જ્ઞાનોપદેશ તમને પૂરો પાડશે એટલું જ.'

'જ્યોતિષીના ધંધાને તમે યોગની પદ્ધતિના ઉપદેશ સાથે કેવી રીતે જોડી શકો છો તે મને નથી સમજાતું.'

એમના પાતળા હાથ ટેબલ પર ફેલાવ્યા.

'એનો ખુલાસો આવો છે. સંસારમાં રહીને હું જ્યોતિષનું મારું કામ કરીને એની સેવા કરું છું. વળી કોઈ મને યોગના ગુરુ તરીકે ઓળખે એ મને પસંદ નથી. કારણકે અમારા બ્રહ્મચિંતા ગ્રંથમાં ઈશ્વરને જ ગુરુ માનવામાં આવે છે. અમે કેવળ એને જ ઉપદેશક માનીએ છીએ. એ વિશ્વાત્મારૂપે આપણામાં રહીને આપણને જ્ઞાન આપે છે. તમે ઇચ્છો તો મને ભાઈ માનો, પરંતુ આધ્યાત્મિક ઉપદેશક ન માનો. જેમને ગુરુ હોય છે તે પોતાના આત્માને બદલે એમના તરફ વધારે વળે છે અને એમના પર વધારે આધાર રાખે છે.'

'અને એ છતાં તમે તો માર્ગદર્શનને માટે જ્યોતિષ પર આધાર રાખો છો, તમારા આત્મા પર આધાર નથી રાખતા.' મેં તરત જ ટોણો માર્યો.

'તમારી એ માન્યતા બરાબર નથી. હું હવે મારા જન્માક્ષર કદી પણ નથી જોતો. સાચું કહું તો ઘણાં વરસ પહેલાં મેં એ ફાડી નાખ્યા છે.'

એ નિવેદન પ્રત્યે મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે એમણે ઉત્તર આપ્યો :

'મને પ્રકાશની પ્રાપ્તિ થઈ હોવાથી મને દોરવણી આપવા જ્યોતિષની જરૂર નથી લાગતી, પરંતુ અંધારામાં અટવાતા કેટલાયને એથી મદદ મળે છે. મેં મારું જીવન સંપૂર્ણપણે ઈશ્વરના હાથમાં અર્પણ કર્યું છે. એવા સમર્પણને પરિણામે વર્તમાન તથા ભાવિની

બધી જ ચિંતા મેં છોડી દીધી છે. ઈશ્વર જે આપે છે તેનો સ્વીકાર હું તેની ઇચ્છારૂપે કરી લઉં છું. એ સર્વશક્તિમાનના ચરણમાં મેં મારું તન, મન, મારાં કર્મો અને મારી ભાવનાઓ અથવા મારું સર્વસ્વ અર્પણ કર્યું છે.'

'ધારો કે કોઈક ખૂની લફંગા જેવો માણસ તમને મારી નાખવાની ધમકી આપે તો તમે કાંઈ જ ન કરો અને એને ઈશ્વરની ઇચ્છા તરીકે સ્વીકારી લો?'

'જ્યારે કોઈ ભય ઉપસ્થિત થાય છે ત્યારે હું જાણું છું કે મારે તો ફક્ત પ્રાર્થના કરવાનું અને તરત જ એનું રક્ષણ મેળવવાનું છે. પ્રાર્થના ઉપયોગી છે પરંતુ બીક બિનજરૂરી છે. મેં વારંવાર પ્રાર્થના કરી છે અને ઈશ્વરે મને અદ્‌ભુત રીતે મદદ કરી છે. મારે મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. એ બધામાંથી પસાર થતી વખતે ઈશ્વરની મદદનો મને ખ્યાલ હતો. પ્રત્યેક પ્રસંગે મારો વિશ્વાસ ઈશ્વરમાં પૂરેપૂરો ટકી રહે છે. એક દિવસ એવો આવશે જ્યારે તમે પણ ભવિષ્યની ચિંતા કરવાને બદલે એના પ્રત્યે ઉદાસીન બની જશો.'

'એવું બને તે પહેલાં મારામાં નોંધપાત્ર ફેરફાર થવો જોઈશે.' મેં શુષ્કતાપૂર્વક કહ્યું.

'એવો ફેરફાર જરૂર થશે.'

'તમને ખાતરી છે?'

'હા. તમે તમારા ભાગ્યમાંથી છટકી નહિ શકો. માણસ ઇચ્છે કે ન ઇચ્છે તોપણ આધ્યાત્મિક પુનર્જન્મની ઘટના ઈશ્વર તરફથી એને જરૂર આવી મળે છે.'

'તમે ઘણી આશ્ચર્યકારક વસ્તુઓ કહી રહ્યા છો, સુધીબાબુ!'

ભારતમાંના મારા વાર્તાલાપો દરમિયાન મારે માટે અજ્ઞાત એવી ઇષ્ટ દેવતાની વાત અનેક વાર આવ્યા કરતી હતી. હિંદુઓ

ખરેખર ધાર્મિક હોય છે, અને એ એમની જે ચિરપરિચિત રીતે ઈશ્વરનો ઉલ્લેખ કરતા હતા તે રીતથી હું વારંવાર વિમાસણમાં મુકાતો હતો. ગૂંચવાડાભરેલાં કારણોના પ્રવાહમાં જેણે પોતાની સાદી શ્રદ્ધા સમર્પિત કરી છે એવા શંકાશીલ પશ્ચિમવાસીના દૃષ્ટિકોણની કદર કરવાનું એમને માટે શક્ય છે ખરું? મને લાગ્યું કે જ્યોતિષીની સાથે ઇષ્ટદેવતાના એ પ્રશ્નને લઈને દલીલોમાં ઊતરી પડવાથી કોઈ જરૂરી હેતુ નહિ સરે. એવી ચર્ચા નિરુપયોગી થઈ પડશે. એમની પાસેથી પિરસાતી કોઈ સૈદ્ધાંતિક સામગ્રીનો સ્વાદ લેવાની મારી મરજી ન હોવાથી એના કરતાં ઓછી વિવાદાસ્પદ ભૂમિકા પર વિષયને ફેરવવાનું મને ઉચિત લાગ્યું.

'આપણે બીજા વિષયો પર વાતો કરીએ કારણ કે મારી અને ઈશ્વરની કદી મુલાકાત નથી થઈ.'

એમની આગળપડતી તરી આવતી કાળી ને ઘેાળી આંખથી મારા આત્માને તપાસતા હોય તેમ, એમણે મારી તરફ એકીટશે જોવા માંડયું.

'તમારા જન્માક્ષરનો નકશો ખોટો ન હોઈ શકે અને જેનું મગજ તૈયાર ન હોય તેની આગળ હું મારું જ્ઞાન વ્યક્ત નથી કરતો; પરંતુ ગ્રહો અચૂક રીતે ફર્યા કરે છે. આજે તમે જે નથી સમજી શકતા તે થોડાક વખત સુધી તમારા વિચારોમાં પડી રહેશે અને પછી બમણા વેગથી બહાર આવશે. હું તમને ફરીથી કહું છું કે બ્રહ્મચિંતાના માર્ગનું જ્ઞાન આપવાની મારી તૈયારી છે.

'અને તેને શીખવાની મારી પણ તૈયારી છે.'

× × × ×

એ પછી બીજી સાંજે જ્યોતિષીના જૂના પથ્થરના ઘરની મુલાકાત લઈને મેં બ્રહ્મચિંતાના પાઠ ભણવા માંડયા. પ્રાચીન તિબેટની યોગપદ્ધતિની એ સાધનાની એ મને દીક્ષા આપતા ત્યારે એમની નાની મુખાકૃતિ પર ફાનસના પ્રકાશનું આછું સ્થિર અજવાળું

પડચા કરતું. મારી સાથેના વ્યવહારમાં એ કદી પણ આધ્યાત્મિક શ્રેષ્ઠતા કે અહંકારી શિક્ષકનું વલણ કરતા નહોતા. એ નમ્રતાના મૂર્તિમંત સ્વરૂપ જેવા હતા અને સામાન્ય રીતે પોતાના ઉપદેશનો આરંભ એવા વાકયથી કરતા કે 'બ્રહ્મચિંતાના આ ઉપદેશમાં કહેવામાં આવ્યું છે કે*'

'બ્રહ્મચિંતાના યોગનું છેવટનું પ્રયોજન અથવા ઉચ્ચત્તમ ધ્યેય શું છે?' મેં એમને એક દિવસ સાંજે પ્રશ્ન કર્યો.

'એની દ્વારા સમાધિની અવસ્થા મેળવવાની કોશિશ કરીએ છીએ, કારણ કે એ અવસ્થામાં પોતાના આત્મસ્વરૂપનો માણસને પૂર્ણ પરિચય થઈ શકે છે. એ પછી એ પોતાની આજુબાજુના વાતાવરણમાંથી પોતાના મનને મુક્ત કરી શકે છે. એ અવસ્થામાં પદાર્થોનો લય થાય છે અને બહારની દુનિયા અદૃશ્ય થતી લાગે છે. પોતાની અંદરના આત્માને એ જીવંત વાસ્તવિક તત્ત્વરૂપે ઓળખી લે છે. એને પરિણામે મળતી ધન્યતા, શાંતિ ને શક્તિથી ભરાઈ જાય છે. એને આવી જાતના એકાદ અનુભવની જ આવશ્યકતા છે જેથી એને પોતાની અંદર અલૌકિક અને અવિનાશી ચેતના છે એનો પુરાવો મળે. એ હકીકતનું વિસ્મરણ એને પછી કદીય નહિ થઈ શકે.'

મારી સંશયવૃત્તિથી પ્રેરાઈને મેં પ્રશ્ન કર્યો :

---

* '[બ્રહ્મચિંતાની એ પદ્ધતિની વિગતો જાહેર કરવાનો શ્રમ હું નહિ લઉં. એવા પરિશ્રમને પરિણામે પશ્ચિમના વાચકોને કોઈ લાભ નહિ થાય. એમાં કેટલીય જાતનાં ધ્યાનનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનો હેતુ મનને સંકલ્પરહિત અથવા ખાલી કરવાનો છે. એમાં છ પ્રકારના જુદાજુદા સાધનામાર્ગોની માહિતી મેળવવી પડે છે, અને એમાંના મુખ્ય સાધના-માર્ગની દસ ભૂમિકાઓ છે. એ સાધનાપદ્ધતિ જંગલનાં એકાંત સ્થાન અથવા પર્વતીય મઠો કે આશ્રમોને માટે જ અનુકૂળ છે તથા જોખમી પણ બની શકે છે, એથી એનો અભ્યાસ કરવાનું સામાન્ય અંગ્રેજ માટે ઉચિત અને આવશ્યક નથી લાગતું. એવા સાધનાત્મક અભ્યાસમાં પડનારા પશ્ચિમી રસિયાઓએ માનસિક ગાંડપણ માટે તૈયાર રહેવું.]

'તમને ખાતરી છે કે આ બધું પોતાની મેળે કરેલાં સૂચનોનું ઊડું સ્વરૂપ નથી?'

એમના હોઠની આજુબાજુ આછું સ્મિત ફરી વળ્યું. 'માતા બાળકને જન્મ આપે છે ત્યારે જે કાંઈ થાય છે તેના સંબંધમાં એક ક્ષણ માટે પણ તેને શંકા થવાનું શક્ય છે ખરું? અને અનુભવને યાદ કરતી વખતે એને એવું લાગે છે કે એ કેવળ આત્મસૂચન હતું? પોતાની નજર આગળ વરસોવરસ મોટા થતા જતા બાળકને જોઈને કોઈ વાર પણ એ એના અસ્તિત્વનો ઇનકાર કરે છે ખરી? એવી જ રીતે, મનુષ્યના જીવનમાં આત્મિક પુનર્જન્મ માટેનો પરિશ્રમ એવી અસાધારણ ઘટનાના રૂપમાં ફળીભૂત થાય છે કે એને ભૂલવાનું અશક્ય બને છે. એ મનુષ્યમાં ધરમૂળનો ફેરફાર કરી નાખે છે. મનુષ્ય જ્યારે સમાધિદશામાં પ્રવેશે છે ત્યારે મન તદ્દન ખાલી થઈ જાય છે. અથવા કહો કે આત્મા — કારણ કે તમને ઈશ્વર શબ્દ નથી ગમતો એવું લાગે છે — અથવા સર્વોચ્ચ તત્ત્વ એ ખાલી મનમાં ઊતરીને એને ભરી દે છે. એવું થતાં અસીમ સુખનો અનુભવ સહજ બને છે. વળી સમસ્ત સૃષ્ટિ માટે પરમ પ્રેમની લાગણી થાય છે. એ અવસ્થાનું નિરીક્ષણ કરનારને શરીર કેવળ સમાધિમાં રોકાયેલું છે એવું જ નહિ લાગે; પરંતુ દેખીતી રીતે જ ભરેલું લાગશે. મન એ સૂક્ષ્માતિસૂક્ષ્મ અવસ્થાની પ્રાપ્તિ કરશે ત્યારે શ્વાસોચ્છ્વાસની ગતિ બંધ પડી જશે.'

'એ શું હાનિકારક નથી?'

'ના. સમાધિની એ દશાની પ્રાપ્તિ તદ્દન એકાંતમાં કરવામાં આવે છે અથવા એનું નિરીક્ષણ કરવાની મંજૂરી કોઈક મિત્રને આપી શકાય છે. સમાધિની એ શાંત દશામાં હું વારંવાર પ્રવેશું છું અને ઇચ્છાનુસાર એમાંથી દરેક વખતે બહાર આવી શકું છું. એ દશામાં હું સામાન્ય રીતે બે કે ત્રણ કલાક સુધી રહેતો હોઉં છું. એમાંથી બહાર આવવાનો વખત અગાઉથી જ નક્કી રાખું છું. એ અનુભવ ખરેખર અવનવો હોય છે કારણ કે તમે જેને સૃષ્ટિના રૂપમાં જુઓ

છો તેને હું ફરીથી મારી અંદર જોઉં છું! એટલા માટે જ હું કહ્યા કરું છું કે તમારે જે શીખવાની જરૂર છે તે તમે તમારા પોતાના જ આત્મા પાસેથી શીખી શકો છો. હું તમને બ્રહ્મચિંતાના યોગનું શિક્ષણ આપીશ પછી કોઈ ગુરુની જરૂર નહિ રહે; તમારા જીવનમાં કોઈ બહારના પથપ્રદર્શનની આવશ્યકતા નહિ પડે.'

'તમે પોતે કોઈ ગુરુ નથી કર્યા?'

'ના. બ્રહ્મચિંતાના રહસ્યની શોધ કર્યા પછી મને ગુરુ કરવાની ઇચ્છા નથી થઈ. છતાં પ્રસંગોપાત્ત કેટલાક મહાન પુરુષો મને આવી મળ્યા છે. એમનાં દર્શનનો લાભ મને સમાધિમાં પ્રવેશ્યા પછી અંદરની દુનિયાનો અનુભવ કરવાથી મળ્યો છે. એ મહાન સંતપુરુષોએ પોતાના દૈવી સ્વરૂપમાં દર્શન આપીને મને આશીર્વાદ આપતાં મારા મસ્તક પર હાથ મૂકચો છે. એટલા માટે હું ફરીથી કહું છું કે તમારા આત્માના માર્ગદર્શનમાં વિશ્વાસ રાખો તો ગુરુઓ એમની પોતાની ઇચ્છાથી તમારી અંદરની દુનિયામાં પ્રકટ થશે.'

એ પછીની બે મિનિટ સુધી એક જાતની ઊંડી શાંતિ પથરાઈ રહી. જ્યોતિષી કોઈ ઊંડા વિચારોના વમળમાં અટવાઈ ગયા હોય એવું લાગવા માંડયું. થોડી વારે એ વિચિત્ર શિક્ષકે ખૂબ જ નમ્રતા અને શાંતિપૂર્વક કહ્યું :

'એક વાર મારી સમાધિ દરમિયાન મેં ઈશુને જોયા.'

'તમે મને આશ્ચર્યચકિત કરી રહ્યા છો.' મેં ઉદ્‌ગાર કાઢચા.

પરંતુ એમણે કશો ખુલાસો કરવાની ઉતાવળ ના કરી. એને બદલે એમની આંખના ડોળાને એમણે એકાએક ભયજનક રીતે ઉપર ફેરવ્યા. ગહન શાંતિમાં એવી રીતે એક બીજી મિનિટ પસાર થયા પછી પોતાની આંખ એમણે ફરીથી પહેલાંની સહજદશામાં પાછી આણી ત્યારે જ મને શાંતિ થઈ.

મને ફરી સંબોધતી વખતે એમના હોઠ પર એક આછુંપાતળું રહસ્યમય સ્મિત ફરકી ઊઠયું.

'સમાધિદશા એટલી બધી અનેરી છે કે એમાં જ્યારે કોઈ માણસ ડૂબેલો હોય ત્યારે તેની પાસે મૃત્યુ નથી આવી શકતું. હિમાલયના તિબેટ તરફના પ્રદેશમાં કેટલાક એવા યોગીઓ છે જેમણે બ્રહ્મચિંતાના આ માર્ગનો આધાર લઈને પૂર્ણતાની પ્રાપ્તિ કરી લીધી છે. એમને એમાં રસ હોવાથી એમણે પર્વતીય ગુફામાં એકાંત-વાસ કરીને ઊંચામાં ઊંચી સમાધિદશાની પ્રાપ્તિ કરી છે. એ દશામાં નાડી બંધ થઈ જાય છે, હૃદયના ધબકારા શાંત થાય છે, અને અચળ અંગમાંથી લોહી પણ નથી વહેતું. એવા યોગીઓને બહારથી જોતાં એમ જ લાગે કે એમનું મૃત્યુ થયું છે. એ કોઈ જાતની ઊંઘમાં ડૂબેલા છે, એવું ન માનતા, કારણકે એ મારી અને તમારી પેઠે જ પૂરેપૂરા સભાન હોય છે. વધારે ઉચ્ચ જીવનનો અનુભવ કરાવતી પોતાની અંદરની દુનિયામાં એમણે પ્રવેશ કર્યો છે. એમનાં મન શરીરે ઊભી કરેલી મર્યાદાઓમાંથી મુક્ત થઈ ચૂક્યાં હોય છે, અને એમની અંદર એ સમસ્ત સંસારના રહસ્યનું દર્શન કરે છે. એક દિવસ એ પોતાની સમાધિમાંથી બહાર આવશે, પરંતુ તે વખતે તેમની ઉંમર અનેક સૈકાંઓની થઈ ગઈ હશે!'

એવી રીતે માનવજીવનની સનાતનતાની ન માની શકાય તેવી પરંપરાગત વાત એક વાર ફરીથી મને સાંભળવા મળી. પૂર્વના સૂર્યપ્રકાશમાં જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં દેખીતી રીતે જ એ વાત મારી આગળ આવીને ઊભી રહેશે. પરંતુ દંતકથાઓમાં જેમનો ઉલ્લેખ કરવામાં આવે છે તે અમર પુરુષોને શોધી કાઢીને એમનાં પ્રત્યક્ષ દર્શનનો લાભ હું કદી પણ મેળવી શકીશ? અને તિબેટના ઠંડા હવામાનમાં ઊછરીને મોટી થયેલી પ્રાચીન જાદુઈ વાતને શોધી કાઢીને તથા સ્વીકારીને પશ્ચિમનું જગત વૈજ્ઞાનિક તથા શારીરિક શાસ્ત્રોના ક્ષેત્રમાં ભવિષ્યમાં કદી પણ પોતાનો ફાળો આપશે ખરું? એની ખબર કોને પડે છે?

× × ×

બ્રહ્મચિંતાના યોગના વિચિત્ર જેવા સિદ્ધાંતોનો અંતિમ પાઠ મેં પૂરો કરી લીધો.

એ બેઢકિયા જ્યોતિષીને ઘરમાંથી બહાર નીકળવાનું સાહસ કરીને પોતાના અવયવોને થોડીક કસરત પૂરી પાડવા મેં સમજાવી જોયા. એમના ઘરમાંથી એ ભાગ્યે જ બહાર નીકળતા. નદી તરફ જતા અમારા માર્ગની વચ્ચે આવતાં ગીચ બજારોને ટાળવાના ઉદ્દેશથી અમે સાંકડી શેરીઓમાં થઈને આગળ વધ્યા. વારાણુસી એની શેરીઓમાં પગપાળા ફરનારા માણુસને, જૂનોપુરાણો દેખાવ તથા અનારોગ્ય વધારનારી વધારેપડતી વસતિ હોવા છતાં, ભાત-ભાતનાં રંગબેરંગી દૃશ્યો પૂરાં પાડે છે.

બપોર પછીનો સમય હોવાથી મારા જ્યેતિષી સાથીએ સૂર્યનાં કિરણોથી બચવા પોતાની પીઠ પર એક નાની, ખુલ્લી, સપાટ છત્રી રાખી હતી. એમની નાજુક કાયા અને અત્યંત ધીમી કંટાળા-ભરી ચાલને લીધે ઝડપી ગતિથી આગળ વધવાનું મુશ્કેલ થઈ પડવાથી અમારી સફર ટૂંકાવવા માટે મેં માર્ગ બદલ્યો.

અમે કંસારાની શેરીમાં થઈને આગળ વધ્યા. દાઢીવાળા કારીગરોના હથોડાના અવાજથી વાતાવરણ ભરાઈ ગયું. અને એમણે તૈયાર કરેલાં પિત્તળનાં ચમકદાર વાસણો સૂર્યના પ્રકાશમાં ચમકવા લાગ્યાં. ત્યાં પણ હિંદુ મંદિરોમાં જોવા મળતી મુખ્ય દેવોનું સ્થૂળ પ્રતિનિધિત્વ કરતી પિત્તળની અસંખ્ય નાની મૂર્તિઓ જોવા મળી.

બીજી શેરીમાં એક વૃદ્ધ માણુસ રસ્તાની એક બાજુની છાયામાં નીચો નમ્યો. નિર્બળ આંખે અને કરુણાજનક વદને એણે મારી તરફ જોવા માંડયું. એણે ભયમુક્ત બનીને મારી પાસે ભીખ માગી.

એ પછી અમે અનાજના વેપારીઓની શેરીમાંથી આગળ વધ્યા. ત્યાં લાકડાની નાની ને ઊંચી બેઠકો પર લાલ ને સોનેરી અનાજના ઢગલા ખડકેલા હતા. દુકાનદારો એમના માલની પાસે પલાંઠી વાળીને અથવા ઊભે પગે બેઠા હતા. અમારા બંનેની વિચિત્ર

જેવી જોડી પર નજદીકથી પસાર થતી વખતે એમણે થોડો દૃષ્ટિપાત કર્યો અને પછી ગ્રાહકોની ધીરજપૂર્વકની પ્રતીક્ષા કરવાનું કામ ચાલુ કર્યું.

બીજી શેરીઓમાં છૂટથી સુગંધ ફેલાતી. નદીની પાસે આવીને અમે ભિખારીઓના આશ્રયસ્થાન જેવા વિભાગમાં જઈ પહોંચ્યા. કૃશ દેખાતા ભિક્ષુકો ધૂળિયા રસ્તા પરથી આગળ વધતા દેખાયા. એમાંના એકે મારા નજદીક આવીને મારી આંખમાં જિજ્ઞાસાપૂર્વક જોવા માંડયું. એના મુખ પર અનિર્વચનીય ગમગીની જોવા મળી. મારું હૈયું મૂંઝવણમાં મુકાઈને હાલી ઊઠયું.

આગળ વધતાં હું એક સૂકલકડી વૃદ્ધ સ્ત્રી પર પડતાંપડતાં રહી ગયો. એનું શરીર લટકતી ચામડી અને બહાર ઊપસી આવેલાં હાડકાંનું માત્ર માળખું હતું. એણે પણ મારી તરફ જોવા માંડયું. મેં એને દમડી આપવાને બદલે એની માગણીનો સૂકો સ્વીકાર કર્યો. મેં મારું પાકીટ કાઢયું. એનામાં જાણે કે એકાએક જીવ આવ્યો. ચામડીથી લપેટાયેલો હાથ લંબાવીને મેં આપેલા પૈસા એણે લઈ લીધા.

પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થયેલાં અન્ન, સારાં વસ્ત્રો, અનુકૂળ આશ્રયસ્થાન અને બીજા જરૂરી ઇચ્છવાયોગ્ય પદાર્થોના મારા પોતાના સદ્‌ભાગ્ય બદલ મને ઘુજારી છૂટે છે. પેલા કમનસીબ કંગાલ લોકોની યાચનાભરી આંખનો વિચાર કરું છું ત્યારે લાગે છે કે હું અપરાધી છું. કયા હકને લીધે હું આટલા બધા રૂપિયાની માલિકીનો ઉપભોગ કરી રહ્યો છું, જ્યારે પેલા ગરીબ ભિક્ષુઓ પાસે ફાટેલાં-તૂટેલાં કપડાં વિના બીજું કશું જ નથી! ધારો કે જન્મના કોઈ અકસ્માત કે પ્રારબ્ધના ભોગને પરિણામે એમનામાંના એકની જગ્યાએ મારો જ જન્મ થયો હોત તો? થોડા વખત સુધી એ ભયંકર વિચિત્ર વિચાર મારા મનમાં રમી રહે છે; પરંતુ આખરે મને ત્રાસ છૂટે છે અને એને હું વિસ્મૃતિમાં ધકેલી દઉં છું.

આ તકના રહસ્યનો અર્થ શો સમજવો, જે માત્ર જન્મના ભાગ્યને લીધે એક માણસને રસ્તા પર મેલાં ને ફાટેલાંતૂટેલાં

કપડાંમાં રખડતો મૂકે છે અને બીજા માણસને નદીતટના પેલા પ્રાસાદમાં રેશમી કફની પહેરાવીને બેસતો કરે છે ? જીવન ખરેખર એક અંધારો કોયડો છે. મારી સમજમાં તે નથી આવી શકતો.

અમે ગંગાજી પહોંચ્યા ત્યારે જ્યોતિષી બોલ્યા કે અહીં આપણે બેસીએ. અમે છાયામાં બેઠા અને ઘાટ પરનાં પથ્થરનાં વિશાળ પગથિયાંને, ઝૂલતી અગાસીઓને બહાર તરી આવતી બેઠકોને જોવા લાગ્યા. યાત્રીઓની નાની મંડળીઓ અવારનવાર અને સતત રીતે આવતીજતી દેખાવા લાગી.

લગભગ ત્રણસો ફૂટની ઊંચાઈના બે પાતળા ઘાટીલા મીનારા સ્વચ્છ આકાશમાં સરસ રીતે ઉપર ઊઠતા દેખાયા. એ મીનારા હિંદુઓના એ સૌથી પવિત્ર હિંદુ શહેરમાં મુસ્લિમ કાળગણતરીની મોટી ભૂલ જેવા ઔરંગઝેબની આકર્ષક મસ્જિદના હતા.

જ્યોતિષીએ ભિખારીઓ મને વીંટળાઈ વળ્યા તે ધ્યાનપૂર્વક જોયું હતું એટલે પોતાનું ફિક્કું મુખ મારી તરફ ફેરવી કહેવા માંડયું :

'ભારત એક ગરીબ દેશ છે.' એમનો સ્વર કાંઈક ક્ષમાયાચનાના ભાવથી ભરેલો હતો : 'એની પ્રજામાં જડતા ફરી વળી છે. અંગ્રેજ પ્રજા કેટલાંક સુંદર લક્ષણો ધરાવે છે અને અમારા દેશમાં ઈશ્વર એને અમારા લાભને માટે જ લાવ્યા છે એવું મારું માનવું છે. એમના આવ્યા પહેલાં જીવન બિનસલામત હતું. કાયદા તથા ન્યાયને વારંવાર બાજુએ મૂકવામાં આવતાં હતાં. મને આશા છે કે અંગ્રેજો ભારતને નહિ છોડે. અમારે એમની મદદની આવશ્યકતા છે. પરંતુ એ મદદ હવે મિત્રતાના આધાર પર અપાવી જોઈએ, બળપૂર્વક નહિ. ગમે તેમ પણ બંને દેશોનું ભાગ્ય પોતાનો ભાગ ભજવ્યા કરશે.'

'ઓહ ! તમારો પ્રારબ્ધવાદ પાછો આવ્યો !'

મારી ટીકાની અવગણના કરીને એ મૌનમાં ડૂબી ગયા. છેવટે એમણે પૂછ્યું :

'બંને પ્રજાઓ ઈશ્વરની ઇચ્છાને કેવી રીતે ટાળી શકે? દિવસ પછી હમેશાં રાત આવે છે અને રાત પછી હમેશાં દિવસ. રાષ્ટ્રોના ઇતિહાસનું પણ એવું જ છે. દુનિયામાં મોટા ફેરફારો થવાની વકી છે. ભારતવર્ષ આળસ અને જડતામાં ડૂબેલું છે, પરંતુ જ્યાં સુધી ભાવના અને મહત્ત્વાકાંક્ષાથી સભર નહિ બને ત્યાં સુધી એની અંદર ફેરફાર થતા રહેશે. કર્મપરતાની પહેલાં એવો ક્રમ અચૂક આવતો હોય છે. યુરોપ વ્યાવહારિક પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે, પરંતુ એના જડવાદનું જોર ઓછું થશે અને વધારે ઊંચા આદર્શો પ્રત્યે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરશે. એ અંદરની વસ્તુઓની શોધ કરશે. અમેરિકાના સંબંધમાં પણ એવું જ બનશે.'

મેં શાંતિપૂર્વક સાંભળ્યા કર્યું.

'એટલા માટે જ અમારા દેશના ધર્મ ને તત્ત્વજ્ઞાનના ઉપદેશો પશ્ચિમની દિશામાં સાગરના તરંગની પેઠે સફર કરશે.' એમણે ગંભીરતાથી આગળ ચલાવ્યું: 'વિદ્વાનોએ અમારી કેટલીક સંસ્કૃત હસ્તપ્રતો અને પવિત્ર પુસ્તિકાઓના પશ્ચિમની ભાષાઓમાં અનુવાદો પણ કર્યા છે; છતાં ભારત, નેપાળ તથા તિબેટના અંદરના ભાગોનાં ગુફારૂપી પુસ્તકાલયોમાં અનેક પુસ્તકો હજુ ગુપ્ત જ પડી રહ્યાં છે. એમનો પરિચય પણ દુનિયાને આખરે તો કરાવવો જ પડશે. એ ઘડી થોડા વખતમાં જ આવી પહોંચશે જ્યારે ભારતના પ્રાચીન તત્ત્વજ્ઞાન અને આંતરજ્ઞાનને પશ્ચિમના વ્યવહારશાસ્ત્ર તથા વિજ્ઞાન સાથે સમન્વય સધાશે. ભૂતકાળની ગૂઢ વિદ્યાઓએ આ સૈકાની આવશ્યકતાઓ માટે માર્ગ કરી આપવો જોઈએ. મને ખુશી છે કે એ બધું બનશે જ.'

ગંગાના લીલા જેવા પાણી તરફ મેં તાકવા માંડયું. નદી એટલી બધી અદ્‌ભુત શાંતિથી ભરેલી હતી કે એ વહે છે એવું ભાગ્યે જ લાગતું. એની સપાટી સૂર્યપ્રકાશમાં આછીઆછી ચળકતી.

એ મને સંબોધીને ફરી કહેવા માંડ્યા :

'જેવી રીતે દરેક વ્યક્તિનું ભાગ્ય ઈશ્વર સાર્થક કરે છે તેવી રીતે પ્રત્યેક જાતિના લોકોનું ભાગ્ય પણ પૂરું થવું જોઈએ. ઈશ્વર સર્વશક્તિમાન છે. મનુષ્યો અને રાષ્ટ્રો એમના પોતાના પેદા કરેલા ભાગ્યમાંથી નથી છૂટી શકતાં, પરંતુ એમની આફતોના કાળ દરમિયાન એમની રક્ષા થઈ શકે છે ને મોટા ભયોમાંથી એમને બચાવવામાં પણ આવે છે.'

'મનુષ્યને એવું રક્ષણ કેવી રીતે મળી શકે?'

'પ્રાર્થનાથી. એ સર્વ શક્તિમાન તરફ વળતી વખતે શિશુ જેવો સરળ સ્વભાવ રાખવાથી, અને ખાસ કરીને કોઈ કામનો આરંભ કરતાં પહેલાં એને કેવળ હોઠથી નહિ પણ હૃદયથી યાદ કરવાથી. સુખના દિવસોમાં એ બધું ઈશ્વરના આશીર્વાદરૂપે અનુભવતાં શીખો, અને મુસીબતો કે દુઃખના દિવસોમાં એવું વિચારવાનો પ્રયાસ કરો કે એ તમારા અંદરના રોગને મટાડનારી દવા બરાબર છે. એ સંપૂર્ણ દયાળુ હોવાથી એનો ભય ન રાખતા.'

'તો પછી તમે એવું નથી માનતા કે ઈશ્વર આ દુનિયાથી દૂર છે?'

'ના. ઈશ્વર આત્મારૂપે મનુષ્યોમાં ને સમસ્ત સંસારમાં રહેલા છે. જો તમે કુદરતનું સૌન્દર્ય, દાખલા તરીકે કોઈક સુંદર વિસ્તૃત પ્રદેશ જોતા હો, તો તેને કેવળ તેના જ વિચારથી ન પૂજો, પરંતુ એમાં રહેલી ઈશ્વરીય શક્તિને લીધે એ સુંદર લાગે છે એનો ખ્યાલ રાખો. મનુષ્યો ને પદાર્થોમાં એ દિવ્ય ઈશ્વરીય શક્તિનું દર્શન કરો. અને બહારનાં રૂપોથી એટલા બધા પ્રભાવિત ને મુગ્ધ ન બનો કે એમને જીવન આપનારા અંદરના આત્માને તદ્દન ભૂલી જાઓ.'

'તમે તમારી ખાસ રીતે પ્રારબ્ધ, ધર્મ ને જ્યોતિષના સિદ્ધાંતોને ભેળવી દો છો, સુધીબાબુ!'

એમણે મારી તરફ ગંભીરતાથી દૃષ્ટિ ફેંકી.

'એમ કેમ ? આ સિદ્ધાંતો કાંઈ મેં પેદા નથી કર્યા. ભૂતકા
સુદૂરના સમયથી એ અમારે માટે ઊતરી આવ્યા છે. જૂ
જમાનાના લોકો પ્રારબ્ધની વિરાટ શક્તિને, સૃષ્ટિકર્તા ઈશ્વરની
ઉપાસનાને અને ગ્રહોની અસરની વિદ્યાને જાણતા હતા. તમે પશ્ચિમીઓ
ધારો છો એવા એ જંગલી નહોતા. પરંતુ મેં ભવિષ્યવાણી નથી
કહી ? બધા માનવોના જીવનમાં પ્રવેશતાં આ અદૃષ્ટ બળો કેટલાં
વાસ્તવિક છે એને આ સૈકાની પૂર્ણાહુતિ પહેલાં પશ્ચિમ ફરીથી
શોધી કાઢશે.'

'માનવની ઇચ્છા પોતાના જીવનને બનાવવા કે બગાડવા
સ્વતંત્ર છે એવા સ્વાભાવિક ખ્યાલનો પરિત્યાગ કરવાનું કામ પશ્ચિમ
માટે અતિશય અઘરું પડશે.'

'જે કાંઈ થાય છે તે એની ઇચ્છાથી જ થઈ રહ્યું છે અને
સ્વતંત્ર ઇચ્છા જેવું જે કાંઈ દેખાય છે તે પણ સાચેસાચ એની
શક્તિથી જ કામ કરે છે. પહેલાંના શરીરોનાં કર્મો અને વિચારોનાં
સારાંનરસાં ફળો મનુષ્યને એ સર્વશક્તિમાન પૂરાં પાડે છે. એની
ઇચ્છાનો અંગીકાર કરવો ઉત્તમ છે, પરંતુ એ કર્મફળને સહન કરવાની
શક્તિ માટે એનો આધાર લેવાથી મનુષ્ય શોકમાં ડૂબતો બચી શકે છે.'

'આપણે હમણાં મળ્યા તે કમનસીબ ભિખારીઓને માટે
તમારો વાત સાચી ઠરે છે એવી આશા રાખીએ.'

'મારાથી એ જ ઉત્તર આપી શકાય એમ છે.' એમણે સંક્ષે-
પમાં કહેવા માંડયું: 'મેં કહી બતાવેલા બ્રહ્મચિંતાના સાધનમાર્ગનો
આધાર લઈને તમારી આત્મોન્નતિને માર્ગે આગળ વધશો તો
આવી સમસ્યાઓ આપોઆપ ઊકલી જશે.'

મને સમજાયું કે એ એમની દલીલો કરવાની શક્યતાની સીમા
સુધી પહોંચી ગયા છે અને હવે મારે મારો પોતાનો રસ્તો શોધી
કાઢવો જોઈએ.

મારા ફોટાના એક ખિસ્સામાં મને વારાણસીની બહાર જવા [illegible] ટ્રેનમાં બેસવાનો આદેશ આપતો તાર પડેલો હતો. બીજા ખિસ્સામા ગડીબંધ ફોડક મૂકેલો. જ્યોતિષીને મેં એમનો ફોટો પડાવવા ઊભા રહેવાની વિજ્ઞપ્તિ કરી. એમણે એનો વિવેકપૂર્વક અસ્વીકાર કર્યો.

મેં એમને ઉપરાઉપરી આગ્રહ કરવા માંડ્યો.

'પરંતુ શા માટે?' એમણે વાંધો લેતાં કહ્યું: 'મારો બેડાળ ચહેરો ને મારાં ફાટેલાંતૂટેલાં વસ્ત્રો...?'

'મારા પર કૃપા કરો. પાછળનાં વરસોમાં હું દૂરના દેશોમાં હોઈશ ત્યારે તમારો ફોટો મને તમારી યાદ કરાવશે.'

'યાદ કરાવનારી ઉત્તમ વસ્તુઓ તો...' એમણે નમ્રતાથી ઉત્તર આપ્યો: 'પવિત્ર વિચારો અને સ્વાર્થરહિત કર્મો હશે.'

મારી અનિચ્છા છતાં એમના વિરોધને વશ થઈને કેમેરાને મેં ફરીથી મારા ખિસ્સામાં મૂકી દીધો.

આખરે એ પાછા જવા માટે ઊભા થયા અને મેં પણ એમનું અનુકરણ કરવા માંડ્યું ત્યારે અમારી નજદીકમાં મેં એક વ્યક્તિને બેઠેલી જોઈ. સૂર્યના તીખા તાપથી બચવા એણે એક ગોળ, વિશાળ, વાંસની છત્રી હેઠળ આશ્રય લીધેલો. એની મુખાકૃતિ આનંદપૂર્ણ ધ્યાનમાં લાગેલી હતી અને એના ભગવા ઝભ્ભા પરથી મેં અનુમાન કર્યું કે સંન્યાસનો સ્વીકાર કરી ચૂકેલા એ કોઈ પવિત્ર સંતપુરુષ છે.

થોડેક આગળ જતાં અમને એક ગાય મળી. વારાણસીમાં મોટી સંખ્યામાં જોવા મળતી ગાયોમાંની એ એક હતી. એ ગાય એની પોતાની ઢબે સૂતી હતી. એના કરોડરજ્જુની નીચે પોતાના બંને પગ વાળીને એ અમારા રસ્તાની વચ્ચે પડી રહેલી.

અમે એક પૈસા બદલી આપનારી દુકાને પહોંચ્યા. ત્યાંથી મેં ટાંગો કર્યો અને પછી અમારા રસ્તા છૂટા પડ્યા.

× × × ×

એ પછીના થોડા દિવસો મારે પ્રવાસની પરંપરામાં ગાળવા પડ્યા. પ્રવાસી અમલદારો અને અંદરના ભાગોમાં સફર કરતા બીજા માણસો માટે પોતાની સરકારદ્વારા બાંધવામાં આવેલાં માર્ગ પરનાં વિશ્રામગૃહોમાં મેં મારી રાતો પસાર કરી.

એમાંના એક વિશ્રામગૃહમાં વર્ણવવા જેવી સવલતોનો અભાવ હતો જ; પરંતુ, એ ઉપરાંત અસંખ્ય કીડીઓની વસતિ હતી. એમના હુમલાઓને હઠાવવાના નિરર્થક પ્રયત્નો તથા બે કલાકની ધીમી યાતના પછી મેં પથારીનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો ને ખુરસી પર જ રાત પૂરી કરવા માંડી.

વખત વિતાવવાનું કામ મારે માટે ત્યાં સુધી ભારે કપરું થઈ પડ્યું, જ્યાં સુધી મારા વિચારો એમની આજુબાજુની દુનિયામાંથી ઉપર ઊઠીને વારાણસીના એ જ્યોતિષીની પ્રારબ્ધવાદની ફિલસૂફી પર જોડાઈ ન ગયા.

એની સાથે સાથે રસ્તા પર પોતાનાં ક્ષુધાર્ત શરીરો લઈને આગળ વધતા કંગાળ ભિખારીઓ પણ મને યાદ આવ્યા. કાળ એમને જીવવા નથી દેતો ને મરવા પણ નથી દેતો. શ્રીમંત મારવાડી શરાફ એમની પાસેથી શણગારેલી, આરામદાયક, દોડતી ઘોડાગાડીમાં બેસીને પસાર થાય તે ભલે, પરંતુ પોતાનાં દુઃખોને સ્વીકારે છે તેમ એનો સ્વીકાર પણ એ ઈશ્વરની ઇચ્છાને સંપૂર્ણપણે તાબે થઈને કરી લે છે. સૂર્યતાપથી તપતા આ દેશમાં એક દયાજનક કુષ્ઠરોગી પણ પોતાની સ્થિતિથી સંતુષ્ટ લાગે છે. અનેક ભારતવાસીઓના હાડકામાં એવો સુખપૂર્વક સુવાડનારો પ્રારબ્ધવાદ પ્રવેશી ચૂકયો છે!

સ્વતંત્ર ઇચ્છાશક્તિમાં વિશ્વાસ ધરાવતા પશ્ચિમવાસીને માટે સર્વશક્તિમાન પ્રારબ્ધની વકીલાત કરનારા પૂર્વીય માનવ સાથે

દલીલમાં ઊતરવાનું કેટલું વ્યર્થ છે તેની મને સમજ પડી. પૂર્વીય માનવને સમસ્યાની એક જ બાજુ સાથે સંબંધ છે કે જે બાજુ કોઈ પણ જાતની સમસ્યા જ નથી એ સિદ્ધાંતને કોઈ પણ પ્રકારની પૂછતાછ કર્યા વિના સ્વીકારી લે છે! પ્રારબ્ધ એના જીવનના માળ પર શાસન કરે છે. એથી વધારે બીજું કશું જ કહેવાનું નથી રહેતું.

કયો આત્મનિર્ભર પશ્ચિમી એવું સાંભળવાનું પસંદ કરશે કે આપણે પ્રારબ્ધની દોરી સાથે લટકાવેલી કઠપૂતળીઓ જ છીએ અને કોઈક અદૃશ્ય હાથના આદેશ મુજબ ઉપર અને નીચે અથવા જમણી બાજુથી ડાબી બાજુએ હલનચલન કરીએ છીએ? આલ્પ્સની ઉપરની પોતાના લશ્કરની પેલી તેજસ્વી ચડાઈ વખતે નેપોલિયનના મુખમાંથી નીકળેલા પેલા નોંધપાત્ર ઉદ્‌ગારો મને યાદ આવે છે:

'અશક્ય? મારા શબ્દકોશમાં એવો કોઈ શબ્દ જ નથી.'

પરંતુ નેપોલિયનના સમગ્ર જીવનના આકર્ષક દસ્તાવેજોનો મેં પુનઃ પુનઃ અભ્યાસ કર્યો છે અને જ્યાં એમનું પ્રખર મગજ ભૂતકાળની વારંવાર હરીફાઈમાં ઊતરેલું તે સેન્ટ હેલેનામાં એણે લિપિબદ્ધ કરેલી વિચિત્ર પંક્તિઓનું મને સ્મરણ થાય છે.

'હું હંમેશાં પ્રારબ્ધવાદી રહ્યો છું. વિધિના જે લેખ લખાઈ ગયા તે લખાઈ ગયા...મારો સિતારો ઝાંખો પડ્યો. મારા હાથમાંની લગામને સરી જતી હું જોઈ શક્યો અને એ છતાં મારાથી કશું જ ન કરી શકાયું.'

જે માણસ એવી વિરોધાભાસી વિસંગત માન્યતાઓ ધરાવતો તે પણ જીવનના રહસ્યનો ઉકેલ નહિ કરી શક્યો હોય અને કોઈ પણ કદી પૂરેપૂરો ઉકેલ કરી શક્યો છે કે કેમ એ શંકાસ્પદ છે. માણસનું મસ્તિષ્ક કામ કરતું થયું હશે ત્યારથી જ ઉત્તર ધ્રુવથી માંડીને દક્ષિણ ધ્રુવ સુધીના લોકોએ આ પ્રાચીન સમસ્યા પર ચર્ચાવિચારણા કરી હોય એ અનવાજોગ છે. વધારેપડતી ખાતરીવાળા લોકોએ હમેશાંની જેમ એનો પોતાને સંતોષ થાય એવી રીતે નિકાલ કર્યો છે. તત્ત્વજ્ઞાની

મનોવૃત્તિવાળાઓ હજુ પણ એની તરફેણમાં ને વિરોધમાં દલીલો કર્યા કરે છે પરંતુ ચોખ્ખો નિર્ણય આપતાં અચકાય છે.

જ્યોતિષીએ મારા જન્માક્ષર પરથી કહી બતાવેલી આશ્ચર્યકારક સાચી હકીકતો હું નથી ભૂલી શકયો. કેટલીક વિલક્ષણ ક્ષણોમાં મેં એના પર વિચાર કરો જોયો છે અને કોઈ વાર મને આશ્ચર્ય પણ થયું છે કે મારા મગજમાં પૂર્વની એ પ્રારબ્ધવાદની મૂર્ખતાએ ઘર કર્યું છે કે શું ? મને જ્યારે જ્યારે યાદ આવ્યું છે કે આ નગ્ન દેખાવના માણસે મારો ભૂતકાળ કેવી રીતે જાણ્યો, વીતી ગયેલી ઘટનાઓનું ફફડાટ કરતું રહસ્ય ફરી પાછું કામચલાઉ રીતે પ્રગટ કરવાનું કામ એ કેવી રીતે કરી શકયા, ત્યારે ત્યારે હું સ્તબ્ધ બન્યો છું અને પ્રારબ્ધ અને સ્વતંત્ર ઇચ્છાશક્તિની આ જૂનીપુરાણી સમસ્યા સંબંધમાં એક મહાનિબંધ લખવાની સામગ્રી એકઠી કરવાની લાલચમાં પડયો છું. પરંતુ મને ખબર છે કે પ્રારબ્ધના વિચારથી પ્રેરાઈને કલમ ચલાવવાનું કામ મારે માટે નકામું થઈ પડશે અને એના આરંભમાં જે અગાધ અંધકારમાં હું અટવાઉં છું એ જ અગાધ અંધકારમાં અટવાવાનું કદાચ બાકી રહેશે. કારણ કે જ્યોતિષીના પ્રશ્નો કે મુદ્દાઓને વચ્ચે લાવવા પડશે અને મારું કામ મારા ગજા કરતાં પણ વધારે ગૂંચવાયેલું બની જશે. છતાં આધુનિક શોધો એવી હરણફાળથી આગળ વધી રહી છે કે એ દિવસ બહુ દૂર નહિ હોય. જ્યારે દૂરના ગ્રહો પર આપણે ઉજાણી કરવા જઈ પહોંચીશું ! ત્યારે જ એ શોધી કાઢવાનું શકય બનશે કે ગ્રહોની આકૃતિઓ આપણા જીવન માટે કોઈ મર્મ ધરાવે છે કે નહિ. તે દરમિયાન જ્યોતિષીઓની દોષપાત્રતાના સંબંધમાં અને જગતની આગળ જાહેર કરાયેલા જ્યોતિષના એટલા ભાગના ભાંગ્યાતૂટયા સ્વરૂપના સંબંધમાં સુધીબાબુએ આપેલી ચેતવણીને ધ્યાનમાં રાખીને કોઈની ઇચ્છા હોય તો એકાદ બે જ્યોતિષીઓની શક્તિની કસોટી કરી શકાય.

અને છતાં એવું ધારીએ ને સ્વીકારીએ કે કોઈક અજ્ઞાત ખૂણામાં ભવિષ્ય ખરેખર હયાતી ધરાવે છે તોપણ, જેમના પર પડદો પાડવામાં આવ્યો છે તે વ્યક્તિગત નસીબનાં એવાં ગૂઢ રહસ્યો જાણવાં શું ઇચ્છવાયોગ્ય છે?

એ પ્રશ્નાત્મક નોંધની સાથે મારા ઊંડા વિચારોનો અંત આવ્યો અને મને નિદ્રાએ ઘેરી લીધો.

થોડાક દિવસો પછી હું બનારસથી કેટલાક સો માઈલ દૂરના શહેરમાં હતો ત્યારે ત્યાં થયેલાં હેરત પમાડનારાં તોફાનોના સમાચાર જાણવા મળ્યા. હિંદુ-મુસ્લિમ ઝઘડાની એ જરાય ન ગમે તેવી વાત હતી. એ ઝઘડા સામાન્ય રીતે ઘણી નજીવી બાબતને લીધે શરૂ થતા, પરંતુ ખોટાં ધાર્મિક બહાનાં શોધનારા દુષ્ટ લોકો એનો લાભ લઈને લૂંટફાટ તથા ખૂનામરકી ચલાવતા તેમ જ લોકોને ઘાયલ કરતા.

શહેરમાં કેટલાક દિવસો સુધી ત્રાસનું સામ્રાજ્ય ફરી વળ્યું. એ શોકજનક દિવસો દરમિયાન તૂટેલાં માથાંની, યંત્રણાગ્રસ્ત શરીરોની અને અવિચારી કતલની સામાન્ય વાતો સાંભળવા મળી. જ્યોતિષીની સલામતી માટે મને લાગી આવ્યું; પરંતુ એમની સાથે સંબંધ સ્થાપવાનું અશક્ય હતું. શેરીઓમાં જવાનું સાહસ કરે તેવા ટપાલીઓ અત્યંત વિરલ હતા અને ખાનગી કાગળ કે તાર પહોંચાડવાનું અશક્ય હતું.

બનારસનાં તોફાનો શમી ગયાં ત્યાં સુધી રાહ જોવાની મને ફરજ પડી. એ પછી એ દુઃખી શહેરમાં પ્રવેશ કરતા પહેલાં તારોની સાથે મેં મારો તાર પણ રવાના કર્યો. એના ઉત્તર રૂપે આભારસૂચક સાદો કાગળ આવ્યો. એમાં જ્યોતિષીએ પોતાની સલામતીનો સઘળો યશ 'સર્વશક્તિમાન ઈશ્વરના રક્ષણ'ને અર્પણ કરેલો. અને કાગળની બીજી બાજુએ એમણે બ્રહ્મચિંતાના યોગના અભ્યાસ માટેના દસ નિયમો આલેખેલા હતા!

૧૩

દયાળબાગ

ઉત્તર ભારતની ભૂમિ પર આમથી તેમ મુક્ત રીતે પરિભ્રમણ કરતાં કરતાં બે રસ્તાઓ એક અનોખી, ઓછી જાણીતી કૉલોનીની આગળ એકઠા થયા. એ કૉલોનીનું દયાળબાગ એટલે કે ઈશ્વરનો બાગ એવા કાવ્યમય નામ ધરાવતા શહેરમાં વસેલી હતી.

એક રસ્તો જે સુંદર શહેરના મારા નિવાસ દરમિયાન મને સુંદરલાલ નિગમની માર્ગદર્શક, મિત્ર ને ફિલસૂફ તરીકેની સેવાનો લાભ મળેલો તે લખનૌથી શરૂ થતો. અમે બંને એ શહેરમાં સાથે સાથે ફરતા અને ફરતાં ફરતાં તત્ત્વજ્ઞાનની ચર્ચા કરતા. મારા ધાર્યા પ્રમાણે એમની ઉંમર એકવીસ કે બાવીસ વરસથી વધારે નહોતી, પરન્તુ એમના બીજા અનેક ભારતીય બંધુઓની જેમ એ વહેલા પરિપક્વ થયા હતા.

અમે જૂના મોગલ રાજમહેલોમાં ભ્રમણ કર્યું અને નષ્ટ થયેલા રાજાઓ પર અધિકાર જમાવનાર નિર્દય નસીબ પર બારીકાઈથી વિચાર કર્યો. યશસ્વી ભારતીય-ધરાતી શિલ્પકળા જોઈને હું ફરી મુગ્ધ બની ગયો. એના છટાદાર, સુંદર, આકર્ષક વળાંકો અને નાજુક રંગો એમના સર્જકોની સંસ્કારી સુરુચિની અભિવ્યક્તિ કરતા હતા. એ તેજસ્વી દિવસોને મારાથી કદી પણ કેવી રીતે ભૂલી શકાશે

જ્યારે લખનૌની શોભામાં વધારો કરનારાં એ બાદશાહી ઉપભોગવાળા ઉદ્યાનોનાં નારંગીનાં વૃક્ષો વચ્ચે હું વિશ્રામ કરતો હતો ?

અમે પેલી રંગીન હવેલીઓની પણ તપાસ કરી. જ્યાં એક વાર ઔધના જૂના રાજાઓની માનીતી રાણીઓ ને રખાતો પોતાની ગૌર વર્ણની સુંદરતાને સંગેમરમરના ઝરૂખા પર તથા સોનેરી સ્નાન-ગૃહોમાં ભારે દમામથી ઢાળ્યા કરતી હતી. એ મહેલોમાં હવે કોઈ રાજવંશી વ્યક્તિ નથી દેખાતી અને માત્ર સ્મૃતિઓ જ શેષ રહી છે.

મન્કી બ્રિજના વિચિત્ર નામવાળા પુલ પાસે આવેલી મનહર મસ્જિદ આગળ હું અવારનવાર જવાનું રાખતો. એનો બહારનો ભાગ આખોય ધોળો હતો અને સૂર્યના પ્રકાશમાં પરીના મહેલ જેવો ચમકતો હતો. એના ઘાટીલા મીનારા તેજસ્વી ગગનમંડળ તરફ કાયમી પ્રાર્થના કરતા હોય તેમ ઉપર ઊઠેલા દેખાતા. અંદર ડોકિયું કરતાં જમીન પર પ્રણામ કરતાં નમાજ પઢતા અને ઈશ્વરની સંવાદિતાથી પ્રાર્થના કરતા ભક્તોનું ટોળું દેખાતું. ભાવિકો રંગીન નાની કામળીઓ પર બેસીને નમાજ પઢતા. એને લીધે આખુંયે દૃશ્ય વધારે આકર્ષક લાગતું, પયગંબરોના એ અનુયાયીઓના જુસ્સા વિશે કોઈ શંકા કરી શકે તેમ નહોતું, કારણ કે એમનો ધર્મ એમને એક જીવંત બળ જેવો લાગ્યા કરતો.

એ બધા પરિભ્રમણ તથા પ્રવાસ દરમિયાન મારા યુવાન માર્ગદર્શકની કેટલીક વિશેષતાઓથી હું ધીરેધીરે પ્રભાવિત થયો. એમની ચાતુરીભરી ટીકાઓ, એમની અપવાદરૂપ બહિર્મુખતા અને દુન્યવી વિષયો કે ઘટનાઓ તરફનો એમનો યથાર્થ દૃષ્ટિકોણ ગમેતેમ પણ યોગના વિદ્યાર્થીના રહસ્યવાદ અને ઊંડાણના મિશ્રણરૂપ હતો. વારંવારના મેળાપ અને ઉત્સાહપૂર્વકની ચર્ચાઓ દરમિયાન મને જણાયું કે એ મારી પોતાની માન્યતાઓ અને મારા જ વિચારોને તપાસી રહ્યા છે અને એમનો પડઘો પાડી રહ્યા છે, ત્યારે જ એમણે

પોતાની જાતને રાધાસ્વામી નામના કંઈક અંશે ગૂઢ એવા સંપ્રદાયના સભ્ય તરીકે પ્રકટ કરી.

× × × ×

દયાળબાગ જવામાં મદદરૂપ થનારી બીજી માહિતી મેં એ જ સંપ્રદાયના એક બીજા સભ્ય મલ્લિક પાસેથી મેળવી લીધી. એમનો પરિચય મને એક બીજા સ્થળે અને બીજા વખતે થઈ ગયેા. બીજા ભારતીયોની પેઠે એ એક ઊજળા ચામડીવાળા, સુંદર પુરુષ હતા. સૈકાઓ સુધી એમના દેશવાસીઓના પાડોશી તરીકે જંગલી સરહદી જાતિઓ રહેતી, જે પોતાના પાડોશીઓની સંપત્તિ પર લાલચુ નજર નાખ્યા કરતી. પરંતુ ડહાપણવાળી અંગ્રેજ સરકાર એ અશાંત તોફાની લોકોને અંત વિનાનાં યુદ્ધોની પ્રાચીન પદ્ધતિનેા આશ્રય લઈને નહિ પણ એમને પોતાની નોકરીમાં રાખીને તેમ જ પગાર આપીને કાબૂમાં રાખી કે કેળવી રહી છે.

મલ્લિક કેટલાક એવા જંગલી ઝનૂની લોકો પર દેખરેખ રાખતા હતા, જે પર્વતોમાં ને રણમાં રસ્તા તૈયાર કરવાના, પુલેા બાંધવાના અને સંરક્ષણાત્મક કિલ્લા તથા બરાકોનું નિર્માણ કરવાના વધારે સારા, શાંત અને ઉપયેાગી કામેામાં લાગી ગયેલા. એમનામાંના મેાટા ભાગના ભયંકર દેખાતા માણસેા પેાતાની પાસે બંદૂક રાખતા હતા એનું કારણ કદાચ એમની વર્તમાન જરૂર નહેાતું; પરંતુ જૂની ટેવ હતી. ઉત્તર–પશ્ચિમ સીમાના સમગ્ર વિસ્તાર પર એ વેપારીઓને માટે નવા માર્ગો અને સૈનિકો માટે નવાં સુરક્ષાસ્થાનેા બનાવવાના કામમાં લાગી ગયેલા હતા.

સામ્રાજ્યની ડેરા ઈસ્માઈલ ખાન નામની સરહદી ચેાકી પાસે મલ્લિક ઘણું સારું અને સખ્ત કાર્ય કરતા રહેતા. એમના ચારિત્ર્યમાં વિચારના ઊંડાણ તથા આચારની ઉત્તમતા સાથે સંગીન સ્વાશ્રય-વૃત્તિ તેમ જ ઊંડી વ્યવહારુતાનેા સુમેળ સધાયેા હતેા. એમના ગુણેાના સંભાળપૂર્વકના સંવાદથી હું પ્રભાવિત થયેા.

યોગની બધી જ જૂની પરંપરાઓ સાથે મેળ ખાનારી આરંભની ભારે ઉદાસીનતા પછી એ નાખુશીપૂર્વક મારી જિજ્ઞાસા-વૃત્તિને તાબે થયા અને એમણે માન્ય રાખ્યું કે એમણે ગુરુ કરેલા છે. જ્યારે જ્યારે નોકરીમાંથી રજા મળે છે ત્યારે, એ પ્રસંગોપાત્ત એમની મુલાકાત લે છે એમ પણ એમણે કહીં બતાવ્યું. એમના ગુરુ રાધાસ્વામીઓના ઉપરી હતા અને સાહેબજી મહારાજના નામથી ઓળખાતા. મને બીજી વખત એ પણ જાણવા મળ્યું કે એમના ગુરુએ યોગની પશ્ચિમી રીતરસમ અને વિચારો સાથે જોડી દેવાના આશ્ચર્યકારક અને રસપ્રદાયક ખ્યાલનું સેવન કર્યું છે.

× × × ×

નિગમ અને મલ્લિક નામના એ બંને પુરુષોના મિત્રતાપૂર્ણ પ્રયાસો છેવટે સફળ થયા. રાધાસ્વામીઓના પોતાના શહેર દયાળ-બાગના બેતાજ બાદશાહ સાહેબજી મહારાજના મહેમાન થવાનો વખત એવી રીતે આવી પહોંચ્યો.

આગ્રાથી કૅલોની સુધીનો થોડાક માઈલનો ધૂળિયો રસ્તો મોટરમાં બેસીને પૂરો કર્યો.

દયાળબાગ—ઈશ્વરનો બગીચો! જો મારી આરંભની અસર બરાબર હોય તો, એના સંસ્થાપક શહેરને એના સરસ નામ પ્રમાણેના ગુણવાળું રાખવા ભારે પરિશ્રમ કરી રહ્યા હતા.

ગુરુની ખાનગી ઑફિસવાળા મકાનમાં મને લઈ જવામાં આવ્યો. પ્રતીક્ષા-ખંડ આકર્ષક અંગ્રેજી ઢબે સુસજ્જ કરવામાં આવેલો. ત્યાં આરામખુરશી પર બેસીને હું સરસ રીતે રંગેલી દીવાલોની અને ફરનિચરની સુંદર સાદાઈની કદર કરી શકચો.

પશ્ચિમીકરણ ત્યાં જાણે વેર વાળી રહેલું હતું! યોગીઓની મુલાકાત મને ઝાંખા નીરસ બંગલાઓમાં, એકાંત પર્વતીય ગુફાઓમાં અને નદીતટ પરની અંધારી ઘાસના છાપરાવાળી ઝૂંપડીઓમાં થયેલી, પરંતુ એમનામાંના એકને એવા આધુનિક વાતાવરણની

વચ્ચે મળવાની ધારણા પણ મેં નહોતી રાખી. મને નવાઈ લાગી કે આ અસામાન્ય સંપ્રદાયના નેતા તરીકેના પુરુષ કેવા પ્રકારના હશે!

મારે લાંબા વખત સુધી શંકામાં ન રહેવું પડયું, કારણકે બારણું ધીરેથી ખૂલ્યું અને એ પોતે અંદર આવ્યા. એ મધ્યમ કદની કાયાવાળા હતા. એમનું માથું સફેદ સ્વચ્છ ફેંટાથી વીંટળાયેલું હતું. એમની મુખમુદ્રા લાક્ષણિક રીતે ભારતીય ન હોવા છતાં સુસંસ્કૃત હતી. જરાક પીળાશપડતી ચામડી હોત તો એ શાંત અમેરિકન જેવા જણાઈ આવત. એમની આંખે મોટાં ચશ્માં હતાં અને એમના ઉપલા હોઠની ઉપરના ભાગમાં નાની મૂછો શોભતી હતી. ભારતીય દરજીના આપણી પશ્ચિમી પદ્ધતિના થોડા-ઘણા ફેરફાર સાથેના સ્વીકાર જેવો ઊંચી ગરદનનો, ઘણાં બટનવાળો, લાંબો કોટ પણ એમણે પહેરેલો હતો.

પાસે આવતી વખતનું એમનું સ્વરૂપ નમ્ર અને સરળ હતું. એમણે વિવેકપૂર્વકના ગૌરવ સાથે મારો સત્કાર કર્યો.

અમારાં અભિનંદનો પૂરાં થયાં. એ ખુરશી પર બેસી ગયા ત્યાં સુધી મેં રાહ જોઈ અને પછી ઓરડાના કળાત્મક સુશોભન માટે એમને ધન્યવાદ આપવાનું સાહસ કર્યું.

એમણે સ્મિત કરીને ઉત્તર આપ્યો, ત્યારે એમના મુખમાં તેજસ્વી દાંતની પંક્તિ પ્રકાશી ઊઠી.

'ઈશ્વરમાત્ર પ્રેમ નથી, સૌન્દર્ય પણ છે. માણસ પોતાની અંદરના આત્માની અભિવ્યક્તિ કરવાનું શરૂ કરે ત્યારે એણે વધારે ને વધારે સૌન્દર્યને પ્રકટ કરવું જોઈએ – પોતાની જાતમાં જ નહિ પરંતુ આજુબાજુના વાતાવરણમાં અને સંજોગોમાં.'

એમનું અંગ્રેજી નોંધપાત્ર રીતે સારું હતું. એમનો અવાજ ઝડપી અને વિશ્વાસપૂર્વકનો હતો.

થોડા સમયની શાંતિ પછી એમણે ફરી કહેવા માંડયું :

'પરંતુ ઓરડાની દીવાલો અને ઓરડાના રાચરચીલા પર એક બીજું અદૃષ્ટ સુશોભન પણ રહેતું હોય છે. એ ઘણું અગત્યનું હોય છે. એ વસ્તુઓ મનુષ્યોના વિચારો ને ભાવોનું વહન કરે છે એની તમને ખબર છે? પ્રત્યેક ખંડ, અને પ્રત્યેક ખુરશી પણ, એને સતત રીતે વાપરનાર વ્યક્તિની અદૃષ્ટ અસરને પ્રકટ કરે છે. તમને એ વાતાવરણનું દર્શન ન થાય તોપણ એ ત્યાં હોય છે જ, અને એની પરિધિમાં પ્રવેશે છે તે બધા જ ઓછેવત્તે અંશે અને અજાણપણે પ્રભાવિત થાય છે.'

'તમે એમ કહેવા માગો છો કે માનવના ચારિત્ર્યનું પ્રતિબિંબ પાડનારા પદાર્થોની આજુબાજુ ઇલેકટ્રીક અથવા લોહચુંબકીય કિરણો રહેતાં હોય છે?'

'ચોક્કસપણે. વિચારો એમની પોતાની ભૂમિકામાં વાસ્તવિક વસ્તુઓ છે, અને આપણે જેમનો કાયમ માટે બરાબર ઉપયોગ કરીએ છીએ તેમની સાથે, ટૂંકા કે લાંબા વખત માટે જોડાઈ જાય છે.'

'એ એક ભારે રસમય સિદ્ધાંત છે.'

'એ સિદ્ધાંત કરતાં વિશેષ છે. એ એક વાસ્તવિકતા છે. માણસ સ્થૂળ શરીર ઉપરાંત એક બીજું સૂક્ષ્મ શરીર ધરાવે છે, અને એ શરીરમાં પ્રવૃત્તિનાં એવાં કેન્દ્રો અસ્તિત્વ ધરાવે છે જે ઇન્દ્રિયોની પ્રક્રિયાના સ્થૂળ અવયવોને મળતાં છે. એ કેન્દ્રોદ્વારા એ અદૃષ્ટ શક્તિઓને પારખી શકે છે. કારણ કે જ્યારે એમને શક્તિશાળી બનાવવામાં આવે છે ત્યારે એ માનસિક અને આત્મિક દૃષ્ટિનું દાન કરે છે.'

થોડી વાર અટક્યા પછી એમણે ભારતની અવસ્થા વિશે મારા પર પડેલી અસરો સંબંધમાં પૂછી જોયું. એમના દેશની આધુનિક જીવન જીવવાની પદ્ધતિઓની અવગણનાની, આ પૃથ્વી પરની માણસની ટૂંકી સફરને સુધારનારી યાંત્રિક શોધો, સુગમ સગવડો અને આનંદ-

દાયક સુખસામગ્રીઓનો લાભ લેવાની એની ઢીલની, સુયોગ્ય રહેદાણુ અને ડહાપણભર્યા આરોગ્યની માગ તરફના એના દુર્લક્ષની, અને ધાર્મિક અનુષ્ઠાનોના આધાર પર ઊભા થયેલા લાગતા મૂર્ખતાપૂર્ણ સામાજિક રિવાજો અને ક્રૂર આદતો તરફની એની વધારેપડતી ભક્તિની મેં ખુલ્લા દિલથી ટીકા કરી. મેં એમને સ્પષ્ટ રીતે કહ્યું કે ધર્મગુરુઓની પકડે ભારતની શક્તિઓને ઘણાં દુઃખદ પરિણામો સાથે રૂંધી રાખી છે. ધર્મને નામે કરાતી મેં જોયેલી એવી કેટલીક બુદ્ધિહીન વસ્તુઓનાં મેં ઉદાહરણ આપ્યાં, જેના પરથી એ સફળતાપૂર્વક સાબિત થતું કે ઈશ્વરે આપેલી બુદ્ધિરૂપી બક્ષીસનો દુરુપયોગ કે એની અવગણના મનુષ્યો કેવી રીતે કર્યા કરે છે. મારી ખુલ્લા દિલની આલોચનામાં સાહેબજી મહારાજે પોતાના હોઠ ઉઘાડીને નિશ્ચિત સંમતિનો સૂર પુરાવ્યો.

'મારા સુધારાના કાર્યક્રમના ભાગરૂપ બનેલા મુદ્દાઓ ઉપર જ તમે પ્રહાર કર્યો છે.' એમણે મારા પર યાદગાર રીતે દૃષ્ટિ સ્થિર કરીને કહી બતાવ્યું.

'બધી રીતે જોતાં, પોતે જે કરવા માટે પૂરેપૂરા શક્તિશાળી છે તે કામ તેમને માટે ઈશ્વર કરી દે એવી અપેક્ષા મોટા ભાગના ભારતીયો રાખે છે એવું લાગ્યા વિના નથી રહેતું.'

'બરાબર છે. ધર્મને જેમની સાથે કશી જ લેવાદેવા ન હોય એવી કેટલીય વસ્તુઓને આવરી લેવાના આશયથી અમે હિંદુઓ ધર્મની છૂટથી વ્યાખ્યા કર્યા કરીએ છીએ. મુશ્કેલી એ છે કે પહેલાં પચાસેક વરસ સુધી ધર્મ પવિત્ર અને સજીવ હોય છે. પછીથી એ ફક્ત તત્ત્વજ્ઞાનમાં અધઃપતન પામે છે. એના અનુયાયીઓ વાતોડિયા બની જાય છે; ધાર્મિક રીતે જીવનારા મનુષ્યો નથી રહેતા. આખરે એના છેલ્લા અને સૌથી લાંબા તબક્કા માટે એ દંભી ધર્મગુરુઓના હાથમાં પડે છે અને અંતે દંભને જ ધર્મ તરીકે સ્વીકારવામાં આવે છે.'

એવા સીધા નિખાલસ દિલના નિવેદનથી મને નિરાંત થઈ.

'સ્વર્ગ ને નરક તથા ઈશ્વર અને એવી બીજી બાબતો સંબંધી તકરારો કરવાથી શું વળવાનું છે? માનવતાને ભૌતિક ભૂમિકાનું કામ વધારે પડે છે અને એ ભૂમિકા સાથે સંબંધ રાખનારી વસ્તુઓની અવગણના એનાથી ન થઈ શકે. આપણા અહીંના જીવનને વધારે સુંદર ને સુખમય કરવાની કોશિશ આપણને કરવા દો.' એમણે પૂરું કર્યું.

'એટલા માટે જ મેં તમને શોધી કાઢ્યા છે. તમારા શિષ્યો ખૂબ જ સારા માણસો દેખાય છે. એક અંગ્રેજની પેઠે એ વ્યવહારુ અને આધુનિક થવાનો પ્રયત્ન કરે છે. ધર્મનો ડોળ નથી કરતા પરંતુ સારું જીવન જીવે છે, અને વધારામાં નિષ્ઠાપૂર્વકની નિયમિતતાથી એમની યોગસાધના પણ કર્યા કરે છે.'

સાહેબજીએ સ્વીકૃતિસૂચક સ્મિત કર્યું.

'તમે એવું નિરીક્ષણ કરી શકયા એથી મને ખુશી થાય છે.'

એમણે સત્વર ઉત્તર આપ્યો: 'દયાળબાગમાં આ પ્રવૃત્તિઓનો પ્રારંભ કરીને દુનિયાને એ જ વસ્તુ બતાવવાનો હું પ્રયાસ કરી રહ્યો છું—કે ગુફાઓમાં દોડી ગયા વગર માણસ સંપૂર્ણપણે આધ્યાત્મિક બની શકે છે, અને દુન્યવી વ્યવસાયો કરતાં પણ ઉચ્ચતમ આદર્શની પ્રાપ્તિ કરી શકે છે.'

'એ પ્રયાસમાં તમે સફળ થશો તો અત્યારે આંકે છે એના કરતાં ભારતીય ધર્મોપદેશની કિંમત જગત ઘણા મોટા પ્રમાણમાં આંકતું થઈ જશે.'

'અમે સફળ થઈશું જ.' એમણે વિશ્વસનીય ઉત્તર આપ્યો: 'તમને એક વાત કહું. હું અહીં કૉલોની શરૂ કરવા માટે પહેલ-વહેલો આવ્યો ત્યારે મારી મુખ્ય ઇચ્છાઓમાંની એક ઇચ્છા એ હતી કે આ સ્થળમાં પુષ્કળ વૃક્ષો ઉગાડવાં. પરંતુ બહારના લોકોએ મને કહ્યું કે આ ઉજ્જડ, રેતાળ જમીનમાં વૃક્ષો ઉગાડવાનું અશકય છે. જમના બહુ દૂર નથી અને આ સ્થળ એના જૂના રસ્તા જેવું

કે નદીની પ્રાચીન પથારી જેવું છે. અમારી પાસે કોઈ નિષ્ણાતો નહોતા, અને એવી કસ વગરની જમીનમાં કઈ જાતનું વૃક્ષ ટકી શકે એ અમારે વારંવારના પ્રયોગો અને ઉપરાઉપરી મળતી નિષ્ફળતા-દ્વારા શીખવાનું હતું. પહેલે વરસે અમે રોપેલાં લગભગ એકાદ હજારથી વધારે વૃક્ષો નષ્ટ થઈ ગયાં. એમાંથી એક વૃક્ષ ખીલી ઊઠ્યું. એની નોંધ લઈને અમે અમારા પ્રયત્નો ચાલુ રાખ્યા. અત્યારે દયાળબાગમાં નવ હજાર તંદુરસ્ત વૃક્ષો ઊગી નીકળ્યાં છે. આ તમને એટલા માટે કહી રહ્યો છું કે અમારી સમસ્યાઓનો અમે જે દૃઢતાયુક્ત વલણથી સામનો કરીએ છીએ તેનો તમને ખ્યાલ આવશે. અમારા હાથમાં અહીંની ઉજ્જડ જમીન આવેલી. એ એવી તો નકામી લાગતી કે બીજું કોઈ એને ખરીદે જ નહિ. હવે તે કેટલી બધી બદલાઈ ગઈ છે તે જોઈ લો!'

'તો પછી તમારો વિચાર આગ્રા પાસે એકાદ આર્કેડિયા બાંધવાનો છે?'

એ હસ્યા.

શહેર જોવાની મારી ઇચ્છા મેં એમને કહી બતાવી.

'ચોક્કસ. હું તમારે માટે એની વ્યવસ્થા તરત જ કરી દઉં છું, પહેલાં દયાળબાગને જોઈ લો, પછી તેને વિશે આપણે વાર્તાલાપ કરીશું. મારા વિચારો અમલી થયેલા જોશો ત્યારે તેમને તમે વધારે સારી રીતે સમજી શકશો.'

એમણે કામ માટે વપરાતો ઘંટ વગાડ્યો. થોડીક મિનિટો પછી અડધી તૈયાર થયેલી શેરીઓમાં અને ઊજળાં દેખાતાં કારખાનાંનાં મકાનો આગળ થઈને હું નિરીક્ષણ-યાત્રા કરતો પસાર થયો. કૅપ્ટન શર્મા મારા માર્ગદર્શક હતા. પહેલાં એ ભારતીય લશ્કરની તબીબી નોકરીમાં હતા; પરંતુ હવે એમના ગુરુદ્વારા થઈ રહેલા રચનાત્મક પ્રયાસમાં પોતાની સમસ્ત સેવા આપી રહ્યા હતા.

એમના વ્યક્તિત્વના ઝડપી અધ્યયનથી એવી છાપ ઊભી થઈ કે પ્રામાણિક આધ્યાત્મિકતા તથા પશ્ચિમના પુરુષાર્થના એ એક બીજા સંમિશ્રણ જેવા છે.

એક મોટા, વૃક્ષોની હારની વચ્ચેથી પસાર થતો રસ્તો નાના, સ્વચ્છ શહેર દયાળબાગના પ્રવેશદ્વાર પાસે પહોંચાડતો હતો. બધી શેરીઓની બંને બાજુ ઘટાદાર વૃક્ષો દેખાતાં હતાં. વચ્ચેની જગ્યા થોડાં ફૂલોના બગીચાઓથી સુશોભિત લાગતી. મને કહેવામાં આવ્યું કે બગીચાના વિજ્ઞાનને લગતી પ્રવૃત્તિઓ માટે જરા પણ અનુકૂળ નહિ એવા સૂકા રણને નાથવાના ઉપરાઉપરી પ્રયત્નોનું એ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

સાહેબજી મહારાજે ૧૯૧૫માં એમની કૉલોની બાંધવાની શરૂઆત કરી ત્યારે રોપેલું સેતૂરનું વૃક્ષ એમની કળાત્મક ભૂમિકાની કદરના પ્રતીક તરીકે ઊભું રહેલું.

ઔદ્યોગિક વિભાગનું મુખ્ય અંગ 'મૉડેલ ઈન્ડસ્ટ્રીઝ' નામે ઓળખાતાં કારખાનાંઓનો સમૂહ હતું. એ કારખાનાં બુદ્ધિપૂર્વક તૈયાર કરેલાં, હળવાં, હવાદાર અને વિશાળ હતાં.

× × ×

સૌથી પહેલાં હું જોડાના કારખાનામાં જઈ ચડ્યો. ઉપરની ત્રાક પરથી કામગરા પટ્ટાઓ સતત રીતે ગણગણાટ કરતા અને યંત્રોની લાંબી હારને ચાલુ કરતા. મેલા જેવા યંત્રવિદ્દો ધોંધાટની વચ્ચે હોશિયાર હાથે કામ કરતા હતા, અને નૉર્ધમપ્ટનનાં વિશાળ ઇંગ્લિશ કારખાનાંઓમાં મેં જોયેલા કારીગરો જેવા જ એમના કામમાં નિષ્ણાત દેખાતા. કારખાનાના મૅનેજરે મને કહ્યું કે પોતાનું કળાકૌશલ એ યુરોપમાં શીખ્યા છે. ત્યાં ચામડાની વસ્તુઓની બનાવટની વીસમી સદીની પદ્ધતિઓનો અભ્યાસ કરવા એ ગયા હતા.

બૂટ, જોડા, ચંપલ, હૅન્ડબૅગો અને પટ્ટાઓ યાંત્રિક બનાવટની બધી જ પ્રક્રિયાઓમાંથી ભારે અવાજ સાથે પસાર થઈ રહ્યા હતા.

યંત્રો પર કામ કરતા માણસોએ કાચા શિખાઉ તરીકે શરૂઆત કરેલી. એમને મેનેજરે શીખવેલું અને એમના કામની તાલીમ આપેલી.

તૈયાર થયેલો કેટલોક માલ દયાળબાગ અને આગ્રામાં વેચાતો જ્યારે બીજો માલ દૂરના પ્રદેશોમાં પહોંચાડવામાં આવતો હતો. એ પ્રદેશોમાં દુકાનો ખોલવાનું કામ ચાલુ હતું. વેચાણની વ્યવસ્થા જાતજાતના સ્ટોરના વિચાર પર ઊભી કરવાની યોજનાનો એવી રીતે અમલ કરવામાં આવી રહેલો હતો.

હું બીજા મકાનમાં ગયો. ત્યાં કાપડનું કારખાનું જોવામાં આવ્યું. ત્યાંની પેદાશ સુંવાળા સુતરાઉ અને રેશમી કાપડની હતી. એ કાપડ જુદીજુદી છતાં અમુક મર્યાદિત જાતોનું હતું.

એક બીજા મકાનમાં મેં ઇજનેરી યંત્રોનું એક સરસ કારખાનું જોયું. ત્યાં લુહારની ભઠ્ઠી હતી. ત્યાંનો ભીમકાય યાંત્રિક હથોડો પોતાના વીજળીક પ્રહારથી એ સ્થળની જીવંત પ્રેરણાના પડઘા પાડતો હતો. વૈજ્ઞાનિક સાધનો, પ્રયોગશાળામાં વપરાતી વસ્તુઓ, ત્રાજવાં ને તોલમાપો નજદીકના કારખાનામાં તૈયાર થતાં અને એટલી સરસ રીતે તૈયાર થતાં કે એમને સંયુક્ત પ્રાંતની સરકારનો આશ્રય મળેલો. સોનાનો, નીકલનો અને પિત્તળનો ઇલેકિટ્રક મદદથી ઢોળ ચડાવવામાં આવતો તેની બારીક પ્રક્રિયાનું પણ મેં નિરીક્ષણ કર્યું.

'મોડેલ ઇન્ડસ્ટ્રીઝ'નાં બીજાં ખાતાં ઇલેકિટ્રક પંખા, ગ્રામોફોન, છરીઓ અને ફરનિચર બનાવવામાં મશગૂલ હતાં. એક યંત્રશાસ્ત્રીએ એક ખાસ પ્રકારની ધ્વનિપેટીની શોધ કરેલી, અને નજદીકના ભવિષ્યમાં એને બનાવવાની યોજના પણ થઈ ચૂકેલી.

ફાઉન્ટન પેન બનાવવાનું એક કારખાનું મારી નજરે પડ્યું ત્યારે મને નવાઈ લાગી. મને જાણવા મળ્યું કે ભારતમાં એવું કારખાનું એ પહેલું જ છે. પહેલી ફાઉન્ટન પેન બજારમાં મૂકતાં પહેલાં પ્રયોગની લાંબી પરંપરામાંથી પસાર થવું પડેલું. એ ઔદ્યોગિક અગ્રેસરોને એક વસ્તુએ મૂંઝવણમાં મૂકેલા : તે એ કે સોનાની

ટાંક પર ટેરવું કેવી રીતે મૂકવું. એક દિવસ એનું રહસ્ય શોધી કાઢવાની આશા એમને જરૂર હતી, પરંતુ તે દરમિયાન ટેરવાને તૈયાર કરવાની પ્રક્રિયામાંથી પસાર થવા ટાંકને અંગ્રેજી પેઢીમાં મોકલવામાં આવતી.

ધંધાકીય તથા સાહિત્યકીય ક્ષેત્રોમાં છાપકામની જરૂરિયાતને પહોંચી વળવા દયાળબાગ પ્રેસમાં છપાઈની સંપૂર્ણ સગવડ કરવામાં આવી હતી. ત્યાંની છપાઈના નમૂના મને હિન્દી, ઉર્દૂ અને અંગ્રેજી એ ત્રણ ભાષામાં જોવા મળ્યા. 'પ્રેમ પ્રચારક' નામનું એક નાનું સાપ્તાહિક પણ ત્યાંનાં યંત્રો પર તૈયાર થતું હતું અને દેશના દૂરના ભાગમાં રહેનાર અનેક રાધાસ્વામીઓને મોકલવામાં આવતું.

પ્રત્યેક મકાનમાં મને એવા કારીગરો જોવા મળ્યા જે કેવળ સંતુષ્ટ જ નહોતા, પરન્તુ અત્યંત ઉત્સાહી હતા. મજૂરમંડળની આવશ્યકતા એ જગ્યામાં જરા પણ નહોતી લાગતી. દરેક વ્યક્તિ પોતાને ફાળે આવેલાં નાનાં કે મોટાં કામ એવી રીતે કરતી કે જાણે એ એક પ્રકારનો સાચો આનંદ હોય અને કોઈ વ્યવસાય ન હોય.

શહેરને વીજળી પેદા કરવાની આગવી વ્યવસ્થા હતી. એ વ્યવસ્થાદ્વારા કારખાનાંનાં બધાં જ યંત્રોને અને મોટાં મકાનોની છતના નવી હવા પૂરી પાડતા પંખાઓને વીજળી મળતી. એ ઉપરાંત પ્રત્યેક ઘરને સ્થાનિક ખર્ચે વીજળીથી પ્રકાશિત કરવામાં આવતું અને એવી રીતે મોંઘાં મીટરોની આવશ્યકતાને દૂર કરવામાં આવેલી.

કૃષિવિભાગમાં એક નાના છતાં આધુનિક ખેતરોનો સમાવેશ થતો. એ હજુ વિકાસના તબક્કામાં હતું. એની યાંત્રિક સામગ્રીમાં વરાળનું ટ્રેક્ટર અને હળ જોવામાં આવ્યું. ત્યાંની મુખ્ય પેદાશ તાજાં શાકભાજી તથા ઘાસચારાની હતી.

એ સૌમાં સૌથી સરસ રીતે તૈયાર કરાયેલો વિભાગ કદાચ દુગ્ધાલયનો હતો. એવી ડેરી મને ભારતમાં બીજે ક્યાંય પણ નહોતી દેખાઈ. એ પ્રદર્શનમાં મૂકવાયેલ એક નમૂનેદાર અથવા આદર્શ ડેરી

હતી એમ કહું તો ચાલે. એનું પ્રત્યેક પશુ એક ખાસ પસંદ કરેલા નમૂના જેવું હતું. એ વધારે નહિ પરંતુ આગ્રા જેટલે દૂર જોવા મળતાં પશુઓથી તદ્દન જુદું જ તરી આવતું હતું. તબેલા એકદમ સાફ રાખવામાં આવતા, અને મને કહેવામાં આવ્યું કે વૈજ્ઞાનિક પદ્ધતિઓને લીધે ભારતની બીજી સામાન્ય ડેરી કરતાં એ ડેરી સાચે-સાચ ઘણું વધારે દૂધ પેદા કરતી હતી. દૂધને ચોખ્ખું ને ઠંડું કરવાની તથા તાજું રાખવાની યોજનાને લીધે સારા, જંતુરહિત દૂધની ઇચ્છાવાળા દયાળબાગ અને આગ્રાના નિવાસીઓ માટે એવું દૂધ સૌથી પહેલી વાર મેળવવાનું શકય બન્યું હતું. માખણ બનાવવાનું આયાત કરેલું ઇલેકટ્રિક યંત્ર પણ ત્યાં જોવા મળ્યું. એ વિભાગનો બધો જ યશ સાહેબજી મહારાજના એક પુત્રને ફાળે જતો હતો. એ શક્તિશાળી હોશિયાર યુવકે મને જણાવ્યું કે ઇંગ્લેન્ડ, હોલેન્ડ, ડેન્માર્ક અને યુનાઈટેડ સ્ટેટ્સનાં મુખ્ય દુગ્ધાલયોનો પ્રવાસ કરીને પોતાના કામમાં વપરાતી અત્યંત અદ્યતન પદ્ધતિઓનો એમણે અભ્યાસ કર્યો છે.

કૉલોનીના પ્રારંભના દિવસોમાં ખેતરોમાં તથા શહેરના બીજા ભાગોમાં પાણી પૂરું પાડવાની સમસ્યા જરા કઠિન થઈ પડી. પાણી પહોંચાડવા નહેર ખોદવામાં આવી અને ટાંકા જેવી બીજી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી; પરંતુ પાણીની વધતી જતી માંગણીને પહોંચી વળવા સાહેબજી મહારાજને વધારાનો પુરવઠો શોધવાની ફરજ પડી. એમણે સરકારી એંજિનીયરોની મદદ લીધી. એને પરિણામે ઊંડો પાતાળ-કૂવો ખોદવામાં આવ્યો અને પાણીની સમસ્યાનો ઉકેલ થયો.

કૉલોની પોતાની બૅન્ક પણ ધરાવતી હતી. એના લોખંડી સળિયાની બારીઓવાળા મજબૂત મકાન પર 'રાધાસ્વામી જનરલ ઍન્ડ ઍસ્યુરન્સ બૅન્ક લિમિટેડ' શબ્દો લખવામાં આવ્યા હતા. બૅન્ક પાસે વીસ લાખ રૂપિયાની પોતાની માલિકીની મૂડી હતી, અને ખાનગી શરાફી ધંધો કરવાની સાથેસાથે શહેરની અર્થવ્યવસ્થાને પણ તે અંકુશમાં રાખતી હતી.

દ્વ્યાળબાગના મધ્ય ભાગમાં રાધાસ્વામી એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યુટ હતું. એનું મકાન કૉલોનીમાં સૌથી સુંદર હોઈને યોગ્ય રીતે જ વચ્ચે બાંધવામાં આવેલું. એનું લાલ ઈંટોનું બસો ફીટનું બાંધકામ પશ્ચિમી નજરને સારું દેખાતું હતું. એની બારીઓ સરસ કળામય કમાનોવાળી અને સફેદ સંગેમરમરથી વીંટળાયેલી હતી. એ વિશાળ ભવ્ય મકાનની આગળ ફૂલોના બગીચા હતા.

એ આધુનિક ઢબની હાઈસ્કૂલમાં ફટલાક સો વિદ્યાર્થીઓ ભણતા તથા એક પ્રિન્સિપાલ અને લાયકાતવાળા બત્રીસ શિક્ષકો એની વ્યવસ્થા કરતા. શિક્ષકો આદર્શવાદી, યુવાન, ઉત્સાહથી થનગનતા અને એમના વિદ્યાર્થીઓની તેમ જ ગુરુ સાહેબજી મહારાજની સેવા કરવાની ભાવનાથી ભરેલા હતા. સામાન્ય શિક્ષણનું ઉચ્ચ ધોરણ જાળવવામાં આવતું. કોઈ જાતનું નિશ્ચિત ધાર્મિક શિક્ષણ આપવામાં નહોતું આવતું, પરંતુ ઉત્તમ ચારિત્ર્યના ઘડતર માટે બનતો બધો જ પ્રયત્ન કરવામાં આવતો. વધુમાં સાહેબજી મહારાજ છોકરાઓની અવારનવાર મુલાકાત લેતા અને એકઠા થયેલા શ્રોતાઓની આગળ આધ્યાત્મિક વાર્તાલાપ વહેતો કરતા.

વિદ્યાર્થીઓને રમતગમત માટે ઉત્તેજન અપાતું. હૉકી, ફૂટબૉલ, ક્રિકેટ અને ટેનિસનો તેમને ખાસ શોખ હતો. કેળવણીના એ મકાનમાં સાત હજાર ગ્રંથોનું એક પુસ્તકાલય તથા કુતૂહલભર્યું નાનું સંગ્રહસ્થાન હતું.

એક બીજા ભપકાદાર મકાનમાં એ જ ધોરણે ચાલતી છોકરીઓની કૉલેજ જોઈ. અત્યાર સુધી ભારતીય સ્ત્રીઓ જે ભયંકર નિરક્ષરતાનો શિકાર બનેલી તે નિરક્ષરતાનો નાશ કરવા માટેના સાહેબજી મહારાજના પોતાની અસર નીચેના વિસ્તારમાં થયેલા નિશ્ચયાત્મક પ્રયાસનો એથી ખ્યાલ આવ્યો.

કેળવણીની સંસ્થાઓમાં ટેક્નિકલ કૉલેજ સૌથી પાછળ બંધાયેલી. એ કૉલેજમાં મિકેનીકલ, ઇલેક્ટ્રિકલ અને ઑટોમોબાઈલ

એન્જિનીયરીંગનો અભ્યાસક્રમ ચાલતો, તેમ જ માલ તૈયાર કરતા ઉદ્યોગો માટે કારીગરોને અને મુકાદમોને તાલીમ મળતી. 'મોડલ ઇન્ડસ્ટ્રીઝ'ના વિભાગમાં કૉલેજના વિદ્યાર્થીઓની વપરાશ માટે ખાસ યંત્રો અને બાંકડાઓ રાખવામાં આવેલા. એને લીધે કૉલેજના ઓરડામાં આપવામાં આવતા શિક્ષણની સાથેસાથે કારખાનાની પરિસ્થિતિ પ્રમાણે પ્રત્યક્ષ વ્યવહારુ અનુભવ પણ મળી રહેતો.

ત્રણે કૉલેજોમાં અભ્યાસ કરનારા કેટલાય સો વિદ્યાર્થીઓ માટે થોડાંક આકર્ષક છાત્રાલયો હતાં. પ્રત્યેક છાત્રાલય બહુ ભારે નહિ તેવું હવાદાર અને આધુનિક હતું.

શહેરનો રહેઠાણવિભાગ દયાળબાગ બાંધકામ ખાતાની દેખરેખ નીચે હતો. તે ખાતું યોજનાઓ બનાવતું ને બધાં મકાનો બાંધતું. દરેક શેરીમાં એની આગવી સ્થાપત્યની સંવાદિતાનું દર્શન થતું, અને એ સાફ દેખાતું કે શહેરની યોજના બનાવનારનો એક ઉદ્દેશ કળાત્મક એકરૂપતાનો પણ હતો. ભવિષ્યનો ભાડૂત ખાતાના પોતાના નકશાઓમાંથી જ પોતાની રુચિ પ્રમાણેના મકાનની પસંદગી કરવા સ્વતંત્ર હોવાથી કદરૂપી બાંધણીનાં ભૂલભરેલાં, ગીચ મકાનો માટે અવકાશ જ નહોતો. ઓછીવત્તી કિંમતે ચાર જાતનાં નિવાસસ્થાનો પૂરાં પાડવાનું ધોરણ નક્કી કરવામાં આવેલું. ખરીદનારને એની ચોક્કસ કિંમત ઉપરાંત થોડી વધુ રકમ ચૂકવવી પડતી.

કૉલોની એક નાની છતાં સુંદર હૉસ્પિટલ અને એક પ્રસૂતિ-ગૃહ ચલાવતી હતી. એણે દરેક ક્ષેત્રમાં સ્વાશ્રયી થવાનું ધ્યેય રાખ્યું હતું એટલે જ્યારે મને ખબર પડી કે ગણવેશમાં સજ્જ થયેલો હાથ ઊંચો કરીને મને સલામ કરતો પોલીસ પણ રાધાસ્વામી સંપ્રદાયનો જ સભ્ય છે ત્યારે મને ભાગ્યે જ નવાઈ લાગી. છતાં એની હાજરીએ મારા મનમાં એક જાતની તીખી જિજ્ઞાસાવૃત્તિ પેદા કરી, કારણકે મને લાગતું હતું કે દયાળબાગમાં નીતિનું ધોરણ એટલું ઊંચું છે કે એની ગેરહાજરીમાં અપરાધો માટે અવકાશ

ન જ રહે. એને ત્યાં એટલા માટે રાખવામાં આવેલો હતો કે એ અનિચ્છનીય પગપેસારો કરનારાથી એ સ્થાનને સુરક્ષિત રાખે.

× × ×

પોતાના ભારે કામકાજના દબાણમાંથી સાહેબજી મહારાજ મારે માટે ફરી થોડો સમય કાઢી શકયા ત્યારે એમની પ્રશંસનીય કામ-ગીરી બદલ મેં એમને મારો પ્રશંસાત્મક પુરસ્કાર અર્પણ કર્યો અને અવિકસિત ભારતમાં એવા વિકાસશીલ શહેરની મુલાકાતનું સદ્‌ભાગ્ય મળ્યું તે બદલ મારું આશ્ચર્ય વ્યકત કર્યું.

'પરંતુ તમે તેને માટે પૈસા કયાંથી લાવો છો?' મેં પ્રશ્ન કર્યો: 'નગરને તૈયાર કરવાના ખર્ચ પાછળ ખરેખર તમે ઘણી મોટી રકમ વાપરી છે!'

'પૈસા કેવી રીતે આવે છે તે જોવાની તક કદાચ તમને આગળ મળી રહેશે.' એમણે ઉત્તર આપ્યો: 'રાધાસ્વામી સંપ્રદાયના સભ્યો પોતે જ કૉલોની માટે પૈસા પૂરા પાડે છે. એને માટે એમના પર કોઈ જાતનું દબાણ કરવામાં નથી આવતું કે એમની પાસેથી કોઈ સભ્યફી પણ લેવામાં નથી આવતી, પરંતુ દયાળબાગના વિકાસ માટે જે આપી શકાય તે આપવું એ એમની ધાર્મિક ફરજ છે એવું તે માને છે. શરૂઆતના તબક્કાઓમાં જો કે અમારે એ બધી મદદ પર આધાર રાખવો પડયો ને રાખવો પડે છે તોપણ, મારું ધ્યેય તો એને દયાળબાગને સંપૂર્ણપણે સ્વાશ્રયી બનાવવાનું જ રહ્યું છે. સંપૂર્ણ સ્વતંત્રતા અથવા આત્મનિર્ભરતાની ભૂમિકાએ પહોંચ્યા વિના હું જંપીશ નહિ.'

'એનો અર્થ એવો છે કે તમને મદદ કરનારા ઘણા શ્રીમંત છે?'

'બિલકુલ નહિ, શ્રીમંત રાધાસ્વામીઓ તો આંગળીને વેઢે ગણાય એટલા જ છે. અમારા બધા જ સભ્યો સાધારણ અથવા સામાન્ય પરિસ્થિતિવાળા છે. અમે જે વિકાસ કર્યો છે તે માટે અનેકને પોતાનું આત્મબલિદાન આપવું પડયું છે. અત્યાર સુધી

અમે લાખો રૂપિયા મેળવી અને ખરચી શકયા છીએ તેનું કારણ પરમપિતા પરમાત્માની કૃપા જ છે. કૉલોનીનું ભવિષ્ય નિશ્ચિત છે, કારણકે અમારો સંપ્રદાય વધતો જશે તેમતેમ એની આવક પણ વધતી જશે. એટલા માટે અમને કદી પૈસાની તંગી નહિ પડે.'

'તમારી સભ્યસંખ્યા કેટલી છે ?'

'અમારી સભ્યસંખ્યા એક લાખ દસ હજારથી વધારે છે, પરંતુ એમાંથી થોડાક હજાર સભ્યો જ અહીં સ્થાયીરૂપે વસવાટ કરે છે. રાધાસ્વામી મત આમ તો આશરે સિત્તેરેક વરસ જેટલો જૂનો છે છતાં છેલ્લાં વીસ વરસ દરમિયાન એમાં ઘણો મોટો વધારો થયો છે. અને એટલું ખાસ યાદ રાખવા જેવું છે કે અમારી સંસ્થા કાંઈક ગુપ્ત જેવી હોવાથી, એ પ્રગતિ કોઈ પણ પ્રકારના જાહેર પ્રચાર સિવાય જ થયેલી છે. જો લોકોની આંખ આગળ આવીને અમારા ઉપદેશનો ખુલ્લી રીતે પ્રચાર કરવાની અમે કાળજી રાખી હોત તો અમારી સભ્યસંખ્યાને અમે દસગણી વધારી શકયા હોત. અમારા સભ્યો આખા હિંદુસ્તાનમાં ફેલાયેલા છે છતાં દયાળબાગને પોતાના મુખ્ય કેન્દ્ર તરીકે માને છે અને જેટલી વાર લઈ શકે તેટલી વાર અમારી મુલાકાત લેતા રહે છે. એમણે એમનાં સ્થાનિક મંડળો સ્થાપેલાં છે. એ મંડળોના સભ્યો અમે દયાળબાગમાં જે વખતે ખાસ બેઠક કરીએ છીએ એ જ વખતે દર રવિવારે ભેગા મળે છે.'

સાહેબજી એમનાં ચશ્માં લૂછવા માટે થોડુંક અટકયા.

'જરા વિચાર કરો. અમે આ કૉલોની બાંધવાની શરૂઆત કરી ત્યારે એને માટે ભેટ અપાયેલી પાંચ હજાર રૂપિયાની રકમથી વધારે રકમ અમારી પાસે નહોતી. અમારી પાસે જમીનનો પહેલો ટુકડો ચાર એકરથી મોટો નહોતો. પરંતુ હવે દયાળબાગની હજારો એકર જમીન છે. એના પરથી એવું નથી લાગતું કે અમે ખરેખર વિકાસ કરી રહ્યા છીએ ?'

'દયાળબાગને કેટલો મોટો બનાવવા માગો છો ?'

'અમારો વિચાર અહીં દસથી બાર હજાર લોકોને વસાવવાનો અને પછી અટકી જવાનો છે. બાર હજાર લોકોનું શહેર, જો સારી રીતે વિસ્તરેલું હોય તો પૂરતું મોટું થઈ પડે. તમારા પશ્ચિમના દેશોનાં વિશાળકાય શહેરોની નકલ કરવાની ઇચ્છા મને નથી થતી. એ વધારેપડતી વસતિવાળાં હોય છે અને એને લીધે એમની અંદર અનેક અનિચ્છનીય તત્ત્વો ફાલેફૂલે છે. હું એક એવું ઉદ્યોગનગર બનાવવા માગું છું, જેમાં માણસો સુખપૂર્વક રહી શકે ને કામ કરી શકે તથા જ્યાં એમને પુષ્કળ જગ્યા અને હવા મળી શકે. દયાળ-બાગનો વિકાસ પૂરો થતાં થોડાં વધારે વરસો લાગી જશે. એ પછી એ એક આદર્શ સંસ્થા થઈ રહેશે. મેં જ્યારે સંજોગોવશાત્ સૌથી પહેલાં પ્લેટોનું રિપબ્લિક વાંચ્યું ત્યારે જે ભાવનાઓને હું અહીં સાકાર કરવાનો પ્રયત્ન કરું છું એમાંની મોટા ભાગની ભાવનાઓને એમાં વણાયેલી જોઈને મને આનંદ અને આશ્ચર્યનો અનુભવ થયો. દયાળબાગનું કામ પૂરું કર્યા પછી ભારતમાં બધે જ એના જેવી સંસ્થાઓ બને, અથવા પ્રત્યેક પ્રાંતમાં ઓછામાં ઓછી એવી એક સંસ્થા તો જરૂર થાય, અને એને માટે એ એક નમૂનો બની રહે એમ ઇચ્છું છું. અનેક સમસ્યાઓના મારા પોતાના ઉકેલ તરીકે હું એને રજૂ કરીશ.'

'ભારત પોતાની શક્તિઓને ઔદ્યોગિક વિકાસની દિશામાં વાળે એવું તમે ઇચ્છી રહ્યા છો?'

'અવશ્ય. એ એની મોટામાં મોટી આવશ્યકતા છે છતાં પશ્ચિમમાં તમે એની અંદર ડૂબીને તમારી જાતને ભૂલી ગયા છો તેમ ભારત એની અંદર ડૂબીને પોતાની જાતને સંપૂર્ણપણે ભૂલી જાય એ જોવાનું મને નહિ ગમે.' એ ફરી વાર હસ્યા ને બોલ્યા : 'સમાજને ભરખી રહેલી ગરીબાઈમાંથી મુક્તિ મેળવવા ભારતે ઔદ્યોગિક સભ્યતાનું નિર્માણ કરવું જોઈએ એ સાચું છે, પરંતુ મૂડી અને મજૂરોની વચ્ચેના ઘર્ષણને નિવારનારી પદ્ધતિ પર એનું નિર્માણ કરવું જોઈએ. એ પદ્ધતિના અભાવમાં એવું ઘર્ષણ કાયમ રહે છે.'

'તમે તે કેવી રીતે કરવા માગો છો?'

'સમાજના ભોગે નહિ પરંતુ સૌની સામાન્ય સુખાકારીદ્વારા. વ્યક્તિગત સુખાકારીના આદર્શને નજર સામે રાખીને અમે સહકારી સિદ્ધાંતને અનુસરીને કામ કરી રહ્યા છીએ, અને પ્રત્યેક વ્યક્તિ માને છે કે વ્યક્તિગત સફળતા કરતાં દયાળબાગની સફળતા વધારે મોટી છે. પોતાને બીજે કેકાણે મળી શકતા પગાર કરતાં ઘણો ઓછો પગાર લઈને કામ કરનારા નિષ્ણાતો પણ અહીં નથી એમ નહિ. અલબત્ત, હું શિક્ષિત અને તાલીમ પામેલા માણસોની જ વાત કરી રહ્યો છું; અશિક્ષિત મજૂરોની વાતો નથી કરતો; જે પોતાનું કામ મરજિયાત રીતે અને રાજીખુશીથી કર્યા કરે છે. અમે એક આધ્યાત્મિક હેતુથી પ્રેરિત થયા છીએ અને અમારા બીજા બધા પ્રયત્નોની પાછળ એ જ પીઠબળ કામ કરી રહ્યું છે. એને લીધે જ આ સિદ્ધાંતનિષ્ઠા અહીં સારી રીતે કામ કરી રહી છે. કેટલાક માણસો એમને માટે શક્ય હોય તો, પોતાની મફત સેવા પણ આપતા હોય છે. એના પરથી તમને સમજાશે કે અમારા માણસોનો જુસ્સો અને ઉત્સાહ કેટલો બધો ઉત્તમ છે. પરન્તુ દયાળબાગ જ્યારે પૂરેપૂરો વિકસશે અને એકદમ આત્મનિર્ભર બની જશે ત્યારે મને આશા છે કે એવા સમર્પણની આવશ્યકતા નહિ રહે. ગમે તેમ, પણ આત્મિક વિકાસ એ જ અમારા મતનું મૂળભૂત ધ્યેય છે, અને એને લીધે જ આ માણસો અહીં એકઠા થયા છે. એટલે આત્મિક વિકાસના માર્ગમાં ઝડપથી આગળ વધવાનું અમારું લક્ષ્ય તો છે જ. તમે મહિને હજાર રૂપિયા કમાઈ શકો તેમ હો તોપણ, અમે મોટા પગારો આપી શકીએ તેમ નથી. એટલા માટે, અહીં આવીને અમારી કોલોનીમાં જોડાઓ તો તમારે એ રકમનો એક તૃતીયાંશ જ લેવો પડે. પછી ધીરેધીરે તમે ઘર બનાવો, પત્ની મેળવો, અને સંતાનની પ્રાપ્તિ કરો. પરંતુ એ દરમિયાન જો તમે તમારી કારકિર્દીની ભૌતિક બાજુનો જ વિચાર કરવાનું શરૂ કરો અને જેને માટે અમારી સાથે સાચેસાચ જોડાયા

હો એ આધ્યાત્મિક આદર્શને વિસારે પાડો તો એટલા પ્રમાણમાં તમારું પતન થવા માંડે. તમને દેખાતી આટલી બધી ભૌતિક પ્રવૃત્તિઓ હોવા છતાં અમારા મતની જેને માટે સ્થાપના કરવામાં આવી છે તે મુખ્ય આદર્શનું વિસ્મરણ અમે નથી થવા દેતા.'

'મને સમજાયું.'

'અમે તમારી પશ્ચિમી સમજણ પ્રમાણેના સમાજવાદી નથી; પરંતુ એ એક હકીકત છે કે અમારે ત્યાં ઉદ્યોગો, ખેતરો, ને કૉલેજો સમાજની માલિકી નીચે છે. વધુમાં એ માલિકીપણું જમીન તથા મકાનો સુધી વ્યાપેલું છે. તમે અહીં ઘર બાંધો તે ભલે; પરંતુ તેમાં રહો ત્યાં સુધી જ તે તમારું ગણાશે. એટલી મર્યાદા સિવાય પ્રત્યેક વ્યક્તિને ગમે તેટલી લક્ષ્મી કે સંપત્તિ ધરાવવાની તથા એકઠી કરવાની અને ગમે ત્યાં ધરાવવાની તથા એકઠી કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા છે. એને લીધે અમે અલબત્ત, સમાજવાદના જુલમોથી બચી જઈએ છીએ. અમારી બધી જ સ્થાનિક સંપત્તિ અને સભ્યોએ સ્વેચ્છાથી કરેલી ધનની સહાયને અમે ધાર્મિક ભાવનાથી ચલાવવાના ટ્રસ્ટ બરાબર માનીએ છીએ. અમારા આધ્યાત્મિક આદર્શની આગળ બીજી બધી વસ્તુ ગૌણ ગણાય છે. આ વહીવટ પિસ્તાળીસ સભ્યોની સમિતિ સંભાળે છે. એ સમિતિ ભારતના જુદાજુદા પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરે છે અને હિસાબો તપાસવા તેમ જ બજેટ પર વિચાર કરવા વરસમાં બે વાર એકઠી થાય છે. સામાન્ય કામ અને મુખ્ય અધિકાર અગિયાર સભ્યોની બનેલી કાર્યવાહક સમિતિના હાથમાં હોય છે.'

'પહેલાં તમે કહ્યું કે દયાળબાગને અનેક સમસ્યાઓના ઉકેલરૂપ તમે રજૂ કરશો. આજની જે મુખ્ય સમસ્યા છે તે આર્થિક સમસ્યાના ઉકેલ તરીકે તેને કેવી રીતે રજૂ કરશો તે મને નથી સમજાતું.'

સાહેબજી મહારાજે શ્રદ્ધાપૂર્વક સ્મિત કર્યું.

'એ મુદ્દા પર ભારતને પણ કશુંક ઉપયોગી એવું અર્પણ કરવાનું હોઈ શકે.' એમણે આગળ ચલાવ્યું : 'છેલ્લાં થોડાં વરસો દરમિયાન અમારા ઉત્કર્ષની ગતિને ઝડપી બનાવવા માટે છેલ્લેછેલ્લે અમે અમલમાં મૂકેલી યોજના સંબંધમાં હું તમને કહી બતાવું. મારી દૃષ્ટિએ એ યોજનામાં અત્યંત અગત્યતા ધરાવતા આર્થિક અને સામાજિક સિદ્ધાંતોનો સમાવેશ થાય છે. અમે એક વારસાગત ફંડની સ્થાપના કરી છે, જે એક હજાર રૂપિયા અને એથી વધારે રકમ ભરી શકનારા અમારા સભ્યોની સહાયનો સ્વીકાર કરે છે. અમારી વહીવટી સમિતિદ્વારા એવા પ્રત્યેક લવાજમ ભરનારને પાંચ ટકાથી ઓછું નહિ એટલું વર્ષાસન આપવામાં આવે છે. એના મરણ પછી એ જ વર્ષાસન એની પત્નીને, એના બાળકને, અથવા એણે અગાઉથી જેનો નિર્દેશ કર્યો હોય એવી કોઈક બીજી વ્યક્તિને આપવામાં આવશે. એ બીજા પુરુષ કે સ્ત્રીને વર્ષાસન માટેના પોતાના અનુગામીની પસંદગી કરવાનો એવો જ અધિકાર છે. પરંતુ એ પરંપરા પ્રમાણેની ત્રીજી પેઢીથી ભરપાઈ કરવાની બધી રકમ અટકી જાય છે. મૂળ લવાજમ ભરનારને કોઈ જાતના કઠિન સંજોગો ઊભા થાય કે તાત્કાલિક જરૂર જણાય તો એની બધી જ રકમ અથવા એનો અમુક હિસ્સો એને પાછો મળી શકે છે.* વારસાગત ફંડની યોજના દ્વારા આવી રીતે અમારી સમિતિની તિજોરીમાં લાંબે વખતે લાખો રૂપિયાનો પ્રવાહ ચાલશે, અને એ છતાં અમારા સભ્યોના પાકીટ પર કોઈ પણ જાતનો ભારે બોજો નહિ પડે. એ બધા જે રકમ અર્પણ કરશે તેના બદલામાં એમને ઉદ્ધાર આવકની ખાતરી મળશે.'

[યુરોપિયન અર્થશાસ્ત્રીઓ એને મળતી એવી જ બીજી ઈટાલીના પ્રોફેસર રિઝાનોની યોજનાથી લાંબા વખતથી પરિચિત છે. એ પ્રોફેસર વારસાના કાયદામાં એવી રીતે ફેરફાર કરવાની ઇચ્છા રાખતા હતા કે જેથી ઓછામાં ઓછો વિરોધ થાય અને ઓછામાં ઓછો ભોગ આપવો પડે.]

'મને લાગે છે કે તમે મૂડીવાદનાં દૂષણો તથા સમાજવાદની ભાવુકતા વચ્ચે સ્પષ્ટ સ્થાન મુકરર કરવાનો પ્રયાસ કરી રહ્યા છો. ગમે તેમ, પણ મને ખાતરી છે કે તમે પ્રત્યેક પ્રકારની સફળતા મેળવવા યોગ્ય છો. અને એવી સફળતા તમને જલદી મળશે એવી આશા રાખું છું.'

મને સ્પષ્ટ રીતે સમજાયું કે વધતા જતા વારસાફંડને લીધે સ્વેચ્છાપૂર્વક કરાતી સહાયના સતત પ્રવાહને લીધે, અને નફો કરવાની ભૂમિકા પર પહોંચેલા ઉદ્યોગોને લીધે, દયાળબાગ પોતાના સફળ ભાવિ માટે સંપત્તિનાં ખાતરીપૂર્વકનાં સાધનો ધરાવે છે.

'ભારતના કેટલાક જાણીતા નેતાઓ અમારા પ્રયોગનું નિરીક્ષણ કરી રહ્યા છે અને એના પરિણામની રાહ જુએ છે.' રાધાસ્વામીઓના સફેદ ફેંટાવાળા અધ્યક્ષે કહેવા માંડયું : 'થોડાકે દયાળબાગની મુલાકાત લીધી છે અને અમારા વિચારોના વિરોધ કરનારા પણ અહીં આવી ગયા છે. ભારતના લોકો દુનિયામાં સૌથી વધારે નિર્બળ અને ગરીબ છે, અને એના નેતાઓ પરસ્પર વિરોધી દવાઓ બતાવ્યા કરે છે. ગાંધીએ એક વાર અહીં આવીને મારી સાથે લાંબો વખત ચર્ચા કરી. એમની ઇચ્છા હું એમની રાજકીય લડતમાં જોડાઉં એવી હતી, પરંતુ મેં ના પાડી. અહીં અમારે રાજકારણ સાથે કાંઈ જ લેવાદેવા નથી. અમે પુનરુત્થાનનાં વ્યવહારુ સાધનો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં માનીએ છીએ. જો કે ગાંધીની રાજકીય યોજના સાથે મારે કશો સંબંધ નથી તોપણ, એમના આર્થિક સમસ્યાઓ વિશેના વિચારો મને કપોલકલ્પિત અને અવ્યવહારુ લાગે છે.'

'એ ચાહે છે કે ભારત બધાં યંત્રોને દરિયામાં નાખી દે.'

સાહેબજીએ માથું હલાવ્યું.

'ભારત ભૂતકાળમાં પાછું ન જઈ શકે. જો વિશેષ સમૃદ્ધિશાળી બનવું હોય તો એણે આગળ વધવું જોઈએ અને ભૌતિક સભ્યતાનાં સર્વોત્તમ તત્ત્વોનો વિકાસ કરવો જોઈએ. મારા દેશવાસીઓએ

અમેરિકા અને જાપાન પાસેથી પાઠ શીખવો જોઈએ. હાથે કાંતનાર અને હાથે વણનારા માણસ આધુનિક બૌદ્ધિક પદ્ધતિઓના હુમલા સામે જરા પણ ટકી શકે ?'

સાહેબજી મહારાજે પોતાના વિચારો વિગતવાર સમજાવવા માંડ્યા ત્યારે મારી નજર સમક્ષ ઘઉંવર્ણા હિંદુ શરીરમાં ગોઠવેલા એક જાગ્રત અમેરિકન મનનું ચિત્ર ઊપસી આવ્યું. એ એમની રીતભાતમાં એવા જ હોશિયાર અને કર્તવ્યપરાયણ હતા, અને એમના વિચારોની અભિવ્યક્તિમાં પણ એટલા જ ચોક્કસ. એ ઉપખંડમાં જવલ્લે જ જોવા મળતાં સામાન્ય બુદ્ધિ, સ્થિરતા ને ડહાપણનાં લક્ષણોને એમનામાં જોવાથી મારો બુદ્ધિવાદી સ્વભાવ એમના પ્રત્યે આકર્ષાયો.

એમના ચારિત્ર્યમાંથી વ્યક્ત થતા વિચિત્ર વિરોધાભાસને હું નવેસરથી સમજી શકચો. યોગની રહસ્યમય પદ્ધતિનો અભ્યાસ કરતા એકાદ લાખથી વધારે લોકોના ગુરુ : અને દયાળબાગમાં મારી આસપાસ વીંટળાઈ વળેલી ભાતભાતની ભૌતિક પ્રવૃત્તિઓના પ્રધાન વ્યવસ્થાપક : એ સૌનો સમગ્ર રીતે વિચાર કરતાં મને લાગ્યું કે એ એક અત્યંત તેજસ્વી અને ચૈતન્યમય માનવ છે. ભારતમાં જ નહિ પરંતુ આખી દુનિયામાં કોઈ પણ ઠેકાણે એમના જેવા માનવને મળવાની આશા મને નથી રહી.

એમના અવાજથી મારા વિચારોમાં ભંગ પડ્યો.

'તમે અહીં દયાળબાગમાં અમારા જીવનનાં બે પાસાં જોઈ લીધાં; પરંતુ અમારી પ્રવૃત્તિઓ ત્રિવિધ છે. માણસની પોતાની સાથે પણ ત્રણ વસ્તુઓ સંકળાયેલી છે : આત્મા, મન અને શરીર. એટલા માટે શારીરિક કામ માટે અમારે ત્યાં કારખાનાં તથા ખેતરો છે. માનસિક વિકાસ માટે કૉલેજો છે, અને છેલ્લે આત્મિક પ્રવૃત્તિને માટે સમૂહસભાઓ છે. એવી રીતે અમે પ્રત્યેક વ્યક્તિના સંવાદમય અને સર્વાંગી ઉત્કર્ષનું ધ્યાન રાખીએ છીએ. પરંતુ આત્મિક

ઉત્કર્ષ પર અમે સૌથી વધારે ભાર મૂકીએ છીએ, અને અમારા મત અથવા સંપ્રદાયનો પ્રત્યેક સભ્ય ગમે ત્યાં રહીને પણ એની વ્યક્તિગત રુચિ પ્રમાણે નિયમિત રીતે યોગસાધના કરવાનો પ્રયત્ન કરે છે.'

'હું તમારી એકાદ સમૂહસભામાં જોડાઈ શકું ?'

'આનંદપૂર્વક જોડાઈ શકો, અમે પ્રત્યેક સમારંભમાં તમને આવકાર આપીશું.'

પહેલી સમૂહસભા સાથે સવારના છ વાગ્યાથી દયાળબાગની પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો. પરોઢિયું રાત્રિના અંધકારને ઝડપથી દૂર કરવા લાગ્યું. મરણપોક જેવા કાગડાના કર્કશ પોકારોની સાથે ચકલીઓના ચીંચીં એવા મીઠા સ્વરોનું સંમિશ્રણ થયું. અને બધાં પક્ષીઓએ સૂર્યને એમની આવકારની અંજલિ આપવાનો આરંભ કર્યો. હું મારા માર્ગદર્શકની સાથે ચાલતો લાકડાના થાંભલાઓના ટેકાવાળા, કંતાનના વિશાળ મંડપ પાસે આવી પહોંચ્યો.

પ્રવેશદ્વાર આગળ લોકોની મોટી મેદની એકઠી થયેલી હતી. ત્યાં પ્રત્યેક વ્યક્તિ પોતાના ચંપલ કે બૂટ ઉતારતી અને ત્યાં ઊભેલા સેવકોને સુપરત કરતી. એ સ્થળના રીતરિવાજનું પાલન કરીને મેં એ વિશાળ ખુલ્લા હૉલ જેવા મંડપમાં પ્રવેશ કર્યો.

એની એક તરફ વચ્ચેના ભાગમાં ઊંચી બેઠક બનાવેલી હતી અને ત્યાં શ્રી સાહેબજી મહારાજ એક ખુરસી પર બેઠેલા હતા. એમના હજારો અનુયાયીઓ એમની આજુબાજુ વીંટળાઈને બેઠા હતા, જેથી એમ લાગતું કે આખીય જમીન માનવશરીરોની શેતરંજીથી ઢંકાઈ ગઈ છે. બધાની દૃષ્ટિ ગુરુ તરફ મંડાયેલી હતી. બધી વાણી શાંત પૂજ્યભાવમાં લીન હતી.

પ્લૅટફૉર્મની નીચેની જગ્યા તરફ રસ્તો કરીને હું એ સાંકડી જગ્યામાં જેમતેમ કરીને બેસી ગયો. એ જ વખતે બે માણસો હૉલની પાછળના ભાગમાં ઊભા થયા અને એમના સ્વર ધીમા ગીતના રૂપમાં વહેવા માંડ્યા. એના શબ્દો હિંદુ હતા અને એનો

તાલ કોઈના પણ કાનને છેક જ પસંદ પડે તેવો હતો. એ સંગીત-સ્વર લગભગ પંદર મિનિટ સુધી ચાલુ રહ્યા. ત્યાં સુધીમાં તો એ વિચિત્ર પવિત્ર શબ્દોએ પ્રત્યેક વ્યક્તિને શાંતિમય દશામાં ડુબાડી દીધી. અને પછી એ શબ્દો ક્રમેક્રમે ધીમા પડતા સંપૂર્ણપણે શાંત થઈ ગયા.

મેં આજુબાજુ જોવા માંડયું. એ વિશાળ મંડપમાં પ્રત્યેક વ્યક્તિ શાંત, સ્થિર અને ધ્યાન કે પ્રાર્થનામાં ડૂબેલી હતી. પ્લેટફોર્મ પરની સ્વચ્છ સફેદ વસ્ત્રોવાળી, અહંકારરહિત આકૃતિ તરફ મેં દૃષ્ટિ કરી. એના મુખમાંથી અત્યાર સુધી એકે શબ્દ બહાર નહોતો નીકળ્યો. એમનો ચહેરો રોજ કરતાં વધારે ગંભીર હતો. એમની જાગ્રત, કાર્યરત વૃત્તિ શમી ગયેલી લાગી, અને એમનું મન શાંત ઊંડા ધ્યાનમાં ડૂબી ગયેલું દેખાયું. એમના સફેદ ફેંટા નીચે વિચારોના કેવા તરંગો પેદા થતા હશે તે કોણ કહી શકે ? એ બધા જ લોકો એમને ઉચ્ચ જીવન સાથેની એમની પવિત્ર કડીરૂપ માનતા હોવાથી, એમના ખભા પર કેટલી મોટી જવાબદારી રહેલી હતી ?

એ સંપૂર્ણ શાંતિ બીજા અડધા કલાક સુધી ચાલુ રહી. કોઈ ઉધરસ કે ખાંસી નહીં, અને કોઈ પણ અવાજ નહિ ! પૂર્વના એ બધા વિચારશીલ લોકોએ શંકાશીલ પશ્ચિમવાસી માટે ખુલ્લી મુકાયેલી દુનિયામાં એમનાં મનને સંકેલી લીધાં ? કોને ખબર ? પરંતુ જેમને લીધે આખું નગર થોડા જ વખતમાં ધમધમી ઊઠવાનું હતું તે ભારેખમ પ્રવૃત્તિઓની આશ્ચર્યકારક પૂર્વભૂમિકારૂપ તો એ જરૂર હતું.

અમે અમારા જોડા પાછા લીધા અને શાંતિપૂર્વક ઘર તરફ જવા માટે છૂટા પડ્યા.

સવારના વખત દરમિયાન મેં અનેક રાધાસ્વામીઓ સાથે વાતચીત કરી. એમનામાંના કેટલાક ત્યાંના નિવાસીઓ હતા તો કેટલાક ત્યાંના આવેલા મુલાકાતી સભ્યો. એમનામાંના થોડાક સારું અંગ્રેજી બોલી શકતા હતા. એમનામાં ઉત્તરપશ્ચિમમાંથી આવેલા

ફેંટાવાળા માણસો હતા. દક્ષિણના લાંબી ચોટલીવાળા તામિલો હતા, પૂર્વના ટૂંકા કદના ચપળ બંગાળીઓ હતા. અને મધ્યપ્રાંતના દાઢીવાળા માનવો હતા. એમની સ્વમાનની ભાવનાથી અને એમની આધ્યાત્મિક આકાંક્ષા સાથે એટલું જ વર્ચસ્વ ધરાવતી ચતુરાઈભરી વ્યવહારકુશળતાથી હું પ્રભાવિત થયો. એમની ઇચ્છાઓ આકાશમાં ઊંચે ઊડતી તો એમના પગ નક્કર પૃથ્વી પર દૃઢતાપૂર્વક ચાલતા રહેતા. અહીં જોવા મળતા શહેરીઓ એવા હતા જેમને માટે કોઈ પણ નગર ગૌરવ લઈ શકે એવું લાગ્યા વિના ન રહ્યું. મને એમના તરફ કુદરતી લાગણી થયા કરતી અને એમને માટે અત્યંત આદરભાવ થતો, કારણ કે એ પેલા વિરલ ગુણથી સંપન્ન હતા–ચારિત્ર્ય!

બપોર પછી થોડી નાની સભા ભરવામાં આવી. એ ટૂંકી અવિધિસરની સભા મુલાકાતી સભ્યોના લાભ માટે ભરવામાં આવી હતી. એ દરમિયાન વ્યક્તિગત સમસ્યા પર ચર્ચા કરવામાં આવી, પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવ્યા, અને સૌની સાથે સંબંધ ધરાવનારી સામાન્ય વાતોની છણાવટ કરવામાં આવી. પોતાની આગળ ઉપસ્થિત થતી પ્રત્યેક વસ્તુનો નિકાલ કરવામાં સાહેબજી મહારાજ જે માર્ગ અખત્યાર કરતા તે માર્ગ અથવા ઢબમાં અસાધારણ શક્તિમત્તા દેખાઈ આવતી. એમની બોલવાની પદ્ધતિ વિનોદથી ભરેલી, વાતચીત કરતા હોય એવી હતી. કોઈના તરફથી નાજુકમાં નાજુક પ્રશ્ન પૂછવામાં આવે તોપણ એનો ઉત્તર આપવામાં એ પાછા ન પડતા, અને વિવિધ પ્રકારની આધ્યાત્મિક તેમ જ ભૌતિક સમસ્યાઓ સંબંધમાં ઝડપી અને શ્રદ્ધાપૂર્વકના અભિપ્રાયો આપી દેતા. એમના આખાય વ્યવહારમાં સંપૂર્ણ આત્મવિશ્વાસ અને શાંત નમ્રતાના અસાધારણ અને સફળ સુમેળની છાપ દેખાઈ આવતી. એમનામાં ચિત્તાકર્ષક વિનોદવૃત્તિ હતી એવું એ બતાવી આપતા. એ વિનોદવૃત્તિ એમના આનંદપૂર્ણ ઉલ્લેખોમાં અવારનવાર ટપકી પડતી.

સાંજે બીજી સમૂહસભાનું આયોજન થયું. કૉલોનીના પ્રત્યેક કારખાનાએ, સ્ટોરે અને ખેતરે એ દિવસને માટે પોતાની પ્રવૃત્તિઓ

બંધ રાખેલી, અને એવી રીતે એ વિશાળ તંબૂ મોટી માનવમેદનીથી છલોછલ ભરાઈ ગયો. સાહેબજી મહારાજ પોતાની પ્લૅટફૉર્મ પરની ખુરસી પર ફરી વાર બેસી ગયા. એમના અનુયાયીઓની મંડળીએ એમની બેઠક પાસે પહોંચીને વહીવટી સમિતિના ફંડ માટે એમને ચરણે ઐચ્છિક ફાળો આપવા માંડ્યો. એનું મેં નિરીક્ષણ કર્યું. સમિતિના બે સભ્યો એ બધા ફાળાને એકઠો કરતા હતા અને એની નોંધ રાખતા.

એ સભાની મુખ્ય ઘટના તો સાહેબજી મહારાજના લાંબા પ્રવચનની હતી. એમની પ્રવચન કરવાની શૈલી સારી હોવાથી, એમના હજારો અનુયાયીઓ એમની સરસ રીતે બોલાયેલી હિંદીને ભારે એકાગ્રતાથી સાંભળવા માંડ્યા. ઊંડી લાગણીથી ભારોભાર ભરેલી આકર્ષક શૈલીમાં એ એમના અંતરમાંથી બોલતા દેખાયા. એમના જ્વલંત જુસ્સાથી અને ઉત્કટ ઉત્સાહથી એ એવા તો સજીવ લાગ્યા કે એમના શ્રોતાઓ પરની પ્રેરક અસર લગભગ સ્પષ્ટપણે દેખાઈ આવી.

× × ×

પ્રત્યેક દિવસે એવો એકસરખો કાર્યક્રમ ચાલુ રહ્યો. સાંજની સભા લગભગ બે કલાક ચાલતી હોવાથી સૌથી વધારે વખત લઈ લેતી. સાહેબજી મહારાજની માનસિક શક્તિના સંબંધમાં એના પરથી ઘણું ઘણું કહી શકાતું, કારણ કે એ કાર્યક્રમ એ પ્રકારની મુશ્કેલી વિના તેમ જ એમના રોજના અદ્‌ભુત સામર્થ્યથી ચાલુ રાખતા. એમના સાંજના પ્રવચનનો વિષય શો હશે તેની ખબર અગાઉથી કોઈને પણ ન પડતી. એ મુદ્દા વિશે મેં એમને પ્રશ્ન પૂછ્યો એટલે એમણે ઉત્તર આપ્યો :

'ખુરસી પર બેસું છું ત્યારે મને વિષયની જરા પણ ખબર નથી હોતી. પ્રવચનનો પ્રારંભ કર્યા પછી પણ, મારું આગળનું વાક્ય શું હશે અથવા પ્રવચનની પૂર્ણાહુતિ કેવી રીતે થશે તે હું નથી જાણતો. હું એ પરમપિતા પર પરિપૂર્ણપણે શ્રદ્ધા રાખું છું.

મારે જે કાંઈ જાણવાની જરૂર હોય છે તેને વિશે એ તરત જ કહી દે છે. હું અંદરખાનેથી એમના આદેશોની પ્રાપ્તિ કરું છું. હું સાચેસાચ એમને અધીન છું.'

એમના પ્રથમ પ્રવચનના શબ્દો કેટલાક દિવસો સુધી મારા મનમાં ઘોળાતા રહ્યા. ગુરુને સર્વસમર્પણ કરવાનો એનો મધ્યવર્તી વિચાર જ્યાં સુધી એને મેં સાહેબજી મહારાજ આગળ રજૂ ન કર્યો ત્યાં સુધી મને ઉત્તેજિત કરતો રહ્યો. અમે દયાળબાગની વચ્ચેના મેદાનના જાજમ બિછાવેલા ટુકડા પર બેઠા અને એ હરિયાળી જગ્યા પર બેસીને મિત્રતાભરી ચર્ચા શરૂ કરી.

એમણે એમના મુદ્દાનું પુનરુચ્ચારણ કર્યું અને ઉમેર્યું :

'ગુરુ એકદમ આવશ્યક છે. આત્મિક ક્ષેત્રમાં આત્મનિર્ભરતા જેવું કશું જ નથી હોતું.'

'પરંતુ એ આવશ્યક ગુરુને તમે મેળવ્યા છે?' મેં હિંમતપૂર્વક પ્રશ્ન કર્યો.

'નિઃસંશય. સાચા ગુરુ મને મળ્યા તે પહેલાં ચૌદ વરસ મેં એમની શોધમાં વિતાવેલાં.'

'ચૌદ વરસ? તમારા જીવનનો એક પંચમાંશ! એ શું ઉચિત હતું?'

'સદ્‌ગુરુની શોધમાં જે સમય ગાળવામાં આવે છે તે સમય વીસ વરસનો હોય તોપણ કદી વ્યર્થ નથી જતો.' એમણે પ્રકાશના ચમકારાની પેઠે ઝડપથી જવાબ આપ્યો : 'હું માનતો થયો ત્યાં સુધી તમારા જેવો જ શંકાશીલ હતો. અને પછી આત્મિક પ્રકાશના પાવન પંથને ખોલી આપનારા ગુરુને શોધવા માટેના પ્રયત્નોમાં હું મરણિયો બની ગયો. હું યુવાન હતો તે સાથે સત્યની પ્રાપ્તિ માટે ફક્ત પાગલ હતો. જો સત્યનું અસ્તિત્વ હોય તો મને એનો પ્રકાશ પહોંચાડવા મેં વૃક્ષોને, ઘાસને અને આકાશને પ્રાર્થના કરવા માંડી. પ્રકાશની યાચના કરતાં મસ્તક નીચું રાખી બાળકની પેઠે મેં

ડૂસકાં ખાતાં હૃદયને વહેતું કર્યું. આખરે એ બોજો મારાથી વધારે વખત સુધી ન સહી શકાયો. એ દૈવી શક્તિ જ્યાં સુધી મને યોગ્ય માનીને ક્રાંઈક પ્રકાશ પૂરો ના પાડે ત્યાં સુધી અન્નત્યાગ કરીને મૃત્યુ સુધી ભૂખે રહેવાનો નિર્ણય કર્યો. મારાથી લાંબો વખત કામ પણ ન કરી શકાયું. બીજે દિવસે રાતે મને એક સરસ સ્વપ્નું આવ્યું. એમાં મને એક ગુરુએ દર્શન આપીને પોતાની એવી રીતે ઓળખ આપી. મેં એમનું ઠેકાણું પૂછ્યું તો તેમણે ઉત્તર આપ્યો કે 'અલ્હાબાદ! તને મારું પૂરેપૂરું ઠેકાણું પાછળથી જણાશે.' વળતે દિવસે મેં એ શહેરમાં રહેતા મારા એક મિત્રને મારા સ્વપ્નની વાત કરી. એ થોડી વાર પછી મારી પાસે એક સમૂહફોટા સાથે પાછા આવ્યા અને મને પૂછ્યું કે એ સમૂહમાં હું ગુરુની મુખાકૃતિને ઓળખી શકું છું કે કેમ. મેં એની તરફ તરત જ આંગળી કરી બતાવી. મારા મિત્રે તે પછી સ્પષ્ટીકરણ કર્યું કે એ અલ્હાબાદના એક ગૂઢ જેવા મંડળનો સભ્ય છે અને મેં જે આકૃતિ બતાવી તે એમના ગુરુદેવ પોતે છે. એ પછી હું વહેલી તકે એમના સંસર્ગમાં આવ્યો, અને એમનો શિષ્ય થયો.'

'કેટલું બધું રસિક કહેવાય!'

'તમે ફક્ત યોગની પ્રક્રિયાઓનો જ આધાર લેતા હો અને તમારા જ બળ પર આધાર રાખતા હો તોપણ, તમારી સાચા દિલની પ્રાર્થના તે જ દિવસે સંભળાશે જ્યારે તમને ગુરુનો મેળાપ થશે. એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. તમારે કોઈક પથપ્રદર્શક તો જોઈશે જ. પ્રામાણિક, દૃઢ ને સંપૂર્ણ નિશ્ચયવાળા સાધકને એના સાચા ગુરુની પ્રાપ્તિ આખરે થાય છે જ.'

'એવા ગુરુને શી રીતે ઓળખી શકાય?' હું પ્રશ્ન પૂછતાં ગણગણ્યો.

સાહેબજીના ચહેરા પર વિશ્રાંતિ દેખાઈ અને એમની આંખમાં એક ક્ષણ માટે આનંદની ઝલક ફરી વળી.

ગુરુ પહેલેથી જ જાણે છે કે એમની પાસે કોણ આવવાનું છે, અને એ એમને લોહચુંબકની પેઠે પોતાની તરફ આકર્ષે છે. એમના ભાગ્યમાં ગુરુનો ભક્તિ ભળે છે અને એના પરિણામમાંથી મુક્તિ મેળવવાનું મુશ્કેલ હોય છે.

જુદાજુદા રૂપરંગવાળા માણસોની નાની મંડળી અમારી આજુબાજુ એકઠી થઈ ગઈ અને ઝડપથી વધવા લાગી. થોડા વખતમાં તો સાહેબજી મહારાજના એકને બદલે પચાસથી સાઠ શ્રોતા બની ગયા.

'તમારા રાધાસ્વામી સિદ્ધાંતોનો બને તેટલો સ્પષ્ટ ખ્યાલ મેળવવાનો હું પ્રયાસ કરી રહ્યો છું.' મેં તેમને કહેવા માંડયું : 'પરંતુ એમને સમજવાનું કામ ખૂબ જ કપરું છે. તમારા એક શિષ્યે મને તમારા મતના પહેલાંના ગુરુ પરમ પૂજ્ય બ્રહ્મશંકર મિશ્રનાં એ વિષય પરનાં કેટલાંક લખાણો વાંચવા આપ્યાં છે. એને લીધે મારા મગજને વધારેપડતું કામ કરવું પડે છે.'

સાહેબજી હસવા માંડયા.

'રાધાસ્વામી મતના સંદેશનાં સત્યોને સમજવાની ઇચ્છા હોય તો તમારે અમારી યોગક્રિયાઓનો અભ્યાસ કરવો જોઈએ. એ ક્રિયાઓનો રોજનો અભ્યાસ અમારા સિદ્ધાંતોની બૌદ્ધિક સમજણ કરતાં અમે ઘણો વધારે મહત્ત્વનો માનીએ છીએ. અમે જેમનો આધાર લઈએ છીએ તે ધ્યાનની સંક્ષિપ્ત પદ્ધતિઓ તમને નથી સમજાવી શકતો તે માટે દિલગીર છું, કારણકે અમારા મતમાં જે જોડાવા ઇચ્છે છે ને સ્વીકારાય છે તેમને જ તે ગુપ્તતાની પ્રતિજ્ઞા સાથે શીખવવામાં આવે છે. પરંતુ એ બધાનો પાયો 'નાદ-યોગ' અથવા અમે સામાન્ય રીતે કહીએ છીએ તે પ્રમાણે અંદરના શબ્દનું શ્રવણ છે.'

'હું જે લખાણોનો અભ્યાસ કરું છું તે કહે છે કે નાદની શક્તિને લીધે સૃષ્ટિનું સર્જન થયું.'

ભૌતિક દૃષ્ટિકોણથી જોતાં કહેવું જોઈએ કે તમે તેને બરાબર સમજ્યા છો, પરંતુ વધારે સાદી ભાષામાં કહીએ તો કહી શકાય કે સર્જનની શરૂઆતમાં પરમાત્માની પહેલી પ્રવૃત્તિ નાદના પ્રવાહને પેદા કરવાની હતી. સૃષ્ટિ કેટલાંક જડ તત્ત્વો કે પરિબળોનું પરિણામ છે એવું નથી સમજવાનું. અમારા સમાજના સભ્યો એ દૈવી નાદથી પરિચિત છે, અને એ નાદના ધ્વનિને ઝીલી શકાય છે. અમારી એવી માન્યતા છે કે નાદો એમનો આવિર્ભાવ કરનાર શક્તિની અથવા એમના ઉદ્‌ભવસ્થાનની છાપ લઈને આવે છે. એ શક્તિ સાથે એમનો સંબંધ હોય છે. એટલા માટે શરીરને, મનને અને ઇચ્છાશક્તિને સંયમમાં રાખીને અમારા સભ્યોમાંથી કોઈ એ દૈવી નાદને આતુરતાપૂર્વક અને પોતાની અંદરથી સાંભળે છે ત્યારે, એ દિવ્ય નાદને સાંભળતાંવેંત જ એની વૃત્તિઓ પરમાત્માના પૂર્ણ જ્ઞાન તેમ જ કલ્યાણ તરફ ઉપર ઊઠે છે.'

'માણસની ઘેરી નસોમાં વહેતા લોહીના ધબકારાનો શબ્દ જ એ દૈવી શબ્દ કે નાદ છે એવી કલ્પના કરાતી હોય એ શું શકય નથી લાગતું? પોતાની અંદરનો બીજો વળી કયો નાદ સાંભળી શકાય તેમ છે?'

'અમે કોઈ જાતના ભૌતિક નાદની નહિ પરંતુ આત્મિક નાદની વાત કરી રહ્યા છીએ. આપણી ભૌતિક ભૂમિકા પર નાદના રૂપમાં જે શક્તિનું દર્શન થાય છે તે તો જેને લીધે સૃષ્ટિનો આવિર્ભાવ થયો છે તે સૂક્ષ્મતર શક્તિનો માત્ર પડઘો જ છે. તમારા વૈજ્ઞાનિકોએ જેવી રીતે મેટરને ઇલેક્ટ્રિસીટીમાં ઘટાડી નાખી છે, તેવી રીતે ભૌતિક ભૂમિકા પર સંભળાતી શક્તિને વધારે ને વધારે ઊંડે ઊતરીને આપણે નાદના રૂપમાં પકડી કે અનુભવી શકીએ છીએ. એ નાદ આત્મિક ભૂમિકા પર અસ્તિત્વ ધરાવતો હોવાથી આપણા સ્થૂળ કાનથી અજ્ઞાત હોય છે. નાદ જે પ્રદેશમાંથી પેદા થાય છે તે પ્રદેશની અસરવાળો હોય છે અને એથી, અમુક ચોક્કસ રીતે તમે તમારા ધ્યાનને તમારી અંદર એકાગ્ર કરો તો એક દિવસ એવો રહસ્યમય

શબ્દોને સાંભળી શકો જેમની ઉત્પત્તિ સૃષ્ટિના પ્રાકટય વખતે આરંભની અવ્યવસ્થા વખતે થઈ હતી અને જે પરમાત્માનું સાચું નામ રજૂ કરે છે. માનવની આધ્યાત્મિક પ્રકૃતિમાં એ શબ્દોના ઉપરાઉપરી પડઘા પડે છે. અમારી ગુપ્ત યોગસાધનાની મદદથી એ પડઘા સાંભળવા અને એમના મૂળ સુધી પહોંચી જવું એ ખરું જોતાં સ્વર્ગમાં પહોંચી જવા બરાબર છે. એ રહસ્યમય નાદના શ્રવણ માટે સહાયક થવાના ઉદ્દેશથી નક્કી કરવામાં આવેલી રાધાસ્વામી મતની સાધનાનો જે માણસ વિશ્વાસપૂર્વક આધાર લે છે તે, આખરે એના અંદરના કાન સાથે એ દૈવી નાદ અથડાય છે ત્યારે, ઊંડા આનંદમાં ડૂબીને પોતાની જાતને ભૂલી જાય છે.'

'તમારો ઉપદેશ ભારે નવાઈ પમાડે તેવો અને નવો છે.'

'પશ્ચિમને માટે, પરંતુ ભારતને માટે તો નહિ જ. કબીરે બનારસમાં દેઢ પંદરમી સદીમાં નાદ-યોગનું શિક્ષણ આપેલું.'

'પશ્ચિમની પ્રજાને આ વાત કેવી રીતે કહેવી તે નથી સમજાતું.'

'એમાં મુશ્કેલી છે જ કયાં? સંગીત એ નાદનો એક પ્રકાર છે, અને એના શ્રવણથી માણસ એક જાતની ભાવસમાધિમાં ડૂબી જાય છે, તેનો સ્વીકાર તો તમે કરશો જ. તો પછી અંદરથી સંભળાતા સ્વર્ગીય નાદની અસર એને કેટલી બધી વિશેષ થાય?'

'જરૂર. જો કોઈ એવું પુરવાર કરી આપે કે અંદરનું સંગીત સાચેસાચ અસ્તિત્વ ધરાવે છે તો હું તમારી સાથે સંમત થાઉં છું.'

સાહેબજીએ પોતાનું મસ્તક હલાવ્યું.

'તમારી બુદ્ધિને સંતોષવા માટે હું તમારી આગળ કેટલીક દલીલોની રજૂઆત કરું, પરંતુ મને લાગે છે કે તમારે તેના કરતાં કશુંક વધારે જોઈએ છે. કેવળ તર્કશક્તિનો આધાર લઈને દેહાતીત અથવા શરીરથી ઉપરની દશા કે ભૂમિકાનું અસ્તિત્વ મારાથી કેવી રીતે પુરવાર કરી શકાય? અવિકસિત મગજદ્વારા આ ભૌતિક જગતથી પરનું કશું ન અનુભવી શકાય એ સાવ સ્વાભાવિક છે. આધ્યાત્મિક સત્યોનો સર્વોત્તમ પુરાવો અથવા પ્રાથમિક અનુભવ

મેળવવાની ઇચ્છા હોય તો તમારે યોગની સાધનાનો ખંતપૂર્વક અભ્યાસ કરવો જોઈએ. માનવશરીરમાં આપણે સામાન્ય રીતે જાણીએ છીએ તેના કરતાં ઘણાં ઊંચાં કામો કરવાની ખરેખરી શક્તિ છે : આપણા મગજનાં કેન્દ્રોના સૌથી અંદરના ભાગો સૂક્ષ્મ લોકો સાથે સંબંધ ધરાવે છે : યોગ્ય તાલીમદ્વારા એ કેન્દ્રોને શક્તિશાળી બનાવીને એ સૂક્ષ્મ લોકોથી માહિતગાર થઈ શકાય છે : અને એ બધાં કેન્દ્રોમાંનું સૌથી અગત્યનું કેન્દ્ર આપણને ઉત્તમ પ્રકારની ઈશ્વરીય સભાનતા કે પરમાત્મપરાયણતાની પ્રાપ્તિ કરવામાં મદદરૂપ થાય છે.'

'તમે શરીરશાસ્ત્રના જ્ઞાતાઓ કહે છે તે જ મગજનાં કેન્દ્રોનો ઉલ્લેખ કરી રહ્યા છો ?'

'કાંઈક અંશે એ તો કેવળ શારીરિક અવયવો છે અને એમની અંદરથી સૂક્ષ્મ કેન્દ્રો કામ કરે છે. ખરેખરી ક્રિયા તો એ સૂક્ષ્મ કેન્દ્રોમાં જ થતી હોય છે. એ કેન્દ્રોમાં સૌથી અગત્યનું કેન્દ્ર આજ્ઞા-ચક્રનું કેન્દ્ર છે. એ કેન્દ્ર ભ્રમરની મધ્યના પ્રદેશમાં આવેલું છે. એ માનવની અંદરની આત્મસત્તાની ગાદી છે. કોઈ માનવને એ જગાએ ગોળી મારો તો તેનું મૃત્યુ ચોક્કસ અને તરત જ થઈ જાય. આંખના, કાનના અને નાકના તથા બીજા જ્ઞાનતંતુઓમાંથી વહેતા આત્મિક શક્તિના પ્રવાહો એ ચક્રમાં આવીને એક થાય છે.'

'આજ્ઞાચક્રનાં મુખ્યમુખ્ય કર્તવ્યોનો વિષય અમારા ડૉક્ટરોને માટે હજુ પણ કોયડારૂપ છે.' મેં ટીકા કરી.

'એ હોઈ શકે છે. મનુષ્યના મન તથા તનને જીવન તેમ જ ચેતન પ્રદાન કરનારી વ્યક્તિગત આત્મસત્તાનું એ ફોકસ અથવા તેજસંકર્ષ સ્થાન છે. એ કેન્દ્રમાંથી જ્યારે આત્મસત્તા પાછી હઠી જાય છે ત્યારે સ્વપ્ન, ગાઢ નિદ્રા તથા સમાધિની દશા પેદા થાય છે અને એ કેન્દ્રનો એ છેવટે ત્યાગ કરે છે ત્યારે શરીર અચેતન બની જાય છે. માનવશરીર સમસ્ત સૃષ્ટિના સારભાગરૂપ છે, સૃષ્ટિના

સર્જન કે આવિર્ભાવ માટે વપરાયેલાં બધાં જ તત્ત્વોનું પ્રતિનિધિત્વ એમાં નાના પાયા પર કરવામાં આવ્યું છે, અને સઘળાં સૂક્ષ્મ ક્ષેત્રો કે પ્રદેશોની સાથે એ સંબંધ ધરાવે છે, એટલા માટે આપણી અંદરના આત્મતત્ત્વ માટે ઉત્તમોત્તમ આધ્યાત્મિક વિકાસની પ્રાપ્તિ કરવાનું તદ્દન શક્ય છે. આજ્ઞાચક્રમાંથી છૂટીને એ ઉપરની દિશામાં આગળ વધે છે ત્યારે મગજના રાખોડી પદાર્થમાંથી પસાર થતા માર્ગેથી આગળ વધીને એ વિશ્વમન સાથે સંપર્ક સાધે છે, અને સફેદ પદાર્થમાંથી પસાર થતો માર્ગ એની વૃત્તિને ઉત્તમ પ્રકારનાં આત્મિક સત્યો તરફ દોરી જાય છે. પરંતુ એવો ઉત્તમ પ્રકારનો આત્મભાવ પ્રાપ્ત કરવા માટે ઇન્દ્રિયોની બધી જ બહારની ક્રિયાઓને બંધ કરવી જોઈએ. એ સિવાય બહારના વિષયોમાં દોડતી વૃત્તિઓને રોકી નથી શકાતી. એટલા માટે, અંદરની સમાધિની ઉત્તમોત્તમ કક્ષાની પ્રાપ્તિ થતાં સુધી, પોતાની આજુબાજુના વાતાવરણમાંથી પોતાના ધ્યાનના પ્રવાહને પોતાની અંદર પાછો વાળવાને પરિણામે સધાતી અદ્‌ભુત અને સંપૂર્ણ એકાગ્રતાનો અભ્યાસ કરવો એ અમારી યોગસાધનાનો સાર છે.'

એ ગહન રીતે કહેવામાં આવેલા સૂક્ષ્મ ને ગુપ્ત વિચારોને પચાવવાનો પ્રયાસ કરતાં મેં બીજી બાજુએ જોવા માંડયું. અમારી આજુબાજુનું સારું એવું મંડળ અમારા વાર્તાલાપમાં ઊંડો રસ લઈ રહ્યું હતું. એમના ગુરુદેવના શબ્દોમાં જે શાંત ખાતરી રહેલી હતી એણે મને આકર્ષ્યો પરંતુ...

'તમે કહ્યું કે આ બધાં નિવેદનોની ચકાસણી કરવાનો એકમાત્ર માર્ગ તમારી નાદ-યોગની પદ્ધતિઓનો અભ્યાસ કરવાનો છે. પરંતુ એ પદ્ધતિઓને તમે ગુપ્ત રાખો છો.' મેં ફરિયાદ કરી.

'અમારા સમાજમાં પ્રવેશવાની જે અરજી કરે છે અને જેની અરજી સ્વીકારાય છે તેને અમારી આત્મિક સાધનાની પદ્ધતિ મૌખિક રીતે કહી બતાવવામાં આવે છે.'

'તમે મને સૌથી પહેલાં કોઈ વ્યક્તિગત અનુભવ કે વિશ્વાસ પેદા કરે તેવો પુરાવો ન આપી શકો ? તમે જે કહો છો તે સંપૂર્ણ સાચું હશે, પરંતુ મારું હૃદય તેને માનવાની ઇચ્છા રાખે છે.'

'તમારે પહેલાં અમારી સાથે જોડાવું જ જોઈએ.'

'હું દિલગીર છું. મારાથી તે નહિ થઈ શકે. મારું ઘડતર જ એવી જાતનું છે કે પુરાવા વિના કોઈ વસ્તુને માનવાનું મારે માટે મુશ્કેલ છે.'

સાહેબજીએ નિરુપાય હોય એવો અભિનય કરતાં એમના હાથ ફેલાવીને કહ્યું :

'તો પછી મારાથી શું થઈ શકે ? હું પરમપિતાને અધીન છું.'

× × × ×

દિનપ્રતિદિન સમાજના સભ્યોની જેમ નિયમિતતાથી મેં બધી જ સમૂહસભાઓમાં ભાગ લેવા માંડ્યો. એમની સાથે હું શાંતિપૂર્વક ધ્યાન કરતો અને એમના ગુરુદેવનાં પ્રવચનો સાંભળતો. હું એમને છૂટથી પ્રશ્નો પૂછતો અને મને પ્રાપ્ય વિશ્વવિષયક તથા માનવવિષયક રાધાસ્વામી મતના ઉપદેશોના અંશોનું અધ્યયન કરતો.

એક દિવસ બપોર પછી એક શિષ્ય સાથે દયાળબાગથી એકાદ માઈલ દૂર જંગલ શરૂ થતું હતું ત્યાં હું ફરતોફરતો જઈ પહોંચ્યો. ત્યાંથી જમુના તરફ વળીને આખરે અમે એ વિશાળ નદીના તટ પર બેસી ગયા. રેતીથી ભરેલા સીધા ચઢાણવાળા સ્થળેથી અમે આગ્રા તરફ વિસ્તરેલા મેદાની પ્રદેશમાં વળાંક લેતા અને માર્ગ કરતા પ્રસન્ન પાણીનું નિરીક્ષણ કરવા માંડ્યા. એક મોટું ગીધપક્ષી અવારનવાર અમારા માથા પરથી પાંખો ફફડાવીને પોતાના ઘર તરફ જવા માટે ઊડ્યા કરતું હતું.

જમના નદીના તટપ્રદેશ પર કોઈક ઠેકાણે શ્રીકૃષ્ણ ગોપીઓની સાથે એમને પોતાની સુંદર અને આકર્ષક વાંસળીથી તથા પોતાના પ્રેમથી મુગ્ધ કરતા વિજયી બનીને વિહાર કરતા હતા. આજે એ

હિન્દુ ધર્મના દેવોમાં કદાચ સૌથી વધારે પૂજનીય અથવા આરાધ્ય દેવ તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે.

'તાજેતરનાં કેટલાંક વરસો સુધી આ સ્થળ જંગલી જનાવરોના નિવાસસ્થાન જેવું હતું.' મારા સાથીદારે કહેવા માંડયું : 'અને રાત્રી દરમિયાન જેના પર દયાળબાગનું નિર્માણ થયું છે તે જગ્યા પર તે આંટાફેરા કરતાં. હવે તેમણે આ જગ્યા છોડી દીધી છે.'

અમે બેચાર મિનિટ સુધી શાંતિથી બેસી રહ્યા. એ પછી એમણે જણાવ્યું :

'અમારી સમૂહસભાઓમાં ભાગ લેનારા યુરોપવાસી તમે સૌથી પહેલા છો. છતાં તમે છેલ્લા તો નહિ જ હો. તમે બતાવેલી સમજદારી અને સહાનુભૂતિની અમે કદર કરીએ છીએ. તમે અમારા મંડળમાં શા માટે નથી જોડાતા ?'

'કારણકે મને કોઈ સંપ્રદાયમાં શ્રદ્ધા નથી. તદુપરાંત જેને તમે માનવા માગતા હો તેને સહેલાઈથી કે વગર સમજ્યે માની લેવાનું જોખમકારક છે.'

એમણે પોતાનાં ધૂંટણ ઊંચાં કર્યાં અને તેના પર પોતાની હડપચી ટેકવી રાખી.

'અમારા ગુરુદેવની સાથેનો તમારો સમાગમ તમારે માટે ગમે તેમ તોપણ લાભકારક થઈ પડશે. અમારી સાથે જોડાવા માટે તમને કોઈ જાતનું દબાણ નહિ કરું. અમે કોઈનું ધર્માંતર કરવાનો પ્રયાસ નથી કરતા અને અમારા સભ્યોને કોઈને ઉપદેશ આપવાની અનુજ્ઞા પણ આપવામાં નથી આવતી.'

'આ મંડળના અસ્તિત્વની ખબર તમને કેવી રીતે પડી ?'

'તદ્દન સાદીસીધી રીતે. મારા પિતાજી ઘણાં વરસોથી આ મંડળ કે સમાજના સભ્ય છે. એ દયાળબાગમાં રહેતા નથી, પરંતુ અવારનવાર એની મુલાકાત લે છે. એવી એક મુલાકાત દરમિયાન એ મને એમની સાથે લઈ આવેલા, પરંતુ એમણે મને

એમાં જોડાવાની લાલચ નથી આપી. આશરે બે વરસ પહેલાં મારા મનમાં કેટલીક બાબતોની મૂંઝવણ પેદા થઈ તેથી એમની માન્યતાઓના સંબંધમાં જુદાજુદા મિત્રોને મળીને મેં પ્રશ્નો પૂછવા માંડ્યા. મેં મારા પિતાજીને પણ પૂછી જોયું, અને એમણે જે જણાવ્યું તેના પરથી મને રાધાસ્વામી મતના ઉપદેશો તરફ ખેંચાણ થયું. સમાજના સભ્ય તરીકે મારો સ્વીકાર કરવામાં આવ્યો, અને વખતના વીતવા સાથે મારો વિશ્વાસ સાચો ઠર્યો છે. પોતાનું સમસ્ત જીવન મૂંઝવણમાં ગાળ્યા પછી જ બીજા અમારી સાથે જોડાઈ શક્યા છે. એ દૃષ્ટિએ જોતાં કદાચ હું ભાગ્યશાળી હતો.'

તમારી પેઠે હું પણ મારી શંકાઓનો ઉકેલ એટલી જ સહેલાઈથી ને ઝડપથી કરી શકું તો...?' મેં શુષ્કતાથી જવાબ આપ્યો.

અમે બંને ફરી પાછા મૌનમાં ડૂબી ગયા. જમનાનું ઘેરું વાદળી પાણી મારી દૃષ્ટિને આકર્ષી રહ્યું, અને હું અજ્ઞાત રીતે ઊંડા દિવાસ્વપ્નમાં સરી પડ્યો.

આ ભારતવાસીઓની જાણેઅજાણે થતી બધી જ વિચારણા વિશ્વાસથી તેમ જ કોઈ પ્રકારના ધર્મ, સંપ્રદાય કે પવિત્ર ગ્રંથ પ્રત્યે વફાદારી ધરાવવાની આવશ્યકતાથી રંગાયેલી છે. ભારતમાં અધમથી માંડીને ઉત્તમ સુધીના પ્રત્યેક પ્રકારના મતનું પ્રતિનિધિત્વ થયેલું જોવા મળે છે.

એક વાર હું ફરતો ફરતો ગંગા પરના એક નાનકડા મંદિર પાસે જઈ પહોંચ્યો. એના સ્થંભો કામુક આલિંગનમાં રત સ્ત્રીપુરુષોનો ચિતાર આપતી કોતરેલી આકૃતિઓથી ઢંકાયેલા હતા, અને એની દીવાલો પશ્ચિમના પાદરીને ખળભળાવી નાખનારાં શૃંગારી દૃશ્યોના ચિત્રકામથી ભરેલી હતી. હિંદુ ધર્મમાં એવો વસ્તુઓને માટે અવકાશ છે. અને એવું પણ હોય કે જાતીયવૃત્તિને ગટરમાં નાખી દેવા કરતાં એનો ધાર્મિક રીતે થતો સ્વીકાર વધારે સારો છે. પરંતુ એથી આગળ વધીને જોઈએ તો, માનવને માટે શક્ય હોય તેવી ઊંચામાં

ઊંચી અને પવિત્રમાં પવિત્ર ભાવનાઓનો સમાવેશ કરનારા મતોનું દર્શન પણ નથી થતું એવું નથી સમજવાનું. ભારત એવું અનેરું છે!

પરંતુ એ દેશમાં બીજે ક્યાંય પણ મને રાધાસ્વામી જેવા આશ્ચર્યજનક મતનો પરિચય નથી થયો. એની અસાધારણતાનો ઇનકાર નહિ કરી શકાય. સંસારની સૌથી પ્રાચીન વિદ્યા યોગનો યુરોપ અથવા અમેરિકાના અદ્યતન ઢબના સમૃદ્ધ શહેરની ભારે ઢબાણવાળી યાંત્રિક સભ્યતા સાથેનો આવો વિરોધાભાસી સમન્વય સાહેબજી મહારાજ વિના બીજા કોના મગજમાંથી ઉદ્ભવીને સાકાર બની શકે?

દયાળબાગ એના અત્યારના દેખીતા મહત્ત્વ વિનાના સ્થાનમાંથી આગળ આવીને ભારતીય ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરશે ખરો? ભારતમાં અત્યાર સુધી જે વસ્તુઓનો ઉકેલ કોઈની દ્વારા પણ ન આણી શકાયો હોય એવી ઊલટાસૂલટી અટપટા શબ્દોની સમસ્યારૂપ હોય તોપણ એના પરથી એમ તો નહિ જ કહેવાય કે આવતાં વરસો એનો ઉત્તર નહિ આપી શકે.

ગાંધીના મધ્યયુગવાદના ઉપદેશોને સાહેબજીએ હસી કાઢેલા અને ગાંધીના મુખ્ય નિવાસસ્થાન અમદાવાદમાંથી એ હાસ્યના હજુ પણ પડઘા પડી રહ્યા છે. સાબરમતી નદી પરથી કારખાનાઓની પચાસ ઊંચી ચિમનીઓ ગણી શકાય છે, જે ખેડૂતોની હાથકારીગરીના શાસ્ત્રને પ્રેરણા આપનારા સફેદ, લાકડાના બંગલાઓના સાધારણ સમૂહની અવગણના કરતાં ધુમાડા કાઢ્યા કરે છે.

જીવનના જરૂરી વ્યવસાયો ચલાવવાની ભારતની પરંપરાગત પદ્ધતિઓનો પશ્ચિમની રીતભાતોનાં જબ્બર અસરને લીધે ભાંગીને ભૂકો થઈ જવા માંડ્યો. ભારતના દરિયાકિનારે ઊતરેલા પહેલા યુરોપવાસીઓ સરસામાનની ગાંસડીઓ સાથે જ નહોતા આવ્યા પરંતુ વિચારો પણ લાવેલા. કાલીકટના શાંત બંદર પર વાસ્કો ડા ગામાએ એના દાઢી વધેલા ખલાસીઓને ઉતાર્યા ત્યારે આટલી

ઝડપી ગતિએ ચાલી રહેલો આજનો પશ્ચિમીકરણનો ક્રમ ચાલુ થયો. ભારતનું ઔદ્યોગિકરણ મંદ ગતિએ તેમ જ પ્રાયોગિક દશા પૂરતું શરૂ થયું હોવા છતાં શરૂ તો થયું જ છે. યુરોપને બહલામાં બુદ્ધિના પુનરુત્થાન, ધાર્મિક સુધાર અને ઔદ્યોગિક ક્રાંતિનો સામનો કરવો પડયો છે, અને એ વસ્તુઓથી એ આગળ વધ્યું છે. ભારત જાગ્યું છે અને એ વસ્તુઓ માટે હરણફાળ ભરવી પડશે એવું સમજી ગયું છે. એ હવે એના પ્રશ્નો છે. એ યુરોપવાસીઓનું આંધળું અનુકરણ કરશે કે પછી એમને ઉકેલવાનો પોતાનો અને કદાચ વધારે સારો રસ્તો શોધી કાઢશે? સાહેબજી મહારાજના અસાધારણ યોગદાન કે ફાળા તરફ એક દિવસ એનું ધ્યાન કેન્દ્રિત થશે ખરું?

જો હું કોઈ બાબત વિશે ચોક્કસ હોઉં તો આ વિશે ચોક્કસ છું. ભારત લાંબા વખત પહેલાં જેનો જોટો ન જડે એવા ગાળી નાખનારા ઘડામાં કે તળક્કામાં નંખાશે. જીર્ણશીર્ણ પ્રથાઓથી બંધાયેલો અને આંધળી ધાર્મિક પરંપરાઓમાં કેદ બનેલો સમાજ વધારેમાં વધારે બેથી ત્રણ દસકામાં નાશ પામશે. એ ચમત્કાર લાગશે, પરંતુ એ થઈને જ રહેશે.

સાહેબજી મહારાજ દેખીતી રીતે જ એ પરિસ્થિતિનો પૂરેપૂરો પાર પામી ગયેલા. એ સમજતા કે આપણે નવા જમાનામાં જીવી રહ્યા છીએ: બીજા દેશોની જેમ ભારતમાં અને બધે જ પુરાણી વ્યવસ્થાનો નાશ થઈ રહ્યો છે. એશિયાની સુસ્તી તેમ જ પશ્ચિમની વ્યાવહારિકતા બે વિસંવાદિતાઓ બનીને કાયમ રહેશે? એ એવું નહોતા માનતા. યોગીએ દુન્યવી મનુષ્યના જેવાં વસ્ત્રો શા માટે ન પહેરવાં જોઈએ? એટલા માટે એમણે આદેશ આપ્યો કે યોગીએ પોતાના હંમેશના એકાંતવાસનો ત્યાગ કરીને સંચાઓનું નિયંત્રણ કરતા માણસો સાથે તથા અશાંત, કોલાહલપૂર્ણ જનસમૂહોમાં મળી જવું જોઈએ. એમણે વિચાર્યું કે યોગીને માટે કારખાનામાં, ઑફિસમાં અને સ્કૂલમાં ઊતરવાનો અને પ્રવચન તથા પ્રચારદ્વારા નહિ પરંતુ પ્રેરણામય કર્મદ્વારા એ સૌને આધ્યાત્મિકતાનો રંગ

લગાડવાનો અવસર આવી પહોંચ્યો છે. રોજબરોજની ભરચક પ્રવૃત્તિઓના માર્ગને સ્વર્ગનો માર્ગ બનાવી શકાય છે ને બનાવવો જોઈએ. મહેનતુ માણુસોની જીવનપદ્ધતિથી એકદમ અલગ પડી જતી જીવનની આધ્યાત્મિક પાયા પર રચાયેલી યોગપદ્ધતિને લોકો પોતાની મેળે મહત્ત્વની માનેલી મૂર્ખતાના છેતરનારા સ્વરૂપ જેવી ગણુતા થઈ જાય એવું પણ બની શકે.

યોગ જો થોડાક યોગીઓનો શોખ જ રહેવાનો હોય, તો વર્તમાન જગતને જરા પણ કામ નહિ લાગે અને એના મરવા માંડેલા વિજ્ઞાનના છેલ્લા અવશેષોનું અસ્તિત્વ પણ મટી જશે. જો એ કેટલાક કૃશકાય સાધુઓના અંગત આનંદની જ સામગ્રી બનવાનો હોય, તો કલમ અને હળ ચલાવનારા, એન્જિનના ઓરડાઓના ભારેખમ મેલા વાતાવરણમાં વિચરનારા, શેરબજારોના ધોંધાટો વેઠનારા અને દુકાનોના ધમાલિયા ધંધા કરનારા આપણે એના તરફથી આપણું મુખ તોછડાઈપૂર્વક ફેરવી લઈશું. અને આજે આધુનિક પશ્ચિમનું જેવું વલણ હશે તેવું જ વલણ આધુનિક ભારતનું પણ થોડા જ વખતમાં થઈ રહેશે.

સાહેબજી મહારાજે પરિસ્થિતિના અનિવાર્ય પ્રવાહની ભારે ચતુરાઈપૂર્વક પહેલેથી જ પારખી કરી અને યોગોના પ્રાચીન વિજ્ઞાનનો આધુનિક રીતે ઉપયોગ કરીને એને જીવંત રાખવા માટે અસરકારક પ્રયાસ કર્યો. એ પ્રેરણાપ્રદાયક પરિશ્રમી પુરુષ પોતાની જન્મભૂમિમાં પોતાની છાપ છોડી જશે એમાં શંકા નથી. એ સમજી ચૂકેલા કે એમનો દેશ લાંબા વખત સુધી પ્રમાદમાં પડી રહ્યો છે. એ સ્પષ્ટતાપૂર્વક જોઈ શકયા હતા કે તૈયાર માલસામાન, વેપાર અને આધુનીકરણ પામેલી ખેતીથી ધબકતું પશ્ચિમ શા માટે વધારે સંપત્તિશાળી જીવન જીવી રહ્યું છે. એમણે એ પણ જોયું કે યોગવિદ્યા ભારતે એના પ્રાચીન ઋષિઓ પાસેથી મેળવેલા મહામૂલા વારસારૂપે ટકી રહી છે, પરંતુ એકાંત સ્થાનોમાં રહીને એને જીવતી રાખનારા ગણ્યાગાંઠ્યા મહાપુરુષો એમના વર્ગના નષ્ટ થતા જતા અવશેષો જેવા છે.

એનો પણ એમને ખ્યાલ આવ્યો. એમના મૃત્યુની સાથે યોગનાં સાચાં રહસ્યો પણ મળી જશે એ હકીકત એમના ધ્યાન બહાર ન રહી. એટલા માટે વિચારનાં સૂક્ષ્મતમ અને સર્વોચ્ચ શિખરો પરથી નીચે ઊતરીને એ આપણા જમાનામાં, વીસમી સદીના શક્તિશાળી પ્રયત્નોવાળા વાતાવરણમાં, આવી પહોંચ્યા અને બંનેની વચ્ચે સંબંધ સ્થાપિત કરવાનો પરિશ્રમ કરવા માંડ્યા.

એમનો એ પ્રયાસ અત્યંત તરંગી કે વિચિત્ર હતો? ના. એથી ઊલટું એ મૂળ જ આદરણીય હતો. આપણે એવા દિવસોમાં જીવી રહ્યા છીએ જ્યારે અરેબિયાની મહમદની કબર ઇલેકટ્રિક લાઈટથી પ્રકાશિત કરવામાં આવે છે. અને મોરોક્કોના રણની રેતી પરથી ઊંટને બાજુ પર રાખીને ભભકાદાર, મોજશોખ પૂરો પાડે એવી મોટરોમાં મુસાફરી થાય છે. તો પછી ભારતના સંબંધમાં શું? તદ્દન વિરોધી સભ્યતાની અસર નીચે આવીને સૈકાઓની નિદ્રામાંથી ઝબકીને જાગેલા એ વિશાળ દેશે પણ પોતાની ભારેખમ પોપચાંવાળી આંખને ઉઘાડતા જવું જોઈશે. અંગ્રેજોએ રેતીનાં રણને ફળદ્રુપ જમીનોમાં પલટાવવા કરતાં વધારે કામ કર્યું છે. ખેતીવાડીને મદદ કરનારી અને મોટી નદીઓનાં પૂરને નિયમનમાં રાખનારી નહેરો તથા બંધની યોજનાઓ કરતાં વધારે કર્યું છે. પશ્ચિમોત્તર સરહદ પર શાંતિ તેમ જ સંપત્તિની સલામતી માટે અત્યંત કુશળ સૈનિકોની દુર્ભેદ્ય દીવાલ તૈયાર કરવા કરતાં અને વિવેકી બુદ્ધિવાદી વિચારોના તંદુરસ્ત વાયુને વહેતો કરવાથીય વધારે કર્યું છે.

લીલીછમ ઉત્તર અને દૂરની પશ્ચિમ દિશામાંથી ગોરાઓ આવી પહોંચ્યા. ભાગ્યદેવતાએ ભારતને એમનાં ચરણોમાં મૂકી દીધું. માત્ર થોડાક નજીવા પ્રયાસોથી આખા દેશ પર એમનો અધિકાર સ્થાપિત થયો.

શા માટે?

એશિયાના ડહાપણ અથવા જ્ઞાન અને પશ્ચિમના વિજ્ઞાનનું જતન કરનારું જગત એક દિવસ કદાચ એવી સંસ્કૃતિનું સર્જન કરશે જે પ્રાચીનતાને શરમાવશે, આધુનિકતાની હાંસી ઉડાવશે, અને ભવિષ્યની પેઢીઓને આશ્ચર્યચકિત કરી મૂકશે.

મારા ચિંતનનો પ્રવાહ અટકી ગયો. માથું ઊંચું કરીને મેં મારા સાથીદારને સંબોધીને પ્રશ્ન પૂછ્યો. એમણે મને સાંભળ્યો હોય એવું ન લાગ્યું. સૂર્યાસ્તના છેલ્લા રાતા પ્રકાશનું પ્રતિબિંબ પાડતી નદી પર તાકતા એ બેસી રહ્યા. એ સમય સાંજનો હતો. આકાશમાંથી વેગપૂર્વક અદૃશ્ય થઈ જતા સૂર્યના મોટા ગોળાનું હું નિરીક્ષણ કરવા લાગ્યો. એ વખતની નીરવતા અવર્ણનીય હતી. એ સુંદર દૃશ્યથી મૂક બનેલી આખીય પ્રકૃતિ કામચલાઉ વિશ્રાંતિ કરતી હોય એવું દેખાયું. મારું હૃદય એ સર્વોત્તમ શાંતિનું પાન કરવા માંડ્યું. મેં મારા સાથી તરફ ફરી દૃષ્ટિ કરી. એમની આકૃતિ ઝડપથી એકઠા થતા આછા અંધકારની ચાદરથી લપેટાવા લાગી.

અંધારી રાત્રીની ગોદમાં સૂર્ય એકાએક સરકી પડ્યો ત્યાં સુધી અમે થોડીક વધારે ક્ષણો સુધી એ નીરવ શાંતિમાં બેસી રહ્યા.

મારા સાથીદારે ઊભા થઈને મારી સાથે અંધકારના ઓળામાંથી દયાળબાગ તરફ પાછા ચાલવા માંડ્યું. પ્રકાશનાં બિંદુ જેવા હજારો તારાઓના ચંદરવા નીચે અમારી સહેલ પૂરી થઈ.

× × × ×

સાહેબજી મહારાજે દયાળબાગ છોડીને સારો એવો આરામ કરવા માટે મધ્ય પ્રાંતના કોઈક સ્થળમાં જવાનો નિર્ણય કર્યો. એ અવસરને મેં અમારી વિદાયના નિર્મિત સમય જેવો માની લીધો અને એ જ દિશામાં જવાની યોજના બનાવી. અમારે તિમરણી સુધી સાથેસાથે સફર કરવાની હતી. એ પછી અમારા રસ્તા બદલાવાના હતા.

રાતના એકાદ વાગ્યે અમે આગ્રા સ્ટેશને આવી પહોંચ્યા. વીસેક જેટલા ખાસ શિષ્યો એમના ગુરુની સાથે આવ્યા હોવાથી

અમારી મંડળી ઠીક ઠીક ધ્યાન ખેંચે તેવી બની હતી. કોઈએ સાહેબજીને માટે ખુરસી આણી. એ એના પર એમના ભાવિક અનુયાયીઓ વચ્ચે બેસી ગયા, અને મેં અર્ધપ્રકાશિત પ્લેટફૉર્મ પર ફરવા માંડયું.

દિવસ દરમિયાન મેં મારા દયાળબાગના નિવાસનું અવલોકન કર્યું તો મને સખેદ સમજાયું કે મને કોઈ યાદગાર અંતરંગ અનુભવ નથી થયો, તથા મારા પર કૃપા કરીને જીવનના ગૂઢ રહસ્યનું આત્માને ઉપર ઉઠાવતું કોઈ દર્શન પણ મને નથી કરાવવામાં આવ્યું. મેં એવી આશા રાખેલી કે યોગના કોઈ વિશાળ ઉજ્જ્વળ અનુભવને લીધે મારો માનસિક અંધકાર એકાદ બે કલાક માટે પણ દૂર થશે, અને એને લીધે યોગના માર્ગ પર શ્રદ્ધાના બળ પર જ નહિ પરંતુ અનુભવના આધાર પર આગળ વધવાનું મારે માટે શક્ય બનશે. પરંતુ ના, મને એવો આશીર્વાદ ન મળ્યો. કદાચ હું એને માટે યોગ્ય નહિ હોઉં. એમ પણ હોય કે મારી માગણી ઘણી વધારેપડતી હતી. મને કાંઈ સમજ ન પડી.

એ બેઠેલી આકૃતિ પર મેં અવારનવાર નજર નાખી. સાહેબજી મહારાજ જે આકર્ષક વ્યક્તિત્વ ધરાવતા હતા તે વ્યક્તિત્વે મને મુગ્ધ કર્યો. એ અમેરિકનની સાવધાનતા અને વ્યાવહારિકતા, સાચા ચારિત્ર્યને માટેની અંગ્રેજની રુચિ તેમ જ ભારતની ધાર્મિકતા અને ચિંતનશીલતાના વિચિત્ર સંમિશ્રણરૂપ હતા. આધુનિક જગતમાં એમના જેવા માનવ વિરલ હશે. લાખથી વધારે સ્ત્રીપુરુષોએ એ માણસને એમના આંતરજીવનનું સુકાન સુપરત કરેલું હતું. તે છતાં રાધાસ્વામીઓના એ નિરભિમાની ગુરુ સંપૂર્ણ સરલતા ને નમ્રતાની મૂર્તિ બનીને બેસી રહેલા.

આખરે અમારી ગાડીએ સ્ટેશનમાં ગર્જના કરી અને એન્જિનના માથા પરથી રાક્ષસી બત્તી પાટાઓના પસાર થવાના માર્ગ પર પ્રખર પ્રકાશ પાથરી રહી. સાહેબજીએ એમના રિઝર્વ કરેલા ડબામાં પ્રવેશ કર્યો અને બાકીના અમે બધા બીજા ડબાઓમાં ગોઠવાઈ ગયા.

મેં થોડા કલાકની ઊંઘ માટે મારી જાતને લંબાવી, અને સવારે માન્યામાં ન આવે એવા સૂકા ગળા સાથે જાગ્યો ત્યાં સુધી શું થયું તેની ખબર પણ મને ન પડી.

એ પછીના થોડાક કલાક દરમિયાન ગાડી જ્યાં જ્યાં ઊભી રહી ત્યાં ત્યાં નજીક રહેનારા કે કેટલાય માઈલ દૂરથી આવેલા સાહેબજીના અનુયાયીઓ એમના ડબાની બારી પાસે ટોળે વળતા દેખાયા. એમને એમના પ્રવાસની પહેલેથી જ ખબર અપાઈ હોવાથી, એ ટૂંકા મેળાપના અવસરનો લાભ લેવા એ બધા આતુર હતા. કારણકે ભારતમાં કહેવાય છે કે ગુરુનો એક ક્ષણનો પણ સમાગમ મહત્ત્વનાં આત્મિક અને ભૌતિક પરિણામો પેદા કરે છે.

મેં સાહેબજી સાથે એમના પોતાના ડબામાં મારા છેવટના ત્રણ કલાક પસાર કરવાની મંજૂરી માગી, અને એ મંજૂરી મેળવી લીધી. ત્યાર બાદ દુનિયાની પરિસ્થિતિ વિશે, પશ્ચિમના દેશો વિશે, ભારતના ભાવિ વિશે અને એમના પોતાના મત કે સંપ્રદાયના ભાવિ વિશે અમે લાંબી ચર્ચામાં ઊતરી પડ્યા. છેવટે એમણે મને એમની પ્રસન્ન, નમ્ર અને નિખાલસ ઢબે કહેવા માંડ્યું :

'હું તમને ખાતરી આપું છું કે ભારત મારો પોતાનો દેશ છે એવો ભાવ મને નથી થતો. હું મારા દૃષ્ટિકોણમાં વિશ્વબંધુત્વની ભાવનાથી ભરેલો છું અને બધા મનુષ્યોને મારા ભાઈ તરીકે માનું છું.'

એવી નવાઈ પમાડનારી નિખાલસતાએ મને આનંદ આપ્યો. એમની આખીય વાતચીત સંબંધમાં એવું હતું કે એ હંમેશાં પોતે કહેવા ધારેલા મુદ્દા તરફ એકસરખા ચાલ્યા જતા. પ્રત્યેક વાક્યનો ઉપયોગ એ પોતાના ધારેલા નિશ્ચિત લક્ષ્યની સિદ્ધિ માટે કરતા; અને પોતાની માન્યતાઓને પૂરેપૂરી હિંમતપૂર્વક પ્રદર્શિત કરતા તેમ જ વળગી રહેતા. એમની સાથે વાર્તાલાપ કરવો, એમના મનનો ગાઢ પરિચય કરવો, એ એક આવકારદાયક અનુભવ હતો. એ હંમેશાં કોઈક અણધાર્યા વાક્ય સાથે કે વિવિધ વિષયો પરના કોઈ નવા દૃષ્ટિબિંદુ સાથે પોતાની જાતની રજૂઆત કરતા.

સપાટ પ્રદેશ પરથી પસાર થતી ગાડી હવે એવી રીતે ચાલવા માંડી કે જેને લીધે બારીમાં થઈને મારી આંખમાં અસહ્ય સૂર્યપ્રકાશ પડવા માંડ્યો; તીખો તાપ શરીરને શેકવા લાગ્યો. નિર્દય કઠોર કિરણો મનને કંટાળો આપવા માંડ્યાં. મેં સૂર્યની ગરમીથી રક્ષણ કરવા માટેનું ખાસ સાધન કાઢ્યું, અને ઈલેક્ટ્રિક પંખો ચાલુ કરીને બપોરના તાપથી થોડીક રાહત મેળવી. સાહેબજી મહારાજે મારી અગવડનો ખ્યાલ કરીને પ્રવાસની પેટીમાંથી થોડાંક સંતરાં કાઢ્યાં. એમને નાના ટેબલ પર મૂકીને એમણે મને પોતાની સાથે ખાવાનો આદેશ આપ્યો.

'આનાથી તમારા ગળાને ટાઢક વળશે.' એમણે જણાવ્યું.

એમની છરીની મદદથી એ સંતરાંની રંગીન છાલને ધીમેથી ઉતારવા માંડી ત્યારે એમણે ઊંડા વિચારમાં ગરકાવ બનીને કહેવા માંડ્યું :

'તમારા ગુરુરૂપે કોઈને પણ પસંદ કરવામાં તમે આટલા બધા સાવધ છો એ સારું છે. ગુરુનો નિર્ણય કરતાં પહેલાં શંકાશીલ વલણ રાખવું ઉપયોગી છે ખરું, પરન્તુ પછી તો એમનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખવો પડે છે. આધ્યાત્મિક ગુરુ ન મળે ત્યાં સુધી જંપીને ન બેસતા. એ એકદમ આવશ્યક છે.'

થોડાક વખતમાં તો ઘંટી ચાલતી હોય એવો અવાજ આવ્યો અને કોઈ જોરથી પોકારી ઊઠ્યું :

'તિમરણી !'

સાહેબજી મહારાજ છૂટા પડવાના ઉદ્દેશથી ઊભા થયા. એમના શિષ્યો આવે અને એમને વીંટળાઈ વળે તે પહેલાં મારામાં કશુંક જાગ્રત થયું. એણે મારી છૂપી લાગણીને બહાર કાઢી, મારા પશ્ચિમી ગર્વની અવગણના કરી, મારા ધર્મવિરોધી સ્વભાવને કચડી નાખ્યો, અને મારા મુખમાંથી કહ્યું :

'પૂજ્ય શ્રી, મને તમારો આશીર્વાદ આપી શકશો ?'

એમણે પાછા ફરીને સ્નેહાળ સ્મિત કર્યું, એમનાં ચશ્માંમાંથી પ્રસન્નતાપૂર્વક નજર નાખી અને મારી પીઠને લાગણીપૂર્વક થાબડીને છૂટા પડતી વખતે ખાતરી આપી :

'મારો આશીર્વાદ મેં તમને આપેલો જ છે!'

હું મારા ડબ્બામાં પાછો ફર્યો અને ગાડી ઝડપથી ચાલવા માંડી. બારીમાંથી ભૂખરાં રાખોડી રંગનાં ખેતરો દેખાવા માંડ્યાં. ઊંઘભરેલી આંખવાળાં ઢોરનાં નાનાં ટોળાં આછો ઊગેલો ઘાસચારો સંતોષપૂર્વક ચાવ્યા કરતાં હતાં. મારી આંખ એમની હાજરીની અર્ધભાનની અવસ્થામાં જ નોંધ લેતી, એનું કારણ એટલું જ કે મારું મન જે મને ખૂબ જ ગમી ગયેલા અને જેમને હું અત્યંત આદરણીય માનતો એવા નોંધપાત્ર પુરુષના ચિત્ર સાથે આગળ વધી રહ્યું હતું. એ એકીસાથે એક પ્રેરણાપ્રાપ્ત સ્વપ્નદૃષ્ટા, શુદ્ધ અને શાંતમનના યોગી, સંસારના એક વ્યવહારકુશળ માનવ તેમ જ એક ઝળકતા ખાનદાન સદ્‌ગૃહસ્થ હતા!

૧૪

પારસી પયગંબરના આશ્રમમાં

આગ્રાથી નાશિકનો રસ્તો ઘણો લાંબો હતો. પરંતુ એને વિશે આ નાનકડા પરિચ્છેદ સિવાય બીજો વિશેષ ઉલ્લેખ નહિ કરું, જેથી મારા પરિભ્રમણનો વૃત્તાંત એને માટે ફાળવેલા વખતમાં જ પૂરો થાય.

કાળનું ચક્ર પોતાનો અટળ ફેરો ફરતું રહ્યું અને એના ક્રમ પ્રમાણે મને ભારતમાં ભમાવતું ગયું. એક વાર ફરી પોતાને 'નૂતન પયગંબર' તરીકે ઓળખાવતા પારસી સંતપુરુષ મહેરબાબા પાસે હું પહોંચી ગયો.

એમની પાસે કોઈ તીવ્ર ઇચ્છાથી પ્રેરાઈને હું નહોતો ગયો; શંકાના ભયંકર સર્પો મારા મનને મજબૂત રીતે વીંટળાઈ વળ્યા હતા, અને મારી અંદરની ઉત્કટ લાગણી મને કહ્યા કરતી હતી કે એમની પાસે રહેવાનો મારો નિર્ધારિત સમય વખતને બરબાદ કરવા જેવો જ થઈ પડશે. મને લાગ્યા કરતું હતું કે મહેરબાબા એક સારા માણસ છે અને તપસ્વી તરીકેનું જીવન ગાળે છે તે છતાં પોતાની મહાનતા વિશેની ભારેખમ ભ્રમણાઓથી પીડાય છે. સંજોગોવશાત્ મેં એમણે કરેલા કહેવાતા રોગ મટાડવાના થોડાક ચમત્કારોની મારા પ્રવાસના દિવસો દરમિયાન તપાસ કરવાનું કષ્ટ ઉઠાવ્યું. એક બનાવ એપેન્ડીસાઈટીસનો હતો અને એનો ભોગ

બનનાર વ્યક્તિ મહેર પ્રત્યેની સરળ શ્રદ્ધાને પરિણામે તદ્દન સાજી થઈ ગયેલી એવું કહેવાતું. પરંતુ ઝીણવટભરી તપાસ પછી જણાયું કે જે ડૉક્ટરે એ વ્યક્તિની દવા કરેલી એમને એ વ્યક્તિમાં ભારે કબજિયાતથી ખરાબ બીજું કશું જ નહોતું દેખાયું! બીજો પ્રસંગ એક સારા સ્વભાવના વૃદ્ધ સદ્‌ગૃહસ્થનો હતો. એમને વિશે એવું કહેવાતું કે એ અનેક પ્રકારનાં દરદોમાંથી રાતોરાત સાજા થઈ ગયા પરંતુ તપાસ કરતાં માલૂમ પડયું કે એમનું ઘૂંટણ સૂજેલું હતું એટલું જ. ટૂંકમાં કહીએ તો, પોતાના ગુરુની અદ્‌ભુત રોગ મટાડવાની શક્તિને ભક્તોએ સંપૂર્ણપણે અને અશિષ્ટ રીતે અતિશયોક્તિભરી ભાષામાં રજૂ કરી હતી. એમનો વધારેપડતો અસીમ ઉત્સાહ એવા દેશમાં સહેજે સમજી શકાય છે જેમાં સત્ય કરતાં દંતકથાનો પ્રસાર વધારે વેગથી થઈ જાય છે.

પારસી પયગંબરે મને આપેલા અસાધારણ આશ્ચર્યકારક, અનુભવોનાં વિશેષ વચનો એ પાળશે એવું મારા માન્યામાં નહોતું આવતું. પરંતુ એમની સાથે એક મહિનાનો સમય ગાળવા હું સંમત થયેલો એટલે મારું વચન મારે એટલી સહેલાઈથી ન તોડવું જોઈએ એવું મેં વિચારી લીધું. એટલા માટે પ્રત્યેક પ્રકારની વૃત્તિ અને નિર્ણયશક્તિની વિરુદ્ધ જઈને મેં નાશિકની ગાડી એ ગણતરીથી પકડી કે એમને એમની કહેવાતી શક્તિઓ પુરવાર કરવાની તક મેં કદી પણ ન આપી એ માટે એ મને દોષપાત્ર ન ઠરાવે.

× × ×

મહેરે આધુનિક મકાનોથી બનેલો પોતાનો આશ્રમ શહેરના તદ્દન દૂરના ભાગમાં બાંધેલો. એમની સેવામાં રહેનારા ચાળીસ શિષ્યો એ સ્થળમાં કોઈ પણ પ્રકારના પ્રયોજન વિના આંટાફેરા કરી રહ્યા હતા.

'તમે શેને વિશે વિચારી રહ્યા છો?' અમે મળ્યા ત્યારે એમણે મને સૌથી પહેલો પ્રશ્ન એ પૂછ્યો. હું થાકેલો તથા પ્રવાસથી કંટાળેલો હતો. એમણે મારા નીરસ જેવા દેખાવ પરથી કદાચ મને

ભૂલથી સૂકા ઊંડા ધ્યાનમાં મગ્ન બનેલો માની લીધો. પરંતુ હરકત નહિ, મેં તેમને તરત જ ઉત્તર આપ્યો :

'હું ભારતમાં આવ્યો છું ત્યારથી મને જે બાર કે વધારે પયગંબરોની ભેટ થઈ તેમને વિશે વિચારી રહ્યો છું.'

મહેરબાબા નવાઈ પામ્યા હોય એવું ન લાગ્યું.

'હા.' એમના કક્કાવાળા પાટિયા પર ધીમેથી આંગળીઓ ફેરવતાં એમણે ઉત્તરમાં ફરીથી કહેવા માંડયું : 'મેં પણ એમનામાંના થોડાક વિશે સાંભળ્યું છે ખરું.'

'એના સંબંધમાં તમે શું કહો છો ?' મેં નિર્દોષતાપૂર્વક પ્રશ્ન કર્યો.

એમના કપાળ પર કરચલીઓ ફરી વળી, પરંતુ એમના મુખ પર ઉત્તમ પ્રકારનું સ્મિત રેલાયું.

'એ લોકો જો પ્રામાણિક હોય તો ભૂલનો ભોગ બનેલા છે. જો એ અપ્રામાણિક હોય તો બીજાને છેતરી રહ્યા છે. એવા કેટલાક સંતપુરુષો છે જે સારો વિકાસ કરે છે અને પછી એમનું માથું આધ્યાત્મિક ભ્રમણાઓથી ભરાઈ જાય છે. એવી દુઃખદ દશા મોટે ભાગે ત્યારે આવે છે જ્યારે એમને શિખામણ આપવા અને દોરવા માટે કોઈ યોગ્ય ગુરુ નથી હોતા. યોગમાર્ગમાં અધવચ્ચે એક એવો તબક્કો આવે છે જેમાંથી આગળ વધવાનું ઘણું મુશ્કેલ બની જાય છે. એવું ઘણી વાર બને છે કે સાધનભજનની મદદથી એ તબક્કા પર પહોંચેલો પુરુષ મૂર્ખતાને લીધે એમ માને છે કે મને ઉચ્ચતમ ધ્યેયની પ્રાપ્તિ થઈ ગઈ. થોડોક વધારે વખત વીતે એ પહેલાં તો એ પોતાને પયગંબર તરીકે કલ્પી લે છે !'

'ઘણું જ સુંદર અને તર્કબદ્ધ સ્પષ્ટીકરણ પરંતુ કમનસીબે પોતે પયગંબરો હોવાનો દાવો કરનાર બીજા પુરુષોને મુખેથી પણ મેં એવી જ વાતો સાંભળી છે. પ્રત્યેક એવું પ્રતિપાદન કરે છે કે પોતે પૂર્ણ છે. પ્રત્યેક પોતાના પ્રતિસ્પર્ધીઓને અપૂર્ણ કહી બતાવે છે.'

'એની ચિંતા છોડી દો. એ બધા જ મનુષ્યો અજ્ઞાત રીતે મારા કાર્યમાં મદદ કરી રહ્યા છે. મને ખબર છે કે હું કોણ છું. મારું જીવનકાર્ય પૂરું કરવાનો સમય આવી પહોંચશે ત્યારે દુનિયાને પણ ખબર પડશે કે હું કોણ છું.'

એવા વાતાવરણમાં બુદ્ધિપૂર્વકની દલીલ કરવાની શક્યતા સહેજ પણ ન હોવાથી મેં વાત પડતી મૂકી. મહેરબાબાએ કેટલીક મનોરંજન કરનારી સર્વસામાન્ય વાતો કર્યા પછી મને રજા આપી.

એમના આશ્રમથી બેત્રણ મિનિટને રસ્તે આવેલા એક બંગલામાં મેં રહેવા માંડયું. મારી લાગણીઓને બાજુ પર રાખીને આગળનાં ચાર અઠવાડિયાંની ઘટનાઓ માટે સંપૂર્ણપણે ખુલ્લું મન રાખવાનો મેં કઠોરતાપૂર્વક નિશ્ચય કર્યો. મહેરબાબાને માટે કોઈ જાતની માનસિક દુશ્મનાવટ ન રાખવી, અંદરનું શંકાશીલતાવાળું વલણ પણ ન રાખવું, પરંતુ એને બદલે આશાપૂર્વક પ્રતીક્ષા કરવાની વૃત્તિ કેળવવી, એવો સંકલ્પ કર્યો.

શિષ્યોના સમાગમમાં હું દરરોજ ગાઢ રીતે આવ્યા કરતો. એમની જીવન જીવવાની રીત જોતો, એમના મનોવૈજ્ઞાનિક ઢાંચાનું નિરીક્ષણ કરતો, અને મહેરની સાથેના એમના આધ્યાત્મિક સંબંધના ઇતિહાસની બારીક તપાસ કરતો. પારસી પયગંબર મને દરરોજ એમનો થોડોક વખત આપ્યા કરતા. અમે અનેક વિષયો પર વાત કરતા અને એ અનેક પ્રશ્નોના ઉત્તર આપતા, પરંતુ એમણે મને અહમદનગરમાં જે વિચિત્ર વચનો આપેલાં તેમનો લગીરે ઉલ્લેખ એમણે એકે વાર ન કર્યો. મેં નક્કી કર્યું કે એમની સ્મૃતિને તાજી કરવા કોઈ પણ પ્રકારનો પ્રયાસ ન કરવો, અને એથી એ વાત દેખીતી રીતે જ મોકૂફ રહી.

કાંઈક અંશે મારી પત્રકારની કુતૂહલવૃત્તિ સંતોષવા અને કાંઈક અંશે પૂરતાં તથ્યોને શોધી કાઢવાની પ્રામાણિક ઇચ્છાને લીધે મારી મુલાકાતની વ્યર્થતા વિશેની મારી અંતઃપ્રેરણાઓનું સમર્થન

મેળવવા કે એ પ્રેરણાઓને એકદમ વ્યર્થ ઠરાવવા, મેં એમના અને એમના શિષ્યો પર જે પ્રશ્નોની સતત ઝડી વરસાવી તેનું એક પરિણામ એ આવ્યું કે એમની આજ્ઞાથી થોડાંક વરસોથી રાખવામાં આવેલી ગુપ્ત નોંધપોથીઓ એમણે મારી આગળ રજૂ કરી. એ નોંધપોથીઓમાં પયગંબર અને એમના અનુયાયીઓની સાથે સંકળાયેલી ખાસ ઘટનાઓના સંયુક્ત ઇતિહાસનો તથા એમણે સ્વમુખે આપેલા પ્રત્યેક અગત્યના ઉપદેશ, સંદેશ અને ભવિષ્યકથનની નોંધનો સમાવેશ હતો. એ પોથીઓ મોટે ભાગે અંગ્રેજીમાં લખાયેલી હતી, અને બારીક રીતે લખેલાં આશરે બે હજાર હસ્તપ્રત પૃષ્ઠોની બનેલી હતી.

નોંધપોથીઓ અંધશ્રદ્ધાના ભાવથી પ્રેરાઈને તૈયાર કરવામાં આવેલી હતી એ સ્પષ્ટ હતું. છતાં મહેરના ચારિત્ર્ય તેમ જ સામર્થ્ય સંબંધમાં મૂલ્યવાન દીવાદાંડી જેવી થઈ પડી. એ નોંધપોથીઓનાં પૃષ્ઠો ભાવુકતાથી ભરપૂર હોવા છતાં, પ્રામાણિક વિગતોથી અંકિત હતાં. બહારના માણસને નજીવી લાગતી વસ્તુઓની નોંધ પણ એમાં કરવામાં આવેલી. એણે મારા હેતુને સરસ રીતે સિદ્ધ કર્યો. કારણ કે એ વસ્તુઓ મને મહેરનું મગજ કઈ દિશામાં કામ કરી રહ્યું છે તે જાણવા માટેના માનસિક મુસદ્દા જેવી લાગી. એ નોંધપોથીઓ તૈયાર કરનાર બન્ને યુવાન શિષ્યોને એમના અત્યંત સીમિત ક્ષેત્રની બહારના જીવનનો છેક જ સાધારણ અનુભવ હતો, છતાં એમના ગુરુ પ્રત્યેના સીધાસાદા સંપૂર્ણ વિશ્વાસને લીધે ગુરુ માટે જરા પણ અભિનંદનીય ન કહેવાય એવી વિગતોને પણ એમણે ટપકાવી લીધેલી.

એમણે એવું શા માટે નોંધેલું કે ગાડીમાં બેસીને મથુરા જતી વખતે મહેરે પોતાના એક ઘનિષ્ઠ શિષ્યને કાન પર ભારે વેદના કરતો તમાચો મારેલો અને એ તમાચો એટલો બધો જોરથી મરાયેલો કે એ કમનસીબ શિષ્યને ડૉક્ટરી સારવાર લેવી પડેલી ? દિવ્ય પ્રેમનો ઉપદેશ આપનાર એમના ગુરુનું એવું નિરાધાર બહાનું એમણે શા માટે નોંધેલું કે જ્યારે પયગંબર પોતાના કોઈક શિષ્ય

પર ક્રોધ કરવાનો ઢોંગ કરે છે ત્યારે એને લીધે દંડની પ્રતીક્ષા કરતા શિષ્યનાં પાપ મોટા પ્રમાણમાં મટી જાય છે ? આરેગાંવમાં 'ખોવાયેલા' શિષ્યનો વિનોદપૂર્ણ પ્રસંગ એમણે શા માટે નોંધેલો ? એ શિષ્યની શોધ માટે મહેરે કેટલાક માણસોને મોકલેલા. તે થોડા કલાક પછી એના પત્તા વગર જ પાછા ફરેલા ! આખરે એ એની મેળે જ પાછો આવ્યો અને કહેવા માંડ્યો કે કેટલીય રાતો સુધી અનિદ્રાથી પીડાયા પછી એ મહેરના પોતાના જ નિવાસસ્થાનની બાજુમાં આવેલા એક વપરાશ વગરના મકાનમાં એકાએક ઊંઘી ગયેલો ! જે ગુરુ પોતાના દેવોના દરબારમાં સ્થાન મળ્યાનો ને સમસ્ત માનવજાતિનું ભાવિ જાણવાનો દાવો કરતા તે ગુરુ એટલું ય ન જાણી શક્યા કે એમનો 'ખોવાયેલો' શિષ્ય બાજુના જ ખેતરમાં છે !

એટલા માટે, મારા પોતાના મનમાં દબાયેલી શંકાઓ પોષવા માટે પૂરતી સામગ્રી મને મળી ગઈ. મને એવું પણ જણાયું કે મહેરબાબા એક ભૂલને પાત્ર પુરુષ છે, એક સતત રીતે બદલાતી જતી મનોદશાવાળી વ્યક્તિ છે, અને આપબડાઈ કરનારા એક એવા મનુષ્ય છે જે એમના વિચારશૂન્ય મૂર્ખ મગજના અનુયાયીઓ પાસે સંપૂર્ણ આજ્ઞાંકિતપણાની માગણી કરે છે. અને છેવટે, મને એ પૃષ્ઠોદ્વારા જણાયું કે એ એક એવા પયગંબર છે જેમની ભવિષ્ય-વાણીઓ ભાગ્યે જ પુરવાર કરવામાં આવે છે. અહમદનગર પાસેની અમારી પ્રથમ મુલાકાત વખતે એમણે ભવિષ્યમાં થનારા વિશ્વયુદ્ધની આગાહી કરી બતાવી; પરન્તુ પોતે એની તારીખ જાણે છે એ દાવાથી મને પ્રભાવિત કરવાનું ધ્યાન રાખવા છતાં એ યુદ્ધ કયારે થશે એ કહેવાનો એમણે ઈનકાર કર્યો. આ નોંધપોથીઓને વાંચ્યા પછી હું સમજી શકયો કે એ જ ભવિષ્યવાણી એમણે એમના અંતરંગ શિષ્યો આગળ કરી બતાવેલી, અને તેય એક વાર નહિ, પરંતુ કેટલીય વાર. એ ભયંકર આપત્તિવાળી ઘટના માટે એ દરેક વખતે જુદીજુદી તારીખ આપ્યા કરતા, કારણકે પ્રત્યેક તારીખ આવતી છતાં યુદ્ધ ન થતું. એક વરસ એશિયામાં પરિસ્થિતિ અપશુકનિયાળ હતી ત્યારે

એમણે એવું ભાખેલું કે યુદ્ધનો ઉપદ્રવ પૂર્વમાં થશે. બીજે વરસે યુરોપની પરિસ્થિતિ અંધકારમય હતી અને પોતાની પહેલાંની નિષ્ફળતાનું એમને વિસ્મરણ થયું હતું ત્યારે, એમણે એ ઉપદ્રવ પશ્ચિમમાં થશે એવું કહેલું. અને એવી જ રીતે ફરી વાર. અહમદનગરમાં મને ચોક્કસ તારીખ આપતાં અચકાવામાં એમણે રાખેલી સાવધાની હવે મારી સમજમાં આવી ગઈ. એમના વધારે બુદ્ધિશાળી શિષ્યોમાંના એકની આગળ એ બધી અસફળ થયેલી ભવિષ્યવાણીની પરંપરાનો મેં ઉલ્લેખ કર્યો ત્યારે એણે નિખાલસપણે કબૂલ કર્યું કે એના ગુરુદેવની મોટા ભાગની ભવિષ્યવાણીઓ સામાન્ય રીતે ખોટી પડી છે. 'યુદ્ધ એક સાધારણ યુદ્ધરૂપે કદી પણ ફાટી નીકળશે એ બાબત મને શંકા છે, પરંતુ એ યુદ્ધ સંભવ છે કે, આર્થિક યુદ્ધનું રૂપ ધારણ કરશે.' એણે નિખાલસપણે પૂરું કર્યું.

એ આશ્ચર્યજનક નોંધપોથીઓનું અંતિમ પૃષ્ઠ મેં સ્મિત સાથે ફેરવી લીધું. ત્યારે મારી સમક્ષ સ્પષ્ટ રીતે કબૂલ કર્યું કે એ નોંધપોથીમાં મને ઉત્તમ કોટિના, આત્માની ઉન્નતિ કરનારા ઉપદેશો વાંચવા મળ્યા, અને મહેરબાબા ધાર્મિક શક્તિ, પ્રતિભા તેમ જ રસવૃત્તિ ધરાવે છે એની મને ખાતરી થઈ. એમને જે કાંઈ સફળતા મળશે તે એ અંતિમ ગુણને લીધે જ મળી શકશે. પરંતુ પેલાં પૃષ્ઠોમાં કયાંક અંકિત થયેલી એમની પોતાની જ કહેવતોમાંની એક કહેવતને હું ન ભૂલી શકયો કે 'સદાચાર વિશે બીજાને સલાહ આપવાની શક્તિ સંતપણાનો પુરાવો નથી, તથા તેને ડહાપણ કે જ્ઞાનની નિશાની પણ ન માની શકાય.'

× × × ×

મારા બાકીના નિવાસના દિવસોમાં હું ડહાપણપૂર્વકના મૌન સાથે પસાર કરી દઉં એ વધારે સારું લાગ્યું. જો હું જગતના મુક્તિદાતા અને માનવજાતિના ઉદ્ધારકની સાથે રહેતો હોઈશ તોપણ મારા એ સદ્‌ભાગ્યથી મને વાકેફ કરે એવું વાતાવરણ ત્યાં ઘણું જ થોડું હતું. એનું કારણ કદાચ એ પણ હોય કે મને પરંપરાગત

કાલ્પનિક દંતકથાઓ કરતાં સ્પષ્ટ સત્યો કે હકીકતોમાં વધારે રસ પડતો હતો. છોકરવાદી કમો અને નિષ્ફળ ભવિષ્યવાણીઓ, બુદ્ધિમાં ન ઊતરે તેવા આદર્શોનું શિષ્યોદ્વારા કરાતું આંધળું અનુકરણ તથા પાલન કરવાની મુસીબતોને વધારનારી ભ્રાંતિકજનક સલાહની ચર્ચાવિચારણામાં ન ઊતરું એ જ સારું છે.

મારો રહેવાનો સમય પૂરો થવા આવ્યો તેમતેમ મહેરબાબા મારી મુલાકાત ટાળતા હોય એવું લાગવા માંડયું અથવા એ મારી કલ્પના પણ હોઈ શકે. હું તેમને મળતો ત્યારે હંમેશાં એ ભારે ઉતાવળમાં દેખાતા, અને થોડી મિનિટો પછી જતા રહેતા. પ્રત્યેક દિવસે મારી કફોડી દશાનું મને ભાન થતું, અને સંભવ છે કે મહેરને પોતાને પણ મને પરેશાન કરતી વધતી જતી બેચેનીની ખબર હતી.

એમના વચન પ્રમાણે થનારા આશ્ચર્યકારક અનુભવોની, એ કદી પણ થઈ શકશે જ નહિ એવી ખાતરી હોવા છતાં, મેં રાહ જોવા માંડી. મારી ધારણાઓ સંપૂર્ણપણે ફળી પણ ખરી! કશું પણ અસામાન્ય કહેવાય એવું ન બન્યું, તથા બીજા મનુષ્યોના જીવનમાં પણ કાંઈક અસામાન્ય કહેવાય એવું મને ન દેખાયું. મહેરને કડક પ્રશ્નો પૂછવાનો પ્રયાસ પણ મેં ન કર્યો. કારણ એટલું જ હતું કે એ પદ્ધતિની વ્યર્થતાની મને ખબર હતી. છતાં મહિનો પૂરો થતાં મેં મારા પાસે આવેલા પ્રસ્થાનની જાહેરાત કરી અને પછી મહેરબાબાને એમના વચનપાલનની નિષ્ફળતા આબત કહી બતાવ્યું. એના જવાબમાં એમણે જે ચમત્કારો કરવાનું વચન આપેલું તે ચમત્કારો કરવાની તારીખ શાંતિથી બદલીને થોડાક મહિના પછી કહી બતાવી, અને એ રીતે વાત ઉડાવી દીધી! મારી ભૂલ થતી હશે, પરંતુ મેં કલ્પના કરી કે મારી હાજરીને લીધે એ એક વિચિત્ર અધીરાઈનો અનુભવ કરતા, અને આંતરિક અસ્વસ્થતાની અસર નીચે આવતા. એમની એ દશા હું મારી આંખે જોઈ શકતો નહોતો; પરંતુ સમજી શકતો હતો. છતાં મેં એમની સાથે દલીલમાં ઊતરવાનો પ્રયાસ ન કર્યો, કારણકે મને લાગ્યું કે મારા સીધાસાદા

સ્પષ્ટ સવાલોની રજૂઆત કરીને એમના ભ્રાંતિપૂર્ણ પૂર્વીય મનની સાથે અસમાન સંઘર્ષમાં ઊતરવું નકામું છે. એ મારા પ્રશ્નોનો એવો જ સીધો ને સંતોષકારક ઉત્તર નહિ આપી શકે.

અમારે છૂટા પડવાની છેલ્લી ઘડીએ મેં મહેરબાબાને પ્રેમપૂર્વક પ્રણામ કર્યા, અને એમની કાયમ માટેની વિવેકપૂર્વક વિદાય માગી ત્યારે પણ એમણે એવી રીતે વાત કરી કે જેમની અનેક લોકો પ્રતીક્ષા કરી રહ્યા છે તે જગદ્‌ગુરુ પોતે જ છે એ વિશે કોઈ શંકા નથી. એમણે એમ પણ જણાવ્યું કે એક દિવસ પશ્ચિમમાં જઈને એ પોતાના કાર્યનો પ્રચાર કરવા તૈયાર થશે ત્યારે એ મને બોલાવી લેશે અને મારે એમની સાથે સફર કરવી પડશે.*

એ માણસના શબ્દોમાં વિશ્વાસ રાખવાના મારા મૂર્ખતાપૂર્ણ પ્રયત્નનું પરિણામ એવું આવ્યું. એવા 'દૈવી ગુરુઓ'ના સંબંધમાં કોઈ શું કહી શકે જે આત્માના સમાધિદશાને પરિણામે પ્રાપ્ત થનારા અલૌકિક આનંદનું વચન આપે છે, પરંતુ બદલામાં માનસિક ઉશ્કેરાટ કે ક્લેશ જ પૂરો પાડે છે?

×　　×　　×

મહેરબાબાની અનોખી કારકિર્દી અને એમના વિચિત્ર વર્તનનો કોઈ સ્વીકાર કરવાયોગ્ય ખુલાસો મેળવવાનું શક્ય છે ખરું? એમનું ઉપરઉપરનું મૂલ્યાંકન એમને એક ઢોંગી કે લુચ્ચા માણસ તરીકે સહેલાઈથી ઓળખાવી શકે. એવું થયું છે પણ ખરું, છતાં એમના જીવનની કેટલીક બાબતોનો ખુલાસો એથી નથી મળતો અને એ દેખીતી રીતે જ યોગ્ય નથી લાગતું. મહેરબાબાને નાનપણથી જ જાણનાર અને આ પારસી પયગંબર ખરેખર પ્રામાણિક છતાં ભૂલથી ભરેલા માણસ છે એવું કહેનાર મુંબઈના વયોવૃદ્ધ જજ ખંડાલાવાલાનો અભિપ્રાય સ્વીકારવાનું હું પસંદ કરું છું. એ ખુલાસો સારો લાગે છે, છતાં મારે માટે પૂરતો તો નથી જ લાગતો.

[*એ પછી યોગ્ય સમયે એ પશ્ચિમમાં ગયેલા, પરંતુ મારા સંબંધમાં એમણે કરેલું ભવિષ્યકથન તદ્દન ભૂલભરેલું સાબિત થયું.]

મહેરબાબાના ચારિત્ર્યના થોડાક પૃથક્કરણને પરિણામે મારો સિદ્ધાંત વધારે સારી રીતે સમજી શકાશે. અહમદનગર પાસેની અમારી પહેલી મુલાકાત વખતે એમના વર્તનની શાંતિ અને નમ્રતાથી હું પ્રભાવિત થયેલો એ વાતનો ઉલ્લેખ મેં આગળ કરેલો જ છે. પરંતુ મારા નાશિકના નિવાસ દરમિયાનના પ્રત્યેક દિવસના પ્રસંગોના નિરીક્ષણ પરથી જણાયું કે એ શાંતિ નિર્બળ ચારિત્ર્યની શાંતિ અને એ નમ્રતા શરીરના કમ-જોર નાજુક બાંધાની નમ્રતા છે. મને શોધી કાઢતાં વાર ન લાગી કે એ ખરેખર એક નિશ્ચય-બલ વગરના, સંજોગોથી તથા બીજા મનુષ્યોથી પ્રભાવિત થયેલા પુરુષ છે. એમની નાની અંગદાર હડપચી એ બાબત ઘણું ઘણું કહી જતી હતી. વધુમાં, એમના જીવનમાં જે ના સમજાવી શકાય તેવા વિચિત્ર અને આકસ્મિક જુસ્સાઓ આવતા એ પણ એમના ચારિત્ર્યને કહી બતાવતા. એ દેખીતી રીતે જ એક અત્યંત ઊર્મિશીલ માણસ હતા. એમની દેખાવ કરવાની વૃત્તિ અને ભારેખમ પ્રદર્શનો કરવાની એમનામાં રહેલી છોકરવાદી, વારસામાં મળેલી પૂર્વીય રુચિ એ હકીકતની સાબિતીરૂપ હતી કે એ પોતાની જાતને નાટકીયરૂપ આપવાનું પસંદ કરે છે. એ પોતાના કરતાં દર્શકો કે શ્રોતાઓ માટે જ વધારે જીવતા દેખાતા. અને જીવનના રંગમંચ પર એ એક ગંભીર ભાગ ભજવવા માટે આવ્યા હોવાનો દાવો કરતા તોપણ, જે લોકોને એમના અભિનયમાં માત્ર પ્રહસનનું જ તત્ત્વ દેખાતું તેમને બધી રીતે દોષ આપવા જેવું તો નહોતું જ !

મારું પોતાનું અનુમાન એવું છે કે વૃદ્ધ મુસલમાન સ્ત્રી ફકીર હજરત બાબાજાને મહેરબાબાના ચારિત્ર્યમાં ખરેખર ઉત્તેજના પેદા કરેલી. એને લીધે સાચું કહીએ તો, એમનું સમતોલપણું એવું તો સંપૂર્ણપણે ખોરવાઈ ગયું કે એથી એ એવી દશામાં ફેંકાઈ ગયા કે જેને એ તથા એમની આસપાસનું કોઈ જ ન સમજી શકયું. એ સુપ્રસિદ્ધ સ્ત્રી સાથેનો મારો અનુભવ જો કે ઘણો થોડો હતો પણ એણે મારી ખાતરી કરાવી આપી કે પ્રખરમાં પ્રખર બુદ્ધિવાદીને પણ

હૈરત પમાડે એવી કોઈક અલૌકિક શક્તિથી એ સંપન્ન હતી. મને સમજાયું નહિ કે હઝરત બાબાજીને મહેરબાબાના જીવનપ્રવાહમાં શા માટે અચાનક દખલ કરવી પડી, એમને અતિ નાજુક દશા તરફ ધકેલી દેવા પડ્યા, અને એવી પ્રવૃત્તિ કરતા કરી મૂકયા જેનું પરિણામ ફક્ત ફારસરૂપ અથવા સાચેસાચ મહત્ત્વનું હોય તોપણ, આપણે માટે જોવાનું બાકી છે. પરંતુ મને એટલું તો જણાયું જ કે એ એમના પર એવું કશુંક કરવાની શક્તિ ખરેખર ધરાવતી હતી કે જેને લીધે રૂપકની ભાષામાં કહીએ તો, એમના પગની નીચેની જમીન સરકી પડી.

એ સ્ત્રીએ મહેરબાબાને કરેલું ચુંબન આમ તો સાધારણ હતું; પરંતુ એના આત્મિક અનુગ્રહનો અનુભવ કરાવવાના સાધનરૂપ હોવાથી અગત્યનું બની ગયું. એનો પરિણામે એમનામાં જે ખાસ મનોદશા પેદા થઈ તે એમના પાછળના ઇતિહાસની દૃષ્ટિએ મહત્ત્વની હતી. એ ઘટના સંબંધમાં એમણે મને એક વાર કહેલું કે મારા મનને એક મોટો આંચકો લાગ્યો અને એને લીધે એમાં કેટલાક વખત સુધી તોફાની તરંગો પેદા થયા. એ એને માટે જરાય તૈયાર નહોતા એ સ્પષ્ટ હતું. જેને બાદીક્ષાનું નામ આપી શકાય તેવી કોઈ વસ્તુ જીરવવાની કોઈ જાતની તાલીમ એમણે નહોતી લીધી કે કોઈ સાધનાય નહોતી કરી. 'બાબાની યુવાનીમાં હું એમનો મિત્ર હતો ત્યારે,' એમના શિષ્ય અબ્દુલ્લાએ કહેલું, 'મેં એમને કદી પણ ધર્મ કે તત્ત્વજ્ઞાનમાં રસ લેતા નથી જોયા. એ ખેલકૂદ, રમતગમત અને દિલ બહેલાવવાની બીજી પ્રવૃત્તિઓમાં હંમેશાં ભાગ લેતા. અમારી સ્કૂલની ચર્ચાઓ અને બીજી પ્રવૃત્તિઓમાં એ આગળ તરી આવતા. એમણે આધ્યાત્મિક ક્ષેત્રમાં એકાએક પ્રયાણ કર્યું એ જોઈને અમે નવાઈ પામ્યા.'

હું માનું છું કે એ આકસ્મિક અનુભવને પરિણામે યુવાન મહેરની અવસ્થા તદ્દન અનોખી બની ગઈ. એ જ્યારે અર્ધમૂર્છાની દશામાં ડૂબીને એક યાંત્રિક ગુલામ મનુષ્યની જેમ જીવવા લાગ્યા

ત્યારે એ સ્પષ્ટ રીતે દેખાઈ આવ્યું; પરંતુ હજુ પણ એ એટલું સ્પષ્ટ નહોતું કે એમને મનની સ્વસ્થતાની પ્રાપ્તિ થઈ છે કે નહિ. એક માનવ તરીકે એ એમની સામાન્ય નિયમિત દશાએ પાછા ફર્યા હોય એવું મને ના લાગ્યું. કેટલાક માણસો ધર્મના આકસ્મિક વધારેપડતા પાલનથી, યોગની સમાધિથી અથવા ઊંડા આધ્યાત્મિક આનંદની અતિશયતાથી, કેટલીક દવાઓના આકસ્મિક વધારેપડતા પાનથી થાય છે તેમ, સ્થિરતા અથવા સમતોલપણું ખોઈ બેસાય છે એવું માને છે. સંક્ષેપમાં કહું તો, મને લાગ્યું કે મહેરબાબા એમની ઉદાત્ત મનોદશાના પહેલાંના નશામાંથી હજુ મુક્ત નથી થયા, અને એટલી નાની વયમાં એમની માનસિક શક્તિઓમાં જે ભયંકર અવ્યવસ્થા ઊભી થઈ એને પરિણામે પેદા થયેલું અસમતોલપણું હજુ પણ હયાત છે. એમના વર્તનમાં દેખાતી વારંવારની વિચિત્રતાનો ખુલાસો એ સિવાયની બીજી કોઈ પણ પૂર્વભૂમિકાદ્વારા ન મેળવી શકાયો. એક બાજુથી જોતાં એમનામાં પ્રેમ, નમ્રતા, ધાર્મિક અંતઃપ્રેરણા, અને એવા બીજા યોગીના બધા જ ગુણોનું દર્શન થતું, પરંતુ બીજી બાજુથી જોતાં એમની અંદર મનની સંપૂર્ણ આત્મકેન્દ્રિત દશાની નિશાનીઓ જોવા મળતી. દરેક વસ્તુ એમના આત્માની આજુબાજુ ફરતી હોય એવું એમને દેખાતું. આકસ્મિક પરંતુ કામચલાઉ ભાવસમાધિની દશાઓનો અનુભવ કરનારા ધાર્મિક ઉત્સાહવાળા પુરુષોમાં પણ એવી અવસ્થા જોવા મળે છે. એ દશામાંથી એ જ્યારે બહાર આવે છે ત્યારે એવા ભાન સાથે બહાર આવે છે કે એમને કોઈક ભારે મહત્ત્વના અનુભવની પ્રાપ્તિ થઈ ચૂકી છે. એના પછીનું એમને માટેનું બીજું પગલું આધ્યાત્મિક મહાનતાના પ્રમાણરહિત નિરર્થક દાવાઓ કરવાનું હોય છે, અને એટલા માટે એ નવા સંપ્રદાયો સ્થાપવાની કે એમના અધ્યક્ષપણા સાથેનાં વિચિત્ર મંડળો શરૂ કરવાની પ્રવૃત્તિમાં પડે છે. થોડાક ઉદ્ધત પુરુષોને માટે પછી છેવટનું એક જ પગલું ભરવાનું બાકી રહે છે અને તે પોતાની જાતને દેવતા ગણવાનું અથવા પોતે આખીય માનવજાતિની રક્ષા માટે નિર્મિત થયેલા પયગંબરો છે એવું સમજવાનું.

મેં જોયું કે ભારતમાં એવા માણસો છે જે યોગની સાધનાથી પ્રાપ્ત થતી ઉત્તમ અવસ્થાની આકાંક્ષા રાખે છે, પરંતુ સાધના અને શિસ્તના રૂપમાં માગવામાં આવતી કિંમત ચૂકવવાની ઇચ્છા નથી રાખતા. એથી એ લોકો અફીણ અને ભાંગનું સેવન કરે છે, અને એવી રીતે એ ઉત્તમોત્તમ અવસ્થાની રંગીલી નકલને હાથ કરે છે. એવા વ્યસન અથવા પીણાની લતમાં પડેલા માણસોના વર્તનનું મેં નિરીક્ષણ કર્યું છે અને શોધી કાઢયું છે કે એમનામાં એક ગુણ (અથવા દુર્ગુણ) સામાન્ય હોય છે. એમના જીવનની નાનીમોટી મહત્ત્વની વાતોને એ અત્યંત અતિશયોક્તિપૂર્વક રજૂ કરે છે, અને પોતે સાચું કહી રહ્યા છે એવી દૃઢ માન્યતા સાથે તમને તદ્દન ખોટી વાતો કરતા રહે છે! એટલા માટે જ એ આત્મપ્રશંસાના વ્યાધિના ભોગ બને બને છે. એ બીજું કાંઈ જ નથી, પરંતુ પોતાની જાતની મહત્તાની વૃત્તિનો સંપૂર્ણ ભ્રાંતિના હદે પહોંચાડનારો અતિરેક છે.

માદક પીણાંની લતે ચડેલો માણસ સ્ત્રીને પોતાની તરફ બેકાળજીથી દૃષ્ટિપાત કરતી જુએ છે. એની સાથેના આખાય પ્રેમપ્રસંગને એ પોતાના મનમાં તરત જ વણી લે છે. એની દુનિયા સમગ્ર રીતે એની પોતાની જ યશસ્વી જાતની આજુબાજુ ફર્યા કરે છે. પોતાની અદ્‌ભુત શક્તિઓ સંબંધમાં એ એવી વિચિત્ર વાતો વહેતી મૂકે છે કે આપણે વિચાર કરતા થઈ જઈએ છીએ કે એની મનોવૃત્તિ પર એનો પૂરો કાબૂ છે કે નહિ. એનાં કર્મો પણ લાગણીના આકસ્મિક, ન સમજાવી શકાય તેવા, અગમ્ય, આવેગોને પરિણામે પ્રકટી ઊઠતાં હોય છે.

એવા કમનસીબ પુરુષોના જીવન અને ચારિત્ર્યમાં જોવા મળતાં કેટલાંક વિસંવાદી લક્ષણો એમની અવસ્થામાં કરાયેલા કૃત્રિમ ફેરફારના પરિણામરૂપ હોય છે. મન કોઈ પણ જાતના કારણ વગરની શકય પ્રવૃત્તિ ન કરે તે માટે આપણે એક ચેતવણીરૂપે આ હકીકત યાદ રાખવી જોઈએ તથા વધારે મોટા દાવાઓ કરનારા ધાર્મિક ભક્તોનો અભ્યાસ કરવો જોઈએ. નિત્શેનું એક વાકય ટાંકીને કહી શકાય કે પારસી પયગંબર 'માનવની કોટિના પૂરેપૂરા માનવ' છે.

મહેરબાબા પોતાનું મૌનવ્રત ક્યારે પૂરું કરશે એ સંબંધમાં મોટીમોટી વાતો વહેતી કરવામાં આવે છે. એ કદી પણ મૌનવ્રત તોડશે કે નહિ એ બાબત આપણને વિચાર કરતા કરી મૂકે છે. છતાં એટલું તો કોઈ પણ પ્રકારની વિશેષ સમજશક્તિ વિના જ સમજી શકાય છે કે લાંબે વખતે એ બોલવા માંડશે તોપણ, એમના શબ્દો જગત માટે નકામા જ થઈ પડશે. શબ્દો કાંઈ ચમત્કારો નથી કરી શકતા. એમની અવિચારી ભવિષ્યવાણીઓ સાચી પડે કે ન પણ પડે. ખાસ વાત તો એ છે કે પયગંબર પોતાની જાતને ઈશુ અને બુદ્ધની કોટિમાં મૂકવાની હિંમત કરે છે. પરંતુ મને તો એમનામાંથી, કોઈક અલૌકિક જીવનકાર્યવાળા મહાપુરુષ પાસેથી મળતી પ્રેરણા જેવી પ્રેરણા તો શું પણ એક સાધારણ સંતપુરુષ પાસેથી જેની આશા રાખી શકાય તેટલી પ્રેરણા પણ ન મળી. એવા માણસનો સંદેશ બહેરા તેમ જ ધ્યાન ન આપનારા કાને જ અથડાવાનો.

એમના ઉત્સાહી અનુયાયીઓનું શું ? ઠંડી ગતિએ આવેલો કઠોર કાળ એમને છૂટા પાડશે ? એનો આધાર એમની બૌદ્ધિક અને આધ્યાત્મિક પરિપક્વતાની માત્રા પર તથા ચારિત્ર્યને સમજી શકવાની એમની શક્તિ પર તેમ જ એમના વ્યાવહારિક અનુભવની વિશાળતા પર રહેશે. તર્ક અને લાગણી, ઇતિહાસ અને અફવા, તથા કલ્પના અને વાસ્તવિકતા વચ્ચેના ભેદ પારખનારી અને એમને અલગ પાડનારી વૈજ્ઞાનિક વિચારધારાની તાલીમ વગરની, સમજણના અભાવવાળી, અતિધાર્મિક જાતિની ત્રુટિઓથી પીડાય છે. ઉત્સાહી અનુયાયીઓનું ટોળું એકકું કરવાનું કામ સહેલું છે. એ ટોળું પ્રામાણિક સાધકોનું, મૂર્ખ અને અનુભવ વિનાના લોકોનું હોય, કે પછી એમના કરતાં વધારે મહત્ત્વ ધરાવતા ગ્રહોની સાથે પોતાને તેમ જ પોતાના નસીબને જોડવાનું જેમને ડહાપણભર્યું લાગતું હોય એમનું હોય.

મારી પાસે વિગતવાર વર્ણન કરવાની પૂરતી જગ્યા કે ધીરજ નથી. પરંતુ એ એક હકીકત છે કે મહેરબાબાએ એમની કારકિર્દીમાં

પ્રત્યેક પગલે ભૂલો કરી છે. એવી રીતે મેં પણ કરી છે. પરંતુ એ એક ઈશ્વરપ્રેરિત પયગંબર હોવાનો દાવો કરે છે, જ્યારે હું એક સામાન્ય મનુષ્ય તરીકેની મારી મર્યાદાઓથી ભારે ખેદપૂર્વક માહિતગાર છું. કહેવાનો મુદ્દો એ છે કે મહેરબાબા ભૂલો કરી શકે એવું એમના અનુયાયીઓ કદી પણ નહિ સ્વીકારે. એ હંમેશાં નિખાલસપણે એવું માને છે કે એ જે કાંઈ કહે છે કે કરે છે તેની પાછળ કોઈક રહસ્યમય ગુપ્ત હેતુ સમાયેલો હોય છે. એમનું અંધાનુકરણ કરવામાં એમને સંતોષ લાગે છે, અને લાગતો હોવો જોઈએ, કારણ કે એમને જે ગળે ઉતારવાનું હોય છે તેની સામે બુદ્ધિ તરત જ બળવો કરે છે. એમની સાથેના મારા સ્વાનુભવને પરિણામે મારા આટલા બધા જીવનમાં મને વફાદાર રહેલું દોષદર્શીપણું સાચું ઠર્યું ને ગાઢ બન્યું. અને એ સ્વાનુભવે આ ઉપખંડમાં મારું પરિભ્રમણ આગળ વધારનારી આંતરિક લાગણીપ્રધાનતાને છુપાવી રાખનારા મૂળભૂત અવિશ્વાસને બળવાન બનાવવામાં ફાળો આપ્યો.

પૂર્વમાં બધે જ ભાવિની ઘટનાની ઉપરાઉપરી સૂચનાઓ મળે છે. એ ઘટના છેલ્લાં કેટલાંય સૈકાંઓમાં ઇતિહાસે આલેખેલી સૌથી મહાન ઘટના તરીકે સાબિત થશે. ભારતના ઘઉંવર્ણા ચહેરાવાળા મનુષ્યોમાં, તિબેટના મજબૂત બાંધાના લોકોમાં, ચીનના બદામી રંગનાં નેત્રોવાળા જનસમૂહમાં, અને આફ્રિકાની વૃદ્ધ દાઢીવાળી પ્રજામાં એવી ઘટનાની ભવિષ્યવાણી પોતાનું માથું ઊંચકી રહી છે. પૂર્વના દેશોની તેજસ્વી ધાર્મિક કલ્પના પ્રમાણે, કાળ પાકચો છે અને આપણો અશાંત સમય એ ઘટના વધારે સમીપ હોવાના એંધાણ જેવો છે. પોતાની મનોદશામાં થયેલો આકસ્મિક ફેરફાર એમની પયગંબર તરીકેની કારકિર્દીની નિશાનીરૂપ છે એમ માનવા કરતાં વધારે સ્વાભાવિક મહેરબાબાને માટે બીજું શું હોઈ શકે ? એમને માટે એમની એ મનપસંદ માન્યતાના સેવન કરતાં વધારે સ્વાભાવિક બીજું શું હોઈ શકે કે એક દિવસ એ ભયગ્રસ્ત દુનિયાની આગળ પોતાની જાતને જાહેર કરશે ? એમના આજ્ઞાંકિત

અનુયાયીઓ પોતાના પયગંબરના પ્રાકટચના સમાચાર ફેલાવવાનું કામ માથે ઉપાડી લે એથી વધારે કુદરતી બીજું શું હોઈ શકે? મહેરબાબાએ અખત્યાર કરેલી પદ્ધતિઓ ધર્મોના ઇતિહાસની પૂરેપૂરી માહિતીવાળા માનવોને અસર પહોંચાડવા માટે જરા પણ બંધબેસતી ન લાગી. એ બુદ્ધિને, અંતઃપ્રેરણાને કે આધ્યાત્મિક રીતભાતને સંતોષી શકે તેમ નહોતી. એ આગળ તરી આવતા 'સંત'નાં ભાવિ કર્મો કેવો આકાર ધારણ કરશે એ બાબત મને ઘણી ઊંડી શંકા પેદા થઈ. પરંતુ વર્તમાન લેખક કરતાં કાળ એ કર્મોને જગતના મનોરંજન માટે વધારે સારી રીતે પ્રકટ કરશે.

અને આ લાંબી વિચારણાની પૂર્ણાહુતિ થઈ રહી છે ત્યારે, મને સમજાય છે કે મહેરબાબાની ઝડપી ગતિવાળી આંગળીઓ દ્વારા અનેક ઊંચા અને ઉત્તમ ઉપદેશો પૂરા પાડવામાં આવ્યા છે એનો ઇનકાર મારે ન કરવો જોઈએ. પરન્તુ પોતાની ધાર્મિક પ્રેરણાના ક્ષેત્રમાંથી એ નીચે ઊતરતા તથા પોતાની વ્યક્તિગત મહાનતા અને પોતાના અંગત ભાગ્યની વાત કરવા જેટલા હલકા બનતા, ત્યારે એમની પાસેથી ઊઠયા વિના ચાલતું નહિ. એ રીતે એ બીજાની નજરમાં નીચા પડતા.

[મહેરબાબા એ પછી તો પશ્ચિમનો પ્રવાસ કરી ચૂકયા છે અને એમનો પંથ પણ પશ્ચિમમાં શરૂ થયો છે. એ હજુ પણ કહે છે કે જ્યારે હું મારું મૌન ખોલીશ ત્યારે મોટી મોટી ચમત્કારિક વસ્તુઓ કરી બતાવીશ. એમણે કેટલીક વાર ઇંગ્લેન્ડની મુલાકાત લીધી છે, ફ્રાન્સ, સ્પેન તથા ટર્કીમાં અનુયાયીઓ ઊભા કર્યા છે, અને બે વાર ઈરાન જઈ આવ્યા છે. પુરુષો ને સ્ત્રીઓના કાફલા સાથે અમેરિકાનો એમણે નાટકીય પ્રવાસ કર્યો છે. એ હોલીવુડ પહોંચ્યા ત્યારે એમનું બાદશાહી સ્વાગત કરવામાં આવ્યું. મેરી પીકફોર્ડ એમની પોતાના ઘરમાં પરોણાગત કરી, તલ્લુલાહ બાંખેડ એમનામાં રસ લેતા થયા, અને હોલીવુડની મોટામાં મોટી હોટેલમાં એમની આગળ હજારેક અગ્રગણ્ય લોકો ભેગા થયા. અમેરિકામાં એમના પશ્ચિમના આશ્રમ અથવા કેંદ્રની સ્થાપના કરવા માટે જમીનનો મોટો વિસ્તાર મેળવવામાં આવ્યો.]

૧૫

એક અદ્‌ભુત મુલાકાત

પશ્ચિમ ભારતમાં મેં બીજી વાર આરામપૂર્વક અને અનિશ્ચિત રીતે ફરવા માંડયું. રેલવેની ધૂળવાળી ટ્રેનોમાં ને બેઠક વગરની બેલગાડીઓમાં મુસાફરી કરીને કંટાળ્યા પછી, સાથીદાર, ડ્રાઈવર તેમ જ નોકરનો ત્રિવિધ ભાગ ભજવનાર હિંદુ ભાઈની સાથે મેં એક જૂની છતાં મજબૂત ટુરિંગ કારમાં મારી આગળની સફર શરૂ કરી.

અમે જુદાંજુદાં કેટલાંય દૃશ્યો જોતા આગળ વધ્યા, અને એ દરમિયાન અમારાં ટાયર નીચેથી માઈલો ઝડપથી પસાર થતા રહ્યા. જંગલના ભાગોમાં રાત પડતી અને સમય પર કોઈ ગામમાં પહોંચવાનું અશકય થઈ પડતું ત્યારે ડ્રાઈવર મોટર રોકી દેતો અને સવાર પડે ત્યાં અમે અટકી જતા. આખી રાત દરમિયાન એ લાકડાં ને ડાળખાંની મદદથી અગ્નિને સળગેલો રાખતો. એ ખાતરી આપતો કે અગ્નિની જ્વાળાને લીધે જંગલી જનાવરો આપણી પાસે નહિ આવે. ચિત્તા તથા દીપડાઓ જંગલમાં રહેતા ખરા, પરંતુ સાધારણ અગ્નિને લીધે એમની અંદર એવો ભય ઉત્પન્ન થતો કે એ ખાસ્સા દૂર રહેતા. પરન્તુ શિયાળાનું એવું નહોતું. ડુંગરોમાં કોઈ કોઈ વાર એમનો વિલાપ અમને તદ્દન નજીકથી સંભળાયા કરતો. અને દિવસ દરમિયાન અમને પ્રસંગોપાત્ત એમના માળામાંથી નીકળીને પીળા આકાશમાં ઉપર ચડતાં ગીધ પક્ષીઓ મળતાં રહેતાં.

એક દિવસ બપોર પછી અમે ધૂળથી ઢંકાયેલા રસ્તા પરથી મોટરમાં આગળ વધી રહ્યા હતા ત્યારે રસ્તાની એક બાજુએ

બેઠેલી બે વ્યક્તિ અમારી નજરે પડી. એક તો મધ્યમ વયના સાધુપુરુષ હતા. એ આછાં પાંદડાંવાળા ઝાડની હળવી છાયામાં લાકડાના સાધન પર હડપચી લગાડીને બેઠેલા અને કોઈક ઊંડા ચિંતનમાં ડૂબેલા દેખાતા હતા. બીજા એમના યુવાન સેવક–મોટે ભાગે એમના શિષ્ય હતા. મોટી ઉંમરના સાધુપુરુષના હાથ જોડેલા હતા, એમની આંખ ધ્યાનમાં અડધી મીંચેલી હતી, અને અમે પસાર થતા ત્યારે પણ એ સંપૂર્ણપણે નિશ્ચળ બનીને બેસી રહ્યા. અમારા પર એમણે એક દૃષ્ટિપાત પણ ન કર્યો, પરંતુ એમનો યુવાન શિષ્ય અમારી મોટર તરફ શુષ્કતાપૂર્વક તાકવા માંડ્યો. એ પુરુષના વદન પરની કોઈક વસ્તુએ મને આકર્ષ્યો, અને મેં થોડેક દૂર જઈને અટકી જવાનો નિર્ણય કર્યો. મારા હિંદુ સાથી એમની પૃછપરછ કરવા પાછા ગયા. મેં એમને એ બંનેની પાસે જરાક ગભરાતા હોય તેમ જતા જોયા કર્યા.

એ પાછા ફર્યા ત્યારે બીજી કેટલીય ક્ષુલ્લક વિગતોની સાથે એમણે મને જણાવ્યું કે એ બંને ખરેખર ગુરુશિષ્ય છે, મોટાનું નામ ચંડીદાસ છે, અને નાની ઉંમરના સાધુએ કરેલી પ્રશંસા પ્રમાણે, એ એક અત્યંત અસાધારણ શક્તિસંપન્ન યોગી છે. લગભગ બે વરસ પહેલાં એમણે એમના દેશ બંગાળને છોડ્યો છે. ત્યારથી થોડુંક પગે ચાલીને ને થોડુંક ટ્રેનમાં એવી રીતે એમણે આજ સુધી કેટલુંય અંતર કાપી નાખ્યું છે, અને એ એક ગામથી બીજે ગામ ફર્યા કરે છે.

મેં તેમને મોટરમાં બેસવાની પ્રાર્થના કરી. મોટા સાધુએ મારા પર દયા કરીને કૃપા કરતાં અને નાનાએ લાગણીપૂર્વક આભાર માનતાં એ પ્રાર્થના સત્વર સ્વીકારી લીધી. એને પરિણામે, અડધા કલાક પછી, અમારી મોટરે પાસેના ગામમાં એક વિચિત્ર મિશ્રણવાળી મંડળી ઉતારી. એ ગામમાં અમે રાતે રોકાવાનો નિર્ણય કર્યો.

રસ્તામાં બીજે કોઈ પણ માણસ ન દેખાયો. ફક્ત ગામની પાસે પહોંચ્યા ત્યાં દૂબળી ગાયોનું નાનકડું ટોળું ચારતો છોકરો

જોવા મળ્યો. ગામના કૂવા પાસે ઊભા રહીને અમે તાજગી આપનારું છતાં શંકાસ્પદ રંગીન પીણું પીવા માંડ્યા ત્યારે સાંજનો વખત શરૂ થવા આવ્યો. ગામની એક છૂટીછવાઈ શેરીમાં આવેલાં ચાળીસ કે પચાસ ઝૂંપડાં અને નાનાં ઘર, એમનાં અવ્યવસ્થિત ઘાસનાં છાપરાં, માટીની નીચી કઢંગી દીવાલો અને વાંસની કાચી વળીઓ તથા થાંભલીઓ, એમના મલિન દેખાવને લીધે મારામાં થોડીક નિરાશા જગવી ગઈ. થોડા ગ્રામવાસીઓ એમનાં અનાકર્ષક નિવાસસ્થાનોની આગળ છાયામાં બેઠા હતા. અડધી ઢંકાયેલી છાતીવાળી એક ઘરડી, ગમગીન સ્ત્રી કૂવા પાસે આવી પહોંચી, અમારી તરફ તાકવા માંડી, અને એના પિત્તળના ઘડામાં પાણી ભરીને ઘર તરફ ચાલી નીકળી.

મારા હિંદુ સાથીએ ચા બનાવવાની સામગ્રી એકઠી કરી અને ગામના મુખીના ઘરની શોધ કરવાની શરૂઆત કરી. યોગી અને એમના વફાદાર સેવક કે શિષ્ય ધૂળ પર બેસીને આરામ કરવા માંડ્યા. યોગી અંગ્રેજી નહોતા જાણતા અને મેં મોટરમાં જાણી લીધેલું કે એમના શિષ્યને એ ભાષાનું તદ્દન ઓછું ઉપલક જ્ઞાન હતું. એ જ્ઞાન યોગ્ય રીતે વાર્તાલાપ કરવા ભાગ્યે જ કામ લાગે તેવું હતું. થોડાક પ્રયત્નો કર્યા પછી મને લાગ્યું કે સાંજના યોગીની મુલાકાત લેવાનું વધારે ફાયદાકારક થઈ પડશે. મુલાકાત લેવાનો મેં નિશ્ચય કર્યો. મારા હિંદુ સાથીની દુભાષિયા તરીકેની સેવાનો એ વખતે મને લાભ મળે એમ હતો.

એ દરમિયાન પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની નાનકડી મંડળી અમારી આજુબાજુ એકઠી થઈ ગઈ. દેશની અંદરના ભાગના એ લોકોને અંગ્રેજોના સંપર્કમાં આવવાનું ભાગ્યે જ બનતું. એમનામાંના કેટલાકની સાથે વાતો કરવામાં મને અવારનવાર ઘણો આનંદ આવતો. તેનું કારણ એ પણ ખરું કે એવી વાતચીત દ્વારા જીવન પ્રત્યેનો એમનો નૈસર્ગિક અને નિર્દોષ દૃષ્ટિકોણ જાણવા મળતો. બાળકો શરૂઆતમાં શરમાળ લાગ્યાં. પરંતુ થોડાક પૈસા વહેંચીને એમનાં મનને મેં જીતી લીધાં. ડાયલને મૂકીને મેં એમના આનંદને

માટે એલારામ વગાડયું એ સાંભળીને મારા ઘડિયાળને એ સૌ નિર્દોષ અને ભોળી નજરે જોઈ રહ્યાં.

કોઈ સ્ત્રીએ યોગીની પાસે આવીને એમને ખુલ્લી શેરીમાં પ્રણામ કર્યા. એમનો ચરણસ્પર્શ કર્યો, અને પછી પોતાના હાથને કપાળે લગાડયા.

મારા હિંદુ નોકરે મુખીની સાથે પાછા આવીને મને સમાચાર આપ્યા કે ચા તૈયાર છે. એ એક કોલેજના ગ્રેજ્યુએટ હતા તોપણ સેવક, ડ્રાઈવર તથા દુભાષિયા તરીકે વર્તવામાં સંતોષ માનતા, કારણકે એ મારા પશ્ચિમી અનુભવનો લાભ ઉઠાવવા માગતા હતા અને કાયમ આશા રાખતા કે એક દિવસ હું એમને યુરોપ લઈ જઈશ. હું તેમની સાથે એક સાથી તરીકેનું, એમની સદ્બુદ્ધિ અને એમના ચારિત્ર્યને છાજે તેવું વર્તન રાખતો.

થોડી વારમાં તો કોઈક યોગી તથા એમના શિષ્યને રાજી કર્યા અને એમને એક ઝૂંપડીમાં આતિથ્ય માટે લઈ ગયા. શહેરના પોતાના ભાઈઓની સરખામણીમાં આવા ગ્રામવાસી લોકો વધારે માયાળુ લાગ્યા એમાં શંકા નહિ.

અમે મુખીના ઘર તરફ ચાલવા માંડયા ત્યારે નારંગી રંગનો સૂર્ય પોતાના જીવનનો છેલ્લો શ્વાસ લઈ રહ્યો હતો. એને લીધે દૂરની ટેકરીઓની પાછળના પશ્ચિમ દિશાના આકાશને હું લાલ થતું જોઈ શકયો. એક સરસ દેખાતા મકાન આગળ આવીને અમે રોકાયા. એની અંદર જઈને મેં મુખીનો આભાર માન્યો.

'તમારો સત્કાર કરવાનું મને જે માન મળ્યું છે તેને લીધે મને અતિશય આનંદ થઈ રહ્યો છે.' એમણે સીધીસાદી ભાષામાં ઉત્તર આપ્યો.

ચા પીધા પછી અમે થોડી વાર વિશ્રામ કર્યો. ખેતરોમાં સ્વલ્પજીવી સાંજના ઓળા ઊતરી પડયા અને રાતને માટે ગામમાં પાછાં લવાતાં ઢોરના અવાજ સંભળાવા લાગ્યા. થોડી વાર પછી મારા સેવક યોગી પાસે જઈને મારે માટે રસ્તો તૈયાર કરવામાં

સફળતા મેળવી. એ મને લઈને એક સાધારણ જેવા ઝૂંપડાના દ્વાર આગળ આવી પહોંચ્યા.

મેં નીચા છાપરાવાળા, ચોરસ ઓરડામાં પ્રવેશ કર્યો અને જમીન પર ચાલવા માંડયું. ઓરડામાં કોઈ જાતનું ફર્નિચર નહોતું દેખાતું. કઢંગા દેખાતા ચૂલાની આજુબાજુ થોડાક માટીના ઘડા પડેલા હતા. દીવાલમાં લગાડેલો એક વાંસનો ટુકડો કપડાં રાખવાના સાધન તરીકે વપરાતો હતો. એના પર કપડાં તથા જૂનાં વસ્ત્રોનાં ચીંથરાં પડેલાં હતાં. એક ખૂણામાં પિત્તળનો પાણીનો કૂજો રાખેલો. મને થયું કે જૂના જમાનાના દીપકના ઝાંખા પ્રકાશમાં આ જગ્યા કેવી ખાલી લાગે છે. વધારે ગરીબ ખેડૂતના ઘરની સુખસગવડો એવી નીરસ હતી.

યોગીના શિષ્યે પોતાના ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં મારો સત્કાર કર્યો; પરન્તુ એના ગુરુનું દર્શન ત્યાં ન થયું. એમને એક બીમાર માતાની પાસે આશીર્વાદ આપવા માટે લઈ જવામાં આવેલા. એમના પાછા આવવાની હું રાહ જોવા માંડયો.

લાંબે વખતે બહારના રસ્તા પર અવાજ થયો, અને ઘરના ઉંબરા આગળ એક ઊંચી આકૃતિનું દર્શન થયું. એમણે ગંભીરતા-પૂર્વક ઓરડામાં પ્રવેશ કર્યો. મને જોઈને એમણે મારી હાજરીથી સંતોષ પામતા હોય એવો અભિનય કર્યો તથા થોડાક શબ્દો કહ્યા. મારા સેવકે એનો અનુવાદ કરી બતાવ્યો.

'અભિનંદન, સાહેબ! દેવો તમારું રક્ષણ કરે!'

મેં એમને બેસવા એમની આગળ સુતરાઉ શાલ ધરી, પરન્તુ એનો અસ્વીકાર કરીને એ પલાંઠી વાળીને જમીન પર બેસી ગયા. અમે એકમેકની સામે બેઠા, અને એ તકનો લાભ લઈને મેં એમનું વધારે નજીકથી નિરીક્ષણ કરવા માંડયું. મારી સામે બેઠેલા એ પુરુષ આશરે પચાસ વરસની ઉંમરના હતા. છતાં એમની હડપચી પર ઊગેલી થોડી દાઢીને લીધે એ જરા મોટા દેખાતા. એમના વાળનાં

ગૂંચળાં એમની ગરદન પર લટકતાં. એમનું મોઢું જ્યારે જોઈએ ત્યારે સ્મિત વગરનું અને ગંભીર દેખાતું. પરન્તુ અમારી પ્રથમ મુલાકાત વખતે જેણે મને સૌથી વધારે મુગ્ધ કરેલો અને અત્યારે જે મને નવેસરથી પ્રભાવિત કરી રહી તે તો એમની કેાલસા જેવી કાળી આંખની અસાધારણ ચમક, એમની અનેરી તેજસ્વિતા હતી. મને લાગ્યું કે એ અલૌકિક આંખ મારી આગળ લાંબા વખત સુધી તરવરતી રહેશે.

'તમે ઘણી લાંબી મુસાફરી કરી છે?' એમણે શાંતિથી પ્રશ્ન કર્યો.

મેં હા કહી.

'તમે માસ્ટર મહાશય વિશે શું માનેા છેા?' એમણે એકાએક પૂછી નાખ્યું.

મને નવાઈ લાગી. હું એમના જન્મસ્થાન બંગાળમાં જઈને કલકત્તામાં માસ્ટર મહાશયને મળી આવ્યેા એની ખબર એમને શી રીતે પડી શકી? મેં એકાદ ક્ષણ સુધી એમની તરફ આશ્ચર્યચકિત થઈને જોયા કર્યું અને પછી એમનેા પ્રશ્ન યાદ કરીને કહ્યું:

'એ પુરુષે મારા હૃદયને જીતી લીધું છે. પરન્તુ એમને વિશે પૂછવાનું કારણ?'

મારા પ્રતિપ્રશ્નને એમણે લક્ષમાં ન લીધેા. ચારેકાર મૂંઝવણ-ભરી શાંતિ છવાઈ રહી. વાતચીત આગળ ચલાવવાના આશયથી મેં કહ્યું:

'કલકત્તાની ફરી મુલાકાત લઉં ત્યારે એમને ફરીથી મળવાનું હું વિચારી રહ્યો છું. એ તમને જાણે છે? તમારા કુશળ સમાચાર એમને પહેાંચાડું?'

યેાગીએ દૃઢતાથી માથું ધુણાવ્યું.

'તમે મહાશયને ફરીથી કદી નહિ મળી શકેા. મૃત્યુના દેવતા યમ અત્યારે એમના આત્માને બેાલાવી રહ્યા છે.'

ફરી શાંતિ છવાઈ ગઈ. એ પછી મેં એમને કહ્યું:

'મને યોગીઓના જીવનમાં અને વિચારોમાં રસ છે. તમે યોગી કેવી રીતે થયા તથા તમે શું જ્ઞાન મેળવ્યું તે મને કહી શકશો?'

ચંડીદાસે એમની માહિતી મેળવવાના મારા પ્રયત્નને ઉત્તેજન ન આપ્યું.

'ભૂતકાળ રાખના ઢગલા જેવો છે.' એમણે ઉત્તર આપ્યો: 'એ રાખમાં હાથ નાખીને મરી પરવારેલા અનુભવોને બહાર કાઢવાની માગણી ન કરશો. હું ભૂત કે ભવિષ્ય બંનેમાંથી કોઈ પણ કાળમાં નથી જીવતો. માનવના આત્માના ઊંડાણમાં જઈને જોઈએ તો, એ વસ્તુઓ પડછાયા કરતાં વધારે યથાર્થ નથી લાગતી. મને શીખવા મળેલા જ્ઞાનમાં એનો સમાવેશ પણ થઈ જાય છે.'

એ ઉત્તર જરાક અકળાવનારો હતો. એમના ધર્મગુરુ જેવા કડક વલણને લીધે મારી શાંતિમાં ભંગ પડ્યો.

'પરંતુ કાળની દુનિયામાં રહેનારા આપણે તો એમનું ધ્યાન રાખવું જ જોઈએ.' મેં વિરોધ કર્યો.

'કાળ?' એમણે પૂછ્યું: 'એવી કોઈ વસ્તુનું અસ્તિત્વ છે તેની તમને ખાતરી છે?'

મને થયું કે અમારા વાર્તાલાપનો પ્રવાહ વિચિત્ર રીતે વહી રહ્યો છે. એમના તરફથી એમના શિષ્ય જેનો દાવો કરતા હતા તે આશ્ચર્યકારક શક્તિ શું એ ખરેખર ધરાવતા હશે? મેં મોટે સ્વરે કહ્યું:

'જો કાળનું અસ્તિત્વ હોત જ નહિ તો ભૂત અને ભવિષ્ય બંને અત્યારે એકી સાથે જ રહેતા હોત. પરંતુ અનુભવ તો એથી ઊલટી જ હકીકત કહી બતાવે છે.'

'એમ? તમારા કહેવાનો ભાવાર્થ એવો છે કે તમારો અનુભવ અથવા આખી દુનિયાનો અનુભવ, એવું કહી બતાવે છે?'

'જરૂર. તમે એવું તો નથી જ સૂચવતા કે તમે એ સંબંધમાં કોઈ જુદો અનુભવ ધરાવો છો!'

'તમારી વાત સાચી છે.' એમણે વિચિત્ર ઉત્તર આપ્યો.

'એટલે શું મારે એમ માનવું કે તમે ભવિષ્ય જોઈ શકો છો?'

'હું અનંતતામાં વાસ કરું છું.' ચંડીદાસે ઉત્તરમાં કહેવા માંડયું: 'ભવિષ્યનાં વરસોમાં મારા જીવનમાં જે ઘટનાઓ બનવાની છે તેને જાણવાનો પ્રયાસ હું કદી નથી કરતો.'

'પરંતુ બીજાને માટે તમે એવો પ્રયાસ કરી શકો ખરા?'

'મારી મરજી હોય તો કરી શકું.'

મેં એ વિષયની ચોખવટ કરી લેવાનો નિશ્ચય કર્યો.

'તો પછી ભવિષ્યમાં બનનારી ઘટનાઓનો ચિતાર તમે બીજાની આગળ રજૂ કરી શકો ખરા?'

'કરી શકું, પરંતુ ફક્ત આંશિક રૂપે. મનુષ્યોનાં જીવન એટલી સરળતાથી નથી ચાલતાં કે એમને માટેની પ્રત્યેક વિગત પહેલેથી નક્કી કરી રાખી હોય.'

'તો પછી તમે જેટલો જાણી શકો તેટલો મારા ભવિષ્યનો ભાગ તમે મારી પાસે પ્રકટ કરી શકશો ખરા?'

'એ બધું જાણવાની ઇચ્છા તમને શા માટે થઈ રહી છે?'

હું અચકાયો.

'ઈશ્વરે જે થવાનું છે તેના પર પડદો નાખ્યો છે તે કાંઈ યોગ્ય કારણ વગર નથી નાખ્યો.' એમણે લગભગ કડકાઈથી કહેવાનું ચાલુ રાખ્યું.

હું શું કહી શકું? એટલામાં મને પ્રેરણા થઈ.

'મારા મનને ગંભીર સમસ્યાઓ સતાવી રહી છે. એમના ઉકેલ માટે કાંઈક પ્રકાશ મેળવવાની આશા સાથે હું તમારા દેશમાં આવ્યો છું. તમે જે કહેશો તેમાંથી મને કદાચ પથપ્રદર્શન મળી રહેશે, અથવા એને પરિણામે કદાચ હું જાણી શકીશ કે મારે આવવાનું પ્રયોજન નિષ્ફળ છે કે સફળ.'

યોગીએ પોતાની કાળી ચળકતી આંખ મારી તરફ ફેરવી. એ પછી પાછી શાંતિ છવાઈ ગઈ. એ યોગીપુરુષની ભવ્યતાએ મને ફરી એક વાર પ્રભાવિત કર્યો. એ પગને વાળીને પદ્માસનમાં બેઠા ત્યારે

એટલા મહાન અને ધર્માચાર્ય જેવા ડાહ્યા દેખાવા માંડ્યા કે વાત નહિ. દૂરના જંગલના ગામડાની ગરીબ ઝૂંપડીમાંના એમની આજુબાજુના વાતાવરણથી એ ઉપર ઊઠી ગયા હોય એવું લાગવા માંડ્યું.

દીવાલના ઉપરના ભાગમાંથી મેં પહેલી જ વાર એક ગરોળીને અમારી તરફ તાકતી જોઈ. એની મણકા જેવી આંખ અમારા પર મંડાઈ રહી, અને એનું વિલક્ષણ આકૃતિવાળું મોં એટલું બધું વિચિત્ર લાગવા માંડ્યું કે જાણે એ મારી તરફ દુષ્ટતાપૂર્વક દાંતિયાં કરતી ન હોય!

આખરે ચંડીદાસે બોલવાનું શરૂ કર્યું :

'જ્ઞાનનાં ચળકતાં રત્નોથી હું સુશોભિત નથી તોપણ, મારા શબ્દો તમે સાંભળશો તો તમારી મુસાફરી નિષ્ફળ નહિ જાય. તમે તમારી ભારતીય સફર જ્યાંથી શરૂ કરી છે તે જ સ્થળમાં પાછા જાઓ અને નવા ચંદ્રનો ઉદય થશે તે પહેલાં તો તમારી કામના પૂરી થશે.'

'તમે એવું કહેવા માગો છો કે હું મુંબઈ પાછો જાઉં?'

'તમે બરાબર કહો છો.'

મને મૂંઝવણ થઈ. એ મિશ્રજાતીય, અર્ધપશ્ચિમી શહેરમાં મારે માટે શું હોઈ શકે?

'પરંતુ મારી શોધમાં સહાય કરે એવું મને ત્યાં કશું જ નથી દેખાયું.' મેં વિરોધ કર્યો.

ચંડીદાસે મારી તરફ શીતળ દૃષ્ટિએ જોવા માંડ્યું.

'ત્યાં તમારો માર્ગ છે. એ માર્ગે જેટલા જલદી ચાલી શકાય એટલા જલદી ચાલવા માંડો. વખત જરા પણ બરબાદ કર્યા વગર આવતી કાલે મુંબઈ જવા ઊપડી જાઓ.'

'તમારાથી એટલું જ કહી શકાય તેમ છે?'

'વધારે કહી શકાય, પરંતુ એ જાણવાનું કષ્ટ મેં નથી ઉઠાવ્યું.'

એ પાછા શાંત થયા. એમની આંખ પ્રશાંત પાણીની પેઠે હાવ-ભાવ વગરની અથવા અચળ બની ગઈ. એકાદ ક્ષણ પછી એ બોલ્યા :

'આવતી મકરસંક્રાંતિ પહેલાં તમે ભારત છોડીને પશ્ચિમના દેશોમાં પાછા ફરશો. અમારી ભૂમિ છોડશો તે જ વખતે તમારા

શરીરને ભયંકર બીમારીના ભોગ બનવું પડશે. વ્યાધિગ્રસ્ત શરીરમાંથી બહાર નીકળવા માટે આત્મા ફાંફા મારશે, પરંતુ એના છુટકારાનો સમય એ વખતે નહિ આવ્યો હોય. પ્રારબ્ધની ગુપ્ત યોજના વળી પાછી પ્રકટ થશે. એથી પ્રેરાઈને તમે ફરી આર્યાવર્તમાં આવશો. * એવી રીતે અમારી મુલાકાત તમે બધી મળીને ત્રણ વાર લેશો. અત્યારે પણ એક ઋષિ તમારો રાહ જોઈ રહ્યા છે, અને એમની સાથે તમે જૂના સંબંધના દોરથી બંધાયેલા છો માટે, એમને માટે પણ, તમે અમારી સાથે રહેવા માટે પાછા આવશો.'

એમનો સ્વર બંધ પડ્યો અને એમનાં પોપચાં સહેજ હાલ્યાં ઊઘડ્યાં. પાછળથી મારી તરફ સ્થિર દૃષ્ટિએ જોઈ એમણે આગળ કહ્યું :

'તમે સાંભળી લીધું. એથી વિશેષ કશું જ નથી કહેવાનું.'

અમારી બાકીની વાતચીત આડીઅવળી તથા મહત્ત્વ વિનાની હતી. ચંડીદાસે પોતાને લગતી વિશેષ ચર્ચાવિચારણામાં ઊતરવાની ના પાડી, એટલે એમના શબ્દો કેવી રીતે સ્વીકારવા તેના સંબંધમાં એમણે મને વિચાર કરતો છોડી દીધો. તોપણ મને એવું તો લાગ્યું જ કે એ શબ્દોની પાછળ ઘણું રહસ્ય સમાયેલું છે.

એમના યુવાન શિષ્યની સાથેના ટૂંકા વાર્તાલાપ દરમિયાન એક પળ આનંદની આવી ગઈ. એ વખતે એણે મને નિખાલસપણે પ્રશ્ન કર્યો :

'ઇંગ્લેંડના યોગીઓમાં તમને આવી વસ્તુઓ નથી દેખાતી ?'

મેં સ્મિતને રોકવાનો પ્રયાસ કર્યો.

'એ દેશમાં યોગીઓ છે જ નહિ.' મેં ઉત્તર આપ્યો.

સાંજના એ આખાય વખત દરમિયાન બીજી પ્રત્યેક વ્યક્તિ શાંત અને નિઃશબ્દ બનીને બેઠી હતી, પરંતુ યોગીએ જ્યારે સૂચવ્યું કે મુલાકાત પૂરી થઈ ત્યારે ઝૂંપડીના બેડૂત જેવા દેખાતા માલિકે

* [કાળે એ ભવિષ્યકથનનો પૂર્વાર્ધ સાચો ઠરાવ્યો છે.]

અમારી પાસે આવીને પૂછયું કે અમે એમની સાથે ભોજન કરીશું કે નહિ. મેં એમને ઉત્તર આપ્યો કે અમે મોટરમાં થોડીક ખાદ્ય-સામગ્રી લાવ્યા છીએ અને અમે એને રાંધવા મુખીને ઘેર જઈએ છીએ, કારણકે મુખીએ અમને રાતે રહેવા માટે એમના ઘરનો એક ઓરડો આપવાનું વચન આપ્યું છે. પરન્તુ ખેડૂતે જણાવ્યું કે અતિથિસત્કારની ભાવનાને યાદ કરીને જ પોતે ભોજનનું આમંત્રણ આપી રહ્યા છે. મેં કહ્યું કે મેં આજે સારી રીતે ખાધું હોવાથી મને આગ્રહ ન કરશો. છતાં એ એમના આગ્રહમાં મક્કમ રહ્યા એટલે એમને નિરાશ કરવાને બદલે મેં એમની માગણી મંજૂર રાખી.

'મારે ત્યાં કોઈ મહેમાન આવે અને હું એમને ભોજન ન કરાવું એ મને સારું ન લાગે.' થાળીમાં તળેલો પદાર્થ પીરસતાં એમણે કહી બતાવ્યું.

બારી તરફ કામ કરતા ખુલ્લા કાણામાંથી મેં નજર નાખી. એ કાણામાંથી સ્ફટિક જેવો સુંદર દેખાતો બીજનો ચંદ્ર પોતાનો ઝાંખો પ્રકાશ રેલાવી રહ્યો હતો. એ વખતે ગામડાના એવા સીધા-સાદા, નિરક્ષર ખેડૂતોમાં અવારનવાર જોવા મળતા ઉત્તમ ચારિત્ર્ય અને માયાળુતાનો હું વિચાર કરવા લાગ્યો. શહેરના લોકોમાં વારંવાર દેખાતી ચારિત્ર્યની અધોગતિ કૉલેજના શિક્ષણ કે કોઈ પ્રકારની ધંધાકીય સૂક્ષ્મ સમજશક્તિથી પણ ભરપાઈ નહિ થઈ શકે.

મેં જ્યારે ચંડીદાસની અને એમના શિષ્યની વિદાય લીધી ત્યારે ખેડૂતે છાપરાના પાટડા પર લટકતું સસ્તું ફાનસ લઈને અમારી સાથે રસ્તા પર આવીને અમને રજા આપી. મેં એમનો આભાર માન્યો, એટલે એમણે કપાળે હાથ લગાડીને મને સલામ કરી, સ્મિત કર્યું, અને પછી એ ખુલ્લા બારણામાં ઊભા રહ્યા. અમે રાતના અમારા સૂવા માટેના સ્થાન તરફ ચાલી નીકળ્યા. હું મારા નોકરની પાછળ ચાલવા માંડ્યો. અમારા હાથમાં બૅટરી

સળગતી હતી. ઊંઘ મારાથી દૂર જતી રહી. કારણકે એક બાજુ મારા મનમાં બંગાળના રહસ્યમય યોગીના વિચારો ઉત્પન્ન થવા લાગ્યા તો બીજી બાજુ શિયાળોના ભયંકર પોકારો અને રખડતા ભસતા કૂતરાના ખાસ પ્રકારના દીર્ઘ અવાજ સંભળાવા માંડ્યા.

× × ×

ચંડીદાસની સલાહને મેં શબ્દશઃ માન્ય ન રાખી તોપણ, મારી મોટરના મુખને મેં મુંબઈ તરફ ફેરવ્યું તો ખરું જ અને એ શહેર તરફ ધીમેધીમે પાછા જવા માંડયું. જ્યારે ત્યાં પહોંચીને એક હોટેલમાં રહેવામાં હું સફળ થયો ત્યારે મને માંદા પડવામાં પણ સફળતા મળી.

ચાર દીવાલના પિંજરમાં પુરાઈને, મનથી થાકીને તથા શરીરથી બીમાર બનીને, હું પહેલી જ વાર નિરાશાવાદી દૃષ્ટિકોણનો ભોગ બનવા માંડયો. મને એવું લાગવા માંડયું કે હું ભારતમાં પૂરતો અનુભવ કરી ચૂક્યો છું. આ દેશમાં મેં હજારો માઈલોની મુસાફરી કરી છે અને એ પણ અવારનવાર ઉપસ્થિત થયેલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં સુરાપાન, ભોજન, નૃત્ય, બ્રિજ, વ્હિસ્કી અને સોડાને લીધે આકર્ષક અને નમૂનેદાર દેખાતા અંગ્રેજોના લત્તાઓમાં હું જેની શોધ કરતો હતો તે ભારતનું દર્શન મને ન થયું. શહેરોમાંના ભારતીય લત્તાઓમાં જ્યારે પણ મને સારી રીતે રહેવાનો અવસર મળ્યો ત્યારે એને લીધે મને મારી શોધમાં મદદ મળી, પરંતુ એણે મારી તંદુરસ્તીને ન સુધારી, જ્યારે જંગલનાં ગામડાંઓ અને ઉપરના પ્રદેશનો નિવાસ પ્રતિકૂળ ખોરાક તથા ખરાબ પાણી તેમ જ અસ્થિર જીવન અને ગરમીને લીધે ઉત્પન્ન થયેલી અનિદ્રાને લીધે નુકસાનકારક સાબિત થયો. મારું શરીર હવે પીડાની પથારી પર પડેલા કંટાળાભરેલા બોજા જેવું બની ગયું.

મને વિચાર થવા માંડયો કે, હું સંપૂર્ણપણે ભાંગી પડતો કેટલાક વધારે વખત સુધી બચી શકીશ ? ઊંઘના અભાવને લીધે

મારી આંખો ભારે થઈ ગઈ. એ આખાય દેશના પ્રવાસ દરમિયાન અતિશય નિર્દય રીતે મારી પાછળ પડેલા એ અનિદ્રાના ભૂતનો પીછો છોડાવવામાં મહિનાઓ સુધી મને સફળતા નહોતી મળી અને જેમના સમાગમમાં મારે આવવાનું થયેલું તે ચિત્રવિચિત્ર મનુષ્યો સાથે ભારે સાવધાનીથી વર્તવાની આવશ્યકતાએ મારા જ્ઞાનતંતુઓને એકદમ ખરાબ કરી દીધા હતા. ભારતના સાગર-તટની વચ્ચેના ગુપ્ત અપરિચિત પ્રદેશમાં પ્રવાસ કરતી વખતે મનની સંભાળપૂર્વકની સ્વસ્થતા સાચવી રાખવાની તથા ટીકાત્મક બનવાની સાથેસાથે જે શુભ અને આદર્શ લાગે એને અપનાવવાની વૃત્તિ રાખવાની પણ આવશ્યકતા હતી. એને લીધે મારે ઘણો લાંબો અને ભારે પરિશ્રમ કરવો પડ્યો. સાચા સંતો તથા પોતાની અહંકારયુક્ત કલ્પનાઓને દૈવી જ્ઞાનમાં ખપાવવાની ભૂલ કરનારા મૂર્ખો વચ્ચેથા ધર્મપરાયણ આદર્શ યોગીઓ અને ફક્ત ચમત્કારો કરનારા ધૂર્તો વચ્ચેથી, જાદુઈ પ્રયોગો કરનારા દંભી સાધુઓ અને યોગમાર્ગના સાચા સાધકો વચ્ચેથી, મારો માર્ગ કેવી રીતે કરવો તે મારે શીખવાનું હતું. વળી મારાં સંશોધનોને મારે ઓછામાં ઓછા વખતમાં સિદ્ધ કે સંપૂર્ણ કરવાનાં હતાં. કારણકે એક જ શોધની પાછળ મારા જીવનનાં અનેક વરસો વિતાવવાનું મને પરવડી શકે તેમ નહોતું.

મારી શારીરિક અને માનસિક દશા ખરાબ હતી તોપણ, મારી આધ્યાત્મિક અવસ્થા થોડીક વધારે સારી હતી. મને નિષ્ફળતાની લાગણીએ નિરાશ કર્યો. મને નોંધપાત્ર સિદ્ધિની પ્રાપ્તિ કરી ચૂકેલા અને સરસ ચારિત્ર્યવાળા તેમ જ બીજા કેટલાક આશ્ચર્યચકિત કરનારા પ્રયોગો કરનારા માણસોનો મેળાપ થયો હતો; એ સાચું, પરંતુ કોઈને મળીને મારા અંતરાત્માને એવી પ્રત્યક્ષ પ્રતીતિ નહોતી થઈ કે જેમની શોધમાં હું નીકળ્યો છું એ આધ્યાત્મિક મહામાનવ આ છે. મારો બુદ્ધિવાદી પ્રકૃતિને પ્રભાવિત કરે અને જેમની સાથે હું શિષ્ય તરીકેના સંબંધથી રાજીખુશીથી જોડાઈ શકું

એવા ગુરુ મને નહોતા મળ્યા. ઉત્સાહી શિષ્યોએ પોતપોતાના ગુરુના વાડામાં મને ખેંચી જવા માટે વ્યર્થ પરિશ્રમ કરી જોયેલો. પરંતુ મને લાગ્યું કે જેવી રીતે કોઈ યુવાન એના યૌવનસહજ શરૂઆતના સાહસથી પ્રેરાઈને પ્રેમનું છેવટનું પગલું ભરી બેસે છે તેવી રીતે, એમને થયેલા આરંભના અનુભવોથી એ બધા એટલા બધા લાગણી-વશ બની ગયા છે કે એથી આગળ કાંઈક છે કે કેમ તેની તપાસ કરવાનો એમને વિચાર પણ નથી થયો. વધુમાં, બીજા માણસના સિદ્ધાંતોના સંગ્રહસ્થાન કે ભંડાર બનવાની ઇચ્છા મને નહોતી. હું એક જીવંત, સીધા, વ્યક્તિગત અનુભવની, અથવા કોઈ બીજાના નહિ, પરંતુ સંપૂર્ણપણે મારા પોતાના જ આત્મિક પ્રકાશની શોધમાં હતો.

પરંતુ આખરે તો હું મારી મહત્ત્વાકાંક્ષાઓનો ત્યાગ કરીને પૂર્વના દેશમાં પરિભ્રમણ કરતો એક નમ્ર અને બેજવાબદાર લેખક હતો. એવા મહાપુરુષના મેળાપની આશા હું કેવી રીતે રાખી શકું? અને એને લાધે જ મારા હૃદયને હતાશાએ ઘેરી લીધું.

મારામાં ઊઠવાબેસવાની શક્તિ આવી ત્યારે મારી બાજુમાં રહેતા લશ્કરના કૅપ્ટન સાથે હું હોટેલના ટેબલ પર બેઠો. એમણે બીમાર પત્નીની, એના મંદગતિએ સાજા થવાની, રજાઓનો કાર્યક્રમ રદ કર્યાની, અને એવી બીજી હકીકતોવાળી લાંબી કથા કહી બતાવી. વાત પૂરી થયા પછી અમે બહારની ઓચરીમાં આવ્યા ત્યારે મોઢામાં લાંબી ચીરૂટ રાખીને એમણે ગણગણાટ કર્યો :

'જીવન—કોઈ રમત?'

'હા—કોઈક!' મેં સંક્ષેપમાં સંમતિ આપી.

અર્ધા કલાક બાદ હું હોર્નબી રોડ પર દોડતી ટૅક્સીમાં હતો. અમે ઊંચી, ચોક જેવા બહારના ભાગના દેખાવવાળી, શિપિંગ કંપનીની ઑફિસોની બહાર ટૅક્સી ઊભી રાખી. મેં મારી ટિકિટની રકમ ચૂકવી દીધી. એ વખતે મને લાગ્યું કે ભારતને છોડવાનો આકસ્મિક નિર્ણય કરવા સિવાય મારી પાસે બીજો કોઈ વિકલ્પ જ નથી.

મુંબઈમાં નીરસ દેખાતાં ગંદાં ઘરો, મેલી દુકાનો, સુશોભિત સુંદર ભવનો અને સુસજ્જ દેખાતા ઑફિસ-ક્લૉકોને ગમગીન નજરે જોતોજોતો મારા દુઃખદ ચિંતનને ચાલુ રાખવા હું મારી હોટેલના ખંડમાં પાછો ફર્યો.

સાંજ પડી ગઈ. હોટેલના નોકરે ટેબલ પર સ્વાદિષ્ટ કઢી મૂકી, પરંતુ મને ભોજન કરવાનું મન ન થયું. મેં બરફવાળાં બે-ત્રણ દંડાં પીણાં પીધાં, અને પછી હું ટૅક્સી કરીને શહેરમાં ચાલી નીકળ્યો. ટૅક્સીમાંથી બહાર નીકળીને મેં રસ્તા પર ધીમે પગલે ચાલવા માંડયું. આખરે ભારતનાં શહેરોને મળેલી પશ્ચિમની ભેટ જેવા એક મોટા, ભપકાદાર સિનેમાથિયેટર આગળ આવીને ઊભો રહ્યો. એના ઝગઝગાટ કરતા પ્રવેશદ્વાર પાસે થોડી વાર ઊભા રહીને મેં એનાં દેદીપ્યમાન રંગીન પોસ્ટરો જોવા માંડ્યાં.

હું સિનેમાનો સદાનો શોખીન હોવાથી, એ રાતે એ પોસ્ટરોએ મારી આંખને આનંદ આપ્યો. દુનિયાભરના કોઈ પણ શહેરના સિનેમામાં, રૂપિયા અથવા એના બરાબરના મૂલ્યના બદલામાં હું એક ગાલીચાવાળી સુંવાળી બેઠક મેળવી શકું તેમ હતો. એટલે મને કદી પણ એકલવાયું લાગશે એવું માનવાનું કારણ નહોતું.

મેં થિયેટરમાં મારી બેઠક લીધી, અને અમેરિકન જીવનના અનિવાર્ય અંશોનાં તૈયાર કરેલાં દૃશ્યોને સફેદ પડદા પર છાયારૂપ પડતાં જોવાનું શરૂ કર્યું. પડદા પર આલીશાન ઇમારતના ઓરડા-ઓમાં ફરતાં મૂર્ખ પત્ની અને અવિશ્વાસુ પતિ ફરી પાછાં દૃષ્ટિગોચર થયાં. એમના પર મારું ધ્યાન કેન્દ્રિત કરવાનો મેં પ્રયાસ કર્યો, છતાં મારું મન વધારે ને વધારે કંટાળતું ગયું. મારા આશ્ચર્યની વચ્ચે મને માલૂમ પડયું કે સિનેમા જોવાનો જૂનો ઉત્સાહ મને અચાનક છોડી ગયો છે. મનુષ્યની લાગણીઓની, કરુણતાઓની ને હાસ્યરસની વાતો મને નવાઈ ભરેલી લાગે છે તોપણ, મારા અંતરને ઉદાસ નથી કરી શકતી અથવા મારા હૈયાને હસાવીય નથી શકતી.

ખેલ અડધો પૂરો થયો ત્યારે પડદા પરની આકૃતિઓ પ્રાણુહીન બનીને એકદમ અયથાર્થ બની ગઈ. મારું ધ્યાન એકદમ ઉપરછલ્લું બનવા માંડયું, અને મારી રહસ્યમય શોધની આજુબાજુ મારા બધા જ વિચારો ફરી વળ્યા. મને એકાએક સમજાયું કે હું પરમાત્મા વગરનો પ્રવાસી થયો છું, અને મનને શાંતિ આપી શકે એવા સ્થાનની શોધમાં એક શહેરથી બીજા શહેરમાં ને એક ગામથી બીજા ગામમાં ભટકી રહ્યો છું, પરંતુ એવું એકે સ્થાન નથી મળતું. મારા પોતાના દેશ અને કાળના લોકો કરતાં જેનો વિચારપ્રવાહ વધારે ઊંડો અને આગળ હોય એવા આધ્યાત્મિક મહામાનવનાં લક્ષણોની ઝાંખી કરવાની આશાથી પ્રેરાઈને અનેક મનુષ્યોની મુખાકૃતિ તરફ મેં કેવી રીતે મીટ માંડી! અને મને સંતોષી શકે એવા રહસ્યમય ઉત્તરનો પડઘો પાડતી આંખની ઝાંખી કરવા માટે બીજા માણસોની કાળી ચળકતી આંખોમાં પણ મેં કેવી રીતે જોયા કરેલું?

મારા મગજમાં લાગણીની એક પ્રકારની ખાસ કટોકટી ઊભી થઈ, અને મારી આજુબાજુનું વાતાવરણ મને વીજળીનાં શક્તિશાળી પરમાણુઓથી ભરાયેલું લાગવા માંડયું. મને જણાયું કે મારી અંદર કોઈક અત્યંત નોંધપાત્ર, શક્તિશાળી માનસિક પરિવર્તન થવા માંડયું છે. એટલામાં તો મારું ધ્યાન એકાએક નીકળી પડેલા એક માનસિક અવાજ પ્રત્યે દોરાયું. એણે મને સાંભળવાની ફરજ પાડી. હું મંત્રમુગ્ધ બની ગયો. એણે મને તિરસ્કારપૂર્વક કહેવા માંડયું:

'જીવન પોતે પણ એક સિનેમાના ખેલ કરતાં વધારે કશું જ નથી. એ ખેલમાં પારણાથી માંડીને કબર સુધીના બનાવો પ્રકટ થતા જાય છે. વીતી ગયેલા પ્રસંગો હવે કયાં છે – તેમને તમે પકડી શકો છો? જે પ્રસંગો હજુ આવવાના છે તે કયાં છે – તેમને તમે સમજી શકો છો? જે સત્ય છે, શાશ્વત છે, અને સનાતન છે, તેને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાને બદલે સામાન્ય રીતે અસ્તિત્વ ધરાવતી દુનિયા કરતાંય વધારે છેતરનારી સંપૂર્ણપણે કાલ્પનિક

કથામાં આ મહાન ભ્રમણાની અંદરની એક ભ્રમણામાં, ભાગ લઈને તમારો વખત બરબાદ કરી રહ્યા છો.'

એ અવાજને પરિણામે, મારી સામે ચાલી રહેલી માનવની પ્રીતિ અને કરુણતાની ફિલ્મમાંથી રસના છેલ્લા અંશને પણ હું ખોઈ બેઠો. મારી બેઠક પર વધારે વખત બેસવાનું હવે ફારસરૂપ થઈ પડશે એમ સમજીને હું ઊભો થયો ને થિયેટરની બહાર ચાલી નીકળ્યો.

પૂર્વના દેશોમાં માનવજીવનની તદ્દન નજીક દેખાતા સુંદર ચંદ્રની નીચેથી પસાર થતો હું રસ્તા પર મંદ ગતિએ અને કોઈ પણ પ્રકારના પ્રયોજન વિના પરિભ્રમણ કરવા માંડ્યો. રસ્તાના ખૂણામાં એક ભિખારી મારી પાસે આવી પહોંચ્યો. એણે અસ્પષ્ટ શબ્દોમાં સૌથી પહેલાં કંઈક કહેવા માંડ્યું. એટલે મેં એના ચહેરા તરફ તાકીને જોવા માંડ્યું. હું ભયથી પાછો ખસી ગયો, કારણકે કોઈ ભયંકર રોગને લીધે એના ચહેરાની ચામડી હાડકાં સાથે થીંગડાની પેઠે ચોંટી ગઈ હતી, અને એને પરિણામે એ એકદમ કુરૂપ દેખાતો હતો. પરંતુ જીવનના શિકાર બનેલા એ સાથી પ્રત્યેનો મારો કંટાળો થોડી જ વારમાં દૂર થયો. એને બદલે મારા દિલમાં ઊંડી દયા પેદા થઈ, અને મારી પાસે જેટલા છૂટા પૈસા હતા તે બધા જ એણે મારી તરફ ફેલાવેલા એના હાથમાં મેં મૂકી દીધા.

હું બેક બેના દરિયાકિનારે જઈ પહોંચ્યો, અને ત્યાં રોજ રાતે ફરવા આવતા જુદીજુદી જાતિના લોકોના પચરંગી ટોળાથી બચવા માટે એક એકાંત જગ્યામાં બેસી ગયો. શહેરના સુંદર ચંદરવા જેવા તારામંડળનું નિરીક્ષણ કરતી વખતે મને ભાન થયું કે મારા જીવનમાં હું અણધાર્યા કટોકટીના તબક્કાએ પહોંચી ચૂક્યો છું.

× × ×

મારી સ્ટીમર થોડાક દિવસોમાં યુરોપને માર્ગે ચાલી નીકળશે અને અરબી સમુદ્રનાં વાદળી–નીલરંગી પાણીમાંથી આગળ વધશે. સ્ટીમર પર એક વાર હું તત્ત્વજ્ઞાનને છેલ્લી સલામ ભરી લઈશ તથા

વિસ્મૃતિના સાગરમાં પૂર્વના દેશની મારી શોધની ભાવનાને ઉછાળીને ફેંકી દઈશ. મારી કલ્પના મુજબના મહામાનવોની શોધ માટે આપવો પડતો વખતનો, વિચારનો, શક્તિનો ને ધનનો ભોગ હવે હું વધારે વખત નહિ આપું.

પરંતુ પેલો અટલ માનસિક અવાજ મને ફરી પરેશાન કરવા માંડ્યો.

'મૂર્ખ!' એણે મારા પર ધિક્કારપૂર્વક પ્રહાર કરતાં કહેવા માંડ્યું: 'વરસોની શોધખોળ અને આકાંક્ષાનું પરિણામ આવી રીતે શૂન્યમાં જ આવવાનું છે? તમે બીજા મનુષ્યોના પંથે જ પ્રયાણ કરશો, જે શીખ્યા છો તે બધું જ ભૂલી જશો, અને તમારી ઉત્તમ લાગણીઓને મિથ્યાભિમાન ને વિષયવાસનાના વેગમાં વહાવી દેશો? પરંતુ ધ્યાન રાખો! જીવનની તમારી ઉમેદવારી દરમિયાન તમને ભયંકર પુરુષોનો મેળાપ થયો છે: અનંત વિચારધારાએ આત્માની ઉપરના આવરણને ગાઢ કર્યું છે: સતત પ્રવૃત્તિએ તમને પોતાની ચાબુકથી ફટકાર્યા છે: અને આધ્યાત્મિક એકલતાએ તમારા આત્માને બીજાથી જુદો પાડી દીધો છે; જીવનની ઉમેદવારીના એ કરારનાં પરિણામોમાંથી તમે છૂટી શકો તેમ છો? બિલકુલ નહિ, કારણકે એણે તમારા પગને અદૃષ્ટ સાંકળોથી બાંધી દીધા છે!'

મારી અંદર જુદાજુદા ભાવો પેદા થવા માંડ્યા. એ ભાવોનો અનુભવ કરતાં હું આકાશમાં છવાયેલા વિશાળ તારામંડળ તરફ તાકી રહ્યો. મને મળેલી નિષ્ફળતાને લીધે હું તદ્દન અસહાય બની ગયો છું એવી વકીલાત કરતાં, એ નિર્દય માનસિક અવાજની સામે મેં મારી જાતના બચાવનો પ્રયાસ કરવા માંડ્યો.

અવાજે ઉત્તર આપ્યો:

'તમે ભારતમાં જે માણસોને મળ્યા તેમનામાંથી તમે જેને શોધી રહ્યા છો તે કોઈ જ ગુરુ નથી થઈ શકે તેમ, તેની તમને ખાતરી છે?'

મારા મનની આંખ આગળથી મુખાકૃતિઓની લાંબી પરંપરા પસાર થઈ. તેજ મિજાજની ઉત્તરની મુખાકૃતિઓ, સંતોષી દક્ષિણની

મુખાકૃતિઓ, વિક્ષિપ્ત લાગણીવશ પૂર્વની અને શાંત સુદૃઢ પશ્ચિમની મરાઠી મુખાકૃતિઓ : મિત્રતાભરી, મૂર્ખ, ડહાપણવાળી, નુકસાનકારક, દુષ્ટ અને ગહન મુખાકૃતિઓ.

એ સરઘસાકારે દેખાતી મુખાકૃતિઓમાંથી એક મુખાકૃતિ જુદી પડી ને મારી આગળ દૃઢતાપૂર્વક ઊભી રહી. એની આંખ મારી આંખમાં શાંતિથી તાકવા લાગી. એ શાંત, અલૌકિક ચહેરો દક્ષિણમાં અરુણાચલના પર્વત પર જીવન પસાર કરી ચૂકેલા સંત શ્રી રમણ મહર્ષિનો હતો. હું એમને કદી પણ ભૂલી ગયો નહોતો. ખરું કહું તો, મહર્ષિનો ભાવભર્યો વિચાર થોડાક વખત માટે પણ, અવારનવાર ઉત્પન્ન થયા કરતો; પરંતુ મારા અનુભવો એટલા બધા ઝડપી ગતિએ થઈ રહ્યા હતા, પ્રસંગો અને મનુષ્યોનો સંસર્ગ એટલો બધો ત્વરિત હતો, અને મારી શોધ દરમિયાન એવા આકસ્મિક ફેરફાર થયા કરતા કે એ બધાને લીધે એમની સાથેના ટૂંકા સંસર્ગ દરમિયાન મારા પર પડેલી અસરો ઢંકાઈ ગઈ હતી.

છતાં હવે મને સમજાયું કે મારા જીવનમાંથી એ, અંધારા આકાશમાંથી પોતાનો એકાકી પ્રકાશ લઈને પસાર થતા અને વિલીન બનતા તારાની પેઠે પસાર થયા છે, મારી અંદરના પ્રશ્નકર્તાના પ્રશ્નના ઉત્તરરૂપે મારે કબૂલ કરવું પડયું કે પૂર્વ કે પશ્ચિમમાં ગમે ત્યાં મને આજ સુધી મળેલા કોઈ પણ માણસ કરતાં એમણે મારા પર વધારે પ્રભાવ પાડયો છે. પરંતુ એ અત્યંત અલગ લાગેલા, અંગ્રેજી મનોવૃત્તિની પહોંચથી પર જણાયેલા, અને હું એમનો શિષ્ય થયો કે ન થયો એ હકીકત પ્રત્યે તદ્દન બેપરવા રહેલા.

એ શાંત અવાજે હવે મને જોરથી ઘેરી લીધો.

'એ બેપરવા હતા એવું તમે ચોક્કસપણે કેવી રીતે કહી શકો ? તમે લાંબો વખત રહેવાને બદલે ઉતાવળ કરીને ચાલી નીકળેલા.'

'ખરું છે.' મેં મંદ સ્વરે કબૂલ કર્યું : 'મારે મારા પોતાના હાથે લાદેલા કાર્યક્રમ પ્રમાણે ચાલવાનું હતું. મારાથી બીજું શું થાત ?'

'હવે તમે એક કામ કરી શકે છો. એમની પાસે પાછા જાઓ.'

'એમની પાસે જવાનું મારી જાતને દબાણ કેવી રીતે કરું?'

'તમારી વ્યક્તિગત લાગણીઓ કરતાં આ શોધની સફળતાનું મહત્ત્વ વધારે છે. મહર્ષિ પાસે પાછા જાઓ.'

'એ ભારતના બીજા છેડા પર છે અને હું એટલો બધો બીમાર છું કે મારા પર્યટનનો પ્રારંભ ફરીથી કરી શકું તેમ નથી.'

'એથી શું થયું? ગુરુની ઇચ્છા હોય તો તમારે તેની કિંમત ચૂકવવી જોઈએ.'

'મારે અત્યારે ગુરુની જરૂર છે કે કેમ એની મને શંકા છે, કેમ કે હું એટલો બધો થાકેલો છું કે કોઈ વસ્તુની ઇચ્છા મને થતી જ નથી. ગમે તેમ, મેં સ્ટીમરની જગા નોંધાવી છે એટલે ત્રણ દિવસમાં મારે સફર કરવી જ જોઈએ. કાર્યક્રમ બદલવાનું ઘણું મોડું થઈ ગયું છે.'

અવાજે મારો તિરસ્કાર કરતાં ને મારી હાંસી ઉડાવતાં કહેવા માંડ્યું:

'ઘણું મોડું? વાહ! તમારી મૂલ્યાંકન કરનારી બુદ્ધિને શું થયું? એ બુદ્ધિ ક્યાં ગઈ? તમે કબૂલ કરો છો કે મહર્ષિ તમને આજ સુધી મળેલા સૌથી વધારે અલૌકિક પુરુષ છે. તોપણ તેમને જાણવાનો પૂરો પ્રયત્ન કરતા પહેલાં જ તમે તેમની પાસેથી દૂર નાસી જવા માગો છો. એમની પાસે પહોંચી જાઓ.'

મેં મારી ઉદાસીનતા તથા હઠ પકડી રાખી. મગજમાંથી ઉત્તર મળવા માંડ્યો કે 'હા', પરંતુ લોહી 'ના' કહેવા લાગ્યું.

અવાજે મને ફરી આગ્રહ કર્યો:

'તમારી યોજનાઓને ફરી બદલી નાખો. તમારે મહર્ષિ પાસે પાછા જવું જ પડશે.'

એટલામાં તો મારા અંતરના ઊંડાણમાંથી કશુંક ઊછળી આવ્યું અને એ ગૂઢ અવર્ણનીય અવાજના આદેશને તરત જ માન્ય રાખવાની માગણી કરવા લાગ્યું. એણે મારા પર અધિકાર જમાવી દીધો અને મારા તર્કયુક્ત વિરોધોને તેમ જ મારી કાયાના વાંધાઓને

એવા તો બળજબરીપૂર્વક જીતી લીધા કે એના હાથમાં હું એક બાળક જેવો બની રહ્યો. મને મહર્ષિ પાસે તત્કાળ પાછા ફરવાનું કહેતી મારા પર અધિકાર જમાવી બેઠેલી એ શક્તિના અનુભવ દરમિયાન એમની અનેરી, સંદેશા પાઠવતી, અત્યંત પ્રતાપી, શક્તિશાળી, આંખને અજબ રીતે જોયા કરી.

એ આંતરિક અવાજની આગળ મેં વધારે દલીલો કરવાનું મોકૂફ રાખ્યું, કારણકે મને સમજાઈ ગયું કે હું એની પાસે લાચાર છું. મને થયું કે હું મહર્ષિને મળવા માટે અત્યારે જ નીકળી પડું, અને જો એ સંમતિ આપે તો એમને મારા સંરક્ષક તરીકે સ્વીકારી લઉં. મારા જીવનના રથને એ તેજસ્વી તારા તરફ દોડાવી દઉં. પાસો નખાઈ ગયો. મને સમજાયું નહિ કે એ શક્તિ કઈ છે છતાં કોઈક શક્તિએ મારા પર વિજય પ્રાપ્ત કરી લીધો.

હોટેલમાં પાછા ફરીને મેં કપાળ ધોઈ નાખ્યું ને સહેજ ગરમ ચા પીધી. એ ચાના પ્યાલાના ઘૂંટડા પીતી વખતે મને લાગ્યું કે હું બદલાઈ ગયો છું. મને સારી પેઠે સમજાયું કે અધમતા અને શંકાનો ભારેખમ ભાર મારા ખભા પરથી ઊતરી રહ્યો છે.

બીજે દિવસે સવારે હું નાસ્તો કરવા નીચે આવ્યો ત્યારે મને જણાયું કે મુંબઈ પાછો આવ્યો તે પછી આજે હું પહેલી જ વાર સ્મિત કરી રહ્યો છું. સફેદ જાકીટ, સોનેરી કમરબંધ ને સફેદ સુરવાલથી સુશોભિત, ઊંચા, દાઢીવાળા શીખ નોકરે મારી ખુરસી પાછળ અદબ વાળીને ઊભા રહેતાં મારા સ્મિતના પ્રત્યુત્તર રૂપે સ્મિત કર્યું. પછી એણે કહ્યું :

'સાહેબ, તમારો એક કાગળ છે.'

મેં પરબીડિયું જોવા માંડયું : એનું સરનામું બે વાર બદલવામાં આવેલું હતું અને એ મારી પાછળ એકથી બીજા સ્થળમાં ફરતું રહ્યું હતું. ખુરસી પર બેસીને એ ફાડીને ખોલી જોયું.

મારા આનંદ અને આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે એ કાગળ અરુણાચલ પર્વતની તળેટીના આશ્રમમાં લખાયેલો છે. એના લખ-

નારા એક વખતના એક નામાંકિત આગળપડતા કાર્યકર્તા તેમ જ મદ્રાસ ધારાસભાના સભ્ય હતા. ઘરમાં કરુણ મૃત્યુ થવાથી દુન્યવી કામકાજમાંથી નિવૃત્ત થઈને એ મહર્ષિના શિષ્ય બનેલા, અને એમની અવારનવાર મુલાકાત લેતા. હું એમને મળેલો અને તે પછીથી અમારી વચ્ચે અનિયમિત પત્રવ્યવહાર ચાલ્યા કરતો.

કાગળ ઉત્સાહપ્રેરક વિચારોથી ભરેલો હતો. હું ફરી વાર આશ્રમની મુલાકાત લઉં તો મારું સ્વાગત કરવામાં આવશે એવી સૂચના એમાં સમાયેલી હતી. એ પત્ર મેં પૂરેપૂરો વાંચી લીધો એટલે બીજાં બધાં વાક્યોની અસરને ભૂંસી નાખતું એક વાક્ય મારા સ્મૃતિપટ પર ઝળકી ઊઠ્યું.

'સાચા ગુરુને મળવાનું સદ્‌ભાગ્ય તમને સાંપડી ચૂક્યું છે.' એ વાક્ય એવી રીતે આગળ ચાલ્યું.

કાગળને મેં મહર્ષિ પાસે જવાના મારા અભિનવ નિર્ણયના સાનુકૂળ શુકન જેવો માની લીધો. નાસ્તો પતાવીને હું વહાણવટાની ઑફિસે હંકારી ગયો, અને મેં ખબર આપી કે હું સફર નથી કરવાનો.

થોડા જ વખતમાં મેં મુંબઈને વિદાય વખતના રામરામ કર્યા અને મારી નવી યોજનાનો અમલ કર્યો. મેં ડેક્કનના સપાટ, નીરસ પ્રદેશના સેંકડો માઈલ ઓળંગી લીધા. એના લાંબા વિસ્તારોમાં એકાકી વાંસનાં ઝાડ જ ઊછેરેલાં જોઈ શકાયાં. પોતાનાં પાંદડાંવાળાં માથાવાળાં એ વાંસનાં ઝાડ આખાય દૃશ્યને અવનવું બનાવતાં હતાં. આછા ઘાસ અને ક્વચિત્ જોવા મળતાં ઝાડવાળી ઉજ્જડ જમીન પરથી આગળ વધતી ટ્રેન મારે માટે પૂરતી ઝડપથી નહોતી દોડતી. પાટા ઉપર એ આંચકા ખાતી દોડચે જતી ત્યારે મને લાગતું કે હું એક ઉત્તમ અવસર તરફ — આત્મિક પ્રકાશની અને આજ સુધીમાં મારા સંસર્ગમાં આવેલી વ્યક્તિઓમાંની સૌથી વધારે રહસ્યમય વ્યક્તિની દિશામાં દોડી રહ્યો છું. મારા ડબાની બંધ બારી ઉઘાડીને હું બહાર નજર નાખતો ત્યારે એક ઋષિને અથવા આધ્યાત્મિક

મહામાનવને શોધી કાઢવાની મારી સુપ્ત આશાઓ ફરી એક વાર જાગી ને સળવળી ઊઠતી.

બીજે દિવસે હજારથી વધારે માઈલની મુસાફરી કર્યા પછી અમે થોડીક લાલ પર્વતમાળાવાળા દક્ષિણના આનંદદાયક પ્રદેશમાં પ્રવેશવાનો પ્રારંભ કર્યો, ત્યારે મને અનેરા સુખનો અનુભવ થયો. અને એ ગરમ સપાટ પ્રદેશથી આગળ વધ્યા ત્યારે અનુભવાયેલી મદ્રાસ શહેરની ભેજવાળી, સમુદ્રનો લહરીવાળી ગરમી ખરેખર આવકારદાયક લાગી, કારણકે એનો અર્થ એવો થયો કે મારી મોટા ભાગની મુસાફરી પૂરી થઈ.

સાઉથ મરાઠા કંપનીના એ છેલ્લા સ્ટેશનમાંથી બહાર નીકળીને સાઉથ ઈન્ડિયન રેલવેમાં બેસવા માટે મારે એ છૂટાછવાયા શહેરમાંથી આગળ વધવું પડયું. મને તપાસ કરવાથી ખબર પડી કે ગાડીને ઊપડવાને થોડા કલાકની વાર છે, એટલે એટલા સમયનો ઉપયોગ કરીને મેં કેટલીક જરૂરી ખરીદી કરી તથા દક્ષિણ ભારતીય ધાર્મિક વડા પરમપૂજ્ય શ્રી શંકરાચાર્ય સાથે મારી ઓળખાણ કરાવનાર ભારતીય લેખક સાથે ઉતાવળે વાતચીત કરી લીધી.

એમણે મને અત્યંત પ્રેમપૂર્વક આવકાર આપ્યો, અને મેં જ્યારે એમને જણાવ્યું કે હું મહર્ષિ પાસે જઈ રહ્યો છું ત્યારે એમણે ઉદ્‌ગાર કાઢયા :

'તમારી વાત સાંભળીને મને નવાઈ નથી લાગતી. મેં એવું ધાર્યું જ હતું.'

હું ચકિત થયો, છતાં તેમને પૂછવા માંડયો :

'તમે એવું કેમ બોલો છો ?'

એમણે સ્મિત કર્યું.

'મારા મિત્ર, ચિંગલપટ શહેરમાંથી આપણે શંકરાચાર્ય પાસેથી કેવી રીતે છૂટા પડેલા તે તમને યાદ નથી આવતું ? આપણે છૂટા પડયા તેના થોડાક વખત પહેલાં એમણે મારા કાનમાં આગળના ઓરડામાં કશુંક કહેલું તે તમે નહોતું જોયું ?'

'હા. હવે તમે મને યાદ કરાવ્યું એટલે મને પણ એ બરાબર યાદ આવે છે.'

લેખકના પાતળા, સંસ્કારી વદન પર હજુ પણ સ્મિત ફરકી રહ્યું હતું.

'શંકરાચાર્યે મને જે કહેલું તે આ પ્રમાણે છે: 'તમારા મિત્ર ભારતમાં ચારે તરફ પ્રવાસ કરશે. એ અનેક યોગીઓને મળશે અને અનેક સદુપદેશકોને સાંભળશે. પરંતુ આખરે એમને મહર્ષિ પાસે પાછા ફરવું પડશે. એમને માટે મહર્ષિ એકલા જ સાચા ગુરુ છે.'

મારા પુનરાગમન વખતે મને સાંભળવા મળેલા એ શબ્દોએ મને ખૂબ જ પ્રભાવિત કર્યો. એ શબ્દોએ શંકરાચાર્યના ભવિષ્ય ભાખવાના સામર્થ્યને પ્રકટ કર્યું, અને વધુમાં, હું સાચો રાહ અપનાવી રહ્યો છું એ હકીકતને એનાથી એક પ્રકારનું સમર્થન મળ્યું.

મારા ગ્રહોએ મારા પર લાદેલાં પરિભ્રમણો કેટલાં બધાં વિચિત્ર અથવા અનોખાં હતાં?

૧૬

અરણ્યના આશ્રમમાં

કેટલીક અવિસ્મરણીય ક્ષણો આપણા જીવનના પંચાંગમાં સોનેરી અક્ષરે અંકિત થાય છે. મેં મહર્ષિના હોલમાં પ્રવેશ કર્યો ત્યારે, એ વખતે મારા જીવનમાં એવી જ ક્ષણ આવી પહોંચી.

મહર્ષિ રોજની જેમ એમના કોચના મધ્યભાગ પર બિછાવેલા ભવ્ય ને સુંદર વ્યાઘ્રચર્મ પર બેઠેલા. હોલમાં બધે જ ચિત્તાકર્ષક ઉત્તેજક ધૂપની ખુશબો ફેલાવતી અગરબત્તીઓ એમની પાસેના એક નાના ટેબલ પર સળગી રહેલી હતી. મેં એમની પહેલી વાર મુલાકાત લીધી ત્યારે એ અનેરા અવસર પર આત્માના ઊંડાણમાં વિલીન થઈને સમાધિદશામાં ડૂબી જઈને એ મનુષ્યોથી દૂરના પ્રદેશમાં પહોંચી ગયેલા. પરંતુ આજે એમની દશા એવી ન દેખાઈ. એમની આંખ આ દુનિયાદર્શન કરતી સ્પષ્ટ રીતે ઉઘાડી હતી. મેં એમને પ્રણામ કર્યા એટલે એમણે મારા પર સમજપૂર્વક દૃષ્ટિપાત કર્યો, અને એમના મુખ પર મારા સત્કારનું માયાળુ સ્મિત ફરી વળ્યું.

થોડા શિષ્યો એમના ગુરુથી થોડા સન્માનસૂચક અંતરે જમીન પર બેઠા હતા. એ સિવાય વિશાળ હોલ ખાલી હતો. એક શિષ્ય પંખો ખેંચતો હતો. ભારે હવામાંથી એ પંખો ભારે સુસ્તી સાથે ધીમેધીમે ફર્યા કરતો.

મારા હૃદયમાં એ ભાવ કાયમ હતો કે હું એક શિષ્ય તરીકેનું સ્થાન ગ્રહણ કરવાની ઇચ્છાથી આવ્યો છું અને મહર્ષિનો નિર્ણય

નહિ સાંભળું ત્યાં સુધી મારા મનને શાંતિ નહિ મળે. મારો સ્વીકાર થશે જ એવી મોટી આશા સાથે હું જીવતો એ સાચું હતું. કારણ કે મને મુંબઈથી બહાર ધકેલીને આ સ્થાનમાં મોકલનારી શક્તિ કોઈ સાધારણ નહોતી. એ તો આત્માના અસામાન્ય પ્રદેશમાંથી મળેલો નિશ્ચિત અને પ્રમાણભૂત હુકમ અથવા અલૌકિક આદેશ હતો. મેં મહર્ષિની આગળ સંક્ષેપમાં મારી પરિસ્થિતિનું શરૂઆતનું સ્પષ્ટીકરણ કરી દીધું, અને પછી ટૂંકમાં છતાં હિંમતપૂર્વક એમને વિનતિ કરી.

એ મારી તરફ હસતા રહ્યા, પરંતુ કશું બોલ્યા નહિ.

મેં મારા પ્રશ્નનું ભારપૂર્વક પુનરુચ્ચારણ કર્યું.

ફરી લાંબા વખત સુધી નીરવતા રહી. પરંતુ આખરે એમણે ઉત્તર આપ્યો ખરો. એમણે દુભાષિયાની મદદ લેવાની ના પાડી અને પોતાના વિચારો અંગ્રેજીમાં સીધા જ વ્યક્ત કરવા માંડ્યા.

'ગુરુઓ અને શિષ્યોની આવી બધી વાતો શા માટે થઈ રહી છે? એ બધા ભેદભાવો તો શિષ્યના દૃષ્ટિબિંદુને લીધે અસ્તિત્વ ધરાવે છે. જેણે આત્મસાક્ષાત્કાર કરી લીધો છે તેને માટે ગુરુ કે શિષ્ય જેવું કશું જ નથી રહેતું. એવો પુરુષ તો સઘળા લોકોને સમદૃષ્ટિથી જોતો હોય છે.'

મારો શરૂઆતમાં જ અસ્વીકાર કરવામાં આવ્યો એવું થોડુંક લાગ્યું તો ખરું જ. મેં બીજી રીતે એની એ વિનતિ કરી જોઈ, છતાં મહર્ષિએ એ મુદ્દા પર નમતું ન આપ્યું. પરંતુ છેલ્લેછેલ્લે એ બોલ્યા:

'ગુરુનું દર્શન તમારે અંદર, તમારા પોતાના અંતરાત્મામાં કરવું જોઈએ. પોતાના શરીરને એ જેવી દૃષ્ટિથી જુએ છે તેવા જ દૃષ્ટિથી તમારે એમના શરીરને જોવું જોઈએ. શરીર એમનું સાચું સ્વરૂપ નથી.'

મારા વિચારોની પરંપરામાંથી મને જાણે કોઈક કહેવા માંડ્યું કે મહર્ષિ મારી માગણીને હકારાત્મક ભાષામાં સીધેસીધી મંજૂર કરવા તૈયાર નહિ થાય, અને એનો ઉત્તર મારે કોઈ બીજી રીતે

મેળવી લેવો પડશે. એ રીત એમની સૂચના પ્રમાણેની સૂક્ષ્મ, ગહન અને અજ્ઞાત રીત જ હશે એમાં શંકા નથી. એથી મેં એ વિષય છોડી દીધો, અને અમે મારી મુલાકાતની બહારની ને ભૌતિક બાજુ વિશે વાત કરવા લાગ્યા.

બપોર પછીનો વખત મેં લાંબા નિવાસ માટેની કેટલીક વ્યવસ્થા કરવામાં પસાર કર્યો.

× × × ×

પછીનાં અઠવાડિયાં દરમિયાન હું અજાણ્યું, આદત વગરનું જીવન જીવવા લાગ્યો. મારા દિવસો મહર્ષિના હોલમાં પસાર થવા માંડ્યા. ત્યાં બેસીને મહર્ષિના જ્ઞાનના છૂટાછવાયા અંશોને અને મારા પુછાયેલા પ્રશ્નોના ઉત્તરનાં સંક્ષિપ્ત સૂચનોને હું ગ્રહણ કરતો. ઉતાવળે બાંધેલી ઝૂંપડીની કાચી જમીન પર બિછાવેલા કામળા પર હું શરીરને લંબાવતો, એ રીતે મારી રાત્રીઓ પહેલાંની પેઠે ભયંકર વ્યથાજનક અનિદ્રામાં જ વ્યતીત થઈ જતી.

એ સાધારણ આશ્રયસ્થાન આશ્રમથી આશરે ત્રણસો ફીટ દૂર હતું. એની જાડી દીવાલો પર માટીનો પાતળો લેપ કરેલો, પરંતુ ચોમાસાના વરસાદ સામે ટકી રહેવા માટે છાપરાને નળિયાંથી મજબૂત રીતે તૈયાર કરવામાં આવેલું હતું. એની આજુબાજુનું મેદાન કાંઈક અંશે ઘીચ રીતે ઊગેલાં ઝાડપાનથી ભરેલું હતું. પશ્ચિમ તરફ વિસ્તરેલું જંગલ ખરેખર ત્યાંથી શરૂ થતું. એ અવ્યવસ્થિત પ્રદેશમાં પ્રકૃતિ પોતાના અસભ્ય, જંગલી વૈભવ સાથે જોવા મળતી. થોરની વાડો આજુબાજુ પુષ્કળ પ્રમાણમાં અને અનિયમિત રીતે પથરાયેલી હતી. એમની કાંટાવાળી કરોડોને જોઈને જાડી સોયોની સ્મૃતિ થઈ આવતી. એમની પાછળના જંગલની જમીન પર નાનાનાના છોડવા અને નીચાં વામન જેવાં વૃક્ષોનો પડદો પડી ગયેલો. ઉત્તર તરફ ધાતુના રંગની છાંટવાળી શિલાઓ અને ઘઉંવરણી ધરતીના સમૂહ જેવા પર્વતનો ફિક્કો આકાર દેખાતો. દક્ષિણ તરફ એક મોટું

જળાશય હતું. એના પ્રસન્ન પાણીએ મને ત્યાં જવા માટે આકર્ષેલો. એના કિનારા પર વૃક્ષોના સમૂહની પંક્તિઓ હતી. એ વૃક્ષો પર રાખોડી ને રતૂમડા અથવા બદામી રંગના વાનરો આશ્રય લેતા.

દરેક દિવસ એના આગલા દિવસની નકલ જેવો હતો. સવારે વહેલો ઊઠીને હું જંગલમાં પ્રકટતા પરોઢનું નિરીક્ષણ કરતો. રાખોડી રંગનું પરોઢ લીલો રંગ ધારણ કરતું અને પછી સોનેરી બનતું. પછીથી હું જળાશયમાં ડૂબકી મારતો અને ઉપર ને નીચે ઝડપથી તરતો રહેતો. એ વખતે હું જેટલો કરી શકાય એટલો અવાજ કરતો જેથી પાણીમાં સંતાયેલા સાપ છેટા ચાલ્યા જાય. એ પછી કપડાં પહેરતો, દાઢી કરતો અને એ સ્થળમાં પ્રાપ્ત થઈ શકતા એક માત્ર મોજશોખ જેવા સ્વાદિષ્ટ સ્ફૂર્તિદાયક, ચાના ત્રણ પ્યાલાનો સ્વાદ લેતો.

'સાહેબ, ચાના પાણીની કીટલી તૈયાર છે.' મેં નોકરીએ રાખેલો રાજુ નામનો છોકરો મને સૂચના આપતો. પહેલાં તો એને અંગ્રેજી ભાષાનું જરાક પણ જ્ઞાન નહોતું, પરંતુ મારા વારંવારના શિક્ષણને પરિણામે એણે એટલું અને એથી વધારે જ્ઞાન પ્રાપ્ત કરેલું. નોકર તરીકે એ એક રત્ન જેવો હતો, કારણકે હું એને જે અવનવી વસ્તુઓ અને ખાદ્યસામગ્રીની ખરીદી માટે મોકલતો તેની તપાસમાં એ આશાપૂર્વક દઢ સંકલ્પને ધારણ કરીને એ નાનકડા શહેરમાં આગળપાછળ બધે જ ફરી વળતો, અથવા ધ્યાનના વખત દરમિયાન મહર્ષિના હોલ બહાર સાવચેત બનીને શાંતિપૂર્વક બેસી રહેતો કે જેથી એવે વખતે એને બોલાવવામાં આવે તો એ આવી શકે. પરંતુ રસોઇયા તરીકે એ પશ્ચિમના સ્વાદની સમજ નહોતો ધરાવતો. પશ્ચિમની વાનગીઓને એ વિચિત્ર ને વિકૃત સમજતો થોડા દુઃખદ પ્રયોગો પછી રસોઈ બનાવવાની ગંભીર પ્રક્રિયા મેં પોતે જ સંભાળી લીધી, અને રોજ એક વાર સરખું ભોજન કરવાની ટેવ પાડીને મારા પરિશ્રમને ઘટાડી દીધો. પ્રતિદિન ત્રણ વાર પિવાતી ચા મારે માટે આ દુનિયાના એકમાત્ર આનંદરૂપ અને

મારી શક્તિના મુખ્ય આધાર જેવી બની રહી. રાજ સૂર્યના પ્રકાશમાં ઊભો રહીને બદામી રંગના સરસ દારૂની મારી લતને આશ્ચર્યચકિત બનીને જોયા કરતો. ભારતના પ્રાચીન નિવાસી કાળા દ્રાવિડોનો એ પુત્ર હોવાથી, પ્રખર સૂર્યપ્રકાશમાં એનું શરીર પોલિશ કરેલા કાળા કાષ્ઠ જેવું ચમકતું.

નાસ્તો કર્યા પછી આશ્રમમાં હું શાંતિપૂર્વક ધીમી ચાલે ફરવા નીકળતો, વાંસના દંડાની વાડવાળા કંપાઉન્ડના બાગના ગુલાબના સુમધુર છોડવા પાસે બે-ચાર મિનિટ ઊભો રહેતો, કે પછી નાળિયેરથી ભારે બનેલાં મસ્તકવાળાં નાળિયેરીનાં વૃક્ષોની નીચે નમેલાં પાંદડાંની છાયામાં આરામ કરતો. સૂર્યનો તાપ તીખો થતાં પહેલાં આશ્રમના ઉદ્યાનમાં વિહરવાનો અને ભાતભાતનાં ને જાતજાતનાં ફૂલોને જોવાનો ને સૂંઘવાનો અનુભવ ખરેખર અનેરો હતો.

પછીથી હું હૉલમાં પ્રવેશતો, મહર્ષિને પ્રણામ કરતો, અને પલાંઠી વાળીને શાંતિપૂર્વક બેસી જતો. થોડોક વખત હું લખતો કે વાંચતો, અથવા એકબે માણસો સાથે વાતચીતમાં ગાળતો, અથવા મહર્ષિ સાથે કોઈક મુદ્દાની છણાવટ કરતો કે, પછી મહર્ષિએ બતાવેલી પદ્ધતિ પ્રમાણે એકાદ કલાક ધ્યાન ધરતો. જો કે સાંજનો સમય તો મોટે ભાગે હૉલમાં ધ્યાન માટે ખાસ નિશ્ચિત કરેલા અભ્યાસમાં જ વિતાવતો. પરંતુ ગમે તેવી પ્રવૃત્તિ કરવા છતાં એ સ્થાનના રહસ્યમય આધ્યાત્મિક વાતાવરણનો અને મારા મસ્તકમાં મક્કમ રીતે પ્રવેશતાં કૃપાયુક્ત કિરણોનો ક્રમેક્રમે અનુભવ કર્યા વગર હું નહોતો રહી શકતો. મહર્ષિની બાજુમાં એકાદ ક્ષણ બેસવા માત્રથી મને એક જાતની ઊંડી અવર્ણનીય શાંતિનો સ્વાદ સાંપડતો. બારીક નિરીક્ષણ અને વારંવારના પૃથક્કરણને પરિણામે સમય પર મને એવી પૂરેપૂરી પ્રતીતિ થઈ કે અમે બંને એકમેકના સાન્નિધ્યમાં હોઈએ છીએ ત્યારે અમારી વચ્ચે એક પ્રકારનો પારસ્પરિક અસર પેદા થાય છે. એ આખીય વસ્તુ અત્યંત સૂક્ષ્મ ને ગૂઢ હતી. પરંતુ એના સંબંધમાં કોઈ જાતની ભૂલને માટે અવકાશ નહોતો.

બપોરના ભોજન માટે હું ઝૂંપડીમાં અગિયાર વાગ્યે પાછો ફરતો. પછી થોડે વિશ્રામ કરતો, અને એ પછી સવારના મારા કાર્યક્રમના પુનરાવર્તન માટે ફરીથી હૉલમાં જતો. કોઈક વાર મારા ધ્યાનના અને વાર્તાલાપના ક્રમમાં ફેરફાર કરીને હું આજુબાજુના પ્રદેશમાં પરિભ્રમણ કરતો અથવા અરુણાચલના ભવ્ય મંદિર સંબંધમાં વિશેષ શોધખોળ કરવા નાનકડા શહેર તરફ નીકળી પડતો.

પોતાનું ભોજન પૂરું કરીને મહર્ષિ મારી મદૂલીએ કોઈ કોઈ વાર મારી મુલાકાત લેવા આવી પહોંચતા. એ અવસરનો લાભ લઈને હું એમની આગળ બીજા વધારાના પ્રશ્નો રજૂ કરતો. એના ઉત્તરો એ ધીરજપૂર્વક સંક્ષિપ્ત સૂત્રો જેવાં વાક્યોમાં આપ્યે જતા. એ સૂત્રો સંપૂર્ણ વાક્યો બનાવવા માટે ભાગ્યે જ પર્યાપ્ત થતાં. પરંતુ કોઈ વાર હું કોઈ નવી સમસ્યા રજૂ કરતો ત્યારે એના ઉત્તરમાં એ કાંઈ પણ ન બોલતા. એને બદલે એ ક્ષિતિજ સુધી લંબાયેલી, જંગલથી વીંટળાયેલી, પર્વતમાળા તરફ મીટ માંડતા અને અચળ રહેતા. મિનિટો પસાર થઈ જતી, છતાં એમની આંખ મંડાયેલી રહેતી, અને એ કોઈક દૂરના પ્રદેશમાં પહોંચી ગયા હોય એવું લાગ્યા કરતું. એમનું ધ્યાન દૂરની કોઈ અદૃષ્ટ સૂક્ષ્મ વ્યક્તિ પર લાગ્યું છે કે અંદરના વિષયમાં ડૂબી ગયું છે તેને પારખવાની શક્તિ મારામાં જરા પણ ન રહેતી. પહેલાં તો મને નવાઈ લાગતી કે એમણે મારી વાત સાંભળી છે કે નહિ, પરંતુ પાછળથી જે નીરવ શાંતિ છવાઈ જતી તે દરમિયાન મારા બુદ્ધિવાદી મન કરતાં વધારે મહાન એવી કોઈક શક્તિ મારા પર પોતાનો પ્રભાવ પાડતી ને છેવટે મારા પર પૂરેપૂરો અધિકાર જમાવતી. એ શાંતિનો ભંગ કરવાની મારી શક્તિ નહોતી તેમ જ મરજીય ન થતી.

એ અનુભવને પરિણામે મારા આશ્ચર્ય વચ્ચે મને સમજાતું કે મારા બધાય પ્રશ્નો એક અનંત રમતની પ્રવૃત્તિ જેવા છે, વિચારોના વ્યાપારની કોઈ હદ કે મર્યાદા નથી, અને મારી અંદર જ કયાંક સ્વાનુભૂતિનો એક એવો કૂવો છે જે મારે જોઈતું સત્યનું સઘળું

પાણી મને પૂરું પાડી શકે તેમ છે. વળી મને એવું પણ લાગતું કે મારા અંતરાત્માની અનંત અસીમ વિશાળ શક્તિઓનો સાક્ષાત્કાર કરું અને એને માટે પ્રશ્નો પૂછવાનું બંધ રાખું એ વધારે સારું રહેશે. એટલા માટે હું મૂક રહેતો ને પ્રતીક્ષા કરતો.

એક વાર એવો જ પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે, મહર્ષિની આંખ આશરે અડધા કલાક સુધી એમની સામેની સીધી દિશામાં અચળ ને સ્થિર દૃષ્ટિથી તાકી રહી. મને લાગ્યું કે એ મને ભૂલી ગયા છે, પરંતુ મને સંપૂર્ણપણે સમજાયું કે મને જે ઉત્તમ પ્રકારનો આકસ્મિક સાક્ષાત્કાર થઈ રહ્યો છે તે બીજું કાંઈ જ નથી પરંતુ આ રહસ્યમય, અચળ અને પ્રશાંત પુરુષની મારફત જે સંક્રામક શક્તિનાં પરમાણુઓ કે તરંગો ફેલાઈ રહ્યાં છે તેનું જ પરિણામ છે.

એક બીજી મુલાકાત વખતે એમણે મને નિરાશાવાદથી વીંટળાયેલો જોયો. એ વખતે એમણે મને પોતાના બતાવેલા માર્ગનું આલંબન લેનાર સાધકને જે યશસ્વી ધ્યેયની પ્રાપ્તિ થાય છે તેની વાત કહી બતાવી.

'પરંતુ મહર્ષિ, આ માર્ગ મુસીબતોથી ભરેલો છે, અને મારી પોતાની નબળાઈઓનું મને પૂરેપૂરું ભાન છે.' મેં દલીલ કરી.

'પોતાના મનને નિષ્ફળતાના ભયથી અને પોતાની નબળાઈઓ કે ભૂલોના વિચારથી ભારેખમ બનાવવું એ પોતાના માર્ગમાં અડચણ નાખવાનો અકસીર ઉપાય છે.' એમણે સ્વસ્થતાપૂર્વક ઉત્તર આપ્યો.

'છતાં એ નબળાઈ સાચી હોય તો?'

'એનો બોજો સાચો નથી હોતો. મનુષ્યની મોટામાં મોટી ભૂલ એવું વિચારવામાં રહેલી છે કે એ સ્વભાવથી જ નિર્બળ છે કે સ્વભાવથી જ દુષ્ટ છે. પ્રત્યેક મનુષ્ય એની મૂળ પ્રકૃતિ પ્રમાણે અથવા મૂળભૂત રીતે દિવ્ય અને બળવાન છે. નિર્બળ ને દુષ્ટ તો એની આદતો, એની ઇચ્છાઓ અને એના વિચારો હોય છે. એ પોતે એવો નથી હોતો.'

એમના શબ્દો સ્ફૂર્તિદાયક, શક્તિસંચારક દવા જેવા હતા. એમણે મને તાજગી આપી ને પ્રેરણા પૂરી પાડી. એ જ શબ્દો જો કોઈ નાના ને નિર્બળ આત્માના મુખમાંથી નીકળ્યા હોત તો તો હું એમને એટલા મહત્ત્વના માનીને સ્વીકારવાની ના પાડત અને એમનો રદિયો આપવામાં પાછી પાની પણ ના કરત. પરંતુ મારી અંદરના આત્મિક સલાહકારે મને ખાતરી આપી કે મહર્ષિ જે બોલે છે તે એમના મહાન અને પ્રમાણભૂત આધ્યાત્મિક અનુભવના ઊંડાણમાંથી બોલી રહ્યા છે, ને કલ્પનાના નાજુક ઘોડા પર બેઠેલા સિદ્ધાંતોની રચના કરતા ફિલસૂફની પેઠે નથી બોલી રહ્યા.

બીજી વાર, અમે પશ્ચિમની ચર્ચાવિચારણા કરી રહ્યા હતા ત્યારે, મેં ટોણો માર્યો :

'કોઈ પણ જાતના કોલાહલ કે વિક્ષેપ વગરના અરણ્યના આવા એકાંત આશ્રમમાં આત્મિક શાંતિની પ્રાપ્તિ અને અનુભૂતિ કરવાનું કામ તમારે માટે સહેલું છે.'

'જ્યારે ધ્યેયની પ્રાપ્તિ થઈ જાય છે, જ્યારે તમે સર્વને જાણનારા જ્ઞાતાને જાણી લો છો ત્યારે પછી તમે લંડનના ઘરમાં રહો કે અરણ્યના એકાંતમાં રહો એથી કાંઈ ફેર નથી પડતો.' એમણે શાંત ઉત્તર આપ્યો.

અને એક વાર મેં ભૌતિક વિકાસની ઉપેક્ષા કરવા માટે ભારતીયોની આલોચના કરી. મારા આશ્ચર્ય વચ્ચે મહર્ષિએ મારા તહોમતનો નિખાલસતાથી સ્વીકાર કર્યો.

'એ સાચું છે. અમે એક પછાત પ્રજા છીએ; પરંતુ અમારી જરૂરતો થોડી છે. અમારા સમાજમાં સુધારો કરવાની આવશ્યકતા છે; પરંતુ તમારા લોકો કરતાં અમે ઘણી ઓછી વસ્તુઓમાં સંતોષ માનીએ છીએ. એટલે અમે પછાત છીએ એનો અર્થ એવો નથી કે અમે ઓછા સુખી છીએ.'

× × ×

મહર્ષિ જે અદ્‌ભુત સામર્થ્ય અને એથીય અદ્‌ભુત અથવા અનોખો દૃષ્ટિકોણ ધરાવતા તેની પ્રાપ્તિ તેમને કેવી રીતે થઈ હશે ?

ધીરેધીરે, એમના પોતાના નાખુશ મુખદ્વારા અને એમના શિષ્યોદ્વારા મેં એમની જીવનકથાની ત્રુટક અથવા આંશિક સામગ્રી એકઠી કરી.

એમનો જન્મ આખાય દેશનાં સૌથી વિશાળ મંદિરોમાંનું એક મોટું મંદિર ધરાવતા દક્ષિણ ભારતના સુપ્રસિદ્ધ શહેર મદુરાથી ત્રીસેક માઈલ દૂરના એક ગામડામાં ઈ. સ. ૧૮૭૯ માં થયેલો, એમના પિતાજી સંસ્કારી બ્રાહ્મણ હતા અને કાયદા સાથે સંબંધિત કોઈ ધંધો કરતા. એ ખૂબ જ મોટા દાની પુરુષ હોવાથી અનેક ગરીબોને અન્ન ને વસ્ત્રનું દાન દેતા. બાળકને એનો અભ્યાસ ચાલુ રાખવા આખરે મદુરા મૂકવામાં આવ્યો, અને એ જ સ્થળમાં સ્કૂલ ચલાવતા અમેરિકન મિશનરીઓ દ્વારા એને અંગ્રેજીનું સાદું આરંભનું શિક્ષણ આપવામાં આવ્યું.

યુવાન રમણને શરૂઆતમાં રમતગમતનો શોખ હતો. એ કુસ્તી કરતો, મુક્કાબાજીની રમત રમતો, અને ભયંકર નદીઓ તરી જતો. એ ધર્મ ને તત્ત્વજ્ઞાનના વિષયોમાં કોઈ ખાસ પ્રકારનો રસ બતાવતો નહોતો. એ વખતના એના જીવનમાં જોવા મળતી અપવાદરૂપ વસ્તુ એની ઊંઘની દશા દરમિયાન ચાલવાની વૃત્તિ હતી, અને એની નિદ્રાવસ્થા પણ એટલી પ્રખર હતી કે મોટામાં મોટા વિક્ષેપો પણ એને જગાડી શકતા નહિ. એના સ્કૂલના સાથીઓએ આખરે એ હકીકત ખોળી કાઢી, અને એની સાથેની રમતગમતમાં એ એનો લાભ ઉઠાવવા લાગ્યા. દિવસ દરમિયાન તો એના ઝડપી મુક્કાઓથી એ ડરતા રહેતા, પરંતુ રાતે એ એના શયનખંડમાં આવી પહોંચતા, એને રમતના મેદાનમાં લઈ જતા, એના શરીરને ટીપતા અને કાને મુક્કા મારતા, અને પછી એને પથારીમાં મૂકી જતા. સવારે એને એ અનુભવોની જરા પણ ખબર પડતી નહિ અને યાદ પણ રહેતી નહિ.

નિદ્રાના સ્વરૂપને સાચી રીતે સમજી ચૂકેલા માનસશાસ્ત્રીઓને આ હકીકત પરથી સમજાશે કે એ છોકરાની એકાગ્રતાની અવસ્થા કેટલી બધી અસામાન્ય અને ઊંડી હતી. એ જેનાથી સંપન્ન હતો તે યૌગિક પ્રકૃતિનો એના પરથી પૂરતો નિર્દેશ મળી રહે છે.

એક દિવસ એક સંબંધીએ મદુરા આવીને રમણના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે હું અરુણાચલના મંદિરની યાત્રાએથી હજુ હમણાં જ પાછો ફર્યો છું. એ નામના શ્રવણથી છોકરાના મનના સુષુપ્ત ઊંડાણમાં ઝંકૃતિ પેદા થઈ, અને અવનવી અગમ્ય આકાંક્ષાઓથી એનું અંતર ઊભરાઈ ઊઠયું. એ મંદિરના સ્થાનની એણે તપાસ કરી અને એના વિચારોએ ત્યારથી એનો પીછો ના છોડયો. એ મંદિરે એને માટે સૌથી વધારે મહત્ત્વ ધારણ કર્યું : તોપણ એ પોતાની જાતને સમજાવી ના શકયા કે ભારતમાં ફેલાયેલાં બીજાં સંખ્યાબંધ મહાન મંદિરો કરતાં અરુણાચલનું મૂલ્ય એને મન થોડુંક પણ વધારે શા માટે છે.

મિશન સ્કૂલમાં કોઈ પણ પ્રકારની વિશેષ યોગ્યતા બતાવ્યા વિના એણે એનો અભ્યાસ ચાલુ રાખ્યો, છતાં એના કામમાં એણે સારી એવી હોશિયારી તો બતાવી જ. પરંતુ એની ઉંમર સત્તર વરસની થઈ ત્યારે પ્રારબ્ધે પોતાના નાજુક અને આકસ્મિક ફટકા સાથે કામ કરવા માંડયું અને કાળના એકસરખા ચાલી રહેલા પ્રવાહમાં હાથ નાખ્યા.

એણે અચાનક સ્કૂલ છોડી દીધી અને પોતાનો અભ્યાસ સંપૂર્ણપણે મૂકી દીધો. એ બનાવ બન્યો તે પહેલાં એણે એના શિક્ષકોને કે એનાં સગાંઓને કશી ખબર ન આપી અને કોઈને જણાવ્યું પણ નહિ. એની ભવિષ્યની દુન્યવી આશાઓ પર પાણી ફેરવી દેનારા એ પાંગળા પરિવર્તનનું કારણ શું હશે ?

બીજાના મનમાં એ ગૂંચવાડો ઊભો કરનારું થયું હશે તે ભલે, પરંતુ એને માટે એ કારણ પૂરતું સંતોષકારક હતું. કારણકે માણસના છેવટના શિક્ષક જેવા જીવને એ યુવાન વિદ્યાર્થીને એના સ્કૂલના શિક્ષકોએ સુપરત કરેલા અભ્યાસક્રમ કરતાં જુદા જ અભ્યાસ-ક્રમ પર ચડાવી દીધો. એણે અભ્યાસ છોડી દીધો અને મદુરાથી કાયમને માટે વિદાય લીધી. તેના દોઢેક મહિના પહેલાં એના જીવનમાં વિચિત્ર રીતે ફેરફાર થયેલો.

એક દિવસ એ એના ઓરડામાં એકલો બેઠેલો ત્યારે એને અચાનક મૃત્યુનો ન સમજાય તેવો ભય લાગવા માંડ્યો. બહારથી જોતાં એની તંદુરસ્તી સારી હતી તોપણ એને એવો તીવ્ર અનુભવ થયો કે એનું મૃત્યુ નજીક છે. એ વસ્તુ મનોવૈજ્ઞાનિક ચમત્કાર જેવી હતી, કારણકે એના મૃત્યુનું કોઈ દેખીતું કારણ નહોતું. છતાં એ ખ્યાલથી એ ઘેરાઈ ગયો અને આગામી ઘટના માટે તરત જ તૈયારી કરવા લાગ્યો.

એણે પોતાનું શરીર જમીન પર વાંકું વાળીને ફેલાવી દીધું, અવયવોને મડદાની પેઠે સખત કરી દીધા, આંખને અને મોંને બંધ કર્યાં તથા છેવટે શ્વાસ પણ થંભાવી દીધો.

'ઠીક ત્યારે.' મેં મારી જાતને કહેવા માંડ્યું : 'આ શરીર મરી ગયું છે. એ શરીરને ઠાઠડીએ બાંધીને સ્મશાનમાં લઈ જવાશે ને બાળી નાખવામાં આવશે. પરંતુ શરીરનું મૃત્યુ થવાની સાથે હું મરી જાઉં છું ? શરીર હું છું ? અત્યારે આ શરીર નિષ્ક્રિય અને અક્કડ છે. પરંતુ એની અવસ્થાથી અલગ એવા મારા સ્વરૂપના સંપૂર્ણ સામર્થ્યનો અનુભવ હું કરી રહ્યો છું.'

પોતે જેમાંથી પસાર થયેલા તે વિચિત્ર અનુભવ વર્ણવતી વખતે મહર્ષિએ એ શબ્દો કહી બતાવેલા. એ પછી જે બન્યું તે વર્ણવવું જો કે સહેલું છે તોપણ સમજવું અઘરું છે. એ ઊંડી સમાધિદશામાં ડૂબી ગયા, અને એ દશામાં ડૂબીને જીવનના એક-માત્ર અર્કમાં અથવા પોતાના મૂળભૂત સ્વરૂપમાં લીન થયા. એ તદ્દન સ્પષ્ટ રીતે સમજી ગયા કે શરીર એક અલગ વસ્તુ છે અને હું નામના તત્ત્વને મૃત્યુનો સ્પર્શ નથી થતો. સત્ય સ્વરૂપ ઘણું વાસ્ત-વિક હતું; પરંતુ એની પ્રકૃતિથી એટલું બધું ઊંડું ને પર હતું કે અત્યાર સુધી એણે એની તરફ ધ્યાન નહોતું આપ્યું.

રમણ એ આશ્ચર્યચકિત કરનારા અનુભવમાંથી તદ્દન જુદો જ યુવક બનીને બહાર નીકળ્યો. અભ્યાસ, રમતગમત, મિત્રમંડળ અને

બીજી વસ્તુઓમાંથી એનો મોટા ભાગનો રસ ઊડી ગયો, કારણકે એને એકાએક થયેલા પોતાના સત્ય સ્વરૂપના ઉત્તમ અનુભવજ્ઞાન તરફ હવે એનો મુખ્ય રસ કેન્દ્રિત થયો. મૃત્યુનો ભય જેટલી અદ્‌ભુત રીતે પેદા થયેલો એટલી જ અદ્‌ભુત રીતે નાશ પામ્યો. એ જે આંતરિક શાંતિ અને આત્મિક શક્તિનો ઉપભોગ કરવા માંડ્યો તે શાંતિ ને શક્તિ ત્યારથી તેની સાથે જ રહી. પહેલાં બીજા છોકરાઓ એને ખીજવતા કે એની સાથે વધારેપડતી છૂટછાટ લેવાનો પ્રયાસ કરતા ત્યારે એ એનું વેર લેવામાં વિલંબ ન કરતો, પરંતુ હવે એ બધું શાંતિપૂર્વક ચલાવી લેતો. અન્યાયી કામોને એ ઉદાસીનતાથી સહન કરતો અને બીજાની સાથે સંપૂર્ણ સરળતાથી હળતોકરતો, પહેલાંની ટેવોનો ત્યાગ કરીને એ બની શકે તેટલા વધુ સમયમાં એકલા રહેવાનો પ્રયત્ન કરતો, કારણકે એમ કરવાથી જ એ ધ્યાનમાં ડૂબીને પોતાના લક્ષને સતત રીતે અંદર ખેંચનારા ચેતનાના પ્રબળ અને અલૌકિક પ્રવાહને સર્વસમર્પણ કરીને એની સાથે એકાકાર બની શકતો.

એના ચારિત્ર્યમાં થયેલાં એ પ્રખર પરિવર્તનો બીજાની નજર બહાર ન રહ્યાં. એક દિવસ એનો મોટો ભાઈ એના ખંડમાં આવ્યો. એણે ધારેલું કે રમણ શિક્ષકે કરવા આપેલું ઘરકામ કરતો હશે; પરંતુ એ તો આંખ મીંચીને ધ્યાનમાં ડૂબી ગયેલો. સ્કૂલની ચોપડીઓ ને કાગળો કંટાળાને લીધે ખંડમાં આમતેમ નાખી દીધેલા. અભ્યાસની એવી અવજ્ઞા જોઈને ભાઈને એવો ક્રોધ ચડ્યો કે એ તીખા તમતમતા શબ્દોમાં મજાક કરતાં કહેવા માંડ્યો :

'તારા જેવા છોકરાનું અહીં કામ જ શું છે ? તારે યોગીની પેઠે જ વર્તવાની મરજી હોય તો પછી વ્યવસાય કરવાની ઇચ્છાથી ભણે છે જ શા માટે ?'

યુવાન રમણને એ શબ્દો સાંભળીને ઊંડી વેદના થઈ. એણે એમની યથાર્થતાને સમજી લીધી અને એ પ્રમાણે વર્તવાનો મનોમન સંકલ્પ કર્યો. એના પિતાનું મૃત્યુ થયેલું એટલે એણે વિચાર્યું કે

મારા કાકા તથા બીજા ભાઈઓ મારી માતાની સંભાળ રાખ્યા વિના નહીં રહે : ખરેખર ઘરમાં મારું કાંઈ કામ જ નથી. એ જ વખતે એના મનમાં અરુણાચલના મંદિરનું એ નામ ઝબકી ઊઠ્યું, જેણે આશરે એકાદ વરસથી એને કામણ કરેલું અને જેના અક્ષરોએ એને મુગ્ધ કરેલો. એ સ્થળની પસંદગી પોતે શા માટે કરવી જોઈએ એની સમજ એને ન પડી, તોપણ એણે નક્કી કર્યું કે ત્યાં જ જવું જોઈએ. ત્યાં જવાની અનિવાર્ય આવશ્યકતા એને લાગવા માંડી. એ આવશ્યકતાએ એને માટેનો નિર્ણય એની મેળે જ કરી લીધો. એ નિર્ણય પહેલેથી વિચારીને નહોતો કરેલો.

'અહીં આવીને સાચું કહું તો મને ઘણો જ આનંદ થયેલો.' મહર્ષિ મને કહેવા માંડ્યા : 'જે શક્તિ તમને મુંબઈથી ઠેઠ અહીં સુધી ખેંચી લાવી છે તે જ શક્તિએ મને મદુરાથી પોતાની તરફ ખેંચી લીધો.'

અને એવી રીતે પોતાના અંતરના આંતરિક ખેંચાણનો અનુભવ કરીને યુવાન રમણે મિત્રો, કુટુંબીજનો, શાળા અને અભ્યાસનો ત્યાગ કર્યો, અને એ માર્ગ અપનાવ્યો જે એને આખરે અરુણાચલ લઈ આવ્યો તથા એને વિશેષ ઉત્તમ આધ્યાત્મિક અનુભવોની પ્રાપ્તિ કરવામાં મદદરૂપ બન્યો. એણે ઘરનો ત્યાગ કરતી વખતે લખેલો ટૂંકો કાગળ આશ્રમમાં આજે પણ સાચવી રાખવામાં આવ્યો છે. એ કાગળમાં લખેલા તામિલ શબ્દો આ પ્રમાણે છે :

'હું મારા પરમપિતાની શોધમાં એની આજ્ઞાને માથે ચડાવીને અહીંથી ચાલી નીકળ્યો છું. આ સાહસ ઘણું સારું અથવા ઉત્તમ છે. એટલા માટે આ ઘટનાનો કોઈએ શોક ન કરવો. આને શોધી કાઢવા કોઈ જાતનો પૈસાનો ખરચ ન કરવો.'

એમણે દક્ષિણના અંદરના ભાગની મુસાફરી શરૂ કરી ત્યારે એમના ખિસ્સામાં ત્રણ રૂપિયા હતા અને દુનિયાથી એ એકદમ અજાણ હતા. એ મુસાફરીમાં બનેલા આશ્ચર્યકારક બનાવો નિઃશંક-

પણે પુરવાર કરે છે કે કોઈ ગૂઢ શક્તિ એમનું રક્ષણ તેમ જ પથપ્રદર્શન કરતી હતી. આખરે એ જ્યારે પોતાના ગંતવ્યસ્થાને આવી પહોંચ્યા ત્યારે તદ્દન નિરાધાર અને અપરિચિત લોકોથી ઘેરાયેલા હતા. પરન્તુ એમની અંદર સંપૂર્ણ ત્યાગની ભાવના તીવ્રપણે સળગી ઊઠેલી. દુન્યવી પદાર્થો માટેનો એમનો તિરસ્કાર એ વખતે એટલો બધો તેજ હતો કે પોતાના ઝભ્ભાને એમણે એક તરફ ફેંકી દીધો અને મંદિરના પ્રાંગણમાં તદ્દન નગ્ન બનીને ધ્યાનમુદ્રામાં બેસી ગયા. એક પૂજારીએ એ જોયું અને એનો વિરોધ કર્યો; પરન્તુ કાંઈ જ ન વળ્યું. બીજા બળભળી ઊઠેલા પૂજારીઓ ત્યાં આવી પહોંચ્યા. એમણે પુષ્કળ પ્રયત્નો કર્યા ત્યારે યુવાન રમણે થોડી છૂટછાટ મૂકી. એમણે એક અર્ધકટિવસ્ત્ર કે કૌપીન પહેરવાનું સ્વીકારી લીધું. ત્યારથી માંડીને આજ સુધી એમણે એટલું જ પહેર્યું છે.

છ મહિના સુધી એ મન્દિરના પ્રાંગણમાં જુદીજુદી જગાએ રહ્યા, અને બીજે ક્યાંય ન ગયા એક પૂજારી દ્વારા દિવસમાં એક વાર લાવવામાં આવતો થોડોક ભાત ખાઈને એ નિર્વાહ ચલાવતા. એ પૂજારી એમના વેગથી વિકસતા વ્યક્તિત્વને જોઈને સ્તબ્ધ બનેલા. રમણ આખા દિવસ દરમિયાન ઊંડી ભાવસમાધિમાં અને યોગની આધ્યાત્મિક સમાધિમાં એવા તો લીન બનતા કે એમને એમની આજુબાજુના જગતનું જરા પણ ભાન ન રહેતું. કેટલાક અસભ્ય મુસ્લિમ યુવાનોએ એમના પર કાદવ નાખ્યો ત્યારે થોડા કલાક સુધી તેમને તેની ખબર પણ ન પડી. એમના અંતરમાં એમને માટે કોઈ જાતનો બૂરો ભાવ પણ પેદા ન થયો.

મન્દિરમાં યાત્રીઓનો પ્રવાહ ચાલવાથી એમની ઇચ્છા પ્રમાણેનું એકાંતસેવન એમને માટે મુશ્કેલ બની ગયું. એને લીધે એ સ્થળનો ત્યાગ કરીને ગામથી થોડેક અંતરે આવેલાં ખેતરોમાં એક શાંત દેવાલયમાં એમણે આશ્રય લીધો. ત્યાં એમણે દોઢેક વરસ વાસ કર્યો. મન્દિરના દર્શને આવતા થોડા લોકો દ્વારા લાવવામાં આવતા ખોરાકથી એ સંતોષ માનતા.

એ બધા વખત દરમિયાન એ કોઈની સાથે બોલતા નહિ. એ જિલ્લામાંના એમના આગમન પછીનાં ત્રણ વરસો સુધી ખરું જોતાં, એમણે વાત કરવા માટે હોઠ ઉઘાડ્યા જ નહિ. એનું કારણ એ નહોતું કે એમણે મૌનવ્રત લીધું હતું; પરન્તુ પોતાના સમસ્ત સામર્થ્ય તથા લક્ષને આત્મિક જીવન પ્રત્યે એકાગ્ર કરવાની એમની અંદરના પથપ્રદર્શક તરફથી એમને ફરજ પાડવામાં આવતી હતી. જ્યારે એમની યોગસાધનાની સિદ્ધિ થઈ ત્યારે પછી એવા પ્રતિબંધની જરૂર ન રહેવાથી, એ ફરીથી બોલવા માંડ્યા. તે છતાં મહર્ષિ એક અત્યંત ઓછાબોલા પુરુષ તરીકે જ જીવી રહ્યા.

એમણે પોતાના સંબંધમાં સંપૂર્ણ ગુપ્તતા રાખી, પરંતુ કેટલાક યોગાનુયોગને લીધે, એમના અદૃશ્ય થયા પછી બે વરસે એમની માતાએ એમની માહિતી મેળવી. પોતાના મોટા છોકરાને લઈને એ એમની પાસે આવી પહોંચી અને અશ્રુભરી આંખે એમને ઘેર પાછા ફરવા વીનવવા લાગી. મહર્ષિએ પાછા ફરવાનો ઇનકાર કર્યો. અશ્રુ એમને સમજાવવામાં નિષ્ફળ નીવડ્યાં ત્યારે એમની ઉદાસીનતાને માટે એણે ઠપકો આપવા માંડ્યો. આખરે એક કાગળના ટુકડા પર એમણે ઉત્તર લખ્યો કે એક સર્વોપરી શક્તિદ્વારા મનુષ્યોના નસીબનું નિયમન થઈ રહ્યું છે અને તમે ગમે તેવું વર્તન કરશો તેથી મારા પ્રારબ્ધમાં ફેર નહિ પડી શકે. જે પરિસ્થિતિ પેદા થઈ છે તેને સ્વીકારી લેવાની તથા એને માટે વિલાપ ન કરવાની સલાહ આપીને એમણે પોતાનો ઉત્તર પૂરો કર્યો. એવી રીતે એને એમની દૃઢતા આગળ નમતું જોખવું પડ્યું.

એ ઘટના પછી લોકો એ યુવાન યોગીના પ્રદર્શન માટે એમના એકાંતવાસમાં ઊમટવા માંડ્યા ત્યારે એ સ્થળ છોડીને એ અરુણાચલ પર્વત પર ચડી ગયા. ત્યાંની એક વિશાળ ગુફામાં એમણે કેટલાંક વરસો સુધી વસવાટ કર્યો. એ પર્વત પર બીજી થોડીક ગુફાઓ આવેલી છે, અને એમાં સંતપુરુષો તથા યોગીઓ વાસ કરે છે. પરન્તુ જે ગુફાએ યુવાન રમણને આશ્રય આપ્યો તે ગુફા ખાસ ઉલ્લેખનીય હતી કારણકે એમાં કોઈ પ્રાચીન યોગીની સમાધિ હતી.

મૃત શરીરનો નિકાલ કરવા માટે હિંદુઓમાં અગ્નિસંસ્કારની સામાન્ય પ્રથા ચાલી આવે છે, પરંતુ ઉચ્ચ કોટિએ પહોંચેલા પરમાત્મદર્શી યોગીને માટે મોટે ભાગે એ સંસ્કારની મના કરવામાં આવી છે. કારણકે એમ માનવામાં આવે છે કે એના શરીરમાં રહેલી પ્રાણશક્તિ અથવા અદૃશ્ય જીવનચેતના હજારો વારસો સુધી એના શરીરમાં ટકી રહે છે અને એના શરીરને સડાથી મુક્ત રાખે છે. એવા યોગીના શરીરને સ્નાન કરાવી, સુગંધિ દ્રવ્યો લગાડી, એ હજુ જાણે ધ્યાનમાં જ લીન હોય એવી રીતે પદ્માસન કરાવીને સમાધિસ્થાનમાં મૂકવામાં આવે છે. સમાધિના પ્રવેશદ્વારને મજબૂત શિલાથી બંધ કરવામાં આવે છે અને પછી સરખી રીતે મજબૂત બનાવવામાં આવે છે. એવું સમાધિસ્થાન મોટે ભાગે યાત્રાનું ધામ બની જાય છે. મહાન યોગીઓનાં શરીરોને દાટવામાં આવે છે અને બાળવામાં નથી આવતાં તેની પાછળ એ સિવાય એક બીજું કારણ પણ રહેલું છે. લોકો એવું માને છે કે એમનાં શરીરો એમના જીવનકાળ દરમિયાન જ પવિત્ર થઈ ચૂકયાં હોઈ એમને અગ્નિદ્વારા શુદ્ધ થવાની આવશ્યકતા નથી રહેતી.

ગુફાઓ હંમેશાં યોગીઓ તથા સંતપુરુષોના પ્રિય રહેઠાણ જેવી રહી છે એ હકીકત રસ પેદા કરે તેવી છે. પ્રાચીનોએ એમાં દેવોની પ્રતિષ્ઠા કરી. પારસી ધર્મના સ્થાપક જરથુસ્તે ગુફામાં બેસીને ધ્યાન કરેલું, તથા મહમદને પણ ગુફામાં ધાર્મિક અનુભવોની પ્રાપ્તિ થયેલી. વધારે સારાં સ્થાનોના અભાવમાં ભારતીય યોગીઓએ ગુફાઓ અથવા ભૂગર્ભનાં આશ્રયસ્થાનો પસંદ કર્યાં તેની પાછળ ઘણાં સરસ કારણો સમાયેલાં છે. કારણકે એવાં સ્થાનોમાં ઋતુના ફેરફારોથી સુરક્ષિત રહી શકાય અને ઉષ્ણ કટિબંધમાં દિવસરાતનાં અને જુદા પાડતા હવામાનનાં ત્વરિત પરિવર્તનોથી અલિપ્ત રહેવાય. એવાં સ્થાનોમાં ધ્યાનની સાધનામાં વિક્ષેપ કરનારો વધારે પ્રકાશ તથા અવાજ પણ ન હોય. એ ઉપરાંત, ગુફાના સીમિત વાતાવરણમાં શ્વાસ લેવાથી ભૂખનું પ્રમાણ પણ ઘણું ઓછું થઈ જાય છે. એ રીતે શરીરની ઓછામાં ઓછી જરૂરતોની દૃષ્ટિએ પણ એ ઉપયોગી ઠરે છે.

રમણ અરુણાચલ પર્વતની એ ચોક્કસ ગુફા પ્રત્યે આકર્ષાયા તેનું એકે બીજું કારણ કદાચ એની આજુબાજુનું સૃષ્ટિસૌંદર્ય હતું. ગુફાની પાસેની ઊંચી પવર્તમાળા પર ઊભા રહીએ તો દૂર મેદાનમાં વિસ્તરેલા નાના નગરનું એના મધ્યભાગમાં ઊભેલા ભવ્ય દેવાલય સાથે દર્શન થાય છે. એ સપાટ પ્રદેશની પાછળ દૂરદૂર લાંબી પર્વતમાળા ઊભેલી છે. એ કુદરતના આનંદદાયક દૃશ્યની દીવાલ જેવી દેખાયા કરે છે.

રમણે એ થોડીક અંધારી ગુફામાં કેટલાંક વરસો વાસ કર્યો. એ દરમિયાન એ એમની રહસ્યમય ધ્યાનસભામાં રત રહ્યા તેમ જ પ્રખર સમાધિદશામાં ડૂબી ગયા. એ કોઈ ઋદ્ધિચુસ્ત યોગી નહોતા, કારણકે એમણે કદી કોઈ યોગપદ્ધતિનો અભ્યાસ નહોતો કર્યો, તેમ જ કોઈ ગુરુની પાસે રહીને એમની સૂચના પ્રમાણે સાધનાય નહોતી કરી. જે આંતરિક માર્ગનો એમણે આધાર લીધેલો તે કેવળ આત્મસાક્ષાત્કાર કરાવનારી કેડી જેવો હતો. એમની અંદર રહીને એમના જીવનને ચલાવનારી દિવ્ય પ્રેરક પરમાત્મશક્તિએ એનો નિર્દેશ કરેલો.

ઈ. સ. ૧૯૦૫માં એ પ્રદેશમાં મરકી ફાટી નીકળી. અરુણાચલના મંદિરના દર્શને આવેલો કોઈ યાત્રી આજુબાજુના વિસ્તારમાં એને ફેલાવવામાં બનતાં સુધી નિમિત્ત બનેલો. એને લીધે વસતિ એટલા બધા મોટા પ્રમાણમાં વેરવિખેર થઈ ગઈ કે વાત નહિ. લગભગ પ્રત્યેક વ્યક્તિ એ નાના નગરનો ત્યાગ કરીને ભયભીત બનીને વિશેષ સલામત ગામો અથવા શહેરોમાં ભાગી ગઈ. લોકોએ છોડી દીધેલી એ ભૂમિ એટલી બધી નીરવ બની રહી કે વાઘ અને ચિત્તાઓ જંગલનાં સંતાવાનાં સ્થાનોમાંથી બહાર આવીને રસ્તાઓ પર ખુલ્લી રીતે ફરવા લાગ્યા. એ જંગલી જનાવરો શહેરમાં જવાના એમના માર્ગમાં આવતા એ પર્વતીય સ્થળમાં અનેક વાર ભટકી ચૂકયાં હશે, અથવા મહર્ષિની ગુફા આગળથી વારંવાર આંટાફેરા કરતાં પસાર થયાં હશે, તોપણ મહર્ષિએ ગુફા

છોડવાનો ઇનકાર કર્યો, અને પહેલાંની પેઠે જ શાંત તેમ જ સ્વસ્થ બનીને રહેવાનું ચાલુ રાખ્યું.

એ સમય દરમિયાન એ યુવાન યોગીની ઇચ્છાવિરુદ્ધ એક શિષ્યે એમની પાસે આવીને રહેવાનું ચાલુ કરેલું. એનું મન એમનામાં પુષ્કળ પ્રમાણમાં લાગી જવાથી એણે આગ્રહપૂર્વક એમની પાસે રહેવાનું અને એમની સેવા કરવાનું શરૂ કર્યું. એ માણસનું તો હવે મૃત્યુ થયું છે, પરંતુ બીજા શિષ્યોમાં એવી દંતકથા વહેતી થઈ છે કે રોજ રાતે ગુફામાં એક મોટો વાઘ આવતો ને મહર્ષિના હાથ ચાટતો, અને મહર્ષિ પણ બદલામાં એ વાઘના શરીર પર હાથ ફેરવીને એને લાડ લડાવતા. એ એમની આગળ આખી રાત બેસી રહેતો અને પરોઢિયું થતાં એમની વિદાય લેતો.

ભારતમાં બધે જ એવો ખ્યાલ પ્રચલિત છે કે વાઘ, સિંહ, સાપ અને બીજાં જંગલી જનાવરોના ભયથી ભરેલાં જંગલો ને પર્વતોમાં રહેતા યોગીઓ ને ફકીરોને, એમને પર્યાપ્ત પ્રમાણમાં યોગીની શક્તિની પ્રાપ્તિ થઈ હોય છે તો, એ જનાવરો અડતાં નથી કે હાનિ પણ નથી પહોંચાડતાં. રમણ મહર્ષિના સંબંધમાં એક બીજી વાત એવી સંભળાતી કે એક દિવસ બપોરે એ એમના નિવાસસ્થાનના સાંકડા પ્રવેશદ્વાર પાસે બેઠા હતા ત્યારે પથ્થરોની વચ્ચેથી નીકળેલો સુસવાટા કરતો એક મોટો સાપ એમની આગળ આવી પહોંચ્યો. એણે શરીરને ઊંચું કરીને એની ફણાને ફેલાવી, છતાં યોગીએ ત્યાંથી હઠવાનો પ્રયાસ ન કર્યો. એ બંને જીવો — મનુષ્ય ને પ્રાણી — થોડા વખત સુધી દૃષ્ટિને એક કરીને એકમેકની તરફ તાકી રહ્યા. આખરે સાપ તદ્દન નજીક હોવા છતાં, એમને કોઈ પણ પ્રકારની ઈજા પહોંચાડ્યા વગર પાછો વળ્યો.

પોતાના આત્માની ઊંડામાં ઊંડી અવસ્થામાં મક્કમ રીતે ને કાયમને માટે પ્રતિષ્ઠિત થવાની સાથે, એ અદ્‌ભુત યુવાન પુરુષના પવિત્ર એકાંતિક જીવનનો પહેલો તબક્કો પૂરો થયો. હવે એમને એકાંતની એટલી બધી આવશ્યકતા નહોતી રહી, છતાંય એમણે

ગુફામાં રહેવાનું જ ચાલુ રાખ્યું. ત્યાં એમને થયેલી વિદ્વાન ને વિખ્યાત બ્રાહ્મણ પંડિત ગણપતિ શાસ્ત્રીની મુલાકાત, વધારે સામાજિક કારકિર્દીમાં પ્રવેશનારા એમના બાહ્ય જીવનમાં એક જુદો જ ફાંટો પાડનારી પુરવાર થઈ. એ પંડિત અભ્યાસ તથા ધ્યાન કરવા માટે હજુ હમણાં જ મન્દિરની બાજુમાં રહેવા આવેલા. સંજોગોવશાત્ એમણે સાંભળ્યું કે પર્વત પર એક ખૂબ જ યુવાન યોગી વાસ કરે છે. એટલે એ કુતૂહલથી પ્રેરાઈને એમની શોધમાં નીકળ્યા. જ્યારે એ મહર્ષિને મળ્યા ત્યારે મહર્ષિ સૂર્ય તરફ દૃષ્ટિને સ્થિર કરીને જોતા હતા. સૂર્ય પશ્ચિમી ક્ષિતિજની પાછળ અદૃશ્ય થાય ત્યાં સુધી કેટલાક કલાક સુધી ઝળહળતા સૂરજ પર દૃષ્ટિને સ્થિર કરવાનું કામ એમને માટે રોજનું હતું. ભારતમાં બપોર પછીનાં સૂર્યકિરણોના તીખા પ્રકાશની કલ્પના અનુભવ વગરના અંગ્રેજથી ભાગ્યે જ થઈ શકે. મને યાદ આવે છે કે એક વખત મેં પર્વતની ખડી ચડાઈને ક્યખતે ચડવાનું ચાલુ કર્યું ત્યારે બપોરે પાછા ફરતી વખતે આશ્રય ન મળવાથી મારે સૂર્યના ધગધગતા પ્રકાશમાં હેરાન થવું પડેલું. કેટલાક વખત સુધી મને પીધેલા માણસની પેઠે ચક્કર આવવા લાગ્યાં અને હું લથડિયાં ખાવા માંડ્યો. એટલે ઊંચું મુખ અને અચળ આંખ રાખીને સૂર્યના તીખા તાપને વેઠવાની યુવાન રમણ દ્વારા કરાતી એ સાધનાનું મૂલ્યાંકન એના પરથી વધારે સારી રીતે કરી શકાશે.

એ પંડિતે હિંદુ ધર્મનાં બધાં જ મુખ્ય પુસ્તકોનો બાર વરસ સુધી અભ્યાસ કરેલો, અને કોઈક ચોક્કસ આત્મિક સિદ્ધિ મેળવવાની ઇચ્છાથી પ્રેરાઈને કઠોર તપ કરેલું. પરન્તુ તે છતાં એમની મૂંઝવણો તથા શંકાઓ નહોતી ટળી. એમણે રમણને પ્રશ્ન પૂછ્યો, અને પંદર મિનિટ પછી એનો જે ઉત્તર મળ્યો એમાં સમાયેલા જ્ઞાનથી એ સ્તબ્ધ બની ગયા. એમણે પોતાની આધ્યાત્મિક અને તાત્ત્વિક સમસ્યાઓની રજૂઆત કરતાં બીજા પ્રશ્નો પૂછી

જોયા. એને પરિણામે એમને વરસોથી પરેશાન કરી રહેલી ગૂંચવણોનો અંત આવ્યો. એથી એ વધારે આશ્ચર્યચકિત થઈ રહ્યા. એમણે એ યુવાન યોગીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને એમનો ગુરુ તરીકે સ્વીકાર કર્યો. વેલોર શહેરમાં શાસ્ત્રીનું પોતાનું અનુયાયી-મંડળ હતું. પાછળથી એમણે ત્યાં જઈને એ સૌને જણાવ્યું કે મને એક મહર્ષિ મળ્યા છે. પંડિતે રમણને મહર્ષિ તરીકે ઓળખાવ્યા કારણકે એ આત્મસાક્ષાત્કારની ઊંચામાં ઊંચી કક્ષાએ પહોંચ્યા હતા, તથા એમના ઉપદેશો એટલા બધા મૌલિક હતા કે પંડિતે એવા ઉપદેશો પોતે વાંચેલા કોઈ પણ પુસ્તકમાં નહોતા જોયા એ વખતથી સુશિક્ષિત ને સંસ્કારી લોકોએ રમણને મહર્ષિનો ઇલકાબ આપ્યો. છતાં સામાન્ય લોકો તો એમના અસ્તિત્વ ને વ્યક્તિત્વથી સુમાહિતગાર થયા પછી એમને એક દૈવી પુરુષ તરીકે જ પૂજવા લાગ્યા. પરન્તુ પોતાની હાજરીમાં એવી પૂજાની પ્રત્યેક પદ્ધતિનો મહર્ષિ સખ્ત રીતે વિરોધ કરતા અને એવી પૂજાની ના પાડતા. એમના મોટા ભાગના ભક્તો તથા એ વિસ્તારના લોકો પોતાની અંદરઅંદર અને મારી સાથે વ્યક્તિગત રીતે વાતચીત કરતી વખતે એમને ભગવાન તરીકે ઓળખાવવાનો આગ્રહ રાખતા.

જોતજોતામાં મહર્ષિનું એક નાનકડું શિષ્યમંડળ તૈયાર થયું. એમણે પર્વતની ટેકરી પર એક મકાન બંધાવ્યું અને એમને એની અંદર પોતાની સાથે રહેવા સમજાવ્યા. વચ્ચેવચ્ચે એમની માતા એમની ટૂંકી મુલાકાત લીધા કરતી. એમની પ્રવૃત્તિ પ્રત્યેનો એનો વિરોધ હવે શમી ગયો હતો. મૃત્યુને લીધે એના મોટા પુત્ર તથા બીજાં સગાંવહાલાંનો એને વિયોગ થયો ત્યારે મહર્ષિ પાસે આવીને એણે પોતાને એમની સાથે રહેવા દેવાની માગણી કરી. મહર્ષિએ હા પાડી. ત્યારથી પોતાના જીવનનાં છેલ્લાં છ વરસો એણે એમની સાથે ગાળ્યાં, અને એના પોતાના પુત્રની સાચી શિષ્યા બનીને જીવન પૂરું કર્યું. એ નાના આશ્રમમાં કરાયેલી પોતાની પરોણાગતના બદલામાં એણે રસોઈનું કામ કરવા માંડયું.

એ વૃદ્ધાનું મૃત્યુ થયા પછી એની ભસ્મને પર્વતની તળેટીમાં દાટવામાં આવી અને એ જગાએ મહર્ષિના કેટલાક ભક્તોએ એક નાના મંદિરની રચના કરી. એ મંદિરમાં માનવજાતિને એક મહાન ઋષિનું દાન દેનારી એ સન્માતાની સ્મૃતિમાં ચોવીસે કલાક દીવા બળે છે, અને નાનકડી વેદી પર ખાસ ચૂંટવામાં આવેલાં સુવાસિત જૂઈ તેમ જ ગલગોટાના ઢગલા કરીને એના આત્માને અર્પણ કરવામાં આવે છે.

વખતના વીતવા સાથે એ આખાય પ્રદેશમાં મહર્ષિની કીર્તિ ફરી વળી. એને લીધે મંદિરના દર્શને જનારા યાત્રીઓ ઘેર પાછાં ફરતા પહેલાં પર્વત પર જઈને એમના દર્શન માટે લલચાવા લાગ્યા. ભક્તોની સતત વિનતિને મહર્ષિએ હજુ હમણાં જ માન્ય રાખેલી અને એમના તથા એમના શિષ્યોના નિવાસસ્થાન તરીકે પર્વતની તળેટીમાં બાંધવામાં આવેલા વિશાળ નવા હૉલમાં રહેવાની કૃપા કરવાની સંમતિ આપેલી.

મહર્ષિએ કદી ભોજન સિવાય બીજી કોઈ પણ વસ્તુની માગણી નથી કરી, અને પૈસાનો વ્યવહાર કરવાની હંમેશાં ના પાડી છે. બીજી જે કાંઈ વસ્તુઓ એમની પાસે આવી છે તે બીજાએ કરેલા મરજિયાત દબાણને લીધે આવી છે. શરૂઆતનાં વરસો દરમિયાન જ્યારે એ તદ્દન એકલા રહેતા, અને પોતાની આત્મિક શક્તિઓની સંપૂર્ણતા માટે જ્યારે એમણે એમની આજુબાજુ મૌન અને એકાંતિકતાની દુર્ભેદ્ય જેવી દીવાલ તૈયાર કરેલી, ત્યારે પણ હાથમાં ભિક્ષાપાત્ર લઈને ગુફામાંથી બહાર નીકળીને ક્ષુધાની વેદનાથી વ્યાકુળ પ્રાણની શાંતિ માટે ગામમાં ફરીને ભિક્ષા માગતાં એ નહોતા અચકાયા. એક ઘરડી વિધવા સ્ત્રીને એમના પર દયા આવવાથી એમને એ નિયમિત રીતે ભિક્ષા આપવા માંડી. પાછળથી એ એમને ગુફાએ જઈને ભિક્ષા પહોંચાડવા લાગી. એવી રીતે એમણે પોતાના મધ્યમવર્ગના ઘરસુખનો જે વિશ્વાસપૂર્વક ત્યાગ કર્યો તે વિશ્વાસ એટલે અંશે સાચો હયો કે એમને પ્રેરિત કરનારી પરમશક્તિએ

એમના આવાસ અને ભોજનનો પ્રશ્ન ઉકેલી દીધો. ત્યારથી એમને ભાતભાતની ભેટો આપવામાં આવી છે, પરંતુ એક નિયમરૂપે એમણે એમનો અસ્વીકાર કર્યો છે.

એક દિવસ રાતે લૂંટારાની એક ટોળીએ હૉલમાં પેસીને ધન હાથ કરવા માટે તપાસ કરી. અનાજની ખરીદીની વ્યવસ્થા સંભાળનાર માણસ પાસેથી એમને થોડાક રૂપિયા મળ્યા. એ સિવાય બીજું કાંઈ જ ન મળ્યું. એ નિરાશાથી ક્રોધે ભરાયેલા લૂંટારાઓએ મહર્ષિને દંડાથી માર માર્યો. એથી એમને સોળ પડ્યા. મહર્ષિએ એમનો માર શાંતિથી સહન કર્યો એટલું જ નહિ, પરંતુ ત્યાંથી જતાં પહેલાં એમને જમીને જવાની વિનતિ કરી. એ લોકોને એમણે થોડું ખાવાનું આપ્યું પણ ખરું. એમના હૃદયમાં એમને માટે જરા પણ ધિક્કાર નહોતો. એમના દિલમાં એમના આધ્યાત્મિક અજ્ઞાન માટે માત્ર દયાની લાગણી જ પેદા થઈ. એમણે એ સૌને છૂટથી નાસી જવા દીધા, પરંતુ એકાદ વરસમાં એ બીજે ઠેકાણે કોઈક બીજો ગુનો કરતાં પકડાયા, અને એ ગુનાના ઉપલક્ષમાં એમને કડક સજા કરવામાં આવી.

પશ્ચિમના અધિકાંશ લોકો એવું માનવા પ્રેરાશે કે મહર્ષિનું જીવન નિરર્થક છે. પરંતુ પાર વિનાની પ્રવૃત્તિઓથી ભરેલી આપણી દુનિયામાંથી થોડાક માણસો દૂર ખસી જાય, અને દૂર રહીને આપણે માટે એનો કયાસ કાઢે, એ કદાચ આપણે માટે લાભકારક થઈ પડશે. દૂરથી જોનારા રમતને વધારે સારી રીતે જોઈ શકે છે અને કેટલીક વાર એનો સાચો ખ્યાલ મેળવી શકે છે. એ પણ સાચું છે કે પોતાની જાતને જીતી ચૂકેલા અરણ્યવાસી સંતપુરુષ સંજોગોના શિકાર બનીને આમતેમ ભટકતા દુન્યવી મૂર્ખ માણસ કરતાં ઊતરતી કોટીના તો ન જ હોઈ શકે.

× × ×

પ્રત્યેક દિવસે એ મહાપુરુષની મહાનતાના નવાનવા નિર્દેશો મળવા માંડ્યા. આશ્રમમાં જુદીજુદી જાતના અનેક લોકો આવતા-જતા, તેમાં એક વાર પોતાની જાતની અથવા સંજોગોની ભયંકર

વ્યથાથી વ્યથિત થયેલા એક અંત્યજે હૉલમાં લથડતી ચાલે આવીને મહર્ષિને ચરણે માથું મૂકીને રડતાં રડતાં પોતાનું દુઃખ ઠાલવ્યું. મહર્ષિ સ્વાભાવિક રીતે જ શાંત અને એકાંતિક વૃત્તિવાળા હોવાથી, કશું જ ના બોલ્યા. એક દિવસમાં એ જેટલા શબ્દોના ઉચ્ચાર કરતા તેટલા શબ્દો સહેલાઈથી ગણી શકાતા. બોલવાને બદલે એમણે એ પીડિત પુરુષ તરફ દૃષ્ટિને સ્થિર કરી. એને પરિણામે એનું ક્રંદન ધીમે ધીમે ઘટતું ગયું, અને આખરે બે કલાક પછી વધારે સ્વસ્થતા તથા શક્તિ સાથે એ હૉલની બહાર નીકળ્યો.

મને એવું શીખવા સમજવા મળ્યું કે બીજાને મહર્ષિ આ રીતે જ મદદ પહોંચાડે છે. પીડિત આત્માઓને આરામ આપનારાં શાંત, સ્થિર, અનાક્રમક પરમાણુઓના પ્રસારદ્વારા અથવા એવી અલૌકિક સંક્રમણશક્તિના પ્રયોગદ્વારા વિજ્ઞાને એક દિવસ એ શક્તિનો ખુલાસો કરવો પડશે.

બીજી વાર કૉલેજનું શિક્ષણ પામેલા એક સંસ્કારી બ્રાહ્મણ એમના પ્રશ્નો સાથે આવી પહોંચ્યા. મહર્ષિ શાબ્દિક સમર્થન કરશે કે નહિ તે વિશે કોઈ ચોક્કસપણે નહોતું કહી શકતું, કારણકે અનેક વાર એ હોઠ ઉઘાડ્યા વગર જ પોતાના વિચારોની અભિવ્યક્તિ કરતા. પરંતુ એ દિવસે એ વાતચીત કરવાના મિજાજમાં હતા, અને દર વખતની જેમ ગૂઢાર્થથી ભરેલા એમના મુખમાંથી નીકળતાં થોડાંક સંક્ષિપ્ત વાક્યોએ એ મુલાકાતીને માટે વિચારોનાં વિવિધ ક્ષેત્રો ખોલી દીધાં.

એક દિવસ હૉલમાં દર્શનાર્થીઓ ને ભક્તોનો વિશાળ સમૂહ બેઠો હતો ત્યારે કોઈએ આવીને સમાચાર આપ્યા કે એ નાનકડા નગરમાં પોતાની ગુનાખોર પ્રવૃત્તિઓ માટે પ્રખ્યાત થઈ ચૂકેલા એક માણસનું મૃત્યુ થયું છે. તરત જ એના સંબંધી થોડીક ચર્ચા ચાલવા માંડી, અને માનવસ્વભાવની ખાસિયત પ્રમાણે, જુદાજુદા લોકો એના અપરાધોની યાદ કરવા લાગ્યા અને એના ચારિત્ર્યનાં વધારે ભયંકર પાસાંને છણવા માંડ્યા. એ બધો ઘોંઘાટ શમી ગયો. ને ચર્ચા સમાપ્તિ

પર પહોંચી ત્યારે મહર્ષિએ પહેલી જ વાર મોઢું ઉઘાડીને કહેવા માંડયું :

'હા. પરંતુ એ માણસ દિવસમાં બે કે ત્રણ વાર સ્નાન કરતો અને એવી રીતે ઘણો સાફ રહેતો.'

એક ખેડૂત અને એનાં કુટુંબીજનો સોથી વધારે માઈલની મુસાફરી કરીને મહર્ષિનાં દર્શન માટે આવી પહોંચ્યા. ખેડૂત એકદમ અભણ હતો, એના રોજિંદા કામમાં રત રહેતો, અને ધાર્મિક ક્રિયાઓ તથા પૂર્વજોના જમાનાથી ચાલ્યા આવતા વહેમોમાં રસ લેતો. એણે કોઈની પાસેથી સાંભળેલું કે અરુણાચલ પર્વતની તળેટીમાં મનુષ્યરૂપે ભગવાન વાસ કરે છે. મહર્ષિને ત્રણ વાર સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને એ જમીન પર શાંતિથી બેસી ગયો. એનો દૃઢ વિશ્વાસ હતો કે એ પ્રવાસને પરિણામે એને કોઈક આશીર્વાદ મળશે કે એનું નસીબ ઊઘડી જશે. એની પત્ની ભારે છટાપૂર્વક આવીને એની પાસે નીચે જમીન પર બેસી ગઈ. એણે ગરદનથી પગની ઘૂંટી સુધી ફેલાયેલો ને કમરે દબાવેલો જાંબુડી રંગનો ઝભ્ભો પહેરેલો. એનો સુંવાળો સુંદર કેશરાશિ સુગંધીદાર તેલથી મઘમઘતો હતો. એ એક સુંદર છોકરી હતી અને એના ઝાંઝરની ઘૂઘરી એ હૉલમાં પ્રવેશી ત્યારે તાલબદ્ધ રીતે વાગવા માંડેલી. એણે એ પ્રદેશની પ્રથા પ્રમાણે એના ખંભોડા પર સફેદ ફૂલ ખોસેલું હતું.

એ નાનકડું કુટુંબ ભાગ્યે જ કશું બોલ્યા વગર મહર્ષિની સામે મીટ માંડીને બેસી રહ્યું. એમની હાજરી માત્રથી જ એમની આત્મિક શ્રદ્ધામાં વધારો થતો હોય, એમને લાગણીજન્ય સુખ મળતું હોય, અને એ બધાથી વધારે વિચિત્ર તો એ કે એમની માન્યતાઓમાં એમનો વિશ્વાસ અભિનવ બનતો હોય એવું સાફ સાફ જોઈ શકાયું. મહર્ષિ બધા જ સંપ્રદાયોને સરખા માનતા, એ સૌને એક મહાન લૌકિકોત્તર અનુભવના પ્રત્યક્ષ અને પ્રામાણિક આવિષ્કારરૂપ સમજતા, તેમ જ ઈશુને, કૃષ્ણને, એકસરખું માન આપતા.

મારી ડાબી બાજુએ પંચોતેર વરસના એક ડોસા બેઠેલા. એમના મોંમાં નાગરવેલના પાનનો ડૂચો હતો, હાથમાં એક સંસ્કૃત

પુસ્તક હતું, અને એના મોટા અક્ષરો પર એમની ભારે પોપચાંવાળી આંખો એકતાર બનીને ફરી રહી હતી. એ બ્રાહ્મણ હતા અને ઘણાં વરસો સુધી મદ્રાસની બાજુમાં સ્ટેશનમાસ્તર તરીકે કામ કરી ચૂકેલા. સાઠ વરસની વયે, એમની પત્નીના મૃત્યુ પછી તરત જ એ રેલ્વેની નોકરીમાંથી નિવૃત્ત થયેલા. કુદરતે આપેલા એ અવસરનો લાભ લઈને એમણે લાંબા વખતથી મુલતવી રાખેલી ભાવનાઓની પૂર્તિ કરવા માંડી, પોતાને પૂર્ણપણે પ્રભાવિત કરી શકે એવા ઉપદેશ અને વ્યક્તિત્વવાળા મહાપુરુષની શોધ કરવાની કામનાથી એમણે ચૌદ વરસ સુધી સમસ્ત દેશની યાત્રા કરીને સંતો, યોગીઓ અને મહાત્માઓની મુલાકાત લીધી. એમણે ત્રણ વખત ભારતનો પ્રવાસ કર્યો, તોપણ એવા ગુરુ કે મહાપુરુષ ના મળ્યા. એમનું વ્યક્તિગત ધોરણ દેખીતી રીતે જ ઘણું ઊંચું હતું. અમે સાથે બેસીને અમારા અનુભવોની આપલે કરી ત્યારે એ એમની નિષ્ફળતાનો અફસોસ કરવા માંડ્યા. એમનો કરચલી પડેલો, ખડબચડો, પ્રામાણિક ચહેરો મને સ્પર્શી થયો. એ કોઈ બુદ્ધિવાદી માણસ નહોતા. પરંતુ સાદા અને આંતરપ્રેરણા પ્રમાણે ચાલનારા હતા. એમના કરતાં મારી ઉંમર ઘણી નાની હોવાથી, એ વૃદ્ધ પુરુષને થોડીક સારી શિખામણ આપવાની મેં મારી ફરજ માની ! એના સમર્થનરૂપે એમણે મને એમના ગુરુ બનવાની વિસ્મયકારક વિનતિ કરી !

'તમારા ગુરુ દૂર નથી.' મેં એમને જણાવ્યું અને સીધા જ મહર્ષિ પાસે લઈ ગયો. મારી સાથે સંમત થતાં અને મહર્ષિના ઉત્સાહી શિષ્ય બનતાં એમને વધારે વખત ના લાગ્યો.

બીજા હોલમાં ચશ્માંવાળા, રેશમી કપડાં પહેરેલા, સમૃદ્ધિશાળી દેખાતા એક બીજા સજ્જન બેઠેલા હતા. એ એક ન્યાયાધીશ હતા અને વેકેશનનો લાભ લઈને મહર્ષિનાં દર્શને આવેલા. એ એક ખાસ શિષ્ય અને મોટા પ્રશંસક હતા, અને વરસમાં ઓછામાં ઓછું એક વાર તો ત્યાં આવતા જ. એ સંસ્કારી, સુધરેલા, સુશિક્ષિત સદ્-ગૃહસ્થ ગરીબ, કમર સુધીનાં ઉઘાડાં અંગવાળા, તેલ ચોળેલા, વાર્નિશ

કરેલા કાળા કાષ્ઠ જેવી ચળકતી ચામડીવાળા, તામિલોના ટોળા સાથે કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર બેસી રહેતા. એમને એકઠા કરનારી, જાતિનાં અસહ્ય ક્ષુલ્લક બંધનોનો નાશ કરનારી, અને એમની વચ્ચેની એકતાને જગાવનારી વસ્તુ કઈ હતી ? એ વસ્તુ બીજી કોઈ જ નહોતી પણ ઊંડી પ્રતીતિ હતી કે સાચું જ્ઞાન થાય છે ત્યારે કૃત્રિમ ભેદભાવનો અંત આવે છે. એ વસ્તુને લીધે જ જૂના જમાનાના રાજાઓ અને રાજકુમારો દૂરદૂરથી અરણ્યવાસી ઋષિઓની સલાહ લેવા આવતા હતા.

એક યુવતીએ સરસ પોશાકવાળા શિશુ સાથે હૉલમાં પ્રવેશ કર્યો અને મહર્ષિને ભારે પૂજ્યભાવપૂર્વક પ્રણામ કર્યા. એ વખતે જીવનના કેટલાક જટિલ પ્રશ્નોની ચર્ચા ચાલતી હોવાથી એ શાંતિથી બેઠી, અને બૌદ્ધિક વાતચીતમાં ભાગ લેવાનું સાહસ ન કર્યું. હિંદુ સ્ત્રીઓને માટે વિદ્વત્તા અલંકારરૂપ નથી મનાતી, એટલે ઘરગથ્થુ વિષયો ને પાકશાસ્ત્રની સામાની બહારનું એનું જ્ઞાન ઘણું ઓછું હોય છે. છતાં એને કોઈ સાચેસાચી મહાનતાનો સંપર્ક થાય છે ત્યારે તે મહાનતાને એ સમજી શકે છે.

સાંજ પડતાં હૉલમાં જાહેર સમૂહધ્યાનનો કાર્યક્રમ શરૂ થતો. એના સમયની સૂચના આપતાં મહર્ષિ લગભગ રોજ બીજાને ખબર પણ ન પડે તેવી સહજ રીતે એમની સમાધિદશામાં પ્રવેશ કરતા. એ દશામાં એ બહારની દુનિયામાંથી ઈંદ્રિયોનાં દ્વારને બંધ કરી દેતા. મહર્ષિના શક્તિસંચારક સાંનિધ્યમાં રોજ કરવામાં આવતી ધ્યાનની સાધનાને લીધે મને સમજાયું કે મારા વિચારોને અંદર કેવી રીતે વાળવા અને કેવી રીતે વિલીન કરી દેવા. એમના આત્મિક પ્રકાશના પુંજમાંથી નીકળતા તેજસ્વી કિરણથી અંતરને અજવાળ્યા વિના કે આત્માને પ્રકાશિત કર્યા વિના એમની સાથે સતત અથવા વારંવારના સંપર્કમાં રહેવાનું અશક્ય હતું. ધ્યાનની એ નીરવ શાંતિની ક્ષણોમાં મને અવારનવાર ભાન થવા માંડ્યું કે મારા મનને એ એમના પોતાના વાયુમંડળ તરફ ખેંચી રહ્યા છે, અને એવે વખતે

જ મને સમજાયું કે એ મહાપુરુષના ઉદ્‌ગારો કરતાં એમના મૌનનું મહત્ત્વ કેમ વધારે છે. એમની સ્વાભાવિક નીરવ શાંતિ અને મૌન-વૃત્તિ એમની વિરાટ શક્તિ કે સિદ્ધિના પરિણામરૂપ હતી. એ શક્તિ વૈખરી વાણી કે કોઈ પણ પ્રકારની પ્રત્યક્ષ પ્રવૃત્તિના માધ્યમ વિના પણ માણસને મોટી અસર પહોંચાડી શકતી હતી. કેટલીક ક્ષણોમાં એમના એ સામર્થ્યનો અનુભવ હું એટલા મોટા પ્રમાણમાં કરી શકતો કે મને થતું કે એ એક મોટામાં મોટી હલચલ પેદા કરનારો આદેશ જ છોડે તો હું એને તરત જ માથે ચડાવી દઉં. પરન્તુ મહર્ષિ પોતાના અનુયાયીઓને ગુલામ બનાવવામાં અને આજ્ઞા-પાલનના બંધનમાં બાંધી રાખવામાં નહોતા માનતા. એ પ્રત્યેકને કર્મ કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા પ્રદાન કરતા. એ બાબતમાં મને ભારતમાં મળેલા મોટા ભાગના ઉપદેશકો અને યોગીઓથી એ તદ્દન અનોખા તથા જુદા તરી આવતા હતા. મારી પ્રથમ મુલાકાત દરમિયાન એમને આપેલા અનેક મોઘમ ઉત્તરોમાં એમણે જે પદ્ધતિનો નિર્દેશ કરેલો તે પદ્ધતિ પ્રમાણે મેં મારું ધ્યાન કરવા માંડયું. હું મારા સ્વરૂપનો વિચાર કરવા લાગ્યો.

હું કોણ છું ?

હા, માંસ અને લોહીથી ભરેલું આ શરીર છું ?

બીજા માણસથી મને જુદો પાડતી લાગણી, વિચારો તથા મન હું છું ?

અત્યાર સુધી એ પ્રશ્નોના ઉત્તરો માણસે સ્વાભાવિક રીતે તથા કોઈ પણ પ્રકારના સંશય વગર હકારમાં જ આપ્યા છે; પરન્તુ મહર્ષિએ એ ઉત્તરોને એવા ને એવા રૂપમાં સ્વીકારી ના લેવાની ચેતવણી આપેલી. છતાં કોઈ જાતનો વ્યવસ્થિત ઉપદેશ આપવાની એ ના પાડતા. એમના સંદેશનો નિષ્કર્ષ આવો હતો :

'હું કોણ છું, એની શોધ સતત રીતે કરતા રહો. તમારા સમસ્ત વ્યક્તિત્વનું પૃથક્કરણ કરો. હુંનો વિચાર કયાંથી શરૂ થાય છે તે શોધી કાઢવાનો પ્રયાસ કરો. તમારી ધ્યાનની સાધનામાં

લાગ્યા રહો. એક દિવસ વિચારનું ચક્ર ધીમું પડશે અને અદ્‌ભુત અંતઃપ્રેરણાનો આવિર્ભાવ થશે. એ અંતઃપ્રેરણાને અનુસરો, વિચારો બંધ કરો, અને એની મદદથી આખરે તમે ધ્યેયની પ્રાપ્તિ કરી લેશો.'

હું મારા વિચારો સાથે દરરોજ સંઘર્ષ કરતો તથા મનના ઊંડાણમાં પ્રવેશવાનો ધીમી ગતિએ પ્રયાસ આદરતો. મહર્ષિના સુખદ સાન્નિધ્યમાં મારા ધ્યાનની અને આત્મચિંતનની સાધના ઉત્તરોત્તર ઓછા પરિશ્રમવાળી તેમ જ અધિક અસરકારક બનતી ગઈ. મારી ઉત્કટ આકાંક્ષા તથા મને માર્ગદર્શન મળી રહ્યું છે એવી ભાવના મારા સતત રીતે થઈ રહેલા પ્રયત્નોને પ્રેરણા પાડતી રહી. એવો અસાધારણ સમય પણ આવી જતો જ્યારે હું સ્પષ્ટ રીતે અનુભવી શકતો કે મહર્ષિની અદૃષ્ટ શક્તિ મારી મનોવૃત્તિ પર મજબૂત રીતે કાબૂ જમાવી રહી છે. એના પરિણામ રૂપે માનવ-મનને વીંટી વળેલા આત્માના ગુપ્ત પ્રદેશમાં હું વધારે ઊંડો ઊતરતો.

દરરોજ સાંજે હૉલ ખાલી થઈ જતો, ક્રમકે મહર્ષિ, એમના શિષ્યો તથા મુલાકાતીઓ ભોજનખંડમાં જમવા માટે છૂટા પડતા હું આશ્રમનું ભોજન ન લેતો, તથા મારું પોતાનું ભોજન તૈયાર કરવાની ચિંતા પણ ન કરતો. એટલે મોટે ભાગે હૉલમાં એકલો રહીને એમના પાછા ફરવાની રાહ જોતો. આશ્રમના ભોજનની એક વાનગી મને આકર્ષક અને સ્વાદિષ્ટ લાગતી અને તે દહીં. મારી એને માટેની રુચિની મહર્ષિને ખબર હોવાથી એ રસોઈયાને કહીને રોજ રાતે એનો એકાદ પ્યાલો મને મોકલી આપતા.

એમના પાછા આવ્યા પછી આશરે અડધા કલાકે આશ્રમના સાધકોએ અને આશ્રમમાં રહી ગયેલા મુલાકાતીઓએ ચાદરો અથવા પાતળી સુતરાઉ કામળીઓ વીંટીને હૉલની ફરસબંધીવાળી જમીન પર લંબાવ્યું. મહર્ષિએ પોતે એમના ખાટલાની પથારી કરી. એમના વિશ્વાસુ સેવકે એમને શરીરે તેલ લગાડીને ચંપી કરી, અને પછી એ સફેદ ચાદર ઓઢીને સૂઈ ગયા.

હું હાથમાં ફાનસ સાથે હૉલમાંથી બહાર નીકળીને મારી ઝૂંપડી તરફ એકલો ચાલી નીકળ્યો. બગીચાના કંપાઉન્ડમાં ફૂલો, વૃક્ષો ને છોડવાઓ પર અસંખ્ય આગિયાઓ ઊડી રહ્યા હતા. એક વાર હું રોજ કરતાં બેથી ત્રણ કલાક મોડો પડ્યો અને મધ-રાતનો સમય પાસે હતો ત્યારે એ અનોખાં જંતુઓના અલૌકિક પ્રકાશનું મેં દર્શન કર્યું. મારે આગળ જતાં જેમાંથી પસાર થવું પડતું તે ગીચ ઝાડી તથા થોરમાં પણ એ અવારનવાર એટલા જ મોટા પ્રમાણમાં જોવા મળતાં. અંધકારમાં ચાલતી વખતે વીંછી કે સાપ પર પગ ન પડી જાય તેનું પણ ધ્યાન રાખવું પડતું. કોઈ કોઈ વાર તો ધ્યાનનો પ્રવાહ મારા પર એટલા બધા મોટા પ્રમાણમાં પ્રભાવ જમાવતો કે એને રોકવાની શક્તિ કે ઇચ્છા મારામાં ન રહેતી. એને લીધે ફાનસના પ્રકાશવાળી નાનકડી કેડી પર ચાલતી વખતે મારે થોડું ક ધ્યાન આપવું પડતું. એવી રીતે સંભાળપૂર્વક ચાલીને હું મારી સાધારણ ઝૂંપડીએ આવી પહોંચ્યો, એનું ભારે, સખત અથવા મજબૂત બારણું બંધ કર્યું અને અરણ્યનાં અનિચ્છનીય હિંસક પ્રાણીઓથી બચવા માટે કાચ વગરની બારીઓ વાસી દીધી. એ પહેલાં મેં ઝાડીમાંથી પસાર થતા રસ્તાની એક બાજુએ ઊભેલાં તાડવૃક્ષોના સમૂહ તરફ છેલ્લી નજર નાખી લીધી. એમની એકમેકની અંદર ગૂંથાયેલી હોય એવી, પીંછાંની યાદ આપતી, ટોચો પર રૂપેરી ચાંદનીના પ્રવાહો પડી રહ્યા હતા.

૧૭

ભુલાયેલા સત્યની ઝાંખીઓ

એક દિવસ બપોર પછી એક નવા મુલાકાતીએ હોલમાં મક્કમ ચાલે, મોભાદાર પગલે પ્રવેશ કર્યો અને મહર્ષિના કોચની તદ્દન પાસે પોતાની બેઠક લીધી. એમની ચામડી અતિશય કાળી હતી. પરંતુ એને બાદ કરતાં એમની મુખાકૃતિ ખૂબ જ સંસ્કારી લાગી. એમણે બોલવાનો પ્રયત્ન ન કર્યો, છતાં મહર્ષિએ એમના સ્વાગતમાં તરત જ સ્મિત કર્યું.

એ પુરુષના વ્યક્તિત્વનો પ્રભાવ મારા પર ઘણો મોટો પડ્યો. એ પથ્થરમાં કોરેલા બુદ્ધ જેવા લાગવા માંડ્યા. એમના ચહેરા પર અસાધારણ શાંતિ છવાયેલી હતી. આખરે અમારી આંખ એક થઈ ત્યારે એ મારી તરફ લાંબા વખત સુધી તાકી રહ્યા. મેં અસ્વસ્થ બનતાં મારી દૃષ્ટિ ફેરવી લીધી. બપોર પછીના સમસ્ત સમય દરમિયાન એ એક શબ્દ પણ ન બોલ્યા.

બીજે દિવસે એકદમ અણધારી રીતે મને એમનો મેળાપ થયો. મારો નોકર રાજુ શહેરમાં થોડી ખરીદી કરવા ગયેલો, એટલે હોલમાંથી બહાર નીકળીને હું ચા બનાવવા મારા ઉતારા પર આવી પહોંચ્યો. બારણું ઉઘાડીને ઉંબરા પર પગ મૂકવા ગયો ત્યાં જ મેં જોયું કે જમીન પર કશુંક ચાલવા માંડ્યું અને મારા પગથી થોડાક ઇંચને અંતરે આવીને ઊભું રહ્યું. એની ચંચલ વાંકી ચાલ તથા આછા સુસવાટા પરથી હું જોયા પહેલાં જ અનુમાન કરી શક્યો કે

ઓરડામાં સાપ છે. એ વખતે મારી તદ્દન નજદીક આવી પહોંચેલા મૃત્યુમાંથી છૂટવાના વિચારે મને એટલો બધો ભયભીત કરી મૂકયો કે મારે શું કરવું તેની મને જરાય સમજ ન પડી. સાપની સામે હું મંત્રમુગ્ધ બનીને જોઈ રહ્યો. છતાં મને એનો ભય તો લાગ્યો જ. મારા જ્ઞાનતંતુઓ અતિશય અસ્વસ્થ બની ગયા. મારા અંતરના ઊંડાણમાં ભય તથા ગમગીનીનું સામ્રાજ્ય ફેલાઈ ગયું. તોપણ એ પ્રાણીના સુંદર આકારવાળા મસ્તક તરફ મેં જોયા કર્યું. એની આકસ્મિક મુલાકાતને લીધે હું ખળભળી ઊઠ્યો. પોતાની ફણાને મજબૂત ગરદન પર ઉઠાવીને તથા અમંગલ આંખને મારી તરફ સ્થિર કરીને એ દુષ્ટ પ્રાણીએ મને જોવા માંડ્યો.

આખરે મેં મારી વૃત્તિને પાછી વાળી, અને ઉતાવળે પાછો ખસી ગયો. સાપની કરોડને તોડવા એક દંડો લેવા હું બહાર જવાનો વિચાર કરવા માંડ્યો ત્યાં જ ગઈ કાલના પેલા નવા મુલાકાતીની આકૃતિ મારી નજરે પડી. સાંસ્કારિતા ને ગૌરવની ઝલકવાળી એમની ઉમદા મુખાકૃતિ જોઈને મને થોડીક શાંતિ થઈ. એ મારા રહેઠાણ પાસે આવ્યા, પરિસ્થિતિને દૃષ્ટિપાત કરતાં જ સમજી ગયા અને કોઈ પણ પ્રકારની અસ્વસ્થતા વિના ઓરડામાં પ્રવેશવા માંડ્યા. મેં એમને ચેતવણી આપી; પરંતુ એમણે એને લક્ષમાં ન લીધી. ફરી મારું મન ખળભળી ઊઠ્યું. કારણકે એમની પાસે કોઈ હથિયાર નહોતું અને એ છતાંય એમણે એમના બંને હાથ સાપ તરફ ઊંચા કરેલા!

એની પાતળી ને લાંબી જીભ એના ખુલ્લા મોઢામાં ફરવા લાગી, પરંતુ એણે એમના પર આક્રમણ કરવાનો પ્રયાસ ન કર્યો. એ વખતે મારો અવાજ સાંભળીને જળાશયમાં સ્નાન કરનારા બે માણસો ઝૂંપડી પાસે દોડી આવ્યા. એ અમારી પાસે આવ્યા તે પહેલાં તો એ અજાણ્યા મુલાકાતી સાપની તદ્દન પાસે જઈને ઊભા રહ્યા, એટલે સાપે એમની આગળ એનું માથું નમાવ્યું, તથા એમણે એની પૂંછડી પર ધીમેથી હાથ ફેરવ્યો!

બીજા બે માણસો આવી પહોંચ્યા ત્યાં સુધી સાપના સુંદર પરંતુ ઝેરી મુખની ભયંકર હલચલ ચાલુ હતી. પરંતુ પછીથી સાપે જાણે પોતાની જાતને સંભાળી લેવા ધાર્યું હોય તેમ, ત્વરિત વાંકી ચાલે ચાલવા માંડયું, અને ચાર મનુષ્યોની આગળથી ઝડપથી પસાર થઈને, ઝૂંપડીમાંથી બહાર નીકળીને, જંગલના સલામત આશ્રયસ્થાન તરફ પ્રયાણ કર્યું.

'એ એક નાનો ઝેરી સાપ છે.' પાછળથી આવનાર એક ભાઈએ ઉદ્‌ગાર કાઢયા : એ ભાઈ નગરના એક પ્રતિષ્ઠિત વેપારી હતા, અને મહર્ષિના દર્શનની અથવા મારી સાથે વાર્તાલાપ કરવાની ઇચ્છાથી અવારનવાર આવ્યા કરતા.

પેલા મહાપુરુષે જે નિર્ભયતાથી સાપની સાથે કામ લીધેલું એ નિર્ભયતાનો ઉલ્લેખ કરીને મેં આશ્ચર્ય વ્યક્ત કર્યું.

મેં વિશેષ સ્પષ્ટીકરણ કરવાની વિનતિ કરી ત્યારે વેપારીએ ઉત્તર આપ્યો :

'એ યોગી રામૈયા છે. એ મહર્ષિના સૌથી આગળ વધેલા શિષ્યોમાંના એક છે. એક અસાધારણ પુરુષ !'

યોગી રામૈયાની સાથે વાતચીત કરવાનું શક્ય નહોતું. એનું એક કારણ એ કે એમની માતૃભાષા તેલુગુ હતી, અને બીજું કારણ એ હતું કે પોતાની સાધનાના એક આવશ્યક અભ્યાસક્રમરૂપે એ સખત મૌનવ્રતનું પાલન કરી રહ્યા હતા. એમનો અંગ્રેજી સાથેનો સંપર્ક મારા તેલુગુ સાથેના સંપર્ક જેટલો જ મર્યાદિત હતો. એટલે કે જરા પણ નહોતો. મને એમ પણ જાણવા મળ્યું કે એ બીજાથી એકદમ અલગ રહે છે, અને એક નિયમરૂપે આશ્રમમાં આવતાજતા બીજા મનુષ્યોના સમાગમમાં નથી આવતા; દસ વરસથી એ મહર્ષિના શિષ્ય છે; તથા તળાવની પેલી તરફની ભેખડની છાયામાં એમણે બાંધેલા પથ્થરના નાના આશ્રયસ્થાનમાં વાસ કરે છે.

અમારી વચ્ચેનું અંતર થોડા વખતમાં જ દૂર થયું. પિત્તળનો ઘડો લઈને એ જળાશયે પાણી ભરવા આવેલા ત્યારે મારે એમને

મળવાનું થયું. એમની કાળી, રહસ્યમય પરંતુ માયાળુ મુખાકૃતિએ મને ફરી આકર્ષિત કર્યો. મારા ખિસ્સામાં કેમેરા હોવાથી મેં એમને હાવભાવ કરીને એમનો ફોટો પડાવવાની પ્રાર્થના કરી. એમણે કોઈ જાતનો વિરોધ ન કર્યો. ફોટો પડાવ્યા પછી એ મારી પાછળ મારે ઉતારે આવ્યા. ત્યાં અમને મારા બારણાની બહાર બેઠેલા અને મારા આગમનની રાહ જોતા ભૂતપૂર્વ સ્ટેશનમાસ્તરનો મેળાપ થયો.

એને પરિણામે મને જણાયું કે એ વયોવૃદ્ધ સ્ટેશનમાસ્તરનો તેલુગુ ભાષા પરનો અધિકાર અંગ્રેજી ભાષા પરના અધિકાર જેટલો જ ઊંચો છે. એ અમારી વચ્ચે દુભાષિયા તરીકે કામ કરવા તૈયાર થયા, અને મૌખિક રીતે બોલી બતાવવાને બદલે એમણે પેનસિલથી નોંધ કરવાનું સ્વીકાર્યું. યોગી રામૈયા ખાસ વાચાળ નહોતા. એમની સાથે કોઈ સવાલજવાબ કરે એ એમને નહોતું ગમતું. છતાં એમના સંબંધી થોડીક વધારે હકીકતો કઢાવવામાં મને સફળતા મળી.

રામૈયા હજુ ચાળીસેક વરસના હતા. નેલોર જિલ્લામાં એ થોડીક જમીન જેવી સંપત્તિ ધરાવતા હતા. એમણે વિધિપૂર્વક સંસારત્યાગ કર્યો નહોતો તોપણ, એમની સંપત્તિની વ્યવસ્થાનું કામ એમના કુટુંબને સોંપેલું. એથી એ યોગસાધનાની પાછળ વધારે વખત વ્યતીત કરી શકતા હતા. નેલોરમાં એમનું પોતાનું ભક્તમંડળ હોવા છતાં, દર વરસે એક વાર એમને છોડીને એ મહર્ષિને મળવા આવતા અને એમની સાથે બેથી ત્રણ મહિના પસાર કરતા.

યુવાનીના દિવસોમાં યોગવિદ્યા શીખવનાર ગુરુની શોધ કરવાની ઇચ્છાથી પ્રેરાઈને એમણે દક્ષિણ ભારતની સફર કરેલી. જુદાજુદા ગુરુઓ પાસેથી સાધના શીખીને એમણે કેટલીક અસાધારણ અપવાદ-રૂપ શક્તિઓ ને સિદ્ધિઓનો વિકાસ કરેલો. પ્રાણાયામ તથા ધ્યાનનો અભ્યાસ એમણે સહેલાઈથી હસ્તગત કર્યો. એ એમના ગુરુઓ કરતાં પણ આગળ વધી ગયા, કારણકે એમને થયેલા અનુભવોને એ સંતોષકારક રીતે ન સમજાવી શકયા. એના પરિણામરૂપે આખરે એ

મહર્ષિ પાસે આવી પહોંચ્યા. એમણે એમને તરત જ સાચો ખુલાસો પૂરો પાડ્યો અને એમના આગળના અભ્યાસમાં મદદ કરી.

યોગી રામૈયાએ મને જણાવ્યું કે પોતાના અંગત નોકરને લઈને બે મહિના માટે પોતે અહીં રહેવા આવ્યા છે, અને પૂર્વની પ્રાચીન યોગવિદ્યામાં એક પશ્ચિમવાસીને રસ લેતા જોઈને એમને ખરેખર આનંદ થાય છે. મેં એમને એક સચિત્ર અંગ્રેજી માસિક બતાવ્યું. એમણે એના એક ચિત્રની વિચિત્ર આલોચના કરતાં કહેવા માંડ્યું :

'પશ્ચિમના તમારા ડાહ્યા પુરુષો એમની પાસેનાં એન્જિનોથી વધારે ઝડપી ગતિથી દોડનારાં એન્જિનોને બનાવવા પ્રયત્નો કરવાનું છોડી દેશે અને જ્યારે એમના પોતાના સ્વરૂપમાં ડોકિયું કરશે, ત્યારે તમારી પ્રજાને વધારે સાચું સુખ સાંપડી શકશે. વધારે વેગથી પ્રવાસ કરવામાં મદદરૂપ થનારી પ્રત્યેક વસ્તુની શોધ દરમિયાન અથવા એવી શોધ પછી તમારી પ્રજા વધારે સંતોષી બને છે એવું તમે કહી શકો છો ખરા ?'

એ છૂટા પડ્યા તે પહેલાં મેં એમને પેલા સાપ વિશે પૂછી જોયું. એમણે સ્મિત સાથે બેકાળજીથી લખીને ઉત્તર આપ્યો :

'મને કોનો ભય છે ? મારા હૃદયમાં સઘળા જીવો પ્રત્યેનો પ્રેમ લઈને કોઈ પણ જાતના ધિક્કાર વિના હું એની પાસે ગયેલો.'

મેં કલ્પી લીધું કે યોગીના શબ્દોની પાછળ, એમના થોડાક લાગણીપ્રધાન સ્પષ્ટીકરણથી સમજાય છે તેના કરતાં કાંઈક વિશેષ રહસ્ય સમાયેલું છે, પરંતુ વધારે પૂછપરછ કરવાનું મુલતવી રાખીને મેં એમને જળાશય પાસેના એમના એકાંત આશ્રયસ્થાન તરફ જવા દીધા.

યોગી રામૈયા સાથેની મારી એ પ્રથમ મુલાકાત પછીનાં અઠવાડિયાં દરમિયાન, હું એમને જરા વધારે સારી રીતે ઓળખતો થયો. મારા નિવાસસ્થાનની આસપાસના નાનકડા મેદાનમાં, જળાશયની બાજુમાં, કે એમના પોતાના મકાની બહાર પણ, અમે

અવારનવાર મળતા રહ્યા. એમના દૃષ્ટિકોણમાં કશુંક એવું હતું જે મારા સ્વભાવ સાથે મેળ ખાતું હતું, પરંતુ એમની કાળી મોટી આંખમાં જે શાંતિ હતી એ અત્યંત આકર્ષક હતી અને એમની પોતાની હતી. અમારા બંનેની વચ્ચે એક વિચિત્ર પ્રકારની મિત્રતા પેદા થઈ. એક દિવસ મારા માથા પર ટપલી મારીને મારા હાથને એમના હાથમાં દબાવીને, એમણે મને આશીર્વાદ આપ્યો ત્યારે એ મિત્રતા પરાકાષ્ઠાએ પહોંચી ગઈ. અમારા સમસ્ત સમાગમ દરમિયાન, પેલા વૃદ્ધ પુરુષે મારે માટે જેમનું ભાષાંતર કરેલું એવી તેલુગુ ભાષાની પેનસિલથી ટપકાવેલી થોડી નોંધો સિવાય એક અક્ષર પણ નહોતો બોલાયો. છતાં હું અનુભવવા માંડ્યો કે મારી અને રામૈયાની વચ્ચે કોઈથી કદીય ન તોડી શકાય એવું કશુંક બંધાઈ રહ્યું છે. જંગલના વિસ્તારોમાં હું એમની સાથે અવારનવાર ફરવા જતો, અને એકાદ બે વાર તો અમે ભારેખમ શિલાઓ આગળથી પસાર થતાં પર્વતની તળેટી પર ચઢવાનો શ્રમ કરેલો. પરંતુ અમે જ્યાં જ્યાં જતા ત્યાં એમની આકૃતિ હંમેશાં શાંત ને ગૌરવભરી રહેતી. અને એમના ઉમદા સહવાસની પ્રશસ્તિ કર્યા સિવાય મારાથી ન રહેવાતું.

ગમે તેમ પણ, વધારે વખત વીતે તે પહેલાં તો મને એમના અસાધારણ સામર્થ્યનો એક બીજો આશ્ચર્યજનક પરચો જોવા મળ્યો. મને એક અતિશય ખરાબ સમાચાર આપતો પત્ર મળેલો. એનો અર્થ મને સમજાયો ત્યાં સુધી એવો હતો કે મારી આર્થિક મદદ પર થોડા વખતમાં એવો મોટો કાપ મુકાશે કે મારે મારું ભારતમાં રહેવાનું ટૂંકાવવું પડશે. મહર્ષિના આશ્રમમાં એમના શિષ્યોદ્વારા કરાતા આતિથ્યનો લાભ મને લાંબા વખત સુધી મળી શકે તેમ હતો, પરંતુ એવી સ્થિતિ મારા સ્વભાવની ખાસિયતની તદ્દન વિરુદ્ધ હતી. અને એ આખીયે વસ્તુનું નિરાકરણ મારા પ્રત્યેના કેટલાક ઉપકારને પરિણામે થઈ શકયું. એ ઉપકારનો બદલો વાળવાની મારી

ફરજ છે એ હું સમજી શકયો, અને એ બદલો પશ્ચિમમાં જઈને મારી પ્રવૃત્તિઓનો પ્રારંભ કરવાથી જ વાળી શકાય તેમ હતો.

એ સમાચાર હું જે માનસિક અને આધ્યાત્મિક તાલીમ લઈ રહ્યો હતો એની સર્વોત્તમ કસોટીરૂપ હતા, અને મારી શકિતસામગ્રી એટલી બધી અલ્પ હતી કે એ કસોટીમાંથી હું ભારે નામોશી સાથે બહાર આવ્યો. હું એકદમ હાલી ઊઠયો. મહર્ષિની સાથેનો હોલનો રોજનો આંતરિક સંબંધ મારાથી ન થઈ શકયો, અને પરિણામે એમની ટૂંકી મુલાકાત પછી હું ઉતાવળમાં બહાર નીકળ્યો. દિવસના શેષ સમય દરમિયાન, હું કાંઈક હતાશ બનીને, અને એક જ ફટકાથી માણસની બધી યોજનાઓને ઊલટસૂલટ કરી દેનારા પ્રારબ્ધના કચડી નાખનારા પરિબળની સામેનો શાંત બળવાખોર થઈને, આમતેમ રખડવા લાગ્યો.

મારા ઉતારા પર પાછા ફરીને મેં મારા થાકેલા શરીરને અને એથી પણ વધારે થાકેલા મનને કામળા પર નાખી દીધું. મને એક જાતનું ઊંડું દિવાસ્વપ્ન આવ્યું હોય એવો ભાસ થયો, કારણકે એકાદ ક્ષણ પછી બારણા પર પડતા ધીમા ટકોરા સાંભળીને હું ઊભો થઈને આગળ વધ્યો. આગંતુકને મેં અંદર આવવાની સૂચના કરી. બારણું ધીમેથી ઊઘડયું, અને મારા આશ્ચર્ય વચ્ચે રામૈયાએ ઓરડામાં પ્રવેશ કર્યો.

રામૈયા નીચે બેઠા એટલે હું પણ એમની સામે બેસી ગયો. એ મારી સામે આતુરતાપૂર્વક જોવા માંડયા. એમની આંખમાં પ્રશ્નાર્થનો ભાવ હતો. હું એક એવા પુરુષ સાથે એકલો બેઠો જેમની ભાષા બોલવાનું મારે માટે શકય નહોતું અને જે અંગ્રેજીનો એક શબ્દ પણ નહોતા બોલી શકતા. છતાં એમને માટે એકદમ અપરિચિત એવી મારી ભાષામાં એમને સંબોધવાની અવનવી લાગણી મારામાં પેદા થઈ. એની પાછળ એવી વિચિત્ર ધારણા સમાયેલી હતી કે એ મારા શબ્દો નથી સમજી શકતા; પરંતુ મારા વિચારો તો સમજી શકશે જ ! એને લીધે, થોડાંક આવેશયુક્ત વાકયોમાં,

મારા પર એકાએક જે વિપત્તિનાં વાદળાં વરસી ચૂકેલાં તેની તરફ મેં તેમનું ધ્યાન દોર્યું. અને મારા વક્તવ્યમાં પરાજયના હાવભાવ તેમ જ કંટાળાના ભાવો બતાવીને પૂરણી પૂરી.

રામૈયા શાંતિપૂર્વક સાંભળી રહ્યા. મેં મારું વક્તવ્ય પૂરું કર્યું એટલે એમણે સહાનુભૂતિપૂર્વકનું સમર્થન કરતાં ગંભીરતાથી માથું હલાવ્યું. થોડા વખત પછી એ ઊભા થયા અને હાવભાવ તથા સંકેતો દ્વારા, મને એમની પાછળ આવવાનું આમંત્રણ આપવા લાગ્યા. ઘટાદાર જંગલમાંથી આગળ વધતાં અમે થોડા વખતમાં મોટા મેદાની પ્રદેશમાં આવી પહોંચ્યા. ત્યાં બપોર પછીના સૂર્યનો સંપૂર્ણ પ્રકાશ અમારી ઉપર પડવા માંડ્યો. અડધા કલાક સુધી એમની પાછળ ચાલ્યા પછી મેં એક વડના વૃક્ષની છાયાનો આશ્રય લીધો. એ વૃક્ષની શીતળ છાયા મારા સંતપ્ત શરીરને શાંતિ આપી રહી. થોડીક વિશ્રાંતિ પછી અમે ગીચ જંગલને પાર કરતાં બીજા અડધા કલાક સુધી આગળ વધ્યા. અને રામૈયાના પરિચિત રસ્તા પરથી નીકળીને આખરે એક મોટા જળાશય પાસે આવી પહોંચ્યા. રંગબેરંગી કમળોથી ભરેલા પાણી આગળથી ચાલતી વખતે અમારા પગ એના કોમળ, રેતાળ, કિનારા પર ખૂંપી ગયા.

યોગી એક અતિશય નીચા વૃક્ષની છાયાને પસંદ કરીને એની નીચે બેસી ગયા. હું પણ રેતી પર એમની બાજુમાં જ બેસી ગયો. તાડનું ઝાડ પોતાનું ઝૂમખાંવાળું માથું ઊંચું કરીને લીલી છત્રીની પેઠે અમારી ઉપર ઊભું રહેલું હતું. આપણી ચંચલ પૃથ્વીના એ પ્રશાંત ખૂણામાં અમે તદ્દન એકલા હતા, કારણકે બે માઈલ જેટલો ફેલાયેલો ખુલ્લો વેરાન પ્રદેશ આગળ જતાં ફરીથી ગીચ પર્વતીય જંગલ સાથે જોડાઈ જતો હતો.

રામૈયા પગ વાળીને તથા એકમેકની ઉપર ચડાવીને ધ્યાનના પ્રચલિત આસનમાં બેસી ગયા. એમણે મને એમની થોડી નજીક બેસવાનો એમની અંગુલિથી સંકેત કર્યો. પછી એમની પ્રસન્ન મુખમુદ્રા

સીધી થઈ, એમની આંખ પાણીની ઉપર સ્થિરતાપૂર્વક તાકી રહી, અને એ થોડા જ વખતમાં ધ્યાનની ઊંડી દશામાં ડૂબી ગયા.

મિનિટો મંદ ગતિએ પસાર થવા લાગી, છતાં રામૈયા કોઈ પણ જાતના હલનચલન વગર બેસી રહ્યા. એમનું વદન અમારી સામેના જલાશય જેવું જ શાંત હતું, અને એમનું શરીર પવનથી સહેજ પણ ન હાલનારા વૃક્ષની પેઠે એ પ્રાકૃતિક પ્રદેશને અનુરૂપ અચળ બની રહ્યું. અડધો કલાક વીતી ગયો તોપણ તાડવૃક્ષની નીચે એ એવા જ અનેરા, પ્રશાંત, અને આત્માની ઊંડી નીરવતાથી વીંટળાઈને બેસી રહ્યા. એમના વદન પર હવે પહેલાં કરતાં વધારે ઊંડી શાંતિ દેખાવા માંડી, અને એમની સખત આંખ અવકાશમાં સ્થિર થઈ કે દૂરની પર્વતમાળા પર, એની મને ખબર ન પડી.

વધારે વખત વીતે તે પહેલાં તો, એ એકાંત વાતાવરણની નીરવતા તથા મારા સાથીદારની આશ્ચર્યચકિત કરનારી શાંતિ મારામાં એક જાતની ઊંડી આશંકા જગાવવા માંડી. ધીરેધીરે, મક્કમ રીતે ને મંદ છતાં ચોક્કસ પ્રમાણમાં શાંતિ, મારા આત્માની સાથે તાણાવાણાની પેઠે વણાવા લાગી. પહેલાં કદી પણ ન પ્રકટેલી વ્યક્તિગત પીડા પરના શાંત વિજયની વૃત્તિ હવે મારામાં સહેલાઈથી પ્રકટી ઊઠી. મને શંકા ન રહી કે યોગી રામૈયા પોતાની રહસ્યમય રીતે મને મદદ કરી રહ્યા છે. એ ઊંડામાં ઊંડા આત્મચિંતનમાં એટલા બધા લીન બની ગયા હતા કે એમના શાંત શરીરમાંથી એકાદ શ્વાસ નીકળતો પણ ભાગ્યે જ દેખાતો હતો. એમની એ અનેરી અવસ્થાની પાછળ શું રહસ્ય છુપાયેલું હશે? એમની અંદરથી આવિર્ભાવ પામતાં એ પરોપકારી પ્રકાશકિરણોનું ઉદ્‌ભવસ્થાન કયું હશે?

સાંજ પડતાં તાપ ઓછો થયો, અને સંતપ્ત રેતી ઠંડી થવા લાગી. પશ્ચિમમાં સરતા સૂર્યનું સુંદર સોનેરી કિરણ યોગીના મુખ પર પડ્યું. એને લીધે એમનું અચળ શરીર એટલા વખત પૂરતું પ્રકાશમય પ્રતિમા જેવું બની ગયું. મને એવો વિચાર થવા માંડ્યો કે મારા આત્માની ઉપર જે ઉત્તરોત્તર વધતી જતી શાંતિના તરંગો

વહી રહ્યા છે એનો ઉપભોગ હું ફરી કરી શકીશ ખરો. મારા પોતાના આત્માના અલૌકિક ઊંડાણમાં હું જીવવા માંડ્યો, એટલે દુન્યવી જીવનના ફેરફારો અને અવસરોને યોગ્ય પ્રમાણમાં સમજી શક્યો. હું આશ્ચર્યકારક સ્પષ્ટતાથી અનુભવી શક્યો કે પોતાના આત્માના ઊંડાણનો આધાર મેળવનાર માણસ જ પોતાનાં સંકટોનો શાંતિપૂર્વક સામનો કરી શકે છે: માણસને સ્વીકાર્ય હોય તો એની સુરક્ષા માટે અલૌકિક અને અપરિવર્તનશીલ પરમાત્મા તૈયાર છે, એટલે દુન્યવી આશા-તૃષ્ણાના ક્ષણભંગુર સુખને વળગી રહેવામાં મૂર્ખતા રહેલી છે: અને જ્ઞાની ગેલીલીયને પોતાના શિષ્યોને કહેલું કે આવતી કાલનો વિચાર ન કરશો તેનું કારણ એ હતું કે એક વધારે ઉત્તમ શક્તિ એમના વિશે વિચારી રહી હતી. હું એવું પણ અનુભવી શક્યો કે એક વાર માણસ પોતાના આત્માની અંદરના એ પયગંબરી તત્ત્વમાં વિશ્વાસ રાખતો થઈ જાય તો તે આ દુનિયામાં માનવજીવનના ઉત્થાનપતનમાંથી ભયભીત થયા વગર કે અટકચા વિના પસાર થઈ શકે. અને મને અનુભવવા મળ્યું કે જીવનનું મૂળભૂત મૂલ્ય કચાંક નજીકમાં જ રહેલું છે, તથા એના શાંત સહવાસમાં કોઈ જાતની ચિંતાઓ માટે અવકાશ નથી. એવી રીતે આધ્યાત્મિક વાતાવરણ બદલાતાં મારા મન પરનો ભારે બોજો દૂર થઈ ગયો.

એ સુંદર અનુભવમાં કેટલો વખત વીતી ગયો તેની પરવા મેં ન કરી. મને એ નથી સમજાતું કે આત્માની અંદર ઊતરવાના અલૌકિક રહસ્યને અને આ લોકની દૃષ્ટિથી જોતાં એના અલગ અસ્તિત્વને કોઈ પણ પુરુષ સંતોષકારક રીતે કેવી રીતે સમજાવી શકે. એ ઉજ્જવળ દૃશ્ય પર સંધ્યાનો પડદો પડી ગયો. મારા સ્મૃતિપટ પર કચાંક એવું ઊપસી આવ્યું કે આ ભાગોમાં રાત ધાર્યા કરતાં ઘણી જલદી પડે છે. છતાં પણ મારે એની સાથે કાંઈ સંબંધ નહોતો. મારી બાજુમાં બેઠેલા એ મહાપુરુષ ત્યાં જ બેસીને મને સર્વોપરી શુભ અથવા શાંતિ તરફ અંદરની દુનિયામાં દોરી રહ્યા હતા એટલું પૂરતું હતું.

આખરે ઊઠવાનો સંકેત કરતા હોય તેમ એમણે મારા હાથને સ્પર્શ કર્યો, ત્યારે અંધારું થઈ ગયું હતું. રાત્રિના અંધકારમાં એ એકાંત નિર્જન પ્રદેશમાંથી કોઈ પણ પ્રકારની કેડી કે પ્રકાશ વિના યોગી રામૈયાની ચિરપરિચિત બુદ્ધિથી દોરવાઈને અમે ઘર તરફ સફર કરતાં ચાલવા લાગ્યા. બીજા કોઈ પણ વખત દરમિયાન એ સ્થળમાંથી પસાર થતી વખતે મને બીક લાગી હોત, કારણકે જંગલના રાતના અનુભવની અવનવી સ્મૃતિ મારા મનમાં તાજી હતી. અમારી નજીક અદૃષ્ટ જીવંત રૂપોની દુનિયા હોય અને પશુઓ આમતેમ ફર્યા કરતાં હોય એવું લાગવા માંડયું. એકાદ બે મિનિટ માટે મારા અંતરની આંખ આગળ જેકીનું ચિત્ર આવીને ઊભું રહ્યું. એ કૂતરો હું બહાર ફરવા નીકળતો ત્યારે અને મટૂલીમાં ભોજન કરતો ત્યારે ઘણી વાર મારી સાથે રહેતો. ચિત્તાના કરડવાથી એની ગરદન પર બે ચાઠાં પડેલાં. એનો ભાઈ પણ મને યાદ આવ્યો. એ એ જ ચિત્તાના હાથમાં ઝડપાયેલો અને પછી દેખાયેલો જ નહિ. સંજોગાવશાત્ મને પણ એવી રીતે ચળકતી લીલી આંખવાળા, શિકારની શોધમાં નીકળેલા, ભૂખ્યા ચિત્તાનો ભેટો થઈ જાય, અથવા ગૂંચળું વાળીને જમીન પર પડેલા સાપ પર અજાણતાં અંધકારમાં મારો પગ પડી જાય, અથવા ચંપલવાળા પગને ઝવલેણ સફેદ વીંછીનો સ્પર્શ થાય તો? પરંતુ એ પછી તરત જ યોગી રામૈયાની નિર્ભય હાજરીમાં એવા વિચારો કરવા બદલ મને શરમ લાગી, અને મને વીંટી વળેલા એમના સંરક્ષક, શાંત પ્રકાશનું મેં શરણ લીધું.

પરોઢિયું થતાં પ્રકૃતિનું જે વિચિત્ર સમૂહગીત શરૂ થયેલું તેનાથી વધારે વિચિત્ર ને વિરોધી સમૂહગીત રાત જરા વધારે વીતી એટલે શરૂ થયું. દૂરથી શિયાળના ઉપરાઉપરી અવાજ આવવા માંડ્યા, અને એક વાર કોઈ જંગલી પ્રાણીના ઘૂરકાટનો અમંગલ પડઘો સંભળાયો. અમારાં વ્યક્તિગત આશ્રયસ્થાનોને અલગ પાડતા જળાશય પાસે અમે આવી પહોંચ્યા ત્યારે દેડકાના, ગરોળીના તથા ચામાચીડિયાના અવાજો અમારે કાને અથડાયા.

સવારે મેં સૂર્યપ્રકાશવાળી સૃષ્ટિમાં મારી આંખ ઉઘાડી અને મારા હૃદયને એના પ્રકાશમય સંદેશ પ્રતિ ખુલ્લું કર્યું.

× × × ×

મારી આજુબાજુના સુંદર જીવનનો થોડોક હેવાલ મારી કલમદ્વારા આપી શકું તેમ છું, તથા મહર્ષિ સાથેની અનેક વાતચીતોનો વિશેષ ઇતિહાસ પણ રજૂ કરી શકું તેમ છું, પરંતુ આ વૃત્તાંતની હવે પૂર્ણાહુતિ કરું એ જ બરાબર છે.

મેં મહર્ષિનું નજીકથી નિરીક્ષણ કર્યું અને એમની અંદર ધીરેધીરે દૂરના ભૂતકાળના શિશુસ્વરૂપનું દર્શન કર્યું. એ વખતે આજે ગણાતી સોનાની ખાણની શોધની કિંમત કરતાં આત્મિક સત્યની શોધની કિંમત જરાય ઓછી નહોતી મનાતી. મને ઉત્તરોત્તર વધારે ને વધારે ખાતરી થતી ગઈ કે દક્ષિણ ભારતના આ એકાંત અને અપ્રસિદ્ધ ખૂણામાં મારે ભારતના છેલ્લા આધ્યાત્મિક મહામાનવોમાંના એકના સંસર્ગમાં આવવાનું થયું છે. એ અર્વાચીન સંતપુરુષની શાંત આકૃતિ જોઈને એમના દેશના પ્રાચીન સંતપુરુષોની દંતકથારૂપે વહેતી આવેલી આકૃતિઓની કલ્પના હું સહેલાઈથી કરી શકતો. એ મહાપુરુષનો સૌથી વધારે આશ્ચર્યકારક અંશ હજુ અજ્ઞાત જ હતો એવું સહેલાઈથી સમજી શકાતું. અંતઃપ્રેરણાથી ઓળખી શકાતા, પરમજ્ઞાનથી ભરેલા, એમના અંતરાત્માનો તાગ મેળવવાનું સૌ કોઈને માટે શક્ય નહોતું. કોઈ કોઈ વાર એ એકદમ અલગ હોય એવા દેખાતા, તો કોઈ વાર એમની આંતરિક કૃપાનો આશીર્વાદ આપીને મને પોતાની સાથે પોલાદી બંધનથી બાંધી દેતા. હું એમના રહસ્યમય વ્યક્તિત્વનું શરણ લેતાં તથા એમને જેવા પણ સમજી શકચો તેવા સ્વીકારતાં શીખ્યો. એક મનુષ્ય તરીકે એ બહારના સંપર્કોની અસરથી અલિપ્ત હતા તોપણ, એમના સ્વભાવને જાણી લેનાર સાધકો અંતરંગ સાધનાનો આધાર લઈને એમની સાથે આધ્યાત્મિક સંબંધ બાંધી શકતા. મને એમના પ્રત્યે પુષ્કળ પ્રેમ થતો, કારણકે એમની

આજુબાજુ સાચી મહાનતાનું વાતાવરણ જોવા મળતું તોપણ એ એવા જ સરળ અને નમ્ર રહેતા : પોતાના દેશવાસીઓની ચમત્કારપ્રિય પ્રકૃતિને પ્રભાવિત કરવા એ કોઈ દૈવી શક્તિઓ તેમ જ કોઈ ગૂઢ રહસ્યમય જ્ઞાનનો દાવો નહોતા કરતા : અને એમની અંદર પોતાને માટેની કોઈ પણ જાતની હકદાવાની વૃત્તિનો સર્વથા અભાવ હોવાથી, એમના જીવનકાળ દરમિયાન એમને સંત તરીકે પ્રખ્યાત કરવાના પ્રત્યેક પ્રયત્નનો એ પ્રતીકાર કરતા.

મને લાગ્યું કે મહર્ષિ જેવા મહાપુરુષોની હાજરી આપણે બધા જે પ્રદેશમાં સહેલાઈથી ન પહોંચી શકાએ તે આધ્યાત્મિક પ્રદેશના અલૌકિક સંદેશને ઇતિહાસમાં જીવતો અને વહેતો રાખે છે. વધુમાં મને એવું પણ લાગ્યું કે આવા સંતપુરુષ આપણી પાસે કશુંક પ્રકટ કરવા આવે છે, આપણી સાથે કોઈ દલીલ કરવા નથી આવતા, એ હકીકતનો સ્વીકાર કરવો જોઈએ. ગમે તેમ પણ, એમનું વ્યક્તિગત વલણ અને એમની વ્યાવહારિક પદ્ધતિ તદ્દન વૈજ્ઞાનિક હોવાથી, એમના ઉપદેશોએ મને ખૂબ જ પ્રભાવિત કરી દીધો. એ એમની વચ્ચે કોઈ ચમત્કારિક શક્તિને લાવતા નહોતા, તથા કોઈ જાતના ધાર્મિક અંધ વિશ્વાસની પણ માગણી કરતા નહોતા. મહર્ષિની આજુબાજુના વાતાવરણની ઊંચી આધ્યાત્મિકતાનો અને એમના તત્ત્વજ્ઞાનમાં સમાયેલી બુદ્ધિવાદી આત્મવિચારણાનો પેલા મંદિરમાં નજીવો પડઘો પડતો હતો. એમના મુખમાંથી 'ઈશ્વર' શબ્દ પણ ભાગ્યે જ નીકળતો. જે જાદુગરી અથવા પરચાઓના પ્રદર્શનમાં પડીને કેટલાય આશાસ્પદ સાધકોની સાધનારૂપી નૌકાઓ ભરદરિયે જ ભાંગી ગઈ છે તે જાદુગરી અથવા પરચાઓના ઘેરા તેમ જ ચર્ચાસ્પદ પાણીમાં એમણે પ્રવેશ નથી કર્યો. એ તો કેવળ પોતાની જાતના પૃથક્કરણનો માર્ગ બતાવતા. અર્વાચીન કે પ્રાચીન સિદ્ધાંતો કે માન્યતાઓમાં વિશ્વાસ ધરાવવા છતાં એનો આધાર લઈ શકાતો, તથા એ માર્ગે આગળ વધીને છેવટે સ્વરૂપનું સાચું જ્ઞાન મેળવી શકાતું.

સાચા સ્વરૂપનો સાક્ષાત્કાર કરવા માટેના પ્રયત્નરૂપે મેં આત્મવિચારની એ પદ્ધતિનો આધાર લીધો. અમારી વચ્ચે કોઈ જાતની વાતચીત ન થતી હોય તોપણ, મને અવારનવાર લાગ્યા કરતું કે મહર્ષિ પોતાના મન દ્વારા મારા મનને કશુંક આપ્યા કરતા હતા. મારા પ્રયત્નોની સાથે મારા પ્રયાણનો સમય નજીક આવવા લાગ્યો. મેં આશ્રમમાં રહેવાનો સમય લંબાવવાની ઇચ્છા કરી જોઈ, પરંતુ મારું સ્વાસ્થ્ય બગડવાથી મારે આશ્રમમાંથી નીકળવાનો અફર નિર્ણય કરવો પડ્યો. આશ્રમમાં મને ખેંચી લાવવાની ઊંડી આંતરિક આવશ્યકતાએ મારામાં જે ઇચ્છાશક્તિ પેદા કરેલી તે થાકેલા માંદા શરીરની અને કંટાળેલા મનની ફરિયાદોને ફેંકી દેવા તથા એ ગરમ બંધિયાર વાતાવરણમાં મને રાખવા માટે પૂરતી હતી. છતાં પ્રકૃતિને વધારે વખત સુધી પરાસ્ત ના કરી શકાઈ, અને થોડા જ વખતમાં મારી શારીરિક સ્થિતિ ભયંકર રીતે કથળી પડી. એ એક વિચિત્ર વિરોધાભાસ હતો કે મારું જીવન આધ્યાત્મિક રીતે એની ઉન્નતિના શિખર પર પહોંચવાની તૈયારીમાં હતું, પરંતુ શારીરિક રીતે અત્યાર સુધી જે દુર્દશાએ પહોંચ્યું હતું તેના કરતાં પણ વધારે દુર્દશા તરફ સરકતું જતું હતું. મહર્ષિ સાથેના મારા સંપર્કને પરિણામે મને થયેલા સર્વોત્તમ અનુભવના થોડા કલાક પહેલાં જ મને ભયંકર ધ્રુજારી છૂટવા લાગી તથા કદી ન થયો હોય એવો પુષ્કળ પરસેવો થવા માંડ્યો. એ આવી રહેલા તાવની સાંકેતિક ખબર હતી.

મારા મનની આંખ આગળ રમણ મહર્ષિની બેઠેલી આકૃતિ તેજસ્વી બનીને તરવા માંડી. એમની અવારનવાર અપાયેલી સૂચનાને અનુસરીને, એ માનસિક આકૃતિ અંદર ઊતરીને એમના નિરાકાર, સત્ય સ્વરૂપ અને એમની અંદરની પ્રકૃતિ અથવા આત્માને પહોંચવાનો મેં પ્રયાસ કર્યો. મારા આશ્ચર્ય વચ્ચે એ પ્રયાસ લગભગ સત્વર સફળ થયો. એ આકૃતિ ફરી અદૃશ્ય થઈ ગઈ, અને એમના ગાઢ અસ્તિત્વની એકમાત્ર અનુભૂતિ જ શેષ રહી.

મારા આરંભના ધ્યાનની દશા દરમિયાન હું મોટે ભાગે માનસિક પ્રશ્નો પૂછ્યા કરતો. તે પ્રશ્નો છેલ્લેછેલ્લે બંધ પડેલા. મારી તન, મન અને અંતરની લાગણીઓને મેં વારંવાર અને ક્રમવાર ચકાસી જોઈ, પરંતુ આત્મા અથવા સ્વરૂપની શોધમાં સંતોષ ન મળતાં, આખરે એમનો ત્યાગ કર્યો. પછી મારા મનની સભાનવૃત્તિનું ધ્યાન એના પોતાના કેન્દ્ર તરફ લગાડી જોયું, અને એનું ઉદ્ભવસ્થાન જાણવાની કોશિશ કરી. હવે પેલી સર્વોચ્ચ ક્ષણ આવી પહોંચી. એ વખતે મન બહારના પદાર્થો કે વિષયોમાંથી પાછું વળે છે, માણસની પરિચિત દુનિયાના પડછાયાનો ત્યાગ કરે છે, અને નીરવતામાં ડૂબી જાય છે. મનની આગળ એક જાતની શૂન્યતાનો પડદો પથરાઈ જાય છે, અને થોડા વખત સુધી મન શૂન્યતાથી ઘેરાઈ જાય છે. એ વખતે સાધકે પોતાની એકાગ્રતા અકબંધ રાખવા માટે ભારે સજાગ રહેવું પડે છે. પરંતુ આપણા ઉપલક જીવનના મોજશોખ તથા પ્રમાદનો ત્યાગ કરીને મનને આત્માભિમુખ કરીને એકાગ્ર કરવાનું કામ કેટલું બધું કપરું છે!

એ ક્ષણના આગમન પહેલાં શરૂ થતા વિચારોના પ્રવાહને વટાવીને હું એ રાતે એ ભૂમિકા પર ઝડપથી જવા લાગ્યો. મારી અંદરની દુનિયામાં કોઈક નવા અને શક્તિશાળી પરિબળે પ્રબળપણે કામ કરવા માંડયું. એ પરિબળ પોતાની અબાધિત ગતિથી મને આત્માભિમુખ કરવા લાગ્યું. પહેલી મોટી લડાઈ લગભગ એક પણ પ્રહાર વિના થઈ, અને એની અસ્વસ્થતાને સ્થાને એક પ્રકારની આનંદદાયક સુખમય રાહતની લાગણી ફરી વળી.

એથી આગળની ભૂમિકા પર પહોંચીને હું બુદ્ધિથી અલગ બનીને ઊભો રહ્યો. એ એક વિચાર હતો એનો મને ખ્યાલ હતો. મારી અંતઃપ્રેરણાએ મને સાવધાન કરતાં કહ્યું કે એ તો ફક્ત સાધના છે. હું એકદમ અલિપ્ત રહીને એ વિચારોનું નિરીક્ષણ કરવા લાગ્યો. અત્યાર સુધી મારી વિચાર કરવાની શક્તિનો મને ગર્વ હતો. પરંતુ હવે મને સ્પષ્ટ રીતે સમજાયું કે હું એનો અજ્ઞાત કેદી

બન્યો છું અને મારે એની પકડમાંથી છૂટવું જોઈએ. બુદ્ધિથી ઉપર ઊઠીને મારા સ્વરૂપનો અનુભવ કરવાની આકાંક્ષા મારી અંદર એકા-એક ઉત્પન્ન થઈ. વિચાર કરતાં પણ વધારે ઊંડા સ્થાનમાં ડૂબકી મારવાનું મને મન થયું. મગજના સતત બંધનમાંથી મુક્તિ મેળ-વવાનો અનુભવ કેવો હશે તે જાણવાની મને ઇચ્છા થઈ. એ અનુભવ મારે પૂરેપૂરો ધ્યાનપૂર્વક, સાવધાન અને જાગ્રત રહીને કરવો હતો.

મનથી અલગ થઈને ઊભા રહેવાનું, મન જાણે કોઈક બીજાનું હોય તેમ સમજીને તેના વ્યાપારનું નિરીક્ષણ કરવાનું, અને એની અંદર પ્રકટતા ને વિલીન થતા વિચારોને તપાસવાનું કામ વિચિત્ર લાગે તેવું છે, પરંતુ એથી વધારે વિચિત્ર અને અનોખું કામ તો માનવના આત્માના ગૂઢ પ્રશાંત પ્રદેશને ઢાંકી બેઠેલાં રહસ્યમય આવ-રણોને ભેદવામાં આવી રહ્યાં છે એવો અંતઃપ્રેરણાયુક્ત અનુભવ કરવાનું છે. કોઈ કોલંબસની પેઠે અજાણ્યા ખંડમાં ઊતરવાનું હોય એવું મને લાગવા માંડયું. એ આકાંક્ષા પર મારો પૂરેપૂરો અંકુશ અથવા કાબૂ હતો તોપણ, એણે મારા દિલમાં લાગણીનો શાંત ઉદ્રેક પેદા કરી દીધો.

પરંતુ વિચારોના જુગજૂના જુલમમાંથી મુક્તિ કેવી રીતે મેળવી શકાય ? મને યાદ છે કે મારે વિચારોને બળજબરી કરીને અટકાવી દેવાનો પ્રયાસ કરવો એવી સૂચના મહર્ષિએ કદી પણ નથી આપી. ' વિચારનો આધાર લઈને એના ઉદ્ભવસ્થાનને પકડી પાડો.' એવી સલાહ એમણે અવારનવાર આપી છે અને કહ્યું છે : ' સાચું સ્વરૂપ પ્રકટ થાય તે માટે ધ્યાન ધરતા રહો; એને પરિણામે તમારા વિચારો એમની મેળે જ શાંત થશે.' એટલે, ચિંતનના જન્મસ્થાનને મેં શોધી કાઢયું. એવું માનીને, મારે એકાગ્રતાને એ ભૂમિકા સુધી લઈ જવામાં મદદરૂપ થનારી શક્તિશાળી પ્રક્રિયાનો ત્યાગ કરીને, હું તદ્દન નિષ્ક્રિય બની ગયો. જે કે સાપ પોતાના શિકારનું ધ્યાન રાખે એમ હું અત્યંત સાવધ તો રહ્યો જ.

મહર્ષિના ભવિષ્યકથનની યથાર્થતા સમજાતાં સુધી એ વચ-ગાળાની નિષ્ક્રિય દશા ચાલુ રહી. વિચારોના તરંગો કુદરતી રીતે જ ઓછા થવા લાગ્યા. તર્કવિતર્ક અથવા ચિંતનમનનયુક્ત બુદ્ધિની પ્રક્રિયા છેક શૂન્યાવસ્થા પર પહોંચી ગઈ. અત્યાર સુધી ન અનુભવેલી અવનવી લાગણીએ મને જકડી લીધો. મારી ત્વરિત ગતિએ વધતી જતી અંતઃપ્રેરણા અજ્ઞાતમાં મળવા માટે તૈયાર થઈ ત્યારે કાળને જાણે કે ચક્કર આવવા લાગ્યાં. મારી કર્મેન્દ્રિયોના સમાચાર હવે ન સંભળાયા, ન અનુભવાયા, કે ખ્યાલમાં ન રહ્યા. મને થયું કે કોઈ પણ પળે હું બધી વસ્તુઓની ઉપરવટ જઈને, જગતના રહસ્યના કિનારા પર ઊભો રહીશ.

આખરે એવું થયું પણ ખરું. મીણબત્તીના બળેલા ભાગની જેમ વિચાર એકદમ શાંત થયો. બુદ્ધિ એની સાચી ભૂમિ પર પહોંચી ગઈ, એટલે કે વિચારોની અંતરાય વિનાની સભાનાવસ્થા કામ કરવા લાગી. છેલ્લા કેટલાક વખતથી મને શંકા થતી તોપણ મહર્ષિ એવું વિશ્વાસપૂર્વક કહ્યા કરતા કે મન એનાથી પરના ઉદ્‌ભવસ્થાનમાં મળી જાય છે તેની મને પ્રતીતિ થઈ. સુષુપ્ત અવસ્થાની જેમ મગજ સંપૂર્ણપણે કામ કરતું અટકી ગયું, છતાં ભાન તો ચાલુ જ રહ્યું. હું સંપૂર્ણ શાંત રહ્યો અને બરાબર જાણી શકયો કે હું કોણ છું અને શું થઈ રહ્યું છે. મારું ભાન મારા અલગ વ્યક્તિત્વની સાંકડી સીમાઓને છોડીને ઉપર ચાલ્યું ગયું, તથા કોઈક ઉદાત્ત સર્વવ્યાપક તત્ત્વ તરફ વળવા માંડયું. સ્વરૂપ તો હજુ પણ રહ્યું પરંતુ એ સ્વરૂપ પ્રકાશિત તેમ જ પરિવર્તિત હતું. કારણકે મારા ક્ષુલ્લક વ્યક્તિત્વ કરતાં કોઈક વધારે ઉત્તમ, ગહન અને અલૌકિક વસ્તુ મારી સભાનવૃત્તિમાં પ્રકટ થઈ અને મારી સાથે એક બની ગઈ. એ સ્વાનુભવની સાથે મારામાં સંપૂર્ણ સ્વતંત્રતાની નવી આશ્ચર્યકારક ભાવના પેદા થઈ; કારણકે વણકરના સાળયંત્રની પેઠે વિચાર આમથી તેમ ફર્યા કરે છે, અને એના ભયંકર વેગમાંથી છૂટવું એ જેલમાંથી બહાર નીકળીને ખુલ્લી હવામાં આવવા બરાબર છે.

મને દુનિયાના ભાનમાંથી મુક્તિ મળી. મને અત્યાર સુધી આશ્રય આપનારો દુનિયાનો ગ્રહ અદૃશ્ય થયો. હું ઝળહળતા તેજના સમુદ્રની વચ્ચે આવી પડ્યો. એ પ્રકાશ પ્રકૃતિની પહેલી અવસ્થા અથવા જેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ થાય છે તે આદિ સામગ્રી છે એવું વિચારદ્વારા નહિ પરન્તુ સ્વાનુભવદ્વારા સમજાયું. એ માની ન શકાય તેવો સજીવ બનીને અકથ્ય અનંત અવકાશમાં બધે ફરી વળ્યો.

અવકાશમાં રચાયેલા આ રહસ્યમય વિશ્વનાટકનો અર્થ એક ચમકારા માત્રમાં મને સમજાઈ ગયો, અને એ પછી હું મારા જીવનના અથવા મારી ચેતનાના પહેલાંના કેન્દ્ર પર આવી પહોંચ્યો. હું, નવો અવતાર પામેલો હું, પરમ સુખનો સ્વાદ પામ્યો. મેં જ્ઞાનામૃતનો જે પ્યાલો પીધો તેને પરિણામે ભૂતકાળની કડવી સ્મૃતિઓ અને ભવિષ્યની ચિંતાઓ પૂરેપૂરી મટી ગઈ. મને એક પ્રકારની અલૌકિક અઝાદીની તથા અવર્ણનીય પરમ સુખની પ્રાપ્તિ થઈ. મારું અંતર ઊંડી સહાનુભૂતિથી ભરાઈને સમસ્ત સૃષ્ટિને આલિંગન આપવા માંડ્યું, કારણકે મને સારી પેઠે સમજાયું કે સૌને જાણવું એટલે સૌને ક્ષમા આપવી એમ જ નહિ પરંતુ સૌના પર પ્રેમ રાખવો. મારું અંતર આનંદમાં તરબોળ થઈને અવનવું બની ગયું.

એ પછી મારે જે અનુભવોમાંથી પસાર થવું પડ્યું એ અનુભવો એટલા બધા સૂક્ષ્મ ને નાજુક છે કે એમને કલમની મદદથી રજૂ કરવાનું કામ સહેલું નથી લાગતું.છ તાં પણ શીખવા મળેલાં એ સુંદર સત્યોનો પૃથ્વીની ભાષામાં ભાવાનુવાદ કરું તો મારો એ પ્રયત્ન નિરર્થક નહિ થાય. એટલા માટે, માનવમનની પાછળની એ વણખેડાયેલી, અપરિચિત, વિસ્મયકારક અને વિશાળ, આત્માની અનાદિ દુનિયાનાં કેટલાંક આછાંપાતળાં સંસ્મરણો હું તાજાં કરીશ.

× × × ×

(૧) માનવ પરમાત્માની સાથે અભિન્ન સંબંધથી બંધાયેલો છે. એ પરમાત્માએ એનું માતા કરતાં પણ વધારે મમતાથી પયઃપાન

કરાવીને પોષણ કર્યું છે. કિશોરપણની પળોમાં એને એનું જ્ઞાન થઈ શકે છે.

(૨) એક વાર પોતાના ભૂતકાળના દૂરના દિવસોમાં, માણસે ઊંડી વફાદારીના સોગંદ લીધા અને અલૌકિક ઐશ્વર્યથી સંપન્ન બનીને દેવોની સાથે ફરવા માંડયું. આજે જો દુનિયા એના પર અભિમાની આદેશો છોડતી હોય અને એ એને તાબે થતો હોય તોપણ, કેટલાક એવા પણ છે જે એ સોગંદને નથી ભૂલ્યા. યોગ્ય સમયે એને એનું સ્મરણ કરાવવામાં આવશે.

(૩) માનવની અંદર જે આત્મા છે તે અવિનાશી છે. એ એના સત્ય સ્વરૂપનો લગભગ પૂરેપૂરો અનાદર કરે છે, પરંતુ એના અનાદરથી એની મહાનતા કે તેજસ્વિતામાં કશો ફેર નથી પડતો. એને એની કશી અસર નથી થતી. માનવ એને ભૂલીને ઇન્દ્રિયોના વિષયોમાં ડૂબી જાય તોપણ, એ પોતાનો હાથ ફેલાવીને એને સ્પર્શ કરશે ત્યારે એને યાદ આવશે કે પોતે કોણ છે અને એ એના આત્માને ઓળખી લેશે.

(૪) માનવ પોતાના દિવ્ય સ્વરૂપને અને પોતાની દિવ્યતાને ખોઈ બેઠો છે, તેથી પોતાનું સાચું મહત્ત્વ નથી સમજતો. એટલા માટે એ એના આત્માના આધ્યાત્મિક પ્રમાણભૂત કેન્દ્રમાં સુનિશ્ચિત અને ચોક્કસ આશ્રય શોધવાને બદલે બીજાના અભિપ્રાયથી દોરવાઈ જાય છે. આત્મદર્શી પુરુષ દુન્યવી પ્રદેશની મોજણી નથી કરતો. એની દૃષ્ટિ અચળ અને હંમેશાં પોતાની અંદર મંડાયેલી હોય છે. અને એનું ગહન સ્મિત એના આત્મજ્ઞાનને આભારી હોય છે.

(૫) પોતાની અંદર દૃષ્ટિપાત કરીને જે માત્ર અસંતોષ, નિર્બળતા, અંધકાર અને ભયનો અનુભવ કર્યા કરે છે તેણે સાશંક તથા નિરાશ બનીને હોહ ન કરવા. એ પોતાના અંતરના ઊંડાણમાં વધારે ને વધારે પ્રમાણમાં ડોકિયું કરે. એમ કરતાં કરતાં હૃદય શાંત થશે ત્યારે શ્વાસની પ્રક્રિયા તથા બીજી સામાન્ય નિશાનીઓથી અલગ થવાશે. એ બરાબર ધ્યાનમાં રાખે, કારણકે એમાંથી નવજીવન

પામેલા એના ઉત્તમ વિચારો ભટકતા દેવદૂતોની જેમ એના મનના ઉંબરાને ઓળંગી જશે. એ વિચારો કે ભાવોની પાછળ એક અવાજ પેદા થશે. એ અવાજ એના હૃદયપ્રદેશમાં રહેતા, એના પોતાના પ્રાચીન સ્વરૂપ જેવા, ગૂઢ ગુપ્ત અને રહસ્યમય પરમાત્માનો હશે.

(૬) પ્રત્યેક મનુષ્યના જીવનમાં દૈવી પ્રકૃતિ નવેસરથી પ્રકટ થાય છે, પરંતુ જો મનુષ્ય એની તરફ ઉદાસીન રહે છે તો એ પ્રાકટચ પથ્થરવાળી જમીનમાં બીજ જેવું થઈ પડે છે. એ દૈવી ભાન અને ભાવમાંથી કોઈ પણ બાકાત નથી રહી શકતું. મનુષ્ય પોતે જ પોતાને દિવ્યતાના જ્ઞાનમાંથી બાકાત રાખે છે. મનુષ્યો જીવનના રહસ્ય અને અર્થને જાણવા માટે ઉપરઉપરની શોધ કરવાનો ઢોંગ કરે છે, પરંતુ વૃક્ષની લીલી ડાળી પર બેઠેલા પ્રત્યેક પક્ષીને અને પોતાની માયાળુ માતાના હાથને પકડનારા પ્રત્યેક શિશુને માટે એ કોયડો ઊકલી ગયો હોય છે. એની મુખાકૃતિ પર એનો ઉત્તર હોય છે. હે માનવ, તને જન્મ આપનારી એ જીવનશક્તિ તારા દૂરના વિચાર કરતાં પણ વધારે મહાન અને વધારે ઉત્તમ છે. તારે માટેનો એનો આશય અત્યંત ઉપકારક છે એવો વિશ્વાસ રાખ, અને અધકચરી અંતઃપ્રેરણા દરમિયાન તારા અંતરને એણે જે સૂક્ષ્મ આદેશો સંભળાવ્યા હોય એમને અનુસર.

(૭) જે માણસ માને છે કે પોતે પોતાની અવિચારી ઇચ્છાઓની દોરવણી પ્રમાણે સ્વતંત્ર રીતે જીવશે અને એ છતાં એના અંતિમ પરિણામમાંથી મુક્તિ મેળવશે, એ માણસ પોકળ સ્વપ્નાં સેવી રહ્યો છે એમ સમજી લેવું. પોતાના સાથીઓની સામે કે પોતાની સામે પાપ કરનાર માણસ એ દ્વારા પોતાની સજ્જને જ જાહેર કરે છે. બીજાની દૃષ્ટિથી એ પોતાનાં પાપ છુપાવે તે ભલે, પરંતુ દેવોની સર્વવ્યાપક અને સર્વદર્શી આંખથી એ એમને નહિ છુપાવી શકે. દુનિયા પર હજુ પણ ચોક્કસ રીતે ન્યાયનું રાજ્ય ચાલી રહ્યું છે, છતાં એની પ્રક્રિયાઓ મોટે ભાગે અદૃષ્ટ રીતે ચાલતી હોય છે, અને એ રાજ્ય હંમેશાં પથ્થરની બાંધેલી ન્યાયની અદા-

લતોમાં નથી દેખાતું. આ દુનિયાની કાયદેસરની સજાઓ ભોગવવામાંથી જે છૂટી જાય છે તે દેવોએ નક્કી કરેલી ન્યાયી સજાઓને ભોગવવામાંથી કદી પણ નથી છૂટી શકતા. પશ્ચાત્તાપ વગરની કઠોર દંડની દેવીનું જોખમ એમને માથે ડગલે ને પગલે લટકતું રહે છે.

(૮) શોક ને સંતાપના દુઃખદાયક સાગરમાં જે સપડાઈ ચૂકયા છે, અથવા આંસુના ધુમ્મસ સાથે જેમણે અનેક અંધકારમય વરસો સુધી સફર કરી છે, તે જીવનદ્વારા મૂક રીતે પ્રદાન કરાતા સત્યને ગ્રહણ કરવા બીજા કરતાં કાંઈક જલદી તૈયાર થઈ શકશે. એ કોઈ બીજો અનુભવ નહિ કરી શકે તોપણ, પ્રારબ્ધની કરુણ ક્ષણભંગુરતાનો અનુભવ તો કરી શકશે. સુખના દિવસોથી જે ભ્રાંત બની કે છકી નહિ જાય તે દુઃખના દિવસોથી વધારેપડતા નહિ ડરે. એવું એકે જીવન નથી જે સુખ અને દુઃખના તાણાવાણાથી ન બન્યું હોય. એટલે કોઈ પણ માણસને અભિમાની અને ધર્માચાર્ય જેવું જડ બનીને જીવવાનું ન પાલવે. એવી રીતે જીવનાર કે ચાલનાર ભયંકર જોખમોથી ભરેલા ફેરા ફર્યા કરે છે. અનેક વરસોની મહેનતથી જે મેળવ્યું હોય તેને થોડા જ દિવસોમાં સાફ કરનારા અદૃષ્ટ દેવોની આગળ માણસે નમ્રતાનો જ એકમાત્ર ઉચિત અંચળો ધારણ કરવો જોઈએ. બધી જ વસ્તુઓનું ભાગ્યચક્ર ફર્યા કરે છે, અને વિચાર વગરના નિરીક્ષકને જ એ હકીકતની ખબર નથી હોતી. વિશ્વમાં પણ એવું જોઈ શકાય છે કે સૂર્યથી દૂરના ગ્રહની પાછળ સૂર્યની નજીકનો બીજો ગ્રહ હોય જ છે. એવી રીતે માણસના જીવન અને ભાગ્યમાં પણ સંપત્તિની ભરતીની પાછળ આપત્તિના ઓટ આવે જ છે. આરોગ્ય એક ક્ષુલ્લક અતિથિ હોઈ શકે, અને પ્રેમ ફરીથી ભટકવા કે બીજાની પાસે જવા માટે પણ આવી શકે, પરંતુ વેદનાની લાંબી રાતનો અંત આવે છે ત્યારે નવા મળેલા અજ્ઞાનનું પરોઢિયું ઝાંખુંઝાંખું પ્રકાશી ઊઠે છે. એ બધી વસ્તુઓનો છેલ્લો પદાર્થપાઠ એ છે કે માણસ જાણે કે ન જાણે અથવા શોધે કે ન શોધે, તોપણ એણે પોતાની અંદર રહેલા એ સનાતન

પરમાત્મતત્ત્વનો આશ્રય લેવો જોઈએ. એ પરમાત્મા એને માટે પહેલાં હેતા તેવા જ એક માત્ર આશ્વાસનરૂપ બનવા જોઈએ. એવું નહિ થાય તો નિરાશા ને સંકટો અવારનવાર એના જીવનમાં પેદા થઈને એને એમની તરફ ધકેલી દેશે. નિરાશા ને સંકટોરૂપી બે મહાન શિક્ષકો વગરના જીવનવાળો ભાગ્યશાળી માણસ કોઈ જ નથી.

(૯) માણસ જ્યારે ઉદાત્ત બનશે અને ઉદાત્તતાથી આવૃત્ત થશે ત્યારે જ સલામતી, સુરક્ષા ને નિર્ભયતાનો અનુભવ કરી શકશે. એ આત્મિક પ્રકાશથી અપ્રકાશિત રહેવા આગ્રહ રાખશે ત્યાં સુધી એની ઉત્તમમાં ઉત્તમ શોધો પણ એને માટે ખરાબમાં ખરાબ વિઘ્નો બની જશે, અને પદાર્થોના ભૌતિક રૂપરંગ તરફ ખેંચનારી પ્રત્યેક વસ્તુ એને માટે ગાંઠ બનીને એને બાંધી દેશે. એ ગાંઠને એણે આખરે તોડવી પડશે. કારણકે એ એના પુરાતન મૂળભૂત સ્વરૂપ સાથે અવિભક્તરૂપે બંધાયેલો છે, એની અંદરની આત્મિક દિવ્યતાનો સંસર્ગ સદા માણી રહ્યો છે, અને એને તોડી નથી શકવાનો. એ હકીકત યાદ રાખીને એ પોતાનો જાતને, પોતાની લૌકિક ચિંતાઓને અને અંગત ઉપાધિઓને આત્માના હાથમાં સોંપી દે અને આત્માની સુંદર છત્રછાયામાં શાંતિ લે તો એ એને અપનાવશે ને શાંતિ આપશે. જો એ કૃપાપાત્ર બનીને શાંતિપૂર્વક જીવવા માગતો હોય અને નિર્ભય બનીને ગૌરવપૂર્વક મરવા ચાહતો હોય તો એવું કર્યા વગર નહિ ચાલે.

(૧૦) જેણે પોતાના સાચા સ્વરૂપનું અથવા આત્માનું એક વાર દર્શન કર્યું છે તે ફરી વાર બીજાને કદી પણ નહિ ધિક્કારે. ધિક્કાર કરતાં વધારે મોટું બીજું કોઈ પાપ નથી, જેને પરિણામે લોહીના છાંટા ઉડાડવાનું અનિવાર્ય બને છે તે જમીનના વારસાથી બરાબ બીજો કોઈ શોક નથી, અને જે કરે છે તે ભોગવે છે એના કરતાં વધારે ચોક્કસ બીજું કોઈ પરિણામ નથી. ઈશ્વરની દૃષ્ટિથી કોઈ દૂર નથી રહી શકતું. એ ઈશ્વર માણસનાં ભયંકર કર્મોના અદૃષ્ટ

શાંત સાક્ષી બનીને બેસી રહે છે. એમની આજુબાજુ દુઃખમાં ડૂબેલી દુનિયા વિલાપ કરે છે, તોપણ સનાતન શાંતિ સૌની પ્રતીક્ષા કરતી તદ્દન નજીકમાં જ પડી રહી છે. શોકથી સંતપ્ત થયેલા ને શંકાઓથી છિન્નવિછિન્ન બનેલા કંટાળેલા માણસો જીવનના અંધારા પથ પરથી ઠોકર ખાતાં ને ફાંફાં મારતાં અગળ વધે છે; તોપણ એમની આગળ પરમ પ્રકાશ પથરાયેલો છે. માણસ જ્યારે બીજા માણસોના મુખને દિવસના સામાન્ય પ્રકાશની મદદથી જ નહિ જુએ પરંતુ એમની અંદર રહેલી દૈવી શકયતાઓનો વિચાર કરીને જોવા માંડશે, અને એમના હૃદયમાં માણસો જેને ઈશ્વર તરીકે ઓળખે છે તે પરમતત્ત્વનો વાસ છે એમ માનીને જરૂરી પૂજ્યભાવથી જોવાની કળા શીખશે, ત્યારે દુનિયામાંથી ધિક્કારનો અંત આવશે.

(૧૧) કુદરતમાં જે જે ખરેખર ભવ્ય છે અને કળાઓમાં જે પ્રેરક તથા સુંદર છે તે માણસને એના પોતાના સ્વરૂપનું સ્મરણ કરાવે છે. ધર્માચાર્યને જ્યાં સફળતા નથી મળી ત્યાં પ્રકાશપ્રાપ્ત કળાકાર સફળ થાય છે. એ એના ભુલાયેલા સંદેશને પકડી લે છે અને નિરાશ મનુષ્યોને માટે આત્માની પ્રેરણાઓને વહેતી કરે છે. જ્યારે જ્યારે સંસાર પ્રત્યે કંટાળો આવે ત્યારે શાશ્વત જીવનનો આનંદ આપનાર સૌન્દર્યના ઉપભોગની વિરલ ક્ષણોને યાદ કરીને માણસે પોતાની અંદરના આત્માના દેવમંદિરને શોધી કાઢવું જોઈએ. એ મંદિરમાં એણે થોડી શાંતિ, શક્તિના આવેગ અને ઝાંખા પ્રકાશની પ્રાપ્તિ માટે વિહરવું જોઈએ, અને શ્રદ્ધા રાખવી જોઈએ કે જે ક્ષણે પોતાના સાચા સ્વરૂપનો સંસ્પર્શ થશે તે જ ક્ષણે એને અનંત આધાર તથા સંપૂર્ણ વળતર મળી રહેશે. વિદ્વાનો વિદ્યામંદિરની દીવાલો આગળ ખડકેલાં આધુનિક પુસ્તકો અને પ્રાચીન હસ્તપ્રતોના ઢગલાઓમાં છછુંદરોની પેઠે ફર્યા કરે તોપણ, 'મનુષ્યનો આત્મા અલૌકિક છે' એથી વધારે ઊંડા રહસ્યને હસ્તગત નહિ કરી શકે, તથા એ સર્વોત્તમ સત્ય કરતાં વધારે ઊંચા સત્યનો સાક્ષાત્કાર પણ એમને નહિ થાય. મનુષ્યની લૌકિક આશા તૃષ્ણાઓ વખતના વીતવા

સાથે મંદ પડતી જશે, અને અમર જીવનની, પૂર્ણ પ્રેમની તેમ જ શાશ્વત ચોક્કસ સુખની આશા આખરે થોડીઘણી પણ પૂરી થશે. કારણકે એવા અટળ અવશ્યંભાવી ભાગ્ય તરફ પયગંબરોએ સંકેત કરેલો છે. મહાપુરુષોએ માનવના ભવિષ્ય વિશે એવા ઉદ્‌ગારો પ્રકટ કર્યા છે.

(૧૨) દુનિયા એના સર્વોત્તમ વિચારો માટે પ્રાચીન પયગંબરો તરફ મીટ માંડે છે અને એના સુંદર નીતિશાસ્ત્રને માટે વીતી ગયેલા યુગોની ખુશામત કરે છે. પરંતુ માણસ જ્યારે પોતાના અલૌકિક આત્માનો સાક્ષાત્કાર કરે છે, અથવા પોતાના સુંદર સ્વરૂપને ઓળખી લે છે ત્યારે આનંદમાં ડૂબી જાય છે. વિચાર અને લાગણીમાં જે કાંઈ યોગ્ય હોય છે તે બધું જ એની આગળ વગર માગ્યે હાજર થાય છે. એના મનમંદિરની શાંતિમાં એમની પ્રજ્ઞાને એના અલૌકિક ઉદ્‌ભવસ્થાનનું સ્મરણ કરાવનાર હિબ્રૂ અને આર્ય ઋષિઓને દેખાતાં તેવાં પવિત્ર દર્શનો દેખાયા કરે છે. આત્માના એ જ અરુણોદયને પરિણામે બુદ્ધ નિર્વાણ શું છે તે સમજી શકયા તથા મનુષ્યોને સમજાવી શકયા. અને એ સમજણને પરિણામે જે સર્વદેશીય પ્રેમ પેદા થાય છે એથી પ્રેરાઈને મેરી મેગડાલીન એના બરબાદ કરેલા જીવનને યાદ કરીને ઈશુનાં ચરણોમાં આક્રંદ કરી ઊઠી હતી.

(૧૩) વખતના વીતવા સાથે આ પ્રાચીન સત્યોને આપણી જાતિ એના આરંભકાળથી જ ભૂલી ગઈ છે તોપણ, એમની ભવ્યતાનો કદી પણ સર્વનાશ નહિ થાય કે એને કબરમાં દાટી નહિ શકાય. એવી કોઈ પણ પ્રજ્ઞા અત્યાર સુધી નથી થઈ જેને માનવમાત્રને માટે ખુલ્લા ઉત્તમ આત્મિક જીવનનો સંદેશ ન મળ્યો હોય. એ સંદેશને સ્વીકારવા માટે જે તૈયાર હોય તે એ સત્યોને પોતાની બુદ્ધિની મદદથી સમજી લે અને આખરે પોતાના વિચારોમાં કોઈક ઉપગ્રહમાંના તારાઓની પેઠે ટમકતા કરે એટલું જ પૂરતું નથી. એમને એણે અંતરમાં ઉતારવાં જોઈશે અને એમનામાંથી પ્રેરણા

મેળવીને વધારે ઉત્તમ અને દિવ્ય કર્મો તરફ વળવું રહેશે. એટલે કે એમનો આચારમાં અનુવાદ કરવો પડશે.

× × ×

કોઈક પ્રતીકાર ન કરી શકાય એવી શક્તિએ બળજબરી કરીને મને આ દુન્યવી પ્રદેશમાં પાછો આણ્યો. મંદ ગતિથી ક્રમેક્રમે જાગૃતિ આવતાં મને મારી આજુબાજુના વાતાવરણનું ભાન થયું. મેં જોયું કે હું હજુ મહર્ષિના હૉલમાં જ બેઠો છું. અને એ હૉલ લગભગ ખાલી છે. મારી દૃષ્ટિ આશ્રમના ઘડિયાળ પર પડી અને મેં જાણ્યું કે આશ્રમવાસીઓ સાંજના ભોજન માટે ભોજનખંડમાં ગયા હોવા જોઈએ. એટલામાં તો મારી ડાબી બાજુએ કોઈક છે એવો મને ભાસ થયો. એ પેલા પંચોતેર વરસના નિવૃત્ત સ્ટેશનમાસ્તર હતા. મારા પર મમતાભરી દૃષ્ટિ ઢાળીને એ જમીન પર મારી તદ્દન પાસે જ બેઠા હતા.

'તમે લગભગ બે કલાક લગી ભાવાવેશ અથવા સમાધિમાં હતા.' એમણે મને કહી બતાવ્યું. એ મારા સુખમાં સહભાગી થતા હોય તેમ, એમના કરચલીવાળા અને પુરાણી ચિંતાઓની છાયાથી ભરેલા ચહેરા પર સ્મિત ફરી વળ્યું.

મેં કશોક પ્રત્યુત્તર આપવાનો પ્રયાસ કર્યો, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે મને જણાયું કે મારી બોલવાની શક્તિ જતી રહી છે. પંદરેક મિનિટ પછી એ શક્તિ પાછી મળી. એ દરમિયાન પેલા વૃદ્ધ પુરુષે પોતાની વાતના અનુસંધાનમાં આગળ કહ્યું :

'મહર્ષિ બધાય વખત દરમિયાન તમારું બારીકાઈથી નિરીક્ષણ કરી રહેલા. હું માનું છું કે એમના વિચારોએ તમને દોરવણી આપી.'

મહર્ષિ હૉલમાં પાછા આવ્યા ત્યારે રાતની છેવટની વિદાય પહેલાંના થોડા વખત માટે એમની પાછળ આવનારા પોતપોતાની જગા પર બેસી ગયા. મહર્ષિએ કોચ પર બેસીને પલાંઠી વાળી, અને જમણી સાથળ પર કોણી મૂકીને પોતાનો હાથ હડપચી નીચે ટેકવી રાખ્યો, તથા ગાલ પર બે આંગળીઓ રાખી. અમારી

આંખ વચ્ચેના અવકાશને ભેદીને એક થઈ, અને એ મારી તરફ આતુરતાપૂર્વક જોઈ રહ્યા.

રોજ રાતના નિયમ પ્રમાણે નોકરે હૉલના દીવાની વાટ નાની કરી ત્યારે મહર્ષિની શીતળ આંખમાં ફરી એક વાર અદ્‌ભુત પ્રકાશ જોઈને હું સ્તબ્ધ બની ગયો. અર્ધ અંધકારમાં ટમકતા બે તારકો પેઠે એ પ્રકાશી ઊઠી. મને એ વખતે યાદ આવ્યું કે ભારતના ઋષિઓના આ છેલ્લા વંશજ જેવા મહાપુરુષની આંખ જેવી લાક્ષણિક આંખ મેં બીજે કયાંય પણ નથી જોઈ. માનવની આંખમાં દિવ્ય શક્તિનું જેટલું પણ પ્રતિબિંબ પડી શકે તેટલું પ્રતિબિંબ મહર્ષિની આંખમાં ખરેખર પડતું હતું.

એ અચળ આંખનું મેં નિરીક્ષણ કરવા માંડયું ત્યારે અત્યંત સુવાસિત ધૂપના કોમળ ગોટા ઉપર ચડવા લાગ્યા. એવી અદ્‌ભુત રીતે ચાળીસ મિનિટ પસાર થઈ ગઈ, પરંતુ તે દરમિયાન અમારા બંનેમાંથી કોઈએ કોઈને કશું ના કહ્યું. શબ્દોની આવશ્યકતા હતી જ કયાં ? અમે હવે એમના સિવાય પણ એકમેકને વધારે સારી રીતે સમજતા હતા, કારણકે એ ઊંડી શાંતિમાં અમારાં મન સરસ સંવાદ સાધવા લાગ્યાં, અને આંખથી કરાતા એ વિચારસંક્રમણદ્વારા મને વણબોલાયેલો સાફ સંદેશ મળવા માંડયો. મહર્ષિના જીવનને માટેના દૃષ્ટિબિંદુની આશ્ચર્યકારક અને અવિસ્મરણીય ઝલક હવે મને પ્રાપ્ત થઈ હોવાથી, મારું પોતાનું આંતરિક જીવન એમના જીવન સાથે એકાકાર થવા લાગ્યું.

× × × ×

એ પછીના બીજા બે દિવસો દરમિયાન હું તાવની સામે ઝઝૂમ્યો અને એને મટાડવામાં સફળ થયો.

પેલા વૃદ્ધ પુરુષ બપોર પછી મારે ઉતારે આવી પહોંચ્યા.

'અમારી સાથેનો તમારો નિવાસ હવે પૂરો થતો જાય છે.' એમણે સખેદ કહેવા માંડયું : 'પરંતુ એક દિવસ તમે અમારી પાસે જરૂર પાછા ફરશો ?'

'જરૂર પાછો ફરીશ!' મેં વિશ્વાસપૂર્વક ઉદ્‌ગાર કાઢ્યા.

એ મારી પાસેથી વિદાય થયા ત્યારે બારણા આગળ ઊભા રહીને મેં એ પ્રદેશના લોકો જેને પવિત્ર લાલ પર્વત અથવા અરુણાચલના નામથી ઓળખે છે તેના તરફ જોવા માંડયું. એ પર્વત મારા આખાય અસ્તિત્વની રસમય પાર્શ્વભૂમિ બની રહ્યો હતો. ખાતાં, ચાલતાં, વાત કરતાં, કે ધ્યાન ધરતાં અથવા બીજું કોઈ પણ કામ કરતાં, મારી આંખ ઊંચી કરતો કે તરત જ ખુલ્લી જગામાં રહ્યે રહ્યે કે મકાનની બારીમાંથી એનો અનેરો, સપાટ શિખરવાળો, આકાર મને દેખાયા કરતો. એ સ્થળમાં એનાથી છુટકારો મેળવવાનું શકય નહોતું, એ તો સાચું જ, પરંતુ એણે લગાડેલી વિચિત્ર મોહિનીમાંથી છૂટવાનું તો એથીય વધારે અશકય હતું. એ અદ્‌ભુત, એકાંત પર્વતશિખરે મને મુગ્ધ કર્યો છે એ વિચારતાં મને નવાઈ લાગવા માંડી. ત્યાંના લોકોમાં એવી પરંપરાગત કથા પ્રચલિત હતી કે અરુણાચલ પર્વત તદ્દન પોલો છે અને એની અંદરના ભાગમાં સામાન્ય લોકોની દૃષ્ટિથી ન જોઈ શકાય એવા કેટલાક લોકોત્તર મહાપુરુષો વાસ કરે છે, પરંતુ એ આખીય વાતને મેં છોકરવાદી દંતકથાની જેમ ઉવેખી કાઢેલી. અને એ છતાં એ એકાંત પર્વતમાળાએ, મેં એના કરતાં અનેકગણી વધારે આકર્ષક પર્વતમાળાઓ જોઈ હોવા છતાં, મને પોતાના પ્રબળ પ્રેમબંધનમાં બાંધી દીધો. કુદરતનો એ ખડબચડો ભૂમિભાગ લાલ ઈંટોના સમૂહ જેવી શિલાઓના અવ્યવસ્થિત ભંડારથી ભરપૂર હતો અને સૂર્યના પ્રકાશમાં ઝાંખા અગ્નિનાં પેઠે પ્રકાસ્યા કરતો. એના પ્રખર વ્યક્તિત્વનો પ્રત્યક્ષ અને જોરદાર પ્રભાવ પડ્યા વિના રહેતો નહોતો.

સાંજ પડતાં મેં મહર્ષિ સિવાય બીજા બધાની વિદાય લઈ લીધી. મને શાંતિ તથા સંતોષનો અનુભવ થવા લાગ્યો. કારણકે આત્મિક નિશ્ચિતતા માટેના મારા યુદ્ધમાં મેં વિજય મેળવેલો. અને એ વિજય અંધવિશ્વાસના વમળમાં ફસાયા વિના તથા મારા માનીતા બુદ્ધિવાદનો ભોગ આપ્યા વિના મેળવેલો. છતાં, થોડાક વખત પછી